જ્ઞાનામૃતપિપાસુઓ માટે ખાસ વાંચી
મનન કરવા સારૂ આવશ્યક કર્મ,
ઉપાસના અને જ્ઞાન સાધક

આદર્શ ગ્રંથો

ज्ञानचिंतामणि.

(સચોટ ઉપદેશક કાવ્ય ગ્રંથ.)

वेदान्तसमुच्चय.

(શ્રીમદ્ આદ્ય શંકરાચાર્ય કૃત વેદાન્ત ગ્રંથ સંગ્રહ.)

समुच्चयत्रय.

જેમાં

બ્રહ્મકર્મસમુચ્ચય, સદાચારસમુચ્ચય અને સ્તોત્ર-
સમુચ્ચય નામના ગ્રંથોનો સમાવેશ છે.

મળવાનું ઠેકાણું :—
શ્રી સરસ્વતી ડીપો
કવેશ્વરની પોળ સામે
ખાડીયા.—અમદાવાદ.

કર્ત્તા—
બ્રહ્મર્ષિ પંડિત શ્રીહરેરામ શર્મા.
સારંગપુર તળીઆની પોળ.
અમદાવાદ.

श्री ज्ञान चिंतामणी.

અથવા

(અપૂર્વ કીર્ત્તન સમુચ્ચય)

સંગ્રાહક અને છપાવી પ્રસિદ્ધ કર્ત્તા.

બ્રહ્મર્ષિ પંડિત શ્રી હરેરામ સુજ્ઞારામ શર્મા.

સારંગપુર તળીઆની પોળ—અમદાવાદ.

અમદાવાદ.

ટંકશાળમાં ધી અમદાવાદ યુનિયન પ્રિન્ટીંગ પ્રેસ કંપની
લીમીટેડમાં મોતીલાલ સાંમળદાસે છાપ્યું.

સંવત ૧૯૭૧. સને ૧૯૧૫.

આવૃતી ૧ લી. પ્રત ૧૦૦૦.

મૂલ્ય ૨—૦—૦.

પ્રસ્તાવના.

શ્રીસનાતન ધર્મના એક વીર સુપ્રસિદ્ધ માસિક પત્ર શ્રીમહાજ્યોતિમાં એક સ્થલે શું વાંચવું ને શું ન વાંચવું એ વિશે ચર્ચા કરતાં સુપ્રસિદ્ધ લેખકને વક્તા શ્રીયુત્ સાક્ષરાગ્રણિ સંઘવી નગીનદાસ પુરૂષોત્તમદાસ એવી મતલબનો અભિપ્રાય જણાવે છે કેઃ–ગમે તેનાં રચેલાં અને ગમે તે વિષય ઉપર રચેલાં પુસ્તકો ને લેખો વાંચવાથી, બજારૂ ખાવા પીવાથી જે હાની થાય છે તેના કરતાં પણ વિશેષ હાની કરે છે.

મને ઉપરનો સિદ્ધાંત વિચાર કરતાં અને જનસમાજનું અવલોકન કરતાં સંપૂર્ણ રીતે ખરો જણાય છે. સુભ ચરિત્ર વિનાના તેમજ શુભ સંસ્કાર વિનાના બહારથી મોટા થઇ પડેલા વિદ્વાનોના નીતીવિષયક ગ્રંથો પણ કાંઇક અંતઃકરણની શુદ્ધિ કરી શકતા નથી, પણ જો તે લેખકોના ખાનગી ચારિત્ર અનીતિમય હોય છે તો તેમના લખેલા સદ્ગ્રંથો પણ વાંચનારના નીર્મળ અંતઃકરણમાં દુર્વાસનાનીજ ઉત્પત્તિ કરે છે. આ માનસ શાસ્ત્રના વિચાર વિનિમય પ્રયોગોને અનુસારજ છે. તેથી મારો ઘણા સમયથી એવો સંકલ્પ હતો કે સારા ચરિત્રવાળા અને સદ્વિચારવાળા કેટલાક કવિઓનાં પદ્યોનો સંગ્રહ કરી લોકસમુદાયને નિવેદન કરવો. મારા આ સંકલ્પનો ઘણા પરિશ્રમવડે અને ધન વ્યય વડે અમલ કરવા હું આજે જગતહીત કરતા પરમાત્માના અનુગ્રહથી સમર્થ થયો છું. આ જ્ઞાન ચિંતામણિ ગ્રંથમાં ઘણો ભાગ અમદાવાદના પવિત્ર બ્રાહ્મણ શીઘ્ર કવીશ્વર ભક્ત શીરોમણિ વેદશાસ્ત્ર સપન્ન મહાનુભાવ પૂજ્યશ્રી કૃષ્ણુરામ મહારાજનાં કાવ્યોનો સંગ્રહ છે. તથા બીજા કવિઓનાં પણ કેટલાંએક કાવ્યો લીધેલાં છે. આ કાવ્યોની પસંદગી કરવામાં મેં સદાચારની કસોટીનેજ પ્રધાનપદ આપેલું છે; તથા વિચારમય સદુપદેશને પણ તેટલુંજ પ્રાધાન્ય આપેલું છે. તો પણ પૂર્વજ પરપરાથી પ્રાપ્ત થયેલો આપણા હિંદુઓનો આચાર, પ્રમાદ અને દેખાદેખીથી બગડતો જાય છે, તે અટકાવવાને માટે મેં આચારની મર્યાદા સમજાય તેટલા માટે સદાચાર તથા રૂડી રીતભાત કે જેને આપણે શિષ્ટાચાર કહિએ છીયે તે દર્શાવનાર કાવ્યોનો ઘણો ભાગ આમાં લીધેલો છે. તેમજ જે જે વર્તન ત્યાગ કરવાનાં છે તેનો નિષેધ કરવાને પણ જે નિષેધ મુખઉપદેશ કહેવાય છે તેનાં કાવ્યો પણ આમાં આવેલાં છે. હા-

લના જમાનામાં કેટલાક વિદ્વાનો કેવળ વિધિ મુખઉપદેશનેજ પસંદ કરે છે, પણ મારો એવો નમ્ર અભિપ્રાય છે કે જ્યાં પ્રજા અવળે માર્ગે જતી હોય ત્યાં તેને અવળા માર્ગથી અટકાવી સન્માર્ગે ચઢાવવા નિષેધ મુખ ઉપદેશની પણ જરૂર છે.

વળી વિવિધ શિષ્ટ ગ્રંથોમાંથી તારવી કાઢેલી શિક્ષાઓ ગદ્ય રૂપે પણ આમાં દાખલ કરેલી છે, એકંદરે આ પુસ્તકમાં એવા વિષયો દાખલ કર્યા છે કે, તેનું અવલોકન કરવાથી અને તદનુસાર વર્તન કરવાથી સંસ્કૃત ભાષા નહિ જાણનારને પણ ધર્મ શાસ્ત્ર અર્થાત્ સ્મૃતિઓમાં કહેલા સદા-ચારનું ભાન અને જ્ઞાન થાય.

આ પુસ્તક વિષે ગુજરાતના આગેવાન ગણાતા વિદ્વાનોએ પોતાના ઉત્તમ અભિપ્રાય જણાવેલા છે, તે માટે તે તે વિદ્વાનોનો હું સંપૂર્ણ રીતે આભાર માનુંછું. તે અભિપ્રાયો આ પુસ્તકમાં નિરાળા છપાવી સામેલ કરેલા છે, તેથી જનસમાજને આ પુસ્તકની ઉપયોગીતા વીષે કંઇક ખ્યાલ આવશે. આ પુસ્તક હિંદુ જનસમાજને પોતાના વ્યાવહારિક અને પારમાર્થિક સ-દાચારમાં સુદૃઢ કરવામાં કોઇ પણ અંશે સાધનભૂત થઇ પડશે તો હું મારો આ ગ્રંથ સંબંધિ પરિશ્રમ સફળ થયેલો સમજીશ.

સંવત ૧૯૭૧ ના વૈશાખ
શુકલ પૂર્ણિમા, સારંગપુર
તળીઆની પોળ.
અમદાવાદ.

શુભ ચિંતક

બ્રહ્મર્ષિશ્રી હરેરામ શર્મા.

અનુક્રમણિકા.

શુદ્ધિ પત્ર.

પૃષ્ઠ.	પંક્તિ.	અશુદ્ધ.	શુદ્ધ.
૧	૭	જેમાં	જેનાં
૨	૨૪	સુજનો	સુખનો
૩	૬	રામજીએ	સમજીએ
૪	૭	ધ્યોયાકાર	ધ્યેયાકાર
૮	૩	વિવેકીજતો	વિવેકીજનો
૮	૨૩	ચિહ્નો	ચિન્હો
૧૦	૨	કટરવો	કરવો
૧૧	૧૭	હ્રદને	હ્રદયને
૧૧	૨૨	તેના	તેવા
૧૯	૨૦	મૃધજલ	મૃગજલ
૨૧	૧૦	મુઠા	મુઠી
૨૧	૧૯	વાંચીને	મીંચીને
૨૨	૮	સાવધાનપૂર્વક	સાવધાનતાપૂર્વક
૨૪	૧૦	ગુ	ગુરૂ
૨૫	૬	કુસંસ્કારોનો	કુસંસ્કારોનો
૨૫	૧૯	ભંગનું.	વા આજ્ઞા ભંગનું
૨૬	૬	તેનના	તેમના
૨૭	૧૯	આકારાદિન	આકરાદિને
૨૮	૨૮	આતુરતા	આતુરતા રાખી
૨૯	૪	મૂલ્યવાન્	મૂલ્યવાન્ હીરો
૩૨	૧૬	રવ	સ્વ
૩૩	૫	પ્રવૃત્તિ	પ્રવૃત્તિપણ
૩૫	૯	અમાકસે	અમાંસે
૩૫	૨૫	ગાનું	ગૌનું
૩૭	૩	ઉરમાં	ઉદરમાં
૩૭	૧	વષ	વર્ષ

૩૭	૧૮	ઉદ્ધર	ઉદ્ધાર
૩૮	૪	મેધ્યે	મધ્યે
૩૮	૧૪	જૈ	જે
૩૮	૧૭	દીસે	ઢીસે
૩૮	૨૧	હોય	કોય
૩૯	૭	સત્યપાત્ર	સત્પાત્ર
૪૦	૧૦	કરેલ	કરે
૪૨	૬	આવણુ	આવણું
૪૨	૧૭	કૃષ્ણાપણ	કૃષ્ણાર્પણ
૪૨	૨૨	કાહ	કહિ
૪૪	૬	પાઇયે	ન પાઇયે
૪૫	૧૭	મૈન	મૌન
૪૫	૧૯	ભિક્ષુજનને	ભિક્ષુકજનને
૪૫	૩૦	ચારિયે	ચરિયે
૪૬	૨	ખાદ્ધું	ખાદું
૪૬	૧૦	સ્મણુથી	સ્મર્ણુથી
૪૬	૨૬	કહિયે	કરિયે
૪૭	૧	શિવ	વિશ્વ
૪૭	૨૪	મળ	મળે
૪૮	૧૭	કળમાં	કળ
૪૮	૧૮	દામરે	દાનરે
૪૯	૧૦	પાપની	પાપનો
૫૦	૪	જો તે	જોને તે
૬૦	૪	કોઇ	કોઈ
૫૨	૨૫	અપ્યરે	અર્પ્યરે
૫૨	૫	નિર્મિત્ત	નિર્નિમિત્ત
૫૩	૧૩	સ્મણુ	સ્મર્ણુ
૫૪	૧૩	સ્મ	૦
૫૫	૨૪	તન જાય	તજાયન
૬૦	૯	તર્ખ્યં	તર્ધ્યં

૬૦	૧૩	જાયરે	જાયારે
૬૨	૮	સમાજયે	સમજીએ
૬૩	૧	દ્વિત	૦
૬૩	૫	બક્ષ	લક્ષ
૬૬	૫	જુડ	જુડરે
૬૬	૫	ક	કરે
૬૬	૧૩	૦	છેકરે
૬૬	૧૪	વક	વિવકરે
૬૬	૧૫	પાપ	પાપરે
૬૭	૫	સનમાન	સનમાનરે
૬૭	૭	તેનું	તેનુંરે
૬૭	૧૦	અપંગ	અભંગ
૬૭	૧૬	ઉપકાર	ઉપકારરે
૬૭	૧૯	દામશે	દામરે
૬૭	૨૨	કેશ	કેર
૬૮	૭	મંડે	મંડેરે
૬૮	૯	કળકળાવેશેરે	કળકળાવેરે
૬૯	૨૧	સંચ	સંચંરે
૭૭	૨૦	૦	લાલ
૮૨	૫	પહુંરે	પહુંરે
૮૩	૮	દાખીરે	દાખાયારે
૮૬	૭	તરફડેને	તરફડેરે
૮૬	૧૭	પદ	પદ
૮૭	૨૦	કરેશા	કલેશા
૮૭	૨૦	વહારે	પહારે
૯૫	૪	રેડેરે	રડેરે
૯૬	૨૧	બાખે	ભાખે
૧૧૫	૨૩	અધમથી	અધર્મથી
૧૨૦	૨૨	પહે	પહો
૧૩૧	૮	માત ામદિ	મત મિદિ

૧૪૬	૧૮	પકટે	પકડો
૧૫૩	૮	પ્રેષ્ટ પ્રેષ્ટ	પ્રેષ્ઠા પ્રેષ્ટ
૧૬૩	૧૧	સંતાન	સંતાનરે
૫૮૬	૭	આ	૦
૧૯૭	૧૫	તાપીખા	તાપીઓ
૧૯૯	૮	બધા	બાધા
૨૩૬	૬	ક	કરે
૨૪૭	૫	।કયોરે	રોકયોરે
૨૫૫	૧૬	પળકવાર	પલક પરવાર
૩૦૨	૧૪	મધે	મધ્યે
૨૯૩	૧૧	૦	અશુદ્ધ
૨૯૫	૧૯	૦	ફરી

અભિપ્રાયો.

રા. રા. હીરાલાલ ડાહ્યાભાઈ નાણાવટી, બીએ. એલ્ એલ્ બી.,
સોલીસીટર હાઇકોર્ટ-મુંબઇનો અભિપ્રાયઃ—

બુધવાર તા. ૧૯–૪–૧૫.
મુંબઇ.

બ્રહ્મર્ષિ પંડિત શ્રી હરેરામ શર્મા

આપે મોકલાવેલો **જ્ઞાન ચિંતામણિ** નામનો ગ્રંથ ઉપરઉપરથી વાંચ્યો એમાંના ઘણુંખરાં પદો સનાતન ધર્મને અનુસરીને લખાયલાં છે. વર્ણાશ્રમ ધર્મ પાળીને જ્ઞાન અને ભક્તિદ્વારા મોક્ષ કેવી રીતે પ્રાપ્ત થઇ શકે છે એ જાણવાની ઇચ્છા રાખનાર સજ્જનોને એ ગ્રંથ ઘણો ઉપયોગી થઈ પડશે સામાન્ય મનુષ્યોને ગદ્ય કરતાં પદ્ય વાંચવાનું પ્રિય લાગે છે તે નિયમથી **જ્ઞાન ચિંતામણી**નો લાભ સર્વ લઇ શકશે.

કૃષ્ણરામનાં ભજનો સો વર્ષ પહેલાં લખાયલાં જણાય છે. અને તેથી તેમાં ગુજરાતી ભાષાની શુદ્ધિપર હાલના જેવું ધ્યાન આપવામાં આવ્યું નથી એ સ્વાભાવિક છે.

લી૦ હીરાલાલ ડાહ્યાભાઇ નાણાવટી.

રા. રા. સાક્ષરશિરોમણિ શ્રીયુત શીઘ્ર કવી સંઘવી નગીનદાસ પુરૂષોત્તમદાસનો અભિપ્રાય;—

તા. ૧૮–૫–૧૫.
આબુરોડ.

પુજ્ય શ્રી બ્રહ્મર્ષિ પંડિત શ્રી હરેરામ શર્મા.

નમસ્કારપૂર્વક નિવેદન કરવાનું કે આપનો સંગ્રહેલો **શ્રી જ્ઞાન ચિંતામણિ** ગ્રંથ મેં અવલોક્યો છે. તેમાંના વિષય ઉત્તમ મર્યાદા સ્થાપક છે.

આ જમાનામાં હિન્દુસંતાનોને પોતાના સદાચાર અને શિષ્ટાચારનું સંરક્ષણ કરવાની જે અતી આવશ્યકતા છે, તે જોતાં આપનો ગ્રંથ એક ખેતી સુકાતાં સુકાતાં વખતસર પડેલા વર્ષાદના જેવો છે. જન સમાજને વિનંતી છે કે આ ગ્રંથનો લાભ લેઇ તેઓ પોતાના ધર્મ અને દેશની ખાતર હિંદુનાં લક્ષણ જાળવી રાખી પોતાનું પોત ગુમાવશે નહિ, તોજ ઉન્નતી અને શ્રેયસ્ની પ્રાપ્તિ થશે.

વીજાપક—સઘવી

નગીનદાસ પુરૂષોત્તમદાસના નમસ્કાર.

રા. રા. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી, બી. એ. (માજી પ્રીન્સીપાલ ટ્રેનીંગ કોલેજ, અમદાવાદ)નો અભિપ્રાયઃ—

તા. ૧૪–૫–૧૫

સુરત.

બ્રહ્મર્ષિ પંડિત શ્રી હરેરામ મુક્તરામ શર્મા વિરચિત.

જ્ઞાનચિંતામણિ.

આ પુસ્તકમાં ભક્તિ કાવ્યોનો સારો સંગ્રહ કરવામાં આવ્યો છે. આરંભમાં બોધદાયક, નિવૃતિમાર્ગસૂચક અત્યુત્તમ હિત વાક્યો છે. પછી કૃષ્ણરામ, નરસિંહ મહેતા, ધીરાભક્ત, અખા, પ્રીતમદાસ વગેરેનાં કાવ્યો છે. નિવૃત્ત પરાયણ વાચકવર્ગને એ કાવ્યો ઘણાં આનન્દદાયક થયા વિના રહેશે નહિ. પ્રવૃત્તિના આધુનિક ક્લેશમય જીવનમાં થોડો વખત આવાં ઉત્તમ કાવ્યો વાંચવાથી તેટલો સમય પણ મન મલિનતાથી મુક્ત થઈ ઉચી ભૂમિકામાં વિહરશે.

કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી.

રા. રા. જેઠાલાલ ચીમનલાલ સ્વામીનારાયણ, એમ. એ.
પ્રોફેસર ઓફ મેથેમેટીક્સ, ગુજરાત કૉલેજ, અમદાવાદનો અભિપ્રાયઃ—

તા. ૧૯ મી મે સને ૧૯૧૫.
અમદાવાદ, કડવા પોળ.

બ્રહ્મર્ષિ પંડિત શ્રી હરેરામ સુખરામ શર્મા.

તરફથી પ્રસિદ્ધ થયેલો **શ્રી જ્ઞાન ચિંતામણિ** નામનો ગ્રંથ અવલોકનાર્થે મળ્યો છે. જણાવતાં આનન્દ થાય છે કે આ પુસ્તકમાં મહાત્માઓનાં ઉત્તમ પદોનો સંગ્રહ કરવામાં આવ્યો છે, જેના વાચનથી ધર્મ, જ્ઞાન, વૈરાગ્યની અભિવૃદ્ધિ થઇ મનુષ્ય ઇહ પરત્ર પોતાનું શ્રેય સાધી શકે છે. નરસિંહમેહેતા, ધીરાભક્ત, અખો દયારામ વિગેરે સુપ્રસિદ્ધ કવિઓએ ગુંથેલાં ભજનો પણ સારા પ્રમાણમાં આપ્યાં છે. વળી હિત શિક્ષાનાં એક એક વચનો એક લાખની કિંમતનાં છે. દાખલા તરીકે નીચેની કહેવત "માત્ર પુસ્તકો ભણવા જાણવાથીજ પંડિત થવાતું નથી, પણ તદનુસાર યથાર્થ વર્તન કરવાથી પંડિત થવાય છે."

એકંદર પુસ્તક દરેક મુમુક્ષુએ સંગ્રહ કરવા યોગ્ય છે. સારા કાગળ ઉપર છપાવેલું છે અને ટાઇપ પણ મોટા હોવાથી વાચકને સુલભતા પડે તેમ છે. અમે આવું ઉપયોગિ પુસ્તક પ્રસિદ્ધ કરવા માટે બ્રહ્મર્ષિને ધન્યવાદ આપીએ છીએ અને આશા રાખીએ છીએ કે ગુજરાતની કદરદાન પ્રજા તેને સારો આવકાર આપશે. એજ

લી૦ જેઠાલાલ ચીમનલાલ
સ્વામીનારાયણ
પ્રોફેસર ઓફ મેથેમેટીક્સ ગુજરાત કૉલેજ, અમદાવાદ.

રા. રા. નર્મદાશંકર દેવશંકર મેહેતા. (અમદાવાદ મ્યુનીસીપાલેટીના માજી ચીફ઼ ઓફીસર) ડી. ક. સાહેબનો અભિપ્રાયઃ—

તા. ૧૫-૫-૧૯૧૫.
રાણપુર.

વિદ્દવર બ્રહ્મર્ષિ પંડિત શ્રી હરેરામ શર્મા.

મુ. અમદાવાદ.

આપનો પત્ર તથા તે પહેલાં આપનો **શ્રી જ્ઞાન ચિંતામણિ** ગ્રંથ યથા સમય મળ્યાં છે. મારે અખંડ પ્રવાસમાં ફરવાનું હોવાથી હું આપના પુસ્તકને અદ્યાપિ અવલોકી શક્યો નથી, અને જુન માસમાં અમદાવાદ પાછો ફરૂં ત્યાં સુધી તેવી નિવૃત્તિ મળવા સંભવ નથી. આપનો ગ્રંથ આપાતતઃ મેં જોયો છે તે ઉપરથી સ્પષ્ટ જણાય છે કે ધર્મમય જીવન ગાળવાને ઇચ્છનાર સ્ત્રી વા પુરૂષને તેમાંથી આત્મોદ્ધારનાં ઉત્તમ સાધનો મળી આવવા સંભવ છે. હાલ એટલુંજ હું જણાવી શકું તેમ છે.

લી. સેવક નર્મદાશંકર દેવશંકરના પ્રણામ.

રા.રા. ભાઇશંકર નાનાભાઈ સોલીસીટર સાહેબનો અભિપ્રાયઃ—

અમદાવાદ, રાયપુર હવેલી.
તા. ૨૯-૫-૧૫.

બ્રહ્મર્ષિ પંડિત શ્રી હરેરામ શર્મા.

આપે **"શ્રી જ્ઞાન ચિંતામણિ"** ગ્રંથમાં પ્રાચિન અને અર્વાચિન કવિઓની કવિતાઓનો સંગ્રહ કર્યો છે તેમાં આપે એકજ ઉદ્દેશ રાખ્યો છે અને તે એકે આપે મેળવેલા જ્ઞાનનો બોધ સહેલાઇથી ગ્રહસ્થાશ્રમિઓને થાય અને તેમાં હું આપને યશ મળો એમ ઇચ્છું છું એ આપના સંગ્રહનું અને મનનનુ ફળ આપને તો મળિજ ચુક્યું છે એ વાત આપે પ્રારંભમાં આપે જે હિત શિક્ષા માલિકાની રચના કરી છે તે પુરતી સાબીતી આપે છે. આપનો પરિશ્રમ જોઇ હું ઘણો પ્રસન્ન થયો છું અને મારી ખાતરી છે કે એનુ મનન વરને ઘણુંજ ઉપયોગી થઇ પડશે.

લી. હું છું આપના સ્નેહાચ્છિ એક
ભાઇશંકર નાનાભાઇના પ્રણામ.

॥ શ્રી ॥

વેદાન્તના અભ્યાસીઓને તથા સ્તોત્ર પાઠાદિકના નિત્ય નિયમવાળાઓને માટે અમુલ્ય તક.

વેદાન્ત સમુચ્ચય.

કી. ૨-૮-૦ વિ. પિ. ખર્ચ જુદું.

વેદાન્તના પ્રકરણ ગ્રંથો સ્તોત્રો વગેરેનો આવો નિરાળો સંગ્રહ આ એકજ છે. નિર્ણય સાગરની શુદ્ધ છાપ અને બંધાઇથી આ પુસ્તક ઘણું મનોહર છે. વળી આ પુસ્તકમાં વેદાન્તના પ્રસ્થાનરૂપ બ્રહ્મસૂત્ર તથા ગીતા મૂળ મૂળ આપેલાં છે. તેથી તેમનું નિત્યપાઠ કરનારને એક મોટી સવડરૂપ છે, તથા વેદાન્તના સ્તોત્રો અને લઘુ ગ્રંથોના વારવાર આ વર્તનથી જે મહાન સિદ્ધાંતો સર્વદા ઉપસ્થિત રહેવાનો લાભ થાય છે. તેને સમજનારને આ ગ્રંથ એક રત્નભંડાર કરતાં પણ અધિક મુલ્યવાન છે. તેમાં વળી ઉત્તર ગીતા અને યોગ તારાવલી જેવા દુર્લભ ગ્રંથો સામેલ કરવામાં આવ્યા છે. એટલે આ ગ્રંથની ઉપયોગીતા જેટલી ગણીએ એટલી ઓછી છે. સત્વર મંગાવી લ્યો. કે નકલો ખપી ગયે નીરાશ થવું ન પડે.

મળવાનું ઠેકાણું—બ્રહ્મર્ષિ પંડિતશ્રી હરેરામ શર્મા.

સારંગપુર તળીઆની પોળ—અમદાવાદ.



ब्रम्हर्षि श्री हरेराम शर्मा.

he Bombay Art Printing Works Fort

શ્રી જ્ઞાન ચિંતામણિ.

હિતશિક્ષા રત્નમાલિકા.

કોઇ પણ વિહિત કાર્યમાં વિજય મેળવવામાટે સંકલ્પબલને દૃઢ રાખી ઉત્સાહપૂર્વક નિરંતર પ્રયત્ન કરવાની આવશ્યકતા છે. પ્રયત્ન કર્યા વિના માત્ર મનોરથથીજ કાર્યસિદ્ધિ થતી નથી. જેમ અંધ મનુષ્યની પાસેનો દીપક તેને કોઇ પણ પદાર્થ પ્રકાશવામાં ઉપયોગી થતો નથી, તેમ વિહિત યત્નથી ભય પામતા મનુષ્યની પાસેનું કોઇ પણ પ્રકારનું જ્ઞાન તેને લેશ પણ ઉપયોગી થતું નથી. ૧.

જેમાં જ્ઞાન, વિવેક અને વિચાર આદિ પોતાનાથી ઊતરતાં હોય તેની સાથે સમજુએ પ્રયોજન જેટલોજ પ્રસંગ રાખવો, કેમકે તેવાની સાથે રાગપૂર્વક વિશેષ પ્રસંગ–સંબંધ–રાખવાથી સંબંધ રાખનારને લાભ થતો નથી, પણ હાનિજ થવાનો સંભવ રહે છે. ૨.

અટ્ટહાસ્ય અને નિષ્પ્રયોજન ભાષણ એ ગંભીરતાનાં વિરોધી છે, માટે વિવેકીએ એ બંનેને ત્યજી દેવાં જોઇએ. ૩.

પ્રત્યેક મનુષ્યે પ્રાપ્ત થયેલ પ્રત્યેક વ્યાવહારિક કે પારમાર્થિક કાર્ય બહુજ સાવધાનતાથી વિવેકપૂર્વક કરવું જોઇએ. ૪.

વિવેકિજને પોતાના જીવનના ઉદ્દેશનું નિરંતર યથાયોગ્ય સ્મરણ રાખવું જોઇએ, અને નાનામાં નાની વિપરીતપ્રવૃત્તિનો પણ મનમાં સંકલ્પ ન ઊઠે એવી સાવધાનતા સેવવી જોઇએ. ૫.

સ્વકર્તવ્યનું સ્મરણ રાખી સમજુએ પરનિંદાના તથા આત્મશ્લાઘાના પાપથી મનવાણીને મોકળાં રાખવાં જોઇએ. ૬.

વ્યાવહારિક કે પારમાર્થિક પ્રયોજનની સિદ્ધિ કરવામાં નિરુપયોગી એવાં પુસ્તકોનું વાચનઅધ્યયન સાધકને લાભકર્તા નથી, પણ હાનિકર્તા છે. માટે વિવેકી સાધકે એવા સ્વભાવનો જય કરવો ઉચિત છે. ૭.

જે વ્યાવહારિક કે પારમાર્થિક કાર્ય ગુપ્ત રાખવાયોગ્ય હોય તે ગુપ્ત રાખવાનું મનોબલ વિવેકિ મનુષ્યે સંપાદન કરવા યોગ્ય છે. ૮.

હૃદયની શાંતિનો જેથી ભંગ થાય એવા કોઈ પણ વિચાર કે પ્રવૃત્તિમાં મન કે ઇંદ્રિયો પ્રવૃત્ત થવાનો અવકાશ આપવો એ સમજુ મનુષ્યને ઊચિત નથી. ૯.

પ્રત્યેક વિવેકિસાધકે પોતાના જીવનના ઉદ્દેશસંબંધી, તદનુકૂલ પ્રવૃત્તિસંબંધી, તથા તેમાં થયેલી વાસ્તવિક ફલસિદ્ધિસંબંધી પ્રત્યેક દિવસે, પ્રત્યેક માસે, અને પ્રત્યેક વર્ષે શાંત મનથી યથાયોગ્ય અવલોકન વિચાર ને નિશ્ચય અવશ્ય કરવાં જોઇએ. ૧૦

જીવભાવનું જેમણે ઉલ્લંઘન કર્યું નથી એવા મનુષ્યોનાં અંતઃકરણો સ્વભાવિક રીતેજ અપક્વ હોય છે, માટે તેઓની કોઇ પણ પ્રકારની સ્તુતિનિંદામાં વૃત્તિને વેગ આપવો એ વિવેકિ મનુષ્યને ઉચિત નથી; પ્રસંગવશાત્ કોઇ તેવા મનુષ્ય સંબંધી અભિપ્રાય આપવાની આવશ્યકતા ઊભી થાય તો જે વિષયમાં આપણને તે મનુષ્યનાં જેટલાં પ્રવૃત્તિવિચાર જ્ઞાત હોય તેટલાંસંબંધી અભિપ્રાય યોગ્ય શબ્દોમાં આપવો. ૧૧.

પામરજનોનો, વિષયિજનોને અને વિષયોનો સંગ સ્વરૂપ સુજનો વિરોધી છે, માટે સાધકે સુખબુદ્ધિપૂર્વક તેમનો સંગ કરાતો હોય તો તે ત્યજવા યત્નવાન્ રહેવું જોઇએ. ઔદાસીન્યરૂપ જલવિના તુરીયાવસ્થારૂપ કલ્પલતિકા નવપલ્લવ થતી નથી, એ સ્મરણમાં રાખવું જોઇએ. ૧૨.

આત્મભાવનારૂપ સામાન્યપ્રીતિ સર્વત્ર સ્થિર થાય તેમાં વિરોધ

નથી, પણ લૌકિક સ્થૂલપ્રીતિ તો વિવેકીએ પોતાના હૃદયમાંથી નિવૃત્તજ કરવી જોઇએ; કદાપિ તેવી પ્રીતિની અપેક્ષા જણાય તો મહાપુરુષોમાં કે ઉચ્ચ પ્રકારના મુમુક્ષુજનોમાં તેવી પ્રીતિ રાખવાથી વિરોધ નથી. ૧૩.

પ્રારબ્ધથી કિંવા પુરુષાર્થથી પ્રાપ્ત થયેલા કોઇ પણ પ્રકારના ઐશ્વર્યથી સમજુએ પોતાના ચિત્તને વ્યાકુલ વા ઉન્મત્ત ન થવા દેતાં તેને શાંત અને વિનયવાળું રાખવું એજ ઉચિત છે. ૧૪.

વિવેકવડે મનના છલબલને જાણી, અપ્રમાદયુક્ત ધૈર્યવડે તેથી પરાભવ ન પામી, સ્વકર્તવ્યમાં ઉત્સાહપૂર્વક પ્રવૃત્ત રહેવાથીજ પરિણામે શ્રેયસ્ ઇચ્છનાર મનુષ્યે એમ વર્તવા યત્ન કરવો જોઇએ.

ધનવાનો, રાજાઓ, કવિઓ, પંડિતો અને દેવાદિવડે જે નાના પ્રકારની સેવાસ્તુતિ થાય તેમાં, અને દુર્જનોવડે જે નાનાપ્રકારની નિંદા, તિરસ્કાર અને તાડન થાય તેમાં; સુંદરવસ્ત્રાલંકારવડે અલંકૃત રૂપલાવણ્ય ગંધગુણ ચાતુર્યયુકત નવયૌવનાના દર્શનમાં, અને અપવિત્ર સ્થાનમાં અયોગ્યરીતે પડેલા મૃતશ્વાનશરીરના દર્શનમાં; તથા સુંદર વસ્ત્રો, સુવર્ણ અને રત્નાદિના દર્શનમાં, અને તૃણ, ધુળ અને પાષાણાદિના દર્શનમાં સમપણાનો ભાવ રહે અર્થાત્ તે તે વિષયનો અનુભવ થતા પહેલાં મનની જે સ્થિતિ હોય તેની તે સ્થિતિ તે કાલમાં પણ દશ્યનું મિથ્યાપણું તથા આત્માનું અસંગપણું જાણી સ્થિર રહે તે વિવેકની દઢતા જાણવી. આવા દઢવિવેકથી દઢવિરાગનો ઉદય થાય છે. બ્રહ્મલોકના ઉત્તમોત્તમ વિષયો પણ તૃણસમાન પ્રતીત થાય તે વૈરાગ્યનો અવધિ છે. ૧૬.

પાણીનું પૂર, પતંગનો રંગ, ખીલેલાં પુષ્પોની શોભા, વીજળીનો પ્રકાશ, તૃણાદિપર પડેલું ઝાકળનું બિંદુ, પાણીમાં પડેલા શીઘ્ર ઓગળવાના સ્વભાવવાળા પદાર્થો, પૂર્ણિમાની મધ્યરાત્રિની ચાંદનીનો પ્રકાશ, વેળુપરની ભિંત, દૂધપરનું ફીણ, પાણીના બુદ્‌બુદા, સંધ્યાનું ખીલવું, જલના તરંગો, અને નવીનતૃણની હરિતતા તથા કોમલતા; એ સર્વેની સ્થિતિ જેમ અશાશ્વત છે, તેમ યૌવન અને જીવતર એ બંનેની સ્થિતિ પણ અશાશ્વત છે, માટે તેની ચિરકાલ

સ્થિતિનો વિશ્વાસ રાખી પોતાના આત્માનો ઉદ્ધાર કરવામાં પ્રમાદ સેવવો એ વિવેકીને ઉચિત નથી. ૧૭.

જે મનુષ્યને અનુકૂલપ્રાણિપદાર્થના સંયોગથી ચિત્તના વિકાસરૂપ હર્ષ થતો નથી, તે મનુષ્યને પ્રતિકૂલપ્રાણિપદાર્થના સંયોગથી ચિત્તના સંકોચરૂપ ખેદ પણ થતો નથી. ૧૮.

ધ્યેયવિષયભણી વૃત્તિઓનો પ્રવાહ નિરંતર પ્રધાનપણે વા ગૌણપણે રાખવો એજ ધ્યેયાકારવૃત્તિ કરવાનું સર્વોત્તમ સાધન છે, પણ પ્રમાદવાળા માણુસથી તે સાધન સિદ્ધ કરી શકાતું નથી. ૧૯.

ઇષ્ટદેવનું માહાત્મ્ય જ્યારે સંપૂર્ણ સમજાય ત્યારેજ દેહ અને દેહના સમીપના સંબંધિજનોના જેવી દૃઢ પ્રીતિ તેઓમાં ઉપજે, અન્યથા ન ઉપજે. ૨૦.

દેશકાલાદિની વિષમતામાં ઉત્તમવૈરાગવાન્ ઉત્તમશબ્દાદિ વિષયોમાં પણ સુદૃઢ નિઃસ્પૃહજ રહે, મધ્યમવિરાગવાન્ દેશકાલાદિની વિષમતા થાય તો ઉત્તમવિષયોમાં બંધન પામે, અને કનિષ્ઠવિરાગવાન્ દેશકાલની વિષમતાવિના પણ ઉત્તમવિષયોમાં બંધન પામે. ૨૧.

વિવેકસાધકે શાસ્ત્રની મર્યાદામાં રહીનેજ વિહિતવિષયો ભોગવવા, અને ઇંદ્રિયોની ક્રિયાઓને યથાવિહિત યથાનુકુલ ઇષ્ટદેવની સેવામાં જોડી રાખવી, કે જેથી અંતઃકરણની શુદ્ધિ, દેહમાંથી અહંભાવની નિવૃત્તિ, અને દેહના સંબંધી પ્રાણિપદાર્થમાંથી મમત્વનો અભાવ શીઘ્ર સિદ્ધ થાય. ૨૨.

પોતાના ઇષ્ટદેવવિના અન્ય પ્રાણિપદાર્થના અસ્તિત્વની પ્રતીતિ ન થાય, અને પોતાનામાં પણ ઉપાસ્યભાવ સ્ફુરે, તે અન્યતા તથા ઉપાસનાનો અવધિ ગણાય છે, માટે પ્રત્યેક ઉપાસકે તેવી સ્થિતિ સંપાદન કરવા યત્ન કરવો જોઇએ. ૨૩.

સાધકે માયા અને માયાનાં કાર્યોરૂપ જડતત્ત્વોનું તથા આત્મરૂપ ચેતનતત્ત્વનું સ્વરૂપ તેમનાં લક્ષણે કરી યથાર્થ ઓળખવું જોઇએ. એમ જડચેતનનો યથાર્થ અનુભવ થાય છે ત્યારેજ અવિદ્યાનાં કાર્યો

બાધ પામે છે. ૨૪.

પ્રારબ્ધવશાત્ બહાર ઉપાધિ હોય તોપણ મનમાં તેના સંબંધી રાગદ્વેષપૂર્વક સંકલ્પ ન થાય એવો દોષદર્શનાદિરૂપ યત્ન વિવેકીએ રાખવો જોઇએ. ઇશ્વરસૃષ્ટિ બંધનકર્તા નથી, પણ જીવસૃષ્ટિજ બંધનકર્તા છે, એનું અવિસ્મરણ રાખવું જોઇએ. ૨૫

જીવનનિર્વાહના વિષયોમાં પણ સાધકે વિધિનિષેધનો વિચાર રાખી વિહિતવિષયોજ ભોગવવા જોઇએ, અન્યથા સાધનથી ભ્રષ્ટ થવામાં વિલંબ લાગતો નથી. ૨૬

પોતાના વર્ણાશ્રમના ધર્મો, ઇષ્ટદેવની ભક્તિ, અને વિષયવૈરાગ્ય એ ત્રણનું યથાવિધિ અનુષ્ઠાન કરવાથી ચિત્તશુદ્ધિ તથા ચિત્તસ્થિરતા થયે પરમતત્ત્વના સ્વરૂપસંબંધી શ્રવણ કરવાનો ઉત્તમ અધિકાર આવે છે. ૨૭.

દ્રષ્ટા અંતર્બહારના સર્વવિષયોને અનુભવે છે, પણ પોતે પોતાને અનુભવતો નથી, એ પરમ આશ્ચર્ય છે. ૨૮

ચિત્તમાં સત્ત્વગુણની વૃદ્ધિ હોય ત્યારે સાધકે ધ્યાનાદિ કરવાં, રજોગુણ વર્તતો હોય ત્યારે વિક્ષેપ બહુ થાય માટે તે કાલે તેણે દ્રષ્ટાના અસંગસ્વરૂપનો વિચાર વા વિષયદોષદર્શન કરવું, અને તમોગુણ વર્તતો હોય ત્યારે લયાદિ થાય, તેથી તે સમયમાં તેણે ચિત્તને સંબોધન કરી જાગ્રત્ કરવા યત્ન સેવવો. ૨૯

ત્રણ શરીર, ત્રણ શરીરમાં રહેલા પાંચ કોશો, ત્રણ અવસ્થા, અને ત્રણ દેહના અભિમાનીથી પોતાનું પ્રત્યક્સ્વરૂપ ભિન્ન છે, અને તેમાં તે સર્વ કલ્પિત છે, તથા તદ્ભિન્ન સર્વ નામરૂપાત્મક પ્રપંચ બ્રહ્મમાં કલ્પિત છે, વળી તે પ્રત્યક્તત્ત્વ તથા બ્રહ્મનો લેશ પણ ભેદ નથી, આમ અદ્વિતીય પરમતત્ત્વરૂપ મહાસત્યને જાણવું તે વેદાંતમતે જ્ઞાન કહેવાય છે. ૩૦

સાધકે ધારણાદિના અભ્યાસકાલે ઉત્સાહ લાવી, ચિત્ત તથા નેત્રને જાગ્રત્ કરી, ચિત્તવૃત્તિને ધ્યેયાકાર કરવા યત્ન કરવો જોઇએ.

તે અભ્યાસ સ્વસામર્થ્યાનુસાર કરવો જોઇએ, અને વૃત્તિને જેમ બને તેમ લયવિક્ષેપથી મોકળી રાખવા સાવધાનતા સેવવી જોઇએ. ૩૧

કર્તવ્યનું યથાર્થ માહાત્મ્ય સમજાય ત્યારેજ પ્રાણાંતનિશ્ચયે કર્તવ્યમાં આરૂઢ રહેવાનું અને અકર્તવ્યના સંપૂર્ણ ત્યાગનું મનોબલ ઉપજે છે, અન્યથા ઉપજતું નથી. ૩૨

જેમ અત્યંત ખાટા પદાર્થોના ભક્ષણથી દાંતો તથા દાઢોમાં રહેલું કઠિન પદાર્થના ભક્ષણનું બલ ક્ષીણ થઇ જાય છે, તેમ વિવેકવૈરાગ્યના અનુષ્ઠાનથી ઇંદ્રિયો તથા અંતઃકરણમાં જન્મજન્માંતરના સંસ્કારથી રહેલું ઉન્મત્ત તથા નિષિદ્ધ બલ ક્ષીણ થઇ જાય છે. ૩૩

જેમ બાલકના હાથમાં ચિંતામણિ આવ્યો હોય પણ તેને તેના માહાત્મ્યનું જ્ઞાન નથી, તેથી તેને તેની પ્રાપ્તિથી સંતોષ ઉપજતો નથી, તેમ બ્રહ્મને અદૃઢરીતે જાણ્યા છતાં પણ જેઓ પાપસંસ્કારના સદ્ભાવથી તે જ્ઞાનને દૃઢ કરી પ્રતિયોગિપુરઃસર પોતાની સ્થિતિના માહાત્મ્યનો વિચાર કરતા નથી, તેમને પોતાના ચિત્તમાં સંતોષાનુભવ થતો નથી. ૩૪

સર્વાધિષ્ઠાનરૂપ પરમતત્ત્વના જ્ઞાનવિના દુઃખની અત્યંત નિવૃત્તિ ન થવાથી જીવને પોતાના અંતઃકરણમાં ગુપ્ત કિંવા પ્રકટ દુઃખાનુભવ થયાં કરે છે, અને તે તત્ત્વના અપરોક્ષજ્ઞાનથી પૂર્ણકામપણાના અનુભવવડે પ્રાપ્ત પરમાનંદ થઈ તે સર્વ શોકસમૂહોનું અત્યંત ઉલ્લંઘન કરે છે. ૩૫

પ્રાણના નિરોધથી ચિત્તનો નિરોધ થાય છે, અને ચિત્તના નિરોધથી પ્રાણનો નિરોધ થાય છે, માટે સાધકે યથાધિકાર બેમાંના એકનો નિરોધ કરવા યત્ન કરવો જોઇએ. પ્રાણાયામાદિના અભ્યાસથી પ્રાણનો નિરોધ થાય છે, અને ધારણાદિના કિંવા વાસનાજયના અભ્યાસથી ચિત્તનો નિરોધ થાય છે. ૩૬

જેમ સૂર્યનાં વિરલ કિરણોમાં દાહકશક્તિ પ્રતીત થતી નથી, અને હજાર ધોરિયામાં વહેનારા સો કોશના જલના પ્રવાહમાં બલવાન્ વેગ પ્રતીત થતો નથી, પણ સૂર્યકાંતાદિમાં એકત્ર થયેલાં

સૂર્યકિરણોમાં દાહકશક્તિ પ્રતીત થાય છે, તથા એકજ ધોરિયામાં વહેનારા સો કોશના જલના પ્રવાહમાં બલવાન્ વેગ પ્રતીત થાય છે, તેમજ અનંત વિષયોમાં ભ્રમણ કરનારા અસ્થિર ચિત્તમાં તેનું ઐશ્વર્ય ને બલ પ્રતીત થતાં નથી, પણ એકજ સાત્વિક ધ્યેયવિષયમાં એકાગ્ર રહેવાના સ્વભાવવાળા ચિત્તમાં તે ઐશ્વર્ય ને બલ પ્રતીત થાય છે. ૩૭

જાગ્રત્‌માં યત્નવિના અંતઃકરણનાં પ્રાયશઃ સર્વ પરિણામો પ્રેમપૂર્વક ધ્યેયાકાર થવા લાગે, અને અન્ય સંકલ્પો ન સ્ફુરે, તેજ ધ્યેયમાં સત્યપ્રીતિ ને નિર્વાસનિક સ્થિતિ જાણવી. અપ્રમાદયુક્ત ધૈર્ય રાખી દીર્ઘકાલ નિરંતર આદરપૂર્વક નિષ્કપટપણે યથાવિધિ યત્ન કરવાથી એવી સ્થિતિ પ્રાપ્ત થાય છે. ૩૮

જાગ્રત્‌માં જ્યારે નિષિદ્ધવિષયોમાં અત્યંતદોષદૃષ્ટિનો અભ્યાસ કરવામાં આવે ત્યારેજ તે અભ્યાસના પકવપણાથી સ્વપ્નમાં પણ તે નિષિદ્ધવિષયો ચિત્તમાં વિક્ષેપ ઉપજાવી શકતા નથી. ૩૯

સૌંદર્ય, વ્યવહારકૌશલ્ય, ધન, ભૂમિ અને સત્તાથી વ્યાવહારિક મહત્તા ગણાય છે, અને વિવેક, વિચાર, પ્રમાણિકતા, દયા, નિઃસ્પૃહતા અને તત્ત્વપરાયણતા આદિ શુભગુણોથી પારમાર્થિક મહત્તા ગણાય છે. સુજ્ઞજનોની દૃષ્ટિએ વ્યાવહારિક મહત્તાથી પારમાર્થિક મહત્તા શ્રેષ્ઠ છે. ૪૦

પક્ષીઓ, પશુઓ અને સ્વકાર્યપર અન્યત્ર ગયેલા મનુષ્યો આહારાદિ મેળવીને તથા સ્વકાર્યની સમાપ્તિ કરીને જેમ સ્વસ્થાનકે આગમન કરી શાંતિનો અનુભવ કરે છે, તેમ ઉપાસકે પણ પ્રારબ્ધવડે પ્રાપ્ત થયેલી પ્રવૃત્તિની યથાયોગ્ય સમાપ્તિ કરી સ્વસ્થાનકરૂપ ધ્યેયમાં પોતાની વૃત્તિને સ્થાપન કરી શાંતિનો અનુભવ કરવો જોઇએ. ૪૧

પામર મનુષ્યો જેમ ગ્રામ્યવિષયોમાં અત્યંત આસક્ત હોય છે, તેમ ઉપાસકે પોતાના ઇષ્ટદેવમાં અત્યંત અનુરાગ રાખવો જોઇએ. ૪૨

સ્થૂલબુદ્ધિના મનુષ્યો પોતાના ઇષ્ટદેવનો વિવેકવિના મૂઢપણે

આશ્રય ગ્રહણ કર છે, મધ્યમબુદ્ધિવાળા જનો કિંચિત્ વિવેકપૂર્વક અનુરાગમાત્રથી તેમનો આશ્રય ગ્રહણ કરે છે, અને ઉત્તમબુદ્ધિવાળા વિવેકિજનો તો માહાત્મ્યજ્ઞાનપૂર્વક વિવેકબલથી તેમનો અનન્ય આશ્રય ગ્રહણ કરે છે. ૪૩

સાધકે ધારણાકાલે થતાં વિઘ્નોના સ્વરૂપને યથાર્થ ઓળખી તેમની નિવૃત્તિ કરવા માટે શાસ્ત્રીય ઉપાયો કરવા, કિંતુ વૃત્તિને ખેદમય કરી હૃદ્બલ ઘટાડવું નહિ. ૪૪

જીવોને જન્મજન્માંતરના સંસ્કારોથી વિષયોમાં તથા શરીરના સંબંધી પ્રાણિપદાર્થોમાં પ્રાયશઃ સ્વાભાવિક પ્રીતિ થાય છે, માટે વિવેકિમનુષ્યે સદ્વિચાર તથા સાવધાનતા રાખી પોતાની વૃત્તિને તેવી પ્રીતિમાંથી ક્રમાત્ ઉપરામ પમાડી તેને પરમતત્ત્વભણી લઇ જવા યત્ન સેવવો જોઇએ. ૪૫

શ્રીસદ્ગુરુની તથા સત્શાસ્ત્રની હિતકારી આજ્ઞાનું ઉલ્લંઘન કરી જે સાધક મોહથી અન્ય પ્રકારે વર્તે છે, તેને તેવા વર્તનથી પરિણામે ક્લેશાનુભવવિના અન્ય ફલ મળતું નથી. ૪૬

વિનાશી અને સત્સુખાનુભવમાં પ્રતિબંધ કરનારા તુચ્છ વિષયોમાં જેમને અત્યંત રાગ વર્તતો હોય તેમને અત્યંત દીન જાણવા. હૃદયની એવી દીનતા દૂર થઇ સુદૃઢ અસ્પૃહાનો ઉદય થયા વિના મનુષ્યને પરમપદની પ્રાપ્તિ થતી નથી. ૪૭

લોકવાસના, શાસ્ત્રવાસના અને દેહવાસના ચિત્તમાંથી નિવૃત્ત થવા લાગે, ઇંદ્રિયો પોતપોતાના વિષયોપ્રતિના રાગદ્વેષથી રહિત થવા લાગે, અને અંતઃકરણ સમભાવનો અનુભવ કરવા લાગે, તે જ્ઞાનોદયનાં ચિહ્નો જાણવાં. ૪૮

જેમ કોઈ પણ અભ્રાંત મનુષ્યને વિષભક્ષણ કરવાની ઇચ્છા તથા પ્રવૃત્તિ થતાં નથી, તેમ જે વિરક્ત તે દુઃખની પરંપરા ઉપજાવવાના સામર્થ્યવાળા ત્યાગ કરેલા નિષિદ્ધ વિષયો ભોગવવામાટે પુનઃ ઇચ્છા તથા પ્રવૃત્તિ થતાં નથી, તેનેજ વાસ્તવિક ત્યાગી જાણવો. ૪૯

સ્થૂલશરીરની સાથે સંબંધ રાખનારાં નામ, રૂપ વર્ણ, આશ્રમ,

સંબંધિજનો, વિષયો, ગ્રામ ને દેશ એ સર્વનો આત્મસ્વરૂપમાં અત્યંત અભાવ છે, ને તેના સત્યપણાની દૃઢ પ્રતીતિ જીવને બંધન કરનારી છે, માટે વિવેકીએ તેની દૃઢ પ્રતીતિ શિથિલ કરવા યથાવિધિ યત્ન સેવવો જોઇએ. ૫૦

પરમતત્ત્વને જાણવાની ચિત્તમાં વિચારપુરઃસર તીવ્ર ઇચ્છા ઉત્પન્ન થાય તે શુભેચ્છા નામની સામાન્ય સાધકની ભૂમિકા જાણવી, આચાર્યના લક્ષણથી યુક્ત આચાર્યનું શુભેચ્છાના આવિર્ભાવવડે માત્ર મોક્ષેચ્છાથીજ નિરભિમાનપણે યથાવિધિ શરણ ગ્રહણ કરી તેમના ઉપદેશાનુસાર પરમતત્ત્વસંબંધી યથાયોગ્ય મનનવિચાર કરવામાં આવે તે વિચારણાનામની મધ્યમ સાધકની ભૂમિકા જાણવી, અને ચિત્ત જ્યારે સંશયવિપર્યયથી રહિત થઇ પોતાના અન્યપદાર્થાકારે થવાના સ્થૂલધર્મોને ત્યજવાનો તથા પરમતત્ત્વાકાર થવાનો યત્ન નિરંતર સેવવા લાગે ત્યારે તે તનુમાનસા નામની ઉત્તમ સાધકની ભૂમિકા જાણવી. ૫૧

જ્યારે રજોગુણ તથા તમોગુણ દબાઇ ચિત્તમાં સત્ત્વગુણ વિશેષ સમય રહેવા લાગે, તથા સર્વસંબંધવિહીન અપરિણામી વ્યાપક સત્ત્વનું યથાર્થ અપરોક્ષજ્ઞાન થઇ અવિદ્યા તથા અવિદ્યાનાં કાર્યો બાધ પામે ત્યારે તે સત્ત્વાપત્તિ નામની જ્ઞાનીની ભૂમિકા જાણવી. ૫૨

તત્ત્વજ્ઞાન, મનોનાશ અને વાસનાક્ષયના પુનઃ પુનઃ અભ્યાસથી ઉત્તમોત્તમ માયિક વિષયોનો અનુરાગ પણ નિવૃત્ત થાય તે અસંસક્તિકાનામની મુક્તની ભૂમિકા જાણવી, પરમતત્ત્વ વિના અન્ય વસ્તુની ચિત્તને પોતાનાથી પ્રતીતિ ન રહે તે પદાર્થાભાવિની નામની મહામુક્તની ભૂમિકા જાણવી, અને ચિત્તવૃત્તિ પરમતત્ત્વમાં વિલીનજ રહે તથા પોતાથી કે અન્યના યત્નથી અન્યવસ્તુનું દર્શન ન કરે તે તુર્યગા નામની અતિમુક્તની ભૂમિકા જાણવી. ૫૩

ધ્યેયાકાર વા જ્ઞેયાકાર વૃત્તિ તે અંતર્દૃષ્ટિ છે, અને તેનાથી ભિન્ન દૃશ્યાકાર વા લયરૂપ વૃત્તિ તે બહિર્દૃષ્ટિ છે. ૫૪

દેશ, કાલ, ક્રિયા ને સંગ એ નઠારાં હોય તો ઉત્તમદૃઢતાવાળા

સાધકથી પણ યથાવિધિ સાધનપરાયણ રહી શકાતું નથી, માટે નઠારાં દેશક્રિયાસંગનો ત્યાગ કરવો, અને સુસંગના સેવનવડે નઠારા કાલથી પરાભવ ન પામવું એ સમજુ સાધકનું કર્તવ્ય છે. ૫૫

વિનયવડે ક્રમાત્ સર્વ ઉચ્ચગુણોની પ્રાપ્તિ થાય છે, અને અભિમાનથી માત્ર દુર્ગુણોનુંજ પોષણ થાય છે, માટે વિવેકીએ નરકના મૂલરૂપ અભિમાનનો ત્યાગ કરી સ્વર્ગના મૂલરૂપ વિનયને સંપાદન કરવો જોઇએ. ૫૬

મનુષ્યને દુઃખદાતા વસ્તુનો અભાવ જેમ સહજે અનુકૂળ લાગે છે, તેમ લોકમાં શ્રેષ્ઠ મનાતા મોહક વિષયોનો અભાવ પણ જેની વૃત્તિને સહજે અનુકૂળ લાગતો હોય તે વિરાગવાન્ જાણવો. ૫૭

દૈવીસંપત્તિવાળા મહાપુરુષોમાં પૂજ્યબુદ્ધિ રાખવાથી મનુષ્યને અનાયાસે શુભ ગુણોની પ્રાપ્તિ થાય છે, અને સત્પુરુષનું અનુકરણ નહિ કરનારા અનમ્ર મનુષ્યને શુભ ગુણોની પ્રાપ્તિ દુર્લભ છે. ૫૮

વાસનાનો જય થયે સતે ઉત્તમ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધમાં તથા કનિષ્ઠ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધમાં ઉપાદેયબુદ્ધિ તથા હેયબુદ્ધિ વિરામ પામે છે, ને માત્ર જીવનનિર્વાહના હેતુથી પ્રારબ્ધાનુસાર જે વિહિતભોગની પ્રાપ્તિ થાય તેનો સમબુદ્ધિથી સ્વીકાર થાય છે. ૫૯

સદ્વિષયમાં આરૂઢ નિશ્ચયવાળાને કુતર્કપ્રધાન ગ્રંથો કે કુતાર્કિકજનો તેના નિશ્ચયમાંથી ચલાયમાન કરી શકતા નથી, માત્ર જેઓએ પૂર્વાપર યથાયોગ્ય વિચાર કરી દૃઢ નિશ્ચય કર્યો નથી, તેવા અદૃઢનિશ્ચયવાળાને તેઓ ચલાયમાન કરી શકે છે. ૬૦

પરમાત્મા સર્વવ્યાપક હોવાથી તે નિર્ધન અને નિર્બલના હૃદયમાં પણ રહેલા છે, માટે ધનબલાદિના મદવડે ધનવાને તથા બલવાને તેમને પીડા કરવી ઉચિત નથી. ૬૧

પ્રયોજનવિના અવિચારીપણે નાસ્તિક ગ્રંથોનું શ્રવણ, નાસ્તિકજનોનો સમાગમ, અને કામ ક્રોધ લોભાદિનું સેવન કરવું એ નાસ્તિકતા ઉદય થવાના તથા સ્થિર થવાના હેતુઓ છે. ૬૨

વિવેકની પ્રાપ્તિવિના બાહ્યકારણોથી ઉપજેલો કથનમાત્ર વૈરાગ્ય ચિરકાલ ટકતો નથી, અને તે જ્ઞાનાદિનો હેતુ થતો નથી, પણ વિવેકની પ્રાપ્તિવડે જ્ઞાનેચ્છાથી ઉપજેલો વૈરાગ્ય ચિરકાલ ટકે છે, અને તે જ્ઞાનાદિનો હેતુ થાય છે. ૯૩

ઇંદ્રિયો પોતપોતાના વિષયોમાં રાગદ્વેષરહિત થઈ સ્વાભાવિક-રીતે પોતપોતાના ગોલકમાં તથા હૃદયમાં શાંત રહેવા લાગે, અને મન પોતાના વિષયોપ્રતિના રાગદ્વેષ ત્યજી હૃત્પદ્મમાં શાંત થઈ સ્થિર રહે, તથા ઇંદ્રિયોને વિષયગ્રહણમાટે ચંચલતા ઉપજાવે નહિ, ત્યારે મનોજયની સિદ્ધ થઇ છે, એમ જાણવું. ૯૪

દેવની પ્રતિમા, ગુરુજનો અને રાજા એમની સમીપમાં મનુષ્યે દેહ, ઇંદ્રિયો અને અંતઃકરણને સારી રીતે નિયમમાં રાખી બેસવું ઉચિત છે; તેમની સમીપમાં પ્રમાદથી કોઈ પણ પ્રકારના અવિનયરૂપ અપરાધ ન થાય તે તેણે અવશ્ય લક્ષ્યમાં રાખવું જોઇએ. ૯૫

દેવાદિનું પૂજન કરતી વેળા જે વિધિથી પૂજન કરવું હોય તે વિધિને યથાર્થ જાણી, નેત્ર તથા ચિત્તવૃત્તિને તે દેવાદિની અભિમુખ કરી શરીર ઇંદ્રિયો અને અંતઃકરણને યથાશક્તિ નિયમમાં રાખી, હૃદને તે દેવાદિમાં પ્રેમથી ભરપૂર કરી પૂજકે તેમનું પૂજન કરવું જોઇએ. એવી રીતે પૂજન કરવામાં આવે તેજ પૂજન કર્યું ગણાય છે, અને સફલ પણ તેજ થાય છે. ૯૬

અવિવેકિજનોને અનુકૂલ તથા પ્રતિકૂલ વિષયોમાં સમીપમાં આવે સતે ઇંદ્રિયો તથા અંતઃકરણમાં મોટો ક્ષોભ થાય છે, અને વિવેકિજનોને તે વિષયોમાં સમબુદ્ધિ હોવાથી તેના વિષયો સમી-પમાં આવે સતે ઇંદ્રિયો તથા અંતઃકરણમાં ક્ષોભ ઉપજતો નથી. ૯૭

વિવેકિજનની વૃત્તિ જ્યારે પ્રત્યક્‌સ્વરૂપની અભિમુખ થાય છે છે ત્યારે તે વૃત્તિ સ્થૂલશરીરનાં સંબંધી પ્રાણિપદાર્થ, સ્થૂલશરીર, સૂક્ષ્મશરીર અને કારણશરીર એ સર્વનું અત્યંત વિસ્મરણ કરી પોતાનું પણ વિસ્મરણ કરે છે. ૯૮

“ પ્રમાદ એજ મૃત્યુ છે ” એમ વ્યાસભગવાને સનત્સુજાતી-

થમાં કહ્યું છે, માટે સ્વરૂપના વિસ્મરણરૂપ પ્રમાદનું વા સ્વકર્તવ્યના વિસ્મરણરૂપ પ્રમાદનું સેવન પોતાનું શ્રેયસ્ ઇચ્છનાર કોઇ પણ મનુષ્યે કર્તવ્ય નથી. ૬૯

શરીરસ્થ મહારિપુ આલસ્યનું પોષણ કરવાથી જીવની આ લોક પરલોકમાં અધોગતિ થાય છે, માટે પ્રત્યેક મનુષ્યે સ્વસામર્થ્યાનુસાર તેનું પોષણ કરવાથી દૂર રહેવું જોઇએ. ૭૦

ઉષ્ણકાલમાં ભૂમિ તૃણાદિવિનાની સ્વચ્છ પ્રતીત થાય છે, પણ ચાતુર્માસમાં તો માત્ર ઉષરભૂમિજ તૃણાદિવિનાની સ્વચ્છ પ્રતીત થાય છે, અને અન્ય સર્વ ભૂમિ તૃણાદિથી ભરપૂર થઈ જાય છે, તેમ પ્રતિકૂલ પ્રસંગના અભાવે સર્વ ભક્તોમાં ભક્તિની પ્રતીતિ થાય છે, કિંતુ પ્રતિકૂલ પ્રસંગમાં તો માત્ર સ્વસ્વરૂપના જ્ઞાનવાળા વિરક્ત ભક્તમાંજ ભકિતની પ્રતીતિ થાય છે, અન્યત્ર થતી નથી. ૭૧

જેમ કોઈ મનુષ્ય જેમ જેમ સૂર્યમંડલની સમીપ જતો જાય છે, તેમ તેમ તેને તે સૂર્યમંડલનો વિસ્તાર વૃદ્ધિ પામતો જતો જણાય છે, તેમ સાધક જેમ જેમ જ્ઞેય તથા ધ્યેયસંબંધનાં જ્ઞાન તથા ઉપાસનાના અભ્યાસમાં વૃદ્ધિ કરતો જાય છે, તેમ તેમ તેને જ્ઞેયધ્યેયનું માહાત્મ્ય વધારે વધારે સમજાતું જાય છે. ૭૨

જેઓ પોતાનાં શરીર, ઇંદ્રિયો અને અંતઃકરણમાં રહેલા દોષોને જોઈ શકે છે, અને શુભ વિચાર તથા તદનુકૂલ પ્રવૃત્તિવડે જેઓ તે દોષોને ત્યજી શકે છે, તેઓજ વિવેકરૂપ નેત્રવાળા હોવાથી દેખતા છે. ૭૩

અવિદ્યા–કારણશરીર–રૂપ જીવની માયા વજ્રસારના જેવી દુર્ભેદ્ય છે. પુનઃ પુનઃ સ્વસ્વરૂપના અનુસંધાનરૂપ નિદિધ્યાસન કરવામાં આવે ત્યારેજ તે ભેદાઇ–બાધ પામી–પોતાના કાર્યસહિત નિવૃત્ત થાય છે. ૭૪

કનિષ્ઠ વૈરાગ્ય સિદ્ધ થયો હોય તો કનિષ્ઠ વિષયોમાં વૃત્તિ ક્ષોભ પામતી નથી, અને ઉત્તમ વૈરાગ્ય સિદ્ધ થયો હોય તો ઉત્તમ વિષયોમાં વૃત્તિ ક્ષોભ પામતી નથી. ૭૫

પાપિજનોને દંડ દેવામાટે યમરાજ જેમ પ્રમાદ અને અયોગ્ય

દયાનો ત્યાગ કરી સર્વદા તત્પર રહે છે, તેમ વિવેકી સાધકે પ્રમાદ અને અયોગ્ય દયાનો ત્યાગ કરી કામ ક્રોધ ને લોભાદિ આંતરશત્રુઓને દંડ દેવા સર્વદા તત્પર રહેવું જોઇએ. ૭૬

ધારણાકાલે જો વિક્ષેપનું બલ બહુજ વધે, અને વિષયદોષદર્શનથી પણ તે ન શમે તો તે કાલે સાધકે પ્રણવાદિનું પ્લુતોચ્ચારણ યથાધિકાર કર્યા કરવું, કે જેથી વિક્ષેપના હેતુભૂત સંસ્કારો દૂર્બલ થઇ વિક્ષેપ દૂર થાય. ૭૭

શરીરમાં હુંપણાની બુદ્ધિ અનંત દોષની ઉત્પાદક હોવાથી એજ મહાન્ દોષ છે, અને આત્મામાં હુંપણાની બુદ્ધિ અનંત શુભ ગુણોની ઉત્પાદક હોવાથી એજ મહાન્ ગુણ છે. ૭૮

અયોગ્ય વસ્તુઓનું વ્યસન મનુષ્યને પરમદુઃખદાતા છે, માટે પોતાનું હિત ઇચ્છનાર વ્યસની મનુષ્યે પોતાને થયેલા કુવ્યસનને શ્રદ્ધા અને આગ્રહયુક્ત પ્રયત્નવડે દૂર કરવું જોઇએ. જેઓ વ્યસનોને દુઃખરૂપ જાણતાં છતાં તેઓને ત્યજી શકતા નથી, તેઓમાં શ્રદ્ધા અને આગ્રહની ન્યૂનતાનું અનુમાન થાય છે. ૭૯

ધ્યાનકાલે જેમ ધર્માધર્મરૂપ સંકલ્પનો ત્યાગ કર્તવ્ય છે, તેમ જે વિચારવડે એ સંકલ્પનો ત્યાગ કરાય છે, તે વિચારનો ત્યાગ પણ કર્તવ્ય છે, અર્થાત્ ધ્યેયવિનાની સર્વ વૃત્તિઓને તે કાલે નિવૃત્ત કરવાની અપેક્ષા છે. ૮૦

બ્રહ્માનંદથી હૃદય પરિપૂર્ણ થવાથી રાજ્યથી પ્રાપ્ત થતું સુખ અને ભિક્ષાવડે નિર્વાહ કરવાથી પ્રાપ્ત થતું દુઃખ એ બંને સમ પ્રતીત થાય છે, તથા પામર ને વિષયી જનોની દૃષ્ટિએ ઉત્તમોત્તમ પ્રતીત થતા સર્વ વિષયભોગો પણ તુચ્છ પ્રતીત થાય છે. ૮૧

શરીર, ઇંદ્રિયો અને અંતઃકરણ એ ત્રણ ગુણરૂપ અવિદ્યાનો પરિવાર છે, એ અવિદ્યાનો આત્મસત્તારૂપ સ્વભાવમાં વૃત્તિને સ્થિર સ્થાપી વિવેકીએ બાધ કરવો જોઇએ. ૮૨

સાધકે ઇંદ્રિયોવડે નિષિદ્ધ વિષયોને ગ્રહણ ન કરવા જોઇએ એટલુંજ નહિ, પણ અજ્ઞાનકાલમાં ગ્રહણ કરેલા નિષિદ્ધ વિષયોથી

કર્માશયમાં પડેલા નઠારા સંસ્કારોને પણ યોગ્ય સાધનોનું સેવન કરીને નિવૃત્ત કરવા જોઇએ, કેમકે તે સંસ્કારો વિદ્યમાન હોય ત્યાંસુધી જ્ઞાન ઉપજી શકતું નથી. ૮૩

પ્રકૃતિનાં સર્વકાર્યોરૂપ હવિષ્ય ચિત્તનિરોધવડે પ્રકૃતિરૂપ અગ્નિમાં હોમી તેના દ્રષ્ટારૂપે સ્થિતિ કરવી તે યોગયજ્ઞ કહેવાય છે, અને કલ્પિત સર્વ પ્રપંચરૂપ હવિષ્યને તત્ત્વવિચારવડે સર્વાધિષ્ઠાન બ્રહ્મરૂપ અગ્નિમાં હોમી બ્રહ્મરૂપે સ્થિતિ કરવી તે જ્ઞાનયજ્ઞ કહેવાય છે. ૮૪

શ્રદ્ધા અને વિવેક બલવત્તર હોય, ને દેશકાલાદિની વિષમતાથી અન્ય સાધનોમાં ન્યૂનતા રહેતી હોય, તો તે ન્યૂનતા સાધકને બહુ હાનિકર નથી, કેમકે દેશકાલાદિની અનુકૂલતાએ તેનાથી સર્વસાધનોનું સારી રીતે અનુષ્ઠાન કરી શકાય છે, પણ અન્ય સાધનોનો અભ્યાસ કરવામાં આવતો હોય, અને શ્રદ્ધા તથા વિવેકની ન્યૂનતા વા અભાવ હોય, તો તે ન્યૂનતા વા અભાવમાં પરિણામે તેનાં સર્વસાધનોની ન્યૂનતા વા અભાવ થઇ જાય છે. ૮૫

બહારના શત્રુપર અવિવેકિજનોને જેવો વૈરભાવ રહે છે, તેવો વૈરભાવ વિવેકિજનોએ આંતરશત્રુપર રાખવો જોઇએ. ૮૬

જેમ ઇંધનાદિના પ્રક્ષેપવડે અગ્નિ શાંત થતો નથી, પણ ઇંધનાદિ નહિ નાંખવાથી અગ્નિ શાંત થાય છે, તેમ પુનઃ પુનઃ વિષયોનો ઉપયોગ કરવાથી ઇંદ્રયાદિ શાંત થતાં નથી, પણ વિષયોનો ત્યાગ સેવવાથીજ ઇંદ્રિયાદિ શાંત થાય છે. ૮૭

અનંત જન્મોમાં અનંતકાલપર્યંત અનંત ભોગોને જીવે ભોગવ્યા છે, છતાં તેની તેને હજી પણ તૃપ્તિ થતી નથી, ને તેના તે ઉચ્છિષ્ટ ભોગો પ્રાપ્ત કરવાની તથા ભોગવવાની તેનામાં લાલસા પ્રતીત થાય છે, એ મોટું આશ્ચર્ય છે ! ૮૮

સામાન્યબુદ્ધિવાળા સાધકને સત્સંગ પરમોપકારક છે, માટે તે જો કપટ અને અભિમાનનો ત્યાગ કરી શુદ્ધ અને સરલ ભાવે શ્રોત્રિય તથા બ્રહ્મનિષ્ઠ પુરુષનો વા દૈવીસંપત્તિવાળા બ્રહ્મનિષ્ઠ પુરુષનો

સંગ કરે તો તેથી તેનું અવશ્ય શ્રેયસ્ થાય છે. ૮૯

જેમ લક્ષ્યમાં વૃત્તિની એકાગ્રતાવિના તથા અન્યના આદર્શન-વિના લક્ષ્યવેધેચ્છુથી લક્ષ્યનો વેધ થઇ શકતો નથી, તેમ ધ્યેયમાં વૃત્તિની એકાગ્રતાવિના તથા અન્યના વિસ્મરણવિના સાધકથી ધ્યેયાકારવૃત્તિ કરી શકાતી નથી. ૯૦

કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, ભય, શોક અને દંભ એ આંતરશત્રુઓને જેઓ શત્રુરૂપે જાણતા નથી, તથા તેઓની નિઃશેષ નિવૃત્તિ કરવા યત્ન સેવતા નથી, પણ તેઓને મિત્રરૂપે માનીને તેમનું પોષણ કરવા તત્પર રહે છે, તેમના તે શત્રુઓ ભવભ્રમણજ કરાવ્યા કરે છે. ૯૧

અયોગ્ય સ્વભાવ, અનિત્ય પ્રાણિપદાર્થમાં અતિ મમતા, અને સ્ત્રી દ્રવ્ય તથા માનની લાલસા એ વિરક્તસાધકને ત્યજવાયોગ્ય છે, કેમકે વિવેકવૈરાગ્યવડે તેમનો ત્યાગ કરવામાં ન આવે તો તે પરિણામે ભ્રષ્ટ કર્યા વિના રહેતાં નથી. ૯૨

આત્મજ્ઞાન વિશલ્યકરણી ઔષધિજેવું છે. વિશલ્યકરણી ઔષધિ જેમ શરીરમાંનાં શલ્યોને બહાર કાઢી નાંખે છે, તેમ આત્મજ્ઞાન પણ ચિત્તમાંના સર્વે દોષોને બહાર કાઢી નાંખે છે. ૯૩

સ્વકર્તવ્યનું સાવધાનપણે યથાર્થ પાલન કરવું તે સુખની પરંપરાનો હેતુ છે, અને સ્વકર્તવ્યનો ત્યાગ કરી પ્રમાદથી અકર્તવ્યમાં પ્રવૃત્તિ કરવી તે દુઃખની પરંપરાનો હેતુ છે. ૯૪

નિષિદ્ધવિષયજન્ય સુખ, દુઃખનીજ પરંપરાવાળું છે, અને નિર્વિષયી સ્વાભાવિક સુખ સુખનીજ પરંપરાવાળું છે. ૯૫

સત્ય, શૌચ, અહિંસા, અસ્તેય, સત્શાસ્ત્રાધ્યયન, દયા, ક્ષાંતિ, ઔદાર્ય, સંતોષ, આર્જવ, શમ, દમ, સમાધાન, તિતિક્ષા, ઉપરતિ, શ્રદ્ધા, વિવેક, વૈરાગ્ય, શૌર્ય, તેજ, બલ, સ્મૃતિ, સ્વાતંત્ર્ય, કૌશલ્ય, ધૈર્ય, નિર્ભયતા, આદંભિતા, અવિસ્મયતા, નિરહંકારતા, મુમુક્ષુતા, પ્રામાણિકતા, કપટરહિતતા અને આચાર્યભક્તિ એ શુભગુણો પરમતત્ત્વનું જ્ઞાન મેળવી કૃતાર્થ થવા ઇચ્છનારને અવશ્ય સંપાદન કરવા યોગ્ય છે. ૯૬.

પૂર્ણ આગ્રહ રાખી પ્રયત્ન કર્યા વિના ચિત્તાદિમાં પ્રધાનપણે રહેલા દોષો જિતાતા નથી, માટે સાધકે પોતાના ચિત્તાદિમાં રહેલા પ્રધાન-દોષોનું નિરીક્ષણ કરી તેમનો જય કરવા આગ્રહપૂર્વક યત્ન કરવો જોઇએ. ૯૭

મૂર્ખજનોમાં રહેલાં જે જે આચરણો જોઇ તમને ગ્લાનિ થતી હોય તે તે આચરણો તમારામાં ગુપ્ત કિંવા પ્રકટ છે કે નહિ તે વિવેક-વડે જોજો, અને જો હોય તો તેમને ત્યજવા યથાયોગ્ય યત્ન કરજો. ૯૮

દોષ જ્યાંસુધી દૂર હોય છે, અને પોતામાં પ્રવેશ કરી એ-કતાને પ્રાપ્ત થયો હોતો નથી, ત્યાંસુધી તે દેખાય છે, પણ જ્યારે તે અત્યંતસમીપ આવી તે મનુષ્યમાં પ્રવેશ કરી જાય છે, ત્યારે તેને જોવાનું તથા ત્યજવાનું મનુષ્યનું બલ પ્રાયશઃ નિવૃત્ત થઈ જાય છે, માટે પોતાનું હિત ઇચ્છનાર મનુષ્યે :સર્વદોષોને દૂરથીજ ત્યજવા ઉચિત છે. ૯૯

જેમ કુહાડાથી લોઢું કપાતું નથી, પણ છીણીથી લોઢું કપાય છે, તેમ સ્થૂલવિચારથી ચિત્તાદિમાં રહેલા દોષોનો નાશ કરી શકાતો નથી, પણ સૂક્ષ્મવિચારોથીજ તેમનો નાશ કરી શકાય છે. ૧૦૦

સારાં તથા નઠારાં કાર્યોની પેઠે સારા તથા નઠારા વિચારો પણ જીવને ઉપકારક તથા અપકારક થાય છે, માટે પોતાનો અભ્યુદય કે નિઃશ્રેયસ ઇચ્છનાર મનુષ્યે આ વિચારોને અવકાશ :આપી નઠારા વિચારોથી સર્વદા દૂરજ રહેવું જોઇએ. ૧૦૧

આલસ્ય, પ્રમાદ, દીર્ઘસૂત્રતા, ભ્રાંતિ, સંશય, કુતર્ક, અશ્રદ્ધા અને વિષયાનુરાગ એ દોષો મોક્ષભણી જનારા પથિકજનોને પરમ-વિરોધી છે, માટે તેમણે યથાયોગ્ય યત્નવડે તેમનો જય કરવો ઉચિત છે. ૧૦૨

પામર અને વિષયી જનોને જેવી દૃશ્યવિષયોમાં આસ્થા હોય છે, તેવી આસ્થા વિવેકી જનોએ પારમાર્થિક વિષયોમાં રાખવી જોઇએ. ૧૦૩

પૂર્વાપરનું અનુસંધાન જતું રહી મનોવેગથી જે જે અયોગ્ય

કાર્યમાં પ્રવૃત્તિ થઇ જતી હોય તો તે કાર્યની વાસના ચિત્તમાં છે, એમ જાણી વિરોધી વાસનાવડે તે દુષ્ટવાસનાનો જય કરવા સાધક યત્ન રાખે તો તે દુષ્ટવાસના કાલે કરીને નિવૃત્ત થઇ જાય છે. ૧૦૪

મુમુક્ષુએ ગુણગ્રાહી થવું, પણ અન્યના દોષો જોવામાં કદીપણ વૃત્તિને વેગ આપવો નહિ. પ્રારબ્ધવશાત્ કદાપિ અન્યના દોષોનું દર્શન થઇ જાય તો તેવા દોષો પોતાનામાં છે કે નહિ તે જોવું, અને હોય તો તેમને ત્યજવા યત્ન કરવો, પણ અન્યના દોષો જોઇ પરિતાપ પામવાનો કે અન્યની સમીપ દ્વેષબુદ્ધિથી તેનું કથન કરવાનો સ્વભાવ રાખવો નહિ. ઉચ્ચમુમુક્ષુએ તો અન્યના ગુણ તથા દોષ એ બંનેના દર્શનથી મોકળા રહેવું જોઇએ. ૧૦૫

વ્યાવહારિક અને પારમાર્થિક કાર્ય કરવાના સમયનો પ્રથમ યથાયોગ્ય નિર્ણય કરી પછી તે પ્રમાણે નિત્યપ્રતિ વિવેકપૂર્વક વર્તવાનો આગ્રહ રાખવામાં આવે તો તે કાર્યો સારી રીતે થવાનો સંભવ રહે છે, માટે જિજ્ઞાસુએ અનિયમિતપણે વર્તવા કરતાં એમ વર્તવું એ લાભકારક છે. ૧૦૬

પ્રાયશઃ અન્યના ઝીણા ઝીણા દોષો જોવામાં સામાન્ય મનુષ્યોનાં નેત્રો અને ચિત્ત સૂક્ષ્મદર્શકયંત્રના જેવું કામ કરે છે, અને પોતાના મહાન્ દોષો જોવામાં તે કેવલ અંધ રહે છે, માટે પોતાનું કલ્યાણ ઇચ્છનાર મનુષ્યોએ સત્શાસ્ત્રથી અને વિવેકી જનોના સમાગમથી પોતાના દોષો ઓળખવાનો સ્વભાવ પાડવો જોઇએ. ૧૦૭

માત્ર પુસ્તકો ભણવાજાણવાથીજ પંડિત થવાતું નથી, પણ તદનુસાર યથાર્થ વર્તન કરવાથીજ પંડિત થવાય છે. ૧૦૮

મુમુક્ષુકંઠાભરણ.

જે દેવની પ્રતાપમય કૃપાદૃષ્ટિનો પાત થતાં અનન્યભક્તોના કામાદિ આંતરશત્રુઓનો સમૂહ અત્યંત દીન થઇ જાય છે તે દેવને પરમ પ્રેમપૂર્વક પુનઃ પુનઃ પ્રણામ.

સર્વ દુઃખોનો કારણસહિત વિલય અને પરમાનંદની નિત્ય અ

ભિન્યક્તિ તે મોક્ષ કહેવાય છે. એવા મોક્ષને પ્રાપ્ત કરવાની તીવ્ર ઈચ્છાવાળો પુરુષ મુમુક્ષુ કહેવાય છે. ગળામાં પહેરવાનો અલંકાર તે કંઠાભરણ કહેવાય છે. જેમ બત્રીશ ઉત્તમોત્તમ હીરાઓની માલારૂપ કંઠાભરણ, તેને ધારણ કરનાર ભૂપતિ કે ધનાઢ્યની બાહ્યશોભામાં વૃદ્ધિ કરે છે, તેમ નીચેના બત્રીશ સદુપદેશરૂપ કંઠાભરણ, તેને નિરંતર હૃદયમાં ધારણ કરી તદનુસાર વર્તનાર મુમુક્ષુની આંતરશોભામાં અત્યંત વૃદ્ધિ કરે છે, ને પરિણામે તેને જ્ઞેયનો અનુભવ કરાવી કૃતાર્થ કરે છે.

૧. બુભુત્સુ (જિજ્ઞાસુ) બુભુક્ષુના (અત્યંત ભૂખ્યાના) જેવો જોઇએ. બુભુક્ષુને જેમ ભોજનપ્રાપ્તિનાં સાધનોથી ભિન્ન પ્રતિકૂલ વ્યાપાર રુચતો નથી, તથા અયોગ્ય વિલંબ પણ તેનાથી સહન થઇ શકતો નથી, તેમ જે પુરુષને મોક્ષસાધનોથી ભિન્ન પ્રતિકૂલ વ્યાપાર રુચતો નથી, તથા અયોગ્ય વિલબ પણ તેનાથી સહન થઇ શકતો નથી, તેમ જે પુરુષને મોક્ષસાધનોથી ભિન્ન પ્રતિકૂલ વ્યાપાર રુચે નહિ, તથા પોતાના પ્રમાદાદિથી તેની પ્રાપ્તિમાં અનુચિત વિલંબ થાય, તે પણ જેનાથી સહન ન થઇ શકે, તેજ બુભુત્સુ કે મુમુક્ષુ છે. જેના ચિત્તમાં પરમતત્ત્વની પ્રાપ્તિમાટે એવી તીવ્ર ઇચ્છા ન ઉપજી હોય તે વાસ્તવિક રીતે જિજ્ઞાસુ કે મુમુક્ષુ નથી, તેથી પોતાને મુમુક્ષુ, જિજ્ઞાસુ વા સાધક માનનાર પુરુષે જાગ્રત્ થઇને પોતાના ચિત્તને જોવું જોઇએ કે તેમાં તે વિષયની તીવ્ર ઈચ્છા ઉપજી છે કે નહિ? જો તે ન ઉપજી હોય તો પ્રતિબંધક પાપસંસ્કારોનું બાહુલ્ય જાણી વિહિતકર્મના સેવનવડે તે સંસ્કારોને દૂર કરવા, કે જેથી ચિત્ત ઉત્તરોત્તર તે પ્રાપ્તવ્ય વિષયની તીવ્ર ઇચ્છાવાળું થાય.

૨. પામરજનોની તથા વિષયિજનોની વાસનાઓમાં અને તેમને તૃપ્ત કરવા માટે થતી તેમની પ્રવૃત્તિઓમાં, તથા મુમુક્ષુજનોની વાસનાઓમાં અને તેમને તૃપ્ત કરવા માટે થતી તેમની પ્રવૃત્તિઓમાં, મહાન્ અંતર હોય છે. પામરજનો શાસ્ત્રસંસ્કાર તથા શ્રદ્ધારહિત,

આ લોકના વિહિતનિષિદ્ધ વિષયોની વાસનાઓવાળા, ને તે વાસનાઓને પરિતૃપ્ત કરવા માટે કાંઇ પણ વિચાર કર્યા વિના વિહિતનિષિદ્ધ પ્રવૃત્તિ કરનારા હોય છે; અને વિષયિજનો પ્રધાનપણે લૌકિકશાસ્ત્રના સંસ્કારવાળા તથા તદનુકૂલ શ્રદ્ધાવાળા હોવાથી નિષિદ્ધ વાસના ને નિષિદ્ધ પ્રવૃત્તિથી ભય પામે છે, ને અનતે પ્રયત્ને આ લોક પરલોકના વિહિત વિષયોને વિહિત પ્રવૃત્તિવડે સંપાદન કરવામાં યત્નશીલ હોય છે; પરંતુ મુમુક્ષુઓ લૌકિકશાસ્ત્રોના દૃઢરાગથી ઉપરામ પામેલા, તથા લોકોત્તરશાસ્ત્રનું રહસ્ય સમજવા ઉત્કંઠિત, અને આ લોક પરલોકના સર્વ વિષયોને ક્ષણે ક્ષણે પરિણામ પામનારા, વિનાશી, જીવોના ભવભ્રમણમાં વૃદ્ધિ કરનારા, હિંસાદિ દોષોથી યુક્ત, પરતંત્ર, ચિત્ત ને ઇંદ્રિયોના સામર્થ્યને હરનારા, તથા ન્યૂનાધિક પરિતાપ ઉપજાવનારા છે, એમ જાણી તેમનાથી વિલક્ષણ પદાર્થ જાણવા પામવાની ઇચ્છાવાળા, તથા તેની પ્રાપ્તિ કરનારાં સાધનો જાણવા અને તેમનું અનુષ્ઠાન કરવા આતુર હોય છે. જેના ચિત્તની તેવી સ્થિતિ થઈ હોય તે મુમુક્ષુ છે, પણ સ્મરણમાં રાખવું જોઇએ કે તેવી સ્થિતિ માત્ર ક્ષણસ્થાયી નહિ, પણ ચિરસ્થાયી હોવી જોઇએ.

૩. માયાનો પ્રદેશ રણજેવો છે. જેમાં તૃષા મટાડવા શોધતાં છતાં પણ મધુર જલ મળતું નથી, પરંતુ જલની મિથ્યા પ્રતીતિ કરાવનાર મૃગજલ ત્યાં પ્રતીત થાય છે; જેમાં પ્રયત્ન કરતાં છતાં પણ મયૂર ને કોકિલાદિના કાનને મધુર લાગનારા અને સજ્જનોના ચિત્તને આનંદ ઉપજાવનારા શબ્દો સાંભળવામાં આવતા નથી, પણ રાની ગધેડાઓના, કાનને ફોડી નાંખનારા કઠોર શબ્દો અનાયાસે સાંભળવામાં આવે છે; જેમાં ત્વચા તથા નાસિકાને આનંદ ઉપજાવનારો મંદ શીતલ ને સુગંધવાળો વાયુ વાતો નથી, પણ ત્વચાને બાળનારો ને નાસિકાને પ્રતિકૂલ પ્રતીત થનારો ઊનો ને કડવો વાયુ વેગથી વાયા કરે છે; જેમાં નેત્રને શીતલતા ઉપજાવી સંતોષ આપનાર સુંદર લીલાં વૃક્ષો અને લત્તાઓ આદિ જોવામાં આવતાં નથી,

પણ સર્વત્ર એકલી રેતીજ જોવામાં આવે છે, જે વાયુથી ઊડી આંખમાં પડી પ્રવાસીને ઘણું દુઃખ આપે છે; અને જેમાં સ્વાદુ ભોજનની સર્વથા અપ્રાપ્તિ છે, કિંતુ કડવા વાયુનો જીભને સ્પર્શ થવાથી મુખમાં કડવાશનો પુનઃ પુનઃ અનુભવ થવાની સર્વથા સુલભતા છે. બ્રહ્મ બુદ્ધિથી પર તથા અદ્વિતીય હોવાથી ઉપમારહિત છે. ઉપમા આપ્યા વિના તેના અત્યંત ઉપકારક સ્વરૂપનું ભાન નજ થઈ શકે તો તેમાં રહેલી અત્યંત ઉપકારકતાની અત્યંત સ્થૂલ ઉપમા આવી આપી શકાયઃ—બ્રહ્મનો પ્રદેશ શ્રીગંગાપરના કોઇ ઉત્કૃષ્ટ તપોવન જેવો છે; જેમાં કાનને આનંદ ઉપજાવનારા મયૂર કોકલાદિના મધુરશબ્દો અને હૃદયને આનંદ ઉપજાવી ત્રિતાપનું હરણ કરનારા સંતજનોના શબ્દો જ્યાં ત્યાં સાભળવામાં આવે છે; જેમાં મંદ ને શીતલ પવનના સ્પર્શથી ત્વચાને અનાયાસે સુખનું ભાન થાય છે; જેમાં ફલફૂલથી ભરેલાં નવપલ્લવ વૃક્ષો, છોડો, લતાઓ, હરિતતૃણો, જલાશયો, સુંદરપક્ષીઓ, હરિણાદિ પશુઓ, તથા મહાપુરુષોનાં દિવ્યશરીરોનાં દર્શનથી નેત્ર હર્ષયુક્ત થાય છે; જેમાં મધુર જલ ને મધુર ફલનો ડગલે ડગલે લાભ થવાથી જીભને આનંદ ઉપજે છે, ને જેમાં સુગંધમય વાયુના વાવાથી નાસિકા ગંધસુખમાં નિમગ્ન થઇ જાય છે. એવી રીતે બંને પ્રદેશની અત્યંત વિલક્ષણતા છે, તેથી મુમુક્ષુએ, ઉન્મત્તની પેઠે નિરર્થક જ્યાં ત્યાં ભમવાના સ્વભાવવાળા પોતાના મનને તે જ્યારે જ્યારે વિષયતૃષ્ણાને વશ થઈ માયાના પ્રદેશમાં જાય ત્યારે ત્યારે સાવધાનતાપૂર્વક ત્યાંથી પુનઃ પુનઃ પાછું વાળી બ્રહ્મના પ્રદેશમાં લઇ જવાનો પ્રયત્ન ધૈર્ય રાખી આદરપૂર્વક સતત કરવો જોઇએ.

૪. બ્રહ્માનંદ અમૃતતુલ્ય છે, વિષયાનંદ હલાહલ વિષતુલ્ય છે; બ્રહ્માનંદ ચિંતામણિસમાન છે, વિષયાનંદ કાચના કટકાસમાન છે; બ્રહ્માનંદ ઘૃતજેવો છે, વિષયાનંદ છાશજેવો છે; બ્રહ્માનંદ ગંગાજલસમાન છે, વિષયાનંદ ખાળના જલસમાન છે; બ્રહ્માનંદ કલ્પવૃક્ષસમાન છે, વિષયાનંદ વિષવલ્લીસમાન વા આજવણીની લતાસમાન

છે; બ્રહ્માનંદ સાર્વભૌમ સમાન છે, વિષયાનંદ રંકસમાન છે; બ્રહ્માનંદ હીરાજેવો છે, વિષયાનંદ કોયલાજેવો છે; અને બ્રહ્માનંદ સુગંધમય પુષ્પોની માલાજેવો છે, ને વિષયાનંદ વિષધર સર્પના જેવો છે. એમ બ્રહ્માનંદ તથા વિષયાનંદની તુલના જ્યારે જ્યારે મન વિષયાનંદની સ્પૃહાવાળું થાય ત્યારે ત્યારે સાવધાન થઇ મુમુક્ષુએ કર્યા કરવી, કે જેથી પોતાના મૂલમાં રહેલા નિત્યસિદ્ધિ અપાર આનંદભણી પીઠ કરી દીન થઇને વિષયાનંદની પ્રાપ્તિની આશાએ ભ્રમણ કરતું અજ્ઞ મન વિષયાનંદની સ્પૃહાથી રહિત થઇ પાછું વળવા લાગે. વળી મુમુક્ષુ પોતાના વિષયોભણી જવાના વેગવાળા મનને પાછું વાળવા આમ પણ વિચાર કરે:-જેમ ધૂમાડાની મૂઠા ભરાતી નથી, ઠુંસાનું દોરડું બનતું નથી, ખારા જલથી તૃષા છીપતી નથી, કૌવચ અગ્નિ કે વિષધર સર્પના સ્પર્શથી સુખાનુભવ થતો નથી, પાતાલપર્યંત પહોચેલા ઉચ્ચપ્રદેશપરનો ખાડો જલથી પૂરાતો નથી, આકાશ મૃગચર્મની પેઠે વીંટાતું નથી, ઘૃતાદિ નાખવાથી અગ્નિ શાંત થતો નથી, સસલાના શિંગડાનું ધનુષ્ થતું નથી, મૃગજલથી સ્નાન કરાતું નથી, મનના મોદકથી તૃપ્તિ થતી નથી, ને આકાશપુષ્પોની માલા થતી નથી, તેમ ઇંદ્રિયોને પુનઃ પુનઃ અનુકૂલ વિષયો આપ્યાથી તેઓ જીવને નિત્યતૃપ્તિનો અનુભવ કરાવી શક્તી નથી.

૫. જેમ આંખો વીંચીને સામે રાખેલા દર્પણમાં પોતાના મુખનું પ્રતિબિંબ જોવાની ઇચ્છા રાખવી, પાણીમાં પગ મેલ્યા વિના તરતાં શીખવાની ઇચ્છા રાખવી, ચાલવા આદિનો યત્ન કર્યા વિના કોઈ સ્થલે પહોંચવાની ઈચ્છા કરવી, ખાધાપીધાવિના ભૂખતરપને દૂર કરવાની ઇચ્છા રાખવી, ને ભણવાનો યત્ન કર્યા વિના પંડિત થવાની ઇચ્છા રાખવી એ મિથ્યા છે, તેમ મોક્ષનાં વાસ્તવિક સાધનો સંપાદન કર્યા વિના મોક્ષ મેળવવાની ઇચ્છા રાખવી તે પણ વ્યર્થજ છે.

૬. અંતઃકરણના દોષોને નિર્મૂલ કરવાના તથા ઇંદ્રિયોને વશ વર્તાવવાના પોતાના કર્તવ્યમાં મુમુક્ષુઓએ પ્રમાદ કરવો નહિ. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, દંભ, કર્તવ્યમાં ભીરુતા, ઇર્ષ્યા,

અસૂયા, અધૈર્ય, કૃતઘ્નતા, હિંસા, નિર્દયતા, વિષયોમાં દીનતા, વ્યવહારપરમાર્થના કામમાં અસાવધાનતા, સતશાસ્ત્રાદિમાં અશ્રદ્ધા, શુભકર્મમાં અદૃઢતા, વાણી તથા નેત્રાદિ ઇંદ્રિયોની નિષ્પ્રયોજન ચપલતા, અસરલતા, પિશુનતા, મિથ્યાભાષણ, આલસ્ય, પરદારગમન, અપ્રામાણિકતા, ને દીર્ઘસૂત્રતા આ છવીશ દોષોનાં યથાર્થ સ્વરૂપો જેમને સમજાયાં હોય તેમણે શાસ્ત્ર તથા આચાર્યથી તે સારી રીતે ઓળખી, પોતાની જાગ્રદવસ્થાની સર્વ પ્રવૃત્તિના દ્રષ્ટા રહી, ક્રમથી તે દોષોને વશ વર્તાવવાનો યત્ન કરી, પછી સાવધાનપૂર્વક તેમને હૃદયમાંથી નિર્મૂલ કરવા પ્રયત્ન સેવવો. તેમાં પણ પોતાના અંતઃકરણાદિમાં જે દોષો વિશેષ બળવાન્ હોય, તેમના સંબંધમાં વિશેષ જાગ્રત્પણું રાખવું. તે દોષો જેમ જેમ વશ વર્તવા લાગે છે, તેમ તેમ તે સાધકનો પ્રાયશઃ અભ્યુદય થતો જાય છે, ને જેમ જેમ તેઓ નિર્મૂલ થવા લાગે છે, તેમ મમ તે સાધકના ચિત્તમાં સ્વતઃસિદ્ધ પરમાનંદ સ્ફુરવા લાગે છે, ને અંતે તેઓ જ્યારે નિઃશેષ નિર્મૂલ થઈ જાય છે, ત્યારે તે સાધકની સ્વરૂપમાં સ્થિતિ થવાથી તેની સાધકદશાની સમાપ્તિ થઇ તે સિદ્ધદશાને અનુભવે છે. એજ કર્તવ્યનો અવધિ ને એજ કૃતાર્થતા. જેમ સાકરનું નામ સાંભળવાથી મોઢું ગળ્યું થતું નથી, પણ તેનું ભક્ષણ કરવાથીજ મોઢું ગળ્યું થાય છે, તેમ એ દોષોનાં નામો માત્ર વાંચી લીધાં, કે ગોખી કાઢયાં, તેથી કાંઇ ઉપર કહેલો લાભ થતો નથી, પણ તે દોષોને ત્યજવામાં આવે તોજ ઉપર જણાવેલો લાભ થાય છે. કુસ્વભાવો ન પડવા દેવા એ સહેલું કામ છે, પણ ચિરકાલથી પ્રીતિપૂર્વક પોષેલા કુસ્વભાવો ત્યજવા એ અત્યંત કઠિન કામ છે. પોતાના સ્વરૂપની સાથે અભેદ પામ્યા જેવા થઇ ગયેલા કુસ્વભાવો ત્યજવા એ આરંભમાં તો મરવાજેવું કઠિન લાગે છે, પણ જો દૃઢતા તથા ધૈર્ય રાખી તેમને ત્યજવાનો યત્ન કરવામાં આવે છે, તો પછી ઉત્તરોત્તર તે કઠિનતા ઓછી થતી જાય છે, ને અડચણો બલહીન થતી અનુભવાય છે. અડચણોને દૂર કરવાના પ્રમાણમાં આનંદનો અનુભવ થાય છે. આવો જે નિયમ છે, તે

નિયમ આમાં પૂર્ણરીતે અનુભવમાં આવે છે.

૭. જે નિષિદ્ધ વિષયોનું મન, વાણી વા શરીરથી સેવન કરવાથી જીવની પડતી દશા થાય છે એમ સ્વસ્થ ચિત્તે વિચાર કરતાં સમજાયું હોય તે નિષિદ્ધ વિષયોની મુમુક્ષુએ વારંવાર નિરર્થક ચર્ચા નહિ કરતાં જ્યારે કુસંસ્કારોના ઉદ્‌ભવ આદિને લીધે તેમનું સ્મરણ થાય ત્યારે પ્રતિપક્ષભાવના આદિ ઉપાયોવડે તે સસ્કારોને બલહીન કરી તે વિષયોનુ સ્મરણ કરવાનોજ સ્વભાવ પાડવા યત્ન કરવો જોઇએ.

૮. જ્યારે અંતરની અથવા બહારની અનુકૂલ સામગ્રીવડે યુક્ત કોઈ પણ સુખી પ્રાણી પોતાના જોવામાં આવે, વા કોઈ પણ પ્રાણીને અનુકૂલ પ્રાણિપદાર્થનો લાભ થયાનું સાંભળવામાં આવે, ત્યારે મુમુક્ષુએ પોતાના ચિત્તમાં શોક, ઇર્ષ્યા વા દ્વેષનો ઉદય નહિ થવા દેતાં તે પ્રાણીમાં મિત્રની ભાવના કરવી; કોઇ પણ પ્રાણી પોતાના પ્રારબ્ધકર્મથી કોઈ પ્રકારના દુઃખનો અનુભવ કરતું જોવામાં આવે, વા કોઇ પ્રાણીના દુઃખનું નિરૂપણ સાંભળવામાં આવે, ત્યારે મુમુક્ષુએ પોતાના ચિત્તમાં હર્ષ વા નિષ્ઠુરતાનો ઉદય નહિ થવા દેતાં " આ વિશ્વમાં સર્વ પ્રાણીઓ અનુકૂલ પ્રાણિપદાર્થના લાભવડે સુખી થાઓ, સર્વે પ્રાણીઓ રોગરહિત શરીરવાળાં થાઓ, સર્વે પ્રાણીઓ પોતપોતાના અભ્યુદયાદિનો અનુભવ કરો, પણ કોઇને પ્રતિકૂલ પ્રતીત થતા દુઃખની પ્રાપ્તિ ન થાઓ " એવી કરુણાની ભાવના કરવી; કોઇ પણ પુણ્યવાન્ પુરુષ જોવામાં વા સાંભળવામાં આવે તો મુમુક્ષુએ મત્સરદોષવડે તેના ગુણનાં દોષનું આરોપણ કરવા મન વા વાણીને વેગવાળાં નહિ કરી " આવા સમયમાં પણ મન વાણી શરીર વા બાહ્યસામગ્રીવડે પુણ્યનો સંગ્રહ કરનાર જગત્‌ના અલંકારરૂપ આવા પુરુષો વિદ્યમાન છે, તેથી જગત્‌નાં ધન્યભાગ્ય છે " એમ પ્રસન્નતાની ભાવના કરવી; ને કોઇ પણ પાપપરાયણ પ્રાણી જોવામાં વા સાંભળવામાં આવે તો મુમુક્ષુએ તેનો ધિક્કાર કરવામાં વા તેની શ્લાઘા કરવામાં પોતાનાં મનવાણી આદિને વેગવાન્ નહિ કરતાં તેનાં પૂર્વનાં કર્મોનું તથા વિકારોનું પ્રાબલ્ય વિચારી તેની

ઉપેક્ષા કરવી, અને બની શકે તે તેનું વિસ્મરણુજ કરી દેવું. એ ભાવનાઓનો અભ્યાસ કરવાથી ચિત્તની નિર્મલતા થાય છે, જે નિર્મલતા શ્રવણાદિ, ધારણાદિ ને પ્રાણાયામાદિના અભ્યાસમાં પરમ ઉપકાર કરે છે.

૯ જનસમૂહની પ્રકૃતિસ્થિતિના ભેદવડે સર્વને એકજ ધર્મ સર્વ કાલે સવથા ઉપકારક થઈ શકે નહિ, તેથી પૃથ્વિપર ઘણા ધર્મો જોવામાં આવે છે. એ સર્વ ધર્મોમાં ન્યૂનાધિક સત્યતા હોય છે, કોઇ ધર્મ કેવલ અસત્યતાવાળો હોતો નથી, અને અધિકારભેદે સર્વ ઉપયોગી હોય છે, તેથી મુમુક્ષુએ પોતાની પ્રકૃતિસ્થિતિને અનુકૂલ એવા ગુ , શાસ્ત્ર ને તેમણે પ્રતિપાદન કરેલા સિદ્ધાંતમાં અનન્યભાવના રાખી નિષ્કપટભાવે ઉત્તરોત્તર આગળ વધવું. પ્રસંગ પડે પોતાને પ્રતીત થતું સત્ય અન્યની સમીપ શાસ્ત્ર, યુક્તિ ને અનુભવથી વિવેકપુરઃસર પ્રતિપાદન કરવું, પણ અન્ય મનુષ્યના ગુરુ, શાસ્ત્ર ને તેમણે પ્રતિપાદન કરેલા સિદ્ધાંતમાં તથા તેમના સંપ્રદાય પ્રમાણે ધારણ કરવાનાં બાહ્યચિહ્નોમાં દ્વેષબુદ્ધિ કરી તેમની નિંદા ન કરવી. સત્યની અપરિચ્છિન્નતા તથા તેને પ્રાપ્ત કરવાની વિવિધ પ્રક્રિયાઓનો સદ્ભાવ વિચારી ધર્મવિચારમાં સર્વથા ઔદાર્ય રાખવું, ને અન્ય ધર્મના સિદ્ધાંતમાં પોતાના નિશ્ચયનું પોષણ કરનારા જે વિચારો હોય તે સારગ્રાહી બુદ્ધિવડે સ્વીકારવા. ગર્વાદિને વશ થઈ અન્યની સાથે તોછડાઇથી વર્તવું તેમાં મહત્તા નથી, પણ સર્વત્ર ઔદાર્યપૂર્વક મૈત્રી આદિ ભાવના રાખી વર્તવું એમાંજ મહત્તા છે, એ ન ભૂલવું જોઈએ.

૧૦. અનુકૂલ પ્રાણિપદાર્થનો યોગ થયે અને પ્રતિકૂલ પ્રાણિપદાર્થનો વિયોગ થયે, કિંવા પ્રતિકૂલ પ્રાણિપદાર્થનો યોગ થયે અને અનુકૂલ પ્રાણિપદાર્થનો વિયોગ થયે, અથવા ચિરકાલ નીરોગ વા રોગયુક્ત સ્થિતિ રહે, વા અંતઃકરણ ઇંદ્રિયોને રાગદ્વેષમાં જોડનારા સંસ્કારોનો ઉદય થયે, મુમુક્ષુએ સાવધાનતાપૂર્વક ચિત્તને રાગદ્વેષરહિત સમભાવમાં રાખવા પ્રયત્ન કરવો જોઇએ. આવો સમભાવ રાખવો તે પરમતપ વા યોગ કહેવાય છે.

૧૧. પોતાને મુમુક્ષુ માનનારે પરમાત્મા, સદ્‌ગુરુ અને તત્ત્વવેત્તાઓ અપ્રસન્ન થાય એવું કોઇ પણ નિષિદ્ધકર્મ, અવિવેક, રાગ, દ્વેષ, અભિમાન વા પ્રમાદને વશ થઇને મન, વાણી વા શરીરવડે કરવું નહિ. જેઓ એમ વર્તવા સાવધાનતા સેવતા નથી, તેઓ કર્તવ્યના અવધિને પ્રાપ્ત થઇ શકતા નથી. જેઓ કર્તવ્યનું માહાત્મ્ય યથાર્થ રીતે જાણતા નથી તેઓ કુસંસ્કારોનો ઉદય થયે પ્રથમ કર્તવ્યમાં અશ્રદ્ધાવાળા થાય છે, પછી ક્રમાત્ અપ્રીતિવાળા થાય છે, ને અંતે તેનો દ્વેષ કરી કર્તવ્યથી અત્યંત વિમુખ થઇ પોતાની અધોગતિ સંપાદન કરી લે છે.

૧૨. પોતાના અભ્યુદય વા નિઃશ્રેયસમાટે વિવેકી મનુષ્યે આચાર્યાદિ સમીપ જે જે પ્રતિજ્ઞાઓ કરી હોય, વા તેમણે જે જે આજ્ઞાઓ કરી હોય, તે તે પ્રતિજ્ઞાઓ વા આજ્ઞાઓનું તે મનુષ્યે સાવધાનતાપૂર્વક સુદૃઢ મનથી પરિપાલન કરવું જોઇએ. તેઓના પરિપાલનમાં અસાવધાનતા તથા મનની નિર્બલતા નજ રાખવાં જોઇએ. કાલ વ્યતીત થવાથી તેમને જીર્ણ ન થઈ જવા દેવી, કિંતુ સર્વદા નવા જેવીજ રાખવી. અરણ્યના ભયંકર સિંહની સમીપમાં જવું, ભયંકર વિષનું વમન કરતા સર્પની સમીપમાં જવું, ને મગરના મુખમાં પગ મૂકવો, તેનું પરિણામ જેમ શુભ નથી, તેમ પ્રતિજ્ઞાભંગનું પરિણામ પણ શુભ નથી, એમ મનને વારંવાર પ્રબોધ કરી મુમુક્ષુએ પ્રતિજ્ઞાભંગ નજ થવા દેવાં જોઇએ.

૧૩. જેમ કોઇ ઉન્મત્ત મનુષ્ય કયારેક તીક્ષ્ણ કાંટાઓથી ભરપૂર વૃક્ષોવાળા વનમાં દોડી દુઃખાનુભવ કરે, કયારેક નાનામોટા ખાડાઓ તથા અંધારી ગુફાઓવાળા પ્રદેશમાં દોડી કોઇ ઊંડા ખાડામાં કે ગુફામાં પડી મૂર્છા પામે, અને કયારેક કેળોના વનમાં પ્રવેશ કરી અલ્પકાલ સુખનો અનુભવ કરે, તેમ મનુષ્યનું મન પણ કયારેક રજોગુણથી યુક્ત થઇ નાનાપ્રકારના વિષયચિંતનમાં પ્રવૃત્ત થઇ દુઃખમય થઇ જાય છે, કયારેક તમોગુણયુક્ત થઈ કર્તવ્યાકર્તવ્ય ભૂલી મૂઢ થઇ જાય છે, અને કયારેક સત્ત્વગુણથી યુક્ત થઇ અનુકૂલ

વિષયમાં સ્થિર થઇ અલ્પ કાલ સુખાનુભવ કરે છે. મુમુક્ષુએ તે મનને તેનાં પૂર્વોક્ત ભ્રમણાદિ ત્યજાવી કોઇ શુદ્ધસત્ત્વગુણયુક્ત ધ્યેયમાં વા નિર્ગુણવસ્તુમાં જોડી અવિચ્છિન્નસુખયુક્ત કરવું ઉચિત છે. મનને કાંઇ પણ આલંબન જોઇએ છીએ, માટે તેને નિષિદ્ધ આલંબન નહિ લેવા દેતાં સાવધાનતા રાખી વિહિત આલંબનજ આપ્યા કરવું.

૧૪. ઇંદ્રિયોને તેનના અનુકૂલ વિષયો આપવાથી તેમનો વેગ સમયને માટે સ્થિર થવાથી મનની ક્ષણિક સ્થિરતાવડે મનુષ્યને જે સુખાનુભવ થાય છે, તે સુખાનુભવ કરતાં અપારગુણ સુખાનુભવ ઇંદ્રિયોને તેમના વિષયોથી પાછી વાળી તેઓના મૂલભણી લઇ જવાથી થાય છે, પ્રથમ પ્રકારનું સુખ ઉન્મત્ત આવેશવાળું ને ક્ષણસ્થાયી છે, પણ અન્ય પ્રકારનું સુખ તેથી ઉલટું એટલે સ્વાભાવિક ને નિત્ય છે.

૧૫. બુદ્ધિ આદિના અભિમાનની નિવૃત્તિ કરનારા સંસ્કારોનો ઉદય થવાથી, વા મનની મલિનતારૂપ પ્રતિબંધક સંસ્કારોની શુભ કર્મના અનુષ્ઠાનવડે ન્યૂનાધિક નિવૃત્તિ થવાથી, શુભેચ્છાના આવિર્ભાવવડે જેમણે પરમતત્ત્વ જાણી કૃતાર્થ થવા નિષ્કપટ તથા અનન્યભાવે વિધિવત્ કોઇ બ્રહ્મવિત્ ગુરુનું શરણ ગ્રહણ કર્યું છે, તેમણે પોતાના ચિત્તના અધિકારની વૃદ્ધિ કરનારાં જગત્, જીવ, ઇશ્વર, મોક્ષ ને મોક્ષસાધનનાં પ્રતિપાદક સત્શાસ્ત્રો સ્વસ્થ મને બ્રહ્મવેત્તાપુરુષદ્વારા સાંભળવાં, અને તેવો યોગ નજ બને તો ચિત્તને સાવધાન કરી પોતે વાંચવાં. ગ્રંથશ્રવણવેળાએ શ્રોતાએ પોતાનાં નેત્ર, વાણી, હાથ તથા પગને વિશેષ નિયમમાં રાખવાં, અને મનને અન્ય વિષયોના ભ્રમણમાંથી અવશ્ય રોકવું. ગ્રંથ વાંચતી વેળા પણ મન તથા ઇંદ્રિયોની ચંચલતા અને તંદ્રા રોકવાની અગત્ય છે. એવી રીતે સાવધાનતાપૂર્વક શ્રવણ કર્યા વિના મનન કરવાનું બની શકતું નથી, એ સ્મરણમાં રાખવું જોઇએ.

૧૬. જેમ ખાધેલું પચે તોજ તે શરીરને ઉપકાર કરે છે, અને અન્યથા જ્વરાદિ ઉપજાવી હાનિ કરે છે, તેમ શ્રવણ કરેલા વા

વાંચેલા વિષયનું જો સારી રીતે મનન કરવામાં આવે તોજ તે ચિત્તનો અધિકાર વધારવામાં ઉપકારક થાય છે, અને અન્યથા કર્તવ્યમાં અશ્રદ્ધા વા મિથ્યાભિમાન ઉપજાવી હાનિ કરે છે. જે વિષયનું શ્રવણ કર્યું હોય તે વિષયમાં કેટલા સંશયો ઉત્પન્ન થવા સંભવે છે? તે સંશયોની સંગતિ કેવી રીતે મનાય છે? તેથી કેવા પૂર્વપક્ષો ઉદ્ભવે છે? ને તે પૂર્વપક્ષોનાં શાસ્ત્ર, યુક્તિ તથા અનુભવ પ્રમાણે વાસ્તવિક સમાધાનો શાં છે? તે સર્વ યથાયોગ્ય વિચારી મનને સર્વથા સંશયરહિત કરવું તે મનન કહેવાય છે. જગત્, જીવ, ઇશ્વર, મોક્ષ ને મોક્ષસાધનોના સ્વરૂપનું મનન મુમુક્ષુએ વિચારપુરઃસર અવશ્ય કરવું જોઇએ, સારી રીતે મનન કર્યા વિના માત્ર અંધશ્રદ્ધાએ અમુક પ્રતિપાદનને સત્ય માની લેવાથી આત્મસાક્ષાત્કારરૂપ ફલ ઉપજાવનારો નિદિધ્યાસ કરી શકાતો નથી.

૧૭. નામ, રૂપ ને ક્રિયા એ સંસાર છે. એ સંસારને મનનના પરિપાકવડે મિથ્યા સમજી તેમાં ચિત્તવૃત્તિને રાગદ્વેષપૂર્વક નહિ જવા દેતાં જીવ, જગત્ ને ઇશ્વરના અધિષ્ઠાનરૂપ પરમતત્ત્વને આકારે તે ચિત્તવૃત્તિને આદરપૂર્વક કર્યા કરવી તે નિદિધ્યાસન કહેવાય છે. જેમ સુવર્ણનાં ભિન્ન ભિન્ન નામ તથા આકારવાળા અલંકારો ધાતુ ગાળવાની કુલડીમાં નાંખી તેનું એકરસ સુવર્ણ બનાવવામાં આવે છે, તેમ મોક્ષાર્થીએ નામ તથા આકરાદિને ચિન્માત્રભાવનારૂપ અગ્નિમાં ગાળી નાંખી સર્વત્ર એકરસ ચેતનનો અનુભવ કરવા યત્નશીલ રહેવું જોઇએ. ભેદભાવનાના જન્મજન્માંતરના અભ્યાસથી મનને જેમ અજ્ઞાનકાલમાં ભેદનો સ્પષ્ટ અનુભવ થાય છે, તેમ આગ્રહપૂર્વક ચિરકાલ સતત ચિન્માત્રભાવનાનો અભ્યાસ કરવામાં આવે તો મનને એકરસ ચેતનનો પણ સ્પષ્ટ અનુભવ થાય છે.

૧૮. વેદાંતનો એકાદ ગ્રંથ કોઈની પાસેથી સાંભળી લીધો કે પોતે વાંચી લીધો, "એમાં કહેલુ સત્ય છે" એમ વિના વિચારે માની લીધું, ને "સર્વ બ્રહ્મજ છે, હું પણ બ્રહ્મજ છું" એમ ગોખી કાઢયું, પણ ચિત્તની અપક્વ સ્થિતિ તો પૂર્વવત્જ રહી, વા મિથ્યા-

ભિમાનથી તે ઊલટી બગડી, તો તે શ્રવણ, મનન, નિદિધ્યાસન કે બ્રહ્મસાક્ષાત્કાર નથી, પણ એક જાતનો ઉન્માદ છે એમ જાણવું. યથાવિધિ પ્રયત્ન કર્યા વિના યોગ્ય ફલની પ્રાપ્તિ થવી સંભવતી નથી, તથા ફલ મહાન્ હોય તો તેની પ્રાપ્તિમાટે પ્રયત્ન પણ મહાન્ કરવો પડે છે, એ અર્થને મુમુક્ષુએ પુનઃ પુનઃ સ્મરણમાં રાખવો જોઇએ.

૧૯. આકાશમાંથી વાયુ, ગ્રહો, ઉપગ્રહો, તારાઓ, ધુમકેતુઓ, વાદળાંઓ, પ્રાણીઓ, ધૂળ, ધૂમાડો, અંધારુ, પરમાણુઓ, પૃથિવી ને પોતાના શરીરસહિત પૃથિવીપરના સર્વ પ્રાણિપદાર્થો આપણી પ્રબલ કલ્પનાવડે અત્યંત દૂર કરી નાંખીએ ત્યારે જે એકરસ, અપરિચ્છિન્ન, નિશ્ચલ, ગંભીર, તેજ તથા તમથી વિલક્ષણ, દુઃખાતીત, પરમાનંદમય, શાંત ને શબ્દાતીત વસ્તુ અનુભવાય તેના જેવું બ્રહ્મ છે, એમ બ્રહ્મના સ્વરૂપને વાણીમાં લાવીને કહેવા ઇચ્છીએ તો સ્થૂલ રીતે કહી શકાય.

૨૦. જેમ આકાશમાં પક્ષીઓનો માર્ગ અને જલમાં જલચરોનો માર્ગ પ્રતીત થતો નથી, તેમ જ્ઞાનીઓનો માર્ગ લૌકિક પંડિતોને કે દેવોને પણ પ્રતીત થતો નથી; અને વાયુ જેમ મૂઠીમાં પકડાતો નથી, તથા મૃગચર્માદિની પેઠે આકાશનો વીંટો કરી શકાતો નથી, તેમ જ્ઞાનીઓના હૃદયનો આશય અજ્ઞાનીઓને સમજાતો નથી. એમ બ્રહ્મનું સ્વરૂપ અત્યંત દુર્વિજ્ઞેય છે, તેથી મુમુક્ષુએ પોતાના અંતઃકરણમાં નિર્મલતા, સ્થિરતા, ધૈર્ય ને તત્પરતા વધારવાં જોઇએ. હૃદયની યોગ્યતા થયા વિના એ નિત્યસિદ્ધિ વસ્તુનું સ્વરૂપ યથાર્થ અનુભવી શકાય એમ નથી.

૨૧. પરમતત્ત્વનો કરામલકવત્ અપરોક્ષઃઅનુભવ કરી નિરુપાધિક નિત્યાનંદમાં નિમગ્ન થવા ઈચ્છનારે તત્ત્વજ્ઞાન, મનોનાશ ને વાસનાક્ષયનો વા જ્ઞાન, યોગ ને વૈરાગ્યનો નિરંતર શ્રદ્ધાપૂર્વક ચિરકાલ અભ્યાસ કરવો જોઇએ. વચ્ચે વચ્ચે અભ્યાસનો ત્યાગ કરવાથી, વેઠ પકડાયેલાની પેઠે અભ્યાસ કરવાથી, અલ્પ કાલમાંજ ફલસિદ્ધિ થઈ જશે એમ અયોગ્ય આતુરતા અલ્પ કાલ અભ્યાસ કરવાથી, કે તેમનો પૃથક્ પૃથક્ અભ્યાસ કરવાથી યોગ્ય ફલસિદ્ધિ થઇ શકતી નથી.

૨૨. સતૂશાસ્ત્ર તથા સદ્ગુરુના ઉપદેશને મુમુક્ષુએ સામાન્ય લૌકિક કથનજેવો ન ગણુવો. જે અજ્ઞજનો ચિંતામણિ સ્પર્શમણિ કે અતિ મૂલ્યવાન્ હીરાને સામાન્ય પાષાણુજેવા સમજે છે, તે અજ્ઞજનોને તે ચિંતામણિ, સ્પર્શમણિ કે અતિ મૂલ્યવાન્ પોતાના અપાર મૂલ્યરૂપ ફલ આપતા નથી, પણુ સામાન્ય પાષાણુજેવુંજ ફલ આપે છે, તેમ જેઓ સતૂશાસ્ત્ર તથા સદ્ગુરુના રહસ્યભરિત તથા ઉત્કૃષ્ટફલપ્રદ ઉપદેશનું માહાત્મ્ય સમજતા નથી, તેમને તેમના તે ઉપદેશનું મહાન્ ફલ મળતું નથી.

૨૩. સતૂશાસ્ત્ર ને આચાર્ય પરોક્ષપણે અંતઃકરણુ, ઈંદ્રિયો તથા શરીરના દોષોનાં સ્વરૂપો સમજાવે તે શ્રવણુ કરી "આ ઉપદેશ મનેજ થાય છે" એમ સમજી જે મુમુક્ષુ પોતાનાં અંતઃકરણુ, ઈંદ્રિયો ને શરીરથી થતી પ્રવૃત્તિનો વિચાર કરી પોતાનાં અંતઃકરણુાદિમાં તેવા દોષો છે કે નહિ તે શાંત ચિત્તથી જુએ નહિ, આચાર્ય પોતાના પરમદયાલુ સ્વભાવથી કદાચ તેમના તે દોષો સ્પષ્ટરીતે નિરૂપણુ કરીને સમજાવે તોપણુ પ્રતિબંધક સંસ્કકારોના બાહુલ્યથી જેને પોતાનાં અંતઃકરણુાદિમાં તે દોષો છે એમ સમજાય નહિ, કદાચ સામાન્ય રીતે સમજાય પણુ તેમનો ત્યાગ કરવા યથાવિધિ પ્રયત્ન કરે નહિ, તો તે પુરુષ મુમુક્ષુનામને યોગ્ય નથી.

૨૪. મોક્ષમાર્ગમાં પતનની અત્યંત સુલભતા છે, અને આગળ વધવાની અત્યંત કઠિનતા છે. કામ, ક્રોધ ને લોભાદિ આંતરશત્રુઓ અપકવ હૃદયવાળા પુરુષો આ ઉત્કૃષ્ટતમ માર્ગના અધિકારી નથી એમ ધારી તેવા મુમુક્ષુઓરૂપ પ્રવાસીઆને શનૈઃ શનૈઃ પાછા વાળી વિપરીતમાર્ગે ચઢાવી દેવામાં સર્વદા તત્પરજ છે. જેઓને એ આંતરશત્રુઓનાં સ્વરૂપો યથાર્થ ઓળખાયાં નથી, ને તેમનામાં દૃઢ પ્રીતિ રહી છે, તેઓ જો યથાયોગ્ય સાવધાનતા સેવી તે શત્રુઓને ઓળખી તેમને વશ વર્તાવવા યત્ન આદરે નહિ તો તેઓ વેલામોડા મોક્ષમાર્ગને ત્યજી વિપરીતમાર્ગે ચઢી ગયા વિના રહેતા નથી, જેનાં

પૂર્વકાલમાં બનેલાં ને વર્તમાનમાં બનતાં ઘણાં ઉદાહરણો સૂક્ષ્મદૃષ્ટિએ જોનારના જોવામાં આવશે. જો હલાહલવિષ ખાવાથી અમર થવાય તોજ રાગ, દ્વેષ, અવિવેક ને અભિમાનાદિ અયોગ્ય સ્વભાવવાળા પુરુષને પોતાનો નિત્યસિદ્ધ બ્રહ્મભાવ યથાર્થ સ્ફુરે, જે કદી બને એવું નથી.

૨૫. આ સ્થૂલશરીરમાં કઠિન ભાગ પૃથિવીતત્ત્વ છે, પ્રવાહી ભાગ જલતત્ત્વ છે, ઉષ્ણ ભાગ તેજસ્તત્ત્વ છે, ચલનસ્વભાવવાળો અદૃશ્ય ભાગ વાયુતત્ત્વ છે, ને શરીરના ખાલી ભાગમાં રહેલો પૂર્વોક્ત ચાર તત્ત્વોથી ભિન્ન વાયુથી સૂક્ષ્મતર ભાગ આકાશતત્ત્વ છે. એવી રીતે આ સ્થૂલશરીર પાંચ સ્થૂલભૂતોરૂપ છે, જે જડ ને વિનાશી છે, આત્મા નથી. સ્થૂલશરીરમાં સૂક્ષ્મશરીર રહ્યું છે. તે સત્તર તત્ત્વરૂપ છે. વાગાદિક પાંચ કર્મેન્દ્રિયો, શ્રોત્રાદિ પાંચ જ્ઞાનેંદ્રિયો, પ્રાણાદિ પાંચ પ્રાણો, ને મન તથા બુદ્ધિ એ સત્તર તત્ત્વોનાં નામો છે. વાગાદિક કર્મેન્દ્રિયો બોલવા આદિરૂપ ક્રિયા કરનારી છે, શ્રોત્રાદિ જ્ઞાનેંદ્રિયો શબ્દાદિના જ્ઞાનમાં હેતુરૂપ છે, પાંચ પ્રાણો પોતપોતાની ક્રિયાઓવડે શરીરાદિના જીવનનો નિર્વાહ કરે છે, ને મન સંકલ્પવિકલ્પ કરનાર તથા બુદ્ધિ નિશ્ચય કરનાર છે. આ સત્તર તત્ત્વો તથા પાંચ સ્થૂલભૂતો પાંચ સૂક્ષ્મભૂતોમાંથી ઉપજેલાં હોવાથી પાંચ સૂક્ષ્મભૂતરૂપ છે. તે ભૂતો પણ જડ છે, આત્મા નથી. એ પાંચ ભૂતો આકાશાદિ ક્રમે અજ્ઞાનમાંથી ઉપજેલાં હોવાથી અજ્ઞાનરૂપ છે. તે અજ્ઞાન સૂક્ષ્મ તથા સ્થૂલશરીરનું કારણ હોવાથી કારણશરીર પણ કહેવાય છે. "હું બ્રહ્મ નથી" આવી પોતાના સ્વરૂપની અપ્રતીતિ તે અજ્ઞાન કહેવાય છે. એ અજ્ઞાન પણ જડ છે. એ અજ્ઞાનથી સર્વ પ્રપંચની પ્રતીતિ થાય છે, જેમ નિદ્રાકાલે પોતાના વ્યાવહારિક સ્વરૂપની અપ્રતીતિથી સ્વપ્નના પ્રપંચની પ્રતીતિ થાય છે તેમ. એમ ત્રણે શરીરોના સ્વરૂપનું નિરૂપણ કરનારું, તે શરીરો આત્મા નથી પણ જડ છે એમ તેમનો નિષેધ કરનારું, અને નિષેધ કરવાયોગ્ય સર્વના અવધિરૂપ જે તત્ત્વ છે, તે આત્મા છે, ને તેજ બ્રહ્મ છે.

૨૬. મુમુક્ષુએ નિષેધ કરવાયોગ્ય નામરૂપાત્મક સર્વ પ્રપંચનો નિષેધ કરતા રહી, દેહાદિમાંથી ભ્રાંતિવડે ઉપજેલો હુંપણાનો ભાવ ત્યજતા રહી, તથા અનુસંધાન કરવાયોગ્ય બ્રહ્મતત્ત્વનું નિરંતર આદરપૂર્વક અનુસધાન કરતા રહી, શાસ્ત્રસંસ્કારરહિત અજ્ઞ મનુષ્યોનેજેવી દેહમાં હુંપણાની સુદૃઢ બુદ્ધિ છે તેવી હુંપણાની સુદૃઢ બુદ્ધિ બ્રહ્મમાં કરવી જોઇએ.

૨૭. મોક્ષાર્થીએ પોતપોતાના વિષયોભણી બાણની પેઠે ફેંકાતી ચંચલ ઇંદ્રિયોને ધીરે ધીરે મનને વશ વર્તાવવાનો પ્રયત્ન કરવો. તેઓ મનને વશ વર્તવા લાગે ત્યારે તેઓસહિત મનને હૃદયાકાશ કે મૂર્ધાકાશમાં સ્થિર સ્થાપવા પ્રયત્ન કરવો જ્યાંસુધી તે મનના સ્થૂલભાવનો નાશ થઇ રાગદ્વેષવડે વિષયાકાર થવાના પોતાના ધર્મનો તે પરિત્યાગ ન કરે ત્યાંસુધી તેવો પ્રયત્ન પુનઃ પુનઃ આદરપૂર્વક કર્યા કરવો. સુષુપ્તિમાં જેમ મન વિક્ષેપ પામ્યા વિનાનું રહે છે તેમ જ્યારે જાગ્રત્‌માં પણ તે પ્રાયશઃ વિક્ષેપરહિત રહેવા લાગે ત્યારે જાણવું જે હવે તે પ્રયત્ન સફલ થયો.

૨૮. પ્રતીત થતું વિશ્વ સ્વપ્ન છે એમ પુન પુનઃ વિચારવું, ને વિશ્વમાં જે સત્યપણાની ભ્રાંતિ હોય તેને ક્રમાત્ દૂર કરતા રહેવી. આ લોકના ઉત્તમોત્તમ વિષયો તથા તે વિષયોનાં સાધનો, પછી સ્વર્ગના વિષયો તથા તેમનાં સાધનો, પશ્ચાત્ બ્રહ્મલોકના વિષયો તથા તેમનાં સાધનો, શાસ્ત્રવચનો ને કલ્પનાવડે ચિત્તની સંમુખ લાવી તેમાં પોતાના મનનો રાગ કેવો છે તે મુમુક્ષુએ વિવેકપૂર્વક અવકાશાનુસાર જોતા રહેવું, ને જ્યારે તેમાં આરૂઢ અસ્પૃહાનો ઉદય થાય, અર્થાત્ તે વિષયો ને તે વિષયોનાં સાધનોમાં " તેઓ તરણાજેવાં તુચ્છ છે " એવી સમજનો ઉદય થાય ત્યારે વિરાગની પરાકાષ્ટા થઇ એમ જાણવું. એવી સમજનો ઉદય થાય તેજ ખરો વૈરાગ્ય. એવી બુદ્ધિનો આવિર્ભાવ થયા વિના અર્થાત્ સ્ત્રી, પુત્ર વા શિષ્ય, દ્રવ્ય, ખ્યાતિ ને સત્કારાદિમાંનો દૃઢ રાગ ત્યજ્યા વિના માત્ર

ભગવાં વસ્ત્ર પહેરવાં કે " આ લોક પરલોકના ભોગો કાકવિષ્ઠાસમાન જાણવા " એમ મોઢેથી કહી દેવું, એ વાસ્તવિક વૈરાગ્ય નથી.

૨૯. સત્શાસ્ત્ર ને આપ્તપુરુષો જેવી રીતે બ્રહ્મનું સ્વરૂપ, મનોનાશનું સ્વરૂપ, ને વાસનાક્ષયનું સ્વરૂપ કહે છે, તેવું તેમનું સ્વરૂપ પોતાના અનુભવમાં કાંઇક અંશે આવવા લાગ્યું છે કે નહિ? તે વિવેકી મુમુક્ષુએ નિરંતર સ્વસ્થ ચિત્ત સાવધાનતાપૂર્વક જોતા રહેવું. તેમનો યથાયોગ્ય પરિપાક થયા વિના દંભવડે અભ્યાસનો ત્યાગ કરવો નહિ.

૩૦. તત્ત્વજ્ઞાન, ચિત્તનિરોધ ને વૈરાગ્યનો અવધિ પામવા ઇચ્છનારાના ચિત્તવિષે પરમાત્મા, સત્શાસ્ત્ર ને સદ્ગુરુમાં છલદંભરહિત ઉત્કૃષ્ટ શ્રદ્ધાભક્તિ હોવાં જોઇએ. શ્રદ્ધાભક્તિહીન હૃદય કથનમાત્ર તત્ત્વજ્ઞાનાદિને ભલે પ્રાપ્ત કરે, પણ વાસ્તવિક તત્ત્વજ્ઞાનાદિને તો પ્રાપ્ત નજ કરી શકે, ત્યારે તેમના અવધિએ તો તે કયાંથીજ પહોંચી શકે? તેમનું તો અવશ્ય તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થયા પહેલાં મધ્યમાંથીજ પતન થાય છે.

૩૧. યથાર્થ બ્રહ્મચર્ય પાળ્યા વિના બ્રહ્મચારી એવું નામ, સ્વદારસંતોષ રાખ્યા વિના તથા પંચમહાયજ્ઞાદિનું અનુષ્ઠાન કર્યા વિના ગૃહસ્થ એવું નામ, નવધા ભક્તિમાંની એક વા અધિકનું યથાયોગ્ય અનુષ્ઠાન કર્યા વિના ભક્ત એવું નામ, પરમતત્ત્વને અપરોક્ષ અનુભવ્યા વિના જ્ઞાની એવું નામ, મહાન્ તત્ત્વમાં અંતઃકરણ વિરામ પામ્યા વિના મહાત્મા એવું નામ, ત્રણે લોકના ભોગોની વાસના ત્યજ્યા વિના સન્યાસી એવું નામ, હંસરૂપ પ્રાણના કરતાં પણ વિશેષ રાગદ્વેષરહિત સ્થિતિ સંપાદન કર્યા વિના પરમહંસ એવું નામ, શબ્દાદિ વિષયોમાં કુંઠિત થવાથી સર્વભણી સ્થિત બ્રહ્મમાં બુદ્ધિ ભ્રમણ ન કરી શકતી હોય છતાં પરિવ્રાજક એવું નામ, સત્શાસ્ત્રોનું તાત્પર્ય સમજાય નહિ તથા તદનુસાર વર્તન થાય વહિ અને અધિકારીઓને સન્માર્ગે ચઢાવી શકાય નહિ છતાં આચાર્ય એવું નામ, મનને વશ વર્તાવ્યા વિના જગદ્ગુરુ એવું નામ, ને અબ્રહ્મત્વાદિરૂપ બંધથી મોકળા

થયા વિના જીવન્મુક્ત એવું નામ જેમ નિરર્થક છે, તેમ મોક્ષ મેળવવાની તીવ્ર ઇચ્છા ઉપજ્યા વિના મુમુક્ષુ એવું નામ પણ નિરર્થકજ છે.

૩૨. મુક્તિ પ્રાપ્ત કરવાનો જે પોતાના જીવનનો મુખ્ય ઉદ્દેશ તેનું મુમુક્ષુએ કદી પણ વિસ્મરણ કરવું નહિ, કિંતુ વારંવાર તેનું સાવધાનતાપૂર્વક સ્મરણ રાખવું, અને પ્રાપ્તવ્યવહારની સર્વ પ્રવૃત્તિ તદનુકૂલ કરવી. જેમ નટ દોરના છેડાપર દૃષ્ટિ રાખી દોરપર ગતિ કરે છે, તેમ મુમુક્ષુએ પોતાના પ્રાપ્તવ્ય વિષયપર અંતઃકરણ સાવધ રાખી વર્તવું જોઇએ. જેમ નટ દોરના છેડાપર દૃષ્ટિ ઠરાવવામાં પ્રમાદ કરે છે, તો તેનું દોરપરથી પતન થાય છે, તેમ જે મુમુક્ષુ પોતાના પરમ લક્ષ્યમાં અંતઃકરણને સાવધ રાખતા નથી તેનું પણ મોક્ષમાર્ગમાંથી વેહુંમોડું પતન થાય છે. પ્રત્યેક મુમુક્ષુએ વિવેક-વૈરાગ્યાદિ સાધનોનો પરિપાક કરવા ઉપરાંત મૈત્રી આદિ ભાવનાને પોતાના ચિત્તમાં સ્થાયી કરી પોતાની પ્રકૃતિસ્થિતિ અનુસાર પ્રધાનપણે શ્રવણમનનનિદિધ્યાસનનું, વા શ્રીસુરેશ્વરાચાર્યના પંચીકરણ પ્રમાણે લયચિંતનનું, વા હૃદયાદિ દેશોમાં ધારણાદિનું, વા જપસાથે તત્વભાવનાનું, કિંવા નવધા ભક્તિમાંની એક કે વધારે ભક્તિઓનું, અથવા પ્રાણનો જય કરવાનાં સાધનોનું અનુષ્ઠાન પ્રમાદ, આલસ્ય, ભ્રાંતિ, સંશય ને વિષયાનુરાગાદિનો ત્યાગ કરી, નિત્યપ્રતિ તેમાં ન્યૂનમાં ન્યૂન આશરે એક પ્રહર વ્યતીત કરી, ઉત્તરોત્તર વધારે પરિપક્વ કરતા રહેવું જોઇએ. પોતાના અભ્યાસમાં પ્રતિબંધ કરનારા જે જે દોષો જણાય તેમને સાવધાનતાથી નિવૃત્ત નરવા જોઇએ. પ્રત્યેક માસે, ત્રણ ત્રણ માસે, ને વર્ષે પોતાનો અભ્યાસ કેટલો આગળ વધ્યો તે જોતા રહેવું, અને આગળ ન વધ્યો હોય તો તેનાં કારણો શોધી તેમને દૂર કરવાના યોગ્ય ઉપાયો સ્વસામર્થ્યાનુસાર યોજવા, પણ પ્રમાદી થઇને એમને એમ ચલાવ્યા કરવું નહિ. જે મુમુક્ષુ પોતાના કર્તવ્યપરિપાલનમાં પ્રાણાંતનિશ્ચયથી તત્પર રહે છે, તે મુમુક્ષુ પોતાના અભ્યાસનો પરિપાક થયે મુમુક્ષુ મટી મુક્ત થાય છે, પણ જેઓ પોતાના અભ્યાસમાં સાવધાનતા સેવતા

નથી તેઓ તો તે ને તે સ્થિતિમાંજ દીર્ઘકાલપર્યંત પડયા રહે છે. એવું વર્તન ઉત્તમ મુમુક્ષુને શોભા આપનારું ગણાય નહિ. બ્રહ્મચારી મુમુક્ષુએ આચાર્યસેવનાદિ નીતિનિયમોના પાલનઉપરાંત વિશેષે કરીને મન, વાણી ને શરીરથી મૈથુનનો ત્યાગ સેવી, સત્શાસ્ત્રનો અભ્યાસ યથાશક્તિ કરતા રહી, બ્રહ્મસાક્ષાત્કારમાટે યથાયોગ્ય અભ્યાસ કરવાનો છે. ગૃહસ્થ મુમુક્ષુઓએ માતાપિતા આદિ જે પૂજ્ય વર્ગ વિદ્યમાન હોય તેમની અન્નવસ્ત્રાદિવડે સારી રીતે સેવા કરી, આશ્રયમાં રહેલા અન્ય સંબંધિજનોનું યથાયોગ્ય ભરણપોષણ કરી, સ્વદારસંતોષાદિ નિયમો પાળી, સ્વસામર્થ્યાનુસાર સંબંધિજનોને સ્વધર્મપરિપાલનમાં જાગ્રત્ રાખી, આજીવિકામાટે જે કામ કરવું પડતું હોય તે સાવધાનતાપૂર્વક નિર્દોષરીતે ઉત્તમ પ્રકારનું કરવાનો યત્ન સેવી વ્યવહારપરમાર્થના સાધનનો વિવેકપૂર્વક સમય નિયમી મોક્ષ સંપાદન કરવાનો આગ્રહપૂર્વક અભ્યાસ કરવાનો છે. વિવિદિષાસંન્યાસવાળાઓએ પણ પ્રેષોચ્ચારવડે ત્રણ વાર ત્રણે લોકનાં વિષયોના અને તેમની પ્રાપ્તિ કરનારાં કર્માદિના તથા તેમનાં સાધનોના ત્યાગની, તથા "કોઇ મારું નથી ને હું કોઇનો નથી" એમ સ્નેહત્યાગની જે પ્રતિજ્ઞાઓ કરી છે, તેમનું સુદૃઢ સ્મરણ રાખી, નહિ પ્રવૃત્તિ કરવાયોગ્ય વિષયોમાં પ્રવૃત્તિ નહિ કરતાં તથા કરવાયોગ્યનું પ્રમાદથી વિસ્મરણ નહિ કરતાં સદ્ગુરુસેવાદિ નીતિનિયમોનું પરિપાલન કરી, મોક્ષ મેળવવામાટે વિધિપુરઃસર પ્રયત્ન કરવો જોઇએ.

॥ અથ નર શીક્ષા. ॥

શ્રી સદ્‌ગુરૂને નમિને ચર્ણે, નરના ધર્મ તણો કહું નિર્ણે;
શાંણાજન શ્રવણે સાંભળજો, વિઘ્નના માર્ગથી પાછા વળજો. ૧
આ અવતાર અનૂપમ જાંણો, અણુસમજે રખે જાય તણાંણો;
અમાંસ એકાદશી પડવે છઠય, દાતણુ કાષ્ટતણી ન કરો હઠય. ૨
અદ વિભુતીથી દંત સુધારો, તામ્ર ચીપથી ઉલ્ય ઉતારો;
નાહાવું નિરખી જોઇને મોરી, જીવ જંતુને કહાડવા બોહોરી. ૩
ઉષ્ણોદક શીતોદક સાથ્યેં, હઠયથી મેળવિયે નહિ હાથ્યે;
ગળ્યા વિના જળ નવ્ય વાવરીયે, હરિગંગા નહાતાં ઉચ્ચરીયે. ૪
દ્વાદશી એકાદશી છઠય ચૌદશ, ચોથ્ય અમાકસ નવમીને દીવસ;
સંક્રાંતી દિવસેં વ્યતિપાતે, રવિ મંગલનેં વારે ઘાતે. ૫
વ્રતદિન જે દિન ગામ્ય નીસરીયે, એટલે તૈલાભ્યંગન કરીયે;
એ દિન મુંડન પણ ન કરાવો, સ્ત્રિ સેવા તે દિન વિસરાવો. ૬
કહિયે મધ્યાન્હોત્તર મસ્તક, મુડાવવું નહિ વીતી ગઇ તક;
શૌચ જઇને જે નર આવે, સૂતકી હોય કે શીર મૂંડાવે. ૭
સૂતો દૂર જતો કે નાહાતો, ચંદન વિન કે પંથ ઉજાતો;
કલેશ કરંતો વા અનુસરિયે, એટલાં ને નમના શીશ ન કરિયે. ૮
વંસલોહ સાવરણી દીવી, શ્યાંમ ભાંડને સ્રીની નીવી;
નગ્ન અધર્મિ લડતું કોઇયે, એટલાંનૂં મુખ પ્રાતઃ નવ્ય જોઇયે. ૯
નાંમ ગુરૂ ગોવિંદનું લીજે, મંચકથી પછિ ભૂ પદ દીજે;
મેલ ન રાખિયે કરપદ ઉપર, તૃણ નવ્ય છેદિયે ભૂથી લેઈ કર; ૧૦
રજો ન છાંટિયે નવ્ય છંટાઇયે, ભૂંડું ન ગવરાવી મુખ ગાઇયે;
નવ્ય ખણિયે અંગૂઠે ધરણી, પરના દોષ ન કહિયે વરણી. ૧૧
દંતશુદ્ધિ મુખશુદ્ધિ કરિયે, રૂખા કેશ ઘણા નવ્ય ધરિયે;
વસ્ત્ર મલીન ન ધરિયે અંગે, સંધ્યાયે રતિ નવ્ય રમીયે રંગે. ૧૨
અદ મલ્યું દહિં કે ફાટયું પાયસ, મહિના પેહેલું ગાનું ગોરસ;
કાચું મધ મીઠૂં કાશી ફલ, પકવ રીંગણાં શ્રીફલનૂં જલ. ૧૩
રાત્રે લવિંગ લાણુ ને દહિ, એટલાં ખુશીયેથી ખાવાં નહિ;

પગથી પગ નવ્ય ધોઇયે કહિયે, મુખથી અગ્ની ચરચો નવ વહિયે.૧૪
ઘૃતમાં તેલ પયોમાં પાંણી, લોભે મેળવીયે નહિ જાંણી;
કોયનું એઠું છાંડયું ન જમીયે, ભ્રષ્ટજનોને સંગ ન ભમિયે. ૧૫
મલ ભરિયા નદિમાં નવ્ય નાહિયે, આપણે હાથે આપન ધાઇયે;
ડાંહાંમ ન દેવાવિયે નિજ અંગે, રમિયે નહિ પર રામા સંગે. ૧૬
ભાંગ્ય તમાકુ અફીણુ ન ચરિયે, વિન રોગે કોય વ્યસન ન કરિયે;
માહા સિદ્ધિ મલતી હોય તો પણ, પાઇયે નમદિરા પીજે ન આપણ૧૭.
લસુન પલાંડૂ ગાજર રાતાં, ખાઇયે નહિ બિન ઔષધ માતાં;
પરને આસન સેજે ન ચઢિયે, અન્ન ધાતુને પગે ન અડિયે. ૧૮
ગૌને લાતથિ હણિયે ન ચૂકી, કોયનૂં મિથુન ન જોઇયે ઢૂકી;
સૂકર ઉષ્ટ્ર અજાગર્દભને નારિ, એ વચ્ચે ન નિકળીયે ધારિ. ૧૯
દંપતિ શિષ્ય ગુરૂ શિવનંદી, એ વચ્ચે નિકલે તે ફંદી;
સ્થાપિત શિવ નિર્માલ્ય ન લીજે, ચ્યુગલી કરાવિયે ન કીજે. ૨૦
નગ્ન ન સુઇયે નગ્ન ન ફરિયે, સ્વાર્થે નિંદા કોહોની ન કરિયે;
પ્રાહાર ન કરિયે માતપિતાને, જુઠૂં ન ખેલિયે ચોપટ દાને. ૨૧
એક ઉપર બીજી નવ્ય વરિયે, જો પરણ્યા તો પોષણ કરિયે;
અધર્મ પાખે પરણી ન તજિયે, ભ્રષ્ટ ભાંમિનીને નવ્ય ભજીયે. ૨૨
દેવ તીરથ બ્રાહ્મણ ને પોથી, એમના શપથ ન વહિયે થોથી;
યાવત્ સ્રીને પ્રથમ રજનાવે, તાવત્ તે નવ્ય ભજવી ભાવે. ૨૩
ચ્યાલીસ વરસ તણી હોય નારી, વરને કામ રાખવો વારી;
જો કદી અન્યની આશા ધરવી, તો રજો આવેલીને નવ વરવી. ૨૪
શિશુને પછાડવાં નહિ ક્રોધે, આસક્તિ કરવી નહિ બોધે,
પંચ વરસ તો કરવું લાડન, ત્યાંથી દશ સૂધી તે તાડન; ૨૫
ષોડશ વર્ષ થયાંરે જ્યારે, સુતને મિત્ર માનવો ત્યારે;
ગાલી ન દેવિ પછી ચૂકીને, સ્રીને ન હસવું લાજ મૂકીને. ૨૬
શિશુ સંગે લેઇ સ્રી નવ્ય ભજવી, ગર્ભિણિ પંચ માસ પછી તજવી;
રજ પછી સાત દિવસના પેહેલાં, સ્રી ભજે જે શિશુ થાય તે મેલાં.૨૭
રજવંતીનું દેખ્યું ન જમવું, પંચરાત્રિ પેહેલું નવ્ય રમવું;

હાથ અડાડી અગ્નિ ન લેવો, વિપ્રને દેહે દંડ ન દેવો. ૨૮
હરિજન વિપ્રનું હાસન વ્હાલું, કન્યાવિક્રય અન્ન ન ખાવું;
પૂત્રી પરણાવી જે ઘરમાં, તેનું અન્ન ન લેવું ઉરમાં. ૨૯
ગૌ શય્યા કન્યા જે આપે, તેમાં ભાગિયો કોય ન સ્થાપે;
શેરીમાં શબ પડિયૂં જેને, સ્ત્રીકે અન્ન ન ભજવાં તેને. ૩૦
સૂતકીને જમવા નવ્ય જાવું, સૂતકીને અડિયે તો નાહાવું;
સૂતક બિન સૂતકનું ન જમવું, સૂતકમાં સ્ત્રી સંગ ન રમવું ૩૧
મરનારાને પાસે બેશી, કહેવું રામ કાનમાં પેશી;
યવ તિલ દર્ભ કુસુંમ પાથરવાં, રડતાં હોય તેને દૂરજ કરવાં; ૩૨
નવ્હરાવીને નાંખવું ચોકે, ઉત્તર ઓશીકે બિન શોકે;
દાન પ્રહર પેહેલું સહુ દેવું, પછી તો રામ કૃષ્ણ મુખ કહેવું. ૩૩
મુખ ગંગાજલ તુલસી દહિને, મૂકવું હરિ કેહેવરાવી કહિને;
પ્રાણ પડંતાં રડવું પોકે, વિનગડદેવિન આંસુ શોકે. ૩૪
છ પીંડ સહિતાં શવને લેવું, વિધિયે દાન અગ્નિને દેવું;
દશાહ સારવું શ્રવણી કરવી, એક વર્ષ સૂધી વિધિ આદરવી. ૩૫
દશ દિન સૂધી સગાંને મલવું, ગરૂડપુરાણ શ્રવણ સાંભળવું;
ભાગવત ગીતા સંવત્સરમાં, સાંભળી અર્પે વિપ્રના કરમાં. ૩૬
ત્રણસેં સાઠ બ્રાહ્મણને ભોજન, આપવું ઉદર રાખીને મન;
લૌકીક બની શકે તે કરવું, દાન યથાશક્તિ આદરવું. ૩૭
રોવું નહિ રોવા નવ્ય દેવું, હરે તજીને અરે નવ્ય કેહેવું;
ક્ષીર કઠોળ ખીચડી કૂર, ત્રણ યામ પછિ ન જમો જરૂર. ૩૮
ગોળ લવણની સાથે દૂધ, તામ્રપાત્રનું જમે તે અશૂદ્ધ;
તળ્યું શાક પોળી કઢિ પાયસ, પંચ યામ પછી ન જમો નીરસ. ૩૯
ભાખરો લાપશી શીરો કચોરી, સપ્ત યામ પછિ ન રહે તોરી;
માલપુવા વડાં ચૂરમું પૂરી, નવ યામ કેડે કરવાં દૂરી. ૪૦
ઘી સાકર ભરિયાં પકવાન, પક્ષ એક પછી તેનું ન માન;
એટલાં માન પ્રમાણે ચરિયે, વાશીનું નૈવેદ્ય ન કરિયે. ૪૧
સૂર્ય ગ્રહણ પેહેલાં ઘડી ત્રીસેં, ચંદ્ર ગ્રહણ પેહેલાં ચોવીસે;

એ અવધીમાં અન્ન ન લીજે, વાશી રેહે તે રંકને દીજે. ૪૨
ગ્રહણ બની મૂકાયે યાવત્, અન્યકાર્યે નવ્ય કરવું તાવત્;
સ્પર્શ સમે નાહિ આસને ઠરિયે, રામ સ્મર્ણ કે કીર્ત્તન કરિયે. ૪૩
મેધ્યે હોમ સુરાર્ચન કરવાં, અંતે દાન વિવિધ આદરવાં;
જ્યારે શેષ ગ્રહણ રહે સ્વલ્પ, દાનનો કરવો મન સંકલ્પ. ૪૪
જલમાં જલ મૂકવું મન ધારી, અંતે આપવું પાત્ર વિચારી;
જેથી એનૂં હોયે રક્ષણ, તે સત્પાત્રતણાં કહુ લક્ષણ. ૪૫
જાતે બ્રાહ્મણ વિદ્યા પઢિયો, જેને શોધ શુભાશુભ જડિયો;
જેને વપુ આદીની વિરતિ, જેને વાસના ઉઠે ન નરતી. ૪૬
જેને વદને નિર્મલ વાણી, જે પરની ગતિ જાયે જાણી;
તૃષ્ણા તાંણી શકે નહિ જેહેને, દૈવી પ્રકૃતિ જેના દેહેને. ૪૭
જેને કુસંગ કોય ન અડકે, રાગ રોષ હૃદયે નવ્ય ખડકે;
જેને મન નવ્ય ઉઠે ભ્રાંતિ, જેના મુખ ઉપર માહા શાંત્તિ. ૪૮
આત્મ સ્તુતિ જે ન કરે આપે, જેને મન માહા શાંત્તિ વ્યાપે;
જેને પરનિંદા નહિ પ્યારી, જેને માત સમી પરનારી. ૪૯
ભક્ષ્યા ભક્ષ્ય શકે જે ભાળિ, જેને હરિશૂં લાગે તાળી;
સંસારીના સરખો દીસે, પણ તેનું મન હરિશું દીસે. ૫૦
અષ્ટો પ્રહર મનન મન ચાલે, પૂછ્યા પ્રશ્નનો ઉત્તર આલે;
જે રેહે વિષ્ણુ તણો વિશ્વાસી, કરતાં ભોગ રેહે જે ઉદાસી. ૫૧
જેની કૃષ્ણાકારજ વૃત્તિ, પીડી ન શકે જેને પ્રવૃત્તિ;
જેનું આચર્ણ હોય ન અવળું, સંતોષે સહુ જેને સવળું. ૫૨
પીડિતની સમજે જે પીડા, કૃષ્ણ કથા શૂં જેને ક્રીડા;
જેને કીર્ત્તન હરિનું ભાવે, ઉર અભિમાન ન જેને આવે. ૫૩
લોલુપતા નહિ જેને લેશ, જેને દ્વેષીજનોથી ન દ્વેષ;
જે સુખ સ્વમા સરખું માને, સમજે સમજાવે સહુ શાને. ૫૪
હરિ વિમુખોના જે નહિ સંગી, શર્ણુ આવ્યાને જે કરે અંગી;
નિમિત્ત માત્ર ગુરૂથી પઢશે, ક્ષેમને પંથે ખાંતે ચઢશે. ૫૫
ઇશ્વર ઇચ્છાને અનુસરશે, ભાગી ભેદ અભેદને વરશે;

આપ તણું મોટાપણું ગોપે, કોયને અવમાને નવ્ય કોપે. ૫૬
આપથી પરને નિત્ય વિખાણે, સહુથી નીચ આપને જાણે;
નીત્ય નવાં કીર્ત્તન ઉપજાવે, કરે વિનતી સેવક ભાવે. ૫૭
કોયનું અન્ન ઉલાળી ન નાંખે, સર્વ જનોની ભાષા સાંખે;
નિત્યે રેહે નિર્દોષ સ્વતંત્ર, માધવજીનો જપતા મંત્ર. ૫૮
સત્ય શર્ણવાલા ઓલખશે, જે ઉરમાં એ લક્ષણ લખશે;
દામોદરશું મન દિન રાત્ર, તેને શાસ્ત્ર કહે સત્યપાત્ર. ૫૯
તેને પરખી દાનજ આપે, કોટિ કોટિ ગુણ પૂણ્ય વ્યાપે;
અર્પે આપનાર જે ગોપ્યું, તેનું પૂણ્ય ન જાયે લોપ્યું. ૬૦
જેમ હિસા ન લે મંત્રે અર્પે, તે તે દેવ સકલને તર્પે;
એમ સત્પાત્રના કરમાં આપ્યું, તેણે કલિમલ નિજનું કાપ્યુ. ૬૧
એવે પૂણ્યે બને સંસ્કાર, સમય બનેથી કરે ઉદ્ધાર;
સત્સંગતિએ પૂણ્યે સાધે, એ વડે જન હરિને આરાધે. ૬૨
સર્વ દેવનું મુખ એ બ્રાહ્મણ, કામાદિકનું જાં નહિ કામણ;
એવા મળ્યે ઓળખાય ન પાપે, શર્ણ વિના ઓળખાવે ન આપે. ૬૩
એ દ્વારા હરિ સઘળું લે છે, દેનારાંને અભય પદ દે છે;
ગ્રહણાં તે જે જન નહિ નાહાશે, સૂતકી છ માસ સૂધી થાશે. ૬૪
ગ્રહણાં તે કે નીચને સ્પર્શી, મૃત સ્નાંને કે શબ આકર્શી;
દેહ શુદ્ધ પ્રાયશ્ચિત્ ન્હાવું, એટલે ઉષ્ણોદકે નવ્ય ન્હાવું; ૬૫
વિધવાનો જે વેષજ રાખે, હરિ ગુરૂ શાસ્ત્રની નિંદા ભાખે;
ભ્રાતૃ પત્નિ કે કુલ વધુ ભગની, અપર માતકે સુતા સુવગની. ૬૬
એટલાંની સ્પર્શે જે કાયા, તે બેની અંગે ન લીજે છાયા;
નર જે નારી રૂપે નાચે, જોઈ એ તો સવસ્ત્ર ન્હાવું સાચે. ૬૭
વેદશાસ્ત્ર શુણિ ભણિ કહે જૂઠાં, બોલ્યાં બ્રાહ્મણનાં કરે બૂઠાં;
સમજી જિવ શિવ જૂદા જાંણે, વિધિ હરિહરમાં અંતર આંણે. ૬૮
સેવા બિન બ્રાહ્મણનું તાકે, કલ્પિત મતથી ગપ્પાં હાકે;
વટલે વટલાવે જે છાંનો, જાર જાત એટલાંને માંનો. ૬૯
યૌવન પણ મહા રોગજ વ્યાપે, સહુથી શપથ વદે ન શ્રાપે;

પરાધિન જેને નિત્ય જમવું, રોગી પણ સ્ત્રી સાથે રમવું. ૭૦
દરિદ્ર છે પણ બહુ શિશુ ભણુતાં, બ્રાહ્મણ છે પણ નાવડે ભણતાં;
સગાં સંતોષે જેના દેહને, વૃદ્ધપણે પત્નિ મરે જેને. ૭૧
નિત્યે પડે માગવી ભીક્ષા, ઉપજે નહિ ત્હોયે અન્વીક્ષા;
નીપજે અંગજ જેને ઘેલાં, એટલાને પાપી માંનો પ્હેલાં. ૭૨
ધન હોય પણ કૃષ્ણાર્પણ ન કરે, કૃષ્ણા કથા કદિ કર્ણે ન ધરે;
થાંપણ ઓળવે કોયની મૂકી, પરનું સુખ જોઇ જાયે સૂકી. ૭૩
ગુણ કીધો તોહે અવગુણ આંણે, આઠે પ્હોર જે આપ વિખાંણે;
પરનારીને સુરૂપી ન્હાળે, એ કાં ન આપણે એમ ઉર બાળે. ૭૪
દિવા મિથુન કરેલ લજ્જા લોપી, કહે તે ઉપર ઉઠે કોપી;
મુખમાં મમ્મો ચચ્ચો ભરિયો, વૃત્તિયો જેનિ વૈરને વરિયો. ૭૫
નાગું રેહેવું જોવું ભાવે, દયા ન દીનો ઉપર આવે;
અનાથ અવળોને જે પીડે, બલિયાંથી જે ડરતા હીંડે. ૭૬
ઉપાસના ઈશ્વરની ન ગમે, નિર્ગુણ પુરૂષોને જે ન નમે;
છે સંતતિ પણ પરણે ઝાઝી, કોયને લઢતાં જોઇ થાય રાજી. ૭૭
મોટાં સંતાનોને દાખે, તેમના ઉપર રીસજ રાખે;
છળ છળભેદ ઘણા જે કરશે, માંનો એટલા પશુ અવતરશે. ૭૮
જે કરે ગૌબ્રાહ્મણને પીડા, કંઇની કાન્તા સંગે ક્રીડા;
શાસ્ત્ર શુણે પણ જે નવ્ય માને, ભલા થઇ પણ ભૂલે ભાને. ૭૯
પર પીડા સ્વારથ વીન કરશે, રજોવતી જાણી પણ વરશે!
વેશ્યા સંગે મદિરા પીશે, રંક જનોને રગડે રીશે. ૮૦
વિષ પીને જે પીંડજ પાડે, કીધા કર બ્રાહ્મણના કહાડે;
ગુરૂહરિશાસ્ત્ર તિરથને જાણી, કરશે નિંદા વૈરજ આંણી. ૮૧
કંઇની હિંસા કરશે હરખી, કૈની સ્ત્રી હરશે શુભ નિરખી;
ઘર કે ગામ અગ્નિથી બાળે, પરપીડી પોતાનાં પાળે. ૮૨
કરશે કર નીત્યે ઝાઝેરા, વાડવના પણ જે લે વેરા;
વિણ વાંકે બાંધી જે મારે, દાન કરતાં જનને વારે. ૮૩
પનઘટપર વડિયોને ત્રોડે, મોહા મંદિર દેવોનાં મોડે;

ધન લોભે પ્રાણીને ક્રોસે, નેત્ર ભર્યા રેહે જેનાં રોષે. ૮૪
પાખંડીના પંથ પ્રસારે, પરમહંસને અંગે પ્રહારે;
જ્ઞાન નથી પણ જે ગડગડશે, માંનો એટલા નર્કે પડશે. ૮૫
જે સત્કર્મ કરે છે સેહેલાં, જેનાં મન નહિ સુમતે મેલાં;
અધર્મ સઘળા જે જન ત્યાગે, જન્મ મનુષનો જોઈ જાગે. ૮૬
અલબેલો માંની આ અવસર, માથે મર્ણ તણો માંને ડર;
યથાશક્તિ જે ધર્મે ધાતા, જાણી સત્સંગતીમાં જાતા. ૮૭
વિરામ વિષયોના જે આંણે, જન્મ રખે વહિ જાય એમ જાણે;
પ્રાયશ્ચિત પાપોનાં કરતા, કૃષ્ણ કથામૃત કાંને ધરતા. ૮૮
સ્વરૂપ મળે પણ રેહે સંતોષે, રગડાયે નહિ જે રાગે રોષે;
હરિભક્તિ કરતાં જે હરખે, પ્રીત્યે પાત્ર સુપાત્રને પરખે. ૮૯
દાન કરે તે કોય ન દેખે, લક્ષે લક્ષ્મીવરને લેખે;
હું કરતા એ નહિ મોટાઇ, ખળપણું તજતાં નહિ ખોટાઇ; ૯૦
માયિક સંપત માને જૂઠી, રોષે કોયથી ન રહે રૂઠી;
સદ્ગુરૂને તે ઇશ્વર જાણે, આભ્યંતર અનુભવ ઓલખાણે. ૯૧
કૌતુક કલવલ મૂકી દેતા, રમાપતીને શર્ણે રહેતા;
નિત્યે મનન તણા અભ્યાસી, માનો એ થશે વૈકુંઠવાસી. ૯૨
કામ્ય કર્મ કરશે જે હરખી, પોતે કરતા મનમાં પરખી;
યજ્ઞ તીર્થને વ્રત જપ દાન, સાંગ કરે મન થૈ સાવધાન. ૯૩
નિત્યે પવિત્ર રેહેજે અંગે, પણ રીઝે નહિ રાઘવ રંગે;
અધર્મનું આચર્ણ જવા દે, ખલનો સંગ ન અંગ થવા દે. ૯૪
મમતા મનમાં વિલસે માતી, પણ નહિ કપટ તણી મન કાતી;
આંણે ન્યૂનપણું અપવર્ગે, એટલા માનો જાશે સ્વર્ગે. ૯૫
જે થોડા માટે ન બિગાડે, ઘણે સ્વાર્થે વાંધા પાડે;
જેને મન અહં મમતા ઝાઝી, ધનસુતદારા જોઈ રહે રાજી. ૯૬
ઘણું ગોબ્રાહ્મણને નવ્ય પીડે, કીર્ત્તિ તણે આચર્ણે હીંડે;
નાત્ય સગામાં કરે નવાઇ, સહુથી ખર્ચે દામ સવાઇ, ૯૭
બેટી બેટા વહુ ભાણેજી, એ સહુ જનને કરે અવેજી;

જે જન એને નમતા ચાલે, આપણા માની તેને આલે. ૯૮
વ્યસન કરે તે ઉજળાં અંગે, નરમે પરદારાની સંગે;
કોયનું માઠું અતી ન કરશે, માંનો એતો મનુષ અવતરે. ૯૯
જે અવતરિયો ત્યાંથી ત્યાગી, વિષય વાસનાનો વૈરાગી;
જેને સંગતી કોન સુહાવે, જેને ભ્રમણુ ન કોઇ ભાવે. ૧૦૦
જેને જ્ઞાન પૂર્વનું ઘાઢું, જેને ઉર આવણું ન આડું;
પુરૂષોત્તમથી પૂર્ણ પ્રીતિ, જેને ભયની કોય ન ભીતી. ૧૦૧
જેને બ્રહ્મચર્ય હોય ભારી, જે નહિ લેશ તનું અહંકારી;
વાસુદેવ સઘળામાં ભાસે, ગ્રાહક હોય તો વાણી પ્રકાસે. ૧૦૨
સેવે અથવા કોય સંતાપે, શ્રાપાનું ગ્રહન કહે આપે;
કામ ક્રોધ મદલોભ ન જેને, રોગ કશો નવ્ય નડતો દેહેને. ૧૦૩
બ્રહ્મા હું એ નિજ વૃત્તિથી, નિત્ય રહેજે નિવૃત્તિથી;
બોધ કરે તેને ચટ લાગે, શર્ણ થયો તે તૃષ્ણા ત્યાગે. ૧૦૪
એ નર ગુણાતીત અવતરિયા, કોય પ્રારબ્ધે તનુને ધરિયા;
પ્રિય પુરૂષોત્તમના તે પ્રમાણો, જન્મ ચર્મ એમનો તે જાણો. ૧૦૫
કૃષ્ણ કથા જે કર્ણે ધરશે, વિષય વાસનાને વીસરશે;
સત્પાત્રોના કરમાં છાંનું, કરશે કૃષ્ણાપણ મન માન્યું. ૧૦૬
તે ઉપર હરિ કરૂણા કરશે, સંસારાર્ણવને તે જન તરશે;
સહુથી સ્નેહ વૈર જે તજશે, સત્સંગતિને તે જન ભજશે. ૧૦૭
શર્ણાંગત વત્સલ શ્રી હરિને, શર્ણ થશે દ્રઢ નિશ્ચય કરિને;
સંતની સંગતી જે નહિ મૂકે, કૃષ્ણરામ કહે તે નહિ ચુકે. ૧૦૮
શિક્ષા સંક્ષેપે કાહ સુંદર, સંવત અઢારસેચ્ચુંવોત્તર;
ફાલ્ગુન સિત સાતમ શનિવારે, નર શિક્ષા લખાણી તારે. ૧૦૯

દોહો.

ટુક એકસો નવ વડે, શિક્ષા કહિ કરિ શોધ;
કૃષ્ણરામ જે ચિત્ત ધરે, ઉપજે તેને બોધ. ૧

॥ અથ નારી શીક્ષા. ॥

નારી માણસને શીખામણ, શાસ્ત્ર તણી કહું શુણિયેજી;
બાલપણામાં બાપ તણે ઘર, બ્રાહ્મણ પાસે ભણિયે ડાહ્યાં થૈયેજી. ૧
શંખિનિયોનું સહીપણું તજીયે, ફરિયે ન ફળિયે ફળિયે. ડા૦ ૨
શિવશક્તિની પૂજા કરિયે, અન્ન અતી નવ્ય જમિયેજી;
સુંદર ઘરનાં કામ શીખીયે, રોજ રમત્ય નવ્ય રમિયે. ડા૦ ૩
છોટાં મોટાંને ગાળી ન દીજે, સાંખીયે અવગુણ સહુનાજી;
મન જાણિયે પણ મુખે ન આંણીયે, વાંક ભાઇની વહુના. ડા૦ ૪
પરણિયે ત્યાંથી પતિને ગણિયે, એ પરમેશ્વર માહારોજી;
પ્રભુને નિત્ય કરિયે પ્રાર્થના, એ દ્વારા મુને તારો. ડા૦ ૫
સાસુ સસરાને નિત્ય નમિયે, તીર્થરૂપી મન જાણીજી;
દિયર જેઠને દૂષ્ટ ન કહિયે, વદિયે મીઠી વાંણી. ડા૦ ૬
જેઠાંણી નણદી દેરાંણી, તેથી નવ્ય ચડવડીયેજી;
પતી કદાચિત્ પ્રહાર કરે તો, બાહાર જઇ નવ્ય રડીયે. ડા૦ ૭
ગોવિંદના ગુણ કીર્ત્તન ગાઈયે, જેમ કોય જન નવ્ય જાંણેજી;
લોક તણી લવરી નવ્ય કરિયે, વેહેલાં ઉઠીયે વાંહાંણે. ડા૦ ૮
બે વેળા જળ ગળિ વાવરીયે, વાસણ નીત્ય ઉટકીયેજી;
કહ્યું માંનીયે કાન્ત તણું પણ, નિર્બલ જોઇ નવ્ય નડાયે. ડા૦ ૯
પર પુરૂષોથી પ્રેમ ન કરિયે, ખલ સંગતિથી ખશીયેજી;
કૌતુક કહિ કોય કાન પડે તો, ખડ ખડ ખડ નવ્ય હશિયે. ડા૦ ૧૦
મૂર્ખ નર કોય કરે મશ્કરી, તો મુખ મરડી જૈયેજી;
અલંકાર કોય નવ્ય અવલોકે, પદર ઢાકીયે હૈયે. ડા૦ ૧૧
પતીના જમ્યા તણી પ્રસાદી, મુખમાં લેઇ પછી જમીયેજી;
અલંકાર ઓછા હોય તો પણ, પતિને કદી ન દમિયે. કા૦ ૧૨
પતિ આવે જો બાહાર્ય થકી તો, હશીને ઉભાં થૈયેજી;
પતિ દેખતાં પતિના પેહેલાં, સેજે સૂઇ ન રહિયે. ડા૦ ૧૩
વાટયે વાત ન કરિયે સખિશું, ઘર ઝાઝાં નવ્ય ગણિયેજી;
વાત કરંતાં વાંધો પડે તે, ચણતર કદી ન ચણીયે. ડા૦ ૧૪

ખાધું શું તે કોને ન કહિયે, શુચિ રહિયે નિત્ય અંગેજી;
આથમ્યા કેડયે એકલાં ન જૈયે, શઠ માણુસને સંગે. ડા૦ ૧૫
ઘરની વાત ન બાહાર્યે વાંચિયે, નરશું નવ્ય અથડાઇયેજી;
મળભરિયાં ઘર નાહ્યા પાખે, તીર્થે જૈ નવ્ય નાહિયે; ડા૦ ૧૬
કોયની વાત ન કોને કહિયે, નર શુણુતાં નવ્ય ગાઇયેજી;
સૂર્ય દેખતાં નગ્ન ન નાહિયે, પ્રગટ શિશુને પાઇયે; ડા૦ ૧૭
અબળા આપણુ પતિ વશ રહિયે, પતિને વશ નવ્ય કરિયેજી;
પતિના ઘરની વસ્તુ હરિને, મહિયરમાં નવ્ય ભરિયે. ડા૦ ૧૮
શિશુ ઉપજે કે મરે ન ઉપજે, પણુ દુઃખથી નવ્ય રડિયેજી;
શોકય લાવે જો સ્વામી તો પણુ, લક્ષ્ય બિગાડી ન લઢીયે. ડા૦ ૧૯
પર પુરૂષોની પત્નીનાં સુખ, આપણુ મુખે ન ગાઇયેજી;
કોયના ઘરમાં કામ પડે તોહ્યે, નારી નોહ્યે તો ન જાઇયે. ડા૦ ૨૦
પૂત્રને વધુને પ્રીતી જોઇને, મોટયમ રાખી ન વઢીયેજી;
ધન માટે કે સુત સુખ માટે, બુદ્ધિથી ન બિગડિયે. ડા૦ ૨૧
ન્હાની થકી તે શિખા લગણુ પણુ, અંગ ઉઘાડે ન ફરિયેજી;
તેર વર્ષ કેડે માર્ગમાં, વાજતું ઘરેણું ન ધરિયે. ડા૦ ૨૨
કોય નર નારી લઢતાં હોયે ત્યાં, જરૂર ન જૈયે જોવાજી;
ઉત્તમ પર્વણી દિવસે તીર્થે, વસ્ત્ર ન જૈયે ધોવા. ડા૦ ૨૩
વાંહાંણે કોય અધર્મી જનનું, મુખ નવ્ય જોઇયે ન્હાળીજી;
પ્રાતઃ સાયંકાલ સંધ્યાયે, રહિયે નહિ મ્હોં વાળી. ડા૦ ૨૪
પરના સુખને ચાહીને ઠરિયે, દાઝિયે દુઃખને દેખીજી;
પતિ બોલાવતાં પાસે જૈયે, અનેક કાર્ય ઉવેખી. ડા૦ ૨૫
પતિ શરીરની સેવા કરીયે, વાતે પૂછીયે હરિનેજી;
આજ્ઞા પામ્યા કેડે સૂઇયે, નમસ્કાર નિત્ય કરિને. ડા૦ ૨૬
આપણા ઘરની રસોઈ ન કહિયે, પૂછિયે નહિ બીજાનીજી;
એ સંતાન જીવ્યા પછી તૃષ્ણા, કરિયે નહિ ત્રીજાની. ડા૦ ૨૭
નંગ વસ્ત્ર માગી નવ્ય ધરિયે, અન્યતણાં નિજ અંગેજી;
કોય નર નારીને નવ્ય જોઇયે, કામ ક્રીડતાં રંગે. ડા૦ ૨૮
દાન પૂન્ય વ્રત તીર્થ જપતે, પતિને પૂછી કરિયેજી;
પતિની આજ્ઞાને ઉલ્લંઘી, અઘટીત નવ્ય આચરીયે. ડા૦ ૨૯

પતિથી વિષય બન્યો કે ન બન્યો, તે કોયને નવ્ય કહિયેજી;
આપણા ભાગ્ય પ્રમાણે સુખ દુઃખ, જેહ પડે તે સહિયે. ઢા૦ ૩૦
રીસે રંક શિશુને રગડી, ગાળો ન દીજે વાંકીજી;
કોયના સુખનો વાદ ન કરિયે, બળ પોતાનું પાંકી. ઢા૦ ૩૧
સંતાનોને જોઇ કોય પૂછે, તો સસરાનાં કહિયેજી;
આપણાં એ અભિમાન ન ધરિયે, વાંકી વાટયે ન વહિયે. ઢા૦ ૩૨
અંગ મેહેનતે જો કાંઈ મળ્યું કે, પડયું જડે કાંઇ પંથેજી;
સત્પાત્રોને કરતે દીજે, આપ્યું વાવરીયે કંથે. ઢા૦ ૩૩
અભ્યાગત આંગણે આવે તો, વાંકી વાત ન વદિયેજી;
વ્યભીચારિણિ વનિતાની તે, વાત ન શુણિયે કદિયે' ઢા૦ ૩૪
જુ માંકણ આદી જંતુને, અતિશે આંચ ન દીજેજી;
જલ સાવરણી લવણ વન્હિને, હાથો હાથ ન લીજે. ઢા૦ ૩૫
કર પદ ઉપર મેલ રહે નહિ, એ રીતે ઘશી ધોઇયેજી;
જનમાં બેશી ઝોકાં ન ગણીયે, વહુ બેટી ન વગોઇયે. ઢા૦ ૩૬
છડી ઝાડકી વીણિ ધોઇને, અન્ન રસોઇયે પચિયેજી;
નિત્ય ચાળીને લોટ વાવરિયે, રસોઇ કાચી ન રચિયે. ઢા૦ ૩૭
શૌચ જતાં કે લઘવિ કરતાં, મૈન રાખીયે વાણીજી;
લેઈ મૃત્તિકા કરપદ ધોઇયે, ડુકી ન પીજિયે પાણી. ઢા૦ ૩૮
મળ્યા પ્રમાણે ભિક્ષુજનને, આપી ગાળિ ન દીજેજી;
સંકટ વેળા સાવધ થઇને, ધર્મ સંભાળી લીજે. ઢા૦ ૩૯
ગૌજાતીને ગાળ ન દીજે, દુગ્ધકાજ નવ્ય દમિયેજી;
દશા દ્વાદશા સૂધી કોયનું, સૂતકી અન્ન ન જમીયે. ઢા૦.૪૦
યાત્રા જઇયે તો પતિની સાથે, અથવા પિતુને સંગેજી;
રજ આવ્યું તો ચાર દીવસમાં, નવ્ય ઉતરિયે ગંગે. ઢા૦ ૪૧
ચાર દિવસ સૂધિ નિજનું મુખ, દાખવિયે નહિ નરનેજી;
બીજી રજવંતીને ન અડિયે, તજી નવ્ય જઇએ ઘરને. ઢા૦ ૪૨
પુંજે વાળતાં જંતુ સાચવી, મોરી રાખિએ ચોખીજી;
ઉત્તમ વસ્તુ ન એકલા ખાઇએ, પ્રાણ પોતાના પોખી. ઢા૦ ૪૩
રાહાડચ ન ઘાલિએ પર નિજ ઘરમાં, લઢી લાંઘણ નવ્ય કરિયેજી;
શિશુ જ્યારે સ્તન પીતુ હોય તો, અનીષ્ટ અન્ન ન ચારિયે. ઢા૦ ૪૪

ગર્ભવતી નિજ તનું જો હોય તો, કૃષ્ણ કથા સાંભળિએજી.
રાઇ સરશિયું મિરચ મૃત્તિકા, ખાહું ખારૂં ન ગળિએ. ડા૦ ૪૫
લીપીયે પોતીયે દેવ મંદિરે, ચિત્રામણ ચીતરીએજી;
ઘરને દેવ મંદિરે ગુંથી, પુષ્પ મંડલી ભરિએ. ડા૦ ૪૬
કોય બકાવે ત્યમ નવ બકિયે, બાધા ન રાખિએ કશિયેજી;
અજાણ્યાનું ઔષધ નવ ખાઇએ, પરપુરૂષોથી ન હશીએ. ડા૦ ૪૭
જતી ગુસાઇ ફકીર વિરાગી. તેમને દૂરથી નમિયેજી;
જાણે અજાણે પાપ થયાં તે, પૂછિ પરોક્ષ્ય નિગમિએ. ડા૦ ૪૮
પતિ પધારતાં સંગ જવાય તો, સહુ કરતાં તે સારૂંજી;
હઠે હીંમત તો વિધવા રહિએ, વિષ્ણુ સ્મરણથી વારૂ. ડા૦ ૪૯
વિધવાને શણગાર ન ધરવા, કેશ ન ધરવા શિશેજી;
પરને ઘર જમવા નવ્ય જાવું, રડી મરવું નહિ રીશે. ડા૦ ૫૦
કોયનો ચુડો વસ્ત્ર નંગને, વળિ શિશુ નવ્ય જોઇએજી;
કૃષ્ણ કથા કીર્ત્તન સુણિ ગાંહિલા, કલિમલ કલથી ધોઇએ. ડા૦ ૫૧
પુત્ર ભાઇ કે જેઠ દિયર તેની, આજ્ઞા માફક ચાલેજી;
વિધવાને જે જોઇએ તેટલું, એટલા માનો આલે. ડા૦ ૫૨
પતિ મતિ કે વિધવા તેને, શાસ્ત્ર સંગતી કરવીજી;
વિકાર રહિત વિપ્રના મુખથી, કથા કર્ણમાં ધરવી. ડા૦ ૫૩
સંસ્કૃત સજ્જનથી સાંભળવા, ભાગવત ગીતા ભાવેજી;
ભવસાગર તરવો ભક્તિથી, નાથ નામને નાવે. ડા૦ ૫૪
સુખ દુઃખ વેઠી એકવાર પણ, સુપાત્ર બ્રાહ્મણને કરજી;
ભાગવત દાન આપાય શુભ તો, ભાગે જન્મ મર્ણ ડર. ડા૦ ૫૫
ક્ષમા ધરી સુખ દુઃખને સહિયે, ગિરિધરના ગુણ ગાઇયેજી;
વિષ્ણુ તણો વિશ્વાસ ધરિને, ધર્મ તજી નવ્ય ધાઇયે. ડા૦ ૫૬
ગણપતિ કેરૂં વ્રત ચતુર્થી, રામનવમી શિવરાત્રીજી;
જન્માષ્ટમી એકાદશી કહિયે, અભય પદારથ દાત્રી. ડા૦ ૫૭
શિવ વિષ્ણુમાં ભેદ ન ગણિયે, આત્માને ઓળખીયેજી;
જીવ ઈશ છે અભેદ એટલું, આભ્યંતરમાં લખીયે. ડા૦ ૫૮

શિવ વર્ષનો સુત ષોડશની, તનયા જોઈ સમજીયેજી,
વિરાગ નાવ્યો તો પણ આપણુ આપે, કામ કેલીને તજીયે. ડા૦ ૫૯
સદ્દગુરૂને શ્રીકૃષ્ણુ માનીયે, જે જગદીશ જણાવેજી;
વિષયવાસના કરે વેગળી, કર્ણે કથા સુણાવે. ડા૦ ૬૦
પતિ કદાચિત્ હોય અધર્મી, ભગવદ્ ભક્તિ ન માંનેજી;
તો પણ તેની રજા માનીયે, હરિને ભજિયે છાંને. ડા૦ ૬૧
ગાયું તેનું ગાઈને વળતું, કૃષ્ણ કથાનક શુણિયેજી;
દાન બને તો ગુપ્ત કીજીયે, ગર્વ ન દેહનો ગણિએ. ડા૦ ૬૨
યાત્રા દાન ધર્મને વ્રત તે, કર્યા ન કહિએ કોનેજી;
આપણા ગુણ કોય ગાતું હોય તો, લાજી સંકોચે મ્હોને. ડા૦ ૬૩
નાત્ય બાહાર્ય જો પતિ થયો તો, અંગ ન ભજિએ તેનુંજી;
પવિત્ર કીધા કેડે કરિએ, દાન આપણા દેહનું. ડા૦ ૬૪
કોય આપણને પૂછે તેને, સરસ શિખામણ દીજેજી;
કોય જો ભ્રમ સમજાવે તો ત્યાં, આપ સંભાળી લીજેજી. ડા૦ ૬૫
પૂર્વ પતીવ્રતા થૈ તેણિએ, આ શિક્ષાઓ લખાવીજી;
મારા કામની એમ મનમાંની, નારીને નિત્ય ગાવી. ડા૦ ૬૬
એ રીતે જો નારી ચાલશે, તે કલિયુગમાં દેવીજી;
બીજીને એના ચર્ણોની, રજો મસ્તકે લેવી. ડા૦ ૬૭
આ અવતાર અનૂપ એણીએ, આપો આપ સુધાર્યોજી;
મહિયર માતુલ ને સસરાનો, વશ તેણીએ તાર્યો. ડા૦ ૬૮
એટલા માનાં કોય નહી જો, લક્ષણ અબળા અંગેજી;
ડાહ્યા નર આસક્તિ ન કરશો, એ સુંદરીને સંગે. ડા૦ ૬૯
એ લક્ષણથી પતિવ્રતાને, મનોરમા ઓળખાવીજી;
કૃષ્ણ રામ કહે એવી મળ તેનું, ભવ્ય માનજો ભાવી. ડા૦ ૭૦
સંવત અઢાર ચુવોતેરે ફાલ્ગુન. સિત સપ્તમી શનીવારેજી;
નારી માણસની શીક્ષા તે, પૂર્ણ લખાંણી ત્યારે. ડા૦ ૭૧

દોહો.

ઇકોતેર ઢુંકે કહી, નારીને શિક્ષાય;
કૃષ્ણરામ કહે જે ગ્રહે, તે સહુ સુખીયાં થાય.

॥ સત્યશાસ્ત્ર શિક્ષા. ॥

મારા મન માંનજેરે, સત્યશાસ્ત્રનિ શિખામણ. મા. ૧
તું તો યુક્તિયે ધારી જોજેરે, ખોળ કરિને ખળતા ખોજેરે;
તારે મનને તું કલિમલ ધોજે. મા. ૨
તું તો ધીર્ય ધરી જોને ધારિરે, વેદાન્તનાં વાકય વિચારીરે;
તું લે તારા સ્વરૂપને તારી. મા. ૩
જેને મારૂં માને છે તે માયારે, સુત સુંદરી કનકને કાયારે;
ઘટે ઘાલતાં કંઇક ઘલાયા. મા. ૪
માયા કાંઈકનું કાંઈ સમઝાવેરે, અવળી આશા ઉપજાવેરે;
વસ્તુ ભૂલાવી ભ્રાંતિ ભજાવે. મા. ૫
સુત રૂપનું સાંભળ સૂત્રરે, જે વિના ગતિ નહિ ઇહાં મૂત્રરે;
તે તો પરખ કિયો એ પૂત્ર. મા. ૬
પુન્નામ નર્ક સંસારરે, એ થકે જે કરે ઉદ્ધારરે;
પુત્ર પ્રેમ તે કૃષ્ણાકાર. મા ૭
જેથી ઉઘડે આવર્ણ કપાટરે, ત્રણ રૂણના મિટે ઉચાટરે;
ગાળિ ઉતરે થાય ઘેઘાટ. મા. ૮
મેહેલ મનમાં વધે મંગળરે, વળે પાપ પિત્રાઇનું બળરે;
નવ્ય ચાલે કર્મની કળમાં. મા. ૯
વાસના મુખે વન્હિ દામરે, અંત સમે ઉદય કરે જ્ઞાનરે;
પિંડ પ્રષ્ટે મુકાવે માન. મા. ૧૦
આ લોકની આંચ મિટાડેરે, પરલોક થકી નવ્ય પાડેરે;
પ્રભુ પદ પર્યંત પોચાડે. મા. ૧૧
જેથી મીટે વાંઝીયા ગાળરે, ઉલટા અધ્યાસની આળરે;
પુત્ર તેને કહ્યો પ્રતિપાળ. મા. ૧૨
તેણે સહીત હશે સુત કોયરે, જેમ ઘૃત ભરિયો ઘટ હોયરે;
તે તો તાત તણું વિષ ધોય. મા. ૧૩
જેને અર્થે કહ્યો કથા યજ્ઞરે, બાધા સઘળી પહુી કરે પ્રજ્ઞરે;
તેને શાસ્ત્ર શૃણિ લહે તજ્ઞ. મા. ૧૪

માયાયે કર્યો મનમાં મેલરે, તેણે હાંખ્યો ફોકટ ફેલરે;
સુત સમજી શકાય ન સેહેલ. મારા૦ ૧૫
ભર્યો મેદ ચર્મ મલ મૂત્રરે, પિંડ પંચ ભૂતનો પુત્રરે;
તે તો કરે કૃતારથ કુત્ર. મારા૦ ૧૬
જે છે જીવ પૂર્વનો રૂણિયોરે, તે તો બેટા રૂપે આજ બણિયોરે;
તેને અજ્ઞજને સુત ગણિયો. મારા૦ ૧૭
જેનાં મળ મૂત્ર નિત્યે ધોવાંરે, વાંધો પાડી વાહાલાંને વગોવાંરે;
રોગે રગડાતો દેખી રોવાં. મારા૦ ૧૮
સેહેવી અન્ય તણી ઓશીયાળોરે, વળિ ગુણ હીણા તણી ગાળોરે;
એ તે પુત્ર કે પાપની પાળો. મારા૦ ૧૯
ખાય સદ્વસ્તુ ખુણે પેશીરે, જાય જોવા તે કાંધે બેશીરે;
રાગ ઉપજાવી નાંખે રેંશી. મારા૦ ૨૦
ઓળંભા અનેકના લાવેરે, બડબડ બહુ વિધની બકાવેરે;
કદિ કૃષ્ણ ચિંતન ન કરાવે. મારા૦ ૨૧
માને શીગડી શિરે ધરે બળતીરે, વાંસે ભુજ બંધાવે વળતીરે;
ભૂત સરખી કાહાડે કળકળતિ. મારા૦ ૨૨
પાગ માતના તાતની ડાહાડીરે, રંગી આડય કરાવે આડીરે;
કળે કરિને કનક લે કાહાડી. મારા૦ ૨૩
પછિ ઘરડા કરીને થાપેરે, બાહાર્ય જમવા જવાય ન બાપેરે;
કરે સંકટ નિત્ય સંતાપે. મારા૦ ૨૪
આપે રચ્યો અધર્મે જે દામરે, તેનો ધણિ થઇ બેસે ધામરે;
ઘરડા તાતને કરે ગુલામ. મારા૦ ૨૫
જીવતાં બહુ વિધથી બાળેરે, ખરે માર્ગે જાતાં ખાળેરે;
તે તો પૂત્ર પછી શું પાળે. મારા૦ ૨૬
કહ્યો પૂત્રોત્પન્ન પુરાણેરે, તે શું સ્વાધિન સુત થવો જાણેરે;
શાને અર્ભને પૂત્ર પ્રમાણે. મારા૦ ૨૭
રૂણી હોય તો લેવા આવે ધામેરે, કલેશ ઓળખી તું રખે કામેરે;
પૂત્ર પ્રેમ કહ્યો કૃષ્ણ રામે. મારા૦ ૨૮

હવે સુંદરીને કહું સૂધિરે, કરિ નિર્ણય શાસ્ત્રમાં બુધિરે;
અજ્ઞ તું માને છે તે ઉંધીરે. મારા૦ ૧
પતિવ્રતા કહિ જે પ્યારીરે, તુંને તર્ત શકે જે તારિરે;
ન્યાહાળી જો તે કોઇ નારિ. મારા૦ ૨
આત્માને રહે અર્ધાગરે, તે તો શુદ્ધ બુદ્ધિ સર્વાંગરે;
આળ ઉતારે કરી અપાંગ. મારા૦ ૩
કર શ્રીફળ ગ્રહે શુભ્ર કર્ણુરે, સાસરે ગયે ગુરૂને શર્ણુરે;
તેવી પ્રેમદાને તું પરણ. મારા૦ ૪
નમે ટેક રૂપિ ત્યાં નાકરે, કંસાર મળે બિન શાકરે;
મિટે ધર્મરાયની ધાક. મારા૦ ૫
વસે અંતઃપુરમાં અવ્યક્તરે, અન્ય વિષય પુરૂષથી વિરક્તરે;
નાથને ન્યાહાળે દિવાનક્ત. મારા૦ ૬
વસ્તુ સાચવે ઘટ ઘર માંનીરે, હરિ સ્મર્ણુની હોય ન હાંનીરે;
છલિ જાય ન કોથી છાંની. મારા૦ ૭
જેની સંગે સાધે શુભ કર્મરે, પ્રેમ પૂત્ર જેથી હોય પર્મરે;
ચાલે નરથી નમતી નર્મ. મારા૦ ૮
રામ રંગ સધાવે તે રામારે, સહગમન કરે અંતે શામારે;
એ તે પત્નિને બીજી તે ભામા. મારા૦ ૯
એવી પરણજે ધ્રુવની સાખરે, એને રાખ્યો તુંને તેમ રાખેરે;
રઝળી શકુ આરે એ પાખે. મારા૦ ૧૦
આ તો નારિ નીરચની ખાંણુરે, જેથી હોય પદોપદે હાંણુરે,
એ તો કામી જનો તણિ કાંણ. મારા૦ ૧૧
બીજી તો ભૂંડો કહે ભર્ત્તરે, રીઝી તો ચુંથાવે ગર્ત્તરે;
નિત્યે નરને નચાવે નર્ત્ત. મારા૦ ૧૨
દેખે ડળકાવે ડાહાડચરે, ખાંતિ ધર્યેથિ નાંખે ખાડરે;
ભોગ કરતાં ભાગે હાડ. મારા૦ ૧૩
જન્માંતરનો હશે રિપુ જેહરે, તાકતો આવિ તેનો તેહરે;
દારા રૂપ ધરી દમે દેહ. મારા૦ ૧૪

અકળાવે ઉપાધી અનંગરે, વળગાડે વિધવિધ વ્યંગરે;
ભજનાદિકને કરે ભંગ. મારા૦ ૧૫
જે ચકે તે થાયે ચોરરે, જણ જણનું ચાલે શિરે જોરરે;
ગળે પડે ઘણેરા ઘોર. મારા૦ ૧૬
ગમતાં ઘરેણાં લે ઘેરીરે, મર્દી નાંખે થૈ મેહેરીરે;
ઘણિ જકડ કરાવે ઘેરિ. મારા૦ ૧૭
બહુ મર્દ બોલીને બાળેરે, જીવતાં જકડે જંજાળેરે;
પાછળ વરસે આંસુ લીંટલાળે. મારા૦ ૧૮
નોહ્યે નારિ એ તો છે નર્કરે, ગંદાઇમાં કરતી ગર્કરે;
કાન્તા માને વધશે કર્ક. મારા૦ ૧૯
કામધી વરે પસરી એ જાળરે, ઘર્યું ઓષ્ટે માંસ રસાળરે;
મત્ત મર્ત્ય મત્સનો એ કાળ. મારા૦ ૨૦
જે સુંદરી સરસ સ્વરૂપરે, તે તો તૃણા વરિત જેમ કૂપરે;
તેને અજ્ઞ તે માને અનુપ. મારા૦ ૨૧
માટે એની આસક્તિ તજીયેરે, શાસ્ત્ર સંસ્કારે સદ્બુધિ ભજીયેરે;
કૃષ્ણરામ કેહે કૃષ્ણને યજિયે. મારા૦ ૨૨
હવે કનકતણી કહું રીતિરે, જેથી થાય અભય વળી ભીતીરે;
તેની ન્યારી ઓળખવી નીતિ. મારા૦ ૧
ધાર્ય ધર્મ એટલું ધનરે, જેથી જોખમ વામે જનરે;
મેલું થાય ન જેથી મન. મારા૦ ૨
બાંધ્યું નવગ્રહું શીશે જણાયરે, નમે સંત પુરૂષને પાયરે;
કર્ણ કુંડલ કૃષ્ણ કથાય. મારા૦ ૩
કંઠ મણિ ગોવિંદનું ગાનરે, હૃદે હાર શ્રી હરિનું ધ્યાનરે;
કરે કંકણ કરવું જે દાન. મારા૦ ૪
દંત રેખા તે સાચી વાણિરે, પ્રભુ પૂજાને મુદ્રિયો પાણિરે;
પીડા ભંગ તે પૂંચીયો જાણિ. મારા૦ ૫
કટિ કિંકણી સ્ત્રીનિ ન તાણુરે, બાજુબંધ ન કરવી હાંણુરે;
પદનુપુર તીર્થ પ્રયાણ. મારા૦ ૬

વક્ષ દુગદુગી વિષય વિરક્તિરે, હેમ સાંકળી ભગવદ્ ભક્તિરે;
મુક્તામાલા તે ઇશ આસક્તિ. મારા૦ ૭
કરે કડાં કરે નમસ્કારરે, ઉરપદક તે પર ઉપકારરે;
ધનિના એ સોળે શણુગાર. મારા૦ ૮
કરે કૃષ્ણાર્પણુ જે કર્મરે, માંહે લો સમજીને મર્મરે;
તેને ચિત્તે ન ચોટે ચર્મ. મારા૦ ૯
કર્યાં પૂર્વ જન્મનાં જે પાપરે, તે તો પ્રારબ્ધ થૈ કરે તાપરે;
તેને એ અવલોકે આપ. મારા૦ ૧૦
દુઃખ સુખ ભોગે જે શરીરરે, વળી અન્ન વસ્ત્રને નીરરે,
તેને પ્રારબ્ધ ધારે ધીર. મારા૦ ૧૧
ક્રિયમાણુ થોડે મળે જેહરે, પૂર્ણું પાપ પૂણ્ય ફલ તેહરે;
ભોગે છુટે એ નિઃસંદેહરે. મારા૦ ૧૨
મધ્યમથી મળે મધ્મરે, સ્વલ્પનું મળે ત્યાં અતીશ્રમરે;
મેઘ સરિત કુપોદક જેમ. મારા૦ ૧૩
અતી આયાસે જે નોહ્ય લબ્ધરે, જેમ ફલ વરજિ તરૂ સ્તબ્ધરે;
ને તો કેવલ શુષ્ક પ્રારબ્ધ. મારા૦ ૧૪
કોય સુખ દુઃખ વૃદ્ધિને હાનિરે, જય પરાજય હર્ષને ગ્લાનિરે;
એને ભોગવવું પ્રારબ્ધ માનિ. મારા૦ ૧૫
આગંતુકે અધિક એ થાયરે, પણુ મૂળ પારબ્ધ ન જાયરે;
કૃષ્ણુ ભજને કળે ભોગાય. મારા૦ ૧૬
ક્રેયમાણુ કહ્યાં વેદે જેમરે, જેનાં જેમ છે વર્ણાશ્રમરે;
ને તો કરતાં તેમનાં તેમ. મારા૦ ૧૭
જેણે આગંતુક દુઃખ વામેરે, પ્રારબ્ધને કેવળ પામેરે;
ક્રેયમાણુ લખાય નામે. મારા૦ ૧૮
ને તો કળથી કૃષ્ણુને અર્પ્યરે, તન્વાદિ તે અર્થે તર્પ્યરે;
હિ તો યમરાયનો છે ડર્પ. મારા૦ ૧૯
આ શયને શુદ્ધિ કરવારે, ક્રિયમાણુ કહ્યાં તે તરવારે;
દ્યે પ્રારબ્ધ તે પેટ ભરવા. મારા૦ ૨૦

ફળ તૃષ્ણા વિના કર્યાં કરિયેરે, ભોગી પ્રારબ્ધ અંતે તરિયેરે;
નહિતર પૂણ્ય પાપને વરિયે. મારા૦ ૨૧
હું કરતા કેહેવું અભિમાનેરે, મૂકિ દીજિયે શાસ્ત્રની સાનેરે;
દાસ હરિના થૈયે જ્ઞાને. મારા૦ ૨૨
નિર્મિત્ત સુખ દુઃખ થાયરે, જેનું કારણ કળ્યું ન જાયરે;
તે તો મોટાની કલેશ કૃપાય. મારા૦ ૨૩
જે કાળે જેહ થનારૂંરે, તેનું બંધ બને નહિ બારૂંરે;
પણ સતસંગે થાય સારૂં. મારા૦ ૨૪
ખળ સંગે જે થાય ક્રિયમાણરે, તેથિ હોય નવી નવી હાણરે;
સતસંગે હોયે કલ્યાણ. મારા૦ ૨૫
કળ કર્મની વિધિયે રચેલીરે, અજ્ઞ સુજ્ઞની મતિ કરે મેલિરે;
નાંખે તે જન્મ જન્મમાં ઠેલી. મારા૦ ૨૬
તેથી અજ્ઞ તણાણા જાયરે, પૂર્વ સ્મર્ણ સૂજ્ઞને થાયરે;
સુજ્ઞે સાધન શુદ્ધ સધાય. મારા૦ ૨૭
સૂજ્ઞ મુક્ત થાય પછિ ત્યાંથીરે, અજ્ઞ આથડે યાંથી યાંથીરે;
ભ્રમે નિકળે નહિ ભવમાંથી. મારા૦ ૨૮
સંત સેવે સ્વાંગ બદલાયરે, પણ પ્રારબ્ધ નવ્ય પલટાયરે;
કહિ કાલાંતરે પણ થાય. મારા૦ ૨૯
પ્રારબ્ધ પ્રભુ નવ્ય ટાળેરે, પણ અશકય હોય તે આલેરે;
સંચિત તો સેવકનાં બાળે. મારા૦ ૩૦
ક્રિયમાણ કુટીલને કાહાડેરે, પ્રારબ્ધને સહજ પોચાડેરે;
હુદિ રસિક પ્રેમને રમાડે. મારા૦ ૩૧
હરિ કીર્ત્તન શુણતાં ગાતાંરે, શર્ણે સત્ય ભાવ થાતાંરે;
પૂર્વ પાપ ખસે લાત ખાતાં. મારા૦ ૩૨
કૃષ્ણાર્પણ હોય ક્રિયમાણરે, બળિ જાય સંચિતની ખાંણરે;
પ્રારબ્ધનું ભોગે પ્રમાણ. મારા૦ ૩૩
જન્માંતરે માનવ દેહરે, ત્યાં પાપ પૂણ્ય કર્યા જેહરે;
અણભોગેલાં સંચિત તેહ. મારા૦ ૩૪

જે જે સૂક્ષ્મ સ્વરૂપ બનેલાંરે, ક્રિયમાણુ ત્યાં જે જે કરેલાંરે;
થયાં સંચિત અણુભોગેલાં. મારા૦ ૩૫
કાહાડયાં તેટલાં પ્રારબ્ધ ભોગાયાંરે, કર્યાં તે ક્રિયમાણુ કેહેવાયાંરે;
શાસ્ત્ર સમજણે એ ઓળખાયાં. મારા૦ ૩૬
જેવા ઇન્દ્રિ વ્યાપાર જણાયરે, તેવી ચિત્ત વૃત્તિ ઓળખાયરે;
તેવું પ્રારબ્ધ કર્મ કળાય. મારા૦ ૩૭
જેવાં સ્વપ્ન મનોરથ ચિત્તરે, અવલોકાયે અઘટીતરે;
તેવું સમજાયે સંચિત. મારા૦ ૩૮
જ્યાં ચિત વસે હુંશિયારરે, તર્ત શુણતાં હોય તૈયારરે;
તેણે સમઝાયે સંસ્કાર. મારા૦ ૩૯
શુદ્ધ શાસ્રને કહે સમજાવીરે, કે સમઝે સુસંગે આવીરે;
તેથી ભાસે ભલું જે ભાવિ. મારા૦ ૪૦
હોયે અઘટિતની ઘટનાયરે, શ્રમ સ્મ સ્વલ્પે સિદ્ધિ બહુ થાયરે;
તેથી કૃષ્ણની કરૂણા કળાય. મારા૦ ૪૧
અણુચિંત્યુ ઉદ્યમ વિના હોયર, સારે ભુંડું ભુંડે સારૂં કોયરે;
તેને ઇશ ઇચ્છા તું જોય. મારા૦ ૪૨
જેમ થાતું તેમ ન થાયરે, સારૂં ભુંડું તે એ બદલાયરે;
તે તો પુરૂષ પ્રયત્ન કેહેવાય. મારા૦ ૪૩
નિત્યાનિત્યનો થાય નિર્ધારરે, હોય વૃત્તિયો કૃષ્ણાકારરે;
તેને માન શાસ્ત્ર સંસ્કાર. મારા૦ ૪૪
ભલિ વાતે ન ઉપજે ભાવરે, પ્રિછિ પણ ન કરે પ્રસ્તાવરે;
તેને માનજે મલિન સ્વભાવ મારા૦ ૪૫
કરે દાન તીરથ વ્રત દીવ્યરે, ગાય ગમતાં ગાયન ગ્રીવરે;
તેણે સમજાય સ્વર્ગિ જીવ. મારા૦ ૪૬
મુખે મચ્મો ચચ્ચો ભાખેરે, રસ માની ચામ રસ ચાખેરે;
તેને પશુ પક્ષી તું દાખે. મારા૦ ૪૭
જે વિમળ જનોનો વેરિરે, કષ્ટ પામે પમાડે કેરિરે;
તે જીવને જાણજે ઝેરી. મારા૦ ૪૮

મારાં માની કરે દયા દાનરે, ઉરમાં રાખે અભિમાનરે;
તેને મનુષ જીવ તું માન. મારા૦ ૪૯
પ્રેમિ પ્રભુનો મોટાનો મીત્રરે, દીનદયાળ અળગો ઇત્રરે;
તે તો પ્રાંણીને માન પવીત્ર. મારા૦ ૫૦
જેને કાંઈ નડે નહિ કષ્ટરે, જેની વિષય ઉપર નહિ દષ્ટરે;
તેને જાણજે યોગ ભ્રષ્ટ. મારા૦ ૫૧
જે સમજાયે થાય ન દક્ષરે, જેનું દમનારાં જમે સમક્ષરે;
તેને જાણજે વનનો વ્રક્ષ. મારા૦ ૫૨
છળનારાંથી જાય ન છુપીરે, કહ્યું સમજે ન કર્ણ કુલુપીરે;
મોટમ માને તે પર્વતરૂપિ. મારા૦ ૫૩
શુભા શુભનું જેને જ્ઞાનરે, વૈર સહુથી અને સ્વાભિમાંનરે;
શિશ્નોદર તર્પે તે શ્વાન. મારા૦ ૫૪
ઉર ઉઘડયાં ચક્ષુ અનંતરે, જે છે અપાર કરૂણાવંતરે;
તેને જાણજે સુંદરસંત. મારા૦ ૫૫
જેને કહ્યું ઉતરે કાનરે, સ્વલ્પ કેતાં સમજે સાંનરે;
તેને સત્સંગી તું માન. મારા૦ ૫૬
જે કો સવળે અવળું ધારેરે, મુખ મીઠું વદી ઘર મારેરે;
તે તો કુટિલ તરે નહિ કયારે. મારા૦ ૫૭
બિન સ્વાદ કલેશે વહે ભરરે, પ્રાહાર પાંમે ન પ્રીછે નરરે;
ભોગે કુભોગ તે પામર. મારા૦ ૫૮
જે અખીલને જાણે અરાતિરે, છેક છળની ભરેલી છાતિરે;
ઇશ વિમુખ છે તે આત્મઘાતિ. મારા૦ ૫૯
જે સમજે શિખામણ સારિરે, જુવે આપે આપ વિચારીરે.
તોહે તૃષ્ણા તન જાય ભારિ. મારા૦ ૬૦
તેને પ્રારબ્ધ બલિયું બાકીરે, ભોગવવા રહ્યો છે તાકીરે;
તેને પ્રીતિ પ્રભૂની પાકી. મારા૦ ૬૧
જેને વાધિયો વિમલ વિવેકરે, ઉરે આશાન ઉપજે એ કરે;
તે તો તારશે પ્રાણી અનેક. મારા૦ ૬૨

જે પરણીને કર પ્રાહારરે, વળી ભોગવે વિષય વેહેવારરે;
તે તો જન્માતરનો જાર. મારા૦ ૬૩
જેને ગૌબ્રાહ્મણથી રોષરે, તેને દિન દિન વાધે દોષરે;
તેનું મન કર્યું માયાયે મોષ. મારા૦ ૬૪
જેને માત ઉપર નહી મેહેરરે, તે તો જન્માંતરે કરે ઝેરરે;
વનિતા થૈ વાળે વેર. મારા૦ ૬૫
જેને રામા ઉપર ઘણો રંગરે, ભગ તૃષ્ણા કરે તેનો ભંગરે;
તે તો અવતરે તેને અંગ. મારા૦ ૬૬
જેને પરદારા પર મીટરે, તેની કામની ઉપર કીટરે;
થાય વિષનો ભરિયો વિટ. મારા૦ ૬૭
જેની વૃત્તિયો કાન્તાકારરે, યુવતીનો જે ઘણો જારરે;
તેને અબળાનો હોય અવતાર. મારા૦ ૬૮
જે અધર્મે પર ધન ભોગીરે, જે હરણ કર્યાનો યોગિરે;
તે તો અવતરે અંગે રોગીરે. મારા૦ ૬૯
જે ખાય નવારસૂં ધંનરે, અન્યાયે આરોગે અન્નરે;
થાય દરિદ્ર તે દિન દિન. મારા૦ ૭૦
જેનિ ગુરૂ પત્નિ શું નજરરે, તાકે બ્હેન દીકરીનાં દરરે;
તે તો ભોગવે ભગંદર. મારા૦ ૭૧
ખાયે જે દીકરીના દામ, ચિંતે લાંચો વેચાવીને ચાંમરે;
થાય વિકટ વેહેનારો ગુલામ. મારા૦ ૭૨
જેણે પરધન લીધું ઉધારરે, વિધ વિધ કરવા વ્યાપારરે;
પાછું નાપે તો પામે માર. મારા૦ ૭૩
ઇચ્છા આપ્યાની પણ ન અપાયરે, વિના વાંકે લુંટાઇ જાયરે;
તે તો છુટે નમેથી પાય. મારા૦ ૭૪
ભોગિ અન્ન વસ્ત્રને ઘરરે, નાપવાની નાખી નજરરે;
તેથી જાય ન જિરવ્યું જર. મારા૦ ૭૫
જેણે વિપ્રોનું લીધું વ્યાજરે, દીનજન ઉપર ધરી દાઝરે;
તેની અંતે રહે નહિ લાજરે. મારા૦ ૭૬

દેવ વિધવા વિપ્રનાં ધંનરે, લેઈ અંતે ઓળખાવ્યું મંનરે;
તે તો ફૂંકે દેવાળું જંન. મારા૦ ૭૭
જે કનિષ્ટ મર્યાની વસ્તરે, શોખ કરવી ધારે સમસ્તરે;
તેની આબરૂ થાયે અસ્ત. મારા૦ ૭૮
જેને પચે પાપિનું અન્નરે, અથવા દુષ્ટને આપે ધનરે;
તેનાં બદલાઈ જાયે ચિન્હ. મારા૦ ૭૯
સર્વ પ્રાણીને જે કરે ત્રાસરે, કરે ઘાત દેઈ વિશ્વાસરે;
તેની રીદ્ધિનો થાયે હ્રાસ. મારા૦ ૮૦
જે લગાવે દીનને દાગરે, નાપે વિપ્ર વન્હિને ભાગરે;
તેને આલયે ઉઠે આગ. મારા૦ ૮૧
જે ધુર્તોને નામે શીશરે, રાખે રસિકજનોથી રીશરે;
ખોઈ ઐશ્વર્ય થાય અનીશ. મારા૦ ૮૨
જે હરિ હર બ્રહ્મા ગણેશરે, રવિ ચંડી ઉપર કરે દ્વેષરે;
તેનું શ્રેયો જાય નિઃશેષ. મારા૦ ૮૩
ભવ બ્રહ્મા હરિમાં ભેદરે, જે માનશે મન કરી ખેદરે;
તેને વસશે ન હૃદયે વેદ. મારા૦ ૮૪
માનિ જીવેશ્વરમાં જુદાશરે, વાસ્તવ માનશે જે વિલાસરે;
તેના છુટે ન સંસૃતિ પાશ. મારા૦ ૮૫
જાય વિપ્રની નિંદા ચ્હાવારે, બીજાને અધર્મ બતાવારે;
તેના ઘરમાં ઘટિ જાય ખાવા. મારા૦ ૮૬
જે કુટિલ કરિને ક્યાસરે, હરિ હરિજનનાં કરે હાસરે;
તેનું સર્વસ્વ થાશે નાશ. મારા૦ ૮૭
જેનિ શ્રદ્ધા હરિમાં સ્પષ્ટરે, જે સકળ રહે સમ દ્દષ્ટરે;
તેને કોય ન પીડે કષ્ટ. મારા૦ ૮૮
જેને નિંદા સ્તુતિ નહિ કોનીરે, કદી વૃત્તિ નહિ પરદ્રોહનીરે;
તેને નડે ન પીડા મોહની. મારા૦ ૮૯
જેને ઇન્દ્રિ દમનની શક્તિરે, ઇષણાઓની નહિ આસક્તિરે;
તેના ઉરમાં વસે વિરક્તિ. મારા૦ ૯૦

જે ભોગોને માને અમોક્ષરે, સ્વસ્વરૂપને સમજે મોક્ષરે;
તેને ઇશ હશે અપરોક્ષ. મારા૦ ૯૧
જે અનુભવે ઉપનિષદ્યુક્તિરે, કામાદિકની ન ચાલે યુક્તિરે;
તેને હશે જીવતાં મુક્તિ. મારા૦ ૯૨
જે પ્રારબ્ધ રેહેશે પ્રાશીરે, વિષયોનો નહિ જે વિલાશીરે;
તેના ઉરમાં ઉપજે ઉદાસી. મારા૦ ૯૩
ભોગે ભોગ અનિત્ય વિચારીરે, હરિ કરૂણાનિ આશા ધારિરે;
તે તો ભક્તિતણો અધિકારિ. મારા૦ ૯૪
જેને નાથ નામનો સ્નેહરે, અન્ય ઉઠે નહિ સંદેહરે;
માન પવિત્ર પ્રાણી એહ. મારા૦ ૯૫
જેને દૃઢ હરિનો વિશ્વાસરે, ઉરમાં નહિ અન્યની આશરે;
તે તો કેવલ હરિનો દાસ. મારા૦ ૯૬
જેણે વચન વેદનું માન્યુંરે, દૃઢ બાનું હરિનું બાન્યુંરે;
તેને યમથી પડે નહિ પાનું. મારા૦ ૯૭
ક્રિયમાણે એ ઉઘડે ચારરે, હું ને મારાનાં પોષનારરે;
ઇહા મૂત્રનાં ફલ દાતાર. મારા૦ ૯૮
ચાલે નિજ ધર્મે મળે ભોગરે, અન્ન વસ્ત્ર આરોગ્ય ને રોગરે;
હાંનિ વૃદ્ધિ એ પ્રારબ્ધ યોગ. મારા૦ ૯૯
ધન દારા પશુ પરિવારરે, ગેહ નાત્ય સગાં વ્યાપારરે;
એ તો રૂણનો ઉતરવા ભાર. મારા૦ ૧૦૦
ભણવું ગણવું ભાવ કુભાવરે, માન ગ્લાનિને બુદ્ધિ બનાવરે;
યશ અવયશ એહ સ્હભાવ. મારા૦ ૧૦૧
વ્રત જપ તપ તીરથ દાનરે, જીવ દયા વિવેકને જ્ઞાનરે;
સંસ્કારની એ છે સાન. મારા૦ ૧૦૧
એ તો ચારે ખુલે ક્રિયમાણેરે, ભલા ભૂડા તે જાણ અજાણરે;
તેથી પ્રારબ્ધને પરમાણે. મારા૦ ૧૦૨
ભોગ્યું તે પ્રારબ્ધ પ્રમાણુરે, કર્યા જેટલાં તે ક્રિયમાણુરે;
અર્પે કૃષ્ણ ને થાય કલ્યાણ. મારા૦ ૧૦૩

ભોગવે જાય પ્રારબ્ધનો મેલરે, અસે હું કરતાનો ખેલરે;
સમજાય સુસંગે સેહેલ. મારા૦ ૧૦૪
થાય અચિંત્ય અઘટિત કામરે, પસ્તાવ કર્યે પરિણામરે;
તેથિ રોષ કરે નહિ રામ. મારા૦ ૧૦૫
ક્રિયમાણ દુષ્ટ રહે દૂરરે, નિર્મલ મને વાધે નુરરે;
પ્રભુ પ્રેમ કરે ભરપૂર. મારા૦ ૧૦૬
પછિ કામ ક્રોધને લોભરે, ખશિ જાય પામતા ક્ષોભરે;
પછિ ચિત્ત ચંચલ રહે થોભ. મારા૦ ૧૦૭
પછિ આશા ન ઉપજે એકરે, વ્યાપે અંગોઅંગ વિવેકરે;
છળ બુદ્ધિ મિટી જાય છેક. મારા૦ ૧૦૮
એવું કરતાં આવડે કયમરે, સતસંગ કરે જો રમ્યરે;
શાસ્ત્ર સમજાય જેમનું તમ્ય. મારા૦ ૧૦૯
ષટ્કર્મની જાંણે રીતિરે, નિર્ણય કરી ચાલે નીતિરે;
તો તો બાજી સકાયે જીતિ. મારા૦ ૧૧૦
લૌકિકની સાંભળ લક્ષરે, તે તો કરજે દિલ થઈ દક્ષરે;
જે પસરિ રહ્યાં છે પ્રત્યક્ષ. મારા૦ ૧૧૧
ક્રિયા મૂસાળુ વિહિવા જનોઇરે, સીમંત ખર્ચ મોહ જોઇરે;
વળિ મૃતકને કૂટવું રોઇ. મારા૦ ૧૧૨
શણગાર તે કરવા સવાઈરે, ઘર કરવાં ને કરવી નવાઈરે;
જણાં સહિત તેડવા જમાઇ. મારા૦ ૧૧૩
વરઘોડે ઉડાડવા દારૂરે, ઘાલી મંડપને વરા વારૂરેઃ
ન લુંટાઇએ સ્વલ્પને સારૂં. મારા૦ ૧૧૪
એમાં અવશ્ય હોય તે કરિયેરે, યશ અવયશ ચિત્તે ન ધરિયેરે;
તે પણ કૃષ્ણને અર્પી તરિયે. મારા૦ ૧૧૫
જેને માટે પડે વ્યય કરવારે, તે સહુ રૂપે હરિ દિલ ધરવારે;
ધારિયે રૂણ કર્મને તરવા. મારા૦ ૧૧૬
હવે સાંભળ કર્મ શારીરે, રાગ દ્વેષ વિના ધરી ધીરરે;
કરવાં મન રાખિ સ્થીર. મારા૦ ૧૧૭

જમવાં જે ઉત્તમ પકવાનરે, દુશાલાદિ પટ પરીધાનરે;
વળી દુગ્ધાદિકનાં પાન. મારા૦ ૧૧૮
અરગજા ફુલેલ અત્તરરે, મોરબ્બા બદામાદીગ્પરરે,
ગુલકંદ મલાઈ સાકર. મારા૦ ૧૧૯
નાલખી પાલખી ને રથરે, એ થકે શો સરશે અર્થરે
એમાં રખે ગમાવે ગર્થ. મારા૦ ૧૨૦
જોઈ દેશકાલને વર્ણરે, અંગ રહે તેમ કર્ય આચર્ણરે
તેને પણ કર્ય કૃષ્ણાર્પણ. મારા૦ ૧૨૧
દેહ દેવલ આત્મા દેવરે, તેને તર્ચ્ય તજી અહમેવરે;
સાધવા શ્રીધરની સેવ. મારા૦ ૧૨૨
હવે કર્મ કહું શુણ કામ્યરે, પડે રેહેવું દેવાદિને નામ્યરે;
તજી તેને પ્રભૂને પામ્ય. મારા૦ ૧૨૩
જેણે મળે પશુ સુત જાયરે, ધન રાજ્યદેવની કાયારે;
જે મનોર્થ તે સઘળી માયા. મારા૦ ૧૨૪
એણે યાતા યાત એ ફળરે, શિરે ચાલે કાળનું બળરે;
તે તો ખસતી કર્ય ખળભળ. મારા૦ ૧૨૫
તેણે વંચે કાળને દામરે, તેથી કરજે કર્મ નિષ્કામરે;
વિષ્ણુ પ્રીતીથી હોય વિરામ. મારા૦ ૧૨૭
હરિયે આપ્યું તેથી ધરી તોષરે, ભોગિયે તજિ રાગ ને રોષરે;
કામ કામી ન કર્ય આક્રોશ. મારા૦ ૧૨૮
કહું નિષેધ કર્મની વાતરે, જેથી કંઇકની વ્હાલી ઘાતરે;
એથી અંતે થાય નર્કપાત. મારા૦ ૧૨૯
જીવ જીવથી કરવું ઝેરરે, વપુ આ દિને માટે વેરરે;
કંઇકનો કહપવો કેર. મારા૦ ૧૩૦
એને મૂળથી મૂકી દિજેરે, જેથી રામ રમાપતિ રીઝેરે;
લક્ષ ધરિને લાહાવો લીજે. મારા૦ ૧૩૧
સચરાચરે હરિ રહે વ્યાપિરે, ક્ષેત્રજ્ઞ રૂપે એ અમાપિરે;
તેને પીડતાં થૈયે પાપી. મારા૦ ૧૩૨

નિત્ય કર્મ કહું તે ધાર્યેરે, હું કરતાપણું તું હાર્યેરે;
વસ્તુ માત્ર વિષ્ણુની વિચાર્યે. મારા૦ ૧૩૩
સ્નાન સંધ્યા ષોડશોપચારરે, કથા શ્રવણને નામોચ્ચારરે;
સંત સંગતિ વસ્તુ વિચાર. મારા૦ ૧૩૪
અગ્નિહોત્ર અતીથી પૂજંનરે, આપવું અન્ન વસ્ત્રને ધંનરે;
પોષવું હરિ જાણી સ્વજંન. મારા૦ ૧૩૫
દેવદર્શન નિત્ય તર્પણરે, અનુચરને ઉપસરપણરે;
તજી ફલ કર્યે કૃષ્ણાર્પણ. મારા૦ ૧૩૬
આપ્યું કૃષ્ણનું કૃષ્ણને દીજેરે, હું કરતાપણું નવ્ય કીજેરે;
એ છે કૃષ્ણ સેવા માની લીજે. મારા૦ ૧૩૭
શુણ નૈમિત્તિક નિરબાધરે, પર્વણિયે કરવાં શ્રાદ્ધરે;
મળે પાત્રે અર્પવું અગાધ. મારા૦ ૧૩૮
કહ્યે દેશે કાળે મહાદાનરે, વ્રત ઉત્સવ તીર્થનાં સ્નાનરે;
કર્યે તજીને નિજાભિમાન. મારા૦ ૧૩૯
દેહ ધનાદિનું સાર્થકરે, થવા આપે સંભાળવી તકરે;
કરવું કૃષ્ણાર્પણ એ હક. મારા ૧૪૦
કહ્યાં એ છ પ્રકારે કર્મરે, તેનો મનમાં સમજી મર્મ ;
યથાશક્તિએ સાધિયે ધર્મ. મારા૦ ૧૪૧
થાયે ષટ્ કર્મ એકીવારરે, તેનો કહુ સાંભળજે વિચારરે;
જેથી હોયે તું કૃષ્ણાકાર. મારા૦ ૧૪૨
સર્વ લોકમાં શ્રીધર જાંણિરે, તેનિ વિવિધ વિચારિયે વાંણિરે;
સર્વ શીક્ષા શુણાવે છે શાંણિ. મારા૦ ૧૪૩
તેમાં અવશ્યનો જવાબ દીજેરે, કળથી કૃષ્ણાર્પણ કીજેરે;
એમ લોકકની લક્ષ લીજે. મારા૦ ૧૪૪
બોલિયે જેમ સાંમો રહે રાજીરે, અવગુણથી ગ્રહિયે ગુણ ગાજિરે;
માંનિયે જે આ જુઠી બાજી. મારા૦ ૧૪૫
શરીર શરીરથી થાયરે, તે તો જે તેનાં કહેવાયરે;
ઇન્દ્રિયાર્થમાં ઇન્દ્રિયો જાય. મારા૦ ૧૪૬

માંને મારૂં ભલું અહંકારરે, એ સકળનો ઈશ આધારરે;
એને આશરે અન્ય વ્યાપાર. મારા० ૧૪૭
એમાં આત્મા અકર્ત્તા અનૂપરે, બાકિ અન્ય સ્વપ્ન સમરૂપરે;
ચિત્ત ચેતને અર્પિયે ચુપ. મારા० ૧૪૮
વસ્તુને વસ્તુનું કામરે, હરજી બિન અન્ય હરામરે;
જાંણિ જપિયે નિર્મળ નામ. મારા० ૧૪૯
સત્ય સચ્ચિદાનંદથી સજિયેરે, ભયકારિને શાંને ભજિયેરે;
એમ કામ્યને તજવાં સમાજયે. મારા० ૧૫૦
ભ્રાંતે જ્યાં જ્યાં ભાસે ભેદરે, તેને નિષિદ્ધ કહે છે વેદરે;
અનાસક્તિથી કરિયે છેદ. મારા० ૧૫૧
નિત્ય શ્રવણ મનન નિદીધ્યાસરે, કર્ય અવળો તજીને અધ્યાસરે;
જોઈ વિષ્ણુને સર્વાવાસ. મારા० ૫ ૨
નૈમિત્ય અનુપ આ અંગરે, જોઇ સદ્ગુરૂનો કર્ય સંગરે;
જેથી ભવ ભય થાયે ભંગ. મારા० ૫
ષટ્ કર્મ એ સંગે થાશેરે, જો સદ્ગુરૂ સંગે રેહેવાશે;
તો તો અકળિત વસ્તુ કળાશે. મારા० ૧૫૪
સેજે છુટશે સર્વ સ્વભાવરે, ત્રણે તપતા મિટશે તાવરે;
બનિ શકશે બેશ બનાવ. મારા० ૧૫૫
શમાદિ કામાદિ ક્રોધાદિરે, કહિ સત્વાદિ ચિન્હની યાદિરે;
એકાદશથી ઓળખ તું આદિ. મારા० ૧૫૬
સત્વ મુખ્ય ક્ષમા દયા શાંત્તિરે, રજો તૃષ્ણા પ્રવૃત્તિ આ ક્રાંતીરે;
તમો મોહ ક્લેશને ભ્રાંતિ. મારા० ૧૫૭
ત્રણેનાં મળી પંદર થાયરે, તેમાં મુખ્યના કહ્યા સમાયરે;
પણ તાર તમ્મે તે ગણાય. મારા० ૧૫૮
સત્વનાં નવ તમનાં હોયરે, રજોગુણનાં ચાર તે કોયરે;
એણે આશયે બ્રાહ્મણ હોય. મારા० ૧૫૯
વેદ યજ્ઞ દાન આદરવું, તેણે આશયને શુદ્ધ કરવુંરે;
આદરાવિને કુંટુંબ ભરવું. મારા० ૧૬૦
પછિ સંગ જેવાનો કરશેરે, તેવા સ્વભાવને અનુસરશેરે,
ભુંડે ભટકશે રૂડે તરશે. મારા० ૧૬૧

કદિ વિદ્વત દ્વિત થૈ રહે કાતીરે, સમજે પણ ન ગળે છાતિરે;
તે તો અસુર સ્વભાવની જાતી. મારા૦ ૧૬૨
ભણે ગુણે ન ઉપજે ભાવરે, દાન કરતાં આવે તાવરે;
દયા નાવે તે રક્ષઃ સ્વભાવ. મારા૦ ૬૩
વિદ્વતૂ થૈ રાખશે દ્વેષરે, ભક્ષ નહિ કરે પ્રભુનો લેશરે;
થશે બ્રહ્મરાક્ષસને વેશ. મારા૦ ૧૬૪
કદિ સહજ થશે સતસંગરે, વિના ભણતાં હૃદય થશે રંગરે;
તે તો ઉજ્વળ થાશે અંગ. મારા૦ ૧૬૫
સત્ય બોલવું સમજી મર્મરે સર્વ જનથી રહેવું નર્મરે;
ચિત્તે ચોટયું ન રાખવું ચર્મરે. મારા૦ ૧૬૬
વેદ શાસ્ત્રનો રાખવો શોધરે, શિષ્યને સત્ય કહેવો બોધરે;
ચિત્ત વૃત્તિનો રાખવો રોધ. મારા૦ ૧૬૭
ચિદાનંદનાં ગાવાં ચરીત્રરે, માધવજીને માનવા મીત્રરે;
સભાહ્માં તરિ રેહેવું પવિત્ર. મારા૦ ૧૬૮
દેખવા નહિ કોના દોષરે, યથા લાભે ધરવો તોષરે;
હૃદે રાખવો નહિ રાગ રોષ. મારા૦ ૧૬૯
એ તો ધર્મ બ્રાહ્મણના બારરે, સંત સંગે રહે હુંશીયારરે;
ઇશ આદર્યે થાય ઉદ્ધાર મારા૦ ૧૭૦
કદિ આદિ આદરે પાપરે, પાછળ કરે પશ્ચાતાપરે;
તેને જાંણજે પૂર્વનો શ્રાપ મારા૦ ૧૭૧
પ્રથમ શુદ્ધ માર્ગે ચાલેરે, પછી ઉલટો માર્ગ ઝાલેરે;
તે તો મોહનો મર્યો માહાલે. મારા૦ ૧૭૨
ત્રણ તમનાં સત્વનાં સાતરે, રજોની તે પંચ વિખ્યાતરે;
એણે આશયે ક્ષત્રિય જાત. મારા૦ ૧૭૩
વેદ યજ્ઞ દાન આદરવુંરે, એથી આશયનું શુદ્ધ કરવુંરે;
કર દંડથી કુટંબ ભરવું. મારા૦ ૧૭૪
પછિ જો સંત સંગે રેહેશેરે, તો તો લક્ષ્મીવરને લેહેશેરે;
ખળસંગથી સંકટ સેહેશેરે. મારા૦ ૧૭૫

કહિ કરે પ્રજાને હાંણુરે, દંડ દેને વધારે હાંણુરે;
તેને અસુર સ્વભાવનો જાંણુ. મારા૦ ૧૭૬
ગામો ગામ લગાડે દાવરે, તારકને કરાવે તાવરે;
તેનો માંનજે રક્ષઃ સ્વભાવ. મારા૦ ૧૭૭
રંક ઉપર રાખશે રીશરે, નહિ માને જે માથે છે ઇશરે;
નર્ક ભોગીને થાશે મહિષ. મારા૦ ૧૭૮
કહિ સંતની સંગતી થાશેરે, સુખ થાવું સર્વને ન્હાશેરે;
તે તો અર્ચિ માર્ગે જાશે. મારા૦ ૧૭૯
સત્ય ન્યાય અન્યાયનું જોવુંરે, સર્વ જનનું સંકટ ખોવુંરે
મદ મેલનું નિત્ય ધોવું. મારા૦ ૧૮૦
વેદ શાસ્ત્રની રાખવી સાંનરે, સંત પુરૂષ તણું સન્માનરે;
યુદ્ધ વેળા ન મુકવું માન. મારા૦ ૧૮૧
કૃષ્ણ કથા ધારવી કર્ણરે, આદરવાં શુભ આ ચર્ણરે;
શ્રીપતિને રહેવું શર્ણ. મારા૦ ૧૮૨
પ્રજા પાળવી જેમ નીજ પૂત્રરે, લોભે કપટ ન કરવું કુત્રરે;
એ તો ક્ષત્રિ ધર્મનું સૂત્ર. મારા૦ ૧૮૩
કરે ક્ષત્રી ધર્મ અગીયારરે, સંત સંગથી સમજે સારરે;
પ્રેમ ભક્તિથિ પાંમે પાર. મારા૦ ૧૮૪
કહિ પ્રથમ આદરે પાપરે, પાછળ કરે પશ્ચાતાપરે;
તે તો મોટાંનો કરૂણા પ્રતાપ. મારા૦ ૧૮૫
આદિ ધર્મનું કરવું ધાર્યુંરે, કુસંગે જો વિલોમ વિચાર્યુંરે;
જાંણ્ય પૂંણ્ય તેનું પરવાર્યું. મારા૦ ૧૮૬
પંચ સત્વનાં રજનાંચારરે, તમોગુણનાં છશિરદારરે;
એણે આશયે વૈશ્યાવતાર. મારા૦ ૧૮૭
વેદ યજ્ઞ દાન આદરવુંરે, એથી આશયને શુદ્ધ કરવુંરે;
વ્યાપારેથી કુટંબ ભરવું. મારા૦ ૧૮૮
પછિ સંગે ગમે જો સંતરે, જાંણે કેશવ કરૂણાવંતરે;
ખળસંગેથી કષ્ટ અનંત. મારા૦ ૧૮૯

અન્યાયે લે લાભ અધીકરે, તોલ તોળે જો નિત્યે અલીકરે;
જાણુ અસુર સ્વભાવ એ ઠીક. મારા૦ ૧૯૦
લેઇ પાછો ન આપે દામરે, કરે હાની છતાં ખુવે નામરે;
એતો રક્ષઃ સ્વભાવનું કામ. મારા૦ ૧૯૧
હરિજનને કરે જે હેરાનરે, સત્પાત્ર ને દે નહિ દાનરે;
ભોગી નર્ક થશે તે શ્વાન. મારા૦ ૧૯૨
કદી સંત સંગતી થાયરે, દાન દ્વારા કથા સરિત ન્હાયરે;
તેનિ શ્રીધર કરે સહાય. મારા૦ ૧૯૩
હરિજનને આપિને જમવુંરે, દીન જનને કદાપિ ન દમવુંરે;
બ્રાહ્મણને ચર્ણે નમવું. મારા૦ ૧૯૪
વેદશાસ્ત્રની માનવી વાતરે, વિશ્વાસે ન કરવી ઘાતરે;
ઘેર દ્રવ્ય ન રાખવાં સાત. મારા૦ ૧૯૫
રેહેવું કૃષ્ણ કથાવડે રાજીરે, વશ રાખવું મન જેમ વાજીરે;
રોષ દ્વારા ન રેહેવું દાઝી. મારા૦ ૧૯૬
એતો વૈશ્ય કરે ધર્મ નવરે, તેને મેહેર કરે માધવરે;
ભલિ ભક્તિ બને ધવ ધવરે. મારા૦ ૧૯૭
કદી આદરે આદિ અધર્મરે, સમજ્યા પછી આવે શર્મરે;
તે તો જાગ્યાં પૂર્વનાં સુકર્મ. મારા૦ ૧૯૮
આદિ ધર્મની ધારતો વાતરે, પછિ કરે ધર્મની ઘાતરે;
માંનો દ્રવ્ય નડયાં પેલાં સાત. મારા૦ ૧૯૯
યતિ ગુરૂ બ્રાહ્મણનો દામરે, કસાઇનો કન્યાનો હરામરે;
દેવ વિધવાનો એ સપ્ત નામ. મારા૦ ૨૦૦
ત્રણ સત્વનાં રજનાં ચાર , અષ્ટ તમો તણાં શિરદારરે;
એણે આશયે શૂદ્રાવતાર. મારા૦ ૨૦૧
વિના મંત્રે આહુતિનું કરવુંરે, દંભવર્જિત દાન આદરવુંરે;
સેવા દ્વારા કુટુંબનું ભરવું. મારા૦ ૨૦૨
પછિ સંત સંગ જો કરાયરે, તેથિ કૃષ્ણની હોય કરૂણાયરે;
ખળ સંગે સહજ ઠગાય. મારા૦ ૨૦૩

ત્રણ વર્ણ સેવે વિના પ્રેમરે, નારિયોનો ન રાખે નેમરે;
એ તો અસુર સ્વભાવના વેહેમ. મારા૦ ૨૦૪
સેવા બ્રાહ્મણ પાસ કરાવેરે, શુદ્ધિ હીનોને સંત ઠરાવેરે;
તે તો રક્ષઃસ્વભાવ ધરાવે. મારા૦ ૨૦૫
પરધન પરસ્ત્રી વિષે જૂડરે કૃત્ય જે જે કરે ત્યાં કૂડરે;
ભોગિ નર્ક અવતરે ભૂંડ. મારા૦ ૨૦૬
સંત પુરૂષને રેહેજો શર્ણરે, અઘટિત ન કરે આચર્ણરે;
તેનું અળગું ખસે આવર્ણ. મારા૦ ૨૦૭
પાત્ર પેખી અર્પવું દાનરે, કથા કૃષ્ણનિ સુણવી કાનરે;
મન રાખવું નહિ કાંઇ માન. મારા૦ ૨૦૮
આભ્યંતરે રેહેવું પવિત્રરે, સદ્દગુરૂને માનવા મિત્રરે;
ચિત્તે રહાવું નહિ કાંઇ ચીત્ર. મારા૦ ૨૦૯
કરે શૂદ્ર છ કર્મ એ છેકરે, મુકિ નિજાભિમાનનો ટેકરે;
તો તો વાધે વિમળ વિવેક. મારા૦ ૨૧૦
કહિ આદરે પૂર્વે પાપરે, સમજિ કરે પશ્ચાત્તાપરે;
તે તો સુપાત્ર દાન પ્રતાપ. મારા૦ ૨૧૧
આદિ હોયે ધર્મનિ દ્દષ્ટરે, પછિ ભૂલી જાય થે ભ્રષ્ટરે;
તે તો કુસંગે આવ્યું કષ્ટ. મારા૦ ૨૧૨
એ તો ચારે વર્ણના ધર્મરે, કહ્યા ગુણ સ્વભાવ કૃત્ય કર્મરે;
સમજાયે સત્સંગે મર્મ. મારા૦ ૨૧૩
કૃષ્ણ કથા સાંભળે કર્ણરે, સદ્દગુરૂને રહિને શર્ણરે;
મિટવાં ચાહી જન્મને મર્ણ. મારા૦ ૨૧૪
સત્વ ચિન્હને ઝાઝાં સેવેરે, રજો તમનાં જો મૂકી દેવેરે;
સંસ્કાર સાધે કર્મ એવે. મારા૦ ૨૧૫
એથિ ભક્તિ જ્ઞાનને વિરાગરે, ઉપજે મિટે દિલના દાગરે;
તેથિ તરવાનો પામે લાગ. મારા૦ ૨૧૬
કહિ સાધન રહેજો શેષરે, ફરિ પામે ઉત્તમ વેષરે;
અંતે ઉત્તમ હોય ઉપદેશ. મારા૦ ૨૧૭

આરબ્ધની પિંડી ભોગીરે, થાય જીવન મુક્ત તે યોગિરે;
વિના સંસ્કારે રહે રોગી. મારા૦ ૨૧૮
માટે કાંઈક બીજ ઉપજાવ્યરે, ચિત્ત હરિ ચિંતનમાં લાવ્યરે;
તારા આત્માને તું ન તપાવ્ય. મારા૦ ૨૧૯
નિષ્કામ કરે મહા દાનરે, સત્પાત્ર તણું સનમાનરે;
લોક લવનું તજી અભિમાન. મારા૦ ૨૨૦
ચાહે સાર્થક કરવું દેહેનુંરે, અર્પે માંની જેનું તેનુંરે;
એણે દૈવ ઉદય થાય એનું. મારા૦ ૨૨૧
એણે દૈવે બને સંત સંગરે, તેણે સંસ્કારનું બને અંગરે;
તેથી જ્ઞાનાદિ ઉપજે અચંગ. મારા૦ ૨૨૨
ગંગાદિ તીર્થમાં ન્હાવેરે, દેવ સદનાદિ બેશ બનાવેરે,
કરિ વ્રત્તને વીપ્ર જમાવે. મારા૦ ૨૨૩
ગરિબોને કરે ઉપકારરે સાધે શાસ્ત્રે કહ્યા સંસ્કારરે;
એતો પૂણ્યોદયનો પ્રકાર. મારા૦ ૨૨૪
એણે પૂણ્યોદયે દૈવ જાગેરે, એથી સંસ્કાર ઉપજે આગેરે;
સંસ્કારેથી સંકટ ભાગે. મારા૦ ૨૨૫
કહ્યું કનક તે સમજવા કર્મરે, જેથી પાવન મન હોયે પર્મરે;
જેથી અળગા ખસે અધર્મ. મારા૦ ૨૨૬
બાહાર્થ કનક ભાસે છે તે દામરે, જે આસક્તિયે હોય હરામરે;
નરહરિનું ન સાંભળે નામ. મારા૦ ૨૨૭
જેથી વાહાલામાં ઉપજે વેરરે, જેણે જીભેથી નીકળે ઝેરરે;
જેથી કલ્પાય કૈકના કેશ. મારા૦ ૨૨૮
જેથિ બુદ્ધિ બને બે કેદરે, કરે પરની વૃત્તિ ઉચ્છેદરે;
જેથિ ભાસે સઘળે ભેદ. મારા૦ ૨૨૯
જેથી ઉપજે અતી અવિશ્વાસરે, દોષી ન થવું પડે દાસરે;
રામ રસનો થાયે હ્રાસ મારા૦ ૨૩૦
જેથી આંખે અંધાપો આવેરે, રાતે જાગી રંકને જગાવેરે;
મન આશા અધિક ઉપજાવે. મારા૦ ૨૩૧

થી ઉન્મત્તતા વધે અંગરે, અતિ અબળાનો ભાવે સંગરે;
ક્ષુપાનને ઘૃતનો રંગ. મારા૦ ૨૩૨
ને ઉપજાવતાં ઘણો ઘોરરે, પ્રાણ સાટે લે ચાકરને ચોરરે;
ી બેસવા દે નહિ ઠોર. મારા૦ ૨૩૩
તો ગળે ઘલાવે કટારરે, એ છતાં કોય નાંખે મારિરે;
મ ખવરાવે એ સત્ય હારિ. મારા૦ ૨૩૪
માટે છળનારા ન છંડેરે, જેને જોઇને સગાં સહુ મંડે;
ને દેખી નૃપાદિક દંડે. મારા૦ ૨૩૫
તો સૂતો સૂતાને સ્વપ્ને છળાવેરે, ક્રમિ થાતાં હૃદય કળકળાવેશેરે;
ણ જોખમે ડગળી ચળાવે. મારા૦ ૨૩૬
મિ ખણવી પડે જેને માટેરે, વળિ ધાતુ સજીવન આટેરે;
ડટાયે જે એને ડાટે. મારા૦ ૨૩૭
તો છાતિયે દગડ ધરાવેરે, એતો તપ્ત તવે બેસરાવેરે;
ગે ફાંસી દેઇને મરાવે. મારા૦ ૨૩૮
તો લાજ ધરાવે ન કોનીરે, એતો પ્રીતિ છુડાવે જનોનિરે;
તો મળતાં સેવાવે સોની. મારા૦ ૨૩૯
તો ગુણિ પુરૂષોથી નાસેરે, ઠરવા ન દે સંતની પાસેરે;
થડાવે એ અણવિશ્વાસે. મારા૦ ૨૪૦
ને ધન પેસે જેની કૂખરે, તે થેલીનું બંધાય મૂખરે;
કાં દેહીને ન કરે દુઃખ. મારા૦ ૨૪૧
તો ઝાઝે ચઢાવે જનનેરે, એતો મેલ વધારે મનનેરે;
ત્યે રગડાવે નિર્ધનને. મારા૦ ૨૪૨
તો દયા રખાવે ક્રૂરરે, એથી ભ્રાંતી બને ભરપૂરરે;
તો જંજાળે જકડે જરૂર. મારા૦ ૨૪૩
તો ગંદાઇમાં કરે ગર્કરે, એતો હરિનો મનાવે ન થર્કરે;
ઠુર કરી નાંખે નર્ક. મારા૦ ૨૪૪
થી ઉપજે સઘળા અનર્થર, દેહ દુર્લભને કરે વ્યર્થરે;
ને અજ્ઞાતે માંને અર્થ. મારા૦ ૨૪૫

એમાં વાસના રાખતાં આપરે, મર્યે થાય ભૂત કે સાપરે;
એ તે દ્રવ્ય કે ટાઢિઓ તાપ. મારા૦ ૨૪૬
એ જો શ્રીકૃષ્ણને અર્પાયરે, તેણે નકાર દૂર પળાયરે;
ત્યારે અનર્થ તે અર્થ થાય. મારા૦ ૨૪૭
જેમ સિંધુ જળ હતું ક્ષારરે, આપ્યું મેઘને વર્ષ્યું તે દ્વારરે;
તેથી સર્વ નીપજ્યું સાર. મારા૦ ૨૪૮
એમ દુઃખદાયિ દામ અનાથરે, જો અપાય સુપાત્રને હાથરે;
તેથિ એકોત્તર તરે સાથ. મારા૦ ૨૪૯
કાહાડચો દાન વાટચે સુખે જાયરે, કહીં ભોગ વાટચે કમી થાયરે;
નહિ તો વિનાશ વાટચે સમાય. મારા૦ ૨૫૦
જેમ ટાંકે વાળ્યું થાયે ટોળેરે, જેમ ખાળે વાળ્યું જાયે પોળેરે;
રોકયું ભૂમિ ધસે ઘર ઓળે. મારા૦ ૨૫૧
જેમ ઝાઝે છિદ્રે જળ આવેરે, તેને ડોળચીયે ઉલેચાવેરે;
નહિતર ઝાઝના સહિત ડુબાવે. મારા૦ ૨૫૨
એમ દામ મળે તેથી ડરવુંરે, બેઉ હાથે કૃષ્ણાર્પણ કરવુંરે;
એણિ રીતે તારીને તરવું. મારા૦ ૨૫૩
એતો કનક તણી કહિ કરણીરે, હવે કાયા તણી કહું વરણિરે;
જેથી ઉજવળ થાય આચરણિ. મારા૦ ૧
કહિ કાયા તે વાસના લિંગ , જેનાં સુંદર સત્તર અંગરે;
જેને કાળ કરે નહિ ભંગ. મારા૦ ૨
દશ ઇન્દ્રિયો પ્રાણ તે પંચરે, મન બુદ્ધિએ સત્તર સંચ ;
એથી પ્રૌઢ બને છે પ્રપંચ. મારા૦ ૩
એ સોળેનું મન સિરદારરે, જેમાં વાસના વસે અપાર ;
બીજાં અંગ એનાં છડિદાર. મારા૦ ૪
એ મનોથી મનન ભલું કરવુંરે, જેમ બને વાસના વિસરવુ રે;
વશ્ય રાખી ભવાં બુધિ તરવું. મારા૦ ૫
સૂધા સઘળા સમઝવા અર્થરે, થવા દેવું નહિ વપુ વ્યર્થરે;
જેથી સમજાય સ્વામી સમર્થ. મારા૦ ૬

જક્ત જુઠું ને શ્રીધર સાચારે, એમ વદે વેદાન્તની વાચારે;
એ વિનાના મનોર્થ તે કાચા. મારા૦ ૭
સ્વપ્ન સરખો સહુ સંસારરે, એક રૂપ તે ભાસે અપારરે;
દૃશ્ય જુઠું સાચો દેખનાર. મારા૦ ૮
જેમ ગર્જના અભ્ર પ્રકાશરે, ઉપજે ઠરે ને બને નાશરે;
તોહ્યે અભંગ રેહે આકાશ. મારા૦ ૯
એમ રજ તમ સત્વના ખેલરે, ભાસે આત્મામાં માયા રચેલરે;
તેમના આત્માને લાગે ન મેલ. મારા૦ ૧૦
જેમ ચંદ્ર મંડળ રેહે અભંગરે, કળામાં ક્ષય વૃદ્ધિના રંગરે;
એમ સદસત આત્માને અંગ. મારા૦ ૧૧
જેમ એક અર્કનું બીંબરે, જળે ભાસે ઘણાં પ્રતિબિંબરે;
એમ ચિદેક બહુ તે વિંડબ. મારા૦ ૧૨
જે ઘટનૂં જળ સૂકાયરે, તેનું પ્રતિબિંબ તે ન જણાયરે;
એમ લિંગ ભંગે ભેદ જાય. મારા૦ ૧૩
જેમ વ્યાપક વન્હિ એકરે, ભાસે કાષ્ટોને સંગે અનેકરે;
એમ આત્માનો કરવો વિવેક. મારા૦ ૧૪
જેમ જળ વાયુ યોગે ઝાઝારે, બની આવે બુદ બુદ તાજારે;
તે સકળનો સિંધુ રાજા. મારા૦ ૧૫
જ્યારે નિમિત્ત વાયુ ન વાયરે, ત્યારે બુદ્‌બુદ જળે સમાયરે;
પછિ જળધી એક જણાય. મારા૦ ૧૬
એમ આત્મામાં વાસના દ્વારરે, દેહ ઉપજે ઠરે છે અપારરે;
ગયે વાસ ના હોયે નિસ્તાર. મારા૦ ૧૭
વાસનામાં સત્તર અંગરે, પ્રાણ ઇન્દ્રિયો મન ધી સંગરે;
એ છતે સંસાર અભંગ. મારા૦ ૧૮
એ ઉપાધિ આસક્તિથી વાધેરે, ઉપજાવિ અધ્યાસને બાધેરે;
એનું ટળવું વિરક્તિથી સાધે. મારા૦ ૧૯
સર્વ જોવિ ઇશ્વરની સૃષ્ટિરે, જે ભાસે છે સમષ્ટિને વ્યષ્ટિરે;
હું ને મારૂં એ તજવી દૃષ્ટિ. મારા૦ ૨૦

સર્વ ચિંત્યું હરિનું થાયરે, ધાર્યું આપણું એળે જાયરે;
તો કાં કરવો હર્ષ હાય હાય. મારા૦ ૨૧
હર્ષ શોકે વધે છે હાણુરે, નારિ આ નર્કની ખાણુરે;
તેની મનથી ન કરવી તાણુ. મારા૦ ૨૨
જેને મારાં માને છે તે રૂણિયાંરે, ભાવ ભંગકારિ એને ભણિયાંરે;
જ્ઞાન હીણે એને મારાં ગણિયાં. મારા૦ ૨૩
પ્રથમ દેહ હું એ અધ્યાસરે, પછિ પ્રેમદા મારી એ પાશરે;
એ બેથી વધે ગ્રંથી વિલાસ. મારા૦ ૨૪
એ તો અહિત કારિ છે આડાંરે, ઘાલ્યાં ઘટમાં અવિદ્યાએ ગાડાંરે;
મારાં માને જોખમ હોયે જાડાં. મારા૦ ૨૫
એ તો નાંખે જીવતાં નર્કેરે, એને માનતાં સ્થિર જન થર્કેરે;
તજવાં એ પોતાને તર્કે. મારા૦ ૨૬
એ તો ભ્હાર્ય રચ્યાં રહે ભ્હાર્યરે, માનતાં પેસે મન મોઝારરે;
હાંની જાંણી હું મારૂં હાર્ય, મારા૦ ૨૭
એની વાસના બાળે તો જ્ઞાનરે, જેથી અળગાં ખસે અભિમાનરે;
ધારિ જોવું રૂપનું ધ્યાન. મારા૦ ૨૮
હુંતો સચ્ચિત શુદ્ધ સ્વરૂપરે, અવિનાશી અકર્ત્તા અનૂપરે;
હું તો સાક્ષિ સર્વનો ચૂપ. મારા૦ ૨૯
ક્ષુધા તૃષા પ્રાણુના ધર્મરે, હર્ષ શોક એ મનના મર્મરે;
ક્ષય વૃદ્ધિ કાયાનાં કર્મ. મારા૦ ૩૦
કથા કથની શુણે તે કર્ણરે, પાણિ પકડે ને ચાલે ચર્ણરે;
દેહને જરા જન્મ ને મર્ણ. મારા૦ ૩૧
રસના તે રસો ને ચાખેરે, ભલું ભૂંડું તે વાણી ભાખેરે;
અવલોકે તે ચક્ષુ આખે. મારા૦ ૩૨
ત્વચા શીતોષ્ણાદીને જાણેરે, બુદ્ધિ સ્વપ્નાદિકને માણેરે;
મલ મૂત્ર વહે બે કાંણે. મારા૦ ૩૩
દુર્ગંધ ભરેલો દેહરે, એમાં સઘળાં વસે છે એહરે;
એ તો જાણવાં જેનાં તેહ. મારા૦ ૩૪

એ તો આત્મ પ્રકાશે પ્રકાશ્યાંરે, ભલાં સરખાં તે ભ્રાંતિયે ભાસ્યાંરે;
એ તો વિલય થશે વાદળાસ્યાં. મારા૦ ૩૫
એથી આત્મા અલગ અવિશેષરે, સ્વયં જ્યોતી રૂપ રૂષિકેશરે;
એમાં હોય ન કોનો પ્રવેશ. મારા૦ ૩૬
એવો જાણવો નિજનો ભાસરે, એથી ખસે અલ્પોના અધ્યાસરે;
સત્ય ભજવાના તે શ્રી નિવાસ. મારા૦ ૩૭
જેથી વિશ્વ રહ્યું છે વીકાશિરે, જેની રીદ્ધિઓ સિદ્ધિઓ દાસિરે;
નિર્ગુણ તે સકળ ગુણ રાશિ. મારા૦ ૩૮
એ તો પ્રેમ મનોર્થને પૂરેરે, ચિંતેથી ચેટકને ચુરેરે;
જેને જાંણ્યા વિના જન ઝુરેરે. મારા૦ ૩૯
એની આજ્ઞાયે વર્ષા વર્ષેરે, રંક રાજા ને કાળ આકર્ષેરે;
એનું તાંન ત્રુટયે જન તરશે. મારા૦ ૪૦
એની આજ્ઞાથી વાયુ વાયરે, ફળ પૂષ્પાદિ તરૂથી થાયરે;
સીમા સિંધુથી નવ્ય લંઘાય. મારા૦ ૪૧
આજ્ઞાથી અર્ક ઉજવાળેરે, બળિયો અગ્નિ ગર્ભ ન બાળેરે;
હાંની વૃદ્ધિ બને તે કાળે. મારા૦ ૪૨
જેનું પતીત પાવન નામરે, દાસના જે છોડેછે દામરે;
ગુણ સઘળા છે જેના ગુલામ. મારા૦ ૪૩
એ તો ઓળગો અફળ ન હોયરે, જેના જનને ન ગાંજે કોયરે;
એને રટે નહિ તે રોય. મારા૦ ૪૪
શિવ વિષ્ણુ વિરંચી તે એહરે, ગુણ ભેદેથી જુજવા દેહરે;
વસ્તુ વિચારે તેનો તેહ. મારા૦ ૪૫
જેને માયા સદાયે વશરે, જેના ભક્તને ન કહે ખશરે;
જે છે શાસ્ત્ર સકળનું રહસ્ય. મારા૦ ૪૬
જેને સચરાચરની યાદિરે, જે છે કારણ સર્વનું આદિરે;
જેને અનુભવે હોય અલ્હાદિ. મારા૦ ૪૭
જેને વેદ રટે કહી નેતીરે, જેને કાળ રૂપ કરે હેતીરે;
જેને ચિંતનેથી સકે ચેતી. મારા૦ ૪૮

જે છે સઘળું કરવા સમર્થરે, જેને ચિંતને નાસે અનર્થરે;
જે છે અખિલ અર્થનો અર્થરે. મારા૦ ૪૯
જે છે દેવ સકળ શિરે દેવરે, જેની સુજ્ઞ ઇચ્છે છે સેવરે;
જેને તર્ત તાર્યાની ટેવ. મારા૦ ૫૦
જેનાં શ્રવણ મનન નિદિધ્યાસરે, અનુદિન કરતાં અભ્યાસરે;
અહંમમનો ટળે અધ્યાસ. મારા૦ ૫૧
જેના નામોનું કરતાં સ્મર્ણરે, દાસભાવે રેહેતાં શર્ણરે;
ખસે અળગું અવિદ્યા વર્ણ. મારા૦ ૫૨
એના રૂપનું કરવું ધ્યાનરે, ગુણ ગણનું કરવું જ્ઞાનરે;
કથામૃતનું કરવું પાન. મારા૦ ૫૩
એની કરૂણાથી વસ્તુ કળાશેરે, અવિદ્યા ગયે ઐકય જણાશેરે;
દ્વૈત ભ્રાંતિ સ્વપ્નવત્ જાશે. મારા૦ ૫૪
એવું થાશે જો સદ્ગુરૂ મલશેરે, ભૂલ્યો જીવતે વાટયે વળશેરે;
નહિ તો કામાદિક તેને છળશે. મારા૦ ૫૫
સદ્ગુરૂની સાંભળ લક્ષરે, જેનું દીલ તે ઘણેરૂં દક્ષરે;
સાને સમજીશ રેહેતાં સમક્ષ. મારા૦ ૫૬
જેની ઉઘડી આંતરી દૃષ્ટિરે, જેણે સમજી શ્રીધરની સૃષ્ટિરે;
જેના મુખથી સ્રવે સુધા વૃષ્ટિ. મારા૦ ૫૭
જેને મનમાં વસે મહા શાંત્તિરે, જેને ભ્રમણ તણી નથી ભ્રાંતિરે;
જેની કરૂણા પૂરિત કાંતિ. મારા૦ ૫૮
જેને મનમાં છે શાસ્ત્રની છત્યરે, જેના સંકલ્પ સઘળા સત્યરે;
જેને વિષય કરે ન વિપત્ય. મારા૦ ૫૯
જેને કુછિત વાસના નાવેરે, જેને ભગવદ્ભક્તિ ભાવેરે;
સૂધે માર્ગે ચાલે ચલાવે. મારા૦ ૬૦
ગાયે ગોવિંદ કેરાં ચરીત્રરે, જેણે માધવ માંન્યા મીત્રરે;
હોયે પ્રથમ થકે જે પવીત્ર. મારા૦ ૬૧
જેને અંગનું નહિ અભિમાનરે, જેને મમતા તણું નહિ માનરે;
જેને ગુણાતીતનું જ્ઞાન. મારા૦ ૬૨

જેને મર્ણ તણો નહિ ડરરે, જેને છતથિ ન વાધે છરરે;
જેને નહિ મારૂં તારૂં પર. મારા૦ ૬૩
જેને કર્મ કાળિમા ન વ્યાપેરે, જેને ન સ્વાર્થે કોને સંતાપેરે;
જે છે અભેદદર્શિ આપે. મારા૦ ૬૪
જેને ભાસે ચરાચરે કૃષ્ણરે, જે દે સુષ્ટુત્તર પુછે પશ્નરે;
જેની વૃત્તિયો વિષય વિતૃષ્ણ. મારા૦ ૬૫
જે સહુને ચાલે નમતોરે, બોલે બોલ જેને જેમ ગમતોરે;
વાત માત્રેથી વિષય વિધમતો. મારા૦ ૬૬
બ્રહ્મ તેજો તણો જ્યાં ભારરે, જેને શર્ણ થયે લહેસારરે;
જે પમાડે ભવાર્ણવપાર. મારા૦ ૬૭
જે જુવે ન કોના ગુણ દોષરે, માયા ન કરે જેનું મન મોષરે;
યથા લાભે જેને સંતોષ. મારા૦ ૬૮
જેને કળી ન સકે જન કુડારે, ભવમાં ભટકે તે ભૂંડારે;
તે શું અર્થ વિચારે ઉંડા. મારા૦ ૬૯
જે ન નીજ વર્ણન કરી ગાજેરે, દેખિ પારકે દુઃખે જે દાઝેરે;
લવલોકની શુણતાં લાજે. મારા૦ ૭૦
સારાસારનો જેને શોધરે, બકવાથી રહે જે બોધરે;
જેને કોના ઉપર નહિ ક્રોધ. મારા૦ ૭૧
જેની સહુથી વિલક્ષણ ચાલ્યરે, તેવા સદ્‌ગુરૂને જોઇ ઝાલ્યરે;
કર્ય આજ પછિ નોહોયે કાલ્ય. મારા૦ ૭૨
એનાં વચન શુણે ખસે માયારે, રહે હરિને રંગે રંગાયારે;
એ અધ્યાસે રહે તે કાયા. મારા૦ ૭૩
એવી કાયાને નરતનું ન્હાળરે, સાંન ધરિને શીઘ્ર સંભાળરે;
ભૂતરચિતની બડબડ બાળ. મારા૦ ૭૪
આ તો કાયા અન્નનો કીટરે, ભર્યાં લાળ આંસૂને લીટરે;
દાખ એનું દેખાડું ડીટ. મારા૦ ૭૫
અવિદ્યાથી થયાં પંચભૂતરે, રહ્યાં વિરજે રજે અનુસ્યૂતરે;
તેથી પેખતાં થાય છે પ્રસૂત. મારા૦ ૭૬

હાડેહાડ બહુકુવે ખડિયાંરે, વસા નસા જાળથી જડિયાંરે;
ઉપર માંસ ચર્મથી મઢિયાં. મારા૦ ૭૭

જેમાં માંસ મેદને રક્તરે, તેમાં કીટકમી રહે પ્રક્તરે:
મળ મૂત્ર બને જેથી વ્યક્ત. મારા૦ ૭૮

નખ રોમ વડે જે પિનદ્ધરે, જે છે સ્વેદ ઉલ્યથી સમૃદ્ધરે;
જેમાં રોગ વસે થતાં વૃદ્ધ. મારા૦ ૭૯

જેમાં વાયુ વસે સંધિ સંધિરે, નવ વાટયે ગળે દૂરગંધિરે;
એનો શું થૈ રહે સંબંધી. મારા૦ ૮૦

જેમાં વાત પીત્ત કફ વાધેરે, જેને શુળ શોક જવર બાધેરે;
એને હું માંનિ કાં દુઃખ સાધે. મારા૦ ૮૧

જેમાં બાળ તરૂણ અવસાનરે, જન્મ વૃદ્ધિ જરા કરે તાનરે;
એનું કાં તું કરે અભિમાન. મારા૦ ૮૨

રાંધ્યું અન્ન યામાંતરે કોહોયરે, તે અન્ને એની વૃદ્ધિ હોયરે;
એને અવિનાશિ તું કાં જોય. મારા૦ ૮૩

જેને નિત્યે મર્ણ વણુસાડેરે, જેને નિદ્રાપરાધિન પાડેરે;
જેને સર્પ વૃશ્ચિક રંજાડે. મારા૦ ૮૪

જેના શસ્ત્રાદિક કરે કડકારે, નડે શરદિ શીત ને તડકારે;
જેને બાળે અગ્નિના ભડકા. મારા૦ ૮૫

જેના ઉપર નૃપાદિનું જોરરે, ગ્રસે વ્યાઘ્રાદિક ધરે ચોરરે;
તેને અર્થે શો આવડો તોર. મારા૦ ૮૬

જેને મર્ણુ કરે હતું નોતુંરે, કૃમિ વિષ્ટા વિભુતિને જો તુંરે;
પર સત્તાયે દીસે પનોતું. મારા૦ ૮૭

એનો મર્ણે જો રહે અધ્યાસરે, બને ચાર ખાંણોના પાશરે;
ફરિ ફરિને બને ગર્ભવાસ. મારા૦ ૮૮

માટે મૂક એનું અભિમાનરે, સાધિ સદ્ગુરૂથી સંધાનરે;
શુણિ સંકટ ધર્ય હવે સાન. મારા૦ ૮૯

સુત સુંદરિ કનકને કાયારે, ભજવા તજવા રીતે ગાયારે;
એને સમજે થશે જન ડાહ્યા. મારા૦ ૯૦

જેમ શાસ્ત્રે કહ્યું તેમ કરવુંરે, અવળું અભિમાન ન ધરવુંરે;
આહાવે અવસરે જરૂર તરવું. મારા૦ ૯૧
મન રાખે તું હીંમત મોટીરે, રહે કૃષ્ણ ચર્ણમાં ચોટીરે;
જેણે જન તાર્યા કંઇ કોટી. મારા૦ ૯૨
શર્ણે આવ્યાની લે સંભાળરે, દાસ વત્સળ દીનદયાળરે,
પ્રીતિ કરતાં કરે પ્રતિપાળ. મારા૦ ૯૩
એ તો જોશે નહિ ગુણ દોષરે, જેને નથી રાગ કે રોષરે;
સ્વલ્પ સેવ્યે થશે સંતોષ. મારા૦ ૯૪
એ તો સર્વજ્ઞ સર્વાધારરે, જેની અચિંત્ય સત્તા અપારરે;
એને સેવે પડે નહિ માર. મારા૦ ૯૫
સેવે ગ્રંથી નાંખશે છોડીરે, દાસ કારણે આવશે દોડીરે;
કૃષ્ણરામ કહે કર જોડી. મારા૦ ૯૭

દોહો.

અષ્ટવિંશ ૨૮ દ્વાવિંશતિ ૨૨ બસેં બાવન ૨૫૨ અઠાંણું ૯૮
સુત નારી ધન કાયની, ટુંક ચારસેં જાંણું;

॥ અવસ્થાનો ગરબો ॥

પૂજું પ્રથમ સિદ્ધિ બુદ્ધિરાય, પાય નમું ગણપતીરે લોલ;
મન ક્રમ વચને સેવૂં માય, સહાય કરો સતીરે લોલ. ૧
વિષ્ણુ વિરંચીને જે ઇશને, શીશ નમું વળીરે લોલ;
વંદુ અમર સકળના અધીશને, નીશ દિશે લળીરે લોલ. ૨
સકળ દેવને માગી માનને, ધ્યાન ધરી ચર્ચૂરે લોલ;
ગર્ભાદિક યાવત અવસાનને, ગાન મહા મર્ચૂરે લોલ. ૩
આદિ આવ્યો જઠર મોઝાર, કારમા નર્કમાંરે લોલ;
મહા મળ મૂત્ર તણો ભંડાર, મારના થર્કમારે લોલ. ૪
જઠરા ન લે પીડાયે જંનને, તંન અધો મુખેરે લોલ;
તેણે કરિને થાયે દહન ને, મન દૃઢ નહિ દુઃખેરે લોલ. ૫
કરડે છે ત્યાં કંઇ ક્રમિકીટ તે, મીટ મીચી રહેરે લોલ;

વિષ ભરિયા વળગે છે વીટ તે, દીઠ આવી ગ્રહેરે લોલ. ૬
મેદ ચર્મ શ્રોણિત જે મસ્ત, સમસ્ત તે ખુંચતાંરે લોલ;
કીધાં સકળ જંતુ એ ગ્રસ્ત, અસ્ત ઊંધાં ચતાંરે લોલ. ૭
માતા કરતિ જે ભોજન, અન્ન ઉન્હાં અતીરે લોલ;
પ્રગટે તેહ તણા જે દહન, તન તનું દાઝતીરે લોલ. ૮
ખારાં ખાટાં તીખાં ખાય, માય મધુરાં વળીરે લોલ;
તેણે કરિ વાધે પીડાય, થાય તનુ આકળીરે લોલ. ૯
કરતી માત પુરૂષ સંભોગ, યોગે યુગલ જણારે લોલ;
ઉલટો લાગે તે ઉદ્યોગ, રોગ દુઃખ તે તણાંરે લોલ. ૧૦
એવી બહુ વિધ લાગે બાળને, જવાળ અગનથીરે લોલ;
સંકટ કોણ કરે સંભાળને, પાળક કો નથીરે લોલ. ૧૧
કરતો શ્રીહરજીનૂં સ્મર્ણ, તે અર્ણવ દુઃખ સહીરે લોલ;
એકવાર છુટું જો અશર્ણ શર્ણ તો, ચર્ણ મૂકું નહિરે લોલ. ૧૨
ધાઓ અનાથ કેરા નાથ કે, હાથ આવી ગ્રહોરે લોલ;
મારે મધુસૂદન છો ઓથ્ય કે, સાથ શમળ સહોરે લોલ. ૧૩
આણ્યો આભ્યંતર અહમેવ તે, સેવ ચુકયો ખરોરે લોલ;
મહા અપરાધ થયો મજ એ વતે, દેવ ક્ષમા કરોરે લોલ. ૧૪
એકવાર બાળક બોલે આળ, ગાળ માબાપનેરે લોલ;
તોહે લે તેની સંભાળ, કાળ નહિ આપનેરે લોલ. ૧૫
ક્ષમા કરાને એ અપરાધ, અગાધ તે આ સમેરે;
બાળકનો નવ્ય ન્હાશો બાધ, ગાધ ગતી અમેરે લોલ. ૧૬
અકળામણ આવેછે મુજ, ગુહ્ય પીડા બહુંરે લોલ;
અનેક પેરની આવે અમૂઝ, સૂજ બિન શું કહુંરે લોલ. ૧૭
ઝીલે જેમ દાદુર મત્સ કર્ક તે, સર્કવું કરે સહુરે લોલ;
પણ મુજ નહિ નીકળવા નર્ક તે, ગર્ક થઇ રહુંરે લોલ. ૧૮
એવી અરજી શુણી અવિનાશ, શ્વાસ ઉઘાડિયોરે લોલ;
મા તુ પુર્ણ કરી દશ માસ, પાશથી કાહાડીયોરે લોલ. ૧૯
જતરડે વાળો નીકળે જેમ, તેમ તે નીકળોરે લોલ;

ક્રમી સહોદર નિકળે કેમ, ભ્રમ મળનો મળોરે લોલ. ૨૦
હું અહાં તું તહાં રડતો એમ તે, નેમ રહ્યો નહીરે લોલ;
પુરૂષોત્તમનો વિસર્યો પ્રેમ તે, ક્ષેમ થશે કહીંરે લોલ. ૨૧
બાંધી મૂઠી થયો અવતાર, પાર પાંમ્યા તણોરે લોલ;
દેવ પરસ્પર કર્યો વિચાર, ભાર પડિયો ઘણોરે લોલ. ૨૨
સકે શું ઇન્દ્રાસન એ લેશે, રેહેશે સુકર્મ રથેરે લોલ;
કે પગ આપણને શિર દેશે કે, વેહેશે ઉદક પથેરે લોલ. ૨૩
બાલ એમ કીધો બંધન મુક્ત, ભક્ત જાણી હરિરે લોલ;
અશન કાજ કીધો ઉદ્યુક્ત, યુકત પયે કરીરે લોલ. ૨૪
માત પિતા કરતાં મંગળ, તે જળ હળતો જુવેરે લોલ;
કે છે કરમાશે કોમળ તે, ગળથુથી દુઝેરે લોલ. ૨૫
વજાડે ભેરી મૃદંગ ને તાળ, રસાળ વિણાવળીરે લોલ;
આવ્યો પૂત્ર થઈ જેમ ભાળ, બાળ આવ્યાં મળીરે લોલ. ૨૬
વેહેંચે ગોળ ધાંણા ને પાન, દાન બહુ વિધ તણાંરે લોલ;
યાચક બહુ વિધ કરતા ગાન, માંન પામે ઘણાંરે લોલ. ૨૭
જન્મે દિવસ થયા અગિઆર, ત્યારપછિ શું થયુંરે લોલ;
કરતી મંગળ મુખ ઉચ્ચાર, નાર્ય આવી બહુરે લોલ. ૨૮
તેડયા જોશી જન નિરધાર, સાર મૂહુર્ત ભણેરે લોલ;
બાંધ્યું પારણું તેજ અપાર, દ્વાર પોતા તણેરે લોલ. ૨૯
કોય દિન દર્દને ખાંસી વરાધ્ય, અગાધ ગળું પડેરે લોલ;
મત્કુણ મત્સર કરતા બાધ, સાધ્ય નહિ તે રડેરે લોલ. ૩૦
ભૂખે રડતે પાય કિરિયાતું, રાતું મુખ કહેરે લોલ;
દુઃખે રડે તો પાય પય માતુ, થાતુ શું લહેરે લોલ. ૩૧
એમ પય પીતાં થયા ખટ માસ, આશ પોતી અતીરે લોલ;
વળતો કરાવ્યો અન્ન વાસ તે, હાસ વિલાસથીરે લોલ. ૩૨
દિન ઉપર દિન વહિને જાય, વ્હાય માને સુખેરે લોલ;
આવ્યા દંત વધો રસ નાય, માય કાલે મુખેરે લોલ. ૩૩
માને ઉપજે શું વાહાલ, ખ્યાલ ખેલાવતીરે લોલ;

ચુંબન કરતી મુખ લેઇ ગાળ, બાળને હુલાવતીરે લોલ. ૩૪
માધવની માયાને જોર, તે દોર બાંધ્યો રમેરે લોલ;
સઘળાં હું મારૂં કરિ સોર, ઠોરઠોરે ભમેરે લોલ. ૩૫
કીધિ કાષ્ટ પંથિકા ગ્રહણ, ચર્ણ ચાલી શકેરે લોલ;
દીધિ માત અંગળી શર્ણ, ધરણ પડે રખેરે લોલ. ૩૬
માત શીતળા ઓરી રહ્યો, ગયો દિન આંચનોરે લોલ;
પરમેશ્વરની પ્રીતિ ન લહ્યો, થયો વર્ષ પાંચનોરે લોલ. ૩૭
કરતો બાળલિલા રંગરેલ, ઘેલઘેલાં ગમેરે લોલ;
બહુ બાળક શુ રચતો ફેલ, ખેલ વલગી રમેરે લોલ. ૩૮
અતી વિધના ઓળંભા લાવે તે, આવે મા કનેરે લોલ;
તેને સમજાવી બોલાવે, મનાવે હાકનેરે લોલ. ૩૯
મૂકયો ભણવા વર્ષે આઠતે, પાઠ ભણે લખેરે લોલ;
મા કેહેતી મેતાને ઠાઠકે, સાટય મારો રખેરે લોલ. ૪૦
પ્રથમ ભણિયો અંક અઢાર, માર મેતા તણેરે લોલ;
હરણ ગણુન શરવાળા સાર તે, ચાર પ્રહર ભણેરે લોલ. ૪૧
કીધાકકા કેરા લેપતે, ખેપ કરી ઘણોરે લોલ;
વિંજન પ્લુત વિસર્ગ રેફ, બે પક્ષે ભણ્યોરે લોલ. ૪૨
શીખે લઘુ ગુરૂ કાના માત્ર, તે રાત્ર દિવસ રસેરે લોલ;
શીખ્યો નાંમાં થયો ગુણ પાત્ર, છાત્ર દેખીને હસેરે લોલ. ૪૩
ખત કાગળ ચીઠીને હુંડી, રૂડી લીખતોરે લોલ;
ધાતો વિદ્યા મૂળની ઉંડી, પ્રૌઢિ શીખતોરે લોલ. ૪૪
વળતો લેખાં ભણવા લીધ કે, સીદ્ધ મલાવતાંરે લોલ;
માંડયું વ્યાજ ભણ્યો વિધવિધ, રિદ્ધ ચલાવતાંરે લોલ. ૪૫
પદાર્થ માત્રની શીખ્યો પરિક્ષા, શીક્ષ્યા નવી નવીરે લોલ;
ઓળખી ન આત્મરતી અન્વિક્ષા, દિક્ષા વૈષ્ણવીરે લોલ. ૪૬
ઓછું દેવું લેવું અધીક તે, ઠીક વિદ્યા ભણેરે લોલ;
દૈયે નહિ હરજીની હાક, તે બીક કોની ગણેરે લોલ. ૪૭
એમ કરતાં થયાં વર્ષ તેર, ઘેર માગું ગયુંરે લોલ;

પરણાવ્યો બહુ હર્ષજ્હેર, ઝેરને સુધા લહ્યુંરે લોલ. ૪૮
બાલ પૂરણ થઇ તરૂણા જાગી, ભાગી ભુલવણીરે લોલ;
વિસાર્યા નાથ વધી વરણાગી, લાગી લય ઘણીરે લોલ. ૪૯
શોધ્યો સોળ વર્ષ સંતાન, સાંન આવી સહુરે લોલ;
ભુષણ વસ્ત્ર કરે પરિધાન તે, ગાન મહા કહુંરે લોલ. ૫૦
પૂંચી વેઢ વીંટિયો વાંક, સાંકળાં ને કડાંરે લોલ;
સેર્ય કંદોરો કટિને લાંક, કાંકણ કરે અડયાંરે લોલ. ૫૧
કાને કુંડળ કંઠે માળ, પ્રવાલ સોના મણીરે લોલ;
ઉપર હેમ સાંકળી વિશાળ, રસાળ શોભા બણીરે લોલ. ૫૨
મસ્તક ઉપર બાંધી મોળ, ચોળ રંગ ચુવેરે લોલ;
ત્રાતાં ભરિયાં મુખ તંબોળ, લાલ અધર જુવેરે લોલ. ૫૩
પેહેરે ધોતર કટિ કંદોર, કોર્ય રેશમ તણોરે લોલ;
જાંમા નીમા પટકા જોર, તોર તેનો ઘણોરે લોલ. ૫૪
લાલ મોજડી ચમચમ થાય, તે પાય સોહામણીરે લોલ,
લટકે ચાલે જોતો જાય કે, છાય પોતા તણીરે લોલ. ૫૫
તાત પરિક્ષા તનયની લેત તો, ચેતન ક્ષણે ક્ષણેરે લોલ;
સુંપી કુંચી દુકાન સમેત તે, હિતકારી ગણેરે લોલ. ૫૬
માંડયો ઉદ્યમ આંણી પ્રીત કે, નીત્ય નવો નવોરે લોલ;
લીધી પૂંજી પિતાનું વીત્ત તે, ચિત્ત ચપળ હવોરે લોલ. ૫૭
લાવે લાભ કપટથી અત્ય તે, છત્ય છાંની કરેરે લોલ;
માત પિતા જો પૂછે વિગત્ય તે, સત્ય ન ઉચ્ચરેરે લોલ. ૫૮
માત કહેછે પતિને માંનો, એ નાંનો શું રળેરે લોલ;
કીધો આપે એક ખજાનો, તે છાંનો છત્ય છળેરે લોલ. ૫૯
પરણે વર્ષ થયાં જાં સાત; જાત યોવનપણુંરે લોલ;
વીતી તરૂણ તણી વિખ્યાત, નાથ ન ભજ્યા ક્ષણુંરે લોલ. ૬૦
મન મોહ્યું માનની સંઘાત તે, રાત્ય દિવસે રસેરે લોલ;
તાળી લેઇ પરસ્પર હાથ, વાત કરિને હસેરે લોલ. ૬૧
આવી વળગે અબળા અંગ તે, રંગ રચી રહીરે લોલ;

વાધે અન્યો અન્ય અનંગ તે, ઢંગ રહે નહિરે લોલ. ૬૨
કરતો કામિનિ કુચ મર્દન તે, તન મન ક્ષન શુરે લોલ;
ચુંબન ગંડ ને અધર દર્શન, તે અન્યો અન્ય શુરે લોલ. ૬૩
જેથી પ્રથમ પાંમતો ત્રાસ, વાસના ત્યાં ઠરીરે લોલ;
મૂઢ મતિ ન લહ્યો અવિનાશને, પાશ પડયો ફરીરે લોલ. ૬૪
વિષ રૂપિ જે વિષયા સ્વાદને, પાદ ભીડીને રમેરે લોલ;
ન ગણે પર્વ ધર્મ મર્યાદને, આદર એ ગમેરે લોલ. ૬૫
યુવતિના યુગ્મ પયોધર જેહ, સ્નેહથી રહે ગ્રહીરે લોલ;
મેદ ચર્મ શ્રોણિતનો દેહ, તેહ ખર લહે નહીરે લોલ; ૬૬
ગંડ સ્થળ જે જમણા ડાભા, ગાભા તે ગમેરે લોલ;
પંચભુતની ન લહે આભાતે, લાભા ઉજમેરે લોલ. ૬૭
ભોગ રૂપિઆ માંણે ભોગ, તે ચોગમથી ચણ્યોરે લોલ;
વીર્ય તણો નિત્ય સાધે વિયોગ તે, ાગ વધે ઘણોરે લોલ. ૬૮
પરદારા શું નાંખે દૃષ્ટ, પૃષ્ટ તેની ભમેરે લોલ;
જેથી પૂર્વે પાંમ્યો કષ્ટ તે, ભ્રષ્ટ ભુલ્યો સમેરે લોલ. ૬૯
ઇશ લહ્યા બિન કેમ રહે આડય, ડાહાડય રહિનીવિયેરે લોલ;
કાંમે ઘટમાં ઘાલી ધાડય કે, દાહાડે દીવિયેરે લોલ. ૭૦
એવાં માંણે ભોગ અનેક ને, ટેક તજી વહ્યોરે લોલ;
દશ ઇન્દ્રિમાં વશ નહિ એક તે, છેક કુટિલ થયોરે લોલ. ૭૧
કથા કૃષ્ણની ન ધરે કાંન, તો સાન આવે કશીરે લોલ;
ગમિયાં ગુણકા કેરાં ગાનકે, ચાંનક ત્યાં વશીરે લોલ. ૭૨
પેટને કાજે પટકતો પૂંછ તે, ઉંચ તનુંયે ભણીરે લોલ;
તે દિન વિસરી મરડે મૂંછ, તે તુછ ગણ્યા ધણીરે લોલ. ૭૩
દેખી ચતુરા કેરાં ચેનને, નેન રહે ઠરીરે લોલ;
જેણે ઘેર્યો માયાને ઘેનકે, તે ન ઉઠે ફરીરે લોલ. ૭૪
જાંણ્યા નહિ જગજીવન ઉર તે, ભુર ભુલો ભમ્યોરે લોલ.
જમવા ઇચ્છયો તેહ જરૂરકે, પૂર્વે જે વમ્યોરે લોલ. ૭૫
આવ્યાં સુત તનયા બે ત્રણ, ઝરણ જેમ જેમ ઝરેરે લોલ;
તેમાં કોયક પામે મર્ણ તો, અર્ણવ દુઃખ ધરેરે લોલ. ૭૬

કરતો પ્રેમદાની પ્રીતિપાલકે, વાહાલ ઘણું વરસ્યુંરે લોલ;
સ્રીની શીખામણ વશ ચાલે, નિહાળે નહી કશુંરે લોલ. ૭૭
સ્રી કહે દિયર જેઠને માંહ્ય, ત્યાં વસવું નહિરે લોલ;
ભિન્ન ભવન લેઇને રહો કયાંહ્ય, બાંહ્ય મુજને ગ્રહીરે લોલ. ૭૮
સાસુ સસરો નણદલ જેહ, ગેહ તે તજો પહુરે લોલ;
મજ શું નહિ સાસૂ ને સ્નેહકે, તેહ લહો ખરૂંરે લોલ. ૭૯
ભ્રાત તમારા માગે ભાગ તે, ત્યાગ કરો તમેરે લોલ;
જો જૈ રેશો જુદી જાગ તો, પાગ નમું અમેરે લોલ. ૮૦
વિનતા કેરી માની વાત, હાથ તેને હુવોરે લોલ;
તજીયાં તાત માત ને ભ્રાત તે, જાત રહ્યો જુવોરે લોલ. ૮૧
વ્યાપ્યો મદ મત્સર અહંકાર, નાર્ય સંગે બધોરે લોલ;
લાવે લાભ કર્યે વ્યાપાર જે, કાર ઘણો વધોરે લોલ. ૮૨
શિશ્નોદર તૃસકનો સંગી, અંગી કરી રહ્યોરે લોલ;
ઇશ્વરજનની વાત ઉલ્લંઘી, ભંગી ભ્રમે વહ્યોરે લોલ. ૮૩
ધન યૌવન મદે થયો પ્રમત્ત, મત્ત મોટયમપણુંરે લોલ;
સેવન સ્તુતિ કીર્ત્તિ ને સુમત્તથી, દત્ત કરે ઘણુંરે લોલ. ૮૪
હું માહારૂં તાહારૂં ને પરકે, તિંમર તે રહીરે લોલ;
વિશ્વ ભરણ જે વિશ્વંભરને, તે ખર લહે નહિરે લોલ. ૮૫
જંતરીયો માયાની જાળ તે, ચાલ્ય વ્યસ્તાઇથીરે લોલ;
ગુણ નિધિ ન લહ્યા શ્રી ગોપાલ, હાલ મસ્તાઇથીરે લોલ. ૮૬
પરનિંદા પરધન પરદારને, સાર માંની શકયોરે લોલ;
ભલા જન્મનો ખોયો ભાર, બાહાર્ય રહી બકયોરે લોલ. ૮૭
દિન ઉપર વહિ જાયે દંન, મંન મમતા વધેરે લોલ;
જગપતી જે જગજીવનને, જન ન લહે હૃદેરે લોલ. ૮૮
ભય નિદ્રા મૈથુનને અહાર એ, ચાર ધર્મ લહ્યોરે લોલ;
ન પડયો અંતર પશુથિ લગાર, જારદારે દહ્યોરે લોલ. ૮૯
લાગી નિશદિન સ્રિ શું લક્ષ તે, દક્ષપણું વહ્યોરે લોલ;
વીર્યે વિહીન થયાં તમ ચક્ષ, લક્ષ તે નવ્ય લહ્યોરે લોલ. ૯૦

કૃષ્ણ કથા કહિ ન ધરે કર્ણ કે, શર્ણ થયો નહીરે લોલ;
માથે મોટું ન સમજ્યો મર્ણ કે, ધરણ મહાં રહીરે લોલ. ૯૧
એકાદશી વ્રત ન કર્યાં નેટ, તે પેટ પૂરણ ભરીરે લોલ;
માન વતનું ઉઠાડી વેઠ કે, ચેટક ગયું ચટીરે લોલ. ૯૨
કીધો નહિ સજ્જનનો સંગ તે, ઢંગ ન જાંણિયોરે લોલ;
અતિ અશુચી થૈ અંગોઅંગ તે, રંગને માણિયોરે લોલ; ૯૩
ભોજન ભાવંતે ભુસૂરને, પૂરન પોખિયોરે લોલ;
જે જન હરિહર કેરા હજુરને, દૂરથી દોખીરે લોલ. ૯૪
ન જપ્યાં નારાયણનાં નામ તે, કામ ગણવતાંરે લોલ;
દેખી પાત્રને અર્પ્યા દામ તે, ધામ ચણાવતાંરે લોલ. ૯૫
પ્રીતે પોષ્યા નહિ પરમહંસ તે, વંશ ઉદ્ધારવારે લોલ;
ધર્મ પંથના કીધા ઢ્વંસ, તે દંશ વધારવારે લોલ. ૯૬
સેવ્યાં નહિ જોડે શિવશક્તિ કે, ભક્તિ ન અનુસરીરે લોલ;
વપુ ઉપર રાખી ન વિરક્તી તે, વ્યક્તી વીસરીરે લોલ. ૯૭
ભૂત દયાનો ધર્યો ન ભાવ, દાવ ચુકી ગયોરે લોલ;
પાપ તણો ન કર્યો પસ્તાવ કે, નાવન હરી લહ્યોરે લોલ. ૯૮
કીધાં નહિ કદિયે સત્કર્મ, ધર્મ ધાર્યો નહીરે લોલ;
સદ્ગુરૂ સેવતાં રાખી શર્મ, ચર્મ ચુથ્યું અહીરે લોલ. ૯૯
ન કર્યું સુર સરિતાદિક સ્નાંન, કે પાન ન બિંદનુંરે લોલ;
ધાર્યું ન ધરણીધરનું ધ્યાંન, ગાન ગોવિંદનુંરે લોલ. ૧૦૦
પ્રીછયો ન પરમારથની પેર્ય, ઝેર ઝાઝું ભજીરે લોલ;
કીધો કંઇક જંતુનો કેર, મેહેર ન ઉપજીરે લોલ. ૧૦૧
ડંમર હાંકી પોલે પાંનકે, માંને એ મેં કર્યુંરે લોલ;
સર્વે શ્વરને સમજે શાંને તે, કાંને કુલુષ ધર્યુંરે લોલ. ૧૦૨
હુંહું કરિને ઉઠે હુકી, મૂકી મામનેરે લોલ;
યુવતિજનોથી રેહે નિત્ય ઝુકીકે, ચુકી રામનેરે લોલ. ૧૦૩
યૌવન વીતું આવી ઝાંઝકે, આખર આથમ્યોરે લોલ;
ધારિ ન ધર્મરાયની ધાકકે, ચાક ચઢી ભમ્યોરે લોલ. ૧૦૪

આવી જરા જણાવતી જોર તે, ઠોરઠોરે વશીરે લોલ;
કચના કીધા સિત અંકોર, ચોર લીધો અશીરે લોલ. ૧૦૫
કળિયા કુંદ કળીશા દંતને, અંતર રહ્યા ભમેરે લોલ;
ચિંત્યા નહિ ચૈતન ધન ચિત્તતે, સંત સમાગમેરે લોલ. ૧૦૬
કંપે કરપદ કંધર શીશકે, નીર નયને વહેરે લોલ;
બડબડ વાણી થયો બધીરને, જીરણતા સહેરે લોલ. ૧૦૭
વાધ્યાં કફ મારૂતને પીતકે, શીત ન જાયે સહુંરે લોલ;
કંમર બેવડી થૈ થકીતકે, વિત્ત સકળ વહુરે લોલ. ૧૦૮
કાષ્ટ જેષ્ટી કાપ કડી કરકે, તિમરતા થઇરે લોલ;
પુત્રાદિક થઈ બેઠાં પરકે, જર જોખે ગ્રહીરે લોલ. ૧૦૯
ત્રુટે મંચક તનું તડફડતું, શડતું સ્વેદ જેરે લોલ;
પેખ્યા વિન મૂકે કદ્ધિં પડતું, રડતું રહે રજેરે લોલ; ૧૧૦
દેખતો ઉજળું એટલું દૂધ તે, શુદ્ધને આવરીરે લોલ;
જાય ન સહ્યું જરાનું યુદ્ધ, બુદ્ધ થઇ બાવરીરે લોલ. ૧૧૧
દરદિ બોલાવે દશ વારતે, દાર ન દિલે ધરેરે લોલ;
પેખી ન જુવે નિજ પરવાર, સાર શાને કરેરે લોલ. ૧૧૨
જીરણ જેમ તેલીનો બેલ, મેલથી મશક દસેરે લોલ;
રંગ તણી જે કરતો રેલ તે, પેહેલમાં પગ ઘસેરે લોલ. ૧૧૩
ગમતાં ઘરેણાં લેતિ ઘેરી, પ્રેરી પ્રેરી પતીરે લોલ;
વનિતા તે થૈ બેઠી વેરી કે, મેહેરી જે હતીરે લોલ. ૧૧૪
પોષ્ય હતાં તે પ્રીસે અન્ન તે, મન વિના મળેરે લોલ;
ગ્રહ પાલકવત કરે અશન જે, ધન મુવો રળીરે લોલ; ૧૧૫
મમતા અજી લગણ ન મૂંઈ, ભૂંઇ પડયો બડબડેરે લોલ;
મુખથી લાળ જાય છે ચૂઇ તે, સૂઇ રહ્યો શડેરે લોલ. ૧૧૬
જેણે કુચ્છિત કીધી કમાઇ કે, ધાઇ દિશો દસેરે લોલ;
ખળ જન સહુ મળિને ગયાં ખાઈ; ભાઇ રીઝયા રસેરે લોલ. ૧૧૭
વળતાં વાંકુ બોલી વગોય, હોય સહુ સ્વાર્થીરે લોલ.
પાછું વાળીને નવ્ય જોય, કોય કોનું નથીરે લોલ. ૧૧૮

ધાડો ધરેરો વ્યાપ્યો શીવકે, હિંવ્ય ન હિલે ધર્યોરે લોલ;
જબર જંજાળે પડિયો જીવને, શિવ ન સાંભર્યોરે લોલ. ૧૧૯
મળિયાં સગા સંબંધી સમસ્ત, તે અસ્ત સમે અડેરે લોલ;
વાંચ્છે અજી સૂખી નિજ વસ્ત તે, હસ્ત ધરીરે ડેરે લોલ. ૧૨૦
કાંઇ હશે તે મૂક્યું કુત્ર, તે પુત્ર પૂછે ધસ્યોરે લોલ;
મુક્ત થૈ જાતાં મળ મૂત્ર તે, ઉત્તર કહે કસ્યોરે લોલ. ૧૨૧
દાન ન દે કે નવ્ય દેવરાવે, જોવરાવે જુવેરે લોલ;
રામ કહે નહિ નવ્ય કેવરાવે તે, નવ્હરાવે રૂવેરે લોલ. ૧૨૨
કર્મ હીણુ મરિયો કર કૂટીને, લૂટી લીધો ઠગેરે લોલ;
જન્મ સમે હતિ બાંધી મૂઠીને છૂટી વિના વગેરે લોલ. ૧૨૩
જણુવે આવ્યા યમના દૂત તે, નૂતન વેશ ધરીરેરે લોલ;
ઝાલી લીધું જીવનું જુત તે, ઉતક્રમતા કરીરે લોલ. ૧૨૪
પ્રથક તનુંમાં કરી પ્રવેશ કે, કેશ ગ્રહી ધરેરે લોલ;
મારે કોરડા પામે કલેશને, લેશ ન ઉગરેરે લોલ. ૧૨૫
કેહે છે કીંકર યમના વાણ્ય, પ્રાણુ પોખ્યા તમેરે લોલ;
કુટીલ કર્યું નહિ કેમ કલ્યાણુ, જાણુ ગયો સમેરે લોલ. ૧૨૬
ખાધું કેમ પચશે હો ખળ જે, છળ કીધા ઘણારે લોલ;
બલીષ્ટનું શિર ન લહ્યું બળકે. મળ મીઠા ગણ્યારે લોલ. ૧૨૭
જાંણ્યા કેમ નહિ જગદાધાર, નાર નરની લવેરે લોલ;
પ્રીછયો નહિ મળશે પુછનાર, માર પડશે હવેરે લોલ. ૧૨૮
શું કરવા આવ્યો શું કીધું, લીધું લક્ષ ભજીરે લોલ;
વિષય રૂપિયું વિષ કાં પીધું, કેસીધુ સુધા તજીરે લોલ. ૧૨૯
શઠકાં હરિને ન માન્યા સાચા કે, વાચા મને કરીરે લોલ;
એમ કહિ તાણીને મારે તમાચા, પાછા ફરી ફરીરે લોલ. ૧૩૦
નવ્વાણુવ હજાર યોજન, કે ક્ષણુ બે ત્રણુ મહારે લોલ;
જાય લેઇ એમ યમના જન, ઘન યાતના જહારે લોલ. ૧૩૧
લાગે અનલ અર્કનો તાપ કે, બાપ કહી રડેરે લોલ;
પેહેલાં સંભારીને પાપ કે, આપ ઉંધો પડેરે લોલ. ૧૩૨

શ્વાન હસે કંઇ કરતા સોર, ઘોર ઘણો સહેરે લોલ;
રાજ ભટે જેમ પકડયો ચોર કે, દોર બાંધ્યો વહેરે લોલ. ૧૩૩
મારે ઘણા શસ્ત્રના ઘાય કે પાય બાંધ્યો હમેરે લોલ;
ક્ષુધા ઘણી પણ ત્યાં શું ખાય, માંસ કાપી જમેરે લોલ. ૧૩૪
વૃશ્ચિક સર્પ હસે દેઇ ડંક, પંકમાં રહે પડીરે લોલ;
ચક્ષુ ખણી કાઢે ભટ કંક, તે રંક રહે રડીરે લોલ. ૧૩૫
ગજ શાર્દુલ ચીરીને મારે, ત્યારે તરફડેને લોલ;
હાથ ઘશી હા દૈવ પુકારે, વાહારે કુણ ચઢેરે લોલ. ૧૩૬
ગ્રંથી બાંધી ગિરિથી ગડાવે, ફડાવે કૂંધિયેરે લોલ;
શ્રોણિત સરિતા મધ્યે શડાવે, ચઢાવે શુળિયેરે લોલ. ૧૩૭
અર્ધો ડાટે અવની માંહિ, જાહી ચેટક ચકેરે લોલ;
તીરંબાજી કરે જન ત્યાંહી, ક્યાંહિ નાશી શકેરે લોલ. ૧૩૮
નાંખે દુર્ગંધીને ખાડ કે, તાડ ચઢાવીનેરે લોલ;
કાપે કોહોવાડાથી હાડ કે, ફાડ ફડાવીનેરે લોલ. ૧૩૯
તપવે તાતી તેલ કઢાય, ધાયને કરગરેરે લોલ;
કચરે કંટ માંહિ કાય, હાય હાહા કરેરે લોલ. ૧૪૦
પ્રોઢિ ભોગી પીડા પિંડ કે, ષઢ સમો થઇરે લોલ;
સેવક કાય કરે શત ખંડ કે, દંડ રહે સહીરે લોલ. ૧૪૧
એણી રીત્યે નર વા નાર, માર અંગે સહેરે લોલ;
જે મહા પાપ તણાં કરનાર, ક્ષાર કર્દમે રહેરે લોલ. ૧૪૨
નિજનું પૂણ્ય પાપ પાથેય તે, પ્રેયા પ્રેય કરેરે લોલ;
એણે સ્વર્ગ નર્ક અનુમેય તે, હેય એ સહુ ઠરેરે લોલ. ૧૪૩
ભારે ભોગ્યો પાપનો ભાર તે, કારાગારથીરે લોલ;
પટક્યો પશુ પક્ષિ અવતાર, પાર જેનો નથીરે લોલ. ૧૪૪
કીધો શુદ્ધ કેટલે કાળ, તે આળ ઉલંઘવીરે લોલ;
નાખ્યો જનની જઠરની ઝાળ બાળ મનુજ થવારે લોલ. ૧૪૫
એવી કંઇકવાર પીડાય સહાય વિના બણીરે લોલ;
હવે જો શર્ણ હરિને જાય તે, ધાય વ્હારે ઘણીરે લોલ. ૧૪૬

સદ્ગુરૂ શાસ્ત્ર તણો કરે સાથ તો, વાત જાણે ખરીરે લોલ;
માથે નર હરિને કરે નાથ તો, હાથ ગ્રહે હરિરે લોલ. ૧૪૭
સ્ત્રી કે સ્ત્રી સંગીનો સંગ કે, ભંગ કરે સદારે લોલ;
અતિશે જેથી વાધે અનંગ, અંગને આપદારે લોલ. ૧૪૮
અકર્ત્તા જાણે આત્મ સ્વરૂપને, ચુપ થઈ ચકેરે લોલ;
તો ફરી ન પડે ભવને કૂપ, અનૂપમ થઈ શકેરે લોલ. ૧૪૯
કૃષ્ણ કથામાં જો ધરે કાન, તો સાન થયે લહેરે લોલ;
ભારે ભય ભાગે ભગવાન કે, ચાનક જો રહેરે લોલ. ૧૫૦
મનથી જો મૂકે મ્હારૂ ત્હારૂ, દારૂણ દુઃખ લહીરે લોલ;
પ્રભુનું ધ્યાન કરે જો પ્યારૂં તો, સારૂં થાય સહીરે લોલ. ૧૫૧
સમજી થાય સજ્જનને શર્ણ, ચર્ણ ગ્રહી રટેરે લોલ;
ઓળખે અળગું થાય આ વર્ણ તો, મર્ણ જન્મ મટેરે લોલ. ૧૫૨
સત્પાત્રોનું પોષણ ચ્હાય, પાય નમી સદા રેલોલ;
ગમતા ગુણ ગીરિધરના ગાય તો, જાય સહુ આપદારે લે લ. ૧૫૩
સાંભળો શર્ણાગત વિશ્રામ, રામ મમ વીનતીરે લોલ;
જાણી પતિત પાવન તવ નામ, હામ મેં ધરી અતિરે લોલ. ૧૫૪
એહેવી પીડા કૈંકૈં વાર, માર મેં ઘણા સહ્યારે લોલ;
આવ્યો શર્ણ જાણિ ત્રાતાર, સાર કરિયે દયારે લોલ. ૧૫૫
સાધન હું શું કરી શકું સ્વામી કે, કામી કરેશી બહુરે લોલ;
આશરી તમને અંતરયામી કે, નામી શિર રહુંરે લોલ. ૧૫૬
શર્ણ છું ઉત્તરાયે કહ્યું મુખ કે, સુખ જાણી ખરૂંરે લોલ;
રાખ્યો પરિક્ષિત પેશી કુખ કે, દુઃખ દહન કર્યુંરે લોલ. ૧૫૭
મુજ ઉપર જો કરશો મ્હેર, તો ઝેર મિટિ જશેરે લોલ;
ઘટથી જાશે અવિદ્યા ઘેર કે, લ્હેર ઘણી થશેરે લોલ. ૧૫૮
ભૂત ભાવી સહુ નજરે પડશે, જડશે શોધ ખરારે લોલ;
ગર્વાદિ ગરીબ ગડબડશે તે, ન ડશે ન જશે ચહુરે લોલ. ૧૫૯
અવિનાશી ઉતારજો આળ કે, પાળક થઇ તમોરે લોલ;
કહે છે કૃષ્ણરામ કંગાલ કે, બાળક છું અમોરે લોલ. ૧૬૦

સોરઠો.

ટૂંક એકસો આઠ, ગવાઈઆ ગરબા તણી;
ગાય સુણે કરે પાઠ, કૃષ્ણ કૃપા હોય તેહને. ૧

કળીકાળનું વર્ણન.

ગરબા છંદ.

કેશવ કૃપા નિધાન, અરજી ઉરમાં આણો;
ભક્ત પ્રિય ભગવાન, જીવ દયા મન જાણો. ૧
પુરૂષોત્તમ પ્રતિપાલ, આ અવસર તો આવ્યો;
કુટિલ કર્મથી કાલ, કેટલો તો મેં કાપ્યો. ૨
અજી રહ્યો અવશેષ, જકડ કરે જો જાશે;
રીઝ કરી ઋષિકેશ, અફળ તમારી થાશે. ૩
બાળક દેખે બાઉ, પ્રીતે ફરે તે પૂંઠે;
હઠે બતાવો હાઉ, છાતીમાં છળિ ઉઠે. ૪
એમ હું અંતરયામિ, હેત દેખાડયે હરખું;
ગોવિંદ ગરૂડાગામી, થોડા દુઃખથી થરકું. ૫
સેવકને સનમાન, કરિને સુંપો કામું;
દાસ હું ઠરી દુકાન, નિત્ય લિખું નિજ નામું. ૬
ઉઘરાણી ઘરઘર, કરવી મુજથી ન સાધે;
મન ધ્રુજે થરથર, બોલ લોકના બાધે. ૭
ત્રિકમ ન રહ્યો તાલ, અર્થ નથી કંઇ સરતો,
કળિનો આવ્યો કાળ, કડકડાટ બહુ કરતો. ૮
વિમળ મતી વિપરીત, વહેવા લાગી સહુની;
પરમારથની પ્રીત, બહાર ખશી ગઇ બહુની. ૯
ઉત્તમ ચારે વરણ, ઉત્તમતાને મુકી;
કરે અધર્માચરણ, ચિંતન હરિનું ચુકી. ૧૦
વાડવ વિદ્યાવાન થઈ, પણ ઘરઘર ડોલે;
શુદ્રતણાં સનમાન નહિ, પણ આશિષ બોલે. ૧૨

વિદ્યા ભણિને વાદ, પંડિત કરે પરસ્પર;
શિશ્નોદરના સ્વાદ, ફિરે શોધતા સત્વર. ૧૨
વાંચે જે વેદાંત, કણ લોભે કંઇ ઘરમાં;
સમજે નહિ સિદ્ધાંત, ભટકે ભવસાગરમાં. ૧૩
વિપ્ર પરસ્પર વેર, કામ કારણે કરતા;
જરને માટે ઝેર, મમતા માંનિ મરતા. ૧૪
વિદ્વત થઇને વ્યાજ, ગરીબ કેરૂં ગમિયું:
કરે અઘટતાં કાજ, ભ્રાંતે મનડું ભમિયું. ૧૫
શાસ્ત્રતણી નહિ સાન, વામ મારગે ચાલે;
કરિને મદિરાપાન, મોટા થઇને મ્હાલે. ૧૬
મારણ મોહન જાર, ઉચ્ચાટન આરાધે;
ઉત્તમ થઇ અભિચાર, સુવરણ માટે સાધે. ૧૭
ઊર્ણા ઉડદ ઉપાન, મધુ મહિષી ને મહિનું;
દારૂણ લે છે દાન, કાળ સમે કંઇ કંઇનું. ૧૮
શુદ્રાદિકને ઘેર, શાસ્ત્ર શિખાડે જઇને;
પરમ ધર્મની પેર, વિપ્રતણી ગઇ વહિને. ૧૯
એકાદશાનું અન્ન, બ્રાહ્મણને પણ ભાવે;
ધણિને નોહ્યે જો ધન, ઘર ઘરેણું વેચાવે. ૨૦
મસ લઘુશંકા લીંટ, દેખંતાં જ્યાં દીસે;
એ ઠેકાણે ઇંટ, માંડિ પાતલ પ્રીસે. ૨૧
રામા કરે રૂદન, હાથ વાળતી હઇયે;
આરોગે ત્યાં અન્ન, કોણ કોણને કહિયે. ૨૨
રટતા રાજદ્વાર, પંડિત થઇને પક્કા;
દેવડીએ છડીદાર, સહિ ને તેના ધક્કા. ૨૩
તો પણ નાવે લાજ, કિંકર મૂકે કાઢી;
વર્ષાશનને કાજ, દરબારે જાય દહાડી. ૨૫
નાત નાતમાં નીત્ય, બંધી કરી બડબડતા;
વર્ષા ઉષ્ણ ને શીત, વેઠી વાટે વઢતા. ૨૫
અન્નતણો મુખ ગ્રાસ, તો પણ બોલે ગાળી;
દામતણા થઈ દાસ, પેટે મારે પાળી. ૨૬

વૈશ્વદેવ નૈવેદ્ય, બ્રહ્મયજ્ઞ કે તર્પણ;
ભૂત બળીનો ભેદ, જાણે નહિ બ્રહ્માર્પણ ૨૭
સસરા કહિને ગાળ, પુત્ર પૌત્રને દેતા;
અલ્પ ચડાવી આળ, લાંચ પટેલ થૈ લેતા. ૨૮
એક નોતરે ચાર, જમવા કાજે જાતા;
ન જુવે વરણાચાર, સૌને ઘેર જઇ ખાતા; ૨૯
શીવા લગણ ભરાઇ, પરનું આવે પ્રાશી;
રાત્રિ બધી રગડાઈ, ન્હાણે નાંખે વાશી. ૩૦
પલાંડુ લસણ કલીંગ, મધુ-પુષ્પ ને ગાજર;
અફિણ તમાકુ ભંગ, વ્યસન કર્યામાં હાજર. ૩૧
બેઠા નીત્ય બજાર, બ્રાહ્મણ નિંદા સાધે;
સગાં સગાંમાં ખાર, કલહ કરીને બાધે. ૩૨
પરનાતીની રાડ, નિજ નાતોમાં ઘાલે;
દામે ડળકી ડાઢ, મનને માને ચાલે. ૩૩
ઘરમાં ક્ષીપ્રા ખાય, સરખા થઈ સંબંધી;
કુલીન જમવા જાય, ત્યાંહાં ધાકડની બંધી. ૩૪
તજી સ્નાન સંધ્યાય, ભાવે ભાગ્યું ભમવું;
ચિત્તે નિત્યે ચહાય, પૂર્વજિયાનું જમવું. ૩૫
વાટે વાટે વ્યાસ, થઇને માણ વજાડે:
પાંચેક બેઠા પાસ, તેહ તાળિયો પાડે. ૩૬
શ્રુતિ સ્મૃતીની વાત, કાળ જીવ ઇશ્વરની;
જાણે નહિ કાંઈ જાત, રાગ તાળ કે સ્વરની. ૩૭
પીંગળ રીતે છંદ, કવિના કર્યા ન જાણે;
પોતાતણા પ્રબંધ, રચી રાગડા તાણે. ૩૮
નાતરિયાની વાત, કેરી ને રેંટીડા;
ગાતાં શ્યામા સાથ. કરે કટાક્ષે ક્રીડા. ૩૯
અંગુળિયે અંગુઠ, બાંધી ગાય ઉછળતા;
મોટા થાય તે મૂઢ, બીજા મા રે બળતા. ૪૦

યજમાનોથી રીશ, કરિને હાપું લેતા;
નહિતર ફોડી શિશ, રૂધિરે હાથા દેતા. ૪૧
કંઇ ધન કાજે થાય, વોહોરાના વાણોતર;
કંઇ કાશદિયે જાય, કંઇ ભીખતા ઘર ઘર. ૪૨
કંઈક નાંખતા ટેલ, કંઇ વિંટણિયો વીંટે;
કંઇક હાકંતા બેલ, શકટ ભરીને ઇંટે. ૪૩
કંઇક કરંતા રાસ, નારિ રૂપ થઈ નાચે;
મશકરિયોથી હાસ, કંઇક કરંતા સાચે. ૪૪
કંઇ પાણી ભરનાર, કંઇક રસોઈ કરતા;
કંઇ હોયે નાકાદાર કંઇક કરોડા ફરતા. ૪૫
કંઇ લે ભરિને દામ, સરપણ શકટ અજારે;
કંઈ શેઠોનાં કામ, બેઠા કરે બજારે. ૪૬
એક નાતમાં નાત, કલ્પિત બીજી કીધી;
ગૃહસ્થ ભિક્ષુક જાત, દીકરિયો નવ્ય દીધી. ૪૭
નમસ્કારની રીત, તજી સલામો કરતા;
પરનાતીની પ્રીત, મનમાં કદી ન ધરતા. ૪૮
વાડવ થયા વકીલ, ઘરઘર કેરા ઠાકર;
દીવ્ય વધારે દીલ, યવનતણા થઈ ચાકર. ૪૯
ફારશિઓના હરફ વસ્યા વિપ્રની વાણે;
આખુન જીના બરફ, ગમતા દીઠા ઘાણે. ૫૦
દીકરિયોના દામ, હૃદયે લાગ્યા રશિયા;
કરે કારમાં કામ, કેશ ધરે કાનશિયા. ૫૧
બેસે બનિને બેશ, ચકલે ડંમર હાંકે;
અરધ ઉરાડે કેશ, તારૂણિયોને તાકે. ૫૨
કઇકે કીધાં કામ, વેળા જોઇને વંઠી;
નીચ જનોને નામ, આપી બાંધે કંઠી. ૫૩
કઈક પુજતા પીર, અવલોકે જઇ ઓરસ;
પયમાં મેળી નીર, કઈ વેચંતા ગોરસ. ૫૪

કઇ પરણેલી નાર, પ્રહાર કરે ત્યાં પેખી;
કઇ કરે વ્યભિચાર, હાર પારકી દેખી. ૫૫
સાઠે વર્ષે સાંન કઇકે મૂકી ઘરેણું;
વારૂ થઈ વિદ્વાન, ફરી ફરીને પરણે. ૫૬
નાથે કાઢશું નરક, પોતે પાછો પેસે
ગંદાઇમાં ગરક, બાધા થઇને બેસે. ૫૭
વાડવ ઉપર વેર, આવડું તે કાં આણ્યું;
કળિએ કીધો કેર, કારણ કાંઇ ન જાણ્યું. ૫૮
ભલા તમે ભગવાન, હરે ઉઠાવો હાની;
ગોવિંદ આપો જ્ઞાન, મુખ બ્રાહ્મણને માની. ૫૯
આ અવસરે અલોપ, થઈ જળમાં કાં ઝીલો;
કરિને કરડો કોપ, કળિયે લીધો કીલો. ૬૦
નરપતિ થઇને ન્યાય, પૂછી જોઇ ન પ્રીછે;
ધન લેવાને ધાય, અનર્થ કંઇનો ઇચ્છે. ૬૧
વિપ્રને વપુનો દંડ, દેતાં દયા ન આવે;
પેખે પણ પાખંડ, લાંચો લઈ ચલાવે. ૬૨
કઇક વધારી કર, રાંક લોકને રગડે;
જ્યાં જ્યાં દેખે જર, બુદ્ધિ ત્યાં ત્યાં બિગડે. ૬૩
પરદારાનો સંગ, રાતે તેથી રમતા;
ધારી નવ જુવે ઢંગ, દક્ષ જનોને દમતા. ૬૪
કૂડી ધરતા કાન, ચુગલ જનોની ચાડી;
ઘટવા લાગ્યું જ્ઞાન, દંભી સંગે દહાડી. ૬૫
વેદ શાસ્ત્રની વાત, કદી ધરે નહિ કાને;
રાજી રહે દિન રાત, ગુણકાકેરે ગાને. ૬૬
ગૌ બ્રાહ્મણ પ્રતિપાળ, કદી કરે નહિ કુડા;
રાખે નહિ સંભાળ, ભક્ત જનોની ભુંડા. ૬૭
શાક ભાજિયો ફળ, એ પર્યંત અજારા;
વળી બતાવે બળ, ઝોળીવાળા ન્યારા. ૬૮

કાષ્ટ શકટથી કાઠ, કેટલાક લે કાઢી;
કડકા ભારે સાઠ, દરવાનાદિક દહાડી. ૬૯
વર્ષે વર્ષે સવાઇ, અજારદાર વધારે;
રઇયત રહે રગડાઇ, કો આગળ પુકારે. ૭૦
ચોટે જણુવે તોર, દોડાવીને ઘોડા;
રાતે આવે ચોર, ઘર ઘર પડે દરોડા. ૭૧
ચોરોના અસવાર બાન પકડતા લૂટે;
દરવાજાથી બહાર, વહાર કરે નહિ પુંઠે. ૭૨
દરવાજે દરવાન, રંક જનોને રોકે;
કોઇ ધરે નહિ કાન, રડે બિચારા પોકે. ૭૩
અન્યાઇયોના દામ, લેઇ ઠરાવે સાચા;
ન્યાયીયા લે જો નામ, તો તો હણે તમાચા. ૭૪
રાખ્યતણાં સંતાન, રાય આપને માને;
દુશ્મન થઇ દીવાન, કેદ કરે રાજાને. ૭૫
થોડો જોઇ અપરાધ, મરિ રહ્યાને મારે;
બળવંતોનો બાધ, કરી શકે નહિ કયારે. ૭૬
વરતાવે નહિ ધર્મ, રઇયત જનનો રીતે;
પોતે પણ સતકર્મ, કદી કરે નહિ પ્રીતે. ૭૭
ઉત્તમ જનને આંચ, દેઇને નિત્યે દમતા;
વર્ષ ચાર કે પાંચ, એટલામાં આથમતા. ૭૮
કળિયે કીધો કેર, જેમ ગળે શશિ ને રાહૂ;
માધવ કરિયે મેહેર, જોઇ પોતાના બાહૂ. ૭૯
વૈશ્ય કરે વિપરીત, તોલ ન સાચાં તોળે;
પરમારથની પ્રીત, મૂકી મગદળ ચોળે. ૮૦
બાર પાણુનો માલ, વીશ પાણે વેચંતા;
દોડાદોડ દલાલ, કળહળ કેક કરંતા. ૮૧
કહે ધર્મના સમ, ધર્મ ઘસરડે ધૂળે;
તોયે ત્યમનું ત્યમ, મરદી નાંખે મૂળે. ૮૨

હેતસ્વી થઇ હાણુ, કરિને લે જો ખશિયે;
વદે પરસ્પર વાણુ, પોતાની પારશિયે. ૮૩
દમડી માટે ગાળ, મુખથી માને દેતા;
એક એકની આળ, જઇ દરબારે કહેતા. ૮૪
શાણા થઈને શેઠ, પાન તમાકુ ચાવે;
વાડવ પાસે વેઠ, કાયાતણી કરાવે. ૮૫
લેઇ આપ્યાની આશ, મનમાં કદી ન રાખે;
દામતણા થઇ દાસ, ભુંડું મુખથી ભાખે. ૮૬
યતિ ગુરૂ બ્રાહ્મણ દેવ, ગોસાંઇ વિધવાનાં ધન;
સંઘરવાની ટેવ, અંતે ઓળવ્યાનું મન. ૮૭
ચાર રામની ધર, થઇને કરતા કાળું;
જિરવી કઇનાં જર. દેખાડે દેવાળું. ૮૮
મનમાં રાખે મેલ, મૂખ જણાયે મીઠા;
ઘતમાં ઘાલી તેલ, દેતાં કઇને દીઠા. ૮૯
કહી બતાવે કાંય, આપે વસ્તુ બીજી;
મગન થયે મનમાંય, તાળી આપે રીઝી. ૯૦
વૈષ્ણવ થઇને વેષ, અબળાને આરાધે;
કરે ધર્મનો દ્વેષ, શિવની નિંદા સાધે. ૯૧
સમર્પણી થઇ સ્વાદ, શીરા પુરી જમતા;
ગુરૂનો લેઇ પ્રસાદ, રામા સંગે રમતા. ૯૨
વિપ્ર અડે જો અંગ, ધુવાઇ જઇને થુંકે;
ઉરમાં અતિ અનંગ, માની જણી ન મૂકે. ૯૩
સાચા મનથી શરણ, ગુરૂ ચરણે ન રહેતા;
કરે અધર્માચરણ, કલ્પી કઇ મત કેહતા. ૯૪
અજ મુકાવી ધન, હિંસકને ચવરાવે;
માણુસ લાયક અન્ન, શ્વાનોને ખવરાવે. ૯૫
જીવ દયા પ્રતિપાળ, થઇને કરે ઇજારા;
કઇનો આણે કાળ, શ્રાવક થઇને સારા. ૯૬

ધર્મ એટલો લાભ, બોલે પણ નવ પાળે;
ગર્ભણિયોના ગાભ, ઔષધ આપી ગાળે. ૯૭
પરધનથી પરતંત્ર, સમજે નહીં શીખામણ;
જપે મુઠના મંત્ર, કઇને કરતા કામણ. ૯૮
પરનારીને સંગ, પ્રીતી મનમાં પેસે;
અલંકારથી અંગ, સરસ સમારી બેસે. ૯૯
વેદ વિનાના ધર્મ, વાંચે નિત્ય વખાણે;
કૃષ્ણચંદ્રનાં કર્મ, જીવ સરીખાં જાણે. ૧૦૦
કળિ એ કચરઘાણ, કરિને પીડચા પ્રાણી;
કૃષ્ણ કરો કલ્યાણ, ઊરૂ આપના જાણી. ૧૦૧
દંભી જનના દાસ, થઇને શિશ નમાવે;
વિઠ્ઠલતણો વિશ્વાસ, શુદ્રોને મન ભાવે. ૧૦૨
ઉત્તમનાં આચરણ, કનિષ્ટ થઇને કરતા;
સજ્જન જનનું શરણ, ઓળખિ નવ આચરતા. ૧૦૩
રાજ સેવાની રીત, જાણે નહીં પણ રાખે;
મુખમાંહેથી નિત્ય, મંમો ચચ્ચો ભાખે. ૧૦૪
દેખે પરની નાર, રૂપાળી મનમાંની;
દંડ ભરી દરબાર, તે છંડાવે છાની. ૧૦૫
સંતાનોના સહિત, અષ્ટ મંગળે આણે;
નારી પામે નીત, જગ જીત્યો એમ જાણે. ૧૦૬
ગરીબ કેરૂં ઘર, ઉલાળીને એ લે;
છતનો વાધે છર, મેલા થાયે મેલે ૧૦૭
નવ ઠેકાણે જઇ, આવે દશમે દ્વારે;
કાંતા તેને કહી, સુવરણથી શણગારે. ૧૦૮
પાચે પડી પ્રણામ, બ્રાહ્મણને નવ કરતા;
દુઃખે જોડી દામ, દરબારોમાં ભરતા. ૧૦૯
લેખી ન જુવે લેશ, નિર્મળ જનને નાગા;
નિત્ય બનાવે બેશ, દેવ મંદિરે વાગા. ૧૧૦

જાત્રા જાતાં સંગ, જબરા બેલ જોડાવે;
જ્યમ વળગ્યું હોય વંગ, ત્યમ ગાડી દોડાવે. ૧૧૧
મલીન મેલું મન, સંત સંગતી નવ સૂજે;
કલ્પિત ગાય કીર્તન, જાત જાતને પૂજે. ૧૧૨
ગૌ બ્રાહ્મણને દાસ, કરિને ધર્મે ધાવે;
સેવા બ્રાહ્મણ પાસ, કણબી થઇ કરાવે. ૧૧૩
ઝાઝું હોય જો જર, તો તો તાણા તણાવે;
વળી ઘણેરાં ઘર, ચાનક કરી ચણાવે. ૧૧૪
શુદ્ધ ધર્મની વાત, હઠથી ઘાલી હેડે;
જમે જમાડે જાત, જણાં જમાઇ તેડે. ૧૧૫
કૌતુક સરખું કામ, કળિયે કીધું ભારી;
રક્ષા કરજો રામ, પાગ પોતાના ધારી, ૧૧૬
કડિયા સુતાર મજુર, વચન પ્રમાણે ન ચાલે;
જોખમ કરે જરૂર. ઘર કરતાં ઘર ઘાલે. ૧૧૭
સોની દઇ વિશ્વાસ, કાલને વાયદે ફૂનું;
આપે આઠે માસ, સોનાનું કરી સૂનું. ૧૧૮
ધોબી સાળવિ સઇ, ફાડી વળતું સાંધે;
રોક મજુરી લઇ, પણ પોતાનું રાંધે. ૧૧૯
વૈદ થયા વાળંદ શાસ્ત્ર-વાત સંતાણી;
સઇયદ કરી સણુંદ, પાય મંત્રિને પાણી. ૧૨૦
બ્રાહ્મણ વિના અનંત, ગૃહસ્થ થઇને ભાખે;
શેરિયે શેરિયે સંત, ટેલ નાંખવી શીખે. ૧૨૧
વૈરાગી ગોસાંઇ, શસ્ત્ર અંગપર ધરતા;
મારે માંહોમાંઇ, મમતા માની મરતા. ૧૨૨
અંતરમાં અભિમાન, બાનું હરિનું બણિને;
દ્વિજનું મોડે માન, બ્રાહ્મણ પાસે ભણિને. ૧૨૩
ઉલટી વરણ અઢાર, વેરાગીને વેષે;
ગામ ગામને બહાર, બાવા થઇને બેસે. ૧૨૪

કરિને ચારે ધામ, પુજા કરે પુજારી;
દેવતણાં લેઇ દામ, નિકળી જાય લે નારી. ૧૨૫
દેઇ બ્રાહ્મણને ધન, ભારે વિદ્યા ભણતા;
વળતા વ્યાસાસન, બેસે સિદ્ધજ બણતા. ૧૨૬
તિલક છાપ ને માળ, ધરિને કરથી ખેંચે;
કર્ણીક ગોખા દાળ, કઈના લાવી વેચે. ૧૨૭
કરમાં લે નહિ દામ, મોંટમ રાખે માઝા;
લઇ પુસ્તકનું નામ, જર લે કઈના ઝાઝા. ૧૨૮
માંડીને ઘરબાર, લોટ માગતા વહાણે;
લાવિ લાકડાં ચાર, જમિ આવે જ્યાં જાણે. ૧૨૯
વિઠ્ઠલજીનો વેષ, હીંડે વિકળ વગોતા;
મુંડાવીને કેશ, જરને હીંડે જોતા. ૧૩૦
ફકીર થઇને ફળ, ભાલાનું કર પકડે;
પૈસા લે કરિ બળ, રાંક જનોને રગડે. ૧૩૧
તીર્થ તણાં જે તીર, રાજ્ય રહ્યાં ત્યાં ખોટાં;
બંધાયાં બંદર, મેલેચ્છ રાજ્યથી મોટાં. ૧૩૨
ગૌ બ્રાહ્મણને ત્રાસ, વધતો દિન દિન વાધ્યો;
રૂડિ વસ્તુનો હ્રાશ, સાલે સાલે સાધ્યો. ૧૩૩
અંબુ વરસે અલ્પ, તે પણ નહીં સુખ માગ્યું;
સત્ય રહ્યું છે સ્વલ્પ, તે પણ જાવા લાગ્યું. ૧૩૪
ભલા પુરૂષને ભાંડ, ભાખ્યાં ભવાઇ કેરાં;
ડાહ્યા જન તે ડાંડ થઇને કરે અનેરાં. ૧૩૫
પૃથ્વી પણ ગળિ જાય, ધન દાટ્યું કર નાવે;
રગડે નિત્યે રાય, જયમ જે જનથી ફાવે. ૧૩૬
પિતા પુત્રમાં વેર, ભાઇ ભાઇને ભાંડે;
જાત જાતનાં ઝેર, સુખ કો કોથી ન માંડે. ૧૩૭
સગાં સહોદર સાથ, વાંધે વૈર વધારે;
નર થઇ નારી હાથ, માત પિતાને મારે. ૧૩૮

પૂરણ પાપે તન, આ અવસરમાં આવે.
લેઇ તાતનું ધંન, અંતે બહુ અથડાવે. ૧૩૯
લાગે નરને અંગ, કામનિયોનાં કામણ;
માને મન થઇ દંગ, સાળકની શીખામણ. ૧૪૦
સ્નેહી સગાં સમસ્ત, કટ કાળજું કોરે;
હાવે દેખી વસ્ત, આપ આપમાં ચોરે. ૧૪૧
મુખ તંબોળે લાલ, પહેરે જામા નીમા;
જુઠો જકડી માલ, સત્ય કરાવે વીમા. ૧૪૨
રાખીને વેપાર, ગાળી નાખે નામું;
માગે જો દેનાર, જુવે ન તેના સામું. ૧૪૩
કરનું આપ્યું રોક, નાણું તે પણ નાપે;
સમજે કરવું શોક, વળી ઉલટું શાપે. ૧૪૪
મેળે ખેળે જાય, હદ્યા કામને હરદે;
કામનિયોની કાય, મંદિરમાં પણ મરદે. ૧૪૫
પીતળના શણગાર, સુવરણ સરખા કરિને;
વેચે મધ્ય બજાર, ધન લેઇ જાયે હરિને. ૧૪૬
રૂપૈયામાં રોળ, ત્રાંબુ ઘાલે પેખી;
કોરી ભરતા તોલ, મારે ઉપર મેખી. ૧૪૭
દામે ડળકે ડાઢ, મનુષ્ય મનુષ્યને મારે;
ખોટી ઘાલે ખાડ, અલંકાર ઉતારે. ૧૪૮
વ્યસન થકી થૈ વંઠય, ધર્મ જુવે નહિ ધારી,
નીજ જનનીને કંઠ, મારે કુટિલ કટારી. ૧૪૯
માત પિતાનું ધન, મુકયું ચોરી જાતા;
માનનિ કરી મગન, ખાંતે ખાવું ખાતા. ૧૫૦
રંક તણી પ્રતિપાલ, કરિ કરે કોય કટ્ટો;
જાણવે તે જંજાળ, બે દિલ જાય બાહાર્યવટો. ૧૫૧
ગમે ગરોના જોશ, પોમલિયો કર જોતી;
નિર્મળ જનનો દોષ, કજ્યો ન જાયે કોથી. ૧૫૨

દુનિયા સઘળી ડાહી, પોતપોતાના મનથી;
સંત રહ્યા સંતાઇ, ઝેર ભરેલા જનથી. ૧૫૩
કળી કરે કલ્પાંત, કૃપણ જનોને કરડે;
સધાય નહિ સિદ્ધાંત, સર્વ સળેલાં ભરડે. ૧૫૪
પતિવ્રતાની પેર, નારી જનની નાઠી;
મરદાઇ ગઈ મહેર, માનનિયો થઈ માઠી. ૧૫૫
દશ એકાદશ બાર, વર્ષે ગર્ભજ ધરતી;
વિંહળ થઈ વ્યભિચાર, કામનિયો બહુ કરતી. ૧૫૬
થયા વામણા વેષ, આડ હાથની સાડી;
લાજ ધરે નહિ લેશ, તરૂણી ઉઠે ત્રાડી. ૧૫૭
ઠરી ન બેસે ઠામ, ઘરોઘરે અથડાતી;
દીલમાં ધારી દામ, પર પુરુષોને ચહાતી. ૧૫૮
જીભે ભરિયું ઝેર, બકોર કરતી બોલે;
વરથી રાખે વેર, ડાકણ સરખી ડોલે. ૧૫૯
સાસુને કહે સોક, વહુ સામી રહી વઢતી;
પછી મૂકતી પોક, રાંક સરીખી રડતી. ૧૬૦
મારે જો ભરથાર, સામું બોલે સડતું;
ખરો ધરીને ખાર, કૂપે મુકે પડતું. ૧૬૧
સાસૂ પણ વહુ સાથ, કહે બાપની બઇયર;
લાંબા કરીને હાથ, સુણતાં સઘળી સઇયર. ૧૬૨
નાગી થઇને નહાય, વિખાણ ત્યાં પણ વાંચે;
શૌચ જવાને જાય, એક કળશિયે પાંચે. ૧૬૩
મળી કોયને કોક, ત્યાં પણ બડબડ કરતી;
જેમ સુણે સહુ લોક, એ રીતે ઉચરતી. ૧૬૪
વાટે કરતી વાત, કઇ મળીને કળવળ;
જાણી જાય ન જાત, ખસે ન કરતી ખળભળ. ૧૬૫
કલ્પિત કીધા એમ, ધર્મ દિવસ ધોવાના;
નારીયે કીધો નેમ, પરવ દિવસ રોવાના. ૧૬૬

મચે એક માંહી કાંણુ, ચાર જુદી લેઇ ઉંઠે;
બ્યંડળ સરખી વાંણુ, પુરુષ પોકારે પુંઠે. ૧૬૭
એક એકથી એક, આગળ પડે ઉજાતી;
અબળા મળી અનેક, પ્રૌઢ પરજિયા ગાતી. ૧૬૮
ફૂટે કઇ કપાળ, મૂકી ઊર ઉઘાડાં;
જણાય નહિ જંજાળ, સંઘટ પેઠાં ગાડાં. ૧૬૯
સાયં પ્રાતઃકાળ, મુખ વાળીને રડતી;
લીંટ આંસુ ને લાળ, દેઈ જીવોને નડતી. ૧૭૦
કદી રજો દર્શન, ઘર વિહિવામાં આવે;
ન દે પાળવા દિન, અખિલોને અભડાવે. ૧૭૧
સ્વાર્થ સ્વલ્પને કાજ, પતિ પુત્રોને મારે;
દિલમાં રાખે દાઝ, હઠ પોતે નવ હારે. ૧૭૨
અપરમાત થઇ આપ, દાસ પુત્રને દમતી;
પ્રૌઢ થાય જ્યા પાપ, ત્યાં જઈ છાની જમતી. ૧૭૩
ખાય શેર અઢીએક, તોય કહે નવ ભાવે;
લડતી તજીને ટેક, પોળો ચાર જગાવે. ૧૭૪
તેલ સરશિયું રાઈ, ખાતી એહું ટાઢું;
શિક્ષાથી રીસાઇ, અબળા વહતી આડું. ૧૭૫
છાની લેઇ જાય વસ્ત, મહિયરમાં મનમાની;
કહ્યે બતાવે દસ્ત, જાંણે જેમ હોય જ્ઞાની. ૧૭૬
કાંઇને શાટે કાંઈ વસ્તુ બતાવે બીજી;
ચોર કરે ઘર માંહિ, ખરૂં કહે રહે ખીજી. ૧૭૭
પીટયા કહિને ગાળ, શિશુને દેઇ પછાડે;
પતીતણી પ્રતિપાળ, કરે નહિ પણ ત્રાડે. ૧૭૮
નગ્ન નદીને તીર, નરને તનુ નિરખાવે;
પતિને નિજ મંદિર, નિત્ય કરડવા ધાવે. ૧૭૯
હાય હાય કહિ આદ્ય, વાત કરે વિસ્તારી;
મૂકી નિજ મર્યાદ, નિર્લજ થઇ કુળનારી. ૧૮૦

કર્ણ કંઠ પદ કર, નંગ ભરી જાય ધાતી;
જેમ દેખે પરનર, અર્ધ ઉઘાડે છાતિ. ૧૮૧
વિવાહ મંગળ દિન, ભુંડું ગાતી ભામા;
જાતિ વિજાતી જંન, સાંભળવા રહે સામા. ૧૮૨
હોળીની પણ ઘેર, હઠી ખસે જેમ હારી;
ગાય ત્યમ પૂરણ પેર, નરને સુણતાં નારી. ૧૮૩
નિરધન કે ધનપાત્ર, સુભાગવંતી કે રાંડી;
મળી માનીની માત્ર, કાંતે ચરખા માંડી. ૧૮૪
શેરિયે કરતી સોર, શ્યામા શરમ ન આણે;
દિવસ ચડે જ્યાં પહોર, ઘરમાં ઘંટી તાણે. ૧૮૫
ઘરમાં હોય જો દુઃખ, ગમતાં ન મળે ઘરેણાં;
મરડીને કહે સુખ, પાપે તમને પરણ્યાં. ૧૮૬
છડે ન વીણે ધોય, તરત ન દેતી તડકા;
રસોઇમાં પણ હોય, કેશ કોઇલા કડકા. ૧૮૭
ચકલે ચકલે ગાય, ગરબા મળિને ઘણિયો;
જાર જોવા તે જાય, ભામા એવું ભણિયો. ૧૮૮
સાસુ વહુને શિશ, પ્રથમ પેરાવે વાડી;
અંતે કરીને રીશ, કહે ઘોડાની લાડી. ૧૮૯
સાસૂ જોઇને સૂખ, વહુકેરૂ મન ખીજે;
વહુનું જોઇને દુઃખ, સાસુનું મન રીઝે. ૧૯૦
અપરમાત કે માત, સુતના ઘરમાં આવી;
જે કાંઇ આવે હાથ, તે તે જાય સંઘાવી. ૧૯૧
દીકરિયો થઇ દૂત, ફોસલાવી લે માનું;
શળી ન પામે સૂત; કરવા કાર્ય ક્રિયાનું. ૧૯૨
જર ખર્ચીને જનોઇ, નીચ જાતીયે પેહેરી;
વનિતા જાય વગોઈ, નાતરિયે નવ ફેરી. ૧૯૩
મરે જિવે ભરથાર, વગોવિ વનિતા વરને;
નીકળી જાય કુળનાર, લેઇ પારકા નરને. ૧૯૪

શ્યામા સુતને કાજ, વિર્ય ધરે કંઇ કંઇનું;
મૂકે કુળની લાજ, જ્યમ પાસુ હોય ક્ષયનું. ૧૯૫
પિતા પુત્ર ભરતાર, સમતેના ખાય જુઠે;
ચડે ઘડી દિન ચાર, ચક્ષુ ચોળતી ઉઠે. ૧૯૬
પતિનું કરે ન માંન, માનનિયો મન માન્યું;
સ્વારથની રહિ સાન, કળિમાં સગપણ કયાંનું. ૧૯૭
કાન્તપાસ બહુ કામ, ઘરનાં નિત્ય કરાવે;
ઘરનો કરી ગુલામ, અહરનિશી અથડાવે. ૧૯૮
વિધવા પણ જણિ બાળ, જઇ ટાંકામાં નાંખે;
ગુણવંતી થઇ ગાળ, સર્વ જનોની સાંખે. ૧૯૯
પરપુરૂષોથી વાત, હસિ હસિ વાટે કરતી;
ઉઠે અરધી રાત, અબળા નવ ઓસરતી. ૨૦૦
દેવ મંદિરે જાય, નિત્ય રઝળતી રામા;
અન્ય પુરૂષ અથડાય, સુંદરિયોના સામા. ૨૦૧
ન કરે કદિયે નાર, સેવા નિજ સ્વામીની;
વાત કરે વ્યભિચાર, કાંતા જન કામીની. ૨૦૨
ભાગે પર ઘરસૂત્ર, તેવી વાતો ચણતી;
થાય પુત્રને પુત્ર, તો પણ પોતે જણતી. ૨૦૩
બાળા યુવતી વૃદ્ધ, ચડબડવું નવ્ય ચૂકે;
બડબડ કરતી બદ્ધ, સુમત્ત કોય ન મૂકે. ૨૦૪
સાચી જુઠી વાત, સુણી લડાઈ લડતી;
સમ ખાતી સાક્ષાત, રગડે રામા રડતી. ૨૦૫
વાંધા પડે વિશેક, સવળે અવળું સમજે;
એક એકથી એક, ટક્કર લેવી ન તજે. ૨૦૬
જંબા જાય ત્યાં જાન, પરનું થતું ન જાણે;
કરી એકઠાં ધાન, છાંડે શરમ ન આણે. ૨૦૭
કૃષ્ણ-કથામાં વાત, એક એકથી કરતી;
કરે આપની ઘાત, કાને કથા નવ્ય ધરતી. ૨૦૮

મનમાં માંને ડહાઇ, વરણવ નિજનાં ભાવે;
રૂડું કહ્યે રિસાઇ, જાય કથામાં નાવે. ૨૦૯
કેટલાં કરૂં વિખાણ, કળિના જનનાં કંઠે;
ભજન પડે ભંગાણ, વાણી વળતી વંઠે. ૨૧૦
સર્વ જનોને સાથ, નમસ્કાર છે મારો;
જોડીને કહું હાથ, હું છું દાસ તમારો. ૨૧૧
કોય ન કરશો રોષ, સૌથી હું બહુ પાપી;
ગાવા સૌના દોષ, વાણી જ્યારે વ્યાપી. ૨૧૨
તોપણ કરિને તોલ, અવગુણ તજજો આપે;
કૃષ્ણચંદ્રનો કોલ, કલિનાં કલિમલ કાપે. ૨૧૩
કળીમાં છે એ ગુણ, દોષ તણા નિર્દોલક;
કળી શકે તે કૂણ, પોતાના પ્રતિપાલક. ૨૧૪
મન ચિંત્યાં સતકર્મ, શીઘ્ર સફળ તે થાશે;
અંગે કર્યા અધર્મ, મનન કર્યે ભરદાશે. ૨૧૫
કૃષ્ણ-તણાં કીર્તન, ગાવાં સુણવાં ગમશે;
થાશે પાપ પતંન, સંકટ સઘળાં સમશે. ૨૧૬
માટે શ્રીમહારાજ, મુજ સામું કાંઇ જોઇયે;
અજ્ઞાદિકને કાજ, ખોટિ થવું તે ખોઇયે. ૨૧૭
નાથ દાસને નીત, આ અથડામણ ન ઘટે;
પ્રભો કરો તો પ્રીત, સાચી મનમાં પ્રગટે. ૨૧૮
કોને કહું કિરતાર, આતુર થયો અતિશે;
શ્રીધર કીજે સાર, દિલ મારે જયમ દિશે. ૨૧૯
નરતનુ કેરૂં નૂર, વહી ન જાય વિશ્વંભર;
હરિજી રાખો હજુર, અથડાવો નહિ ઇશ્વર. ૨૨૦
દેવ ન જોઇયે દોષ, દાસતણા મન ધારી;
રંક ઉપર શો રોષ, મહેર કરો મુરારી. ૨૨૧
અન્ય જનોની આશ, કરવી લાગે કરડી;
જોઇયે જગત નિવાસ, પ્રભુજી પાસું મરડી. ૨૨૨

પતીત પાવન નાથ, શરણાંગતના વત્સલ;
મેં માન્યું મન સાથ, બિરદ તમારાનું બળ. ૨૨૩
સત્ય સચ્ચિદાનંદ, વચન તમારૂં જાણી;
આવ્યો ધરિ આનંદ, શરણે સારગ પાણી. ૨૨૪
વિટંબણાની વાત, દૂર કરો દામોદર;
જદુપતિ જાંણી જાત, સંકટ કાપો સત્વર. ૨૨૫
હરિ ધરાવો હાંમ ડગતું મન સ્થિર કરિયે;
માધવ રાખો માંમ, અરજી શ્રવણે ધરિયે. ૨૨૬
ગૌ બ્રાહ્મણ પ્રતિપાળ, આશ્રય રાખો અમને;
કૃષ્ણરામ કંગાલ, ચરણ શરણ છે તમને. ૨૨૭
ફાલ્ગુન સિત પાંચમ, સંવત અઢાર ચૌવોત્તર;
કલી કર્મ જેમ તેમ, પૂર્ણ લીખ્યાં બુધવાસર. ૨૨૮

દોહો.

બસેં અઠાવીસ ટુંકથી, કહ્યાં કલિનાં કર્મ;
કૃષ્ણરામની કૃષ્ણજી, રાખે રેહેશે શર્મ. ૧

વિસોટો સોલમો પ્રારંભ.

તમે સાંભલો શાણા જન પાપ તરવા,
મહા પાપની શાંતીને વેગે કરવા;
જન્મ મરણના ટાળવા ફેરા ફરવા. તમે૦ ૧
અતી ઉત્તમ આવીયો જન્મ માનવ,
ધરી લક્ષ તજીયે હવે લોકની લવ;
વળી આપેથી આપ સંભાળો ધવ ધવ. તમે૦ ૨
પ્રથમ પાપ જે પાપીને સંગે ફરવું
તેહનું વચન વહાલું કરી ચિત્ત ધરવું;
એહેના સરખું આદરથી આચરણ કરવું. તમે૦ ૩

પીતા માતા ભગની સુતા કુલ વધું કૃઇ,
આજા જ્યેષ્ટ બંધું સાસૂ નામને કહી;
તેને મમ્મે ચચ્ચે દેવી ગાલી કંઈ કંઈ. તમે૦ ૪
નીત્ય દોષ પરના જોઈ કરવી ચાડી,
વિના વૈરથી રાહાડય અતિ રચવી જાડી;
હૃદય બાળવાં પરનાં વદી વાત આડી. તમે૦ ૫
વિના રોગથી વ્યસન કરવાં અનેરાં,
નારી નેહે નીરખવી જ્યાં દેવ દેહેરાં;
વળી અન્નાદી જમવાં આશૌચ કેરાં. તમે૦ ૬
વળી દ્યૂત રમવું અંગે કીચ ધરવું,
છાંટી અન્ય ને મૂત્ર મલહાસ કરવું;
માર્યા માટે સજીવને કુટી મરવું. તમે૦ ૭
સાજુ અંગ તોહે શકટ બેલ જોડી,
જાવું યાત્રાએ સહુ થકે પહેલાં દોડી;
દેવી આંચો બ્રાહ્મણ તણાં માન મોડી. તમે૦ ૮
સારી વસ્તુ ઔષધ વિના ખાવી આપે,
પ્રાંણ પૂત્રાદિ પોષવા રલિને પાપે;
ગુણ ઉપરી અવગુણ કરવા તાપે. તમે૦ ૯
સેહેજે વાત કરતાં મુખે વિષ્ટા વરસે,
કહેતાં શીક્ષા ઉલટો તેહેને તે આકર્ષે;
કૃષ્ણરાંમ એ પેહેલા પાતકથી તરશે. તમે૦ ૧૦

પદ ૨ જું.

બીજા પાતક કેરી હવે કહીયે વાતો,
વદી શપથ વિશ્વાસીની કરવી ઘાતો;
પીતા માતાદિ વૃદ્ધોને હણવી લાતો. તમે૦ ૧
પેખી પાપી અસંતને સંત માની,
થવું શરણ જેથી બને તે જો હાની;
નગ્ન નીરખવી નારીયો પ્રગટ છાની. તમે૦ ૨

યજ્ઞ કરવો પણ પોષ્યો ના પ્રાણ પીડી,
ખાવું નીચ ઘર અન્ન તે દ્વાર ભીડી;
દેવો રંકને માર તે મુખડું બીડી. તમે૦ ૩
રજોવંતી નારીનું નીરખેલું ખાવું,
કરી કોગળા તીર્થમાં મલીન નહાવું;
નારી રૂપે નર નાચે તે જોવા જાવું. તમે૦ ૪
વિના દોશે પરણેલી પત્નીને તજવી,
વીટલ પુરૂષોની વાન્તી શી વનીતા ભજવી;
ગપ્પાં હાંકવાં તે બધું ચકલું ગજવી. તમે૦ ૫
બ્રાહ્મણ બ્રાહ્મણીને મૃતા શૌચે અડવું,
રડાવીને તેહને દ્વિ સંધ્યાયે રડવું;
વાંધે વૈર ધારીને વહાલાંથી લઢવું. તમે૦ ૬
થઇ વૃદ્ધ પણ પરણવી કૂકુલ નારી,
કહેવું સત્ય પણ જેથી થાય દોષ ભારી;
જાણી જોઇને કંઇ નાંખવાં જંતું મારી. તમે૦ ૭
પશુ જાતીની નારીથી રતીએ રમવું,
લેઇ લાંચો દુષ્ટોથી ધર્મને દમવું;
વિના દેવ નૈવેદ્ય અભડાયું જમવું. તમે૦ ૮
નીત્યે ગૌબ્રાહ્મણ સંતને દેવી ગાળો,
જન ઉજળાને શીરે કેહેવી આળો;
રૂડા માર્ગ રોધીને જે દેવો ટાલો. તમે૦ ૯
વગર આપદે અશુભ આચર્ણ કરવું,
નારી નારીના વશ નરોને આદરવું,
કૃષ્ણરામ એ બીજા પાતકથી ડરવું. તમે૦ ૧૦

પદ ૩ જું.

ત્રીજા પાતકની રીત જે દમવો દાનુ,
ધન લોભે પારદ સહીત ધમવી ધાતુ;
પુત્ર પ્રાણ પોષી દુઃખી કરવી માતુ. તમે૦ ૧

ઘણે કામે કામીની મુખે રેતો પાવું,
મારી નીજ કરે શસ્ત્ર નિજ અંગે ઘાવું;
શેકી જીવતાં જંતુનું માંસ ખાવું. તમે૦ ૨

સંબંધીનું મુરદુ બળ્યા પાછળે જમવું,
વિજાતીની વિધવા થકે રતીએ રમવું;
દેહ દંડ દઇ વિપ્રોને વાંકે દમવું. તમે૦ ૩

પર નારીના પેટમાં ગર્ભ દેવો,
સકલ સરખો વિપ્રો થકે વેરો લેવો;
ગુણવંત પુરૂષોનો અવગુણ ગ્રેહેવો. તમે૦ ૪

ગર્ભ ગાળવો ઔષધ આપી ભારી,
જાણી જીવતાં નાંખવાં બાળ મારી;
કરી ગમન વણસાડવી કો કુંવારી. તમે૦ ૫

મુકી થાંપણો મૃતક કેરી ઓળવવી,
ભલા ભાઇબંધોની ભામા ભોળવવી;
પતી સહીતાં સતી યુવતીઓને ઝોળવવી. તમે૦ ૬

કંઇ જનને કામણ કરી કસવા કામે,
ક્રોધે આપની ઘાત કરી મરવું માંમે;
અભિચાર કરી ચાલવું નીત્ય હરામે. તમે૦ ૭

છતે ધન ન ખાવું ને ખાવા ન દેવું,
વળી વિકટ વેળા વીકટ દાન લેવું;
નિજ ધર્મને તજીને પાખંડ વેહેવું. તમે૦ ૮

કંઇના કૌતુકે કાંન ભરવા કુભાવે,
ચઢયા જનને ઉતારવો ધર્મ નાવે;
ન પીવાય તો ઢાળવું દમવું હાવે. તમે૦ ૯

કરી દંભ પણ ગર્વથી ગજવી ગાજે,
મૃતક નાંહ્નાંનાનું ધન જમી મન ન લાજે;
કૃષ્ણારાંમ એ ત્રીજા પાતકથી દાઝે. તમે૦ ૧૦

પદ ૪ થું.

ચોથું પાપ જે ભગર્નીની એહેવી નીવી,
થઈ વર્ણે દીક્ષા વીના મદીરા પીવી;
તગાદે દેવાલા તણી કરવી દીવી. તમે૦ ૧
ગૌજાતીને લત્તાથી પ્રહાર કરવો,
ધરી પીઠે પલાણુને ભાર ભરવો;
દ્વીજોત્તમ તણા પુત્રને વેઠયે ધરવો. તમે૦ ૨
નહાવું નહિ રજોવંતીને અડીને અંગે,
સ્વાદે સંગ કરવો રાખી વૃષલી સંગે;
ગાવો વેદ અતી શૂદ્રોને શુણતાં રંગે. તમે૦ ૩
શશી સૂર્ય ઉપરાગમાં અન્ન જમવું,
તજી શીલ ભ્રષ્ટો તણે ઘેર ભમવું;
દમી વીપ્રોને શુદ્રો તણે પાય નમવું. તમે૦ ૪
વલી વિપ્ર પત્નિને કરવી દાસી,
પતિવૃત્ત ધર નારીની કરવી હાંસી;
રાંધ્યું દેવને કરવું નૈવેદ્ય વાશી. તમે૦ ૫
જેમાં ભૂત બોલે તેનું રાંધ્યું ખાવું,
આપ્યા પાખ્યે બ્રાહ્મણ તણું અન્ન ચહાવું;
એકાદશીએ એકાદશા જમવા જાવું. તમે૦ ૬
મારી ઝેર દઇને કોહોની વસ્તુ હરવી,
દેવો દંડ અપરાધ વિન જુઠી ભરવી;
નીજ ગોત્રની કન્યા જાણીને વરવી. તમે૦ ૭
સંન્યાસી જાતીને કરે દામ દેવો,
દેવ વિપ્રોને અર્પેલો ખુંચી લેવો;
યતિ થઇને પણ અંગે શણગાર વેહેવો. તમે૦ ૮
દેઈ નોહોતરૂં વાળવો વીપ્ર ભુખ્યો,
આપે થઇ સુખી રાખે સત્પાત્ર રૂખો;
ભલા અન્નોથી ભરવી શ્વાનોની કુખો. તમે૦ ૯

પોસે પ્રાણુ પણ પુન્યથી પાછો સરકે,
ઘણા જ્ઞાની જનને દેખી નીત્ય ધુરકે;
કૃષ્ણુરાંમ એ ચોથે પાતકથી થરકે. તમે૦ ૧૦

પદ ૫ મું.

કહું પંચમ પાપની વાત વરણી,
પર ગામી કરવી નીજ પત્ની પરણી;
કરી શીષ્ય શીખાવવી કુટીલ કરણી. તમે૦ ૧
પરનારીને પરતણે પાશ લેવી,
નીજ ભગનીની પુત્રીને વિટલોને દેવી;
ખાવી કુડી કમાઈ ને હાથ ગ્રહેવી. તમે૦ ૨
કન્યાવિક્રય કરીને તે દામ લેવા,
તેના ઘર તણા જમવા પકવાન્ન મેવા;
અતી ઉચ્ચ થઇ નીચની કરવી સેવા. તમે૦ ૩
મુખે અન્નનો ગ્રાસ પણ દેવી ગાળી,
ધન લોભે કોહોને ગળે વાહાવી પાળી;
છતે જીવે કો નાંખવું મુરદું બાળી. તમે૦ ૪
અતી અવળા આચરણીને શીષ્ય કરવો,
પાપી કેરા ઉપદેશને કર્ણે ધરવો;
કુટીલ દે તે પ્રસાદથી કોષ્ટ ભરવો. તમે૦ ૫
આપે શુદ્ર પણ દ્વીજને ચર્ણે નમાવે,
બેશી વ્યાસ ગાદીએ શિક્ષા સુણાવે;
અણુજાણે ત્યાં સાંભલવા ઉચ્ચ આવે. તમે૦ ૬
મુખે શુદ્ર થઇ શ્રુતીઓનાં વચન કેહેવાં,
વળી કૃષ્ણનાં કર્મ કહે જીવ જેવાં;
વલી વીપ્ર વારશીકને ઉલાલી લેવાં. તમે૦ ૭
ઘણા કર તે વધારવા રંક માથે,
દેખી વીપ્રને હણવી લાકડીઓ હાથે;
સદા સંગ કરવો શમળવંતી સાથે. તમે૦ ૮

છતે મળતે દ્રવ્યે નવ્ય વાળે દેવું,
થઇ ફારગતીએ વળી વળગી લેવું;
વિના વીપ્ર જાતીને મહા દાન એહેવું. તમે૦ ૯
જાતી વીપ્ર થઇ વેદનો પંથ મુકે,
રમે વેશ્યાથી સ્નાન ને સંધ્યા ચૂકે;
કૃષ્ણરાંમ એ પાપ પંચમથી સૂકે. તમે૦ ૧૦

પદ ૬ ઠું.

છઠું પાપ જે ગરીબનિ ગાયો વાળે,
ઘાલી ગોટો ઘર માંહે સર્વસ્વ બાળે;
રાખી સાચો વેહેવાર ને નામું ગાળે. તમે૦ ૧
નાના બાળને માનો વિયોગ પાડે,
ખુંચી લેઇ ઘર રંકને બહાર્ય કાહાડે;
ઊચ્ચ ભેગો મહા નીચને રાખે ભાડે. તમે૦ ૨
ભલી વરણ વસ્તી વચ્ચે વાસે પાપી,
વધુ કુલવતી ગુણીને કાહાડે સંતાપિ;
કીધાં વીપ્રોનાં વાર્ષીક નાંખે કાપી. તમે૦ ૩
કહી વિપ્રોને આપ્યાની હાને નાપે,
કલી ક્ષેત્રોના ધાન્યને અધિક માપે;
કરી ક્ષુદ્ર દીક્ષા કુટીલ મંત્ર જાપે. તમે૦ ૪
શાચે જુઠે જે દેવના સમ ઘલાવે,
નાઠાં ઘેનું બ્રાહ્મણને જે કહી ઝલાવે;
જન જીવ તે પત્ર જુઠો ચલાવે. તમે૦ ૫
જલે તારતાં ધનને દેખી ડુબાડે,
મુકી વીર વિદ્યાયે વસ્તુ ઉડાડે;
પ્રેરી આગીયો અંગો અંગે દઝાડે. તમે૦ ૬
પીયે ઊચ્ચ થઇ નીચ વાસણનું વારી,
મારે માતને કંઠ ઘાલી કટારી;
કહી ઊચ્ચની પરણાવે નીચ નારી. તમે૦ ૭

મહા તીર્થ વારીમાં મળ મૂત્ર નાખે,
દેઇ દંડ દક્ષોને પાપીને સાંખે;
નિજ માતને તાતનું મીથુન ઝાંખે. તમે૦ ૮
સદા સંત બ્રાહ્મણ તણી નીંદા ભાખે,
વગર સમજતાં બાળોને જુદાં રાખે;
સુવે બન્ને સંધ્યા સમે કષ્ટ પાખે. તમે૦ ૯
દમી વીપ્રને પાપીના પાય પૂજે,
દીધી પીઠ તેના ઉપર જોરે ઝુઝે;
કૃષ્ણરાંમ એ છઠા પાતકથી ધ્રુજે. તમે૦ ૧૦

પદ ૭ મું.

હવે સપ્તમ પાપને અવલોકાવું,
મારી ચુગલને સહાવું થઇ જોવા જાવું;
ઉંચ્ચ નીચને ભેગાં બેશીને ખાવું. તમે૦ ૧
બન્ને સંધ્યા સમયે નારી મીથુન કરવું,
બ્રહ્મ દ્રોહીના અન્નથી ઉદર ભરવું;
વીના વીધીયે કરી ઘાતને આપે મરવું. તમે૦ ૨
કરી વૈર વટલાવવું ટાંકુ જળનું,
રાખી દેવ બાધા ખાવું શિશુના મળનું;
તજી શાસ્ત્ર નીર્ણય કહ્યું કરવું ખલનું. તમે૦ ૩
અબલા અધર્મીને વશ રહેવું નરને,
કોનાં કીધાં પૂરાવવાં વાપી સરને;
દેવો સહીતાં ગોડાવવાં દેવ ઘરને. તમે૦ ૪
માહા માર્ગ પાડવા ઘાલી ગાડાં,
દેવ મંદીરે મારવાં બકરાં પાડાં,
દેતાં દાન નિવારવાં બોલી આડાં. તમે૦ ૫
મધ્યે સાગરે વૈરથી વાંહાણ ત્રોડે,
હરી જાય પરનારીને ઘાલી ઘોડે;
વિના રાજાનિ આજ્ઞાથી શક્કો ગોડે. તમે૦ ૬

કોહોના સાટે કોય તોતીઓ આવે ભણીને,
મોડે વિપ્રનું માન મહા વિદ્યા ભણીને;
કોહોનું ડાટયું ધન કો હરે ભૂમી ખણીને. તમે૦ ૭
અજાણ્યાને હીડાડે કો અવળી વાટયે,
રોકે વિપ્રનાં અન્ન નિજ લોભ માટે;
મારી પૂત્ર પરનો ઘાલી ઘરમાં ડાટે. તમે૦ ૮
કરે નજર અતીથી ના સાહામી કરડી,
કથા કૃષ્ણની મધ્યેથી નાંખે મરડી;
બોલે ગુરૂને ગાળી ઘણી દંત ઘરડી. તમે૦ ૯
નિજ પતિને રોળાવીને આપે નાસે,
બેસે એકલો પરની યુવતીની પાસે;
કૃષ્ણરાંમ એ સાતમે પાપે ત્રાસે. તમે૦ ૧૦

પદ ૮ સું.

કહુ વાત અષ્ટમ મહા પાપ કેરી,
કોનું ધામ ગોડાવવું માની વૈરી;
રજોવતીને ચઢાવવિ નાવે પ્રેરી. તમે૦ ૧
વગર ભૂતે વેહેમી અંગે ભુત ઘાલે,
લેઈ કરજ વાડવ તણુ પાછું ના આલે;
કથા કૃષ્ણની નીંદી મદ મત્ત ચાલે. તમે૦ ૨
નોહોતુ લેહેણું તોહે ગળે પડીને લેવું,
છતે દેવે નથી માગતાં એમ કેહેવું;
મરણ લગણ પણ વૈર મૂકી ન દેવું. તમે૦ ૩
રવી સાંમો રહી ઉભો લઘૂ શંકા કરવી,
દારાને વિના દોષે તજી કહાડે હરવી;
રજોવંતીની સંગે ગંગા ઉતરવી. તમે૦ ૪
રજોવંતી જાણી તોહે કરવી કેલી;
ભુલી નથી તોહે સર્વમાં કરવી ભેળી;
ચોરી લેવું વહાલાનું ધન મનડું મેલી. તમે૦ ૫

આપે થૈ વ્યભીચારી બીજાને કરવું,
દગો દેઇ મા બાપનું વિત્ત હરવું;
પ્રથમ ભ્રષ્ટ થૈ તેહેવી વનીતાને વરવું. તમે૦ ૬
કદી ધર્મ નવ્ય કરવો કરવા ન દેવો,
વેદ શાસ્ત્રના પંથને જુઠો લેહેવો;
કોમળ કૃષ્ણના દાસને કપટી કેહેવો. તમે૦ ૭
બેઠી પંક્તીમાં વૈરથી કરવો વેહેરો,
ઘણી વસ્તીના ગામને દેવો ઘેરો;
લેવો માલ ન વારસો વિપ્ર કેરો. તમે૦ ૮
મેલી ઇશ ઇચ્છા વિના વાત કરવી,
નીત્યે ચર્મની વૃત્તીને ચીત્ત ધરવી;
આપી દેવ વિપ્રોને તે વસ્તુ હરવી. તમે૦ ૯
પતિ વૃત્ત ધરનારીને નીત્ય ટોકે,
કથા કૃષ્ણની શુણનારા જનને રોકે;
કૃષ્ણ રામ એ અષ્ટમ પાપેથી શોકે. તમે૦ ૧૦

પદ ૯ મું.

નવમ પાપની જાતીને નીરખી લીજે,
સદા હીંસક જાતીને પુષ્ટી કીજે;
ગળ્યા વગર ગો આદીનું દૂધ પીજે. તમે૦ ૧
થઈ વૈદ્યને ઔષધ આપી મારે,
વિજાતીને સ્વજાતીમાં મલવો ધારે;
કરે અબળા આલીંગન દેવી પારે. તમે૦ ૨
વિના ગો પશુ જાતીનું મૂત્ર પાયે,
થઈ ઉચ્ચને ચોરનો સંગી થાયે;
મર્યા મુરદાને નીચે થઇ નીકળી જાયે. તમે૦ ૩
પરમહંસના મુખમાં કુ વસ્તુ ઘાલે,
બેશી ઘોડે રંકોને મરદંતો ચાલે;
મુકી વસ્તુ ના આલે દેવા બદલી આલે. તમે૦ ૪

મર્થા મુર્દા પાસે રજોવંતી આણે,
જમ્યો બાપતે હયે ભરી દાંણે દાંણે;
વગર ઇચ્છાએ તરૂણીને બળવા તાણે. તમે૦ ૫
વગર પુછયે પી જાય પાપીનું પાણી,
મહા પાક વણુસાડે મન વૈરિ જાણી;
મુકી રણમાં જાએ રોગી જે દાવો આણી. તમે૦ ૬
વિના વિપ્ર સાક્ષીથી કન્યા વરાવે,
દેવું નાપીને ઉલટો દોશી ઠરાવે;
અતી નીચને ઉંચ્ચ પદવી ધરાવે. તમે૦ ૭
વગર ભૂતે ધુણી કોહોનું નામ બોલે,
સકલ લોક સુણતાં કોહોનાં છીદ્ર ખોલે;
કરે આપ વર્ણન સદા પાને પોલે. તમે૦ ૮
ગુરૂ ગમ્ય બીન શાસ્ત્રની શિક્ષા વાંચે,
ભરે કુડી સાક્ષી તે લલચાઇ લાંચે;
સત્ત પાત્રોને આપ્યા વિન દ્રવ્યસાંચે. તમે૦ ૯
સદા દાન લે પણ કદી પોતે નાપે,
વગર વાંકેથી નાકને કાન કાપે;
કૃષ્ણરાંમ તરશે એતો નવમ પાપે. તમે૦ ૧૦

પદ ૧૦ સું.

દશમ પાપ જે સર્વના વૈરી થાવું,
જાંણી જોઇને વીપ્રને ઝેર પાવું;
તજી કૃષ્ણ કીર્તનને કલ્પીત ગાવું. તમે૦ ૧
ઘણા જનના પોષકને તે લૂંટી લેવો,
થોડ વાંકે દક્ષોને મહા દંડ દેવો;
પુછે અંધ તેને જુઠો માર્ગ કેહેવો. તમે૦ ૨
આપે પીને મદીરા અજાણ્યાને પાવી,
અતી શૂદ્રોને ઘેર ત્રીપંડી ખાવી;
કુડી પરણી પરનારીને હરીને લાવી. તમે૦ ૩

મહામત્ત શત્રુ તણું અન્ન જમવું,
માર્યો નાથ તે નારીને લાવી રમવું;
કર્યો જેણે ઉપકાર તે જનને દમવું. તમે૦ ૪
કરી કપટને મારવો ભુપ ઘાતે,
બેઠો આસને વ્યાસ તે હણવો લાતે;
કોહોની હાંની કરવી અતી સહજ વાતે. તમે૦ ૫
મરણ વેળા પણ રંકનું ખતના ફાડે,
સદા સર્વદા ચાલે આચર્ણ આડે;
ચઢયો વૃક્ષ તે જનને બીન્હરાવી પાડે. તમે૦ ૬
કરે જીવતાં જનની મુહ્યાઇ બાળી,
હરે વિપ્રનું ધન ગળે વાહી પાળી,
કથા ભંગ પાડે દ્વિજ માન ગાળી. તમે૦ ૭
થતા દાસને મરદી કંઠી કહાવે,
થોડ વાંકે વૈશ્યોને શૂળી ચઢાવે;
લાવી ધાડું દ્વિજ થૈ દરોડા પડાવે. તમે૦ ૮
તપોક્ષમ વિના શિવનુ નીર્માલ્ય ખાવું,
ઘાલિ ચેટક દ્રવ્યનું રળવું ચાહાવું;
મહ્યું ગંગાજળને તજી ગર્તે નાહાવું. તમે ૦૯
સદા પાંનું પાડી મઃચું રેહેવું ઠગથી,
મહા લોભીને યાચવું વગર વગથી;
કૃષ્ણરાંમ પીડાય એ દશમ અઘથી. તમે૦ ૧૦

પદ ૧૧ મું.

કહું પાપ અગીયારમું સાંભળો જન,
સદા લેવું અધર્મથી વિપ્રનું ધનઃ;
નિત્યે માંહિલું મલી ન બહુ રાખવું મન. તમે૦ ૧
રાજા તણી રાણી કેરો સંગ કરવો,
તવો તપ્ત કરી તે ઉપર દ્વિજને ધરવો;
પ્રીત્યે પાખંડી પંથ પેખી આદરવો. તમે૦ ૨

મુકિ વન્હિને વસ્તિનો દેશ દઝવે,
ફલીત વૃક્ષોને કાપીને રાન ગજવે;
નરનારીને વેશે નારીને લજવે. તમે૦ ૩
હાંકે ગપ્પાં જેમ સર્વને ત્રાસ આવે,
ગૌ બ્રાહ્મણ રંકને શીર કર ઠરાવે;
થઈ ઉચ્ચને ક્ષેત્રે લીલી વવાએ. તમે૦ ૪
વિધી હોય તથાપી નર મેધ કરવું,
કરી પરગામી પુત્રીને પેટ ભરવું;
વગર વિધીએ મારી પશુ માંસ ચરવું. તમે૦ ૫
ગુરૂદારાનુ ઘર્ષણ કરવું બલથી,
અપરમાત ભગિનિ તણો સંગ કલથી;
વટલાવવાં વિપ્રોનાં અન્ન મલથી. તમે૦ ૬
દેતાં દાન ભાગવતનું નવ્ય દેવા દેવું,
બ્રહ્મદ્રોહને નિંદવું શીવનું સહેવું;
ચીતા મધ્યેથી મુર્દાને ખાવા લેવું. તમે૦ ૭
અધર્મીનું ઉચ્ચિષ્ટ આદરથી ખાવું,
ગ્રહણ વેલા પરનારીનું મીથુન ચાહાવું;
રજોવંતીનું આભડયું અન્ન લાહાવું. તમે૦ ૮
ઘણા કામનું પુસ્તક લેવું ચોરી,
કંઠે ઘાલવી વિપ્રને ફાંશી દોરી;
મર્યા મુર્દાનું લેવું કાલજડું કોરી. તમે૦ ૯
જાંણી જીવતા બાલને નાંખે નાળે,
આપે બોલી દ્વિજ દેવના સમ ન પાળે;
કૃષ્ણરાંમ અગીયારમું પાપ બાળે તમે૦ ૧૦

પદ ૧૨ મું.

હવે દ્વાદશ પાપને કહીયે જાડું,
હરિહરને જુદા કહી ઘાલે ગાડું;
કરી મતનું અભિમાનને બોલે આડું. તમે૦ ૧

માને ઇશના કર્મને જીવ જેવાં,
કરે શીશ્યપણુ રાખે એહેવાંને એહવાં;
થઇ સૂજ્ઞ પણુ અંગ અભિમાન વેહેવાં. તમે૦ ૨

થઇ શૂદ્ર પણુ દીક્ષાથી લે જનોઇ,
વળી વૈરાગી રાખે યુવતિને જોઇ;
ખાંનું વેશ ધારીને જાયે વગોઇ. તમે૦ ૩

આવ્યા શર્ણુ સજ્જનને તે નાંખે બાંધી,
મારે શત્રુ ગાફિલને શર ચાપ સાંધી;
થઇ ઉચ્ચ વેચે ધની ધાન્ય રાંધી. તમે૦ ૪

ગૌ આદિને ચરવાનાં ક્ષેત્ર રૂંધે,
અજારો કરી હીંસાના અજને નુંધે;
વિના વીકે વેહેપારીને નાંખે ઊંધે. તમે૦ ૫

હરિ ધેનુ બ્રાહ્મણુની હીંસકને આપે,
મારી મૂહ્ય મરાવિ વાદ્ધિજને તાપે;
સ્વયંસ્વાર્થે મા બાપનું શીશ કાપે. તમે૦ ૬

જડયું નંગ રોતાંનું પાછુ ન આલે,
માંની વૈરીને મારે બ્રાહ્મણુને ભાલે;
નાંખી જાળ દ્વિજ મચ્છને ઉચ્ચ ઝાલે. તમે૦ ૭

દેઇ વ્યાઘ્રનો વાળ દ્વિજ નૃપને રગડે,
બેટી સાથે વ્યભિચારથી બાપ બીગડે;
નપૂંસકને કન્યા વળાવીને ઝગડે. તમે૦ ૮

એકાદશી વૃત્ત વાળાને ભંગ પાડે,
તજ્યું સૂતકી અન્ન તેને તે જમાડે;
મારે માંસને લોભે ગૌધોને દાહાડે. તમે૦ ૯

નારી નીધન કરી જીવતાં આપે રેહેવું,
ક્રીયા ભ્રષ્ટ થૈ નીચ મહાદાન એહેવું;
કૃષ્ણુરાંમ એ બારમે પાપે દેહેવું. તમે૦ ૧૦

પદ ૧૩ મું.

હવે તેરમા પાપને કહીએ છેલ્લું,
કરે છાંનું અંગિ જે જે વિધીએ મેહેલું;
આપે દાન કુપાત્રના કરમાં પેહેલું. તમે૦ ૧
વળી પ્રસણુ નલ જલ કેરા રોકે,
આશા પાસને ત્યાગે નહી સૂતે ચોકે;
રડે પૂત્ર સત્પાત્રને મારી પોકે. તમે૦ ૨
સર્વ જાતીની નારીનું કરવું સેવન,
ઘણા જનનાં ઓશી ગળાં ને લેવું ધન;
વગર જ્ઞાન વૈરાગથી તજવાં નીજ જન. તમે૦ ૩
આઠે પોહોર પાપે રળી સ્વજન પોખે,
ઘડી ન કરે સતસંગ દેવોને દોખે;
દાટી નિજનું ધન પારકું હરવા ધોખે. તમે૦ ૪
કહી કીમીયો કરવા હરે દ્રવ્ય કોનું,
પડયું વિપ્રનું શોધ કરી જાય સોનું;
તજી વીપ્ર માઝન જમાડે જનોનું. તમે૦ ૫
ઘણો કામ ક્રોધ ને લોભ રાખે,
કોનું જાય ઉખડી તેહેવું સહજ ભાખે;
સર્વ જાતીનું રાંધેલું ઉચ્ચ ચાખે. તમે૦ ૬
વેદ વિપ્રોના વાકયને જુઠાં જાણે,
વગર સમઝણે કંઇક મત કલ્પિ તાંણે;
કોનુ જાય મરદાઇ પણ મેહેર નાણે. તમે૦ ૭
નાંખે કુંડ અગ્નિ તળે મૂત્ર મલને,
પીયે નીજની પત્નિનું પય ખીંચી કલને;
પીયે ઓટેલું કંઇક પતીતોના જલને. તમે૦ ૮
કરે મૃતક નારી તણુ મીથુન પેખી,
થઈ નીચને ઉચ્ચ પર ચલવે શેખી;
જમે વિપ્રને ગૌ તણુ માંસ દેખી. તમે૦ ૯

માત તાતને પ્રેતથી મુક્તિ ન કરે,
કથા કૃષ્ણની કોઇ દીન કર્ણે ન ધરે;
રૂણ ત્રણને કોય ઉપાયે ન તરે. તમે૦ ૧૦
કહ્યાં તેર મહા પાપ તે તાર તમથી,
સકાશે તરી ક્યમ હરિ એવાં અમથી;
કૃષ્ણરાંમ કહે કૃષ્ણ ઉગારો યમથી. તમે૦ ૧૦

દોહો.

તેર કોટીમાં ત્રણસેં સાઠ બાબતો ગાઈ,
કૃષ્ણરાંમ પાપીષ્ટને મુકુંદ ત્રાહી ત્રાહી;

શ્રીકૃષ્ણાર્પણમસ્તુ.

શાસ્ત્રની શીક્ષા.

સાંભળજો શાંણા જન શિક્ષા શાસ્ત્રનીરે,
કર્ણ ધરીને કૃષ્ણકથાના કામીજો;
મેહેર કરી માનવતનું આપી માધવેરે,
હેત તજીને હવે ન થશો હરામીજો. સાંભળજો૦ ૧
દેવ દેહથી આતનું દુર્લભ દેખજોરે,
સાલંકૃત પણ મુકરે ભાસે મુખજો;
કનક તણા કશિયાથી જેમ સૂચી ભલીરે,
કંટક નીકળે થાય શરીરને સુખજો. સાંભળજો૦ ૨
કમનીય થૈને કામકર્દમે કાંરમોરે,
વિષય રૂપિ આ વિષમાં વારે વારેજો;
પશ્વાદિક તુલના ન ગણો નર દેહનેરે,
સદ્ગુરૂ સંગે સમજો શાસ્ત્ર વિચારેજો. સાંભળજો૦ ૩

શૌચ જવા સદૃશ આવશ્યક સેવીયેરે,
વરૂવો માની વિષય વાતનો વિનોદજો;
માયિક વસ્તુ મળેથી મન નવ્ય મલ્પીયેરે,
મંદમતીના સરખો માની મોદજો. સાંભળજો૦ ૪

સહુજન સંગે સરખા થૈને ચાલિયેરે,
સાચો માની શાસ્ત્ર તણો સંકેતજો;
રડતાંને રડિયેને હસતાંને હશીરે,
હૈયામાં દૃઢ માનિ હરિનું હેતજો. સાંભળજો૦ ૫
પોતાના મનનો તે પાર ન આપીયેરે,
પરખી લીજે કળથી પરનો પારજો;
ખબડદાર થૈ ખશીયે ખલના સંગથીરે,
ખરેખરો નવ્ય કરિયે કોશું ખારજો. સાંભળજો૦ ૬
કાર્ય જેટલું કામ કૂટિલથી પાડિયેરે,
બુદ્ધિહીનની બડબડથી નવ્ય બકિયેજો;
સ્વપ્ન સરીખું સુખ માંની સંસારનુંરે,
ચિત્તે નિત્યે ચિદાનંદને ચકિયેજો. સાંભળજો૦ ૭

માત પિતા દારા સુત ભગની ભ્રાતનોરે,
સત્ય કરીને સમજો રખે સંબંધજો;
પૂર્વ તણાં રૂણિયાં એ સહુને પેખજોરે,
બહુ વિધ વધશે માહારાં માને બંધજો. સાંભળજો૦ ૮
વેદ ધર્મ લોપીને વહિ જાશો નહિરે,
પાખંડીનો કરજો પહુ પ્રસંગજો;
પર પીડીને પોતાનાં નવ્ય પોખશોરે,
વારૂ થૈને રખે વધારો વ્યંગજો. સાંભળજો૦ ૯
સુખને દુઃખ તે માનીને પ્રારબ્ધનૂંરે,
પોતપોતાનું ભોગી થજો પવીત્રજો;
કાલાધિન વિનાનું કાંઈ ન કલ્પશોરે,
મન રખે માંનો પરને અરિકે મીત્ર જો. સાંભળજો૦ ૧૦

જુઠું તેટલું જુઠે ધરેણે ઓપશેરે,
સત્ય શોભશે સત્ય તણે શણગારેજો;
સર્વેશ્વરની સાથે સ્નેહ ખરો ધરીરે,
વળતા વસજો વિધવિધ નિજ વ્યાપારેજો. સાંભળજો૦ ૧૧
લક્ષ રોક નાંણુ લેઇ વાટયે તો નિસરે,
જો હોય જાલ્યમ વોળાવાનું જોરજો;
સદ્ ગુરૂ સંગે લક્ષ રહે તેમ નિર્મલીરે,
ચોરી લે નહિતર કામાદિક ચોરજો. સાંભળજો૦ ૧૨
રાતિ બનિજ નિજનીમાંથી કાંઇક રાખીયેરે,
સાત આઠ દશ મળિને શાંણા જનજો;
પાત્ર પુરૂષનું પોષણ કરિયે પ્રેમથીરે,
જેથી જાંણી શકિયે જગજીવનજો. સાંભળજો૦ ૧૩
મૂર્ખ મજુર ઘણા થૈને જેમ એકનેરે,
સૂંપી સરજમ જે ભટકે બજારજો;
તાજી રસોઇ નિશિયે આવી તે જમેરે,
એકલાને જો પૂરો પાડે આહારજો. સાંભળજો૦ ૧૪
તેમ એક તારક જનને તન મન સૂંપીયેરે,
વગર માગતાં જોઇતી દીજે વસ્તજો;
અવકાશેથી ઓલખાવે તે આપનેરે,
શમિ જાયે જેમ સંશય વિઘ્ન સમસ્તજો. સાંભળજો૦ ૧૫
અસ કામ અવિનાશિ નિર્ગુણ બ્રહ્મ જેરે,
સજ્જનને વેશે તે સગુણાકારજો;
હાથોહાથ સેવકની સેવા લેહરીરે,
પ્રીછંતાંમાં સહજ પમાડે પારજો. સાંભળજો૦ ૧૬
જેને અંગે ઇશ્વરના ગુણ જળહળેરે,
શમ દમ ઉપરમ અન્વિક્ષા સંતોષજો;
સંસારી પણ સંગ નહિ સંસારનોરે,
દૂર રહે જેના દર્શનથી દોષજો. સાંભળજો૦ ૧૭

કરૂણા કર શ્રી કૃષ્ણ સમાતે ક્રીડતારે,
નિર્વિકાર છે નિર્મળ જેનાં નેત્રજો;
તૃષ્ણા તરંગિણીનાં તાંણ્યા જાયે નહિરે,
ક્ષેમ સકળ પ્રગટ્યાના જે છે ક્ષેત્રજો. સાંભળજો૦ ૧૮
અનંત લોચન ઉદિત સદા જેને ઉરેરે,
જોણે જેનાં સદૃશ નિર્ખે રૂપજો;
સંત પુરૂષ એવાને શર્ણે જે હશેરે,
કદી પડે નહિ તે કલ્પિત ભવ કૂપજો. સાંભળજો૦ ૧૯
અતિ ઉપકાર આપનો અણુસમ ઓળખેરે,
પરનો પરમાંણુ પર્વત સમ માંનેજો;
વદન થકી વેદાન્ત વાક્યને વિસ્તરેરે,
ગિરિધારિને ગાયે ગમતે ગાંનેજો. સાંભળજો૦ ૨૦
કુલુપ ઉઘાડે કર્ણ તણાં તે કીલિયેરે,
કૃપા કરીને કાપે કૃપણનાં કષ્ટજો;
રાગ દ્વેષ તણા રગડ્યા જાયે નહિરે,
સર્વ સમજણે સકલ રહે સમ દૃષ્ટજો. સાંભળજો૦ ૨૧
પરોક્ષવાદ કહ્યો જે આગમ નીગમેરે,
અવલોકાવે આપ કરી અપરોક્ષજો;
સ્વપ્ન વિષે પણ સેવકને શિક્ષા કરેરે,
મસ્તક કર મૂકીને જણાવે મોક્ષજો. સાંભળજો૦ ૨૨
નિમિત્ત માત્ર ગુરૂથી જે વિદ્યા ભણેરે,
સ્વલ્પ ભણેથી સમજે સર્વ વિવેકજો;
એક એક કાૈતુક ઉલ્લંઘી ચાલતારે,
છળ ન રાખે છલ કરવાની છેકજો. સાંભળજો૦ ૨૩
દુશ્મન જનના ઉપર પણ દાખવે દયારે,
કાન્તા કનક તણું કાંમણ નવ્ય લાગેજો;
મર્ણતણા મહા ભયથી પણ ત્રાસે નહિરે,
વિકટ વચનનાં બાંણ ન જેને વાગેજો. સાંભળજો૦ ૨૪

રાઘવજીને રંગે જે રંગ્યા રહેરે,
દઢ બેઠા પણ ધનુષ ચઢયા જેમ બાંણજો;
પ્રારબ્ધ પૂર્ણ થાતાં છુટે તે પછીરે,
મળશે નિજાનંદ રૂપી નીશાણજો. સાંભળજો૦ ૨૫
ગંગોદક ગર્જે તું વેહે વાંકુ સમુંરે,
તો પણ અંતે અર્ણવમાં એકાન્તજો;
અન્યોદક જે એને મળિને અનુસરેરે,
તે પણ શમશે સાગરમાં થૈ શાન્તજો. સાંભળજો૦ ૨૬
સૂધું વેહે પણ સરોવરનું જળ ત્યાં શમેરે,
તેને મલીચું તે પણ ત્યાં સમાયજો;
અર્ણવનું અવલોકન નહિ તે અંબુનેરે,
સરોવરને સૂકંતાં તે સૂકાયજો. સાંભળજો૦ ૨૭
એણી રીતે ઉત્તમજનને અનુસર્યેરે,
નારાયણમાં નિશ્ચય હોય નિર્વાણજો;
કૃપણ જનોને સંગે કષ્ટ પડે ઘણુંરે,
ક્યાંથી ઓળખાય કૃષ્ણ રૂપ કલ્યાણજો. સાંભળજો૦ ૨૮
ગંગા યમુના ગોદા રેવા ગોમતીરે,
સાગર સહિતાં સકલ તીર્થનાં સ્નાનજો;
ઘર બેઠાં નિશ્ચયથી તેને તે મલેરે,
સદ્ગુરૂ ચર્ણોદકનાં કરતાં પાંનજો. સાંભળજો૦ ૨૯
ગુરૂ સેવા તે ગોવિંદ સેવા જાંણવીરે,
ગુરૂ ગોવિંદમાં અંતર ગણવો શાંનોજો;
હરિયે હરિ તે હરિજનને ઓળખાવિયારે,
મનન વડેથી માધવ ગુરૂને માંનજો. સાંભળજો૦ ૩૦
સમીપ રેહેનારાં જેને સમજે નહિરે,
સગાં સંબંધી જેને નિત્ય સંતાપેજો;
ગંગા તટ વાસી જેમ તીર્થ ગણે નહિરે,
મત્સ માંહિલાં મહિમા જેમ ન માપેજો. સાંભળજો૦ ૩૧

વેગળાં વસનારાં સેવે વિશ્વાસથીરે,
પ્રેમ કરે તે પર્ખે પૂર્ણ પ્રતાપજો;
સન્નિધિ માત્રે સંત જનોને સેવતાંરે,
સહજ શમે તે જનના સહુ સંતાપજો. સાંભળજો૦ ૩૨
કોટિ કલ્પની કર્મ તણી જે કલ્પનારે,
ઓળગ કીધે થાશે અંતરધ્યાંનજો;
ચર્ણ શર્ણથી ચિદાનંદને ચેતશેરે,
અંતરાય મિટશે જાશે અભિમાંનજો. સાંભળજો૦ ૩૩
જેમ જળ જળને મધ્યે જળજ ન નીપજેરે,
વન વન કયાંથી વિરલા ચંદન વ્રક્ષજો;
શીમ શીમ પ્રત્યે તે સિંહ ન સાંપડેરે,
દીસે નહિ તેમ ઘર ઘર પ્રત્યે દક્ષજો. સાંભળજો૦ ૩૪
વાસુદેવના વલ્લભ તે વિરલા વશેરે,
અંતર દૃષ્ટિવડે એવા ઓળખાશેજો;
શર્ણ થયેથી કારજ સરશે સર્વથારે,
જન્મ મર્ણનાં જોખમ તેનાં જાશેજો. સાંભળજો૦ ૩૫
આભ્યંતરથી અલગા જેને નહિ હરિરે,
પ્રેમ રજ્જુએ પકડયા બાંધી પાયજો,
અજીત હતા પણ ઉત્તમ પુરૂષે જીતીયા ;
ભક્ત રંગના રશિયા રાઘવરાયજો. સાંભળજો૦ ૩૬
જીવ યત્ન જગદીશ જાણવા શું કરેરે,
પાર પડે એવાને આશીર્વાદેજો;
સંત શર્ણ પાખે સંકટ શમશે નહિરે,
બાંધ્યો જાશે લોક તણી બકવાદેજો. સાંભળજો૦ ૩૭
વન્હિ વિમળ જેમ વિભુતિમાં છાંનો વસેરે,
નોતમ નટુઓ પડદે રહિ જેમ નાચેજો;
સંત શરીરે શ્રીધર રહિને તેમ વદેરે,
સ્વરૂપ જણવે શર્ણ થયેથી સાચેજો. સાંભળજો૦ ૩૮

પ્રેમ કર્યેથી પ્રગટ પરિક્ષા દે પ્રભુરે,
ગર્વ કર્યેથી ગિરધર તનુને ગોપેજો;
પાગ્ય નમેથી પામ પ્રલય સેજે કરેરે,
નિંદા કીધે નરહરિ નિશ્ચય કોપેજો. સાંભળજો૦ ૩૯

બ્રહ્મ બીજમાં બ્રહ્મ તેજ ભાસે ભલુંરે,
વિપ્ર મુખેથી વિષ્ણુ વદે છે વાણીજો;
સુગંધ સહિતાં સુવર્ણ તે શોધ્યું જડેરે,
ઉત્તમજન ઓળખ્યાની એ એધાણીજો. સાંભળજો૦ ૪૦
નરતનુ નૌ કેવળથી નર ન તરી શકેરે,
સંસારાર્ણવ સદ્‌ગુરૂ શર્ણા પાખેજો;
કુણ જાણે કૈવર્ત્તક બિન કલશું ખાંણુનીરે;
રાગાદિક રગડે તેથી કુણ રાખેજો. સાંભળ ૪
એવા ઉત્તમ જનને રહિયે આશરેરે,
કૃષ્ણ કથા કહે તે નિત્ય સુણિયે કર્ણજો;
ઔષધ સરખાં વચન ઓળખી સેવીયેરે,
એથી અવિદ્યાનું છુટે આવર્ણજો. સાંભળજો૦ ૪૨
આપ્યો ઉપાધિ આપ ઓળખવા ઇશ્વરેરે,
ચાર કોટીમાં ભરિને સત્તર ચિન્હજો;
બુદ્ધિ શુદ્ધ સત્વની બોધ ગ્રહી શકેરે,
ઓળખી જાણે ઇશથી જીવ અભિન્નજો. સાંભળ ૪૩
ક્રિયમાણે તે શુદ્ધ થવાને કારણેરે,
હેવે આપ્યાં દશ ઇંદ્રિનાં દ્વારજો;
પંચ પ્રાણ આપ્યા પ્રારબ્ધજ ભોગવારે,
મન આપ્યું તે કરવા મનન વિચારજો. સાંભળજો૦ ૪૪
વધાઇ કેહેવા વેદ વચનને વિસ્તર્યારે,
સમજ થવાને સદ્‌ગુરૂ કેરો સંગજો;
વિરાગ થાવા ક્ષણ ભંગુર વપુ મેળવ્યુંરે,
ભોગ મેળવ્યા ભ્રાંતી કરવા ભંગજો. સાંભળજો૦ ૪૫

દારાદિક મેળવીયાં દેણું છુટવારે,
સંબંધી મેલ્યાં સ્વારથ સમજાવાજો;
નાત્ય મેળવી નિર્ણય કરવા નૂરનોરે,
ઊંચ નીચ જણ્યાં સંસ્કાર જણાવાજો. સાંભળજો૦ ૪૬
પશુ પાડયાં નજરે તે પીડા પેખવારે,
કનકાદિક તે કષ્ટ કલ્પવા કાજેજો;
કીટાદિક તે નર્ક તણો નિર્ણય થવારે,
મર્ણ મનાવા મૂર્છાદિક માહારાજેજો. સાંભળજો૦ ૪૭
શાસ્ત્ર બતાવ્યાં સ્વરૂપ સહુનાં સમજવારે,
રાજદંડ યમદંડ મનાવા સારૂજો;
પૂર્વ જન્મનિ પશુતાને પરખાવવારે,
ક્લેશ વૈર મત્સર હું માહારૂં તાહારૂંજો. સાંભળજો૦ ૪૮
અનેક બિંબ દેખાડયાં નરહરિયેનવાંરે,
અચિંત્ય શક્તિ ઇશ્વરની ઓળખાવાજો,
રોગ દેખાડયા પૂર્વ પાપને પખેવારે,
સુખ દેખાડયાં સુકૃતને સમજાવાજો. સાંભળજો૦ ૪૯
કળાનિધીની ક્ષય વૃદ્ધિ દાખવી કળારે,
તનુને તે ષડ્ભાવ વિકાર જણાવાજો;
કુર્કુટરવ કૃષ્ણે જે પાડયા કાનમાંરે,
ગોવિંદ ગુણ નિદ્રા મૂકી ગવરાવાજો. સાંભળજો૦ ૫૦
જાતો કાલ જણવવા કાજે જીવનેરે,
ચોટે ચૌરે ચોઘડિયાં વજડાવ્યાંજો;
સાવધાન કરવા બેડી ઓળખાવવારે,
વિવાહ વેળા સાવધાન કેહેવરાવ્યાંજો. સાંભળજો૦ ૫૧
વિકટ દુઃખદાયી ઓળખાવા વાસનારે,
ભયકારી ભમતાં દેખાડયાં ભૂતજો;
સંચનાર સંચીત ધનને ભોગે નહિરે,
તે જોવા અહિ મધુ મક્ષિનાં જુથજો. સાંભળજો૦ ૫૨

ઉદ્યમ સરખો આય અતી ઓળખાવવારે,
નર્ક ખાંણુ ખણુતાં નિકળ્યાં નર્કજો;
સહુનો સાક્ષી આત્મા અલગ ઓળખાવવારે,
આકાશે ઉજવાળ્યો ઇશે અર્કજો. સાંભળજો૦ ૫૩
નાના વિધ એવી નિશાની ન્યાહાળીનેરે,
અતિ ઉપકારી ઓળખજો ઇશ્વરનેજો;
કાન્તા કંઇક કલંક ભરેલી જાણુવારે,
લાજ કરાવી નિરખાવે નહિ નરનેજો. સાંભળજો૦ ૫૪
એકવાર અજગર ઉદરેથી છુટિયારે,
અવલોકી ત્યાં પુનર્ન અર્પો અંગજો;
એક અંગ અર્પેથી આખા લે શરીરે,
વળિ વળગાડે ભગ વિધવિધનાં વ્યંગજો. સાંભળજો૦ ૫૫
જે જે બિલ જોશો ત્યાં ત્યાં વિષ ધર રહે વશીરે,
કાન્તા બિલથી નિશ્ચે કરડે કામજો;
એવું સમજી આસક્તિ અળગી કરોરે,
રટો હૃદયમાં રૂડા રાઘવ રામજો. સાંભળજો૦ ૫૬
વપુ વપુને મધ્યે શ્રી વીશ્વેશ્વર વસેરે,
કોના ઉપર કરિયે કપરો ક્રોધજો;
પરાધીન પ્રાણી સઘળાંને પેખતાંરે.
અળગી જાશે ઇર્ષા ઉપજે બોધજો. સાંભળજો૦ ૫૭
પ્રભુ પોચાડે જે નિજના પ્રારબ્ધનેરે,
સ્વધર્મથી તે ભોગો ધરિ મન થોભજો;
પંચ ભૂત રચના પ્રપંચની પેખતાંરે,
લાભ ન માને લોપ થશે ચટ લોભજો. સાંભળજો૦ ૫૮
આસક્તિ જ્યાં જ્યાં ત્યાંથી દુઃખ ઉપજેરે,
પ્રવૃત્તિ માર્ગ બાંધી પકડે પાગજો;
નિવૃત્તિથી નરહરિનો નિર્ણય થશેરે,
વસ્તુ વિચારે સદ્ય થશે વૈરાગજો. સાંભળજો૦ ૫૯

મળિયું જે જે તે માધવનું મેળવ્યુંરે,
રાખનાર રાખે ત્યાં સૂધી રેહેશેજો;
જાશે અંતે જ્યારે જગદીશ્વર હરેરે,
હાર્યો જાશે હું મારૂં જે લેશેજો. સાંભળજો૦ ૬૦
કાલ તણા મુખમાં એ સહુને કલ્પિનેરે,
અહંકાર તજીને કરજો આરંભજો;
આપણું કીધું એમાં કાંઇ ન ઉપજેરે,
દૈવાધીન દેખતાં મિટશે દંભજો. સાંભળજો૦ ૬૧
પોત પોતાનાં પ્રારબ્ધે એકઠાં થયાંરે,
પરબે પાંણી પીવા સરખા લોકજો;
પ્રાક્તન ભોગીપરાં થઇ વિખરી જશેરે,
સંબંધ એવો માંને શમશે શોકજો. સાંભળજો૦ ૬૨
અયસ્કાન્ત મણિના તે અવલોકન થકેરે,
લાડ કરંતું જેમ નાચે છે લોહજો;
અંગાદિક વિલસે તેમ આત્મા આશરેરે,
મુડદા સરખું માંને મિટશે મોહજો. સાંભળજો૦ ૬૩
મુકુરતણા સાંમું રાખિ જેમ વાંકડુંરે,
મુખડું તેણે વાંકો ભાસે વેશજો;
આપ તણા અવગુણ તેમ દીસે અન્યમાંરે,
ધીર્ય ધરીને જોતાં મિટશે દ્વેષજો. સાંભળજો૦ ૬૪
સહાય સદા છે જીવને પાસે શ્રીપતિરે,
રાખે ખબર્ય ઘડી ઘડિની રૂષિ કેશજો;
કોયનો આશ્રય માન્યાનું કારણ કશુંરે,
એ ઓળખાંણે અળગો રેહે અભિનિવેશજો. સાંભળજો૦ ૬૫
પ્રાણી માત્રની પીડા કરવી પરહરેરે,
ઠાકુરનું કરવું તે માંને ઠીક જો;
દેવ સકલનું દૈવત હરિને દેખતેરે,
ક્રમથી તાપ ટળે અધિ ભૂતાદિકજો. સાંભળજો૦ ૬૬

ભગવદ્ ભજન કરંતાં નિત્યે ભાવથીરે,
સદ્ગુરૂને સાથે મન રેહેતાં શર્ણજો;
અમર સકળને અંગ હરિનાં ઓળખેરે,
ઋષિ પિત્રી સુરનાં રૂણ છુટે ત્રણજો. સાંભળજો૦ ૬૭
પતીત પાવન બિરૂદ પ્રભુનું પેખતારે,
માધવજીને મારા માને મીત્રજો;
નર્કપાતનો ભય તે નાસે નિમેષમાંરે,
ચિંતન આપાણું મૂકે ચિત્ર વિચિત્રજો. સાંભળજો૦ ૬૮
સત્ય સચ્ચિદાનંદ સ્વરૂપ વિના નહિરે,
જેણે જક્ત જણાયે ઝાક ઝમાળજો;
અન્ય આગમા પાયી એ ઉપાધિયોરે,
જાણ થયેથી મિટે જન્મ જંજાળજો. સાંભળજો૦ ૬૯
સત્પાત્રોના કરમાં દાન સમર્પતાંરે,
પૂત્ર જન્મથી પેખે પુનરા વર્ત્તજો;
કાલ થકે ક્ષય સ્વર્ગાદિકનો સમજતાંરે,
તજી શકાશે ત્રણ ઇષણા તર્તજો સાંભળજો૦ ૭૦
અન્ન બ્રહ્મરસ વિષ્ણુ ભવભોક્તા લહારે,
અગ્નિરૂપ થઇ પચવે આપો આપજો;
પ્રાણ પ્રસાદી પ્રભુજીની પ્રાસે સદારે,
પેખે પરૂ થશે પ્રાશનનું પાપજો. સાંભળજો૦ ૭૧
પ્રભુજીનું સરણું મેળવીશું પેખીયેરે,
પોતાનાં નોહે પશુ પુત્રાદિક પ્રાણજો;
આસક્તિ બિન આજ્ઞાથી સેવ્યા થકેરે,
કૃષ્ણાર્પણ થાશે લૌકિક ક્રિય માણજો. સાંભળજો૦ ૭૨
પ્રભુજીની જીવો ઉપર જેમ પ્રેરણારે,
શુદ્ધ થવા સંસ્કાર બતાવ્યા ધર્મજો;
ફલ તૃષ્ણા બિન યથાશક્તિ સેવન કર્યેરે,
કૃષ્ણાર્પણ એમ થાશે વૈદિક કર્મજો. સાંભળજો૦ ૭૩

ગુરૂ ગમ્યેથી ગુણ ગાતાં ગોવિંદનારે,
રમાનાથની રૂડી થાશે રીઝજો;
નિર્વિકાર નિજ રૂપ તણો નિર્ણય થતાંરે,
બળિ જાશે સઘળાં સંચિતનાં બીજજો. સાંભળજો૰ ૭૪
પ્રેમ ભક્તિ ઉપજેથી પુરૂષોત્તમ વિષેરે,
કૃષ્ણ કથામૃત રસ સિંધુમાં ક્રીડજો;
એવો એક અષ્ટોત્તર શતને ઉદ્ધરેરે,
પોતાને પછિ પૂણ્ય પાપ કેમ પીડજો. સાંભળજો૰ ૭૫
ગુરૂ વચનામૃત માંહિ જેનાં મન ગળેરે,
લૌકિકની લવ તે જનની લોપાયજો;
કામ સકલ માંને જે કાક વિષ્ટા સમારે,
પરમેશ્વર પદવી તેથી પેખાયજો સાંભળજો૰ ૭૬
માંને મર્ણ તણો મહા ભય જે મસ્તકે,
દુર્લભ દેહ મનુજનો દૃષ્ટે દેખેજો;
સદ્‌ગુરૂને શર્ણે તે જન જાશે સહીરે,
લક્ષ કર્યેથી લક્ષ્મીવરને લેખેજો. સાંભળજો૰ ૭૭
માત તાતની દૃષ્ટિ નિકટમાં મદ્પતે,
રમે રંક બાલક પણ નવ્ય રગડાયજો;
આળ આંચ જેમ એકે અંગ અડે નહીંરે,
ગુરૂ શર્ણે તેમ જીવ ન ગાંજ્યો જાયજો. સાંભળજો૰ ૭૮
હરિ ભક્તિ સરખી જો ગુરૂ ભક્તિ હશેરે,
વસશે તેને ચિત્તે સર્વ વિચારજો;
પ્રકાશ થાશે પરમેશ્વર તેને હૃદેરે,
શાસ્ત્ર સકળનું તેહ સમજશે સારજો. સાંભળજો૰ ૭૯
સંક્ષેપે સિદ્ધાંત કહ્યાં સહુ શાસ્ત્રનાંરે,
કહિ જાંણે પણ કરિ જાંણે જન કોયજો;
પૂર્વ જન્મના પુષ્કલ પૂણ્ય પ્રતાપથીરે,
હરજીની કરૂણા જે ઉપર હોયજો. સાંભળજો૰ ૮૦

કલિનાં કલિમલ કાપે કૃષ્ણ કૃપા કરીરે,
ધીર્ય ધરીને હરિને જો જન ધારશોજો;
સદ્દગુરૂ સંગ મેળવી તારે શ્રીપતીરે,
અન્ય નથી કાંઇ ઉગરવાનો આરોજો. સાંભળજો૦ ૮૧
સદ્દગુરૂ સંગે માનવતનું સાર્થક થશેરે,
દક્ષજનોને શુભ અર્પતાં દત્તજો;
સંશય સઘળા શમશે ગ્રંથી ત્રુટશેરે,
માત મટિ જાતાં મિટશે ચટ્ટ સુમત્તજો. સાંભળજો૦ ૮૨
જગદીશ્વર જાંણ્યા બિન જન્મ ઘણા ગયારે,
હરિના હેત વિના વેઠી બહુ હાંનીજો;
આ અવસર જાશે તો અથડાશો વળીરે,
માટે રહો માધવને મારા માંનીજો. સાંભળજો૦ ૮૩
શુદ્ધ બુદ્ધને નિત્ય મુક્ત નિજ રૂપને,
આલોચન કરજો ઉરમાં અવિનાશીજો;
ચોરાશી ટુંકોને નિત્યે ચિંતતારે,
ચતુર નરોની મીટે લક્ષ ચોરાશીજો. સાંભળજો૦ ૮૪
પુરૂષોત્તમજીની જેવી થૈ પ્રેરણારે,
વદને મારે તેવી વીસ્તરી વાંણીજો:
કર જોડી કહે કૃષ્ણરામ હે કૃષ્ણજીરે,
પ્રતીતી દેઇને પકડો મારો પાંણીજો. સાંભળજો૦ ૮૫



જીજ્ઞાસુ ઉપદેશ.

ભોગ કોટીમાં રૂણને ભોગવા, હિષ્ટ ત્યાગવારે,
લૌકિક કહું કર્મ, જિજ્ઞાસુહે;
સર્વ રૂણિયા સંબંધી જાણવાં, ઉરે નાંણુવાંરે;
માહારાં માનીએ ચર્મ. જીજ્ઞાસુહે ૧

યથાશક્તિથી રૂણ તેનાં છુટવાં, નવ્ય કૂટવાંરે;
એ માટે શિરો ઉર. જીજ્ઞાસુહે
એમના માટે ન બાધાઓ રાખવિ, નવ્ય ભાખવીરે;
દીનવાંણિ જરૂર. જીજ્ઞાસુહે ૨

ગુણ અવગુણ ગાવા ન એમના, મન વેહેમનારે;
ધરવા નહિ ધોખ. જીજ્ઞાસુહે
આપ આપને કર્મે અવતર્યા, એમાં કો ઠર્યારે;
મેલા કે ચોખા. જીજ્ઞાસુહે ૩

જ્યમ ભાર વેહેવો નવ્ય ધારીયે, એમ વારિયેરે;
વૃત્તિયો એ મલ્યાનિ. જીજ્ઞાસુહે
એથી કલેશ ઘણા ઘણા નિપજે, વૃત્તી ન ભજેરે;
ભુલ્યા પાછા વલ્યાનિ. જીજ્ઞાસુહે ૪

જ્યમ ભડકીયે ભૂતોને પેખીને, એ ઉવેખીનેરે;
જ્યમ નાશિયે દૂર. જીજ્ઞાસુહે
એમ સંબંધિ એ સઘળાં છળે, માંન્યાં નીકલેરે;
નહિ જો વશ્યાં ઉર. જીજ્ઞાસુહે ૫

એ તો માનીયે સૂષ્ટિ સમની, નહિ કાંમનીરે;
એહેમાં આપણું કોય. જીજ્ઞાસુહે
એહેને ન મલ્યે ન રેહેવું ઉચ્ચારે, ગયા માટેરે;
એહેને અર્થે ન શોય. જીજ્ઞાસુહે ૬
જ્યમ ગુનેગાર પગે શ્રૃંખલા, જોઈ આકળારે;
થે છોડવા ચહાય. જીજ્ઞાસુહે
એમ આપણ એહ સંબંધીયે, પડયાં બંધીયેરે;
તે કયમ નિકલાય. જીજ્ઞાસુહે ૭
જયે જયે એડી છાડાવે શ્રીહરિ, કરૂણા કરિરે;
તે તે પાછી ન ઇછે. જીજ્ઞાસુહે
પછિ નિશ્ચિંત શ્રીકૃષ્ણ સાંભળે, નવ વીસરેરે;
દુઃખ પાછલ્યાં પ્રીછે. જીજ્ઞાસુહે ૮
આતો કૃષ્ણ સ્મર્ણ માટે તનુ, બિરૂદ એમનુંરે;
જોઈ આપી નાથે. જીજ્ઞાસુહે
માટે અન્ય વાસનાથી બ્હીજીયે, નવ લીજીયેરે;
કોઈનો ભર માથે. જીજ્ઞાસુહે ૯
પંચાત્ય ન કરિયે કોયની, મન મોહનિરે;
મોટાઈ ન ધરિયે. જીજ્ઞાસુહે
બહુજ તાઠ્ય કરિયે ન જંનની, મલ્યા ધનનીરે;
વૃત્તિ ન પ્રસરિયે. જીજ્ઞાસુહે ૧૦
મોટા મંડપ મુસાળાંને વરા, પડે આકરારે;
તે કરિયે ન કોડે. જીજ્ઞાસુહે
ઝાઝાં ઘર કે મોટા ધામને, ધારિ નામનેરે;
ન બનાવિયે હોડે. જીજ્ઞાસુહે ૧૧
કોનાં આભરણ માગી ન પેહેરિયે, નવ ધીરિયેરે;
કાંમી કોધીને ધંન. જીજ્ઞાસુહે
કોથી દત્ત પુત્ર નવ રાખીયે, નવ ભખિયેરે;
કોને માઠું વચન. જીજ્ઞાસુહે ૧૨

ધનને વારસૂંન આશિગિયે, નવ ભોગીયેરે,
પરની થાપણ. જીજ્ઞાસુહે
ધર્મ ભ્રષ્ટને બહુ ન જમાડિયે, નવ કહાડીયેરે;
વરો કરવા રૂણ. જીજ્ઞાસુહે ૧૩
પૂત્ર પરણાવવા વેગ ન કીજીયે, કન્યા દિજિયેરે;
વર જોઇ વિવેકી. જીજ્ઞાસુહે
ઝાઝી મહર્ધ્ય વસ્તુ ન જમીયે, નવ રમિયેરે;
ધૂત એકી બેકિ. જીજ્ઞાસુહે ૧૪
દીર્ઘ દૃષ્ટિયે જોઈ સ્વપ્રતાપને, તેવું આપનેરે,
રાખિયે વાહન. જિજ્ઞાસુહે
તે પ્રમાણે નંગ પશુભ્રત્યને, નિજ છત્યનેરે,
જોઇ રાખે જંન, જિજ્ઞાસુહે ૧૫
બારે ધીર્યું તે જો ન આપે કદા, તેને આપદારે,
જંને કરિયે ન કોઇ, જિજ્ઞાસુહે
વિના વિરાગે પરણી ન ત્યાજીયે, નવ દાઝીયેરે,
સુખ પારકું જોઇ. જિજ્ઞાસુહે ૧૬
સારૂં કરતાં ન કોને વારીયે, નવ ધારિયેરે;
ધન વિપ્રનું મલવું. જીજ્ઞાસુહે
વ્યાજબીથી અધિકું ન લીજીયે, મુકી દીજીયેરે,
મહા અધર્મે રળવું. જીજ્ઞાસુહે ૧૭
ઉચ પાસે ન સેવા કરાવીયે, ન ઠરાવિયેરે,
બ્રાહ્મણ શિરે કર; જીજ્ઞાસુહે
નિજથી કો કનિષ્ટ મર્યા તણું, જાણી આપણુંરે,
જીરવિયે ન જર. જીજ્ઞાસુહે ૧૮
ભાઈ ભત્રિજો સુત તેમ્ની વળી, બેહેન દીકરીરે,
વળી હોય જો અનાથ. જીજ્ઞાસુહે
આપણ સધન હૈયે તો પાળિયે, પણ ગાલીયેરે;
લડિયે ન તે સાથ. જીજ્ઞાસુહે ૧૯

કોનું મારું જોઈ ન ખુશી થૈયે, ન કદિ કહિયેરે,
દેવ વિપ્રના સમ; જીજ્ઞાસુહે
ગુરૂ તીર્થ દેવોને ન ખીજીયે, નવ કીજીયેરે,
અનુચિત ઉદ્યંમ; જીજ્ઞાસુહે ૨૦
ધન લોભે ન જંતુને મારીયે, નવ હારીયેરે,
નિજ સત્ય વચંન; જીજ્ઞાસુહે
કોથી સ્નેહ વૈર નવ બાંધીયે, નવ રાંધીયેરે,
વિના વિણેલું અન્ન. જીજ્ઞાસુહે ૨૧
કૃષ્ણ કથા સાંભળિયે કર્ણથી, સદા ચર્ણથીરે.
કરિયે સત્સંગ. જીજ્ઞાસુહે
કૃષ્ણરામ કહે રૂણ ભોગાશે, દિષ્ટ થૈ જાશેરે,
ભલુ આચર્યે ભંગ. જીજ્ઞાસુહે ૨૨ પદ ૧

પદ ૨.

ભોગ કોટીમાં પ્રારબ્ધ ભોગવા. આગંતુક જવારે,
શારિર કહું કર્મ; જીજ્ઞાસુહે
નખ શિખ પીંડ ભોતિક જાંણવો, ઉરે નાંણવોરે,
આ હું માંનીએ ચર્મ. જીજ્ઞાસુહે ૧
સુતકીનું ન અન્ન આરોગવું, નવ ભોગવુંરે,
એઠું વાશી ઉઘાડું જીજ્ઞાસુહે
જેને પિપલીકા ઝાઝી ચઢી, જે ગયું શડિરે,
એવું જમવું ન ટાઢું. જીજ્ઞાસુહે ૨
રજોવંતીની છાયાએ સ્પર્શેલુ, કે આકર્ષેલુંરે,
કોય જનનું ન લેવું. જીજ્ઞાસુહે
દશા આદિ ત્રિદિન સંકેતનું, કે અહેતનુંરે,
ગળામાં નવ્ય એઠેવું. જીજ્ઞાસુહે ૩
કે ત્રિપિંડિનું કે પ્રાણાંતનુ, અહણાંતનુરે,
જમણું નવ્ય ચાહાવુ. જીજ્ઞાસુહે
કાક માર્જાર શ્વાનનું અડકેલું, ચર્મે ખડકેલુંરે,
જલે પકવ ન ખાવું. જીજ્ઞાસુહે ૪

ઝાઝું ખારૂં ખાટું તીખું તેલનું, રચ્યું ફેલનુંરે;
અર્ધ પકવ કે દાઝયું, જીજ્ઞાસુહે
મધુપૂષ્પ પલાંડુ લસુન મળ્યું, કે અતી સળ્યુંરે,
ન આરોગિયે ઝાઝું. જીજ્ઞાસુહે ૫
ઘણું જુનું કે ખાણ્યમાંથી નીકળ્યું. કે આવીમળ્યુંરે,
વીરોનું આણેલું જીજ્ઞાસુહે
અતિ નીચે જે છાંનું આપીયું, કીટે વ્યાપિયુરે,
જમિયે ન જાણેલું. જીજ્ઞાસુહે ૬
જાતા શોચનું સૂતિકા હેતુનું, રાહુ કેતુનુરે,
દાનેથી લીધેલું. જીજ્ઞાસુહે
ઘણા કેરનું કે ન સંતાનનું, અપમાનનુંરે,
જાંણી જમિયે ન મેલું. જીજ્ઞાસુહે ૭
વિના નૈવેદ્ય કે વિના હોમનું, પશુ રોમનુંરે,
કે સલીહ ખાધેલું. જીજ્ઞાસુહે
જાદુંઆરે અમિત્ર કે સંકરે, નતે ઉદરેરે.
લેવુ એમનું આપેલું. જીજ્ઞાસુહે ૮
હત્યારાનું વટલ્યાનું ગુમારનું, વંઠયદારનું રે,
કે અપૂછયું અજાણ્યું. જીજ્ઞાસુહે
ચાડિયાનું કે વિપ્રના દ્વેશીનું, કેવા કલેશીનું રે,
નવ લીજીયે આંણ્યું. જીજ્ઞાસુહે ૯
પંચ ભાગ વિનાનું કે ચોરનુ ઘણા ઘોરનું રે,
કે પંક્તિ વેહેરાનું. જીજ્ઞાસુહે
ન લે ચાકરિ બીન સરકારનું, પશુ મારનું રે,
કે વિપ્ર વેરાનું. જીજ્ઞાસુહે ૧૦
કન્યા વિક્રયીનુ કે કુલટાનું, કાંનફટાનુ રે,
કે લૂટેલું ફોજ. જીજ્ઞાસુહે
ઠગ વિદ્યાચે ગરિઓનાં અહ્યાં, શાસ્ત્રે કહ્યાં રે,
એ અન્ન અભોજ્ય. જીજ્ઞાસુહે ૧૧

પર વસ્ત્ર અધોયું ન પેરિયે, નવ ઘેરીયે રે,
સભા મધ્યે ઊંઘે. જીજ્ઞાસુહે
ખેરાલાં ન ધરે સ્વયં ધોઇને, ખશબોઈને રે,
પર સૂંઘી ન સૂંઘે. જીજ્ઞાસુહે ૧૨
દેશ કાલ વયો વર્ણ ધનને, જોઇ જંનનેં રે
યોગ્ય વસ્ત્રજ ધરવાં. જીજ્ઞાસુહે
સાવયવ રતી શય્યાયે, નિજ ઈચ્છાયે રે,
ત્યાં શયન ન કરવાં જીજ્ઞાસુહે ૧૩
નીચ ઊંચને ના સને બેશિયે, નવ પેશીયેરે,
સહસા અંધારે. જીજ્ઞાસુહે
રૂક્ષ છૂટા મેલા ઘણા કેશને, સદ્દેશને રે,
બિન સમઝે ન ધારે. જીજ્ઞાસુહે ૧૪
અજાંણ્યા તરૂના ફલ કંદના, પૂષ્પ વંદનારે;
કરવા નહિ ભોગ. જીજ્ઞાસુહે
કુચિકિત્સકની જે ઔષધી, રસાયણ બધીરે,
ન લીજે છતે રોગ. જીજ્ઞાસુહે ૧૫
ફુનાં ઔષધ કલપ્યાં ન કીજીયે, નવ ખીજીયેરે;
અન્નને અન્ય રૂપે. જીજ્ઞાસુહે
ભંગ મદિરા તમાકુ અફીણને, ગુણ હીણનેરે;
નવ સેવિયે હુંશે. જીજ્ઞાસુહે ૧૬
માહા ગરીષ્ટ અતિનારોગીયે, નવ ભોગીયેરે;
રતી રામાથિ ઝાઝી. જીજ્ઞાસુહે
અતિ આલસ નિંદ્રા ન ધારિયે, આહાર વારિયેરે;
વશ રેહે જમવા. જીજ્ઞાસુહે ૧૭
દ્દઢ આસન અંગે ઠરાવિયે, ન કરાવિયેરે;
શ્રમ વપુને વિશેષ. જીજ્ઞાસુહે
સેહેતાં સેહેતાં તીર્થ જલે નાહિયે, નવ ધાઇયેરે;
આપે કરિ કલેશ. જીજ્ઞાસુહે ૧૮
વિના મતે ન પ્રાણને પીડીયે, નવ હીંડિયેરે;

હાડી ઉછલિ વાટચે. જીજ્ઞાસુહે
ઘણુ જમિયે ન મુલગું ન મૂકીયે, નવ સૂકીયેરે;
ગઈ વસ્તુને માટે. જીજ્ઞાસુહે ૧૯
મોઘાં વસ્ત્ર અત્તર ફૂલેલને, કરિ સેલનેરે;
નવ સેવિયે રંગે. જીજ્ઞાસુહે
આપે સદ્વસ્તુ જમતાં લાજીયે, નવ દાઝિયેરે
ડાંમ દેવરાવિ અંગે. જીજ્ઞાસુહે ૨૦
બ્રહ્મચર્ય રાખિયે આપથી, થયા પાપથીરે;
થરકિયે જાંણીને. જીજ્ઞાસુહે
પાપે રળીને પૂત્રાદી ન પોષિયે, નવ ક્રોશીયેરે;
અંગ માટે પ્રાણીને. જીજ્ઞાસુહે ૨૧
માંસ આદિનો આહાર ન કીજીયે, મને બીઝિયેરે;
પ્રભુ છે પૂછનાર. જીજ્ઞાસુહે
ગર્વ કીજે ન જાતી કૂલના, જોઇ મુલનારે;
મસાલાનો પાર. જીજ્ઞાસુહે ૨૨
છાંણ્યુ પાંણી વાવરિયે સર્વથા, શુણીયે કથારે;
કરિયે સંત સંગ. જીજ્ઞાસુહે
કૃષ્ણરામ એ પ્રારબ્ધ ભોગાશે, આંગંતુક થાશેરે;
એવે આચર્યે ભંગ. જીજ્ઞાસુહે ૨૩

પદ

ભોગ કોટીમાં વાસના ભોગાવા, તે તે પલટાવારે;
કુસ્વભાવના ધર્મ, જીજ્ઞાસુહે સંસ્કાર ઉપજાવાને કહું,
શુણજો સહુરે, જે અકામ્ય સુકર્મ. જીજ્ઞાસુહે ૧
સદ્ગુરૂને સેવીને સાંભળે, નિવૃત્તિ ફ્લેરે;
જે શાસ્ત્રથી તેને. જીજ્ઞાસુહે
ઉપનિષદ ગીતાને ભાગવત, જેથી સહજ તરે;
વાંમે એ દેહને. જીજ્ઞાસુહે ૨
જેથી પ્રવૃત્તિ પાખંડ ઉપજે, શુણવાં તજેરે;
તેવા શાસ્ત્રને જાંણી. જીજ્ઞાસુહે

મહિમા લહી તીર્થોદને ભજે, બીજાં વર્જેરે;
ગંધ મેદી પાંણિ. જીજ્ઞાસુહે ૩
નિવૃત્તિ વંત જનને કરે સગાં, રાખે અલગાંરે;
કામી દુરાચારીને. જીજ્ઞાસુહે
સ્મર્ણ માટે એકાંત દેશે પેસે, નવ બેસેરે;
માર્ગ ધુત ધારીને. જીજ્ઞાસુહે ૪
ધ્યાનાદિ માટે સેવે પ્રાન્હને, પ્રદોષાન્હનેરે;
ન નિશિથનિ વેળા. જીજ્ઞાસુહે
નિત્ય કર્મ યથાશક્તિ આદરે, કામ્ય પરિહરેરે;
સાભિચારાદિ હેલા. જીજ્ઞાસુહે ૫
ભજે શૈવિકે વૈષ્ણવી દિક્ષાને, સંત શિક્ષાનેરે;
સમઝીને સાચે. જીજ્ઞાસુહે
શાક્ત વામ દિક્ષાને નવ ધરે, ક્ષુદ્ર નાચરેરે;
મેલે દેવે ન રાચે. જીજ્ઞાસુહે ૬
ધ્યાન શ્રી કંઠનું કે શ્રીશનું, ન અનીશનુંરે;
કાંન્તા કે અરીનું. જીજ્ઞાસુહે
નમો ભગવતે શિવાય વિષ્ણવે, ઐકય અનુભવેરે;
જપવું હર હરિનું. જીજ્ઞાસુહે ૭
એ વિના નવ જપવા જંનના, મંત્ર અન્યનારે;
કામ્ય ક્ષુદ્રાદિ તજવા. જીજ્ઞાસુહે
સેવે સંસ્કાર મન શુદ્ધિ તણા, બીજા ઘણારે;
દેહ ગેહના ન ભજવા. જીજ્ઞાસુહે ૮
હું છું કરતા એવું ન વધારવું, ન વિચારવુંરે;
મલ્યું તે હોય મ્હારૂં. જીજ્ઞાસુહે
સર્વ હાથ હરિને જાણવું, મન નાણવુંરે;
કાંઇ ભૂંડું કે સારૂં. જીજ્ઞાસુહે ૯
સ્તુતિ નિંદા ન કોની કીજીયે, માંની લીજીયેરે;
સઘલે હરિ એક. જીજ્ઞાસુહે
હુંછું જ્ઞાની સુખી કે દુઃખી ઘણો, એ તો ગુણ તણોરે;

મન નાંખિયે ટેક. જીજ્ઞાસુહે ૧૦
અહંકારાસુ દેહેંદ્રિ દેવતા, એ તો સેવતારે;
પોતપોતાના ભોગ. જીજ્ઞાસુહે
એમાં આત્માને કોથી નથિ કદા, કાંઇ આપદારે;
થતાં યોગ વિયોગ. જીજ્ઞાસુહે ૧૧
એ તો અખંડ અજર અશોક છે, સર્વ લોકછેરે;
આત્માને અધીન. જીજ્ઞાસુહે
એ તો ઇશ છે કાલનો કાલ છે, આ તો આળછેરે;
જે કહેછે હું દીન. જીજ્ઞાસુહે ૧૨
એણે રૂપ વિસરીઓ આપનું, તે તો પાપનુંરે;
સઘળાનું મૂળ. જીજ્ઞાસુહે
મીથ્યા માયીક વસ્તુમાં માહાલીયો, તેણે ચાલિયોરે;
પ્રભુથી પ્રતિકુલ. જીજ્ઞાસુહે ૧૩
એણે લક્ષ ચેરાશી અનુભવી, તેણે થઇ નર્વારે;
વાસનાઓ અપાર. જીજ્ઞાસુહે
તેણે પ્રીતિ વિસારી પ્રભુ તણી, તે વડે બણીરે;
વાસના તે અપાર. જીજ્ઞાસુહે ૧૪
આ તો અલબેલે આવ્યે અવસરે, અજીકાં ફરેરે;
માધવથી વિમૂખ. જીજ્ઞાસુહે
રખે વાંચ્છે હવે તું ત્રી વર્ગને, સહ સ્વર્ગનેરે;
દાખી જોજે દુઃખ. જીજ્ઞાસુહે ૧૫
વધુ ધન દારા ગૃહ આત્મજ, તને મા ભજેરે
હું માહારા માનીને. જીજ્ઞાસુહે
એ છે ધુર્ત્ત વિચારીજો ધ્યાંને, જો ન માંનેરે;
તો પુછ્ય જ્ઞાનીને. જીજ્ઞાસુહે ૧૬
એ તો ઠગ બાજી માયા તણી, એ ન આપણીરે;
નહિ આપણુ એના. જીજ્ઞાસુહે
જોતાં જોતાં કાલ એને ગ્રસે, એ ઉડી જશેરે;
નહિરે હોય કેના. જીજ્ઞાસુહે ૧૭

માટે સદ્ગુરૂ મીત્ર માંની કરી, ઓળખ્ય હરિરે;
જે આપણી વસ્ત. જીજ્ઞાસુહે
એને ભૂલી રખે ભટકયો ભમે, આવ્યો આ સમેરે;
પૂર્વ પૂણ્યે પ્રશસ્ત. જીજ્ઞાસુહે ૧૮
ગુણ ત્રણ્યમાં સત્વ નિવૃત્તિને,
નિવૃત્તિનેરે ઉપજાવા સેવ્ય. જીજ્ઞાસુહે
તેણે રજ તમ વૃત્તિયો છુટશે,
ત્યારે તૂટશેરે, તૃષ્ણા તતખેવ. જીજ્ઞાસુહે ૧૯
હરિ સ્મર્ણેથી કામાદિ હારશે,
તે પધારશેરે, પોત પોતાને ઠામ. જીજ્ઞાસુહે
પછે સત્વ શમી જશે શાંતીથી,
નિભ્રાંતિથીરે, થૈશ અગુણ અકામ. જીજ્ઞાસુહે ૨૦
માટે વેહેલો થા વેળા જાય છેરે,
કાલ ખાય છેરે, દેહાદિને જાણ્ય. જીજ્ઞાસુહે
હરિ વિમુખોને થાય છે આપદા,
તું રખે કદારે, એવી ભજતો હાણ્ય. જીજ્ઞાસુહે ૨૧
યશ અવયશ માનાવ માનને,
વ્યયા દાનનેરે, તું તો જોને સમાન. જીજ્ઞાસુહે
જયા, જય સુખ દુઃખ સહૂ જાવાના,
માંન્ય વાહાવાનારે, એતો નિખિલ નિદાન. જીજ્ઞાસુહે ૨૨
એવે અકામ્યે સ્વભાવ પલટશે,
ભોગે છુટશેરે, વાસનાનાં શરીર. જીજ્ઞાસુહે
સંસ્કાર ઉપજશે નવા નવા,
ભક્તિ થવારે, મલવા યદુવીર. જીજ્ઞાસુહે ૨૩
શમે કામ રામ સન્મુખ થશે,
તેણે ભાગશેરે, ભય ભવના ભારિ, જીજ્ઞાસુહે
તે તો પોહોચે પછી નીજ ધામનેરે,
કૃષ્ણ રામનેરે, કૃષ્ણ લેશે ઉગારી. જીજ્ઞાસુહે ૨૪

પદ ૧ લું.

માયાયે જીવ મોહિત તે મમતાના બાંધ્યા જાશે,
આદરી અમીવ, અંતે લક્ષ ચોરાશીમાં અથડાશે. ધ્રુવ૦ ૧
વપુયે વૈષ્ણવનો વેશ ધરે, વિધિવરજી નિત્ય નિષિદ્ધચરે,
કલ્પિતથિ કૈના કાન ભરે. માયાયે. ૨
કાન્તાને કનક તણા કામી, જડતા રહી જેને જામી;
ફરે પશુ સરખા તે દ્વિપદ ગામી. માયાયે. ૩
અન્યોનું ઉર્જીત અવલોકે. કોય ઉપાયથિ થાતુ રોકે;
તોયે તપ્ત થઈ તેને ટોકે. માયાયે. ૪
બાહાર મીઠા અંતર કાતી, રોષે આંખડલી થાય રાતી;
મર્યે પુત્રદાર કુટે છાતી. માયાયે. ૫
શુણે શાસ્ત્ર તથાપી નવ્ય સમજે, ભવ રોગે ભર્યો તોહે ભોગ ભજે;
તેને જ્ઞાન વિરાગ એ કયમ ઉપજે. માયાયે. ૬
સત્સંગતિમાં તે કયમ ઠરશે, ગુરૂને હરિ સમ લહિ કયમ વરશે;
કહે કૃષ્ણરામ તે કયમ તરશે. માયાયે. ૭

પદ ૨ જું.

મન તું સ્થિર બેશ્ય, કાંય પડે નહિ કૃષ્ણચંદ્રને કેહેવું;
એતો છે રૂષિ કેશ, એને આપણે અધીન થઇને રહેવું. ધ્રુવ. ૧
એની સકલ ઘટે સત્તા સ્ફુર્તિ, અવ્યક્ત અકલ એની મૂર્તિ;
એની અપ્રમેય પ્રભુતા પૂર્તિ. મન ૨
એતો સ્વેછાયે સરજે સૃષ્ટિ, એની વરસાવિ વરસે વૃષ્ટિ;
પ્રેરે પ્રધાનને એની દૃષ્ટિ. મન ૩

એને અધીન સત્વ રજો ને તમ, રવીને અધીન લોચન છે જમ;
એની કરૂણા વિના હોય વિફ્લોદ્યમ. મન ૪
એતો પાળે પ્રજા કોય કોય બાને, મોહિતજન અન્યોને માને;
એનીગમ્ય લહે કોઈ ગુરૂજ્ઞાને. મન ૫
હડકાયોશ્વા, જ્યમ હિશિધાવે, હંતાને જ્યમ યષ્ટિ ચાવે;
એમ મોહિતને મન હરિ નાવે. મન ૬
માટે મુકી દે લૌકીક લવને, જાતો જોઈ અનિમિષના જવને;
કહે કૃષ્ણરામ ભજ કેશવને. મન ૭

પદ ૩ જું.

આવ્યો અવતાર માનવનો માધવને ભજવા માટે,
અજિ કાંવિસાર પાડે છે મન અન્ય વિષય ઉચ્ચાટે. ધ્રુ. ૧
વિષ સરખા વિષય તણા છે રસ, મીઠા લાગે જ્યમ ખણતાં ખસ;
એને સેવ્યે પામિશ પૂર્વ દીવસ. આવ્યો. ૨
એતો અખીલ ભોગ્યા છે તે આદિ, તેથી દુઃખ થયાં તે ધર્ય યાદિ;
હવે મા થા શિશ્નોદર સ્વાદિ. આવ્યો. ૩
ઉપકાર કર્યો કૃષ્ણે મન ધર્ય, જેણે માનવ સરજ્યો તેને વર્ય;
તું કુંજર શોચ સમુમાં કર્ય. આવ્યો. ૪
જો પતંગ નેત્રે દહન પડિયો, જો જીભે ઝષ જાળે જડિઓ,
જો નાસાયે અલિ કમલે શડિયો. આવ્યો. ૫
જો શિશ્ન સ્વાદથિ ગજ કૃશિયો, જો શ્રવણે મર્યો મૃગ રસિયો;
તું પંચ શેવવા કયમ ધશિયો. આવ્યો. ૬
માટે માથા વિષય તણો ધ્યાતા, ભજ સર્વેશ્વરને થઈ જ્ઞાતા;
કહે કૃષ્ણરામ જો ચાહે શાતા. આવ્યો. ૭

પદ ૪ થું.

નહિ મૂકે કાલ અસરો માયિક મિથ્યા વસ્તુ માત્ર,
મન કાં જંજાલ, એને કાજ કરે છે તૂ દિન રાત્ર. ધ્રુ. ૧
જો સમવયવાલા સ્વર્ગ ગયા, જો સુરુપવંત વિરુપ થયા;
જાયે જોતાં જોતાં સુત તનયા. નહિ. ૨

જાય રાય રંક પંડિતને શઠ, પડે હર્મ્ય કુટીચો મંદિર મઠ;
જે માટે હારતા નહિ જન હઠય. નહિ. ૩
જો ઝવેર મુક્તા ફુલકાંચન, થયાં તે જો હીન કટાયાં ધન;
મહા ધાન્ય થયાં જોતાં મરદન. નહિ. ૪
જે દુકુલ મહા મૌલ્યે લીધાં, તેને કફ સરખાં કાળે કીધાં;
મહા પ્રાધનીક ઘોળી પીધાં. નહિ. ૫
જેણે દેવ દનુજ સરખાં ખાધા, મહા વિષધારિ મણિધર સાધા;
તું શું સાચુ લહિ લ્યે બાધા. નહિ. ૬
માટે અવિનાશિને ઉર આણીને, રહે શરણે રથાંગ પાણીને;
કહે કૃષ્ણુરામ સુખ જાણીને. નહિ. ૭

પદ ૫ મું.

કોય વિરલા જંન ભગવદ્દ ભજને શું સુખ છે તે જાણે,
હરિ ચરણે મન, અર્પ્યું તે તો ભીતિ કોયથી નાણે. ધ્રુ. ૧
શુણ્ય કાયાધવ કેરી કરણી, શ્રી ભાગવતે વ્યાસે વરણી;
જેની મન વૃત્તિ પ્રભુને પરણી. કોય. ૨
જેના મુખથી હરિનું નામ લહી, શુણી કોપ્યો તાત યથા મહા અહિ;
જાણે નાંખશે દશો દિશાને દહિ. કોય. ૩
કહે હરિ બોલ્યો તે મારૂ હવે, એમ કહીને નાંખ્યો દહન દવેં;
જોયુ તો દહને સુધાસ્રવે. કોય. ૪
પછી પાયુગર પ્રસુતા કરથી, થયું સુખકારી અમ્રત વરથી;
નવ્ય ત્વચા કપાઈ મહાશરથી. કોય. ૫
દિગ્ગજ ત્રાસ્યા પણ નવ્ય માર્યો મહાજલે ન મગ્ન કર્યો તાર્યો;
હઠિ તાત ઉપાય કરી હાર્યો. કોય. ૬
સુખ સીમારુપ ભજન એહેવું, તે તજી વિડંબણુકાં વેહેવું;
કહે કૃષ્ણુરામ મન એ ગ્રેહેવું. કોય. ૭

પદ ૬ ઠું.

મન તણી વાત માહારી કૃષ્ણ કૃણુ સાંભળે,
સર્વ સંકટ ભર્યા શરિર ધારી;

પોતપોતા તણા દુઃખ દાવે દહ્યા,
તે તે શું લેઇ સકે ખબર્ય માહારી. મન તણી૦ ૧
અંધ કૂપે પડયા ગરવેથી ગરબડયા,
તાપેથી તરફડયા દુઃખ પામે;
કામ કીચે કલ્યા મોહ મધરે ગળ્યા,
ભીતી તજવા ભળ્યા કઇક કામે. મન તણી૦ ૨
રાગના રગડીઆ બડબડે બિગડિઆ,
ટેકના તગડીઆ કપટ ભરિઆ;
મમતાએ મર્દિઆ ગર્ત્તોમાં ગરદિઆ,
દંભેથી દર્દિઆ વિષય વરિઆ. મન તણી૦ ૩
હુંહું કરિ હુકતા ભ્રાંત્યેથી ભૂકતા,
માન નવ મૂકતા લોક લવનું;
તૃષ્ણામાં તાણુતા મોટયમ માણુતા,
જાન નવ જાણુતા ભારે ભવનું. મન તણી૦ ૪
રામાના રોલિયા ચરમમાં ચોળીયા,
પુત્રોના પોળિઆ કર્મે કુડા;
ચેટકે ચાલતા બોલીને બાળતા,
મંદ પણ મહાલતા ભટકે ભૂડા. મન તણી૦ ૫
ખેદના ખાંડીઆ ભાંમાના ભાંડિઆ,
ડાહ્યા થઇ ડાંડીઆ પાપે રળતા;
પ્રાણીને પોષતા દીનોને દોષતા,
ધન માટે ધોખતા છત્ય છળતા. મન તણી૦ ૬
ધુણુતા દ્વેષથી કુટતા કલેશથી,
રાજી રૂપિ કેશથી કોન રહેતા;
ધર્મમાં ધ્રુજતા પાપિને પૂજતા,
બડબડે બૂજતા વૈર વેહેતા. મન તણી૦ ૭
ચટ્ટ સુમતે ચઢે વહાલા થઇને વઢે,
નગણા થઇને નડે ગુણ ગમાવિ;

જ્ઞાનમાં ધ્યાનમાં ગોવિંદ ગાનમાં,
સમજે નહિ સાનમાં મન શમાવિ. મન તણી૦ ૮
ખલ તણા ખેલથી મદ ભર્યા મેલથી,
વિષય વિષ વેલ્યથી રંગે રમતા;
દાબિયા દામથી કામના કામથી,
તિર્થોના નામથી હીંડે ભમતા. મન તણી૦ ૯
વસ્તુ વીસારિને મૂકી મૂરારિને,
નિરખતા નારિને રીઝે રંગે;
સ્નેહ જાણે નહિ કૃષ્ણજીનો કહી,
બેસે નહિ સ્થિર થઇ સંત સંગે. મન તણી૦ ૧૦
સર્વ સરખા થયા ગરવે ઘોળાઇ ગયા,
દીન ઉપર દયા કૃષ્ણ કરિએ;
હેત કરિયે હરિ કહિયેછે કરગરિ,
પીડા કરતાં પઝી તરત તરિએ. મન તણી૦ ૧૧
કોણ કોહોને કહે સર્વ સંકટ સહે,
દાવાનલમાં દહે સર્વે સાથે;
હરજી દેઈ હામને પાળો નિજ નામને,
કૃષ્ણરાંમને પકડે હાથે. મન તણી૦ ૧૨

પદ ૭ સું.

આવિ એકાદશી આજ સુખદાયકા,
લાયકા કૃષ્ણ પદવીની દાતા;
સર્વ વ્યાપાર તજી સંત આવો સજી,
સહજમાં ચાહોજો સકલશાતા. આવી એકાદશી૦ ૧
ઇંદ્રિયો સકલતે અર્પવાં કૃષ્ણને,
મંન માધવજીને ચરણે ધરવું;
ભોજન પરહરિ ચિત્તને દૃઢ કરિ,
કૃષ્ણ કિર્તનથી જાગરણ કરવું. આવી એકાદશી૦ ૨
વેદ અથર્વણે મહિમા મોટો ભણે,

પદ્મપુરાણે વલિ પ્રભુએ ગાયો;
મુર હતો દૈત્યવર સકલથી સાંકળ્યો,
તે જારે લડવા હરિ સામો ધાયો. આવી એકાદશી૦ ૩
હરિને હાથે નહોતો મારવો તે સમે,
ઉરથી એકાદાશી પ્રગટિ શક્તિ;
ત્રણ્ય રૂપે ગણો એક એ તત્ત્વને,
વિષ્ણુ એકાદશી પ્રેમ ભક્તિ. આવી એકાદશી૦ ૪
કીધે એકાદશી ભકિત રહે મન વશી,
હરજી આવે હશિ વેગે વાહારે;
માટે રાખો ખબર્ય યત્ન કરવું જબર,
આવો આ અવસર મલશે કયારે. આવી એકાદશી૦ ૫
મેઘ જમ સર્વેનું બીજ ત્યમ ધર્મનું,
બીજ એ એકાદશી સુકતે જાણી;
શાસ્ત્રે વેદાંત પૂરાણમાં ભાગવત,
વાણીમાં શ્રેષ્ઠ જ્યમ વેદ વાણી. આવી એકાદશી૦ ૬
દેવમાં કૃષ્ણ જેમ તીર્થમાં જાન્હવી,
સર્વ ફલદાતા જેમ શંભુ કહિએ;
વર્ણમાં વિપ્ર જેમ તુલશિ તરૂને વિષે,
એમ એકાદશિ તિથિમાં લહિએ. આવી એકાદશી૦ ૭
અપરિમિત મહિમા છે જેના જાગરણનો,
કંઠે કીર્ત્તન કરી કૃષ્ણ ગાતાં;
સવિધિપૂર્વક અતી આદરે નાચતાં,
કોટિ કલિમલ જશે લાત ખાતાં. આવી એકાદશી૦ ૮
જેને એકાદશિ ઉરમાં ભાવે નહિ,
ભ્રાંત તે ભટકતા ભવમાં ભમશે;
નિંદા કરતા જે અન્ન આરોગશે,
તે પ્રાણુ સર્વનું પાપ જમશે. આવી એકાદશી૦ ૯
જેને વહાલા નથી શ્રીપતિ શામળા,

મુરદાને માટે તે રાત્રિ જાગે;
દામના દાસ થઇ ક્રોધે લાંઘણ કરે,
તે તણુ ફળ કોને પાસ માગે. આવી એકાદશી૦ ૧૦
વિષ્ણુથી વિમુખ રહિ વેશ વગોવતા,
કાન્તાના કુંડમાં જાય નહાવા;
એ વાનર નારીના ઘટ વિષે કયમ ગમે,
ગિરવરધારિના ગુણ તે ગાવા. આવી એકાદશી૦ ૧૧
જે રમાનાથના રંગથી રસ ભર્યા,
જીવ તે કયમ રહે કોહોના ઝાલ્યા;
અંગોઅંગે તેહને આનંદ ઉલટે,
કૃષ્ણ કિર્તન વિષેઆવે ચાલ્યા. આવી એકાદશી૦ ૧૨
આદરે આવિયે ગાઇ ગવરાવિયે,
શિખિ શિખાવિયે કૃષ્ણ કહિયે;
કૃષ્ણ કરૂણાથકી કૃષ્ણરામે કહ્યું,
વાજતે ડંકે વૈકુંઠ જઇએ. આવી એકાદશી૦ ૧૩

પદ ૮ મું.

માને તો શાસ્ત્રની શિક્ષાને માનજે,
લોકલવને રખે મંન માને;
સાંભળે તો ગીતા ભાગવત સાંભળે,
કુટિલોની કથની નવ ધરીશ કાને. માને તો૦ ૧
રાચે તો શ્રી રમાનાથના રંગથી,
રાગ રોષે રખે રંચરાચે;
નાચે તો સદ્ગુરૂ નચવે ત્યમ નાચજે,
નારિ નેહે રખે નચવ્યો નાચે. માને તો૦ ૨
ગાયે તો ગાજે ગુણ ગિરિવરધારિના,
ગ્રામ્યનાં ગીત રખે ગીથી ગાતો;
જાયે તો જાજે નિત્ય સંતના સંગમાં,
જડધિઓની રખે ઝકમાં જાતો. માને તો૦ ૩

જાગે તો રાત્રિ એકાદશી જાગજે,
ભાંડ જોવા રખે રાત્રી જાગે;
માગે તો ભક્તિ ભગવંતનિ માગજે,
મલ્લનાં ભારયાં રખે મનુષ્ય માગે. માને તો૦ ૪
જો જમે તો જમે નાથ નૈવેદ્યને,
સુતકિનું રખે અન્ન જમતો;
જો દમે તો દમે ઇન્દ્રિયો,
ધર્મથી દામ લોભે રખેદીનને દમતો. માને તો૦ ૫
ભોગ મુકે તો વૈરાગ્યથી મુકજે,
મુરદા માટે રખે શોક પાળે;
જો કરે વ્રત તો કરજે એકાદશી,
વૈરે લાંઘીરખે પેટ બાળે. માને તો૦ ૬
નાહે તો નાહાજે ભાગીરથી નર્મદા,
નારિ નર્કેરખે નિત્ય નાહાતો;
ખાયે તો ખાજે ખવરાવિ સત્પાત્રને,
પિંડ પોખી રખે મિષ્ટ ખાતો. માને તો૦ ૭
પૂજે તો પ્રીમિજન વિપ્રને પૂજજે;
પાખંડીને રખે પ્રીત્યે પુજે;
ધ્રુજે તો પારકા દેણાથી ધ્રુજજે,
લોકના અવયશે શાને ધ્રુજે. માને તો૦ ૮
મારે તો શાંન્તિથી ક્રોધને મારજે,
ક્રોધેથી તુરખે કોહોને મારે;
હારે તો હરિ માટે સર્વસ્વ હારજે,
દ્યૂત ખેલી રખે વસ્તુ હારે. માને તો૦ ૯
સેવે તો મા ઉમાનાથને સેવજે,
તું રખે શિવ હરિ ભિન્ન જાણે;
અવગુણ સમજે તો આપ ના સમજજે,
અન્યનો દોષ રખે ઉરમાં આણે. માને તો૦ ૧૦

દેખે તો સર્વમાં કૃષ્ણને દેખજે,
દુઃખને સુખ રખે સત્ય દેખે;
લેખે તો લક્ષ્મીના પતિનું સહુ લેખજે,
મારૂં કીધું રખે લક્ષ લેખે. માને તો૦ ૧૧
લાજ રાખે તો અધર્મની રાખજે,
દાશ થાતાં રખે લેશ લાજે;
ગાજે તો કૃષ્ણ ગોપાલ કહિ ગાજજે,
આપ વર્ણવ કરી શાને ગાજે. માને તો૦ ૧૨
નિત્ય થરકે તો નીજ પાપથી થરકજે,
દામ તનું હાનિ જાણિ શું થરકે;
જો પડે તો પડે પ્રેમીના પાશમાં,
આશા પાશે પડે જઇશ નરકે. માને તો૦ ૧૩
ધોવે તો ધોજે તું માંહ્યલા મનને,
ઝાઝા જલથી રખે અંગ ધોવે;
સાધે તો સચ્ચિદાનંદને સાધજે,
વિષય સાધી રખે વપુ વગોવે. માને તો૦ ૧૪
ઝીલે તો ઝીલજે જ્ઞાન ગંગા વિષે,
વિષય વૈતરણીમાં શીદ ઝીલે;
ખીલે તો ખીલજે કરણે ધારી કથા,
ખલની વાતે રખે ખાંત્યે ખીલે. માને તો૦ ૧૫
આપે તો દાન ભાગવત તણું આપજે;
વિપ્ર સત્પાત્રને ગુપ્ત હાથે;
જો તજે તો તજે કલબલ કર્મની,
નાથ માધવજીને રાખી માથે. માને તો૦ ૧૬
ભોગે તો ભોગ આસક્તિ બિન ભોગજે,
હોમે તો હોમજે વિપ્ર મુખમાં;
જો ધરે દિક્ષા તો શૈવી કે વૈષ્ણવી,
અરે તજીને હરે કેહેજે દુઃખમાં. માને તો૦ ૧૭

શોકે તો વિષ્ણુથી વિમુખોને શોક જે,
હરખે તો હરિનાજન જોઈ હરખે;
ચુકે તો ચુક જે વ્યસન વિષ ભક્ષવું,
પરખે તો પાત્ર સત્પાત્ર પરખે. માને તો૦ ૧૭
ઝુરે તો જે ગયું આયુને ઝુરજે,
જો ઠરે તો ગુરૂ વચને ઠરજે;
કૃષ્ણરામે કહ્યું સર્વનું સાર તે,
સાચે ભાવે રમાવરને વરજે. માને તો૦ ૧૮

પદ ૯ મું.

વેગે નાથ ગ્રહો હાથ વેળા જાય છે વહી,
પછી થાય પરીતાપ સમય પામશો કહી:
હાની હોય ઉભય થા પછી કહેશો જે કહ્યું નહિ. વેગે૦ ૧
માહારૂં બાલપણું, બહુ પ્રકારે બડબડે ગયું,
પછિ તરૂણપણું, વિષય તણા વેગમાં વહ્યું;
રમાનાથ હવે સાચવજો શેષ જે રહ્યું, વેગે૦ ૨
નથી ભૂસુરો મુખે ઘૃતાદિ હોમિયાં કદા,
ખાન પાન ભા ભીતિ સ્વપ્ન રતીમાં રમ્યો સદા;
નથી ભાગિ કોયની અનાથ જાણિ આપદા, વેગે૦ ૩
કદી જ્ઞાન ધ્યાન દાન માન મેં નથી લહ્યાં;
નથી ગમ્યથી ગોવિંદ ચરિત કરણથી ગ્રહ્યાં,
નથી વાકયથી કૃપાલ કૃષ્ણ નામને કહ્યાં, વેગે૦ ૪
કર્યા કર્મ તે કુકર્મ અહંકારથી ભમ્યો,
કદા સંત સંગતી કરી ક્ષણેક ન શમ્યો;
વાસુદેવ વીસારીને નરક કુંડમે રમ્યો. વેગે૦ ૫
નથી જાન્હવી જળે ઝબોળ્યું અંગ નાહિને,
કદી આચિયા નથી ગોવિંદ ઘંટ વાહિને;
કદા રીઝવ્યા નથી રમેશ ગાન ગાઇને. વેગે૦ ૬
બાંધિ ચરણ ઘૂઘરૂં ને નાચ નાચિયો,

ધરિ કૃષ્ણ કથા કાન નથી રંગે રાચિયો;
હવે હું સમાન પાતકિ તે શોધશો કિઓ. વેગે૰ ૭
ધર્યું બિરૂદ પતિત પાવન તે કૃષ્ણ કયાં જશે,
હવે હું મલે પતીત સફલ સહેજમાં થશે;
કૃષ્ણરામ તારે તેથી કૃષ્ણ ડંકો વાજશે. વેગે૰ ૮

પદ ૧૦ મું.

કૃષ્ણ કૃપા સિંધુ મ્હારૂં કષ્ટ કાપિએ,
વ્યઋધીને વિમલ કરી વિષ્ણુ વ્યાપીયે;
જે રચ્યુ અદૃષ્ટ અનાયાસે આપિએ. કૃષ્ણ૰ ૧
ચ્યાર ખાંણ્ય લક્ષ ચોરાશી વિષે ભમ્યો,
દંભ ભેદ લોભ મોહ તેમણે દમ્યો;
નાથ ચરણ પંક જે ન હું કદી નમ્યો. કૃષ્ણ૰ ૨
કામ કર્દમે કુબુદ્ધિ હું ગયો ફશી,
વિષય વાસના વિશેષ ચિત્તમાં વશી;
શ્રી નિવાસને લહુ શું સાન નહિ કશી. કૃષ્ણ૰ ૩
માત તાત ભ્રાત પુત્ર માહ્યરાં લહ્યાં,
તે પ્રતાપે શત્રુ મિત્ર કઈકિને કહ્યાં;
ઉલટે અધ્યાસે કષ્ટ કંઇક મેં સહ્યાં. કૃષ્ણ૰ ૪
નારિ નિરયગર્ત્ત માંહિ હૂરગ્યો કૃમી,
વેદના વિસારી પુનર્ત્તે જમ્યો વમી;
આવડી આપત્તિ હવે જાય નહિ ખમી. કૃષ્ણ૰ ૫
આધિભૂત આદિ વિવિધ દાઝિયો દવે,
ભૂલિ નાથ ભટકતો ભમ્યો ભવોભવે;
શ્રીપતે સુધારો શરણ આવિયો હવે. કૃષ્ણ૰ ૬
પતિત પાવનાદિ બિરૂદ બહુ તમે વહો.
શામળા સુજાણ મહારા વંકને સહો;
ગરિબ જાણિ હસ્ત હવે ગોપતિ ગ્રહો. કૃષ્ણ૰ ૭
શરણાગત વત્સલ છો શ્રીપતિ તમે,

શિઘ્ર મ્હારિ વાર કરો આવિ આ સમે;
કૃષ્ણરામ કૃષ્ણજીના ચરણને નમે. કૃષ્ણ૦ ૮

પદ ૧૧ મું.

ભગવંત ભરૂંસો ભકતને હો, હો મારા નાયક;
અખિલાત્મ ભાવે કરી એક. ભગવંત૦ ધ્રુ ૧
સંતતી થાઓ કે અથવા ન થાવો,
થઈ મરો કે થાઓ નેષ્ટ. હો મારા નાયક૦
હૈયામાં હરખ કે શોક ન તેહનો,
પોતાની માનીને પ્રેષ્ટ પ્રેષ્ટ. ભગવંત૦ ૨
આજ મરણ આવો કે યુગાંતે,
પરણો કે રહો અસીક. હો મારા નાયક૦
ધન મલો કે મલ્યુ હોય તે જાઓ,
હૈયામાં ન રાખે તેહની હીક. ભગવંત૦ ૩
રાય રહિયત રૂસો કે ત્રુઠો,
માન બનો કે અમાન હો મારા નાયક૦
પ્રહાર કરો કે કોઇ કરો પૂજા,
તેથી ન ત્રુટે તેહનું તાન. ભગવંત૦ ૪
ભોજન ભવ્ય મલો કે ન મલો,
સરસ નિરસ કે સ્વલ્પ. હો મારા નાયક૦
પ્રથ્વીયેકે પર્યંકે પોઢો,
શુભાશુભનો ઉઠે નહિ સંકલ્પ. ભગવંત૦ ૫
કોશી ન રીઝે ન ખીજે ન કોશું,
માને ન અરિકે મીત્ર. હો મારા નાયક૦
માયિક સ્વપ્ન સારખાં ભાસે,
ચૌદ ભુવનનાં જેને ચીત્ર. ભગવંત૦ ૬
પોતા તણા પ્રારબ્ધને ભોગે,
આવે ન આગંતુક. હો મારા નાયક૦
સર્વ રૂપ શ્રીધરને જોતાં,

ચિંતનથી કહિયે ન પડે ચુક. ભગવંત૦ ૭
એહેવું ભાગ્ય અમ અભાગિઆંને,
કયારે કરશો કૃપાલ. હો મારા નાયક૦
કૃષ્ણુરાંમ શ્રીકૃષ્ણુ કૃપાથી,
જીવોની સઘ મિટે જંજાલ. ભગવંત૦ ૮

પદ ૧૨ સું.

તુતો ચતુર ચેતીલે આ સમે,
મદ મત્ત ફરે છે કામ ન ગમે;
રગડાઇશ રાગ રોષમાં રમે. તુતો ચતુર૦ ૧
ગુનેગાર છે તુ ઘણો ગાહાડોરે,
અજી ચાલેછે કાં આડો આડોરે;
દેખીશ કયાં ફરીને આ દાહાડોરે. તુતો ચતુર૦ ૨
નાથે નરતનું તુજને આપીરે,
કુટિલ કામ કલેશમાં શું કાપીરે;
આંખે દેખે નહિ શું અઘાપિરે. તુતો ચતુર૦ ૩
વિષ સરખા વિષય મા ભોગ્યરે,
એ તો નર તનુને નહિ યોગ્યરે;
એથી અધિક થશે અના રોગ્યરે. તુતો ચતુર૦ ૪
દેહ ધન સુત દારા ધામરે,
એતો માયાનાં બહુ વિધ નામરે;
કોય એમાંનુ આવે ન કામરે. તુતો ચતુર૦ ૫
શું તુ એમાંનું માનેછે સત્યરે,
વિચારી જોતાં એ છે વિપત્યરે;
એથિ અંતે થશે અવગત્યરે. તુતો ચતુર૦ ૬
કોને હુંને માહારૂં તુ કહેછેરે,
વિના સમજે તું વાંકો વહે છેરે;
દિવ્ય દેહ કાં દુઃખમાં દહેછેરે. તુતો ચતુર૦ ૭
જયારે અવતર્યો ત્યારે તુ એકરે,

મધ્યે આવિ મલ્યાં આ અનેકરે;
છે એ છલ કરનારાં છેકરે. તુતો ચતુર૦ ૮
તારૂં તન મન ધન એ હરશેરે,
મધ્યે રણ છુટેથી એ મરશેરે;
વાસના વડે એ ન વિસરશેરે. તુતો ચતુર૦ ૯
ઘણાં ઘાલશે ઘટમાં એ ગાડાંરે,
અતિ કર્મ કરાવશે આડાંરે;
જીવતાં ભૂત શાં વલગશે જાડાંરે. તુતો ચતુર૦ ૧૦
માહારાં માનવાં મૂકીદે એનેરે,
કૃષ્ણચંદ્રને તુ માહારા કેનેરે;
જેણે આપ્યો આ દુર્લભ દેહનેરે. તુતો ચતુર૦ ૧૧
નથી ગરજ એમાં તારે કોનીરે,
એ તો સર્વ બિડંબન મોહનીરે;
માટે મુકીદે વૃત્તિ દ્રોહનીરે. તુતો ચતુર૦ ૧૨
માથે માન્ય ફરેછે મર્ણરે,
શીઘ્ર થા હવે કૃષ્ણને શર્ણરે;
એની કરૂણાએ ખસશે આવર્ણરે. તુતો ચતુર૦ ૧૩
એ છે સ્વામિ શર્ણ વિશ્રામરે.
પતિત પાવન પાલશે નામરે;
કહ્યું માન્ય કહે કૃષ્ણરામરે. તુતો ચતુર૦ ૧૪

પદ ૧૩ મું.

કૃષ્ણ ભક્તિ વિના વેશ શું કરે,
શ્રદ્ધા વરજિત સંત તે ક્યમ ઠરે;
એથી આંચ ન યમની ઉગરે. કૃષ્ણ ભક્તિ૦ ૧
બક પક્ષી સહિત છે બારણે,
ધ્યાને દ્રઢ ઉભો રહે ધારણે;
કિનારે તીર્થને મચ્છ કારણે. કૃષ્ણ ભક્તિ૦ ૨

જોને બકરો ધરે બહુ ડાઢીને;
પત્ર પ્રાસે છે આપે ઉપાડીને,
ચડે બકરીને ગાલ બજાડીને. કૃષ્ણ ભક્તિ૦ ૩
જાગે રાત્રિ દિવસ નિત્ય શ્વાનરે,
દીન થઇને મુકે નિજમાનરે;
તેહેને તુંતુ શુણ્યાનું ધ્યાનરે. કૃષ્ણ ભક્તિ૦ ૪
મૌન મૂદે ચક્ષુ માર્જારરે,
બોલે ગરીબ સરીખો ઉચ્ચારરે,
મુખક મારવા થાય તૈયારરે. કૃષ્ણ ભક્તિ૦ ૫
માહા ગંગાએ રહેનારાં મીન છે
પણ મહીમા અજાણ્યે મલીન છે,
જિભે જલિપડે માટે દીન છે. કૃષ્ણ ભક્તિ૦ ૬
દેહ બાળવો બને છે પતંગને,
પણ સંમજે નહિ કોય ઢંગને;
માટે ચાહ્ય વન્હિના રંગને. કૃષ્ણ ભક્તિ૦ ૭
રામ રામ કહેવું કીરને ઘડે,
તોયે કામને ભય તેહેને નડે;
માટે પરાધીન પાંજરે પડે. કૃષ્ણ ભક્તિ૦ ૮
સાધે ગુહામાં રહેવું સાપને,
અન્ય સંગ વિનાથી આપને;
તોહ્યે આચરે અન્ય સંતાપને. કૃષ્ણ ભક્તિ૦ ૯
એમ અણુ લહ્યે સાધન જે થશે,
તે તો વિષય વિલાસ માંહે જશે;
હરિ રીઝે જો હેત હૃદય હશે. કૃષ્ણ ભક્તિ૦ ૧૦
સત્સંગ વિના સ્નેહ કયાં થકે,
વેષ એકલા શૂં સધવી શકે;
બોધ સમજ્યા ન તે બડબડ બકે. કૃષ્ણ ભક્તિ૦ ૧૧
પશુ પક્ષીનું નરને સમાન છે,

ધાર્યે વેશે જો ઉર અજ્ઞાન છે;
વિષ્ણુ વિમુખોને વિષયનું ધ્યાન છે. કૃષ્ણ ભક્તિ૦ ૧૨
આહાર ભય નિદ્રા રતિમાં રમે,
મત ઉપજાવતો મનને ગમે;
સાન નહિ આવે વિના સંતને નમે. કૃષ્ણ ભક્તિ૦ ૧૩
મૂર્ખ દુર્લભ દેહને શું લહે,
જેમ સુગંધ વસ્તુને ખરવહે;
તેના ગુંણુની ગુમાર શું ગ્રહે, કૃષ્ણ ભક્તિ૦ ૧૪
એમ મૂઢ હું માનવ દેહે મલ્યો,
છું હું મોહાદિક કેરો છળ્યો;
રાગ રોષે રઝળતો શું રળ્યો. કૃષ્ણ ભક્તિ૦ ૧૫
વ્યાસ કેહેવાઇ વગોવાઉં છું,
ઉરે ભક્તિ વિના અકલાઉં છું;
કૃષ્ણરામ કૃપા થવી ચાહુંછું. કૃષ્ણ ભક્તિ૦ ૧૬

પદ ૧૪ મું.

કૃષ્ણ કરૂણા નિધાન કૃપા કરો, આતો સમય આવી પડયો આકરો,
નથિ સહેવાતી ટંટાની ટાકરો. કૃષ્ણ કરૂણા૦ ૧
આગે પીડા અહં મમતા તણી, વળી સમય બિગાડે બીજી ઘણી;
મજરંકથી કયમ ઓળખાય અણી. કૃષ્ણ કરૂણા૦ ૨
તાપ ત્રિવિધથી પેહેલાં તાપિયો. વળી રાગ રોષ હ્રુદિ વ્યાપિયો;
ભાગ્યહીન તેણે સંગે શાપિયો. કૃષ્ણ કરૂણા૦ ૩
જે જે મલિયુ તે સ્વારથ સાધવા, આપ સરિખો કરિને આરાધવા;
બુદ્ધિ બિગાડ કરિને બાધવા. કૃષ્ણ કરૂણા૦ ૪
રોજગાર રોકાયા રોલથી, ઘરનાં ધન ઘાડાં ઘંઘોલથી;
દુઃખ વાધ્યા મતિ દંદોલથી. કૃષ્ણ કરૂણા૦ ૫
વાધ્યા ચકલે ચકલે ચાડિઆ, ઉંચ પુરૂષોને ઊંધા પાડિઆ;
લોક લંઠ થયા લઢવાડિઆ. કૃષ્ણ કરૂણા૦ ૬
જન જનની હઠી બલ જોરિઓ, અનુદિન થવા લાગી ચોરિઓ;
ગરીબ ગુર્જર પેઠો ગોરિઓ. કૃષ્ણ કરૂણા૦ ૭

કશું કિંચિત કલ્પિ કલંકને, રાય થઇને રોળે છે રંકને;
વિત્ત લોભે વિચારે ન વંકને. કૃષ્ણ કરૂણા૦ ૮
વિનાકાળે તે વર્ષા વરસતા, અંબુ વેળા તે અંબુને આકર્ષતા;
સસ્ય માત્રની સુકાઇ સરસતા. કૃષ્ણ કરૂણા૦ ૯
જન અવગુણ ગ્રહે ગુણ વિસરે, દેશ દેશ દેવાળાં નિસરે;
એમ અર્થાભિલાષા શીસરે. કૃષ્ણ કરૂણા૦ ૧૦
મુખે મમ્મા ચચ્ચા રહ્યા મલી, એક એક ઉપર જન રહે બળી;
સગાં સગાં ન બેસે હશિ હળિ. કૃષ્ણ કરૂણા૦ ૧૧
વેદ શાસ્ત્રની ગોષ્ટિ લોપાઇયો, જ્ઞાન દાનની ગતી ગોપાઇયો;
હૃદયે રાહાડયની વેલ્યો રોપાઇયો. કૃષ્ણ કરૂણા૦ ૧૨
મીત્ર માનીએ તે મહા મોહો કરે, છોડી છોકરા તે ગળે છોહો કરે;
નાતિ જાતિમાં જન બહુ દ્રોહો કરે. કૃષ્ણ કરૂણા૦ ૧૩
વ્યભિચાર વધ્યા બધિ જાત્યમાં, અતિ ઈરિખા વધિ નાત્ય નાત્યમાં;
રહ્યા વિષયવિકાર વિસાત્યમાં. કૃષ્ણ કરૂણા૦ ૧૪
કન્યા વિક્રય કલ્પાયા ઘણા, ગુણ ગાવા ગમ્યા તનુઓ તણા,
કહું શુંશું નથી કાંઇ મણા. કૃષ્ણ કરૂણા૦ ૧૫
કથા કૃષ્ણની કોઇને નવ ગમે, દાસ થાય તેહેને દુનિયાં દમે;
દામ દારાના રંગમાં સહુ રમે. કૃષ્ણ કરૂણા૦ ૧૬
આહાવે અવસરે સાધન શ્યાં સધે, અંગે રોગ નવા નિત્ય વધે;
આવે અલ્પ મર્ણ અકાલે વધે. કૃષ્ણ કરૂણા૦ ૧૭
આભ્યંતરે આતુરતા થઇ, જંજાલમાં જિનગાની ગઈ;
કલેશ વાધે છે નિત્યે કઇ કઇ. કૃષ્ણ કરૂણા૦ ૧૮
આવ્યો આશરે હુંતો આપને, શ્રી નિવાસ શમાવો સંતાપને;
પ્રભુનાથ પહાં કરો પાપને. કૃષ્ણ કરૂણા૦ ૧૯
ગોરા કાલા શું જુવો અડદને, બલવીર પાળો નિજ બિરૂદને;
વારંવાર કહું શું વરૂદને. કૃષ્ણ કરૂણા૦ ૨૦
ગુણ દોષ ગરિબના શું જુવો, ધણી સાહેબ મહારૂં મન ધુવો;
સખા થઇને સુખે અજિ કયમ સુવો. ૦ણ કરૂણા૦ ૨૧

વહાલા નાથ તણો વિશ્વાસ છે, એક મુજને તમારિ આશ છે;
કૃષ્ણરામ તે દાસનો દાસ છે. કૃષ્ણ કરૂણા૦ ૨૨

પદ ૧૫ મું.

હરિ વિમુખોને સુખ શાનું, યમ જેનું ખોળે પાનું;
બાહાર્યનું બાહાર્ય રહે બાનું. હરિ વિમુખોને૦ ૧
પ્રભુની પ્રિત વિના પ્રાંણી, હરખ ધરે છો શું જાંણી;
મહાલો શું મમતા માણી. હરિ વિમુખોને૦ ૨
વેશ ધરે નટવા વારૂ, લોક રિઝવવા સારૂ;
એહેવાથી ન મિટે અંધારૂ. હરિ વિમુખોને૦ ૩
હેત વિના હરિ નવ રીઝે, ખલ મનને જાંણી ખીઝે;
ભાવ વિના ન હૃદય ભીજે. હરિ વિમુખોને૦ ૪
હરિ સહુના અંતરયામિ, કોમલ દાસ તણા કાંમિ;
તે રીઝે શી રહે ખાંમી. હરિ વિમુખોને૦ ૫
વેદ શાસ્ત્ર વરણે જેહને, જેણે આપ્યો આ દેહને;
કૃષ્ણરામ ઈચ્છે તેહને. હરિ વિમુખોને૦ ૬

પદ ૧૬ મું.

ચિત્ત ધરી ચિંતન કરિયે, ઉત્તમ સાધન અનુસરીયે;
તરત તો ત્રિવિધ તાપ તરિયે. ચિત્ત ધરી૦ ૧
સત્સંગમ. ૧ સુકરમ. ૨ શિક્ષા. ૩ શમ. ૪ દમ. ૫ ઉપરમ. ૬
તિતિક્ષા. ૭ આત્મરતિ. ૮ ને અન્વીક્ષા. ૯ ચિત્ત ધરી૦ ૨
અખિલમાં આત્મા ઓળખાવે, નિરાળો નિત્યે નિરખાવે;
દયા કરિ મારગ દેખાવે. ચિત્ત ધરી૦ ૩
સહસ્ર સગાંથી જે ન સરે, તે એક સજ્જન કૃત્ય કરે;
કઇને તારિ આપતરે. ચિત્ત ધરી૦ ૪
જેથી લક્ષ્મીવર લહિયે, સ્થિર મન ચરણ શરણ રહિયે;
તેહેને સત્સંગમ કહિયે. ૧. ચિત્ત ધરી૦ ૫
લૌકીક અવશ્યને કરવાં, નિત્ય નૈમિત્તિકને કરવાં;
કામ્ય નિષિદ્ધને પરિ હરવાં. ચિત્ત ધરી૦ ૬

વિવેક થકિ વપુનાં વાધો, એથી ઇશ્વર આરાધો;
ષડવિધ સુકરમ એ સાધો. ૨. ચિત્ત ધરી० ૭
સકલ સગાઇ સ્વારથની, અહંમમતા શિ અપારથની;
પ્રીતિ કરો પરમારથની. ચિત્ત ધરી० ૮
નિરમલ નામ જપો નિત્યે, ચપલતા શીદ ધરો ચિત્તે;
રેહેજો રાખે તે રીત્યે. ચિત્ત ધરી० ૯
સુખ દુઃખ સમ જાણી સહેવું, સહુ જનથી નમતાં રેહેવું;
કઠિણ વચન શાને કેહેવું. ચિત્ત ધરી० ૧૦
રાગ દ્વેષ રહિત રેહેજ્યો, નિજ ડાપણ મૂકી દેજો;
લક્ષ ધરી લાહાવો લેજો. ચિત્ત ધરી० ૧૧
રખે જેમ જાણો તેમ તાણો, મરણ તણો ડર મન આણો;
એ શીક્ષા સાધન જાણો. ૩. ચિત્ત ધરી० ૧૨
હરિનુ નિરમ્યુ તેમ થાશે, અથડામણ એળે જાશે;
વળગી રેહેવું વિશ્વાસે. ચિત્ત ધરી० ૧૩
જે જન હું કરતા કહેશે, વાહાડયું તે પોતે વેહેશે;
તેને દેવ દગો દેશે. ચિત્ત ધરી० ૧૪
વિકલ્પ સઘળા વિસરજો, કૃષ્ણાકાર વૃત્તિ કરજો;
એ શમ સાધન ચિત્તે ધરજો. ૪. ચિત્ત ધરી० ૧૫
પંચભૂત રચના પેખો, લાભ રખે એહેમાં લેખો;
દમ સાધન એને દેખો. ૫. ચિત્ત ધરી० ૧૬
કલેશી કર્મ રચિત આલોક, સ્વર્ગાદિક પણ તેમ છે શોક;
ફળ સઘળાને માનો ફોક. ચિત્ત ધરી० ૧૭
માયિક સર્વે માયાનું, વલવલતાને વાહ્યાનું;
દિલ કયમ માને ડાહ્યાનું. ચિત્ત ધરી० ૧૮
કાલ ભક્ષ જેને કરશે, તે તો કયમ સાચુ ઠરશે;
એથી અર્થ કીયો સરશે. ચિત્ત ધરી० ૧૯
માટે સહુ મૂકી દીજે, કષ્ટ લહિ વિરતી કીજે;
એ ઉપરમ સમઝી લીજે. ૬. ચિત્ત ધરી० ૨૦

જે નિપજે તે નિજ કર્મે, ભાસે મિત્રાદિક ભર્મે;
ધારિ ચાલો નિજ ધર્મે. ચિત્ત ધરી૦ ૨૧
પ્રાણને ક્ષુધા તૃષા પ્રાણિ, દેખે દૃષ્ટી વદે વાણી;
સાંભળે કર્ણેન્દ્રિય કાણિ. ચિત્ત ધરી૦ ૨૨
રસના ષડ્ રસને માણે, સ્પર્શ ત્વચા સઘળા જાણે;
ગંધ ગ્રહે છે તે ઘ્રાણે. ચિત્ત ધરી૦ ૨૩
બેથી જલ મળ ત્યાગ ઘડે, ચાલે ચર્ણ પાણી પકડે;
એહેમાં આત્માને શું અડે ચિત્ત ધરી૦ ૨૪
એ સહુ અંતઃકરણાધીન, દેહ બિચારો ભૌતિક દિન;
લેખો કાર્ય કારણમાં લીન. ચિત્ત ધરી૦ ૨૫
તરૂણાદિક જાંણી તનનાં, માનાદિક મૂકો મનનાં;
ધર્માદિક ધારો ધનનાં. ચિત્ત ધરી૦ ૨૬
જે તેનાં જાણી લેજો, વિવેકથી વપુયે વેહેજો;
તિતિક્ષા તો એને કેહેજો. ૭. ચિત્ત ધરી૦ ૨૭
જે સત્ ચિત્ આનંદ સ્વરૂપ, અતકર્ય શક્તિ એક અનૂપ;
જ્યાં જઇ ચિત્ત બને છે ચુપ ચિત્ત ધરી૦ ૨૮
જે છે નિજ પ્રકાશ સ્વતઃસિદ્ધ, અખંડાનંદ તમો નપ વિદ્ધ;
જે પ્રકૃતિ પ્રા વરણા વીદ્ધ. ચિત્ત ધરી૦ ૨૯
પુરૂષોત્તમ જે પૂરણ કામ, સાચો શરણાગત વિશ્રામ;
નારાયણ છે જેનું નામ. ચિત્ત ધરી૦ ૩૦
વ્યાપી વિશ્વ વિષે રેહે છે, દાસ થયે દરશન દે છે;
વિશ્વંભર બાનું વેહે છે. ચિત્ત ધરી૦ ૩૧
જે છે દેવ તણે શિર દેવ, જેની સીદ્ધ કરે છે સેવ;
જેને તાર્યાની છે ટેવ. ચિત્ત ધરી૦ ૩૨
જે અંતર્યામિ આધાર, સેવક જનની કરવા સાર;
લે છે નાના વિધ અવતાર. ચિત્ત ધરી૦ ૩૩
વિવિધના મૂકી દેજે વેહેમ, તે પ્રભુ સાથે કરિયે પ્રેમ;
આત્મ રતિ તે થાસે એમ. ૮. ચિત્ત ધરી૦ ૩૪

મુખ જેમ મુકુર મધ્ય પ્રતિભાસ, ઘટગત અંબર જેમ આકાશ;
જીવેશ્વરની તેમ જુદાસ. ચિત્ત ધરી૦ ૩૫
યાવત્ ચિત્ત ચિત્તે ચોવીસ, તાવત્ કાલ્લકલ્પના શીશ;
યાવત્ જીવપણું ત્યાં ઇશ. ચિત્ત ધરી૦ ૩૬
અપંચિકૃતનાં સત્તર અંગ, અસવેન્દ્રિય મન બુદ્ધિ સંગ;
એતો જીવો પાધીલિંગ. ચિત્ત ધરી૦ ૩૭
તદ્ગત ચિત્પ્રતિબિંબ એ જીવ, વશ વિદ્યા તે ઇશ્વર દિવ્ય;
રહિત ઉપાધી જોતાં શીવ. ચિત્ત ધરી૦ ૩૮
વિદ્યા વિદ્યોપાધિ જેહ, તેથી કલ્પિત દીસે દેહ;
ચિદંશ રૂપે તેનો તેહ. ચિત્ત ધરી૦ ૩૯
સ્વાપ્નિક સરખો સહુ સંસાર, વસ્તુ વિષે તો નહિ વ્યભિચાર;
નિશ્ચય કર્યે હોય નિસ્તાર. ચિત્ત ધરી૦ ૪૦
વચન વેદાંત તણે પ્રતિબોધ, સાચો સમજી લીજે શોધ;
કિજે ચિત્ત વૃત્તિનો રોધ. ચિત્ત ધરી૦ ૪૧
કઉતુક સર્વે કેહેવાનાં, મનથી મૂકી દેવાનાં;
એ લક્ષણ નોહે એવાનાં. ચિત્ત ધરી૦ ૪૨
શ્રીહરજીની સત્ય સગાઇ, હરિ શું હેત કરોને ભાઇ;
સેજે બંધ છોડશે બાઇ. ચિત્ત ધરી૦ ૪૩
દિલમાં રાખો એ દીક્ષા, અખિલ વિષે ઇશ્વર ઇક્ષા;
ઓલખજો એ અન્વીક્ષા. ૯. ચિત્ત ધરી૦ ૪૪
સદ્ગુરૂ સરખો નહિ કોય મીત્ર, જેથી પાપી થાય પવીત્ર;
જેણે ઓળખાવ્યાં આ ચીત્ર. ચિત્ત ધરી૦ ૪૫
કૃષ્ણરામ કહે રહો રાજી, ગાઓ ગોવિંદ ગુણ ગાજી;
હરિના નહિ હારો બાજી. ચિત્ત ધરી૦ ૪૬

પદ ૧૭ મું.

અલ્યા કર્મે હિણા કાં ન ભજે કૃષ્ણનેરે,
અસત્વસ્તુનો શું થઇ રહે અધીનરે;
અજી કયાં સુધિ પુછીશ વિષય પ્રશ્નનેરે,

માને મમતાએ તુ થઇશ મલીનરે. અલ્યા કર્મ૦ ૧
આતે દૈવ તુને શી પડિ અભાગિયારે,
વહાલા વિષ્ણુથી તું કાં વહે વિમૂખરે;
પાપી પીડા કરશે તુંને તારા પાગિયારે,
દામ દારાદિ એ દેશે તુને દુઃખરે. અલ્યા કર્મ૦ ૨
એ તો સ્વારથે મલ્યા છે આપ આપનેરે,
નથી તારી સાથે કોઇને સંબધરે;
સ્વાર્થ સાધશે નહિ તો દેશે શ્રાપનેરે,
ઉર ઉઘાડી તુ કાં ન જુવે અંધરે. અલ્યા કર્મ૦ ૩
જોને સ્વાર્થેથિ સુરૂચિયે શ્રાપિયોરે,
ધ્રુવ પંચ વર્ષનો સંતાન ;
આવ્યો શર્ણ એને અંકમાં સ્થાપિયોરે,
આપ્યુ શ્રીધરે અચલ સંસ્થાનરે. અલ્યા કર્મ૦ ૪
દશ ગ્રિવે મારિ લાત વિભીષણુનેરે,
જોને સ્વાર્થ માટે કહાડિઓ વિદેશરે;
આવ્યો શર્ણ જ્યારે રામતણા ચર્ણનેરે,
અભય આપીને કીધો લંકેશરે. અલ્યા કર્મ૦ ૫
જોને તાતે તાતી તેલ કઢા નાંખિયોરે,
સ્વાર્થ માટે તે સુધનવા રાયરે;
તેને રૂગ્ણ થતાં રૂષિ કેશે રાખિયોરે,
નિજ સેવક જાણીને કરી સહાયરે. અલ્યા કર્મ૦ ૬
એવા સત્ય સખા જાંણી શ્રી નિવાસનેરે,
નિત્ય નાથનું સંભાર્ય હવે નામરે;
દેવ દૂભશે ન એ તો કદી દાસને,
કષ્ટ કાપશે કહે કૃષ્ણ રામરે. અલ્યા કર્મ૦ ૭

પદ ૧૮ મું.

જોતાં કૃષ્ણ સમો કૂણ કૃપાવંત છેરે,
જેને શર્ણે શમે સકલ સંતાપરે;

જે જે એને ન ભજે તે અસંત છેરે,
પૂર્ણ પૂર્વ જન્મનાં જેનાં પાપરે. જોતાં૰ ૧
જારે ચીર ખીચ્યાં કૃષ્ણાનાં દુઃશાસનેરે,
બીજા કોઈથી તો ન થઈ બીરૂદાશરે;
તારે સંભાર્યા સખા શ્રી નિવાસનેરે,
પૂર્યા ચીર આવી ઉભા રહ્યા પાસરે. જોતાં૰ ૨
જારે જૂડે જલે ગ્રહ્યો ગજરાજનેરે,
જાણ્યું આતો આવ્યો અતૂલ અપાયરે;
તારે સંભાર્યા શ્રી રાજાધિરાજનેરે,
સખા આવ્યા તેણે ચટ કરી સહાયરે. જોતાં૰ ૩
દુષ્ટે દુર્વાસા મોકલ્યા વનવાસિનેરે,
પંચ પંચાળિને દેવા માટે દુઃખરે;
તર્ત સખા આવ્યા તેણે પત્ર પ્રાશિનેરે,
કિધિ તૃપ્ત સકલ વિશ્વ તણી કુક્ષરે. જોતાં૰ ૪
અશ્વત્થામાયે ઉત્તરાતણી કૂખમાંરે,
મૂકયું બ્રહ્મ અસ્ત્ર બલવાને ગર્ભરે;
દેખી શર્ણ આવી ઉત્તરાને દુઃખમાંરે,
આપી ગર્ભે પેશી ઉગારિયો અર્ભરે. જોતાં૰ ૫
એવા કંઈ જનોને કેશવે કૃપા કરિરે,
તેની વેદ શાસ્ત્ર પુરાણોમાં સાખરે;
અલ્યા જીવ તારી આશિ બુદ્ધિ આકરીરે,
કાં તુ કૃપાલુથી રાખે છે કટાક્ષરે. જોતાં૰ ૬
ભારે ભરૂંસો જે એ હરિનો ધારશેરે,
તેના અનાયાસે પૂર્ણ થશે કામરે;
કૃષ્ણુરામ કહે જે એને વિસારશેરે,
તે તો દુઃખિ થશે સેવે દારા દામરે. જોતાં૰ ૭

પદ ૧૯ મું.

માયા એણી રીતે મનમાં વશી માનિયેરે,

જેણે ચિત્ત પડે વિષ્ણુથી વિયોગરે,
બને આપનો બિગાડ તેવો બાનીયેરે,
દ્વૈત દ્રષ્ટિયેથી ભોગવો ભોગરે. માયા એણી૦ ૧

જેણે પૂત્ર પૌત્ર પ્યારા લાગે પ્રાણિનેરે,
વળિ વિટલ વનિતાઓના વિનોદરે;
જેણે જાન થતુ પારકાનું જાંણીનેરે,
માને વૈરી માર્યો શૂણિને મન મોદરે. માયા એણી૦ ૨

જેણે લૌકિકની લવે લક્ષ લાગશેરે,
ગાવાં શુણવાં ગમે ગ્રામ્ય તણાં ગીતરે;
જેણે તારક વસ્તુનો સંગ ત્યાગશેરે,
નારી નાણા માંહે ચોટાડીને ચીત્તરે. માયા એણી૦ ૩

જેણે મમ્મો ચચ્ચો નીકલશે મૂખથીરે,
રૂડી શિખામણે હૃદય થશે રોષરે;
જેણે હરે તજી અરે કહેશે દુઃખથીરે,
અંગી મર્યા માટે કરશે આ ક્રોષરે. માયા એણી૦ ૪

વરે વાવરશે કર્જ કહાડિ ધંનનેરે,
આવે અવયશે તે કરશે મન શોચરે;
કોય બ્રાહ્મણ સત્પાત્ર સંત જંનનેરે,
દાન દેવા વેલા બનશે સંકોચરે. માયા એણી૦ ૫

કથા કીર્તનમાં ઊંઘ લાજ આવશેરે,
કુડા કજિયામાં બનશે ઉત્સાહરે;
પરધનાદિને પચાવવાં ભાવશેરે,
દારા દામ ગયે ઉપજશે દાહરે. માયા એણી૦ ૬

કદા કૃષ્ણ કથા કર્ણ શુણી નહિ ગમેરે,
અધિક ઉપજશે ક્રોધ લોભ કામરે;
એવી માયિક વૃત્તિમાં જન જો રમેરે,
કૃષ્ણ વીસરશે તેને કૃષ્ણરામરે. માયા એણી૦ ૭

પદ ૨૦ મું.

કેશવજી કરૂણા કરશો તો, સફલ મનોરથ થાશેરે;
વિઘ્નીય સઘળાં જશે વેગળાં, પાપ પ્રચંડ પળાશેરે. કેશવજી૦ ૧
વેમ વિસરશે વિવિધ કેરા, પ્રેમ પ્રગટશે સાચોરે;
કાલા વાલા કર્ણ ધરિને, રંક ઉપર જો રાચોરે. કેશવજી૦ ૨
બાલકની બિરૂદાસ કર્યેથી, સારૂં દીસશે સ્વામિરે;
પ્રણુતપાલ પ્રતિતી દેખાડો, આ સમે અંતરયામીરે. કેશવજી૦ ૩
કઈક દીવસથી કરૂંછું વીનતી, યદુપતિ જણુવો જવાપરે;
સખ્યપણુ સેવકને બતાવો, તમના મિટવા તાપરે. કેશવજી૦ ૪
રંક વત્સલ હવે રંકના ઉપર, કૃપાવલોકન કરિયેરે;
કૃષ્ણુરામનો કૃષ્ણુચંદ્રજી, કરૂણા કરી કર ધરિયેરે. કેશવજી૦ ૫

પદ ૨૧ મું.

ગોવિંદજી ગુણુ સાગર છો, હવે અવગુણ ચિતમાં નવ ધરિયે;
આંજ્યા અવિદ્યાને આવર્ણે, ફંદી થઇને અમે ફરીયે. ગોવિંદજી૦ ૧
શું સાધન અમે શઠ કરિ સકિયે, કયમ કરી વિઠ્ઠલને વરિયે;
શરિરાદક કેરા અધ્યાસે, હું મારૂં અમે કરિ મરિયે. ગોવિંદજી૦ ૨
તૃષ્ણા કેરી તાંણે તણાણા, સ્થિર થઇને કહો કયમ ઠરિયે;
પ્રાણુ તણા પ્રિય પ્રભુને વિસારી, હાથ ઘશી હાહા કરિયે. ગોવિંદજી૦ ૩
કુટ કર્મના કરનારા અમે, અવિનાશિને કયમ અનુસરીયે;
ભ્રાંતિ થકી અમે ભમીયે તો પણુ, કાંન વલી કઇના ભરિયે. ગોવિંદજી૦ ૪
શાસ્ત્ર શ્રવણુ થકી યમરાયને ડરે, થર થર થર અમે થરથરિયે;
પાપ કર્મ અમે પ્રીછી અમારાં, નરકયાતનાથી ડરિયે. ગોવિંદજી૦ ૫
તનમન ધનથી ભ્રષ્ટ અમે જંન, પ્રાયશ્ચિત કહો શાં ચરિયે;
કરૂણાકર કેશવજી તમને, કાલાવાલા કરિ કરગરિયે. ગોવિંદજી૦ ૬
કૃષ્ણુરામ કહે અમે કૃપણુજન, તાર્યે તમારેથી તરિયે;

પદ ૨૨ મું.

શું કરિયે શામળિયાજી હવે, એકે ઉકેલ પડે નહીરે;
જે જે કરવું યત્ન ધારિયે, તે તે ઘાટ ઘડે નહિરે. શું કરિયે૦ ૧

શઠ બુદ્ધિથી શાસ્ત્ર શુણ્યાં પણ, જોઇનો માર્ગ જડે નહીરે;
કલન પડે જે કોણુ કર્યાથી, રાગાદિક રગડે નહિરે. શું કરિયે૰ ૨
આત્મ વિચાર કર્યો પણ ઉરમાં, આવર્ણેથી અડે નહિરે;
જન્મ જન્મની પાપ જાડયથી, આભ્યંતર ઉઘડે નહિરે. શું કરિયે૰ ૩
કુટીલ કલીયુગ મધ્યે જન્મ્યા, તેથી ચીત્ત ઘડે નહિરે;
સંગ ન સંત પુરૂષનો સાધે, જેથી મન બિગડે નહિરે. શું કરિયે૰ ૪
કલબલ મૂકી કૃષ્ણ સ્મર્ણને, પંથે ચિત્ત ચઢે નહિરે;
મદ મોહાદિક રિપુની સાથે, લક્ષ અમારિ લઢે નહિરે. શું કરિયે૰ ૫
વિષ્ણો અમારિ વાહાર કરો તો, તૃષ્ણાદિક તગડે નહિરે;
કૃષ્ણરામ કહે કૃષ્ણ કૃપાથી, લંઘસ કોય નડે નહિરે. શું કરિયે૰ ૬

પદ ૨૩ મું.

કૃષ્ણ કથા મૃતપાન કર્યેથી, વિષય તણાં વિષ જાશેરે. કૃષ્ણ૰ ૧
કર્ણે શુણેથી થશે કૃતારથ, ધ્યાન કરી જોધ્યાશેરે. કૃષ્ણ૰ ૨
હું મારાની હોળી શમશે, હૃદયે શીતલ થાશેરે. કૃષ્ણ૰ ૩
ડાકણ તૃષ્ણા ડોલી નીકળશે, જે જેમ તેમ ઓલખાશેરે. કૃષ્ણ૰ ૪
મોહ ગયે માધવનું સમજી, ચિત્તમાં ચિંત્તન ચાહાશેરે. કૃષ્ણ૰ ૫
ગોવિંદજીના ગુણ પ્રિય જાણી, ગમ્ય થયેથી ગવાશેરે. કૃષ્ણ૰ ૬
કૃષ્ણરામ કહે કૃષ્ણ લહે તે, કૃષ્ણ તણા કેહેવાશેરે. કૃષ્ણ૰ ૭

પદ ૨૪ મું.

કેશવજીનું કીર્તન કરતાં, સંચીત સઘળાં શમશેરે. કેશવજીનું૰ ૧
આગંતુક અવળાં નહિ ઉપજે, હૃદયે રમાપતિ રમશેરે;
ખલતા સઘળી ખસશે તેની, ગોવિંદ ગાવા ગમશેરે. કેશવજીનું૰ ૨
નિજ કીર્તનથી નાથ રીઝીને, વંક વિકલના ખમશેરે;
દેવાદિક સહુ દાવો તજીને, ચાહીને ચરણે નમશેરે. કેશવજીનું૰ ૩
સમદષ્ટી થાશે પછી તેહેને, યમકીંકર કયમ દમશેરે;
કૃષ્ણરામ કહે કૃષ્ણદાસના વિધિ નિષેધ વિસમશેરે. કેશવજી૰ ૪

પદ ૨૫ મું.

શ્રી ધરજીનું સમરણ કરતાં, વિષય સ્મર્ણ વિસરશેરે.
શ્રી ધરજીનું૰ ૧

ચીત્ત ચર્મમાં ચોટયું હશે તે, નીર્ભય થઇ નીસરશેરે;
વહાલ વૈરની દૃષ્ટિ મિટિને, સર્વ વિવેક સુધરશેરે.
શ્રી ધરજીનું૦ ૨
આ અનીત્ય સઘળું આ લોકે, ફોકટથી ચિત્ત ફરશેરે;
ઇશ તણે આધીન લહિને, અહંમમતાને તરશેરે.
શ્રી ધરજીનું૦ ૩
વિકલ્પ સઘળા જશે વિસરી, હરિ ચર્ણે ચીત્ત ઠરશેરે;
કૃષ્ણરામ કહે કૃષ્ણ સ્મર્ણથી, વૃત્તિયો હરિને વરશેરે.
શ્રી ધરજીનું૦ ૪

પદ ૨૬ મું.

કૃષ્ણ વિના કલ્યાણ નથી કંઇ, જીવ જો જુવે વિચારીરે.
ધ્રુ. કૃષ્ણ૦ ૧
અતલાદિક અહિના લોકોમાં, ભય વિષ ભરીયાં ભારીરે;
ભૂર્ભુવઃસ્વર્લોકે ભય છે, ધ્યાનવડે જો ધારીરે. કૃષ્ણ૦ ૨
મહર્જનાદીક ઉર્ધ્વ લોકમાં, નિર્ભય નહિ નર નારિરે;
દસોદીશામાં કાલ કરે ભય, જીવ યાવત્ અહંકારીરે કૃષ્ણ૦ ૩
કૃષ્ણ વિમુખ કહી સુખ નવ પામે, જેમ જલ બિન જલચારીરે;
કૃષ્ણરામ કહે કૃષ્ણ શર્ણથી, સકલ થશે સુખકારીરે. કૃષ્ણ૦ ૪

પદ ૨૭ મું.

કહુ શાસ્ત્રની શીક્ષા એ સારીરે, પ્રીતીમંતોને લાગે જેમ પ્યારીરે;
ધોખો મીટશે જો માનશો ધારીરે. માનવ સાંભળીયે૦ ૧
મોંઘી માનવ તનું આ આવીરે, ગતિ બીન રખે નાંખો ગમાવિરે;
ચીદાનંદની ચાકરી ચહાવીરે. માનવ સાંભળીયે૦ ૨
કોનું ઉચીષ્ટ અન્ન ન જમીયેરે, સ્વાર્થ માટે ન દીનને દમીયેરે;
રતી પરનારી શૂં ન રમીયેરે. માનવ સાંભળીયે૦ ૩
માઠું મનમાં ન ધારિયે કોનુરે, ધન ઈછીયે નહી કર્યા દ્રોહનુંરે;
પડશું જડે તે પચવિયે ન સોનુંરે. માનવ સાંભળીયે૦ ૪

વિના સૂતકે સુતકી ન થાવુંરે, જમવા બાર દિવસમાં ન જાવુંરે;
કન્યા વિક્રયીનું અન્ન તજવુંરે. માનવ સાંભળીયે૦ ૫
રજોવંતીનું નિરખ્યું ન ખાવુંરે, પંથે સ્ત્રી સંગે નીશિયે ન જાવુંરે;
રતી રમેલા તીર્થે ન નહાવુંરે. માનવ સાંભળીયે૦ ૬
સૂર્ય સાહામું ન મલમૂત્ર કરવુંરે, ઝાઝે ગરીષ્ટે પેટને ન ભરવુંરે;
વિના દીક્ષાએ નગ્ન ન ફરવુંરે. માનવ સાંભળીયે૦ ૭
વિના પ્રસાદી ન વિપ્રનું લીજેરે, વિપ્ર વિધવાનું કર્જ ન કીજેરે;
પૂછ્યા પાખે ન પાંણીય પીજેરે. માનવ સાંભળીયે૦ ૮
જલ અનલ સાવર્ણીને મીઠુંરે, હાથોહાથ ન લીજીયે દીઠુંરે;
કાચું ખાઇયે ન કઠોલનું પીઠુંરે. માનવ સાંભળીયે૦ ૯
ધશ્યા જઈએ ન સૂને ધાંમેરે, વરો કરીયે ન પારકે દામેરે;
કહી માનવાની કૃષ્ણરામેરે. માનવ સાંભળીયે૦ ૧૦

પદ ૨૮ મું.

પગે કરીને પગને ન ધોઇયેરે, કોનું મીથુન ન ઢુકીને જોઇએરે;
કોની આબરૂ જનમાં ન ખોઇએરે. માનવ સાંભળીએ૦ ૧
જમ્યા કેડે ન મુંડન ચાહાવુંરે, સદે નહી તેવું અન્ન ન ખાવુંરે;
પાણી ઢુકીને પીવું ન પાવુંરે. માનવ સાંભળીયે૦ ૨
સત્તા હોય તો ન જમવું વાશીરે, સંગ કરવા ન રાખવી દાસીરે;
કથા તજીને ન દોડવું કાશીરે. માનવ સાંભળીયે૦ ૩
પીતા માતાનું પીડી ન લેવુંરે, દુષ્ટ જનનું ન કરવું દેવુંરે;
દારાદિકને અધીન ન રહેવુંરે. માનવ સાંભળીયે૦ ૪
મોટાં સાથે મુમત ન કરવોરે, કોનો કૈતુકે કાંન ન ભરવોરે;
કોનો દામ અધર્મે ન હરવોરે. માનવ સાંભળીયે૦ ૫
કોની જામની કરિયે ન જાંણીરે, ચાલેતાવત થઇયે ન દાણીરે;
વેચાર્યા વિના વદીયે ન વાંણીરે. માનવ સાંભળીયે૦ ૬
.ની સ્ત્રીને એકાંતે ન હશિયેરે, ગુનેગારને જોવા ન ધશીયેરે;
.ગાં શઠને સમીપ ન વશીયેરે. માનવ સાંભળીયે૦ ૭
.રીયો મધ્યે નવ નીકલીયેરે, નાણું નારીને નીરખી ન ચલીયેરે;
..ઠા આચરણીને નવ મલીયેરે. માનવ સાંભળીયે૦ ૮

કપરાં કર્મ ન કરિયે કાંમેરે, લોકલવથી ન મરીયે માંમેરે;
કહિ માનવાની કૃષ્ણરાંમેરે. માનવ સાંભળીયે૦ ૯

પદ ૨૯ મું.

રજો આવેલી નારી ન વરીયેરે, સ્વલ્પ દોષે ન પતિ પરહરીયેરે;
ચઢતે પૂરે ન નદીયો ઉતરીયેરે. માનવ સાંભળીયે૦ ૧
કાંમી થઇયે ન કદી કુલટાનારે, મીત્ર થઇએ નહિ નકટાનારે;
મંત્ર શીખીયે ન કાંન ફૂટાનારે. માનવ સાંભળીયે૦ ૨
ઔષધ પાખે ન કુવ્યસન કીજેરે, વિના વ્યસનીને વ્યસન ન દીજેરે;
પ્રાણ જાય પણ મદીરા ન પીજેરે. માનવ સાંભળીયે૦ ૩
મીત્ર માંનીયે નહિ કદી નૃપનેરે, મેલા દેવના જપીએ ન જપનેરે;
કુપ કુદીએ ન મારી તલ્પનેરે. માનવ સાંભળીયે૦ ૪
વસ્ત્ર સંભાર્યા વિના નવ ઠરિયેરે, વાટે રાત્રે ન છાંની ઉચ્ચરીયેરે;
સમય પાખે વ્યાપાર ન કરીયેરે. માનવ સાંભળીયે૦ ૫
ધરણી ડાટીયે નહિ નીજ ધનનેરે, દાન વેળા દુઃખાવિયે ન મનનેરે;
કદી લઢીયે ન પાડોશી જનનેરે. માનવ સાંભળીયે૦ ૬
સગા વાહાલાનું કરિયે ન દેવુંરે, આપ્યું પોતે તો પીડી ન લેવુંરે;
કર્યું સત્કર્મ કોને ન કહેવુંરે. માનવ સાંભળીયે૦ ૭
દુઃખ સહીયે પણ વહીયે ન વામેરે, સદા ચિત્ત ચોટાડીયે ન ચાંમેરે;
કહિ માનવાની કૃષ્ણરામેરે. માનવ સાંભળીયે૦ ૮

પદ ૩૦ મું.

વિપ્ર ગૌને ન હણીએ લાતોરે, કોની કલ્પી ન કરીયે વાતોરે;
સામો રોકીયે નહિ છીંક ખાતોરે. માનવ સાંભળીયે૦ ૧
મલ મૂત્રને તીર્થે ન ધોવાંરે, સૂતીકાનાં અવયવ ન જોવાંરે;
છીદ્ર કહીને સગાં ન વગોવાંરે. માનવ સાંભળીયે૦ ૨
રજોવંતીને લેવી ન નાવેરે, રતી રમવું ન આવે તાવેરે;
દ્યુત ખેલવું નહિ કદી ભાવેરે. માનવ સાંભળીયે૦ ૩
કોની વાત ન દોયને કરવીરે, કુડી સાક્ષી ન કોયની ભરવીરે;
વેહતાં માર્ગે વસ્તુને ન ચરવીરે. માનવ સાંભળીયે૦ ૪

બે મર્યાદિ જનોથી ન વઢીયેરે, નારી સમીપ ન નાહીએ નહીએરે;
કાચી રસાયણ ખાઇએ ન કદીએરે. માનવ સાંભળીયે૦ ૫
પાણી પીતાં કે જમતાં ન હશીયેરે, બેના એકાંત દેશે ન ધશીયેરે;
ફંદીજનના ન ફંદમાં ફશીએરે. માનવ સાંભળીયે૦ ૬
દીજે કીમીયા કાજે ન ધનનેરે, નીંદીએ નહિ ભગવજ્જનનેરે;
વાંહાંણે જોઇએ ન વિકટ વદનનેરે. માનવ સાંભળીયે૦ ૭
અથડાઇયે ન આઠે યામેરે. ઓવટી પાખે ન લીજીયે નામેરે;
કહિ માનવાની કૃષ્ણ રામેરે. માનવ સાંભળીયે૦ ૮

પદ ૩૧ સું.

ઈશ ઇચ્છાયે આવે, સુખદુઃખ ઇશ ઇચ્છાએ આવે;
નિમિત્ત માત્ર ઉદ્યમ તે સઘળા, ન્યૂનાધીક ન બનાવે. સુખદુઃખ ૧
સગરને ગર્ભ વિષે ત્યાં દીધું, અપર માતાએ ઝેર;
ઉદ્યમ વિન તે ઉદરે પચિયું, માધવની એ મેહેર. સુખદુઃખ૦ ૨
સાઠ હજાર તે સગરતણા સુત, હય શોધવા નીકલીયા;
એકે કાલે તે ઇશ ઇચ્છાયે, વગર વન્હિયે બળીયા. સુખદુઃખ૦ ૩
લાખાગ્રહથી પાંડવ નીકળ્યા, અગ્નિની નાવિ આંચ;
પંથીજન તે માંહી પરજળીયા, માતા સહીત સુત પાંચ. સુખદુઃખ૦ ૪
બ્રહ્મ અસ્ત્રથી પરિક્ષિત ન બળ્યો, કલી જેના વશમાં વસિયો;
સહજમાં વિપ્ર પૂત્રને શ્રાપે, દેહ જેનો તક્ષકે દશિયો. સુખદુઃખ૦ ૫
જન્મેજયે જ્યારે તક્ષક હણવા, સર્પ સત્ર ત્યાં કીધો;
ઈશ ઇચ્છાયે બિજા બળી ગયા, એને ઉગારી લીધો. સુખદુઃખ૦ ૬
બલિષ્ટ માંનીયે ઇશ ઇચ્છાને, યત્ન તણું શું જોર;
કૃષ્ણરામ કહે કૃષ્ણના કરમાં, દેહી માત્રના દોર. સુખ દુઃખ૦ ૭

પદ ૩૨ સું.

પોતાને ક્રોધે બળશે પ્રાણી, પોતાને ક્રોધે બળશે;
વિષમ દૃષ્ટિએ વૈર કરે તે. જેનું તેને ફળશે. ધ્રુ. પ્રાણી૦ ૧
ધ્રુવ ઉપર સુરૂચિયે કીધી, દાવેથી દૃષ્ટિ કરાલ;
તે ધ્રુવ રાજ્યને ધ્રુવપદ પામ્યો, સુરૂચિમરી સહબાલ, પ્રાણી૦ ૨

દુર્યોધને દ્રોપદીને દુભ્યાં, પાંડવને પણ પીડયા;
અર્હાઇ એકાદશ અક્ષોહિણી, સો ભાઈ સાથે હીંડયા. પ્રાણી૦ ૩
દૃષ્ટ બુદ્ધિએ ચંદ્રહાસને, મારા મુકયા સ્થલ સુખી;
ચંદ્રહાસ મળ્યો રાજને કન્યા, સ સુત મર્યો દૃષ્ટ બુદ્ધિ. પ્રાણી૦ ૪
વાલિયે સુગ્રીવને સંતાપ્યો, દારા હરી તેની દાઝે;
માર્યો ગયો વાલી મહા બળિયો, સુગ્રીવ બેઠો રાજે. પ્રાણી૦ ૫
માગધે વિસ હજાર આઠસેં, રૂંધ્યાગિરિ વજે રાજા;
જોરાવર જરાસંઘ મરાયો, મહીપો તણી રહી માઝા. પ્રાણી૦ ૬
એવું જાણીને ઇર્ષા ન કીજે, સમ દૃષ્ટે અવલોકી;
કૃષ્ણુરામ કહે કૃષ્ણુ સદા છે, ચિંતકને શિરે ચોકી. પ્રાણી૦ ૭

પદ ૩૩ મું.

સંકટને સુખ લેહે છે, વિરલા સંકટને સુખ લેહે છે;
ઇશ્વરનો ઉપગાર માનીને, વિષ્ણુથી સન્મુખ વેહે છે. વિરલા૦ ૧
કુંતીયે કુંતી કુંવરે ભોગ્યાં, કષ્ટ માગ્યાં વળી કષ્ટ;
કષ્ટમાં કૃષ્ણુ સંભાર્યા તેમને, હેવે કરી દયા દષ્ટ. વિરલા૦ ૨
સુદામાયે માહા સંકટ ભોગ્યાં, દરિદ્ર દુઃખ અપાર;
સર્વ કાલ શ્રીનાથ સંભાર્યા, શ્રીધરે કીધી સાર. વિરલા૦ ૩
અંગ રાયને અંગજ ઉપન્યો, વેન મહા વિપરીત;
વેતૃષ્ણુ થઇ વિષ્ણુ ભજ્યા વન જઇ, પરમેશ્વરે કરી પ્રીત. વિરલા૦ ૪
વેસહજાર આઠસેં રાજા, માગધે બંધને જકડયા;
ત્રીભુવનનાથ ભજ્યા ત્યારે તેમના, પુરૂષોત્તમે કર પકડયા. વિરલા૦ ૫
નરકાસુરે કીધી નીરૂંધન, સોલસહસ્ર શત બાલા;
કષ્ટમાં કૃષ્ણુ સંભાર્યા તેમના, હરિ શું મલ્યા હાથે વાલા. વિરલા૦ ૬
જેમણે ન અન્યનો અવગુણ આણ્યો, ગુણ ગ્રહી લીધો જ્ઞાને;
કૃષ્ણુરામ કહે કૃષ્ણુ વિમુખ તે, અન્યનો અવગુણ માને. વિરલા૦ ૭

પદ ૩૪ મું.

કાંન ભરૂસો માને, હરિનો કાંન ભરૂંસો માને;
, કરતા માની સાહંકારે, શઠ ભટકે છે શાને. હરિનો૦ ૧

જઠરા નલથી જેણે ઉગાર્યો, સાજ સુધાર્યો સારો;
બેશ કરી જેણે બહાર નિકાળ્યો, અખીલ ઉઘાડયાં બારાં. હરિનો૦ ૨
માતુપયોધરે પય જેણે પ્રગટયૂં, વૈરીમાં ઉઘડયું વહાલ;
દેહ પૂષ્ટ કરિને દૃઢ કીધો, જે તું હતો એ હાલ. હરિનો૦ ૩
મન આદીની વૃત્તિયો ઉદયી, વાંણી ઉઘાડી સ્પષ્ટ;
અન્નાંબર આકલ્પ મેળવ્યાં, કાપ્યાં જેણે સર્વ કષ્ટ. હરિનો૦ ૪
વ્યાપારોની વૃત્તિ જગાડી, પેખાડી સર્વ પરિક્ષા;
વેદશાસ્ત્રને પુરાંણ પ્રગટયાં, ઉપજાવા અન્વીક્ષા. હરિનો૦ ૫
સમયે સમયે સાચવી લીધો, અંગ અનુપમ આપી;
કૃતઘ્ન થઈ તું તે કેશવને, કાં આદરે ન અદ્યાપિ. હરિનો૦ ૬
જો એમાંનું તેં શું કિધું; આ શું ધરે અભિમાન;
કૃષ્ણરામ કહે કૃષ્ણ સંભાર્યે, આપે અભય પદ દાન. હરિનો૦ ૭

પદ ૩૫ મું.

શઠ કાં અજીયે સુવે છે, જોને આંખ ઉઘાડી. ધ્રુ. જોને૦ ૧
લેણદાર લેણું લેઇ છુટયાં, તેને તું શાને રૂવે છે. જોને૦
અનુપમ દેહના આયુષ્યમાંથી, કાળ લે છે નિત્ય કહાડી. જોને૦ ૨
આ સૃષ્ટિ ઇશ્વરને આધિન, જડ કાં તારિ જુવે છે. જોને૦
મારૂં માનવું જો ન તજે તો, દુઃખી થઇશ તું દાહાડી. જોને૦ ૩
કૃષ્ણ ભજન કામધેનું તજીશું, વિષય શુનીને દુહે છે. જોને૦
કૃષ્ણનું ખાઇને તું કાં જનોની, જકડ કરે છે જાડી. જોને૦ ૪
ક્ષેમકારી મારગને તજી કાં, ખોટામાં કાલ ખુવે છે. જોને૦
હિસાબ લેશે યમરાય ત્યારે, ઉદર નાંખશે ફાડી. જોને૦ ૫
વૈષ્ણવ કેહેવાઇ વિમુખ રહીને, વેષને કાં વગુવે છે. જોને૦
સુધા સમુદ્ર એ કૃષ્ણ ભજન જો, કામના કીચની ખાડી. જોને૦ ૬
હરિ હીરાને હાથ તજીને, ધૂળ્ય તું શાને ધૂવે છે. જોને૦
કૃષ્ણરામ કહે કયારે સમજીશ, ધોળી થઇ જોને ડાઢી. જોને૦ ૭

પદ ૩૬ મું.

ગોવિંદના ગુણ ગાને, તેણે મંગળ થાશે. ધ્રુ. તેણે૦ ૧

પુરૂષોત્તમ જે તારા પ્રીયંકર, તેને તું શર્ણે થાને. તેણે૰
ચિદાનંદનું ચિંતન કરતાં, જાડયતા સઘળી જાશે. તેણે૰ ૨
હીતકારી હરજીને જાણુવા, સંતસંગમાં જાને; તેણે૰
સ્વાર્થીને જો સગાં લહીશ તો, વાહાલાં થઇ તુને વાહાશે. તેણે૰ ૩
રમાનાથ જે ધર્મે રીઝે, તે ધર્મોને ચાહાને; તેણે૰
અનન્ય ભાવે હરિને ભજતાં, પાપ પ્રચંડ પળાશે. તેણે૰ ૪
અભાગીયાનો તજીને આશ્રય, પદર પ્રભુનો સાહાને; તેણે૰
દેવાદિક તારે ચરણે નમશે, ગુણ સહુ તારા ગાશે. તેણે૰ ૫
પાસા સઘળા સવળા પડશે, દુર્લભ જીતીશ દાને. તેણે૰
વિઘ્ન નીવારવા તારાં વિઠલ, ચક્ર ધરીને ધાશે. તેણે૰ ૬
દાસનાં દરિદ્ર દૂર કરવા, રામ મોકલશે રમાને; તેણે૰
કૃષ્ણરામ કહે કૃષ્ણને ભજતાં, જન્મ મર્ણ જીતાશે. તેણે૰ ૭

પદ ૩૭ મું.

ભક્તિને વશ ભગવાન, ગુણના નહિ કામી. ધ્રુ. ગુણના૰ ૧
વય નોહોતું પણ ધ્રુવને રીઝયા, આપ્યું અચલ સંસ્થાન. ગુણના૰
શબરીને જાતી નોંતી પણ, પ્રેમે અભયપદ પામી ગુણના૰ ૨
શ્રીદામાને શ્રીનોંતી પણ દીધું આલીંગન દાન; ગુણના૰
ઉગ્રસેનને નોતું પરાક્રમ, પણ થયા યાદવ સ્વામી. ગુણના૰ ૩
રૂપ નોતું કુબજાને પણ તે, સખીનું પામી સમાંન; ગુણના૰
ચાતુરી નોતી ગોપીજનોને, પણ યદુપતિ શું જામી. ગુણના૰ ૪
સદાચર્ણ નોતું વાલ્મીકને, પણ થયા તેજો નીધાન; ગુણના૰
વારણેંદ્રને વિદ્યા નોતી, પણ તેણે આપદા વામિ. ગુણના૰ ૫
સ્થલ નોંતુ પણ સમીપ વશીયા, હરજીને હનુમાન; ગુણના૰
રાજ નોતું પણ વીદુર તણે ઘેર, ગયા શ્રીગરૂડા ગામી. ગુણના૰ ૬
એમ ભક્તિ વશ્ય જોઇ ભુધરને, અન્યનું તજ અભિમાન. ગુણના૰
કૃષ્ણરામ કહે કૃષ્ણને ભજતાં, કાંઇ રહે નહિ ખામી; ગુણના૰ ૭

પદ ૩૮ મું.

કૃષ્ણ સદા છે કૃપાલ, ભજશર્ણ થઇને. ધ્રુ. ભજશર્ણે૰ ૧

અન્ય સગાં અલગાં થૈ રહેશે, એ કરશે સંભાળ. ભજશર્ણું૦
યમ કીંકર દે ફાંસી તે સમે, ઉગારે એ કરગ્રહીને. ભજશર્ણું૦ ૨

દાસને દોહ્યલે દેવ એ દોડે, કર લેઇને કરવાલ; ભજશર્ણું૦
સ્મર્ણ માત્રમાં સેવકનાં એ, દૂષ્કૃત નાંખે દહીને. ભજશર્ણું૦ ૩

મારો કહી માધવજી મિટાવે, જન કેરી જંજાલ. ભજ શર્ણું૦
વિશ્વાસે ભજતાં એ વિઠલ, વેગે આવશે વહીને. ભજ શર્ણું૦ ૪

અવશ્ય એ અનુચરની કરશે, પ્રેમી લહી પ્રતિપાલ. ભજ શર્ણું૦
જેને તેવી દેશે પ્રતીતી, ભક્ત મનોરથ લહીને. ભજ શર્ણું૦ ૫

શાંત રૂપ ભાસે સેવકને, વિકટોને વિકરાલ. ભજ શર્ણું૦
જીવતણું દૈવત જાંણીને, માંન્ય તું માહારા કહીને. ભજ શર્ણું૦ ૬

દેવાદિક સહુ એને વશ છે, કહ્યામાં રેછે કાળ. ભજ શર્ણું૦
કૃષ્ણુરામ કહે કૃષ્ણુને ભજજે, સુખ દુઃખ સઘળાં સહીને. ભજ શર્ણું૦ ૭

પદ ૩૯ મું.

પૂર્વ પૂણ્યે કોય સમજે અંતે, જેને કરૂણા કરિ હોય સંતે; પૂર્વં૦ ૧

પૂરૂરવા ઉર વશીનો કામી, વપુ કેરી જેણે લજ્જા વામી;
સંત સંગે તેણે સાયુજ્ય પાંમી. પૂર્વં૦ ૨

યયાતિને એની કાંમના વ્યાપિ, જરા અકાલે સુતને આપી;
કૃષ્ણુને મળીયો સંત મેળાપિ. પૂર્વં૦ ૩

ચિત્રકેતુ સુતનો અધ્યાસી, અર્ભક માટે થતોતો ઉદાસી;
સંત સંગે થયો વૈકુંઠવાસી. પૂર્વં૦ ૪

પ્રાચીન બર્હી કીચમાં કળીયો, ગમ્ય વિના ગુણ માંહે ગળીયો;
સંતસંગે તેતો મોક્ષને મળીયો. પૂર્વં૦ ૫

કદર્ય વિપ્રધનાર્થિ આપે, ધન જોડંતો રળીને પાપે;
સંત કેહેવાયો સંત પ્રતાપે. પૂર્વં૦ ૬

સંત સમાગમે જે જન સજશે, નિષ્ઠુર તે પણ સંત નિપજશે;
કૃષ્ણુરામ જો કૃષ્ણુને ભજશે. પૂર્વં૦ ૭

પદ ૪૦ મું.

સદ્‌ગુરૂ શીક્ષા માનવા લાયક, નિશ્ચય કર્યેથી નીર્ભયદાયક. સદ્‌ગુરૂ૦ ૧
રહુગણે માની ભરતની શીક્ષા, અનાયાસે ઉપજી અન્વીક્ષા;
દેવ રીઝે તેવી પામ્યો દીક્ષા. સદ્‌ગુરૂ૦ ૨
દત્તની શીક્ષા યદુયે માની, ગુણ કર્મોની મીટી ગઇ ગ્લાની;
દ્વંદ્વ મિટયું ગમ્યે થયા જ્ઞાની. સદ્‌ગુરૂ૦ ૩
કપીલ દેવની શીક્ષા સારી, દેવહુતીયે દીલમાં ધારી;
નીર્ભય પામી વપુ થયુ વારી. સદ્‌ગુરૂ૦ ૪
પાંડવે માની ભીષ્મ પીતાની, જવાલા શમી ચિત્ત ચિંતા ચિતાની;
ગમ્ય ઉઘડી ઘટમાં ગીતાની. સદ્‌ગુરૂ૦ ૫
ધૃતરાષ્ટ્રે તે માંની વિદુરની, અંતે મીટી ગઇ બુદ્ધિ અસુરની;
અક્ષીયો ઉઘડી આપે ઉરની. સદ્‌ગુરૂ૦ ૬
માટે જે સદ્‌ગુરૂને શીરનામે, શીક્ષા લહેથી વેદના વામે;
કૃષ્ણુરામ તે કૃષ્ણુને પામે. સદ્‌ગુરૂ૦ ૭

પદ ૪૧ મું.

વિપ્રતણી ન અવજ્ઞા ચાહાવી, જે ચાહાશે તેનું ભલુ ન ભાવી. વિપ્ર૦ ૧
જયને વિજય હતા વૈકુંઠવાસી વિપ્ર રોકયા તેમણુ કરીને હાંસી;
અસુર થયા તેતો જોજો તપાસી. વિપ્ર૦ ૨
વિપ્રતણું જોવા પુરૂષાતન, સાંબાદિકે છળ્યા વિપ્ર સનાતન;
યાદવકુલ તેણે થયું નિપાતન. વિપ્ર૦ ૩
નલકુબર મણીગ્રીવ બે યક્ષ, રહ્યા નિરંકુશ વિપ્ર સમક્ષ;
તેથી થયા તે બે અર્જુન વૃક્ષ. વિપ્ર૦ ૪
પ્રસાદ માળા ન રાખી ઠીક, ઇંદ્ર વહ્યો આજ્ઞાથી અલીક;
તેણે થયા સહુ સુરનીઃશ્રીક. વિપ્ર૦ ૫
શીઘ્ર સ્વર્ગની રલવા રિદ્ધિ, નહુષે અવજ્ઞા વિપ્રની કીધી;
તેથી તેણે અજગર તનુ લીધી. વિપ્ર૦ ૬
વિપ્ર તે માધવજીનું મુખ છે, માટે અવજ્ઞા કરતાં દુઃખ છે;
ષ્ણુરામ કહે સેવ્યે સુખ છે. વિપ્ર૦ ૭

પદ ૪૨ મું.

પરને પીડે આપ પીડાશે, સંતને પીડે સમુળા જાશે; પરનેપીડે૦ ધ્રુ. ૧
ભરત વિપ્રને નિષાદોએ પકડયા, કાલી સમીપે મારવા જકડયા;
કાલીયે કીધા તે કોળીના કકડા. પરને પીડે૦ ૨
સહસ્રાર્જુને જમ દગ્નિની ધેનું, હઠે હરીછે પ્રગટ બલ જેનું;
સેના સહીત શીર ઉતર્યું તેનું. પરને પીડે૦ ૩
તેના અચુત સુતે કીધુ બેહક, ભાર્ગવનું શીર કાપીયુ જોઇ તક;
તે સઘળાનાં કપાયાં મસ્તક. પરને પીડે૦ ૪
કંસે દેવકીના સુતષષ્ઠ, ભુમી પછાડયા કર્યું જો કષ્ટ;
આઠ અનુજ સહ તે થયો નષ્ટ. પરને પીડે૦ ૫
કાલ યવન તણી મોટી ખ્યાત, મુચકંદને જારે મારી લાત;
આપે બળીને તે થયો પાત. પરને પીડે૦ ૬
તે માટે પીડા ન કરીયે કોઇને, ઘોખો સ્વપરનો નાંખીયે ધોઇને;
કૃષ્ણરામ કૃષ્ણ સઘળે જોઇને. પરને પીડે૦ ૭

પદ ૪૩ મું.

જેણે સેવ્યા શ્રીધરને તે જન સાચા, તેની વરણે કીર્તિને વેદ વાચા;
બાકી બીજાને યમના પડે તમાચાહે. જેણે સેવ્યા૦ ધ્રુ. ૧
અંતર જુઠા જે બાહ્યર ધારે વેશ, લક્ષ્મીવરનો તે લક્ષ લહે નહી લેશ;
તેને કયાંથી રાજી થશે હૃષિ કેશ. જેણે સેવ્યા૦ ૨
જેને ભાસે સચરાચરમાં શ્રીનાથ, રાગ રોષ તે કરશે કોની સાથ;
તે પણ તરશે જેના એ ધરશે હાથ. જેણે સેવ્યા૦ ૩
જે શીવ બ્રહ્મા વિષ્ણુમાં ગણશે ભેદ, સત્પુરૂષોના વચનનો કરશે છેદ:
તેમને માનો સંકર જાતી કહે વેદ. જેણે સેવ્યા૦ ૪
ભેદ દૃષ્ટિ જેની સઘળેથી ભાગી, તત્વાદિકની તૃષ્ણાઓ જેમણે ત્યાગી;
વેદે વર્ણ્યા જાણો તેમને વૈરાગીહે. જેણે સેવ્યા૦ ૫
હું માહારાની હઠય ચોટી જેને હૈયે, મત કલ્પીને જાણે જે મોટા થૈએ;
તેમની છાયા નિચે કદિ ન રહિયે. જેણે સેવ્યા૦ ૬

જે તૃષ્ણાથી કદીએ નવ જાયે તાણ્યા,અખીલાવાસી ઇશ્વરનેઉરમાંઆણ્યા.
કૃષ્ણરામે તે કૃષ્ણ તણા જન જાણ્યા હે. જેણે સેવ્યા૦ ૭

પદ ૪૪ સું.

સદ્દગુરૂ સેવા તે હરિની સેવા જાણો,
પાવનકારી સદ્દગુરૂને કૃષ્ણ પ્રમાણો;
હરિ સદ્દગુરૂમાં રખે અંતર ઉરમાં આણો. સદગુરૂ૦ ૧
સદગુરૂ વેશે અપરોક્ષ હરિ એ બોલે,
સંશય રૂપી અંતરના પડદા ખોલે;
તેને દેખે તનુદર્શી નીજ તોલે. સદગુરૂ૦ ૨
વચનામૃતથી જે વિષય વિષોને વારે,
તૃષ્ણારૂપી જે તરંગીણીથી તારે;
ધુર્ત હશે તે ધુર્ત સરીખા ધારે. સદગુરૂ૦ ૩
નરને રૂપે જે ફરતા તા પામર,
ધર્મ જણાવી જેણે તે કીધા નર;
લક્ષ્યે જણાવ્યા જેણે શ્રી લક્ષ્મીવરરે. સદગુરૂ૦ ૪
યમને હાથે ચઢતાતા તે પાછા વાળ્યા,
ચોરાશિની વાટયે જાતા તા તેખાળ્યા;
શર્ણે આવ્યા તેમને જેણે સંભાળ્યા. સદગુરૂ૦ ૫
એ સદગુરૂને માનવ માને તે મૂઢ,
ગુરૂને રૂપે એ શ્રી ગરૂડારૂઢ;
અંધ ન ઓળખે એને જેમ રવીને ધૂઢ. સદગુરૂ૦ ૬
એવા ગુરૂની સેવાથી સંશય વામે,
ભુલ્યા તા તે પોતાનું સ્વરૂપ પામે;
હશે હરિના તે માન્યા કૃષ્ણરામે. સદગુરૂ૦ ૭

પદ ૪૫ સું.

હરિને ભજશે તે જનનાં ભાવી ભવ્ય;
શાસ્ત્રે પુરાણે તે કહ્યા તેહુને સ્તવ્ય,
તેમની શ્રદ્ધા શ્રીધરમાં ચાલે સવ્ય. હરિને ભજશે૦ ૧

જન્માંતરના તે સત્ય હશે સત્સંગી,
માનો તેમને મલિયા છે સંત અલિંગી;
તે જન થાશે શ્રી રમાનાથના રંગી. હરિને ભજશે૦ ૨
ભણતાં ગણતાં કે રમાડતાં સંતાન,
સૂતાં બેઠાં ચાલતાં કરતાં સ્નાન;
તેમના મનથી છુટે નહિ હરિનું ધ્યાન. હરિને ભજશે૦ ૩
તેમને માથે હું માહારાનો નહિ ભર,
સંસારીમાં તે બિન સંસારી નર;
જળમાં જન્મ્યું જેમ અલગ રહે પુષ્કર. હરિને ભજશે૦ ૪
ગીથી ગાશે તે ગીરધારીને ગાને,
કૃષ્ણ કથાને તે શુણશે ચાહીને કાને;
સત્પાત્રોને તે તરપી શકશે દાને. હરિને ભજશે૦ ૫
લોષ્ટ ઉપલને ને ધનને તે સમજાશે,
સત્કર્મોથી તે મનના મલને ધોશે;
નિષ્કામેથી તે મુલ વાસના ખોશે. હરિને ભજશે૦ ૬
સઘળે વિષ્ણુ જોઇને તે શીરનામે,
કાંઇ ઉરમાં આશીશો નવ કામે;
તેમને હરિના જન જાંણ્યા કૃષ્ણરામે. હરિને ભજશે૦ ૭

પદ ૪૬ મું.

જન્મ ધાર્યાનું સાર્થક, જેણે સંભાળી આ તક,
દેહ દુર્લભ દૃષ્ટે દાખી, કાને કથા રસાયણ ચાખી. જન્મ૦ ૧
સંત સંગતી સત્વર સાધી, આંતરીનો મીટીઓ આધિ;
વિધિ સેવ્યો તજીયો ષેધ, એણે માનો કર્યો હયમેધ. જન્મ૦ ૨
બ્રહ્મવિત્સેવી બ્રાહ્મણ, કરિ વૃત્તિઓ વિલક્ષણ;
હું ને મારૂં સમજ્યો સવ્ય, આપ્યાં સત્પાત્રોને દ્રવ્ય. જન્મ૦ ૩
શ્રીમદ્ ભાગવતનું સત્ર, કિધું વૃત્તિ કરી એકત્ર;
જેથી કામાદિક ખસે બીહીતા, શુણી એહેવી શ્રીભગવદ્ગીતા. જન્મ૦ ૪
અહંકરતા પદ તે શમીશું, શીર સદગુરૂ ચરણે નમીશું;

મમતા મલીનોની ભાગી, જગદીશની ભક્તિ જાગી. જન્મ૦ ૫
ગમ્યા ગોવિંદના ગુણ ગાવા, દેવાદીકના છુટયા દાવા;
માન્યા માહારા માધવજીને, ચર્ણ શર્ણ રહ્યા વળગીને. જન્મ૦ ૬
કરી પાવન માની કુખ, સેવ્યા હરિને થઇ સન્મુખ;
વસુધાની પીડા વારી, કૃષ્ણરામ કુલોને તારી. જન્મ૦ ૭

પદ ૪૭ સું.

એવ વિરલા જાણો નર, જેણે સેવ્યા સારંગધર;
ઉરમાં પ્રગટી અન્વીક્ષા, ધરી અંગે વૈષ્ણવી દીક્ષા. એવા૦ ૧
દાન કરતાં રહે ઉદાર, માને સ્વપ્ન સમો સંસાર;
જાણે પરનારીને જનની, ધરે નહી તૃષ્ણા પરધનની. એવા૦ ૨
સદા આંતરી રહે સતસંગી, બાહ્યર જે રહે બંહુરંગી;
જેના મનનો બોધ અગાધ, અહંમમતા ન કરે બાધ. એવા૦ ૩
માને માનવ તનુંને પ્રસાદી, વીકલ્પો ના હોય ન વાદી;
લહે ઇશથી જીવ અભેદ, તોયે દાસ થતાં નહિ ખેદ. એવા૦ ૪
દેખે દેવને દેહદેહે, સેવે સર્વને હરિને સ્નેહે;
શોક મોહ વડે નવ સુકે, માધવનું સ્મર્ણ ન મુકે. એવા૦ ૫
કોના ઉપર ન કરે ક્રોધ, વદિ વાકય શમાવે વિરોધ;
પ્રભુનાથ શું બાંધી પ્રીતી, કશી આદરે નહિ જે અનીતી. એવા૦ ૬
લક્ષ જેની લુટાય ન લોભે, સાચા અનુભવથી જે શોભે;
ભક્તિ રસથી રહે જે ભીના, કૃષ્ણરામ તે કેશવજીના. એવા૦ ૭

પદ ૪૮ સું.

જીવે માંનવ એવા મોધ, અજી આદરે અઘના ઓઘ;
ભુંજે મર્ણ સમુ દત્ત માની, માને દાનને મોટી હાની. જીવે૦ ૧
સોને સુત સુંદરી શણગારે, પરણે સુત માટે વારેવારે
ખર્ચે ખાડમાં પડતાં ધંન, કૃષ્ણાર્પણમાં ન ચાલે મંન. જીવે૦ ૨
વરે વાવરે કરજે કહાડી, યાચે વીપ્ર તો ઉઠે ત્રાડી;
પુત્રાદીકને પીંડને પોસે, ધર્મને શપથોથી ક્રોસે. જીવે૦ ૩
ભલી વસ્તુ ન વીપ્રને આલે, કહે લૌકીક બિન કયમ ચાલે;

ભરે વ્યભિચારેથી દંડ, નાપે વિપ્રને પુંગી ખંડ. જીવે૦ ૪
કથા કૃષ્ણની રાખે ન હેયે, જાણે કયારે ઉઠીને જૈયે;
બોલે નીજની મોટાઇયો ઢુંઘે, કથા શુણતાં આડા પડી ઉંઘે. જીવે૦ ૫
વિષય વાતનું રાખે સ્મર્ણ, કૃષ્ણ કીર્તિ ન ઉતરે કર્ણ;
કીર્તન કદિ બોલે નહી સ્પસ્ટ, કહીયે સાચુ તો ઉપજે કષ્ટ. જીવે૦ ૬
નાવે ગુરૂમાં હરિનો ભાવ, તેના વચનને માને તાવ;
વદે વજ્ર સરીખાં વચંન, કૃષ્ણરામ એ યમનાં જંન. જીવે૦ ૭

પદ ૪૯ મું.

ધારી માનવ તનુ કાં તેણે, જે ન લાજે માધવને મહેણે;
વેદ શાસ્ત્ર પુરાંણ પોકારે, તેમાં કોય વચન નવ ધારે. ધારી૦ ૧
રમે મીથુન પરસ્પર રાતે, પડયાં ઉઠે નહિ પ્રભાતે;
જમે અશુચી અયજ્ઞોછીષ્ટ, માને આપણાં જેથી અનીષ્ટ. ધારી૦ ૨
ભજે ભયતનું ધનને માટે, આઠે પ્રહર ફરે ઉચ્ચાટે;
ગતે ભગિનિના દુહિતાના, વાકયે વાકયે વિખાણે માના. ધારી૦ ૩
પરની પીડાને જોઈ રાજે, ક્ષેમ કેનારાને ખાંજે;
ગુણને જોઇને અવગુણ માને, કથા કદિયે શુણે નહિ કાને. ધારી૦ ૪
દાન વેળા ખસી જાય દૂર, લૌકીકમાં જડાયે જરૂર;
દારા દામના થૈ રહે દાસ, પ્રીતે બેસે પાખંડી પાસ. ધારી૦ ૫
નાવે હરિકીર્તનનો પ્રેમ, વિધવિધના વિચારે વેમ;
વેદ વાકયનો નહિ વિશ્વાસ, કલ્પે કઇકઈ કુત્સિત કયાસ. ધારી૦ ૬
સાધિ જાણે નહિ નિજ શ્રેય, પ્રભુજીને ન માને પ્રેય;
નર રૂપે પશુ થઇ ફરશે, કૃષ્ણરામ તે કયારે તરશે. ધારી૦ ૭

પદ ૫૦ મું.

સદ્દગુરૂ શર્ણેરે, સઘળાં કારજ સરશે;
ભવનાં ભારેરે, વિઘ્ન વિવિધ વીસરશે. ધ્રુ. સદ્દગુરૂ૦ ૧
મન માહારાનારે, સંશય સઘળા શમીયા;
હરખે ગાવારે ગુણ ગોવિંદના ગમાંયા. સદ્દગુરૂ૦ ૨
આંખે અંજનરે, જ્ઞાન શલાકા ઘાલી;

જન્મ ઘણાનીરે, બડબડ બહું વિઘ બાળી. સદ્દગુરૂ૦ ૩
ઈશ જીવનેરે, અણુસારે ઓળખાવ્યા;
જડ ચૈતનનેરે, ન્યારા કરી નીરખાવ્યા. સદ્દગુરૂ૦ ૪
હુંને માહારૂંરે, જુઠું કરી જણાવ્યું;
ગુણ સઘળાનુંરે, ગમતુ રૂપ ગણાવ્યું. સદ્દગુરૂ૦ ૫
આવણ અલગુંરે, કીધુ મારા મનથી;
સગપણ સાચુરે, જણાવ્યુ જગજીવનથી. સદ્દગુરૂ૦ ૬
હરિહર બ્રહ્મારે, સદ્દગુરૂથી નથી બીજા;
તે જન તરશેરે, જે ગુરૂવચને રીઝયા. સદ્દગુરૂ૦ ૭
અંધજનોનેરે, અંધ ગુરૂ જો મલશે;
પૂર્વે બલતારે, વળિ વળિ અધિકા બળશે. સદ્દગુરૂ૦ ૮
શિશ્નોદરનારે, ભાવે જે જન ભોગી;
એવા ગુરૂથીરે, રગડાશો થૈ રોગી. સદ્દગુરૂ૦ ૯
અવસર આહાવોરે, મનુજ દેહ કયાં મલશો;
ફરીને સાચીરે, વાટયે કયમ કરી વળશો. સદ્દગુરૂ૦ ૧૦
ઠગનાં ટોળાંરે, જ્યાં જોશો ત્યાં જડશે,
મન ક્રમ વચનેરે, નિશ્ચય તમને નડશે. સદ્દગુરૂ૦ ૧૧
કાયર થૈનેરે, બેઠા જો બહુ બકશો;
સદ્દગુરૂ કેરોરે, સંગ કરી કયમ સકશો. સદ્દગુરૂ૦ ૧૨
કંમર બાંધીરે, આવો સદ્દગુરૂ સંગે;
એ ઓળખાવેરે, રાઘવજીને રંગે. સદ્દગુરૂ૦ ૧૩
કર્મ સકલનુંરે, પરૂ કરે એ પાનું;
કૃષ્ણરામનુંરે, મન ગુરૂ ચર્ણે માન્યું. સદ્દગુરૂ૦ ૧૪

પદ ૫૧ મું.

કૃષ્ણ તમારીરે, કરૂણા થાય તો તરીયે;
નહિતર ભણીનેરે, અભીમાની થૈ ફરીયે. ધ્રુ. કૃષ્ણ૦ ૧
વિશ્વસકલમાંરે, ન શુણ્યો કોય સર્વજ્ઞ;
માધવજી બીનરે, અન્ય સકલજન અજ્ઞ. કૃષ્ણ૦ ૨

તો પણ જે જનરે, અમો અનુપમ માને;
શાસ્ત્ર નિપુણ છુંરે એમ કલ્પે અજ્ઞાને. કૃષ્ણ૦ ૩
સહુજન સરખારે, ત્રણ્ય તાપ નવ વામે;
સહુથી અધિકારે, ચાર ચતુર્થે પામે. કૃષ્ણ૦ ૪
ઘોષ ઘણાનુંરે, કંઠેથી નિત્ય કરવું;
બ્રહ્મ કર્મનેરે, મુકી ઘર ઘર ફરવું. કૃષ્ણ૦ ૫
માનજનોથીરે, મલવું ચાહે એ ભ્રાંતી;
કદી અવજ્ઞારે, થાય પણ ન બને શાંત્તિ. કૃષ્ણ૦ ૬
શાસ્ત્ર સકલનુંરે, શ્રુતિયોનું સજ્જનનું;
રહસ્ય એ છેરે, શુદ્ધ થવું જે મનનું. કૃષ્ણ૦ ૭
દીગ્ગજ જીત્યારે, તો પણ નહિ સુખકારી;
બલવતી તૃષ્ણારે, એવી જેમણે મારી. કૃષ્ણ૦ ૮
અભય હરિનેરે, લહી દ્રઢ થૈ ઉપાસ્યે:
તે જન ધન્યારે, વીમલ રહે વિશ્વાસે. કૃષ્ણ ૯
શબ્દ કુશલ થૈરે, અનુદીન જે અથડાયા;
હરી ન જાણ્યારે, તે જન શાંના ડાહ્યા. કૃષ્ણ૦ ૧૦
હેમા માયારે, તુછે પ્રબલા ધાડી;
ચિત્ર ચરિત્રારે, રૂપ જવનીકા જાડી. કૃષ્ણ૦ ૧૧
બેઠી સહુનેરે, અંતર્નિલયે સાચે;
બલાત્કારેરે, પંડીતને શીર નાચે. કૃષ્ણ૦ ૧૨
એ અનુમાનેરે, જાંણીતુ નીકટની;
કૃષ્ણરામેરે, અનંત હરિની નટની. કૃષ્ણ૦ ૧૩

પદ પર મું.

યાવત્પંડીતરે, ભગવદ્ભક્તિ ન સાધે;
તે સરખાનેરે, બલવતી તાવત્બાધે. ૧
એવાથી પણરે, જો તું નવ જીતાય;
તો અજ્ઞોથીરે, તું કયમ જીતી શકાય. ૨
એટલા વાસ્તેરે, દુઃખ લહી આવર્ણે;

હું મમ મૂકીરે, જે ગયા નૃહરિ શર્ણે. ૩
તેમના ઉપરરે, પ્રસન્ન થાય તું માતા;
ત્યારે તું પણુરે, સાચવે કરીને શાતા. ૪
જેની વાંણીરે, વિવિધ વિકાર ભરેલી;
અંતર ઈર્ષારે, મતી મમતાએ મેલી. ૫
એવા જનથીરે, તે હરિજન ન કળાય;
તુચ્છ સરીખુંરે, જેમને જક્ત જણાય. ૬
ક્ષોભ વિનાનાંરે, જલ નિધિશાં મન જેનાં;
તો પણ ભાઈઓરે, હાસ ન કરીયે તેનાં. ૭
મન હરિજનનારે, કોથી વિકલ ન થાય;
યોગ્ય પુરૂષનેરે, હસતાં હરિ દુખાય. ૮
તો પણ પંડીતરે, હાસ્ય કરો શું જાંણી;
નહી હસવાનારે, યોગ્ય પરમ એ પ્રાંણી. ૯
તમે તમારેરે, વચનથકે કૈ તાર્યા.
શઠમતાઓનેરે, આળ થકે ઉગાર્યા. ૧૦
તોહ્યે તમથીરે, અશીવ હાસ્ય નવ અલગું;
કીધુ અજીયેરે વિઘ્ન રહ્યું કયમ વળગ્યું. ૧૧
શાસ્ત્ર સકળથીરે, કે ગુરૂથી ભણી મનને;
નીશ્ચય કરીયુંરે, હસવું શું હરિજનને; ૧૨
ધન્ય ધન્ય છેરે, ભણ્યા તમો જ્ઞાનીને
મહિમા મોહોનોરે, અકળીત મન માનીને. ૧૩
વિદ્યા બાહ્યરરે, આભ્યંતર અંધારૂં;
કૃષ્ણરામ કહેરે, ઓલખો આપ તમારૂં. ૧૪

પદ ૫૩ મું.

આથી પૂર્વેરે, મમ બુદ્ધિએ મોટો;
અહો તો ભ્રમનરે, આજ પડયો તે ખોટો. ૧
હરિજન હસતાંરે, પંડિત વચન પ્રમાણ્યા;
વાત જવાધારે, શાસ્ત્ર ભણ્યા તે જાંણ્યા. ૨

વીદ્વજ્જનનેરે, શું કહું વારે વારે;
હરિછે સઘળેરે, તે જોઈ ડરવું માહારે. ૩
હૃદયે માહારેરે, અંઘ્રી યુગલ તમારૂં;
નીત્યે વસજોરે, ધ્યાન વડે હું ધારૂં. ૪
જાડય કલુષતારે, માફ માહારી કરીયે;
મુખ્ય કહ્યાછેરે, તમને શ્રી નરહરિયે. ૫
ભરતખંડમાંરે, જે નર તનુને રળીયા;
કોટીક જન્મેરે, ન મળે તે દીન મળીઆ. ૬
ઉત્તમ વર્ણેરે, થૈ શુભ વિદ્યા સાધી;
તોહે પરસ્પરરે, વિવાદ બકવા વાધી. ૭
મર્ણ તણો ભયરે, જાણી ન ધરે ચિત્તે;
વીરસ ભોગનેરે, મળવું માને નિમિત્તે. ૮
શિષ્ય કરીનેરે, પરબોધવું ન ચુકે;
આપ ગ્રંથીનેરે, તો પણ મનથી ન મૂકે. ૯
કુમતે મહેરે, મીથ્યા માનવ દેહને;
શી કહુ શીક્ષારે, નિત્ય નમું હું તેને. ૧૦
હું નવ નાહ્યોરે, વ્યાકરણ વારિ નિધીયે;
શબ્દ મકરથીરે, છુટી શકુ કુણ વિધિયે. ૧૧
વીમલ નયનમાંરે, ધૂમ્ર માર્ગ લક્ષાવે;
તે મીમાંસારે, મન માહારે ન સુહાવે. ૧૨
ન્યાય શાસ્ત્રનારે, વિશેષ તર્ક વિખાણ્યા;
દુઃખીત મનનેરે, સુખકારી નવ જાણ્યા. ૧૩
ઇશ વિનાનુંરે, સાંખ્ય શાસ્ત્ર સમઝાવ્યું;
ભેદ જણવતુંરે, ભ્રમકારી નવ ભાવ્યું; ૧૪
વિકલ્પ જાળેરે, પડતાં વિકલ્પ વિંટે;
કૃષ્ણરાંમનેરે, માટે ન ગમે મીટયે. ૧૫

પદ ૫૪ મું.

પાંડીત્ય કરવુંરે, મન માહારાને ન ગમે;
ચાંમ્યા નૃપનીરે, ફરવા મનડુ ન ભમે. ૧

ધનનો સંચયરે, વાહનનું વામળવું;
મન નવ ઈચ્છેરે, રટણ કરીને રળવું. ૨
ચીદાનંદથીરે, ભવભય હરથી બીજું;
કૃષ્ણ વિનાથીરે, શું સાચું જોઇ રીઝું. ૩
એહ વીચારીરે, બ્રહ્મન્ નિશદીન નીર્ણે;
મમ મન ઈચ્છેરે, રેહેવું શ્રી હરિ શર્ણે; ૪
મા હે દયા સિંધોરે, હે વ્યાપક હે નિર્ભય;
હે સર્વોત્તમરે, હે વિશ્વંભર અભિનવ. ૫
હે હરે મુકુંદરે, હે સર્વાતરયામિન્;
કમલ નયનહેરે, અગમ્ય સર્વ સ્વામિન્. ૬
હે લક્ષ્મીવરરે, હે સ્વાશ્રયજન પાલક;
આદ્ય હે ભગવન્રે, નીષ્ઠુર મતી નિર્દાલક. ૭
ગુણ ગોવિંદનારે, સહાયના કરનારા;
નિત્યે રટતાંરે, સફલ થજો દીન મારા. ૮
નીજ માયાયેરે, જક્ત જેણે રચિ થાપ્યું;
સત્તા સ્ફુર્ત્તીયેરે, વિશ્વ સકળને વ્યાપ્યું. ૯
જેની માયારે, હરિ વિમુખોને ભમાડે;
જે ભક્તોનેરે, રસીક રૂપથી રમાડે. ૧૦
દુષ્ટ જનોયેરે, જે જાંણ્યા નવ જાય;
તે નરહરિનેરે, નિત્ય નમું હું પાય. ૧૧
સમર્થ જે છેરે, વિમળ મને લક્ષાય;
જેની આજ્ઞારે, અલંઘ્ય નવ લંઘાય. ૧૨
કર્મ ક્રીયાપદરે, કર્ત્તા પદ કે વિભક્તિ;
રૂપ ધાતુનાંરે, વચન લીંગની વ્યક્તિ. ૧૩
વરણ માત્રીકારે, જન હું કાંઈ ન પ્રીછું,
તો પણ હરિનુંરે, હેત થવું મન ઇચ્છું. ૧૪
નિર્વિકાર છોરે, વંક ક્ષમા બહુ કરજો;
કૃષ્ણરામનુરે, મન હરિ ચર્ણે ઠરજો. ૧૫
ઇતીશ્રી ત્રયોદશ શ્લોકાનાં દીપીકા કીર્તન ચતુષ્ટયાત્મીકા.

પદ ૫૫ મું.

વ્યર્થ જીવવું કેશવની કરૂણા વિનારે,
એણે જીવ્યે શાર્થક તે શું થાયજો;
ઓળખ્યા પાખે આનંદઘન અખીલેશનેરે,
દીવ્ય દેહ આ જંજાળે વહિ જાયજો. વ્યર્થ૦ ૧
ધનના ઢગલા મલીયા તો પણ શું થયુંરે,
જેણે વાધે નીત્ય અધીક સંતાપજો;
કૃપણોથી તે અર્પાયે નહિ કૃષ્ણનેરે,
તેથી અંતે થવું ભૂત કે સાપજો વ્યર્થ૦ ૨
પુત્ર પૌત્ર દૌહીત્ર મળેથી શું થયુંરે,
જેથી કંઇના કરવા સાધ્યા દ્રોહજો;
અનુદીન તેને ઉચ્ચાટે રેહેવું પડેરે,
મર્યે જીવતે બને શોકને મોહજો. વ્યર્થ૦ ૩
એક ચક્રવર્તી જો પામે રાજનેરે,
જેણે કઇના બને કલ્પવા કેરજો;
તેથી અંતે મહા નર્કે પડવું પડેરે,
વપુને સેહેવા પડે વજ્રના વેરજો. વ્યર્થ૦ ૪
જાંણી પ્રતીષ્ટા સૂકરવીષ્ટાના સમીરે,
ગૌરવ તેતો મહા રૌરવ સમાનજો;
કૃષ્ણચંદ્રની કરૂણા વિનતે કોયથીરે,
આભ્યંતરનું નીકલે નહિ અજ્ઞાનજો. વ્યર્થ૦ ૫
મર્ણ તણો મહા ભય તેથી નાસે નહિરે,
કેડય ન મૂકે ક્રોધ લોભ કે કામજો;
સચરાચરના વાસી સમજાયા વિનારે,
વિષય વૃત્તિઓ પામે કયમ વિરામજો. વ્યર્થ૦ ૬
આ અવતાર અનુપમ આપ્યો જાયછેરે,
બોધ વીના તે શાનું ચાલે બળજો;
કરૂણા કીંચિત્ કરશો જારે કૃષ્ણજીરે,
કૃષ્ણરામને તારે પડશે કળજો. વ્યર્થ૦ ૭

પદ ૫૬ મું.

અંતરયામી અરજી માહારી સાંભળોરે,
બીજા પાસે કયમ કહુ મનની વાતજો;
મદ મત્સરને મોહ ભરેલા માનવીરે,
મન માને કયમ સહસા તે સંઘાતજો. અંતરયામી૦ ૧
હું મારૂં તારૂં ને આતે પારકુંરે,
એજ મીથ્યા મન માનેછે સત્યજો;
મેં કીધુ માહારે કરવું આ મજ વડેરે,
તે આગળ શી કેહેવી દીલની ગત્યજો. અંતરયામી૦ ૨
આપ તણી માયાના અકળિત પાશથીરે,
બંધાણુંછે આપે આખુ જક્તજો;
લોભ રૂપ વ્યાપારે સહુકો વ્યાપીયુરે,
સહુમાં વ્યાપી તૃષ્ણા રૂપી શક્તજો. અંતરયામી૦ ૩
યતી તપસ્વી સંન્યાસી સહુ એહમાંરે,
નથી માયાથી વીરહીત બીજું કાંઇજો;
પરમારથ સ્વારથ તે સધાય શા થકેરે,
શોધી જોઇને સમજે નહિ તે માંહીજો. અંતરયામી૦ ૪
તે આગળ જઇને શી કરવી યાચનારે,
જેને અંગે કામ ક્રોધને લોભજો;
આપે આપણુ ફુલની તૃષ્ણા જે કરેરે,
તે પાસે માગંતાં પામુ ક્ષોભજો. અંતરયામી૦ ૫
ભુખ્યા પાસે ભુખ્યો જઇને શું જમેરે,
વસ્તુ વિયોગી શું દેખાડે વસ્તજો;
ઇચ્છા વરજીત પૂરણ કો લાભે નહીરે,
મનવડે ખોળી જોયું જગત સમસ્તજો. અંતરયામી૦ ૬
સદ્ગુરૂ વચને સત્ય વાત જાણ્ય પડીરે,
સમર્થ છો તમે વિશ્વતણા આધારજો;
ઘટ ઘટને મધ્યે વ્યાપ્યાછો વિધવિધેરે,
નિર્ગુણ સગુણ તમે છો એક અપારજો. અંતરયામી૦ ૭

ઉત્પત્તિ પાલન સંહારણ વિશ્વનારે,
અધર્મોદ્ધારણ એક આપનું નામજો. અંતરયામી૦ ૮
એહ બીરૂદ જાણીને યાચુ આપનેરે,
જેમ જાણો તેમ કરવી જનની સહાયજો;
વિશ્વંભરબાનું બહુ સાચવવું ઘટેરે,
જો વિસરે તો લોક હસારત થાયજો. અંતરયામી૦ ૯
સમર્થનો સેવક કહેવાયો લોકમાંરે,
તે કયમ માગે ઘરઘર ભીક્ષા અન્નજો;
સમર્થને શોંધ્યા તે એ કયમ આથડે,
માટે વાત વીચારી સમજો મંનજો. અંતરયામી૦ ૧૦
બીરૂદતણું બાનુંરે આપે આપનુંરે,
સંભાળીને કરવું જેમનું તેમજો;
કૃષ્ણરામ કીંકર કર જોડી કરગરેરે,
કીજે એવું જે લાજ ન જાયે જેમજો. અંતરયામી૦ ૧૧

પદ ૫૭ સું.

શ્રેયસ્કારી કૃષ્ણ મુરારી, પ્રભુજી પૂર્ણ કામરે,
શરણાંગત વિશ્રામ, શુણો વિનતી;
વિયોગ દુઃખથી વૃત્તિ માહારી, વિશ્રાંતિ નવ પામેરે,
અનુદીન આઠે યામે, આકુલ રહે અતી. ૧
ક્ષુધાવંતને જેમ ન ભાવે, બહુ વિધ બીજા ભોગરે,
અન્ન તણો ઉદ્યોગ, ઇચ્છે એકલો;
એમ વીયોગીને મન ના આવે, ધન સુતદારા ધામરે,
કૃષ્ણ મળ્યાનો કામ, ભાસે જે ભલો. ૨
અનેક ભવથી હું અથડાતો, આ અવળે અધ્યાસે,
વિષયતણે વિશ્વાસે, વાહ્યો જાઉછું;
પ્રેષ્ટ વિયોગેથી પીડાતો, કરતો ત્રાહી ત્રાહીરે,
માધવને મનમાંહી મલવું ચાહુંછું. ૩
કર્માકર્મ વિકર્મ કેરી, કલના હું નવ જાણુંરે,

હૃદય અતી કુધાણું, વાસના વડે;
ઘટ સઘળાને નાંખ્યું ઘેરી, અવિદ્યા આવર્ણેરે,
કાંઇ ન સુઝે નીર્ણે, કળ કયમ પડે. ૪
દીનદયાળ તમને, પુછું તે કહો પ્રક્ષરે,
કરૂણા કરીને કૃષ્ણ, કયારે બોલશો;
કૃષ્ણરામના મનના ભ્રમને, દૂર કરી દુર્ઘટનેરે,
આપે અંતરપટને, કયારે ખોલશો. ૫

પદ ૫૮ સું.

ગરૂડ ધ્વજ ગોવિંદ સ્વામિ, મેહેર કરીને મળીયેરે;
સેવકની સાંભળીયે વેગે વિનતી, અખીલજનના અંતર્યામી,
માધવજી મહારાજરે, કીંકરજનની લાજ રાખો રમાપતિ. ૧
સમય બન્યો સંકટકારી, મર્યાદા મર્દાણીરે;
કર્ણે કર્ણે કાંણી પેઠો લવેશની, નીફટ થયાં સહુ નરનેનારી,
ચેટકનાનાં ચણતાંરે, ભલી ભણાવી ભણતાં વિદ્યા દ્વેષની. ૨
વાધો પાડી વેર કરતાં, શૂ નાનાં શૂં મોટાંરે;
ચીત સર્વનાં ચોટયાં, દારા દામમાં,
અવળા માર્ગને આચરતાં, સુકૃત સહેજે હારેરે;
ધર્મ પંથ નવ ધારે, એકે યામમાં. ૩
ઉત્તમ માનવ દેહ આવ્યે, યત્ન કશું નવ જાણેરે;
ઓળખે નહી આ ટાંણે, કરૂણા કૃષ્ણની,
ફંદી સંગે ફંદ ફેલાવે, કાલ ન જાણે જાતોરે;
વિધવિધ પુછે વાતો, પીડા પ્રશ્નની. ૪
સંત સમાગમ સંકટ સરખો, ભાવ વીનાથી ભાસેરે;
પાખંડીને પાસે બેસે ચોરે ચઢી, પાપીજનનો પ્રેમ પરખો,
હરી કીર્તનમાં ઉંઘેરે, પડે છીંકણી સૂંઘે તોહ્યે આંખડી. ૫
બલાત્કારે બેસારીયે તો, વચ્ચે વાતો કહાડેરે;
ભંગ ભજનમાં પાડે પણ નવ સાંભળે, પૂણ્ય પંથમાં પેસારીયે તો,
નીજનું ડહાપણ ચલવેરે, હઠયથી હાલા હલવે અવળું આંબળે. ૬

શાસ્ત્ર તણી જે શીક્ષા તેને, મનમાં સત્ય ન માનેરે;
ડંમર પોલે પાંને હાંકે આપની, દેખે દુર્લભ દારા દેહને,
સૌવર્ણે શણુગારેરે, વહાલી વાત વિચારે મનમાં પાપની. ૭
તે આગળ કહો કૃષ્ણકથા તે, શે રંગે વંચાયરે;
મન માહારૂ ખમચાય, સુઝે ન લાભે કશી,
વિશ્વંભરજી એહ વ્યથા તે, કીંકર સેહેશે કયમરે;
સેવકને જોઇ શ્રમ, ધણી ઓવા ધશી. ૮
સજ્જન જનનો સંગ આપે, હૃદયે જેને રંગરે;
આ અલબેલું અંગ તે સાર્થક કરો, કલીમલ કીંકરજનનાં કાપો,
વાહાલા વાહાલ કરીનેરે, બાલને બાંહ્ય ધરીને રાખો નાથ નરો. ૯
આશ્રય આવ્યાને ઉગારો, દૂર કદીને દેવુંરે;
શું શું પડશે કહેવું સુંદર શ્યામને, તારક મારા તાપ નિવારો,
દીવ્ય કૃપા દેખાડોરે, કલબલમાંથી કહાડો કૃષ્ણરામને. ૧૦

પદ ૫૯ મું.

તમે જીવ સકલના જાણ, તમને શું કહિએ;
કેશવ કરવા કલ્યાણ, કર મુજને ગ્રહીએ. કૃ. તમને૦ ૧
તારક નામ ધર્યુંછે તેનું, નાથ બતાવો નૂરરે;
ખીચીલ્યો ખીચેછે મુજને, ભવ પાથોધી પૂર. તમને૦ ૨
તરંગ તૃષ્ણા ના તાણેછે, તેથી ન ધરે પાગરે;
મજ આતુરને ઉતરવાનો, ન જડે એકે લાગ. તમને૦ ૩
તીર રૂપિણી નિવૃત્તિને, હું કયમ પામું આપેરે;
મંદ પ્રજ્ઞ કયમ મનોર્થ જળને, કૃષ્ણ કૃપાબિન કાપે તમને૦ ૪
તનું ધનગ્રહ સુત જાયા રૂપિ, બંધન વડે બંધાણોરે;
હાથ પગ શું સકું હલાવી, તેણે જાઉં છું તણાણો. તમને૦ ૫
તક આવી છે તરવા કેરી, હાથ ધરો જો હરજીરે;
કાહાડવો નોંતો કૃપણને જોતો, શીદ મનુજ તનું સરજી. તમને૦ ૬
તટસ્થ થઇને તમે તનુજને, દુઃખી જુવો કયમ દાહાડીરે;
તારક નામ નિભાવા મુજને, કૃપા કળે લ્યો કાહાડી. તમને૦ ૭

તવ નામે પાષાણુ તર્યા તો, કિંકર ન તરે કયમરે;
કૃષ્ણરામને કૃપા કર્યેથી, ઉકલશે ઉદ્યમ. તમને૦ ૮

પદ ૬૦ સું.

થતું નથી કોયથી પ્રાય, થાય તમારાથી;
સમઝાયે સંશય જાય, મનડા મારાથી. થાય૦ ૧
થાનેલાથી દૂધ ઝરે જ્યાં, રૂધીર માંસનો વાસરે;
ક્ષારપણાથી મીષ્ટપણું તે. કોણે કર્યું પ્રકાશ. થાય૦ ૨
થાલ ભરીને માંસ જમે તે, પેટે પાચન થાયરે;
ગર્ભ બળે નહી તે અનળે તે, કોણ થકી સચવાય. થાય૦ ૩
થોડું શું રેતોનું જળ તે, પ્રવાહમાં કયમ જામેરે;
સાજે સકળ તે માંહે શરીરી, કોનાં આપ્યાં પામે. થાય૦ ૪
થડ મૂળે જળ સીંચ્યું તે કયમ, પત્રાદિકમાં પોંચેરે;
સુકાય કો એક શાખા તેના, જળને કોણ સંકોચે. થાય૦ ૫
થૂ થૂ કહીને જે વિષ્ટાને, દૂર કરે જન દાહાડીરે;
તે ખાતરથી બીજ થકે તે, સુગંધી કોણે કાહાડી. થાય૦ ૬
થાણે થાણે એક જાતીનું, સલીલ સિંચાયે બહુનેરે;
તે પાણીથી પ્રગટ કરે કુંણ, સદૃશ રસ તે સહુને. થાય૦ ૭
થયો શર્ણ સત્તા જાણી તેને, કૃષ્ણજી તજશો કયમરે;
કૃષ્ણરામ કૃપા કર્યેથી, ઉકલશે ઉદ્યમ. થાય૦ ૮

પદ ૬૧ સું.

ધીક પડો સકલ ચતુરાઇ, ધણી જો નવ રીઝયા;
તૃષ્ણાથી જતાં તણાઇ, અર્થ કીયા સીઝયા. ધીક પડો૦ ધ્રુ. ૧
ધોરી થઇને ભાર વહ્યા બહુ, ઘરની ખીંચી ઘાણીરે;
બાપ ભાઇ કેનારાં અંતે, ટાંક ન પાયે પાણી. ધણી જો૦ ૨
ધંધા કરીને અધર્મ દ્વારા, દામ મેળવ્યા ઝાઝારે;
જે આવ્યા તે તેમ વવરાયા, અંતે ન રહી આઝા. ધણી જો૦ ૩
ધુરંધર વિદ્વાન થયા જે, દેશ જાણીતા ડાહ્યારે;
ગમ્ય ન ઉઘડી ગોવિંદની તો, ગયા વિષયથી વાહ્યા. ધણી જો૦ ૪

ધરા સકળ જીતીને ફેરવી, દશો દીશામાં દ્વાઇરે;
કૃષ્ણુ વિમુખ તે કલ જાણ્યા બિન,મહીપ ગયા મરદાઇ. ધીક પડે૦ ૫
ધન મળવાને ધનવાળાની. ચાહી ચાકરી કીધીરે;
ધર્મ લહ્યા બિન તે તે બેની, રોળાઇ અંતે રીદ્ધી. ધીક પડે૦ ૬
ધશા અહર્નિશ ધરા મંડળે, કનક કામીની કાજેરે;
અજ્ઞજનોને આવી અચાનક, ધરી લીધા યમરાજે. ધીક પડે૦ ૭
ધીર ધરીને ધ્યાન હરિનું, કહો કરી સકું હું કયમરે;
કૃષ્ણુરામને કૃપા કર્યેથી; ઉકલશે ઉદ્યમ. ધીક પડે૦ ૮

પદ ૬૨ મું.

હરિ તુને પ્રસન્ન તે કયમ થાયે, તારા અંતર કપટ કલાયે. હરિ૦ ૧
વૈષ્ણુવ વેશ ધરી વપુએ, કનક તણો હોય કામી;
નારી નીરય ગર્તને ઇચ્છે, હૃદયે રહે હરામી. હરિ૦ ૨
કૃષ્ણુ કથામાં રૂચિ કરે નહિ, કર્યું સુધા સમજાણી;
લોક તણી લવ લવથી લવતો, વિષય વિનોદ વિખાણી. હરિ૦ ૩
શીશ્નોદરની સેવા સાધે, અષ્ટ પ્રહર અથડાતો;
કલીમલ હારિણી કૃષ્ણુ કીર્તિને, ઘડી ઠરી નવ ગાતો. હરિ૦ ૪
સત્પાત્રોને સન્મુખ ન રહે, સદ્ વસ્તુ નવ અર્પે;
ધર્મ બહિર્મુખ રલિ તે ધનથી, તું તારાં ને તર્પે. હરિ૦ ૫
પ્રભુ પ્રીત્યર્થે પઇસો ન ખર્ચે, સુસુત માને મોટો;
હરિ વિમુખોથી હેત કરિ તું, ખેલ ખેલે તે ખોટો. હરિ૦ ૬
તું તાહારે કલ્પે મત ચાલે, વેદ વચન ન વિચારે;
કરૂણા સિંધુ કૃષ્ણુચંદ્રને, કુટિલ ભજીશ તું કયારે. હરિ૦ ૭
સર્વ તણું સિદ્ધાંત એટલું, કૃષ્ણુ આશરે તરવું;
કૃષ્ણુરામ કહે કૃષ્ણુ વિમુખને, જીવ્યાથી ભલુ મરવું. હરિ૦ ૮

પદ ૬૩ મું.

કરૂણા નિધાન કરૂણા કરો, મન માન્યા માધવ;
અરજી અર્ભકની ઊરે ધરો, મન માન્યા માધવ.
ગોવિંદ કાંઇ ગમતું નથી, મન માન્યા માધવ;
કેશવજી શું કહું કથી. મન માન્યા માધવ૦ ૧

સ્વપ્નસમાંન સંસારરે, મન માન્યા માધવ;
પ્રિછયો પણ નાવે તેનો પારરે, મન માન્યા માધવ;
મતવાળું મન તેહેનું કારણુરે, મન માન્યા માધવ.
વશ નથી થાતું જેમ વારણુરે, મન માન્યા માધવ૦ ૨
કામ કર્દમ માંહે કળસું, મન માન્યા માધવ.
મિથ્યા મનોરથમાં મળયું, મન માન્યા માધવ૦
આવરિયું અવિદ્યાવડે, મન માન્યા માધવ;
પીડાના પંથમાં પાછું પડે, મન માન્યા માધવ૦ ૩
જ્ઞાનની લાભી ન ગમ્યરે, મન માન્યા માધવ
રાગાદિકોને ઘણે રમ્યરે, મન માન્યા માધવ;
દામ દારા રૂપિ દોરરે, મન માન્યા માધવ.
જકડાયું તે શું કરે જોરરે. મન માન્યા માધવ૦ ૪
એવા મનથી પડયું પાનુંરે, મન માન્યા માધવ;
છળ કરે છે રહિને છાંનુંરે, મન માન્યા માધવ૦
ઉગરવાનો નથી આરોરે, મન માન્યા માધવ.
કૃષ્ણરામને તો ઉગારોરે. મન માન્યા માધવ૦ ૫

પદ ૬૪ મું.

કરૂણા નજર કાંઈ કિજીયે, મન માન્યા માધવ;
ખબર્ય સેવક તણી લીજીયે, મન માન્યા માધવ.
આશરો એક તમારોરે, મન માન્યા માધવ;
તમ જાણીને મુજને તારોરે, મન માન્યા માધવ૦ ૧
અલબેલો અવસર જાય છે, મન માન્યા માધવ;
ચિત્ત માહારૂ તમને ચાહાય છે, મન માન્યા માધવ.
ભાવીને નજરે પાડજો, મન માન્યા માધવ;
ધારણા ઘટની ઉધાડજો, મન માન્યા માધવ૦ ૨
શેષ આયુષ્યને જણાવજો, મન માન્યા માધવ;
ભ્રાંતિ તજાય તે ભણાવજો, મન માન્યા માધવ.
વિષયથી કરજો વિરામરે, મન માન્યા માધવ;

મનને ઠરાવજો ઠાંમરે, મન માન્યા માધવ૦ ૩
આતુરતા અતિશે થઈ, મન માન્યા માધવ;
જંજાલે જીનગાંનિ ગઈ, મન માન્યા માધવ.
અજીયે કયાં લગી અથડાઉંરે, મન માન્યા માધવ;
કરૂણા કેશવ તણી ચાહુંરે, મન માન્યા માધવ૦ ૪
મધુ સૂદન માહારાજરે, મન માન્યા માધવ;
રાખો સેવક તણિ લાજરે, મન માન્યા માધવ.
જેવો તેવો પણ હું દાસરે, મન માન્યા માધવ;
સંભાળિ લ્યો શ્રી નિવાસરે, મન માન્યા માધવ૦ ૫
કેશવ જોશો ન કર્મરે, મન માન્યા માધવ;
પતિત પાવન તમે પર્મરે, મન માન્યા માધવ.
નાથ નિભાવો નિજ નામરે, મન માન્યા માધવ;
કરજોડી કહે કૃષ્ણરામરે. મન માન્યા માધવ૦ ૬

પદ ૯૫ મું.

કેશવજી સાંભળજો કાન, ભક્ત તણી અરજી ભગવાન;
માનવ તનુનું રાખો માન, આવ્યો આ સમે.
કિંકર કેરાં કષ્ટ કાપો અલબેલાજી ભક્તિ આપો;
સ્થિર કરીને મુજને સ્થાપો, ત્રીકમજી તમે. કેશવજી૦ ૧
વાહાલાજીનો છે વિશ્વાસ, સાહાય કરિયે શ્રી નિવાસ;
જેવો તેવો હું છું દાસ કૃષ્ણજી કેરો,
તૃષ્ણા કેરિ ત્રોડો તાંત્ય, ભૂધરજી ભુલાવો ભ્રાંત્ય,
અર્ભકને રાખી એકાંત, પ્રેમને પ્રેરો. કેશવજી૦ ૨
બલતા રાખ્યા પાંચે વીર, પંચાળીને પૂર્યાં ચીર;
અંબરિષનું રાખ્યું નીર, દુર્વાસા વેળા.
ગોપિસંગ રમ્યા ગોવિંદ, મેહેર કરી નિરખ્યો મુચકંદ,
કૃષ્ણરામ ઉપર આનંદ, આણીયે વેહેલા. કેશવજી૦ ૩

પદ ૯૬ મું.

વાહાલાજી દેખાડો વાહાલ, ખાસાના નિર્ખાવો ખ્યાલ;

નેહેથી મુને કરો નિહાલ, દાસ દાસ જાણી;
એક તમારો છે આધાર, સાંભળી તમને અધમોદ્ધાર;
વેહેલી કરજો મારી વાહાર, સારિંગ પાણી. વાહાલાજી૦ ૧
જન્મ જાય છે આહાવો વ્યર્થ, અજીયે એકે સર્યો ન અર્થ;
સાંભળી શ્રીપતિને સમર્થ, શર્ણે હું આવ્યો,
શરણાંગતના છો વિશ્રામ, પ્રેમીજનના પૂરણ કાંમ;
તેવાથી હું વેહેતો વાંમ, ભ્રમનો ભમાવ્યો. વાહાલાજી૦ ૨
હરિ વિસાર્યે ભોગી હાંણ્ય, કઇ વેળા ચોરાશી ખાંણ્ય;
વ્યાસ તણી સાંભળતાં વાણ્ય, મહા દુઃખ મેં પીછયું,
કૃષ્ણરામને કૃષ્ણ કૃપાલ, પ્રતિતી આપો પરમ રસાલ;
માહારો કહો મુજને ગોપાલ, એટલું ઇચ્છું. વાહાલાજી૦ ૩

પદ ૯૭ મું.

મન માહારારે, કાં અતી આકુલ થાયછે;
મન માહારારે વિષ્ણુને સર્વ વિદિત, મનોરથ પુરશે,
મન માહારારે, અલભ સુલભ થવું ચાહાયછે;
મન માહારારે, પ્રભુજી શું કર્ય પ્રીત. મનોરથ૦ ૧
મન માહારારે, દેવ સકલનો એ દેવ છે;
મન માહારારે, સર્વ વરદથી શ્રેષ્ટ,
મન માહારારે, તારવાની જેને ટેવ છે;
મન માહારારે પ્રાણી માત્રનો એ પ્રેષ્ટ. મનોરથ૦ ૨
મન માહારારે, બલવંત બિરૂદ જેનાં સદા;
મન માહારારે, શર્ણ વત્સલ જેનું નામ,
મન માહારારે, આશ્રિતની હણે આપદા;
મન માહારારે, કઇકના કીધા કામ. મનોરથ૦ ૩
મન માહારારે, વિશ્વસકલમાં જે વસે;
મન માહારારે, સર્વજ્ઞ સર્વાધાર.
મન માહારારે, કૃપણને એ કદી નવ કસે;
મન માહારારે, સેવકતણી કરે સાર. મનોરથ૦ ૪

મન માહારારે, તેંતો એને પૂર્વે વિસારીયો;
મન માહારારે, તારૂં તો છે એને સ્મર્ણ,
મન માહારારે, આજ જો તેં એને સંભારીયો;
મન માહારારે, તે શુણે સઘળું કર્ણ. મનોરથ૦ ૫
મન માહારારે, એ નથી કહિયે વેગળો;
મન માહારારે, પ્રભુજી છે તારી પાસ,
મન માહારારે, ભક્તવત્સલ એ તો છે ભલો;
મન માહારારે, દ્રઢ ધરી રહે વિશ્વાસ. મનોરથ૦ ૬
મન માહારારે, જઠરમાં જેણે જાળવ્યો;
મન માહારારે, બાહાર્ય કાઢયો કરિ શુદ્ધ,
મન માહારારે, પછી જેણે પ્રસુતાને ભાળવ્યો;
મન માહારારે, પ્રગટી પિવાડ્યું દૂધ. મનોરથ૦ ૭
મન માહારારે, માનવદેહ જેણે આપીયો;
મન માહારારે, દેવને દુર્લભ જેહ,
મન માહારારે, તુ અતી તાપથી તાપીખા;
મન માહારારે, એને વિદિત છે એહ. મનોરથ૦ ૮
મન માહારારે, એતો ભરૂંસો રાખજે;
મન માહારારે, વહીશ નહી હવે વામ,
મન માહારારે, દૈવત બીજુ ન દાખજે;
મન માહારારે, કરજે કહ્યું કૃષ્ણરાંમ. મનોરથ૦ ૯

પદ ૬૮ મું.

મન માહારારે, વિશ્વ વિચિત્ર જેણે રચ્યું;
મન માહારારે, વિવિધ બનાવ્યા વિલાસ,
મન માહારારે, મિથ્યા સત્ય સમું મચ્યું;
મન માહારારે, પોતાનો આપી પ્રકાશ. મન માહારારે૦ ૧
મન માહારારે, માયા સાંમી દૃષ્ટિ કરિ;
મન માહારારે, ચિત્તે આપ્યો ચિદાભાસ,
મન માહારારે, તેથી આ રચના વિસતરી;
મન માહારારે, જે વશ્યો સર્વાવાસ. મન માહારારે૦ ૨

મન માહારારે, શ્રુતિયો સર્વ જેહેને સ્તવે;
મન માહારારે, શાસ્ત્ર સકલ કરે શોધ,
મન માહારારે, વેદાંત જેને વર્ણવે;
મન માહારારે, જીવને કરવા બોધ. મન માહારારે૦ ૩
મન માહારારે, ધન જેનું રૂપ છે;
મન માહારારે, સાર સકલ તણુ સાર,
મન માહારારે, ભુવન સકલનો જેમ ભુપ છે;
મન માહારારે, નિર્ગુણ સગુણાકાર. મન માહારારે૦ ૪
મન માહારારે, જેના નામના સ્મર્ણથી;
મન માહારારે, દુઃખ સકલ હોય દૂર,
મન માહારારે, કથા જેની શુણે કર્ણથી;
મન માહારારે, ઉજ્વલ થાય છે ઊર. મન માહારારે૦ ૫
મન માહારારે, ઊત્તમ જેની ઊપાસના;
મન માહારારે, કીધેથી કલિમલ નાસે,
મન માહારારે, દોષ જુવે ન જે દાસના;
મન માહારારે, પ્રેમી તણે જે પાસે. મન માહારારે૦ ૬
મન માહારારે, વિશ્વાસે જે ન વેગળા;
મન માહારારે, ભક્ત મનોરથ પૂર,
મન માહારારે, કલિ ન સકાય જેની કલા;
મન નાહારારે, જાંણે તુને જે જરૂર. મન માહારારે૦ ૭
મન માહારારે, ભજતાં ભવાર્ણવ તારશે;
મન માહારારે, પતિતપાવન જેનું નામ,
મન માહારારે, એને ભજે તે ન હારશે;
મન માહારારે, કરજે કહ્યું કૃષ્ણરામ. મન માહારારે૦ ૮

પદ ૬૯ મું.

સાચા સંત સેવ્યા નથી જે જનેરે, તે શું તમને જાણે;
દેખે દેહદારાને અવેજનેરે, તે શું તમને જાણે.
ઘણા કાલથી ગાડાં ઘટમાં ભર્યાંરે, તે શું તમને જાણે;
જેનાં ચાંમમાં ચિત્ત નિત્યે ઠર્યાંરે, તે શું તમને જાણે૦ ૧

બેટા બેટિયો કુલ વધૂ કાંમ તારે, તે શું તમને જાણે;
જેથી શોકને મોહમદ પાંમતારે, તે શું તમને જાણે.
ભજે ભુતોને યક્ષોને પીરનેરે, તે શું તમને જાણે;
મારે મૂઠય ચલવે વળી વીરનેરે, તે શું તમને જાણે૦ ૨
જેના ઘરમાં ઘટમાં ધુણે ભુતડાંરે, તે શું તમને જાણે;
શિરે શગડી લ્યે દાંતોથી જુતડાંરે, તે શું તમને જાણે,
કાકા બલિયાની ઓલગો જે કરેરે, તે શું તમને જાણે;
બ.ધા રાખીને દેવ તીર્થે ફરેરે, તે શું તમને જાણે૦ ૩
બાંધી નજરોને મૂકે ઉતારનેરે, તે શું તમને જાણે;
માંને સાચો આ મિથ્યા સંસારનેરે, તે શું તમને જાણે.
કરે ગોષ્ટિ મિથ ઉદર ઉપસ્થનીરે, તે શું તમને જાણે;
ન્યાહાળે નારિની બારી અધસ્થનીરે, તે શું તમને જાણે૦ ૪
લવે લોકોની લવરીના લક્ષ્યથીરે, તે શું તમને જાણે;
ડરે નહિ જે અભક્ષ્યના ભક્ષ્યથીરે, તે શું તમને જાણે.
મુખે મમ્મો ચચ્ચો વદે માહાલતારે. તે શું તમને જાણે;
પરદારા ધનમાં નજર ઘાલતારે, તે શું તમને જાણે૦ ૫
સદા પીડતા સ્થિર ચરમાત્રનેરે, તે શું તમને જાણે;
પોસે પાપે રળી સ્વજનોને ગાત્રનેરે, તે શું તમને જાણે.
સાધુ વીપ્રસત્પાત્રને નિંદતારે, તે શું તમને જાણે;
વર્ણ સંકરોને ભજે વંદુતારે, તે શું તમને જાણે૦ ૬
કથા કૃષ્ણની કર્ણે ન સાંભળેરે, તે શું તમને જાણે;
કાર્ય મૂકી કોય લઢતું હોય ત્યાં મલેરે, તે શું તમને જાણે.
માને પર મરે ને અમે જીવિયેરે, તે શું તમને જાણે;
પેઠાં ઘરમાં ધાડાં દાહાડે દીવિયે, તે શું તમને જાણે૦ ૭
દેખા દેખે દીક્ષા ધરે વૈષ્ણવીરે, તે શું તમને જાણે;
અંત ભ્રાંતિયો ઉપજે નિત્યે નવીરે, તે શું તમને જાણે.
ફરી વાત નવ્ય સમજે વિતૃષ્ણનીરે, તે શું તમને જાણે;
કૃષ્ણરામ કરૂણા ચાહે કૃષ્ણનીરે, તે શું તમને જાણે૦ ૮

પદ ૭૦ મું.

કયારે બોલશો કરૂણા સિંધુ હરે,
આશ્રિતના ઉરની જાણીઅરે;
નથિ રંકનું મન નિશ્ચલ રેહેતું,
લક્ષ્મીવર લક્ષ્ય નથી લેહેતું. કયારે૦ ૧
ઘણા કાલ થકે જે વિયોગ પડયો,
સત સંગતિ દ્વારાયે શોધ જડયો;
સખાસત ચિત આનંદ રૂપી લહ્યા,
હવે શોકાદિક કયમ જાયે સહ્યા. કયારે૦ ૨
પ્રભો નાથ થકે પ્રતિતી ઇચ્છું,
હું પ્રત્યક્ષ્ય પરોક્ષ્યને કયમ પ્રીછું;
નથિ ઉરની અકલામણ મટતી,
રમાનાથને વૃત્તિ સદા રટતી. કયારે૦ ૩
હવે જે ઘડી જાય તે યુગ સરખી,
પ્રભુનાથ તમે જુવો મન પરખી;
સર્વજ્ઞ સખા સઘળું જાણો,
આશ્રિત ઉપર કરૂણા આણો. કયારે૦ ૪
રમાનાથ હવે નથિ જાતું રહ્યું,
દિલ દાઝે વિયોગને દુઃખે દહ્યું;
પુરૂષોત્તમ પીડય તમે પરખો,
કરિ નેહ નજર મુજને નિરખો. કયારે૦ ૫
હવે કીંકરને કરૂણા કરવી,
અમૃત નજરે આપત હરવી;
પ્રભુ જોર ન કાંઇ જીવનું ચાલે,
તોહે બિરૂદ શુણી મનડું માહાલે. કયારે૦ ૬
કૃપણોના વત્સલ કૃષ્ણ સખા,
તમે અંગી કૃતોના અંગરખા;
એવી હુંશ ઉઠે મારે હૈયે.

એકવાર મુને માહારો કહીયે. ક્યારે૦ ૭
જગજીવન જો જુવો મજ સાંહાંમું,
તો તો પ્રબલ પ્રતીતિ હું પામું;
નથિ કૃષ્ણ અશક્ય કશું તમને,
અલબેલા ન અથડાવો અમને. ક્યારે૦ ૮
તમે જેહ કરો તે સર્વ બને,
મારાનાથ પ્રતીતિ ધો મુજને;
કરિ ઓલગો કૃષ્ણની સત્ય ઠરે,
એમ વેદને શાસ્ત્ર સકલ ઉચ્ચરે. ક્યારે૦ ૯
માહારિ કરણી ન નાથ હવે જોવી,
ખુશી થૈ ખલતા મનની ખોવી;
નીરખી સહુ શાસ્ત્ર તણો નિર્ણે,
પ્રભુનાથ હું આવ્યો ચરણ શર્ણે. ક્યારે૦ ૧૦
વેગે વાહાર કરો વાહાલાજી હવે,
દયા સિંધુ ન દાસને નાંખો દવે;
શર્ણાગત વત્સલ બિરૂદ વહો,
કૃષ્ણરામને કાંઇક પ્રતીતિ કહો. ક્યારે૦ ૧૧

પદ ૭૧ મું.

મન માહારારે માનવ દેહ, ફરી તુને ક્યાં મલશે.
કર્ય નારાયણ શું નેહ, તાપ તતક્ષણ ટળશે. ધ્રુવ૦ ૧
દેવલોકના દેવ સકલ તે, ઇચ્છે આ અવતારરે;
જ્ઞાન વિરાગ વિવેકવડે કરી, આથી થાય ઉદ્ધાર. ફરી૦ ૨
વિષય રૂપિ આ વિષ ભોગ્યાનો, નાહ્યે વિમલ આવેશરે;
શાસ્ત્ર શ્રવણ કરી સતસંગત્યથી, લે ઉત્તમ ઉપદેશ. ફરી૦ ૩
મેહેનતથી કાં મલવું માને, ધનસુત દારા ધામરે;
કષ્ટ પડે ત્યાં કૃષ્ણ વિના તુંને, કોય ન આવે કામ. ફરી૦ ૪
પશુની પેર્યે દેહ દર્શી થૈ, વાહાલ વૈર શીદ રાખેરે;
અવસર ચુકી આપ આપને, રખે નર્કમાં નાંખે. ફરી૦ ૫

અંતર્દૃષ્ટે જો અવલોકી, શું સંસારમાં સત્યરે;
ગર્ભ થકી તે મર્ણ લગણ છે, વધતી નીત્ય વિપત્ય. ફરી૦ ૬
આપ આપણે કર્મે મલિયાં, સગાં સંબંધી લોકરે;
પોત પોતાને પંથે પળશે, તેમાં શાનો શોક. ફરી૦ ૭
ધર્મ કહ્યો અપવર્ગને અર્થે, તેનું ફળ ધન ન્હોયરે;
ધનનું ફળ તો ધર્મ સાધવો, મા ખોટામાં ખોય. ફરી૦ ૮
ઇન્દ્રિય અર્થે કામ નથી કહ્યો, જીવન માત્ર પ્રયોગરે;
જીવવું તે જગદીશ જાણવા, સમજી કર્ય સંયોગ. ફરી૦ ૯
નરતનું નોકા સદગુરૂ ખેવટ, જો તું શર્ણે જૈશરે;
સંસારાર્ણવ તર્ય પ્રભુ પવને, આત્મઘાતીમાં થૈશરે. ફરી૦ ૧૦
જે કરે તે કર્ય હરિને અર્થે, અન્ય તજી ઉદેશરે;
લક્ષ્ય તજીને રખે લપટાવે મમતા રૂપિ મેંશ. ફરી૦ ૧૧
આ અવસર અતી દુર્લભ જાણી, લે લાખેણી લાહાંણુરે;
કૃષ્ણરામ કહે કૃષ્ણ ભજનથી, કર તાહારૂ કલ્યાણ. ફરી૦ ૧૨

પદ ૭૨ મું.

કૃષ્ણ ભજન કર્યને હો મન માહારા. કૃષ્ણ૦ ધ્રુ. ૧
વિષય સ્મર્ણ વીસ્મર્ણ કરીને, શ્રી પતિને સ્મર્યને;
વિષય સ્મર્ણથી વેદના થાશે, માટે તે વીસર્યને. મન૦ ૨
માયિક સર્વ મલ્યાં છે મેલાં, તેથી પાછો ફર્યને;
નારાયણ નિર્દોષ સખા તુજ, તેને તું અનુસર્યને. મન૦ ૩
વૃત્તિ વિમલ કરિ વાસુદેવને, વાહાલા લહી વર્યને;
ગરીબ નિવાજ ગોવિંદના ગુણને, આદરે ઉચ્ચર્યને, મન૦ ૪
શ્રેય સકલનું સાધન એ છે, દૃઢ કરિને ધર્યને;
કૃષ્ણરામ શ્રી કૃષ્ણ ભરૂંસે, જન્મ મર્ણ તર્યને. મન૦ ૫

પદ ૭૩ મું.

કલિયુગ આયો હરિ, કોસું કહે સુનાઉંહે. કલિયુગ આયો હરિ૦ ધ્રુ. ૧
વિમલ મતી બિપરીત વહન લગી, પુરૂષ પરૂષ ભયે પાપી જ્યામેં;
પ્રત્યુપકારકી પ્રીતિ બિસારી, સહજ ઉઠ ન લગે આપી,

સુખ કૈસે પાઉંહે. કલિયુગ આયો હરિ૦ ૨
પિતા પૂત્રકું દેવત પીડા, સુત શઠ શાંણે કહાવે;
સાસુ બહુકો શ્રમ નહિ જાનત, બહુ સાસૂકું વહાવે,
ચિત્ત કેસે ચોરાઉંહે. કલિયુગ આયો હરિ૦ ૩
વર્ણાશ્રમ કો વિવેક ન દીસે, શુદ્ર ભેખ ભયે સંત;
પરનારી શું પ્યારી કરન લગે, અતિ અવિવેકી અંત,
નય કૈસે નિભાંઉંહે. કલિયુગ આયો હરિ૦ ૪
બ્રાહ્મણ ઘર ઘર ભટકત તોહુ, શુદ્ર ન કરે સનમાન;
કણ લોભે ભાજી સમ જાને, ગીતા શાસ્ત્ર પુરાંન,
અબમે કહાં જાઉંહે. કલિયુગ આયો હરિ૦ ૫
પંડિત પ્રાંણ પોષણમેં સમઝે, સાધુ ભયે શિવ દ્રોહી;
કૃષ્ણરામ કહે કૃષ્ણ સમજકો, કૃત્ય ન સમજે કોઇ,
મન કૈસે મનાઉંહે. કલિયુગ આયો હરિ૦ ૬

પદ ૭૪ મું.

ઉપદેષ્ટા માને હમ ઇશ્વર, પ્રગટ પ્રતીતિ ન પેખે;
ધન હરલે તોહુ ધોખા ન હરે, દારા પરાઇ દેખે,
કિસ બિધ બિધસૂં બચાઉંહે. કલિયુગ આયો હરિ૦ ૧
તીરથ જાય તરૂણીકું ચાહત, શઠ સૂં કરત સમાજ;
ભાંમિનિયો ભૂંડા મુખ ભાખે, ચતુર ચુગલ ભયે આજ,
કીન કીનકું સહાઉંહે. કલિયુગ આયો હરિ૦ ૨
વ્યાપારી વિશ્વાસઘાતી ભયે, ધારણ ધરમ ન ધારે;
સગેસગે કો સબ હર લેવે, માંનનિ પતિકું મારે,
છલ કૈસે છુપાઉંહે. કલિયુગ આયો હરિ૦ ૩
પરમેશ્વર પ્રીત્યર્થ ન સમઝે, દાન ન દેવત દક્ષ;
સૌવર્ણ સૂં શામા સૃંગારત, લોકીકકી લહે લક્ષ,
કૈસેકે પલટાઉંહે. કલિયુગ આયો હરિ૦ ૪
ભેખ ધારિ સબ ભેદ વાદી ભયે, પ્યારો કિયો પાખંડ;
રાય રહીયત કો ન કરે રક્ષણ, વિપ્રકું દે દેહ દંડ,
કિસબિધ સમઝાઉંહે. કલિયુગ આયો હરિ૦ ૫

કૃષ્ણ કથા કહિ કાંન સુને નહિ, પાપ પંથ ભયો પ્યારો;
કૃષ્ણરામ કહે કઠિણ કાલમેં, અચ્યુત આય ઉગારો,
ગોવિંદ ગુણ ગાજોહે. કલિયુગ આયો હરિ૦ ૬

પદ ૭૫ મું.

સંત પુરૂષને શોધિ સેવિયે, શુદ્ધ સગાનો જે સંબંધી;
અંગી સઘળા જેના ઉજળા, કુલહીનોની જેને બંધી. સંત૦ ૧
પૂણ્ય પૂર્વનું માતામહ જેનું, માધવજીની કરૂણા માતા;
વિપ્રવર્ણ તે દીક્ષા વૈષ્ણવી, ત્રીવિક્રમનો શર્ણો ત્રાતા. સંત૦ ૨
પ્રભુની પ્રીતિ પત્નિ જેની, ભ્રાતા ભાગવત કેરૂં દાન;
બલવતી ધીરજ જેની બેનડી, નાથ નામનો જપ યજમાન. સંત૦ ૩
ક્રિયા કર્મની જેની કન્યકા, શુદ્ધ સત્વ જેનો જામાત્ર;
સસરો સંગમ જેને સંતનો, પ્રેમ કથાનો સુત સતપાત્ર. સંત૦ ૪
કુલવધુ જેની વિરતી વિષયની, વિષ્ણુ તણું કીર્ત્તન વ્હેવાઈ,
પરોપકરવું પાડોશી જેનાં, મનન જેના મીત્ર સવાઇ. સંત૦ ૫
શીલપણું તે સાસુ જેની, માંમા મંગલનું આચરવું;
કાકા જેનારે નિષ્કામતા, કાકી કલહ તણું નવ કરવું. સંત૦ ૬
કુઇ તે જેની કૂલ્ય ન હાકવી, કુવા ફલોને ફોકટ લેહેવું;
અનાસક્તિ જેની આજીમા, શુદ્ધ પીતામહ સુખદુઃખ સેહેવું. સંત૦ ૭
મમતા મર્દન તે માતા મહી, બડબડ તજવું તેહ બનેવી;
પૌત્ર પૂણ્ય પરમારથ જેને, આસ્તિકતા જેની કુલ દેવી. સંત૦ ૮
મોહ વિસરવું જેની માંમીયો, ભાણેજાતે તજવી ભ્રાંતી;
શમલતણો પ્રસ્તાવજ શાલક, સાલાહેલી સુંદર શાંત્તિ. સંત૦ ૯
દયાલુતા તે જેની દૌહિત્રી, શારિંગધરની સેવા શેહેર;
ક્ષમા રૂપિણી ખડકીમાં રેહેવું, મોટાપણુ તે સહુથી મેહેર. સંત૦ ૧૦
આચારજ તે આત્મારામતા, વ્યસન જેનું વિષ્ણુ ગાવું;
સાવધાનતા શિષ્યજ જેના, સ્નાન જ્ઞાન ગંગામા નાહાવું. સંત૦ ૧૧
વેદાજ્ઞાતે જેની વૃત્તિયો, આસન પ્રારબ્ધનો ભોગ;
કૃષ્ણરામ કહે તે સંત પુરૂષ સાચા, રાગાદિકના જ્યાં નહિ રોગ. સંત૦૧૨

પદ ૭૯ મું.

સચરાચરના વાસી, શુણજો સર્વજ્ઞ;
હું અવળો અધ્યાસી, અપરાધી અજ્ઞ,
માટે હું ભવજળમાં, મમતાએ મગ્ન,
કાંઇ ન સમજું કલમાં, લાગે કયમ લગ્ન. સચરાચરના૦ ૧
આ તનું ઇશે આપી, માનુષ મહાન;
આતુરતા અધાપી, નવ્ય મિટે નિદાન,
શ્રેષ્ટ કહેવાયા સારૂ, ભાસે કયમ ભાંન,
તરૂં અને કયમ તારૂં, નિજ પરાભિમાન. સચરાચરના૦ ૨
વિદ્યા વિશદ ભણાવી, કેહેવરાવ્યો વ્યાસ;
કઇને પ્રીતી જણાવી, મેલ્યા મજ પાસ,
તે જાણે મુને આતો, હશે હરિના ખાસ;
વિમલ શુણીને વાતો, ધરતા વિશ્વાસ. સચરાચરના૦ ૩
પણ હું પોપટ સરખો, વર્ણવું વેદાંત;
પ્રભુજી સઘલું પરખો, ઉર દાંત અદાંત,
માંહલું મન તો મેલું, શમલો એશ્રાંત;
રાગ રોષ રંગેલું, રહે નહિ એકાન્ત. સચરાચરના૦ ૪
પૂછે પ્રીતી કરિને જન ભાવી વાત, હું શું કહું વિસ્તરીને;
આપે અજ્ઞાત, પરોક્ષ્યની શું પ્રીછું,
વેહેમી વિખ્યાત, પ્રભો પ્રતીતિ ઇચ્છું;
માટે સાક્ષાત. સચરાચરના૦ ૫
જે થયું ને જે થાશે, જે થાય છે આજ;
એ સઘલું ઓલખાશે, માધવ માહારાજ,
જો મજથી જન જાંણે, નિજ નિજનાં કાજ;
તો મર્યાદા આણે, લોપે નહિ લાજ સચરાચરના૦ ૬
ઉદય કરો જો આપે, ઐશ્વર્ય અકલ;
તો તે તેજ પ્રતાપે, વશ હોયે સકલ.
પછી ન કોઇ પાડે, વૈગુણ્ય વિકલ;

કલ ઉઘડી તે કાહાડે, મલિનોના મલ. સચરાચરના૦ ૭
તો આ સઘળાં શોભે, આપ્યાં જે અઘ;
નહિતર કાંમે લોભે, ઉલ્લંઘિહઘ,
લક્ષ કરીને ધારો, આપે અન વઘ;
આ અવસર ઉગારો, સેવકને સઘ. સચરાચરના૦ ૮
કેશવ કરૂણા કીજે, દીન જાંણી દેવ;
પૂર્ણ પ્રતીતી દીજે, સ્વામી સ્વયમેવ.
ઓલખ્યામાં જેમ આવે, તારકની ટેવ;
ભ્રાંતી મિટયેથી ભાવે, શ્રીધરની સેવ. સચરાચરના૦ ૯
અધર્મ કાંઈ ન ઉઠે, ઉર માંહે એક,
પ્રતિતિ પામ્યા પૂઠે, નાસે અવિવેક.
આપે આપ ઉખડશે, ત્રૈવિધના ટેક;
જ્ઞાન ચક્ષુ ઉઘડશે, ઉર માંહે અનેક સચરાચરના૦ ૧૦
એમ કરો અવિનાશી, જેમ વાધે રંગ;
વૃત્તિયો સર્વ વિકાશી, પામે નહિ ભંગ.
સખા સર્વની શુદ્ધિ કરો અંગો અંગ;
કૃષ્ણરામની બુદ્ધિ જેમ રહે અસંગ. સચરાચરના૦ ૧૧

પદ ૭૭ મું.

તમે ગોવિંદ ગરિબ નિવાજરે, માહારિ કરણી ન જોશો;
લક્ષ્મીવર રાખજો લાજરે, મા૦ ધ્રુ. ૧
લક્ષ ચોરાશીના લેખમાં હું, ભટકયો વારંવાર;
અતિ ઘણી ભોગી આપદારે, હવે હરજી હું પામ્યો હારરે. મા૦ ૨
દામદારાના દામથી, કઇ વિધ બંધાણા બંધ,
છબિલા તે હવે છોડીયેરે, તુમ સાથે સધાવિ સંબંધરે. મા૦ ૩
સંયમનીને સ્વામિયે, મુને કઇ વિધ દીધા દંડ;
જો તે દિન પાછા આવશેરે, તો તો ખાસુ બિરૂદ થશે ખંડરે. મા૦ ૪
ચર્ણ શર્ણ જે આવિયા તે, ગાંજ્યા કોના ન જાય;
વેદ વદે એમ નિત્યદારે, તે તો નિશ્ચય નિર્ભય થાયરે. મા૦ ૫
વ્યાસ વચનથી સાંભળ્યા, તમે આદીઅનાથનાનાથ,

ચર્ણશર્ણ હું આવિયોરે, હવે હરજી ધરોને હાથરે. મા૦ ૬
દોષ દલન કરો દાસનાને, કર્મ કરો બક્ષીસ,
કરૂણા કરી મુને કાહાડીયેરે, મોહ જાલ થકે જગદીશરે. મા૦ ૭
વિમલ કરો માહારી વાસના જેમ, વિષ્ણુ વધે વિશ્વાસ,
આશ્રીત સહીત ઉગારીયેરે, દિલમાંની દાસનો દાસરે. મા૦ ૮
અન્ય ઉપાધિ ઉઠે રખે, એમ સાચવજો દેઇ હાંમ;
એક છે આપનો આશરોરે, કરજોડી કહે કૃષ્ણરામરે. મા૦ ૯

પદ ૭૮ મું.

અચ્યુત મુકંદ હૃષિ કેશ, ઇશિ વિશારદ વિશ્વેશ;
ઉત્તમ શ્લોક કૃતજ્ઞ હરે, ધર્મ ધુરંધર મુરારે,
વૃષભ પરાત્પર પરમાત્મન્ કેશવ કૃષ્ણશાશ્વદાત્મન્
ખળદવ દહન રાવણારે, ત્રીષીરા દુષણ ખરારે,
ગીરધર ગોકુલેશ ગોવિંદ, ઘન;શ્યામ શ્રી પરમાનંદ;
ચતુર્વેદ વિચ્ચતુર્ભુજ, છળ વિચ્છદ્મ કૃદ્ઘોક્ષજ,
જળશાઇન જય જનાર્દન, ઝશરૂપીન કાલીય મર્દન;
તપોધનઃપ્રીય તાપ હર, દંતવકત્રહન દામોદર,
ધનદેશ્વર વલ્લભ રણધીર, નારાયણ યાદવ યદુવીર;
પ્રકૃતિઃપર પરમાર્થતનો, ફલરૂપીનપવર્ગમનો;
બલેદ્ધાર પાલક બકહન ભક્ત ભીતી હારક ભગવન,
મધુસૂદન મનમથરીપુમીત્ર, યતે યજ્ઞભોગ અકળ ચરીત્ર;
સચરાચરવીત સર્વ સ્વરૂપ, ષટ્ શાસ્ત્રજ્ઞ સ્વદોદયરૂપ,
શાન્તિ પુંજ શ્રીવત્સલ પ્રાણ, કૃષ્ણરામ મંગળ કલ્યાણ.





જ્ઞાનભૂમિકા.

પામર, વિષયી, મુમુક્ષુ, મુક્ત, એ ચાર પ્રકારના મનુષ્યોના ૧૬ ભેદ છે. પામરમાં આસુરી અને દૈવી એ બે જાતીયો છે. આસુરી પામરને કોઈ પ્રકારે જ્ઞાન થાય નહિ. દૈવી પામર, સત્સંગથી સુધરે છે. માટે જ્યાં પામર શબ્દ આવે ત્યાં દૈવી સમજવો ઉપર લખેલા ૪ પ્રકારના મનુષ્યો, ગ્રહસ્થાશ્રમિયો, તથા ત્યાગિયો પણ છે.

પૃથ્વીની વિકારમાત્રા લોભ છે, પૃથ્વીમાંથી થનાર, સોના, ત્રાંબા વગેરે ધાતુ માત્ર તથા પથ્થર, વસ્ત્ર વાહન ક્ષેત્ર બાગ બગિચા ઘર હુંડિયો નોટો હીરા માણેક મોતી વગેરેને, પોતા થકું માનવું તથા કોઇ પાસે થાપણ તરીકે રખાવવું તથા એવા પદાર્થો વધારવાની તૃષ્ણા એનું નામ લોભ છે.

જળની વિકાર માત્રા સ્વાદ છે. જળમાંથી ઉત્પન્ન થનાર, ગળપણ ચોપડ ઘી, દૂધ, દહિ, ગોળ, ખાંડ, મેવા, મિઠાઇ, મદ્ય, માંસ, તિખું, તમતમું, ખાટું, ખારૂં, વગેરે ખાવામાં પ્રીતી, એનું નામ સ્વાદ છે.

તેજની વિકાર માત્રા સ્નેહ છે. ટોપી, તુંબડી, મંદિર, મઠ, ચેલા, વિચિત્ર રંગ, ઘર, પુત્ર, સ્ત્રી, કુંટુંબ, વગેરેમાં વાસનાનું નામ સ્નેહ છે.

વાયુની વિકારમાત્રા કામ છે. કામનું રૂપ સ્પર્શમાં સમાય છે. સ્ત્રી, નપુંસક, સ્ત્રીના વેશને ધારી રહેલો પુરૂષ, નાનું બાળક, બળદ ઘોડા, ગાડી વગેરેનો પ્રીતી પૂર્વક અંગ સ્પર્શ કરવો એનું નામ કામ છે.

આકાશની વિકારમાત્રા માન છે. રાજનું, વિદ્યાનું ધનનું રૂપનું કુળનું, આશ્રમનું, કોઇ કળા કૌશળતાનું, ભેખ લીધાનું, એ વગેરેનું અભિમાન તે માન છે.

એ પ્રમાણે પ્રથમ લોભ, બીજો સ્વાદ, ત્રીજો સ્નેહ, ચોથો કામ, પાંચમો માન, એ પાંચે દોષને ભોગવવામાં, પાપ પુન્ય સવળું, અવળું, ધર્મ, અધર્મ, પવિત્ર, અપવિત્ર કાંઇ સમજે નહિ, અને ધન સંપાદન વગેરેમાં, પાંચે લોભાદિ વિષયો ભોગવવાને સાવધાન રહે, એજ પામર છે, ગમે તે જાતી આશ્રમ હોય, પણ મનુષ્ય વર્ગમાં હેવી પામરને કનિષ્ટ ગણવો જોઇએ.

રાગી ત્યાગી શાંત ને ઘોર એવા ચાર ભેદ પામરના છે. સંસારમાંરહિને, લોભાદિક પંચ વિષયને વિધિ નિષેધનું ઉલંઘન કરીને ભોગવે, એજ રાગી પામર છે.

એવાજ લક્ષણે જુગ્ત છતો, સંસારી લોકોથી જુદી ટોળીમાં ભળીને, પ્રથમનો વેશ બદલે છે, માટે ત્યાગી પામર છે.

ટાઢ કે તડકાને ગાંઠે નહિ, માન અપમાન કે કટાક્ષમાં સમજે નહિ, ધન સંપાદનમાં સાવધાન હોય, સ્વાદિષ્ટ પદાર્થ માત્રનું ગ્રહણ કરે, પણ પવિત્ર કે અપવિત્રમાં ત્યાગ ભાગ નહિ, લોભ તથા સ્વાદ સ્નેહાદિકના માટેજ સહુથી હળી મળીને ચાલે એ શાંત પામર છે.

દેખીતોજ કંકાશીઓ, ઉટિયાનું કુટિયું કરે એવો તે ઘોર પામર છે, તે પારકે હાથે માર ખાતે ખાતે અથવા નિંદાપાત્ર થૈને મરે છે. ઇતિ પામર લક્ષણ. પામરને અંગે મુખ્ય તમો ગુણ છે.

હવે વિષયી જીવનાં લક્ષણ એવાં છે કે, લોભાદિક પંચ વિષયને શાસ્ત્ર મર્યાદામાં રહિને નિર્દોષપણે ભોગવે, વ્યાજબી રીતે લોભ રાખે, અપવિત્ર વસ્તુનો આહાર કરે નહિ, અધર્મી માણસ સાથે સ્નેહ રાખે નહિ, પર સ્ત્રિ સાથે દુર્બુદ્ધિ રાખે નહિ, ગરીબ ઉપર

દયા રાખે, બરોબરીયાથી હળિ મળિને ચાલે, મોટા આગળ નિર્માનપણું રાખે, ચોરી મિથ્યા ભાષણ, મદ્ય માંસાદિકનો ત્યાગ. એવા લક્ષણે જુક્ત હોય, અસંતમાં કાંઇક સાધુપણુ માને, સાધુમાં કાંઇક દોષ દેખે, વિષયમાં ભરપુર વાસના છે, માટે વિષયી જીવ છે, મનુષ્ય જાતિમાં મધ્યમ વર્ગનો વિષયીને જાણવો. એનાં પણ રાગી ત્યાગી શાંતને ઘોર એવાં ૪ નામ છે.

સંસારમાં ન્યાય સહીત વાસના વાળો છે, માટે રાગી વિષયી છે, ગ્રહસ્થ કરતાં જુદી રીત્યનો વેશ, કોપિનાદિક છે, કારણ કે સંસારી લોકોના જોવામાં કુટુંબનો ત્યાગ દેખાય છે, પણ ખાનપાન તથા ધન સંપાદનમાં કુશળ છે, માટેજ ત્યાગી વિષયી છે, ત્યાગી વિષયીને રસાસ્વાદ અને માન એ બે આવરણ બળવાન હોય છે. અંતરમાં પાંચે દોષ પણ બહિર દૃષ્ટિથી લઘુતા જણવે, કંકાસથી કાયર હોય, માટે શાંત્ત વિષયી છે. લોભ માટે કલેશ, તથા સ્વાદ માટે કલેશ, તથાપિ અધર્મથી અળગો રહે, પણ કલેશ કરે ને કરાવે, માટે ઘોર વિષયી છે. વિષયીને અંગે મુખ્ય રજોગુણ છે.

હવે મુમુક્ષુનાં લક્ષણ કહિએ છીયે. લોભ, સ્વાદ, સ્નેહ, કામ, અને માન, એ પંચ વિષયમાંથી દિવસે દિવસે વાસના ઓછી થતી જાય, હરિચર્ચા તથા તપ તીરથ ધ્યાન સ્મરણમાં વિશેષ રૂચિ વરતે, સંસારમાં રહેતો થકો પણ ઉદાસ વૃત્તિયે રહે સત્શાસ્ત્ર તથા સત્સંગનો પ્રસંગ નિરંતર ગમે, સંતને અસંતને યથાર્થ ઓળખે, દેહ નિર્વાહ જેટલોજ ધર્મ સહિત દંભ રાખે, એમાંથી પણ પરોપકાર કરતો જાય, સ્વાદ માટે ભોજન નહિ, પેટનુંજ ભાડું આપવાનો સ્વભાવ, પોતે નિર્માની છતાં, બિજાને માન આપનાર, એ આદિક રૂડા ગુણે જુક્ત છે, એનું નામ મુમુક્ષુ છે, એને અંગે પ્રધાનપણે સત્વગુણ હોય છે. ઉત્તમ જાતીનો મનુષ્ય મુમુક્ષુ જાણવો. મુમુક્ષુ પણ ૪ પ્રકારના છે, રાગી, ત્યાગી, શાંત્ત ને ઘોર. સંસારમાં રહે છે માટે રાગી મુમુક્ષુ છે, સ્વાદ અને માનની જરીક ઓળખાણ છે, પણ લોભ સ્નેહ અને કામ નિર્મૂળ જેવા છે, વૈરાગનાં ચિન્હ ધારણ કર્યાં છે, માટે ત્યાગી મુમુક્ષુ છે. ઘણોજ શાંત્ત સ્વભાવ છે,

તેને શાંત મુમુક્ષુ જાણવો. સર્વ પ્રાણીનો હિતસ્વી છતાં, ધ્યાન ભજનમાં આવરણ કરનાર. સાથે કાંઇક અનુચિતપણું, અને પોતાના સરખા સદ્ગુણવાન, બીજાને કરવા માટે વચનની કટુકતા છે, એને ઘોર મુમુક્ષુ જાણવો. મુમુક્ષુ ઉત્તમ મનુષ્ય કહેવાય છે, હવે મુક્તનાં લક્ષણ કહેવાય છે ભગવતગીતાના તેરમા અધ્યાયમાં અમાનિત્વાદિ ૨૦ લક્ષણ કહ્યાં છે, એથી મુક્તની ઓળખાણ પડે છે, જનકરાજાના જેવો ગુણવાન છે, એજ રાગી મુક્ત છે, શુકદેવજી જેવો હોય એજ ત્યાગી મુક્ત છે, જડભરતના જેવા ગુણ હોય, એ શાંત્ત મુક્ત છે, દુર્વાસા જેવો હોય એ ઘોર મુક્ત છે.

લોભાદિક પંચ દોષ મુક્તને હોય નહિ, માટે મુક્તના દેહ નિર્વાહ માટે એનું પ્રારબ્ધ રક્ષણ કરે છે, મનુષ્ય જાતીમાં મુક્ત છે તેને અતિ ઉત્તમ જાણવો, મુક્તને અંગે શુદ્ધ સત્વ ગુણ છે, એ પ્રકારે ૪ પ્રકારના પામર, તશા ૪ પ્રકારના વિષયી, તથા ૪ પ્રકારના મુમુક્ષુ, અને ૪ પ્રકારના મુક્ત મળીને, ૧૬ વર્ગના મનુષ્યો કહ્યા, એનુ કારણ એ છે જે પામરને વિષયી કરવો, વિષયીને મુમુક્ષુ કરવો, મુમુક્ષુને મુક્ત કરવો, એવો ગુઢ રહસ્ય છે. પદને મથાળે ૧–૨–૩–૪ એવા અંક મુકેલા છે તેનો હેતુ પામર વિષયી મુમુક્ષુ મુકત ને વિદેહ મુકત એમ અધિકારી થવાના ઉપદેશનાં ચિન્હ છે.

શ્રી પરમેશ્વરાર્પણમસ્તુ.





સુબોધનીતિ.

છપય.

વશિકરણ વિદ્યા.

નીશ કપટથી મીત્ર, શત્રુ વશ્ય ચારે ઉપાયે.
પંડિતજન સન્માન, વજિર અધિકાર ઉપાયે;
સમશેરે વશ્ય ચોર, પ્રાર્થના વશ ગુરૂ દેવા.
નેત્ર નેહથી નાર્ય, માત પીતા વશ્ય સેવા;
ઉમરાવ અશલ અધિકાર વશ, શીલ શકી સંસારછે.
દિલમાંહી ધરો વશિકરણ દશ, તો ગાદી અધિકારછે. ૧

પૂર્વ જન્મના પાપથી નુકશાન.

નરપતિ પામે નાશ, મંત્રિ જો દુષ્ટજ મળિયો;
જયોગી જયોગ વિનાશ, ભામની શું જો ભળિયો.
આવે કુળનો અંત, પુત્ર જો પ્રગટે પાપી;
તુટે હેત તત્કાળ, વિદેશે વસે મેળાપી.
બુદ્ધિ નાસે અણઉદ્યમે, વ્યસને ધનનો નાશ છે;
એ ખટ વાનાનો ખલ ક્યાં, પૂર્વ પાપથી પાશ છે. ૨

છંદ દુમિલા.

અધર્મીઓથી અળગા રહેવું;

અભિમાનિ મલીન મથા વદનાર, ત્રણે થકિ દૂર રહ્યે તરિયે.
વ્યસની વિભિચારિય ઘાતકિ પાતકિ, ચારની સંગત્યથી ડરિયે;
નરક્રુર નબંધ કશો વચને, વાળ આળસુ જાણ્ય ત્રણે અરિએ.
ઠગ ચોરનું મૂખ ન જોવું કદી પણ, સાક્ષિ મળેથિ સજા કરિયે. ૩

જાણવાજોગ.

દાન ધર્મ ધીરજ દયા, સત્કીર્તી સદ્ગ્રંથ;
પઠણ શ્રવણ એ પુરૂષને, સાત સ્વર્ગના પંથ. ૪

વિવેક.

નાણું મેળવે ન્યાયથી, અખુટ ભરે ભંડાર;
વિવેક રાખી વાવરે, ભુમિ તણો ભરથાર. ૫

કર્મના ભાગીયા.

ચાર કર્મના ભાગીયા, સરખા આ સંસાર;
કર્ત્તા પ્રેરક હરખ ધર, મદદગાર એ ચાર. ૬

સ્વર્ગ ઢુંકડું.

હિંસા ચોરી અસત્યના, સુર નિંદા પરનાર્ય;
પાંચ તજીયેં પાપનો, સ્વર્ગ સમીપજ ધાર્ય. ૭

જીવતાં મરેલા, અને મરેલા જીવતા.

મુવા સરીખા માનવા, કૃપણપણે ફરનાર;
મુવા ન જગમાં માનવા, અમર નામ કરનાર. ૮

સદગુણનું મૂળ.

રૂપ પૂજય પંડિતપણું, આબરુ ઉચું કુળ;
જોતાં શોધી જગતમાં, દ્રવ્ય પાંચનું મૂળ. ૯

પરમેશ્વર રાજી.

જાતી અવસ્થા નેહુનો, ત્રણનો પ્રથમ તપાસ;
કર્યા પછી ઈનસાફ કર્ય, તો રાજી અવિનાશ.
કામી ચોર દ્વેશી અને, સહાય વિના લડનાર,
જણુ ચારે આ જગતમાં, દુઃખ દરિયે પડનાર. ૧૦
પૂર વિના સઘળી પ્રજા, પુન્ય કરે કે પાપ;
દોષ અદોષ દશાંશ ફલ, અધિપતિ પામે આપ.
રહિયત રાજનગર તણી, કરે કરમ શુભ ક્રૂર;
પામે નૃપ ષષ્ઠાંશ ફળ, વદતા ગયા વિદ્દૂર. ૧૧

ચારે દોષ શત્રુ જેવા છે.

આળસ અતિશે ઉચરવું, અમર્જાદ સંતોષ;

ચાર શત્રુ સમ ભૂપને, દેશ બુડાવણુ દોષ. ૧૨

ચાકરના દુર્ગુણ.

તસ્કર રોગી આળસૂ, પ્રતિ ઉત્તર પઠનાર;
તજવા લાયક તરત છે, ચાકર જગમાં ચાર. ૧૩

મિત્રમાં દોષ.

વ્યસની કપટી સ્વારથી, વ્રથા વચન વદનાર;
મિત્રાચાર ન ચારથી, એજ સુખી સંસાર. ૧૪

ગુપ્ત કર્મ.

ભોજન ભાવિ વિચાર વળિ, ગ્રહ દુઃખ મૈથુન ધર્મ;
પાંચન કેદિ પ્રકાશવાં, ગુપ્ત રાખવાં કર્મ. ૧૫

પથ્ય.

ખંડન મરદ ખટાશ, મિઠાશ વિખંડન માદા;
જાણી એહેવું જરૂર જમે નહિ અતિ સાહજાદા. ૧૬
વાળુમાં બળવાન, ઘી થકી પયગુણ કારી;
કામ પુષ્ટિ કરનાર, કાંતિ વર્ધન રૂજ હારી. ૧૭
ગયા મરદ જીન ખાઈ ખટાઇ, ગઇ નારી જીન ખાઇ મીઠાઈ;

પતિ વ્રતાને સ્વર્ગ સમીપ.

પાળે જો પતિ વચન, સ્વર્ગ છેટે એક જયોજન;
*ગવ્યૂતિ છેટું ગણો સ્વામિ સસરાને સેવન.
સ્વામિ સસરો સાસુ, વેણ ત્રણનાં ન ઉથાપે;
અંતર ગાઉજ એક, સ્વર્ગનું વેદજ માપે;
જો કુટુંબ સકળમાં સ્નેહથી, તત્પર થૈ વરતે ત્રિયા.
તો સાત હાથ છેટે સ્વરગ, સ્વાયંભુ કહેતા ગયા. ૧૮
સ્વામી તણો સ્વભાવ, વરતી લેવો વિનતાયે;
પિયુષ વચનથી પેઉ, થાય છે વશ દિનતાયે.
સિક ડાપણ રૂપને જીભદગ, પ્રસન્ન નવ રાખ્યો પતી.

* બે ગાઉ

પરપુરૂષ વદન પેખ્યું ન પણ શંખણી સરખી તે સતી. ૧૯
અલ્પ અહાર હસવું અલપ, અલપ ઊંઘ વળિ બોલ;
ચાર અલપથી ચોગણો, તરૂણી પામે તોલ. ૨૦
સ્વામિ વચન સ્વપના વિશે, લલના કરે ન લોપ;
તો કદિ એના ઉપરે, કરતા ન કરે કોપ. ૨૧
પુન્ય અદભ દાતાપણું, વાણી માંહિ મિઠાશ;
ચતુરા ચારે ગુણવડે, પામે કીર્ત્તિ પ્રકાશ. ૨૨
વિદ્યા ધન કુળ રાજ મદ,ચોખા દારૂ ચાર;
કેક જીરવે તેહને, ધન્ય ધન્ય વાર હજાર. ૨૩
વિદ્યા ગુરૂની અદબ, અદબ નિજ માત પિતાની;
સત્યજ વચન સ્વભાવ, ભાવના નિત્ય ભણવાની;
અધિક હસવું પણ ત્યાગ, લાજ નિત્ય કેક કરમની,
બહુ ભાષણ નહિ ટેવ, ટેવાનત છે પાલન સ્વધર્મની;
એ આઠે ગુણમાં એક પણ, ખંડીત નવ પામે થવા.
તો રાજકુમાર જરૂર એ, લાયક પ્રભુતા પામવા. ૨૪
મતવાદી નર કેક, પાપમાં ગુણ પણ પરઠે;
પુન્ય માંહી વળિ પાપ, ઊચરે કૈક અડસટ્ટે.
જુદા જુદા આચાર, મળે નહિ સહુ મત સરખા;
પિલે પરસ્પર ધર્મ, જેમ રૂક ચરે ચરખા.
પણ સકળ ધર્મનું એકમત, સોધી જુઓ સરખું ભળે;
પરનારિ સંગના પાપથી, નરક વાસ નિશ્ચે મળે. ૨૫
આબરૂદાર પ્રધાન નૃપ, વૃદ્ધ જયોગી વિદ્વાન;
છ પુરૂષ આવે સમિપતો, આપવું આદર માન. ૨૬
રાજ પત્ની, પતિગુરૂ, મિત્રસ્ત્રિય, સ્ત્રિયમાત;
જનની શુદ્ધાં પાંચ છે. માત જગત પ્રખ્યાત. ૨૭
ભયત્રાતા, વિદ્યાગુરુ, અનદાતા, નિજતાત;
મૌજી ગુરૂ શુદ્ધાં મળી, પાંચ તાત પ્રખ્યાત. ૨૮
રામા વંઠે રૂપથી, રોગી સ્વાદ વિકાર;
બ્રાહ્મણ ભણતર હીન જ્યમ, રમતે રાજ કુમાર. ૨૯
અતિ નિદ્રા કૌતક રૂચિ, કામ ક્રોધ શૃગાર;

સ્વાદ લોભ સાતે તજે, પ્રથમ થકી પઠનાર. ૩૦
મટે કલેશ મુનિ વરતથી. મટે પુન્યથી પાપ;
મૂર્ખપણું ભણુતાં મટે, સંપ થકી સંતાપ. ૩૧

છપય.

દીન ઉપર બહુ દયા, કપટ દુર્જન સંગાથે;
રીપુ સાથ નહિ રાગ, દીનતા સાધુ સાથે.
મિત્ર સાથ વિશ્વાસ, સત્ય સજ્જન શું જલ્પે.
સરખાથી મિત્રાઇ, ભુપને ગુરૂ સમ કલ્પે;
કર જીભ મન ને કાછડી, વશ રાખી વરતે સદા.
અગિયાર ગુણુનો આદમી, દેખે નહિ કદિ આપદા. ૩૨
દયાહીણુ નહિ ધર્મ, ધર્મહિણુ જ્ઞાન ન કહિયે;
જ્ઞાનહીણુ નહિ ગુરૂ, ગુરૂવિન બોધ ન ગ્રહિયે.
બોધહીણુ નહિ ગ્રંથ, ગ્રંથવિણુ વચન ન માનો;
વચનહીણુ નહિ મુની, મુનિ વિણુ જોગજ શાનો,
હિણુ સાધન જોગ ન જાણુવો, ક્ષમાહિણુ સાધન વૃથા;
વિણુ ભક્તિ ક્ષમા ન જાણુવી. ભાવ વિના ભક્તિ તથા. ૩૩
અરીપણું એકવાર, થયું જગમાં જે સાથે;
વળતિ વિસમતાં જહેર, હેતથી બાઝે હાથે.
વિધવિધ કરે વખાણુ, આંગણું તોડે આવી;
કરે કહ્યા વિણુ કામ, ગાંઠના દામ ગમાવી.
પણુ જમજમ પ્રીતી જણુવવા, જતન કરે જો ભારિએ;
તો ત્યમ ત્યમ વેમ વધારિયે, પણુ વિશ્વાસ ન ધારિએ. ૩૪
સદા કવી સન્માન, પુરણુ ઇશ્વર શું પ્રીતી;
શીળ સ્વભાવ સહાય, શત્રુને લીધા જીતી.
સુહૃદ તણી સહાય, પરસ્ત્રી માત પ્રમાણે;
પરધન પથ્થર તુલ્ય, જરીકે વ્યસન ન જાણે.
અહરનીશ સદા ઉદ્યમ કરે, દેવ વિભાગ ન રોધતાં;
એ દશ ગુણીનું ઘર દેખવા, લક્ષ્મી હિંડે સોધતાં. ૩૫
ઉપરથી જગમાં ભળે, અંતર મતલબ અન્ય;
પ્રધાન કે જોગી પુરૂષ, જગમાં બેને ધન્ય. ૩૬

વિત્તની ત્રણ ગતિ વિશ્વમાં, દાન ભોગને નાશ;
દાન ભોગજો નહિ કરે, ત્રીજી ત્યાર તપાસ. ૩૭
ત્રણ સંજ્ઞા આ તન તણી, ક્રમી વિટભસ્મ કહાય;
ચોથી કદી ન નીપજે, કરતાં કોટી ઉપાય. ૮
આ લોકે ફળ આપવા, તત્પર છે ત્રણ પાપ;
બ્રહ્મનિંદા વિક્રયસુતા, માત પિતા સંતાપ. ૩૯
નિંદા વંશવિનાશની, વિક્રય દ્રવ્ય વિનાશ;
ન મળે જળ સંતાપથી, અન્ન તણી શી આશ. ૪૦
નહિ ગુણ ધર્મ સુશીળતા, જ્ઞાન વિદ્યા તપદાન;
શૃંગ નથી તો નહિ નડે, પૂરૂષ પશુ સમાન. ૪૧
આખું વન એક ચંદને, સુગંધનો સરદાર;
એક સપુતની આબરૂ, શોભાવે કુળ સાર. ૪૨
નીચે કુળે જનમ વળિ તે, ગામ કુગ્રામ વાસો;
ભાર્યા ભુંડું વદન કરી દે, નિત્ય મ્હેણાં સવાસો.
રોગી કાયા કપુત દિકરા, પુત્રિકા બાળ રંડા;
તે તો જાણે ખચિત ચિત્તમાં, સળગતા કુંડ ઠંડા. ૪૩
સાચી વિદ્યા સપુત દિકરા, નિત્ય કાયા નિરોગી;
મિત્રો સારા સ્ત્રીય પતિવ્રતા, દક્ષતા દાન ભોગી.
શુદ્ધ કુળે જનમ વળિ ન, સ્વપ્ન મધ્યે પરાશા;
તે તો જાણે જરૂર જગમાં, સ્વર્ગમાં દુઃખ આશા. ૪૪
વિશ્વાધીશે ફિકર તજી છે, કાગને વાણિયાની;
શા માટે તો ઠગજ ઠગના, એવિ એની નિશાની;
આપત્કાળે પણ નવ ચુકે, પેટનો સ્વાર્થ પોતે.
વિશ્વાસીનું સકળ પળમાં, ખાય છે જોત જોતે. ૪૫
વિદ્યા વેલડી વિનતા, શ્રમે સમીપે સ્નેહે વશ્ય રહેશે;
ન ગણે મદકે દિનતા, ચંદન કાંટારૂપ કુરૂપ લેશે. ૪૬
લેવડ દેવડ કરતાં, સાક્ષી સુદ્ધાં લખત કરી લેવું;
અગણિત વદન ઉચરતાં,પ્રમાણ પામે નહીં લખત જેવું.૪૭
તસ્કર પરધન કેરા ભૂંડી નજરે દેખે પરદારા;

નમસ્કાર સો ફેરા, દૂર રહિતે માનજો મારા. ૪૮
સંતોષી સતવાદી, પરમારથમાં ધર્મ સહિત શુરો;
નહિ સ્તુતિ નિંદકાદી, વીશ વશાનો ઉત્તમ નર પૂરો. ૪૯
મનમાં મલી ન આશે, ખુટયું જ્યારે ઘરમાંથી ખાવા;
તે શો જ્યોગ કમાશે, બળાત્કારે જેહ બન્યા બાવા. ૫૦
પરસ્ત્રી ચોરી ચાડી, દારૂ હિંસા પાંચ પાપ તજતાં;
મોક્ષનિ બારી ઉઘાડી, સાચે દીલે ભગવતને ભજતાં. ૫૧
નિદ્રા અહાર ભીતી; મૈથુન ચારે જળચર થળચરમાં;
નરમાં વિશેષ નીતી, નહિ તો અંતર શો નર વાનરમાં. પર
વિદ્યા દાન તપસ્યા, એ ત્રણનો તો અસંતોષ કરવો;
કામ દામને ઇર્ષ્યા, એ ત્રણ સાથે લોભ ન બહુ ધરવો. ૫૩
એકવાર જમનારો, એતો જગમાં સદાય ઉપવાસી;
રતુ ગામી નર સારો, એ બ્રહ્મચારી આખી વદે કાશી. ૫૪
મિથ્યા મુખે ન બોલે, નારદ સરખો એ તો નર મુની;
શંકાથી મન ડોલે તો તપાસજો, શ્રુતિ સ્મૃતિ જુની. ૫૫
દિવો ભખે અંધારૂં, માટે એનું સુત કાજળ કાળું;
પાપિનું અન્ન ખાનારૂ, કયાંથી છેયું જણુયે જશવાળું. ૫૬
ગવાય તો ગુણ ગાજો, હરતાં ફરતાં હરિના ભય હારી;
પવાય તો કંઇ પાજો, પેટ વરામાં પુન્ય વરો ધારી. ૫૭
અહાર પ્રમાણે બુદ્ધિ, બુદ્ધિ પ્રમાણે શબ્દ મનુષ બોલે;
ન રહે તનની શુદ્ધિ, તરત બોલશે તે અહાર તોલે. ૫૮
માઇક સુખ સહુ ખોટાં, સમજી ગણે તો હજી ઘણું સારૂં;
દુર્ગતિ અંતે સોટાં, જમ ઘઘડાવે તપાસ જે તારૂં ૫૯
ગોવિંદ કહે સુણ ગરૂડ, ચાર અવગુણ જગ ચહાવા;
મુવા પછી રોનાર, સજે છે મોંડુ વતાવા.
પ્રથમ અવગુણ તો પ્રેત, કષ્ટ પામે પરલોકે;
બિજો અવગુણ રોનાર, રોગ પામે અતિ શોકે.
અવગુણ ત્રિજો આ વિશ્વમાં, શત્રુ થાય રાજી સહુ;
અણુ તોજ્યો વળિ ચોથો અવગુણ, મિત્ર ઉદાસી બને બહુ. ૬૦



રૂષિરાજ.

પદ ૧ લું.

છંદ હરિગિત.

જય અકળ ઇશ્વર સકળ જગ, સૃજનાર ખળબળ ખંડનં;
બળ પ્રબળ ધર કળિ કાળ મળ, હરનાર હરિ જગમંડનં,
થળ અથળ વ્યાપક ધર્મ થાપક, ગતિ અમાપક શ્રીશ્વરં;
નિષ્કામિ શિવ સુખ ધામિ સ્વામિ,નમામિ શ્રીબદરીશ્વરં. નિષ્કામી૦૧
જય સ્વચ્છ રૂપક, મચ્છ ભૂપ, અનૂપ કચ્છપ કેશવં;
જય શ્રીધરણુ ધરણીધરણ, સુખ કરણુ નામ સદાશિવં,
પ્રલ્હાદ ભક્ત સુસક્ત કાજ, વિમુક્ત નરસિંહેશ્વરં;
નિષ્કામિ શિવ સુખ ધામિ,સ્વામિ,નમામિ શ્રીબદરીશ્વરં. નિષ્કામી૦૨
બળિ છળિત મુનિ ધુનિ ચળિત, ધનુધર દળિત ભૃગુકુળ ભૂપણું;
રઘુનાથ નાથ અનાથ નાથ, વિદારણું ખરદૂષણું,
ગતિ ગોપ ગોપતિ ગોપિવર, આત કોપ કંસ અરીશ્વરં નિષ્કામી૦૩
જગ જનક સુત સનકાદિ, નર જનકાદિ હિત હરિનારદં;
અવિનાશ રોગ વિનાશ, ધર સંન્યાસ વ્યાસ વિશારદં,
જન મગન કારણુ જજ્ઞ, દત્તજિ ગગનરૂપ જ્યોગીશ્વરં. નિષ્કામી૦૪
ગજ કાજ ગરિબ નિવાજ અજ, મુનિરાજ હરિજન નાયકં;
નૃપ અંગ કુળકૃત ગંગસમ, પૃથુ અંગ જન સુખદાયકં,
શિર રાહુ છેદન કીધુ તે દિન, મોહની માયેશ્વરં. નિષ્કામી૦૫
બળવંત બુદ્ધ વિશુદ્ધ, વેદ વિરૂદ્ધ મારગ કારણું;
છળ શબ્દ ગ્રંથક અચળચળ, ખળ સકળ મોહ વિસ્તારણું,
પિતુ બાળ સમ નિજ ભક્ત પાળ,મરાળ બોધ મણીશ્વરં.નિષ્કામી૦૬

જગ જીવ સુર અજ શીવપતિ, હયગ્રીવ મધુ કૈટભ અરી;
વિખ્યાત ગુરૂ નિજ માત ગુરૂ, નિજ તાત ગુરૂ કપિલહરી,
ભગવંત સંત ઉધારહિત, જુગ અંત કળિ કલ્કીશ્વરં. નિષ્કામી૦૭
ભવભીતિ ભંજન ભક્ત રંજન, દુષ્ટ ગંજન દરધરં;
મન મલિન મંજન જ્ઞાન અંજન, નર નિરંજન ઉર ધરં,
નિજ શરણગત ભયહરણ,અશરણ શરણ જય જગદીશ્વરં નિષ્કામી૦૮
ઇતિ અષ્ટપદિ જગ અષ્ટપદિ, સંકષ્ટ સકળ વિનાશની;
ધરસૂત્ર સંપતિ પુત્ર ધન, ધિયદાત્રિ મોક્ષ પ્રકાશની,
રૂષિરાજ વક્ષ વિરાજિતં, મહારાજશ્રી શ્રૃંગીશ્વરં. નિષ્કામી૦૯

પદ ૨ જું.

દૈવી તથા આસુરી જીવના લક્ષણો.

અલબેલીરે અંબે માત, જોવા નિત્ય જૈયે. એ દેશીને મળતી ચાલ છે.

જેણે ગાયા ગોવિંદ ગુણ, ધન્ય જનમ ધરિયા;
જેણે હરામ કીધું લૂણ એ શિદ અવતરિયા. ૧
કરિ માત પિતાની સેવ, ધન્ય જનમ ધરિયા;
જેણે દુભ્યા પાંચે દેવ એ શિદ અવતરિયા. ૨
હરિ ભક્તિ ભજનમાં ભાવ, ધન્ય જનમ ધરિયા;
જેના દિલમાં છળના દાવ એ શિદ અવતરિયા. ૩
હરિ સમરણ રાથે મૂખ, ધન્ય જનમ ધરિયા;
જેણે લજવિ જનેતા કુખ એ શિદ અવતરિયા. ૪
નિશ દિવસ વિચાર વિવેક, ધન્ય જનમ ધરિયા;
જેણે લજવ્યો લેઇને ભેખ એ શિદ અવતરિયા. ૫
દાતાર સંત કે સૂર, ધન્ય જનમ ધરિઆ;
જેને દયા દિલથી દૂર એ શિદ અવતરિયા. ૬
મુખે પંચરતનનો પાઠ, ધન્ય જનમ ધરિયા;
નીતિ વિના ઠકરાઇ ઠાઠ એ શિદ અવતરિયા. ૭
દીધાં વિદ્યાનાંરે દાન, ધન્ય જનમ ધરિયા;
કપટી કંજુસ નાદાન એ શિદ અવતરિયા. ૮
શમ દમ જરણાનું જોર, ધન્ય જનમ ધરિયા;

જગ જુઠા ચાડિયા ચોર એ શિદ અવતરિયા. ૯
પરમારથમાં કરિ પહેલ, ધન્ય જનમ ધરિયા;
ફુગઢંડે માંડયાં ફેલ એ શિદ અવતરિયા. ૧૦
ગીતાનું પામ્યા જ્ઞાન, ધન્ય જનમ ધરિયા;
કેફી વળિ સૂરાપાન એ શિદ અવતરિયા. ૧૧
જે ધર્મ કામમાં ધાય, ધન્ય જનમ ધરિયા;
પર પ્રાણુ દુભિને મકલાય એ શિદ અવતરિયા. ૧૨
પ્રિય સત્ય વચન વદનાર, ધન્ય જનમ ધરિયા;
આમિષનો જેને આહાર એ શિદ અવતરિયા. ૧૩
સંતોષી ચીત સદાય, ધન્ય જનમ ધરિયા;
તૃષ્ણાના પુરમાં તણાય એ શિદ અવતરિયા .૧૪
જે પવિત્રાઇ પ્રતિપાળ, ધન્ય જનમ ધરિયા;
આરોપે જુઠી આળ એ શિદ અવતરિયા. ૧૫
દૃઢ લોક વેદ મરજાદ, ધન્ય જનમ ધરિયા;
વ્હાલો વીતંડાવાદ એ શિદ અવતરિયા. ૧૬
સૂજસનો ફોરે સુગંધ, ધન્ય જનમ ધરિઆ;
બોલ્યામાં ન મળે બંધ એ શિદ અવતારયા. ૧૭
જે ખરી મહેનતનું ખાય, ધન્ય જનમ ધરિયા;
કરિ દગો જાળવે કાય એ શિદ અવતરિયા. ૧૮
સમજાવે આવે શાન, ધન્ય જનમ ધરિયા;
અતિથીનું કરે અપમાન એ શિદ અવતરિયા. ૧૯
દુખિયાનાં ભાગો દુઃખ, ધન્ય જનમ ધરિયા;
ભાણુ ભ ન મટે ભુખ એ શિદ અવતરિયા. ૨૦
ઇનસાફ અદલ તોળાય, ધન્ય જનમ ધરિયા;
કરે પક્ષપાતનો ન્યાય એ શિદ અવતરિયા. ૨૧
ચૌટામાં વેચાય વેણુ, ધન્ય જનમ ધરિયા;
નિત્ય ક્રોધ ભરેલાં નેણુ એ શિદ અવતરિયા. ૨૨
બાળકને સુધારે બાપ, ધન્ય જનમ ધરિયા;
પાસે રહિ શિખવે પાપ એ શિદ અવતરિયા. ૨૩

ઉજળા કામે ઉમંગ, ધન્ય જનમ ધરિયા;
જે કરે ભજનમાં ભંગ એ શિદ અવતરિયા. ૨૪
પાણી પિને માને પાડ, ધન્ય જનમ ધરિયા;
જગમાં ઇરખાનું ઝાડ એ શિદ અવતરિયા. ૨૫
ધરે આપતકાળે ધીર, ધન્ય જનમ ધરિયા;
નહિ પ્રભુની પતિજ લગીર એ શિદ અવતરિયા. ૨૬
બાળાપણે ઇજત બંધાય, ધન્ય જનમ ધરિયા;
જુઠમાં જન્મારો જાય એ શિદ અવતરિયા. ૨૭
રૂષિરાજનિ ગોઠે રીત્ય, ધન્ય જનમ ધરિયા;
પરદારા સાથે પ્રીત એ શિદ અવતરીયા. ૨૮

પદ ૩ જું. પદ રાગ કુંમરી.

વારિયાં વારિયાં વારિયાંરે, રાધેકૃષ્ણ મિલે તો જાઉં વારિયાં એ દેશિ છે.
૧-૨. જાળવી જાળવી જાળવીરે, નવ જાણી જવાની જાળવી;
પ્રભૂની રીત્ય મેટી પાળવીરે. નવ જાંણી૦ ટેક.
ધશો નહીં કદિ ધર્મમાં ઢુકડો,
ચોરાની પંચાત્ય ચાળવીરે. નવ જાંણી૦ ૧
ગપ્પાં સુણ્યાં વિના થૈ ગયો ધાભરો,
સુતર વિના જેવો સાળવીરે. નવ જાંણી૦ ૩
નવરાઇ મળિ ત્યારે પારકી નિંદ્યા;
ફરીને ઘેર્ય ઘેર્ય ફાળવીરે. નવ જાંણી૦ ૩
પોતાનું મેળવેલું ભોગવશે પારકા,
મફ્ફે લુંટાય જેવો માળવીરે. નવ જાંણી૦ ૪
પરમારથમાં કોડી ન પાલવે,
વાસીદે પાયલી વાળવીરે. નવ જાંણી૦ ૫
હરિનું નામ તજી હાંશીમાં હુંશિયાર,
બોલી ઘટે છે તારી બાળવીરે. નવ જાંણી૦ ૬
રીશે ભરાંણા રૂષિરાજ કહે રામજી,
ભાલાળા જંમ મહેલ્યા ભાળવીરે. નવ જાંણી૦ ૭

પદ ૪ થું પદ રાગ કુંમરી.

કાંમણુ દીસે અલબેલા તારી આંખ્યમાંરે એ દેશી છે.

જુઠું જુઠું જીવત ખરૂં જાણ્યમાંરે, જુઠું જુઠું૦ ટેક.
જુઠી જનની જુઠી જાયા, જુઠી મોહ ભરેલી માયા;
કાચ કુંપોછે કાયા, મમતા તાંણ્યમાંરે. જુઠું જુઠું૦ ૧
સદાય તે છત્ય કેની છાજી, તે દેખી શું થૈયે રાજી;
આતસબાજી આશા લાંબી આંણ્યમાંરે. જુઠું જુઠું૦ ૨
ગગને જાગ્યો વાદળ ગોટો, પાંણીમાં પ્રગટયો પરપોટો;
ખેલ બધો એમ ખોટો, મુરખા માંણ્યમાંરે. જુઠું જુઠું૦ ૩
ધીરજ રાખી મનમાં ધારે, ભ્રષ્ટપણું છે તનમાં ભારે;
નરક ભર્યું નવ દ્વારે, વપુ વખાણુમાંરે. જુઠું જુઠું૦ ૪
ફેલ કરીને ફોગટ ફટકયો, ઇશ્વરને ચરણે નવ અટકયો,
ભેદ વિના તું ભટકયો, ચારે ખાંણ્યમાંરે. જુઠું જુઠું૦ ૫
પરખી લ્યેને પુરૂષ પુરાણી, જગમાંથી ગુણ જોને જાણી;
પ્રથવીમાં જ્યમ પાંણી ઠરે નીચાણ્યમાંરે. જુઠું જુઠું૦ ૬
જાચે તો જગજીવન જાચે, નાચે તો હરિ આગળ નાચે;
રૂષિરાજ કહે રાચે સંત સવાણ્યમાંરે. જુઠું જુઠું૦ ૭

૨—૩

પદ ૫ મું.

ગોવિંદ જાણ્યા વિના તેં વરસાં ગાળિયાં . ગોવિંદ૦ ટેક.
ગળે પાસ બાંધિ જમ ગ્રહેશે, કાપો કાપો મુખથી કહેશે;
રંગ ભરેલાં રહેશે મંદિર માળિયાંરે. ગોવિંદ૦ ૧
સૂરો પૂરો સૂરાપાને, કૃષ્ણ કથા નવ ગોઠે કાને;
ભજનીજન ભકતોને ખળ તેં ખાળીયાંરે. ગોવિંદ૦ ૨
હૈયામાં નવ ધર્યા હરીને, ભુંડાઇ હોરી ગ્રાઝ ભરીને;
દયા વિના તે દાંન કરીને બાળિયાંરે. ગોવિંદ૦ ૩
અડબંગાઈમાં ઊંમર આખી, નર તન ચિંતામણિ ખોઇ નાંખી;
રૂદિયા મધ્યે રાખી તિખી પાળિયાંરે. ગોવિંદ૦ ૪
ધર્મરાજની આગળ ધરશે, ત્યાંહાં તારાં ગાતર થરથરશે;
ક્રોધી જમડા કરશે અરે ઈટાળિયાંરે. ગોવિં૦ ૫

મરણઘાત તો નહિ મટવાની, જાગી જો નથિ વાર જવાની;
સાથે નાવે વાલ સવાની વાળિયારે. ગોવિંદ૦ ૬
વસ્ત્ર આભૂષણ લૂંટી લેશે, બહાર જઇને બાળી દેશે;
રૂષિરાજ કહે ડાટયાં રહેશે રાળિયાંરે. ગોવિંદ૦ ૭

પદ ૬ ઠું.

રટવા રટવા આવ્યો છે તુંતો રાંમનેરે. રટવા રટવા૦ ટેક.
બીજાનું સુખ જોઇને બળ્યમાં, વેદ વગરની વાટયે વળ્યમાં;
ચીત્ત વિષે તું ચળ્યમાં દેખિ દાંમનેરે. રટવા રટવા૦ ૧
પંચ વિષય લાગ્યાતા પ્યારા, જતા રહ્યા કોટી જનમારા;
તું સમજીને કરિલે તારા કામનેરે. રટવા રટવા૦ ૨
કૈક જનમ તેં કેરજ કરિયા, દેખ્યા તેથી દુઃખના દરિયા;
આ ભવમાં સુખ ભરિયા સેવે શામનેરે. રટવા રટવા૦ ૩
અરે હવે નવ અખજ ઉથામે, જરણા રાખી ઇરખા જામે;
પૂરણ આનંદ પામે વૈકુંઠ ધામનેરે. રટવા રટવા૦ ૪
કાળ ગણે નહિ ક્રોડયપતીને, જોશી ડોશી વૈદ જતીને;
સુંખણી અને સતીને હુકમિ હજામનેરે. રટવા રટવા૦ ૫
ચાર ઘડી કેરૂં ચોઘડિયું, નરતન વણ સમઝેથી નડિયું;
પડશે કે તન પડિયું જા પુછ ગામનેરે. રટવા રટવા૦ ૬
રૂષિરાજ વાણી કર્ય વહાલી, ચેત અરે જાવું છે ચાલી;
ખોઇશમાં તું ખાલી આઠે જામનેરે. રટવા રટવા૦ ૭

પદ ૭ મું.

લાગી લાગી હરકતો લોકાં લાજનીરે. લાગી લાગી૦ ટેક.
એ માટયે વિસાર્યા અવિનાશી, વિશ્વંભર વૈકુંઠનાવાસી;
ખબર જુવેછે ખાસી હજી આજનીરે. લાગી લાગી૦ ૧
ભરમાઇશમાં દોલત ભાળી, રૂપા કેરી ખાટય રૂપાળી;
વાલતણી નથી વાળી તારા કાજનીરે. લાગી લાગી૦ ૨
કાયામાયા કાચી કેવી, દેવ દહિત નવ રાખે દેવી;
ઝુંપડી સળગી જેવી સુની છાજનીરે. લાગી લાગી૦ ૩

લાખો જનમ ધરીને લોટયો, દિધી હતી ત્યાં મ્હોને ડોટયો;
ચકલાં ઉપર ચોટયો જેવી બાજનીરે- લાગી લાગી૦ ૪
આ૦યોતો તું લાભજ લેવા, દામ કર્યા તે ઉલટા દેવા;
સહાય કરજે સેવા સંત સમાજનીરે. લાગી લાગી૦ ૫
સંત પુરૂષના શબ્દ સહે નહિ, દોશ ભીતરના તેથી દહે નહિ;
રોકી ગંધ રહે નહિ જેવિ પ્યાજનીરે. લાગી લાગી૦ ૬
અંત સમે જમડા આવી લ્યે, રહેવું પડશે વદને વ્હીલે;
શીખામણ સમજી લ્યે રૂષિરાજનીરે. લાગી લાગી૦ ૭

પદ ૮ મું.

૧-૨-૩ **પદ રાગ ઠુંમરી કલ્યાણ રાગ.**

સીતારાંમ સગા છે સમજરે, સમજરે સમજરે સમજરે હો સીતારાંમ.ટેક.
અંતસમે કાંઇ કામ ન આવે, ઘોડાગાડી અને ગજરે. હો સીતા૦ ૧
આળસ મેલીને જાગ્ય અજ્ઞાની, સતસંગમમાં જવા સજરે. હો સીતા૦ ૨
શ્રી ઘનશામ સદા સુખદાયક, અગમ અગોચર અજરે. હો સીતા૦ ૩
મહાવ મળ્યા વિના મનુષા જનમની, મહેનત આવે ન મજરે હો સીતા૦ ૪
અંતરમાં ધરી લેને અરે તું, સદ્ગુરૂ જ્ઞાન સૂરજરે. હો સીતા૦ ૫
સ્વારથિયો સંસાર સકલ છે, નક્કી જોયું મેતો નજરે હો સીતા૦ ૬
રૂદિયા મધ્યે રૂષિરાજનો રસિયો,ભરપૂર વસિયો છે ભજરે.હો સીતા૦૭

પદ ૯ મું.

તેંતો દેહ ધરીછે નર તરવા, તરવા તરવા તરવારે
તેંતો દેહ ધરીછે નર તરવા. ટેક.
માન્ય કહ્યું હવે તો નવ માંડે, ભાર ઝાઝો શીર ભરવારે. તેંતો૦ ૧
મૂઢપણું મુકીને કર્ય મહેનત, ધ્યાન પ્રભુજીનું ધરવારે. તેંતો૦ ૨
મ્હોતની આગળ આ જગ માંહી, એકે ન પામે ઉગરવારે. તેંતો૦ ૩
તતપર થા અરે આળસ તજીને, હરકત ભવતણી હરવારે. તેંતો૦ ૪
જમની જમાની કરીનેરે જીવડા, આ૦યોછે ભક્તિ આદરવારે. તેંતો૦ ૫
મ્હોત ફરે તારા શીરપર મૂરખ, દિલડામાં લાગજે ડરવારે. તેંતો૦ ૬
શાખ પતિજ રૂષિરાજ કે રામને, સાસ ઉસાસે સમરવારે. તેંતો૦ ૭

પદ ૧૦ મું.

ભવમાંહી ભજન વિના ભટકે, ભટકે ભટકે ભટકેરે ભવમાંહી૦ ટેક.
કૃષ્ણકૃપા વિના કોટી જનમ લગી, લખચોરાશીમાં લટકેરે. ભવમાંહી૦૧
પાપતણાં ફળ પામિશ પ્રાણિ, જમડાતો કાપશે ઝટકેરે. ભવમાંહી૦ ૨
આ તનની ન કરે લાંબી આશા, મોતી ફટકિયાં તો ફટકેરે. ભવમાંહી૦ ૩
બેલી નથી પ્રભુ વગર બિજો જ્યારે, શરિરની નાડિઓ છટકેરે. ભવમાંહી૦૪
બાળ જુવાની વિતી થયો બુઢો, નરહરીમાં મન ન ટકેરે. ભવમાંહી૦ ૫
દિન દિન તૃષ્ણા વધી ગઇ ડોઢી, અંગ શરીરનાં અટકેરે. ભવમાંહી૦ ૬
રામ રટણ રૂષિરાજ કહે કર, પાપની ગાંઠડી પટકેરે. ભવમાંહી૦ ૭
૧-૨.

પદ ૧૧ મું.

જોતાજોતામાં તન પડી જાશે, જાશે જાશે જાશેરે. જોતા૦ ટેક.
જીભ ટુંકી થૈ ઘભરાશે જીવડો, બેભાન થૈને બકાશેરે. જોતા૦ ૧
તેલ ખુટયું એટલે જયમ તે પળે, બત્તી બળીને બુઝાશેરે. જોતા૦ ૨
પ્રાણ ગયા પછે તન ખાલી પડશે, ખોખુ જનાવર ખાશેરે. જોતા૦ ૩
જે થળ મંગળ જુવતીયો ગાતી, પીટણિ ત્યાહિ પીટાસેરે. જોતા૦ ૪
સુરા પીનારા ને જમના સિપાઇ, પારો ઉનો કરી પાશેરે. જોતા૦ ૫
પાપનાં ખાતાં ઉકેલીને પૂછશે, ઉત્તર શોરે અપાશેરે. જોતા૦ ૬
દેહ છતે રૂષિરાજના દેવને, સમરી લે સાસ ઉસાસેરે. જોતા૦ ૭
૧-૨-૩.

પદ ૧૨ મું. પદ રાગ ગરબી.

માંથે કોપી રહ્યોછે કાળરે ઉંઘ તને કેમ આવે,
પાણિ પહેલી બાંધી લેને પાળ્યરે ઉંઘ તને કેમ આવે૦ ૧
નથી એકે ઘડીનો નિરધારરે ઉંઘ તને કેમ આવે,
આતો સુપના જેવો સંસારરે ઉંઘ તને કેમ આવે૦ ૨
અલ્યા એળે ખોયો અવતારરે ઉંઘ તને કેમ આવે,
તારા માથેછે જમનો મારરે ઉંઘ તને કેમ આવે૦ ૩
તારા મનનું ધાર્યું થશે ધુળ્યરે ઉંઘ તને કેમ આવે,
ચાર તોલાં છે મણમાં ભૂલ્યરે ઉંઘ તને કેમ આવે૦ ૪
કરી આવ્યોછે ગર્ભમાં કોલરે ઉંઘ તને કેમ આવે,
થોલ આવેલું થાય છે કથોલરે ઉંઘ તને કેમ આવે૦ ૫

જોતાં જોતાં આયુષ્ય ખુટિ જાયરે ઉંઘ તને કેમ આવે,
તારા ડાહાપણુમાં લાગી લહાયરે ઉંઘ તને કેમ આવે૦ ૬
કાંઠે આવેલું બુડશે ઝાઝરે ઉંઘ તને કેમ આવે,
તારે કાજે કહેછે રૂષિરાજરે ઉંઘ તને કેમ આવે. ૭

પદ ૧૩ સું.

આભડશેટમાં બુડર્યું બાખું અંગરે સારૂં થાય શી રીત્યે,
નથી નહાતો ગોદાવરીકે ગંગરે સારૂ થાય શી રીત્યે. ૧
દેવ મંદીરમાં નથી કર્યા દીપરે સારૂં થાય શી રીત્યે,
નથી કરતો તું ટેલિયાની ટીપરે સારૂં થાય શી રીત્યે. ૨
નથી ચપટી કરાવ્યાનો ચાલરે સારૂં થાય શી રીત્યે,
ખાવા તાકે મફતનો માલરે સારૂ થાય શી રીત્યે. ૩
દેવ દરશનનું નિત્ય નથી નેમરે સારૂં થાય શી રીત્યે,
આખી પૃથ્વીનાં હોરિ લીધાં વેમરે સારૂં થાય શી રીત્યે. ૪
નથિ વાવરતો દેવની દસુંધરે સારૂં થાય શી રીત્યે,
નથિ વાવરતો વિપ્રની વિસુંધરે સારૂં થાય શી રીત્યે. ૫
નથિ દીધાં તીરથમાં દાનરે સારૂં થાય શી રીત્યે,
નથિ આપ્યાં અતીથિને માનરે સારૂં થાય શી રીત્યે. ૬
નથિ કરતો તું ખળાની ખેરાત્યરે સારૂં થાય શી રીત્યે,
રૂષિરાજની ન રાખી રૂદે વાતરે સારૂં થાય શી રીત્યે. ૭

પદ ૧૪ સું.

પછિ નહિ મળે આવો જયોગરે અવસર આવ્યો છે,
રૂદે વાધેછે વાસના રોગરે અવસર આવ્યો છે. ૧
ભલે પામ્યો તુંતો ભરતખંડરે અવસર આવ્યો છે,
દૂર થૈ જાય જમનો દંડરે અવસર આવ્યો છે. ૨
વળિ રૂડા દેશે મળ્યો વાસરે અવસર આવ્યો છે,
થાને દીનબંધુનો દાસરે અવસર આવ્યો છે. ૩
નાથે નિરખવા દીધાં વળિ નેણુરે અવસર આવ્યો છે,
વહી લ્યેને તું સત્યનાં વેણુરે અવસર આવ્યો છે. ૪

વળિ દીધા છે હરિયે હાથરે અવસર આવ્યો છે,
હવે સોધી લ્યે સંતનો સાથરે અવસર આવ્યો છે. ૫
છતિ દેહે તું થઇ જા સંતરે અવસર આવ્યો છે,
કહેડ બાંધીને ભજ ભગવંતરે અવસર આવ્યો છે. ૬
વેદ શાસ્ત્ર પુરેછે સાખ્યરે અવસર આવ્યો છે,
રૂષિરાજની શીખામણ રાખ્યરે અવસર આવ્યો છે. ૭

પદ ૧૫ મું.

નથી જાણતો એકાદશીનું નામરે રામ તને કેમ રીઝે,
નથિ પરસ્યાં પરમાત્માનાં ધામરે રામ તને કેમ રીઝે. ૧
નથિ હરિજન સંગાથે હેતરે રામ તને કેમ રીઝે,
નથિ કપટી સંગાથે કહેતરે રામ તને કેમ રીઝે. ૨
નથિ દાસાતણુ દયા દીનતાઇરે રામ તને કેમ રીઝે,
નથિ ખોવાણી હજી ખેચરાઇરે રામ તને કેમ રીઝે. ૩
નથિ પાત્રકે કુપાત્રની પિછાણુરે રામ તને કેમ રીઝે,
નથિ વાગ્યાં વૈરાગનાં બાણુરે રામ તને કેમ રીઝે. ૪
નથિ તપશા કે સમરણની ટેકરે રામ તને કેમ રીઝે,
નથિ પામ્યો વિચાર કે વિવેકરે રામ તને કેમ રીઝે. ૫
નથિ સાંભળ્યું ગિતાજીનું જ્ઞાનરે રામ તને કેમ રીઝે,
નથિ સમજાંણિ સદ્ગુરૂનિ શાનરે રામ તને કેમ રીઝે. ૬
નથિ સાંભળિ પારણ્ય દિન સાતરે રામ તને કેમ રીઝે,
નથિ વહાલિ રૂષિરાજ કેરિ વાત રામ તને કેમ રીઝે. ૭

૧-૨. પદ ૧૬ મું. પદ રાગ ગરબી.

જે કોઇ પ્રેમહંસ અવતરે, પ્રેમરસ તેના ઉરમાં ઠરે એ દેશી છે.
અરે જીવ શું કરવા આથડે, પ્રભુનિ ગમ ગુરૂ વિના નહિ પડે ટેક.
ખોજ કરી નહિ ખેવટિઆની, નવ બેઠો નાવડે;
તુંબડલું લેઇ હાથે તરતાં, અર્ણવ કયમ આવડે. પ્રભુનિગમ૦ ૧
બહેતાળાંમાં તેજ બળે પણ, દરસે દીવા વડે;
આખ્યોનો આગળો હોય પણ, અંધારે આખડે. પ્રભુનિગમ૦ ૨

શિષ્ય થયો નહિ શિલાટનો તે, થોર વિના થાપડે;
ઓખદ દે ઉસ્તાદ વિના તો, શરીર આખું સડે. પ્રભુનિગમ૦ ૩
અખાડમાં અભ્યાસ કર્યા વિના, નહિ એ મલ નીવડે;
દાવ પેચમાં દિલ દિધા વિણ, લાતમલાતા લડે. પ્રભુનિગમ૦ ૪
ગાન કળાનો ગુરૂ મળ્યા વિના, તાળ ચુકે તાકડે;
રાગતણું ઘર છેટે રહેશે, ઊંટ રાડે આરડે. પ્રભુનિગમ૦ ૫
વગર ભણ્યે વાદીની વિદ્યા, રોપે પગ રાફડે;
મણી ખોળતાં ફણી મળે તો, ઊછળીને આભડે. પ્રભુનિગમ૦ ૬
રૂષિરાજ ભણતાં રસનાયે, ચોદે વિદ્યા ચડે;
ગુરૂ વિના ભણિ સર્વ ગયો પણ, જાણ કુંચી નહિ જડે. પ્રભુનિગમ૦ ૭

૨–૩. પદ ૧૭ મું.

જ્ઞાનમાં ગુરૂ દયાથી ગળે, ભજનમાં તેની સુરતા ભળે. ટેક.
ગ્રામ્યકથાના ઘાટ ઉઠે પણ, વિચારિ પાછા વળે;
પરધનને પરનારિ પેખતાં, ચીત્ત જરા નવ ચળે. ભજનમાં૦ ૧
હરતાં ફરતાં હરેક કામે, રામનામ ધન રળે;
કાયાનું ગુજરાન કરે પણ, તનની મમતા ટળે. ભજનમાં૦ ૨
સંતતણી સુખદાઇ શિખામણ, સુરત ધરી સાંભળે;
આતમરૂપ તણો નિત આનંદ, અંતરમાં ઊછળે. ભજનમાં૦ ૩
હરિજન થૈ હેતે હરિજનને, માન મુકીને મળે;
અંતરમાંથી ટળે અકડતા, લાચ્યંતાથી લળે. ભજનમાં૦ ૪
લીલાં સૂકાં સકળ લાકડાં, પાવકથી પરજળે;
પ્રભુ પ્રતાપે પાપ કરમનાં, બીજ બધાં એમ બળે. ભજનમાં૦ ૫
ખેતીવાડી ખલક કરે પણ, ખબર પડેછે ખળે;
ઉદ્યમમાંથી ફળ આવ્યાનું, કારણ કર્મજ કળે. ભજનમાં૦ ૬
ગોવિંદગુણ તણી ઘંટીમાં, દોશ ભિતરના દળે;
રૂષિરાજ રૂષિયોક્ત રૂઢી, પ્રેમ થકી જો પળે. ભજનમાં૦ ૭

પદ ૧૮ મું.

૧–૨. કાળના ભય વિષે રાગ ગરબી.

જીવડલા આજકે કાલ્ય જાવું, ઉડી જાશે રાખ થઇ તન આહાવું. જી૦ટેક.

પડયાં જાળે પંખી તેતો પકડાશે, કમળ ખીલ્યાં તેતો અચિત કર્માશે;
જનમિયા તેતો જરૂર મરિ જાશે. જીવડલા૦ ૧
ગયા જેને ગાદીપતી ખાઇ ગોથાં, પડયાં મુકી ચાલિયા પંડિત પોથાં;
થયાં પછિ થોરે સડી સડી થોથાં. જીવલડા૦ ૨
ખંમા ખંમા કહેવાતાં પડતાં આખડતાં, ચતુરંગી જેની પૂંઠે દળ ચઢતાં;
જુઓ એનાં નામ હવે નથી જડતાં જીવડલા૦ ૩
ગુણીજન જેની આગળ નિત્ય ગાતા, વળી દેશ વિદેશમાં વખાણાતા;
તેતો ગયા કાળના પૂરે તણાતા. જીવડલા૦ ૪
નવા નવા પોશાક પહેરી નીકળતા, મ્હોટા મ્હોટા મહિપતિને જઇ મળતા;
બહુ એહેવા ભાળ્યા મશાણુંમાં બળતા. જીવડલા૦ ૫
ફુલાં કાંને લટકાવી ફાંકડા ફરતા, ધમકધમ ધરતી ઉપર પગ ધરતા;
દીઠા એતો નજરે ઠાઠડિઓમાં ઠરતા. જીવડલા૦ ૬
જેને ઘેર ગડગડ ત્રંબાળુ ગાજે, વળી વાજાં છત્રિશ વેગમાં વાજે;
રામ બોલો રાજા જોયા ઋષિરાજે. જીવડલા૦ ૭

પદ ૬૯ મું.

રે મનડા માન્ય સાચું છે મરવું, ખીલ્યાં પાંદડાં એને નહીં મટે ખરવુંરે.
મનડા૦ ટેક.
પડયા ચહેમાં કહિકતો વરસ પચીસે, વળી કેટલાકતો વહી ગયા વીશે;
ત્રીયા મેલી ટળવળતી કોઇએ ત્રીશેરે. મનડા૦ ૧
ખુટે કાળે કૈક અગાશીથી ખશિયા, રહ્યા ખપી પરદેશમાં કૈક રસિયા;
દીઠા કૈક દેહોત* વશીયરે ડસિયારે. મનડા૦ ૨
બાળાવેમાં સોધી લીધાં કૈક બળિયે, ફર્યા જાણે વાંદર ચોળાની ફળીયે;
કાઢી નાખ્યા કૈકના વંશ કોગળિયેરે. મનડા૦ ૩
બળી ગયા ભોમી વિષે કૈક ભોગી, ઉડી ગયા કૈ તારી આગે ઉદ્યોગી;
જતા રહ્યા જાણુ દિગંબર જોગીરે. મનડા૦ ૪
નિચું કરી કાંધ ન કોઇને નમતા, મહા અભિમાન અને હતિ મમતા;
ભાળ્યા એના સમસાને કાગડા ભમતારે. મનડા૦ ૫

* આબરૂદાર.

લાખેશરી ક્રોડપતી કૈક લોકો, હતો જેના હાથમાં હેમનો હોકો;
પડી ગઇ એહેવાંની ઓચિંતિ પોકોરે. મનડાં૦ ૬
સહી નોય સ્વપનાનિ દોલત સાચી, કાયા માયા એજ રિત્યે જાંણો કાચી;
રૂખિરાજ રામચરણુ રહો રાચીરે. મનડાં૦ ૭

પદ ૨૦ મું.

જગતમાંરે જાયા તેતો જવાના, થયા નાશ એ રિત્યે બીજા થવાના;
જગતમાંરે૦ ટેક.
હરિ હરિ કહેનારને હાથે હણુતો, ચરણ પુજે નહિ તેને ભીતમાં ચણુતો;
ગયો એવો દૈત્યપતી* ગોથાં ગણુતો. જગતમાં૦ ૧
દશે દિશામાં જેના વાગતા ડંકા, સતી સીતા હરતાં ધરી નહિ શંકા;
લિધી એનિ પળમાંહિ લંગુરે લંકા. જગતમાં૦ ૨
અરે લ્યોને ચીત્રકેતુની એધાંણી, રંભા જેવી એક કોટી જેને રાણી;
તકે આવી તેને ગયો કાળ તાણી. જગતમાં૦ ૩
પ્રિય વ્રત ભૂપતિ ભલપણ ભરિયા, દિધા ગોડિ જેના રથે સાત દરિયા
મરણ આવ્યે એવા હતા પણ મરિયા. જગતમાં૦ ૪
કરણ દુરજોધન કૌરવ કેવા, અને વળી પાંડવ પ્રતાપિ એવા;
જતા રહ્યા જુદ્ધેશ જાદવ જેવા. જગતમાં૦ ૫
અરે નંદરાજાને અનગણ નાંણું,
છુટયો દેહ મુખપર છાણું મુકાણું. જગતમાં૦ ૬
તાણી તાણી તોરી કુદાવતા રાજા, જેને ઘેર કુંજર ઝુલતા ઝાજા;
રહ્યા નહિ કેહે રૂખિરાજ એ રાજા. જગતમાં૦ ૭

પદ ૨૧ મું.

દિવડલોરે પ્રકટી લેને દલમાં,
પડી જશે આહાવો રૂડો પંડય પળમાં દિવડલોરે૦ ટેક.
પડયા મેલ્ય પડપંચના હવે પાશા,
ભણી લેને રામભજન ભલિભાષા;
ઉઘ્યા કેડે કેને ઉઠયાની છે આશા. દિવડલોરે૦ ૧

* હિરણ્યકશ્યિપુ.

પ્રિત્યે હાથમાં કસુંબા લેઇ પાતા,
ખાંતે ખાંતે સંગાથે બેશીને ખાતા;
જોને તારા જોડિયા ક્યાં રહ્યા જાતા. દિવડલોરે૦ ૨
બોળી બધિ રમત્યમાં વય બાળા,
ચતુરાથી માંડયા જુવાનિમાં ચાળા,
કાળે કરિ કેશ મટી ગયા કાળા. દિવડલોરે૦ ૩
ભણ્યો અભણ્યો અને કાળો કે ભૂરો,
પળે પળે આયુષ થૈ જશે પૂરો;
અરે તારો મનસૂબો રહેશે અધૂરો. દિવડલોરે૦ ૪
ઉંધ્યા માંહિ ખોઈ બેઠો ઉમર આધી,
વળી બાળ વૃદ્ધ જુવાની ને વ્યાધી;
એકે ઘડી ઇશ્વરની ન આરાધી. દિવડલોરે. ૫
વારે વારે વિનવું છું કર્ય વાર્યું,
વાયે ઉડી જશેરે તારૂં વિચાર્યું;
ઉભું રહેશે મ્હોત આવિ અણધાર્યું. દિવડલોરે૦ ૬
ભજન વિના ભાષણ ભુંડુ ન ભાખે,
દયા દિલમાં ધરીને વેણ દાખે,
રૂદે રૂષિરાજની શિક્ષા રાખે. દિવડલોરે૦ ૭

પદ ૨૨ મું.

૧. પદ રાગ ગર્બિ ભુંડું થવા વિષે.

પુન્ય મારગમાં કોડી ન પાલવેરે, આડા મારગમાં વાવરે અજાણ;
ભુંડુ થાવાનો ડહોળ સંતો ભાળજોરે.
ઉપજ ઓછીને ખર્ચ ઘણું આદરેરે, વશણ ઝાઝાંને વેમનો વેચાણ;
ભુંડું થાવાનો ડહોળ સંતો ભાળજોરે. ૧
જૂઠ સાથે જડેલ જેનો જીવડોરે, કુડી સાહેદી પુર્યાના કોડ;
ભુંડું થાવાનો ડહોળ સંતો ભાળજોરે.
દીનોનાથ રૂઠયા તહારે ઘાલ્યાં ડાકલાંરે,ધણી ધણિયાણી ધુણે જોડાજોડય;
ભુંડું થાવાનો ડહોળ સંતો ભાળજોરે. ૨

ઢોરા ચીઠિયોમાં નિત્યવરે દોકડારે, બાધા આખડિયો આલતી સદાય;
ભુંડું થાવાનો ડહોળ સંતો ભાળજોરે.
આખા ઘરનાં માણુસ થયાં આળસુરે, કોય ઉદ્યમને વાયરે ન જાય;
ભુંડું થાવાનો ડહોળ સંતો ભાળજોરે. ૩
ખાવા સર્વેને જોઇયે સારૂ સૂતરૂંરે આવે ભાણામાં બીહિતું બિહિતું અન્ન;
ભુંડું થાવાનો ડહોળ સંતો ભાળજોરે.
છતે છાંણે ઉચેરા જેવું આંગણુંરે, છતે પાણીયે મલીન જેનું તન;
ભુંડું થાવાનો ડહોળ સંતો ભાળજોરે. ૪
વાટે ઘાટે આંગણે ખળે ખેતરેરે, પડ્યું પાડોશીનું ચોરવાનો ચાલ;
ભુંડું થાવાનો ડહોળ સંતો ભાળજોરે.
નિત્ય ઘરમાં કકાસ થાય કારચમોરે, લે છે તાળીયોને લોક જુવે તાલ;
ભુંડું થાવાનો ડહોળ સંતો ભાળજોરે. ૫
દેવું કરતાં ન ડરે જરા દીલડુંરે, લેત દેત મરે ઢાઢયોનાં ઢાણ;
ભુંડું થાવાનો ડહોળ સંતો ભાળજોરે.
હરિ અર્થે તો હાથ લાગે ધ્રૂજવારે, ઠઠા બાજીઓમાં લાડુવાનાં લહાંણ;
ભુંડું થાવાનો ડહોળ સંતો ભાળજોરે. ૬
ચોરી ચાડી કુકર્મની ચિંતા નહિરે,મહેનત મજુરીમાં લાખ ઘણી લાજ;
ભુંડું થાવાનો ડહોળ સંતો ભાળજોરે.
શીખ સારી નઠોરને તો ના ગમેરે, રૂડું સર્વેનું ચહાય રૂષિરાજ;
ભુંડું થાવાનો ડહોળ સંતો ભાળજોરે. ૭

પદ ૨૩ સું.

૨-૩. રૂડું થવા વિષે.

પાપ મારગમાં કોડી ન પાલવેરે, પરમારથમાં પૂરણ પ્રેમ;
વેળા વળવાની સુણો કોઇ વારતારે,
ઉપજ હોય એથી ખરચ ઓછું આદરેરે,
વરાણ અન વિના નહી નહી વેમ વેળા વળવાની. સુણો૦ ૧
સત્ય સાથે જડેલ જેનો જીવડોરે,
પવિત્રાઇ પુરી ઉજળો આચાર. વેળા૦

દોરા ચીઠિયોમાં વરે નહી દોકડારે,
નવ દેખે દેવાળા દ્વાર. વેળા૦ ૨
આખા ઘરનાં માણુસ થયાં ઉદ્યમીરે,
કોઇ આળસને વાયરે ન જાય. વેળા૦
રૂડું દિશે રળિયાંમણું આંગણુંરે,
અધિકાર જેવો આવોકાર થાય. વેળા૦ ૩
આખા ઘરનાં માણુસ એક સંપનાંરે,
ખરા ખોટાને ઓળખે ખચીત. વેળા૦
સાચા સંતોની નિત્ય જેને સંગતીરે,
ચોર કામોમાં કોઇનું ન ચીત. વેળા૦ ૪
દેવું કરતાં દૂભાય ખુબ દીલડુંરે,
દુધે ધોયેલા આપવા છે દાંમ. વેળા૦
હરિ અર્થે તો ખર્ચ કરે હરખમાંરે,
ભુડયા ખાતે ન વાવરે બદામ. વેળા૦ ૫
કર કાછડીને જીભ કબજે કર્યાંરે,
ભુંડી દાનતનો થાય નહીં ભાવ. વેળા૦
પ્રભુ દયા કરી પડે જેને પાંશરારે,
એજ વેળેથી સૂધરે સ્વભાવ. વેળા૦ ૬
અહાવી વાત માંને એનું નામ માનવીરે,
લુંડ લવરીમાં લાખ ઘણી લાજ. વેળા૦
શીખ સારી નઠોરને તો ના ગમેરે;
રૂડું સર્વેનું ચહાય રૂષિરાજ. વેળા૦ ૭

પદ ૨૪ મું.

નરકના અધિકારી વિષે.

૧. વેદ મરજાદા જેણે મેલી વેગળીરે, મોંઢે વાણુ
ને પેટમાં તો પાપ એતો જમોનાં ગરાગ સંતો જાણજ્યોરે,
કામ જોતાં શરદનાં કુતરાંરે, ક્રોધ જોતાં સંછેડેલો સાપ
એતો જમોનો ગરાગ સંતો જાણજ્યોરે. ૧

લોભ ક્રોધ ને લાંચ કેરા લાલચુરે,
દુષ્ટ બુદ્ધિવાળા દારૂના પિનાર. એતો૦
જીવ હત્યા કરનાર વેણુ જુઠડાંરે,
ગાંજા ખોર ચોર હવેરીના યાર. એતો૦ ૨
દયા હીણુ નવ વાવરે દસુંધનેરે,
દગાખોર તથા નાત્ય તોડનાર. એતો૦
રૂડું પરનું દેખીને ખુણે જૈ રૂવેરે;
પશુ પંખીયાંની આંખ્ય ફોડનાર. એતો૦ ૩
જુઠું કલંક ચઢાવે જાણી જોઈનેરે;
જુઠી સાહેદી પુર્યાનું જેને જોર; એતો૦
ચાર્ય પાણીથી ચાકરી બને નહિંરે;
નાંખે નિસાસા બારણામાં ઢોર. એતો૦ ૪
કરી જાણે નહિ શુભ ખટ કર્મનેરે,
હાથ ઓઢવામાં ખુબ હુંશિયાર. એતો૦
જેને માલુમ મળે નહિ મોક્ષનીરે,
ફૂંકે ચલમને કાન ફૂકનાર. એતો૦ ૫
ધન હરવામાં બારે માસ ધાંખનારે,
ચેલા મુડવામાં લાખ ગણું ચિત્ત. એતો૦
લુણ હરામિ લબાડ મુવા લાગનારે,
રૂડી ગમે જેને અસુરોની રીત. એતો૦ ૬
ઘાત કરી જાણે વિશ્વાસઘાતનીરે;
કરે ધૂળ ધાણી રાંક કેરૂ કાજ. એતો૦
શીખ સારી નઠોરને તો ના ગમેરે,
રૂડુ સર્વેનું ચહાય રૂષિરાજ. એતો૦ ૭

પદ ૨૫ મું.

સંતના ૩૦ લક્ષણ વિષે.

૩-૪. દયાવાન નીર્માન ગુણ દીનતારે,
પવિત્રાઈ ઈંદ્રિજીતને અક્રોધ શુભ લક્ષણથી.ઓળખી૦

નીર્લોભ શોક રહિતને સંતોખીયારે,
બળે હું પદનાં મૂળ એવો બોધ. શુભ૦ ૧
શશિ બરાબર શીતળ સ્વભાવનારે,
ખેમા ગુણવંત પૃથ્વિ પ્રમાણ. શુભ૦
નિત્ય નિમિત કર્મ કરે નીર્મળારે,
મુખે પોતાનાં ના કરે વખાણ. શુભ૦ ૨
પુરી તાળી લાગિ પાંચમા વૈરાગથીરે,
પરધન જેને પથરા સમાન. શુભ૦
પરનારિ જેને પોતા કેરી માવડીરે.
ગળે દેહ અભિમાન એવું જ્ઞાન. શુભ૦ ૩
કામ કાજમાં હરેક વાત ચીતમાં ,
ધીરજ પેગી વિવેકને વિચાર. શુભ૦
શ્રવણ કીર્ત્તન સમરણ ગુરૂ સેવનારે,
વળિ અર્ચન ભક્તિનો અધિકાર. શુભ૦ ૪
છઠ્ઠી વંદનને દાસ ભાવ સાતમીરે,
સખા આઠમી છે ભકિત ખાંડા ધાર. શુભ૦
છેલિ આત્મા નિવેદનતારે સર્વનેરે,
સંત તરી જાય સહેજમાં સંસાર. શુભ૦ ૫
ત્રિસ લક્ષણ સોહામણા સંતનાંરે,
એવા સંત એતો હરિના સમાન. શુભ૦
એના દર્શનથી દોષ સઘળા ટળેરે,
પુન્ય પ્રાગરાજ ત્રિવેણિનું પાન. શુભ૦ ૬
એકલશ્રૃંગી ભગવાનને આશરેરે.
એવા સંત ફરે આ સમે અનેક. શુભ૦
રૂષિરાજ કેરા સંતની એ રીત્ય છેરે,
ટાળે ચોરાશીનાં દુઃખ એવિ ટેક. શુભ૦ ૭

પદ ૨૬ સું.

૧. મને મારીને રથડા ખેડયરે, બાળા રાજારે એ દેશી છે.

ઘોડો ફાટીજા કુણછે ઘોરીરે, પ્રાણિયા પાપીરે;
પ્રભુ જાણેછે ચીતની ચોરીરે, પ્રાણીયા પાપીરે. ૧
કાંક તારાથી પુન્યવાન પાડોરે. પ્રાંણિયા પાપીરે;
તેંતો વાંળી નાંખ્યો આંક આડોરે, પ્રાણિયા પાપીરે. ૨
શ્વાંન તારાથી બાપડાં સારાંરે, પ્રાણિઆ પાપીરે;
તુછ તેનાથી કર્મછે તારાંરે, પ્રાણિયા પાપીરે. ૩
કુળ ઉંચું ને કામ તારાં કાળાંરે, પ્રાણિઆ પાપીરે;
હૈયે વાસ્યાંછે ટંકશાળિ તાળાંરે, પ્રાણિઆ પાપીરે. ૪
રૂદે રોશન વાળે વેણુ રૂડાંરે, પ્રાણિઆ પાપીરે;
શેઠ ભોળાને કાટલાં કુડાંરે, પ્રાણિઆ પાપીરે. ૫
પશુ પાડમાં મનુષ્ય દેહ પાંમીરે, પ્રાણિઆ પાપીરે;
ખરેખાત એક પુંછડાની ખાંમીરે, પ્રાણિઆ પાપીરે. ૬
તારાં લક્ષણ કહેતાં મરૂ લાજીરે, પ્રાણિઆ પાપીરે;
રૂષિરાજ રામ કેમ થાય રાજીરે, પ્રાણિઆ પાપીરે. ૭

પદ ૨૭ મું.

અજ્ઞાની ભેખધારીઓને ઠપકો.

૧. તારા ભેખમાં શો ભદ્રક ભાળુંરે જીવડા જુઠારે,
તારૂ અંતરતો વાસના વાળુંરે. જીવડા૦ ૧
નથિ નાકતણી ડાંડી સામાં નેણાંરે જીવડા૦
નથી વહાલાં વૈરાગનાં વેણાંરે. જીવડા૦ ૨
નથિ રસનાનો સ્વાદ કાંઇ ટકયોરે જીવડા૦
માલ મફતનો ખાઇ પંડ પોખ્યોરે. જીવડા૦ ૩
નથિ શંકર કે રામ લીધા સાધીરે જીવડા૦
આતો આદરીછે ઊલટી ઊપાધીરે. જીવડા૦ ૪
દાંમ જંખવામાં જાય તારા દહાડારે જીવડા૦
તારા અંતરમાં ઘાટ થાય આડારે. જીવડા૦ ૫
ટેવ ભુંડીને તાણિયાં ટીલાંરે જીવડા૦
ઢોર ભડકેને ભોળવાય ભીલાંરે. જીવડા૦ ૬

તારૂં મંન ભણે હેંણી વાતે કાજીરે જીવડા૦
કૃષિરાજરામ કેમ થાય રાજીરે. જીવડા૦ ૭

પદ ૨૮ સું.

૧-૨. તુતો ભણુતરની જાળ્યમાં ભૂલ્યોરે ચાવળા ચહાવારે,
વિષય વનમાંહી માંનમાં કુલ્યોરે. ચાવળા૦ ૧
શોક અગનીમાં શુભ કર્મ શેકયાંરે ચાવળા૦
દોષ દીપડાં નજીક તે ન દેખ્યાંરે. ચાવળા૦ ૨
ધર્મ દેશ ભૂલ્યો થયું ધુળ્યધાણીરે ચાવળા૦
પીવા દોડેછે ઝાંઝુવાનાં પાણીરે. ચાવળા૦ ૩
પેટ ભરવાનાં સંગ છે પોથાંરે ચાવળા૦
ગજબ ગુફામાં ખુબ ખાય ગોથાંરે. ચાવળા૦ ૪
લોભ ડુંગરીએ ચઢિને લુંટાણોરે ચાવળા૦
તોહે સમજેછે ભાગ્યશાળી શાંણોરે. ચાવળા૦ ૫
કાંટા કુંટબના ભચોભચ્ચ ભાગેરે ચાવળા૦
પૂર્ણ પથરા તો માંન તણા વાગેરે. ચાવળા૦ ૬
જાણીબુઝીને ઝઙ્ક કરે ઝાળીરે ચાવળા૦
કૃષિરાજ રામ કેમ થાય રાજીરે. ચાવળા૦ ૭

પદ ૨૯ સું.

મોક્ષના સાધન વિષે.

૩-૪. લાખ વાતોની એક વાત લેજો શિખામણ છેલીરે,
દયા રાખીને અંનદાંન દેજો શિખામણ છેલીરે. ૧
પરધન સાપ પથરો પ્રમાણો શિખામણ છેલીરે,
પરનારય જનેતા સમાન જાંણો શિખામણ છેલીરે. ૨
જુઠ સાથે જરૂર વેર બાંધો શિખામણ છેલીરે,
સાસ ઉસાસે રાંમ તાર સાંધો શિખામણ છેલીરે. ૩
ગુણ ગોવિંદ આનંદભેર ગાવો શિખામણ છેલીરે.
કામ ક્રોધ લોભ સંગ બાંધો દાવો શિખામણ છેલીરે. ૪
પોતપોતાનો ધર્મ સર્વ પાળો શિખામણ છેલીરે,

એમાં અવગુ દેખાય તેને ટાળો શિખામણ છેલીરે. ૫
શીવ વિષ્ણુનું એક નામ સાચું શિખામણ છેલીરે,
બિજું બાતલ કરોડ કામ કાચું શિખામણ છેલીરે,
જ્ઞાન મેળવવા સાંભળો ગીતાજી શિખામણ છેલીરે,
રૂષિરાજ રામ એમ થાય રાજી શિખામણ છેલીરે. ૭

પદ ૩૦ મું.

૭. જાગનારા વિષે પદ રાગ ગરબી.

રામચરણ અનુરાગ્યા, જગમાં સોઇ જાગ્યા. ટેક.
સંતસમાગમ સાંભળી શ્રવણે, વિરહના ભલકા વાગ્યા. જગમાં૦ ૧
મનુષા જનમનો મહિમા પિછાણ્યો, ભવના ટંટા ભાગ્યા. જગમાં૦ ૨
ધન તન વિષમ વિષય રસ ઢોળ્યા, પ્રેમ પિયાલા માગ્યા. જગમાં૦ ૩
ગ્રામ્યકથા તણા કુટિલ ગપાટા, તત્પર થૈને ત્યાગ્યા. જગમાં૦ ૪
ડાહું ડાહું બોલી ડાપણ કરવા, નાત્યની પંચાત્યે નાગ્યા. જગમાં૦ ૫
ગીતાનાં વચન ગળ્યાં.ગળ્યાં સાકર, ઇશ્વરની પાળિ આગ્યા.જગમાં૦ ૬
રોજમેળ રૂષિરાજ કહે રૂદિયે, રહેણીનો લખવા લાગ્યા. જગમાં૦ ૭

પદ ૩૧ મું.

ભરપુર મોહે ભરેલા, નર એજ ઊંઘેલા. ટેક.
તીરથ ભોગ્ય પવીત્ર તજીને, ફોગટ જ્યાં ત્યાં ફરેલા. નર એજ૦ ૧
નારાયણની કથામાંથિ નાઠા, ઠગના મંડળમાં ઠરેલા. નર એજ૦ ૨
મહેનત કરતાં તને ઉઠે તણુખા, ચોરીના માલ ચરેલા. નર એજ૦ ૩
અંતરમાં અજ્ઞાન ભરેલું, ધુતવા વેશ ધરેલા. નર એજ૦ ૪
સ્વારથમાં રજનીદિન શુરા, પરમારથમાં મરેલા. નર એજ૦ ૫
સંત પુરૂષ તણિ સંગત ન ગમે, કપાટના સંગ કરેલા. નર એજ૦ ૬
રૂચે નહિ રૂષિરાજની રચના, વ્યસનમાં વટલેલા. નર એજ૦ ૭

પદ ૩૨ મું.

લાલચમાં લપટાણાંણા નર એજ ઠગાંણા. ટેક.
ક્રોધ ભરેલી અહોનિશ આંખ્યો, વેમના હાથે વેચાણા. નર એજ૦ ૧
કૃષ્ણકથા તો ગમે નહિ કાને, અવળી કથામાં ઉજાણા. નર એજ૦ ૨

દુપદની જેના હૈયામાં હોળી, અજ્ઞાનમાં અવરાંણા. નર એજ૦ ૩
સંતોષ તારાનો સાથ તજીને, તૃષ્ણાના પૂરે તણાણા. નર એજ૦ ૪
પાણિ પીવા પડયા કપટ કુવામાં, પાપના બાંધિને પાંણા.નર એજ૦૫
તોફાન જોવામાં ત્રણ દિન ભાગે, સતસંગમાં શરમાણા. નર એજ૦ ૬
રૂચે નહિ રૂષિરાજની રચના, છળ કરવામાં શાણા. નર એજ૦ ૭

પદ ૩૩ સું.

જેણે ભજ્યા જદુરાયા, નર એજ કમાયા. ટેક.
ભજનતણાં જેણે ભુવન બનાવ્યાં, પુન્યના નાખ્યા પાયા. નર એજ૦ ૧
ભરપુર એક હરીનો ભરૂસો, સંશે સર્વે સમાયા. નર એજ૦ ૨
પાપનું નામ સુણિ વળ્યા પાછા, ધર્મના કામમાં ધાયા. નર એજ૦ ૩
ધંધોચે કરતાં ને હરતાં ને ફરતાં, ગોવિંદના ગુણ ગાયા. નર એજ૦ ૪
કર્મ રૂડાં કરી આભવે કીધા, સહીત સુડીના સવાયા. નર એજ૦ ૫
કૃષ્ણકથા રૂડિ કાશિના ઘાટે, જ્ઞાન ગંગા માંહિ નહાયા. નર એજ૦ ૬
રૂચે ભલિ રૂષિરાજની રચના, પંડિતમાં પોસાયા. નર એજ૦ ૭

પદ ૩૪ સું.

ધીરજ વિષે.

હરિનો મારગ છે સુરાનો, નહિ કાયરનું કામ જોને. એ દેશી છે.
ધીરજ ધરને અરે અધીરા, ઈશ્વર દેશે અન્ન જોને,
ખકલતણો છે પ્રભુને ખટકો, માને સાચું મન જોને. ૧
જન્મ્યા પહેલો જગના નાથે, ઉપાય સોધ્યો શુદ્ધ જોને,
હાડ માંસના હૈયા મધ્યે, દેવે સરજ્યું દૂધ જોને. ૨
કોશંટામાં કીટ વસે છે, ઇશ્વર પૂરે અહાર જોને,
હાથીને મણ કીડીને કણ, ચાર પગાંને ચારય જોને. ૩
મસીદ કેરા કેલમનારા, ઉપર ઉગ્યાં ઝાડ જોને;
પથરા ઉપર પાણી પામે, પરમેશ્વરનો પાડજોને. ૪
અજગર સુતો અરણ્ય મધ્યે. ડગલું નવ દે ડોટય જોને;
વીશ્વંભરનું બરદ વિચારો. ખાવાની શી ખોટય જોને. ૫
અનળ જનાવર રહે આકાશે, મહજર ભરખે મહોટા જોને;

જગના માટે હરીયે જમાવ્ય, ગગને જળના ગોટા જોને. ૬
મરાળ કેરો ચારો મોતી, વખતે આપે વહાલો જોને,
રૂષિરાજ કે રામ ભરૂસો રાખી મગને મહાલો જોને. ૭

પદ ૩૫ મું.

બાલક રૂવે બાઉવા માટે, માતા સમજે મર્મ જોને;
પ્રાણી કેરી મરજી પરખે, ધરણીધરનો ધર્મ જોને. ૧
ચાંચ બનાવિ તેને ચિંતા, કાયર મન શીદ કરિયે જોને;
પેટ ઘડયું તે પોષણ કરશે, ફિકર તજીને ફરિયે જોને. ૨
માણુક મોતી મોઘાં કોધાં, ધરથી સુંઘા ધાન જોને;
અમૃત જેવાં પાણી અમથાં, દિનબંધુનાં દાનજોને. ૩
સૂરજ આપે પ્રકાશ સહુને, દમડી ન પડે દેવી જોને;
વગર બદામે વાય વાયરો, કેશવ કરૂણા કેવી જોને. ૪
સુર પંખીને સો મણ નીત્યે, ખાવા જોઇએ ખીર જોને;
દૂધલડાંના દરિયા કાંઠે, સરજ્યાં એનાં શરીર જોને. ૫
જન્મ્યાં તેને જીવાડવાની, માવીતરને મગતા જોને,
વીશ્વ પિતા છે વિશ્વંભરજી, શાથી ન ધરે શમતા જોને. ૬
અજબ દયા છે અલબેલાની, હૈયું રાખો હાથ જોને;
રૂષિરાજ કે પતીજ રાખો, બેલી બદરીનાથ જોને. ૭

પદ ૩૬ મું.

શું કરવા તું સુખના માટે, ઘે છે દોડા દોડય જોને;
તારાં સુખ તો તુજને સોધે, સુઇ રહે તાંણી સોડય જોને. ૧
માગ્યાથી ના મળે મેઉલા, માગ્યે મળે તો માગી જોને;
મહોત સરીખું માગ્યે ન મળે, જીવડલા તું જાગી જોને. ૨
અવસર વીના ફળ નવ આવે, સો મણ પાણી સેંચી જોને;
પુત્ર વીના પારણિયૂં ખાલી, સો મણ સાકર વહેંચી જોને. ૩
માગ્યા વિના સુખ ન મળે તો, સંકટ આવે શાથી જોને;
બારણિયામાં સર્વે બાંધત, હેમ ભરેલા હાથી જોને. ૪
જગમાં સર્વે પુત્ર ઝુલાવત, વાંઝણિ ન રહેત વિનતા જોને;

લાલચ રાખે લાભ મળે તો, કોઈ ન દેખત દીનતા જોને. ૫
ભાગ્ય પ્રમાણે ભોગવવાનું, એ તે કયમ થાય અળગું જોને;
કોટી ઉપાયે કેડય ન મેલે વજ્જર થૈને વળગ્યું જોને. ૬
હીંમત રાખી હરી ભજીલ્યે, બીજી આશા બાળ્ય જોને;
રૂષિરાજ કે સુખ દુઃખ રચના, ભાવ કરીને ભાળ્ય જોને. ૭

પદ ૩૭ મું.

ધીરજ રાખે તેને ધન્ય છે, બને નહી બે ભાન જોને;
પાંડવ પાંચે વન પરવરિયા, દુઃખને દીધાં માન જોને. ૧
હરિચંદ્રની હરી સંગાથે, લગની કેવી લાગી જોને;
અંતજ ઘેરે આપે વસિયા, ભવની ભાવટ ભાગી જોને. ૨
પ્રેહેલાદજીને પૂરણ પીડા, દૈતપતીયે દીધી જોને;
સુખના જેવી સહન કરી તો, કેશવે રક્ષા કીધી જોને. ૩
શેર મળ્યું નહિ સુદા માને, તો પણ આનંદ તેવો જોને;
મોળી ભાજી વિદુરે માની, સુતર જેવી સેવો જોને. ૪
મુધ્વજરાયે મસ્તક મધ્યે. કરવત લીધું કોડે જોને;
સગાળસાયે સૂત વધેર્યો, ત્યાગી દીઠા ટોડે જોને. ૫
રતિદેવના રૂદિયા મધ્યે. જરણા કેરો જોગ જોને;
માધવદાસે લીધો માગી, રાજી થઇને રોગ જોને. ૬
દુખને દેખી હરિજન ન ડરે, કરે ફીકરના ફાકા જોને;
રૂષિરાજ કહે રઘુવર બંદા. કાળ તણા પણ કાકા જોને. ૭

પદ ૩૮ મું.

રાધાના વર શિદને રોકે મહીં મારાં એ દેશી છે.

દુનિયાં રૂઠીને શું કરશે, પ્રભુ જેના બેલી,
કોઇના માર્યા કેમ મરશે પ્રભુ જેના બેલી. ટેક.
લાખા ગ્રહમાં પૂર્યા પાંડવોને, કૌરવે લહાય કરેલી. પ્રભુ૦ ૧
ચંદ્રહાસ કેરી વહારેરે ચઢિયા, વિખ ફેડી વિખયા લખેલી. પ્રભુ૦ ૨
ભિરમાંગદની ભવાનિને માટે, શામળિયે કિધિ શેલી. પ્રભુ૦ ૩
શીતળ જેવી સુધન્વાનિ કીધી, તેલ કઢા ઉકળેલી. પ્રભુ૦ ૪

અંબરિખને આપે આપ ઉગાર્યા, દુરવાસાને લહાય મેલી. પ્રભુ૦ ૫
હરિચંદ્રરાયનિ હરકત જાણી, બાજી સુધારીરે છેલી. પ્રભુ૦ ૬
દુરિજનિયાં રૂષિરાજને દુભે, તેમ તેમ આનંદ હેલી. પ્રભુ૦ ૭

પદ ૩૯ મું.

દુરિજનિયાં કેમ ઠરશે, અનાદીનાં અવળાં;
માથાં કુટી કુટી મરશે, અનાદીનાં અવળાં. ટેક.
સીતાને સંતાપી વનમાં વોળાવ્યાં,
ઠારયાં એવાં એતો ઠરશે. અનાદીનાં૦ ૧
જ્યાંરે ઉગે ત્યાં તો જરિયે ન વાવે,
ખારોડય ધરતીમાં ધરશે. અનાદીનાં૦ ૨
સંત અસંતની રીત્ય ન સમજે,
આડે ધડેથી ઉચરશે. અનાદીનાં૦ ૩
સવળા ઉપાયનો સંગ કરે નહિ,
અવળા ઉપાય આદરશે. અનાદીનાં૦ ૪
તુછ મતી પશુ પુંછ વિનાનાં,
ડાપણુમાં ફુલ્યાં ફરશે. અનાદીનાં૦ ૫
ગોવિંદ સરખા ગુરૂને ન ગાંઠે,
કેડેથી કીરતિયો કરશે. અનાદીનાં૦ ૬
નાજ ગમે રૂષિરાજની નજરે,
દહિતોની ઓધે ઉતરશે. અનાદીનાં૦ ૭

પદ ૪૦ મું.

ચારે જુગોમાંરે ચહાવા અધરમી અનાદી,
આગળ આહાવાને આહાવા અધરમી૦ ટેક.
પહેલા જુગે હિરણાકંસ પાપી, ધરમીને ધાતોરે ખાવા. અધરમી૦ ૧
ત્રેતામાં રાવણે ત્રાસ પડાવ્યા, દશરથને ઘેર દાવા. અધરમી૦ ૨
દ્વાપરમાં ફરયાં દૈતોનાં ટોળાં, સંતોને ત્રાસ પડાવા. અધરમી૦ ૩
દ્વાપર અંતે થયો દુરજ્યોધન, પાંડવોને ઝેર પાવા. અધરમી૦ ૪
કંસ શિશુપાળ કૌરવ કેશી, લાગિયા ધરતી ધ્રુજાવા. અધરમી૦ ૫

કળિજુગમાં પણ કૌરવ જેવા, બહુ ફરે બાબુ ને બાવા. અધરમી૦ ૬
ચારે જુગે રૂષિરાજ તણા ચોર, અધરમને ઉપજાવા. અધરમી૦ ૭
હરિજનનાં દુખ હરવા, શામળિયોજી શુરા;

પદ ૪૧ મું.

દુષ્ટોનું કડતલ કરવા શામળિયોજી શુરા. હરિજનનાં૦ ટેક.
પંચાળિનાં ચીર પાપિયે તાંણ્યાં, મૂઢ દુશ્સાસને મરવા. શામ૦ ૧
એજ વેળે અલબેલો ઉજાણા, ભંડાર ચીરના ભરવા. શામ૦ ૨
રોકયાં શિશુપાળે રૂકમણીને, ફેરા ઉતાવળા ફરવા. શામ૦ ૩
અબળાની અરજ સુણીને ઉજાયા, વિશ્વપતિ પોતે વરવા. શામ૦ ૪
પ્રહેલાદના પ્રાણ લેવા અસુરે, અધરમ માંડયો આદરવા. શામ૦ ૫
નરસિંહ રૂપ ધર્યું દિનાનાથે, દહિતને ઝાદયો વેતરવા. શામ૦ ૬
લાખો હરિજનની રાખી લજ્યા, ધિરજ રૂષિરાજ ધરવા. શામ૦ ૭

પદ ૪૨ મું.

હાંરે દિલમાં દેખી લ્યોરે દેખી લ્યો, સકળ તીરથનો ખુબ સંઘ
ખીલ્યોરે દિલમાં૦ ટેક.
હાંરે જ્ઞાન ગંગાજળ કૃષ્ણકથા કાશી, જ્યોગ જગન્નાથ અવધ સંત આશી;
હાંરે કુરૂક્ષેત્ર કોમળ ચીત વીશ્વાસીરે. દિલમાં૦ ૧
હાંરે અવંતિપુરી આચાર સિંધુ સેવા, ધિરજ ધરણિધર દાન દેવિ દેવા;
હાંરે રામ રામ રામ રામ વાણિ રેવારે. દિલમાં૦ ૨
હાંરે દયા દ્વારામતિ બદ્રિનાથ બાનું, પુરિ સુદામાની શાંતિ પુન્ય છાનું;
હાંરે મૂનિવ્રત શહેર મથુરાં હું માનુંરે. દિલમાં૦ ૩
હાંરે તીવ્ર તપસા તો જાણવી ત્રિવેણી, સેતુબંધ રામનાથ રૂડિ રહેણી;
હાંરે મહિસાગર તો ક્ષમા મોક્ષ દેણીરે. દિલમાં૦ ૪
હાંરે પ્રભુ આશરો પ્રયાગરાજ પરખો, નદી સરસ્વતી નિમ્રતાને નિરખો;
હાંરે આબુરાજ તો અક્રોધ મેરૂ સરખોરે. દિલમાં૦ ૫
હાંરે ગુરૂ શિક્ષા તો ગોમતિનો આરો, ધર્મ ધારણા તો સાભ્રમતિ ધારો;
હાંરે સુવિચાર ગીરનાર પહાડ પ્યારોરે. દિલમાં૦ ૬
હાંરે વિધિ વીવેક સંતોષ વિષ્ણુ સ્વામી, નિલકંઠજી વૈરાગ નીષ્કામી;

હાંરે રૂષિરાજે ખોળી જોયું નથી ખાંમીરે. દિલમાં૦ ૭

પદ ૪૩ મું.

આસુરી જીવને બોધ ન લાગે તે વિષે.

બોધકમાં નહિ બાધ, પાત્રમાં પાપ રહ્યું છે. બોધકમાં નહિ બાધ. ટેક.
પારસ પરશે હેમ ન હોય તો, આયસનો અપરાધ. પાત્રમાં૦ ૧
પલળે નહિ પાષાણ કદાપિ, ઉંડું નીર અગાધ. પાત્રમાં૦ ૨
સરાવનારો કહોને શું કરે, અવળચંડિનું શ્રાધ. પાત્રમાં૦ ૩
દરપણમાં રવિ પુરણ દરશે, દુણીની કયાં કરૂ દાદ. પાત્રમાં૦ ૪
સુરજ ઉગ્યે સરવે દેખે, ઉલક દે અપવાદ. પાત્રમાં૦ ૫
દેવ જગ્યામાં દારા દેખી, મહેલેછે મરજાદ. પાત્રમાં૦ ૬
સર્વે સુણે રૂષિરાજની રચના, સરખો ન લહે સ્વાદ. પાત્રમાં૦ ૭

પદ ૪૪ મું.

અજ્ઞાનમાં દુઃખ વિષે રાગ ધોળ.

લાવ લાવ સખી એક કાગળ લખીયે હરિનેરે, એ દેશી છે.

સદા સુખીયા જગતમાં સંત, દુરીજન દુખિયાંરે;
નાવે અકળામણનો અંત, મુરખનાં મુખીયાંરે. ૧
રૂવે રાત દિવસ સહુ રાંક, ભુખે મન ભટકેરે;
વડો પૂર્વજનમનો વાંક, ખરેખરો ખટકેરે. ૨
તાલેવંતને અંતરે ત્રાસ, ધાંખના છે ધનનીરે;
રખે થૈ જાય નાણાનો નાશ, મહા વ્યાધિ મનનીરે. ૩
સુવાસણને ધણીનો સંતાપ, હુકમ કરે હાળીરે;
વિધવાનાં તો પૂરણ પાપ, ઉમર ઓશિયાળીરે. ૪
વણ પરણેલા મનમાં મુંઝાય, ફોગટ જેવા ફરિયેરે;
પરણેલા પુરણ પસ્તાય, હવે શું કરિયેરે. ૫
લોગ લાગ્યા તે લીધો ભેખ, બોલે એવું બાધારે;
પડી હાથમાં રોબડ રેખ, એથી થયા આહાવારે. ૬
જેને પડપંચ ઉપર પ્રીત, ઝુરે એ તો આઝુંરે;
રૂષિરાજનિ સમજે રીત, તેને સુખ તાજુરે. ૭

પદ ૪૫ મું.

મહા દૂ:ખ ધરે મહિપાળ, ઘણા વેરી ગાજેરે;
ઝેળ દીધાની અંતરે ઝાળ, દહાડી દિલ દાઝેરે. ૧
રાણિયોને તો નહિ સુખ લેશ, શોકડલિયો સાલેરે,
કાળ જેથી મટે નહિ કલેશ, અંધીખાંનાં આલેરે; ૨
પુત્રવંતીઓ ચુંટે પેટ, છકી ગયા છૈયારે;
કરૂં કયાં લગિ તારી વેઠય, કાળા હોના કૈયારે. ૩
જેની રહેછે કુંવારી કુખ, એ તો ઢાળે આંસુરે;
દહાડી સંભારે દારૂણ દૂખ, જનમ ગયો ફાંસૂરે. ૪
કુળવંત કરે કકળાટ, દેવામાંહિ ડુલ્યારે;
આઠે પહોર અખંડ ઉચાટ, ભજન એથી ભુલ્યારે. ૫
ઓછા કુળવાળા અકળાય, વધી ગયા વાંઢારે;
પ્રભુ સરજાડયા શિદ આંય, ન સરજાડયા ઢાંઢારે. ૬
જેને પડપંચ ઉપર પ્રીત, દારૂણ એ તો દુખિયારે;
રૂષિરાજનિ સમઝે રીત, સદાય એ તો સુખીયારે. ૭

પદ ૪૬ મું.

ડાહ્યાનાં દીલ દહાડી દુભાય, ભોગે થયા ડાહ્યારે,
ઘડી જંપ્યા નહીં ઘરમાંય, કર્યા લોકે કાહ્યારે. ૧
મૂરખા મનમાંહિ મુઝાય, પશુ જેવા પાકયારે;
ખુણે જઇને નિસાસા ખાય, ઝુરી ઝુરી થાકયારે. ૨
ભણેલાંને જડે નહિ ભેદ, ગયું સુખ છેટેરે;
વાંચી વાંચી ઉથામ્યા વેદ, જાણ્યું બ્રહ્મ ભેઠેરે. ૩
દયાવંતને અંતરે દાઝય, દૂખે ભરે ડગલુંરે;
રાજા ભરતે તજયું બધું રાજ, તોયે થયા મૃગલુંર. ૪
જોગી થૈને સાધે વન જોગ, સિદ્ધિયોના સારૂંરે;
વાધે અંતરે વાસના રોગ, વડું દુઃખ વારૂંરે. ૫
દેવલોકમાં વળિયો ડાટ, જરાયે ન જપિયારે;
ઇંદ્રને આઠે પહોર ઉચાટ, ત્રાસે જોઇ તપિયારે. ૬

જેને પરપંચ ઉપર પ્રીત, એને દુઃખ દરિયારે;
રૂષિરાજની સમજે રીત, સુખે એ તો ઠરિયારે. ૭

પદ ૪૭ મું.

૪. અતિ ઉત્તમ આતમ જ્ઞાન, દશા જેને આવેરે;
મટે દેહતણું અભિમાન, ફરી નવ આવેરે ૧
વળી સંતસમાગમ નિત્ય, રૂડા કરિ જાણેરે;
છેલી ભક્તિમાં પૂરણ પ્રીત્ય, મહા સુખ માંણેરે. ૨
મનમાંહિ સંતોષ સદાય, ભલિ રિત્યે ભાવેરે;
એ તો કેદિ ઉદાસિ ન થાય, અખે સુખ આવેરે. ૩
ચાર લક્ષણમાં જેનું ચીત, તેના તાપ ટળિયારે;
એતો ત્રણે ગુણેથી અતીત, મહાપદે મળિયારે. ૪
તજે આપોપું આઠે પહોર, અતીશે ઉમંગેરે;
હરવેળે હરિની હોર, રહે રૂડે રંગેરે. ૫
બાઈ ભાઇ કે રાગિ વેરાગિ, વસ્તિ વનવાસીરે;
લગની જેને આ રિત્ય લાગી, એને નિત્ય કાશીરે. ૬
રૂષિરાજનિ સમજે રીત્ય, મતામત મેલીરે;
એના ઉપર પૂરણ પ્રીત્ય, બદરીપતિ બેલીરે ૭

પદ ૪૮ મું. પદ રાગ ધોળ.

૨-૩. જનરખ રાયને માંડવે એ દેશી છે.

હરિગુણ ગાવામાં હુંસીલા, જગમાં હરિનારે જંન;
ખરશું ખાઇ જાણે ખીરને, મલકે ઉકરડે મંન,
પામર પ્રભુરસ તે શું પીયે, પામર હરિરસ તે શું પીયે. પામર૦ ૧
કાગ મોતીને શું કરે, મોતી ભરખે મરાળ;
પાનનાં બીડાં શાં પાડાને, પાડો સોધે પરાળ. પામર૦ ૨
અંધા આગળ શી આરશી, સમઝે છાણા સમાન;
બહેરા આગળ શું બોલવું, કયમ કરિ ઉઘડશે કાન. પામર૦ ૩
ભમરે ગેંગાને ભોળવી, બાધો દેખાડયો બાગ;
જોતાં વાડીનાં ઝાડુવા, ભાગ્યો વાંટાનો ભાગ. પામર૦ ૪

શ્વાનન સમઝેરે સંપમાં, અગણિત દેતાં ઉપદેશ;
નજરે નાતીલાં ન્યાળીને, દિલમાં દાખવશે દ્વેશ. પામર૦ ૫
અન્નનાં ભોજન શાં ઊંટને, રીઝે ઝાંખરને જોઈ;
ઈતડી વળગી અડાણુમાં, પીશે પય છાંડી લોઈ. પામર૦ ૬
પુરૂષાતન ઇચ્છે પાવૈયો, એકે ન મળે ઇલાજ;
કાળી કાંબેળને કર્મજનો, રંગ ન લાગે રૂષિરાજ. પામર૦ ૭

પદ ૪૯ મું.

ઠરસે કંચનના થાળમાં, ડુંગરી વાઘેણનું દુધ;
ત્રાંબા પીતળમાં નહિ ટકે, સો વાર કરિયે જો શુદ્ધ,
પ્રભુરસ પ્રેમીજન પી શકે, હરિરસ હરિના જન પી શકે. ૧
સોમવલ્લી સંસારમાં, પચવે બ્રાહ્મણનો પુત્ર;
વમશે બીજી સહુ વર્ણને, શું થાય ધારેથી સુત્ર. પ્રભુ રસ૦ ૨
ખારા જળનીરે માછલી, મીઠા જળમાં મરિ જાય;
ખાશે કુતરૂં ખીર તો, ઉલક ઓચંતી થાય, પ્રભુ રસ૦
અફિણ કેરીરે ઇયળનું, મળશે ગોળેથી મહોત-
જળ રૂતુ પામીને જવાસા, સુકાય શાખા થડ સોત. પ્રભુ રસ૦ ૪
આખા જગનીરે આંખ્યોને, સુરજ ઉગે સુખ થાય;
ઉલ્લુક જગમાં અભાગીયાં, દીવસે કાંઈ ન દેખાય. પ્રભુ રસ૦ ૫
સેવે સાકરને શ્રીમંતા, કરવા સુંદર કાય;
ખર જો કાંકરો ખાય તો, જીવનું જોખમ થાય. પ્રભુ રસ૦ ૬
માંઘા મખમલનાં મુઢિયાં, મઢતાં બગડે પખાજ;
દેઇને આટલા દાખલા, રચના કીધી રૂષિરાજ. પ્રભુ રસ૦ ૭

૩-૪.

પદ ૫૦ મું.

પ્રગટે સાચી જો પ્રીતડી, ભેટે સહેજે ભગવંત,
એહેવા પ્રેમીઆ વિશ્વમાં, સમજુ જેવલ્લા સંત;
પરખો લક્ષણ એ પ્રેમનાં, સમજો લક્ષણ એ સ્નેહનાં. પરખો૦ ૧
ચાતક સ્વાતિની ચાહના, વિખસમ ધરતીનાં વારિ;
ચંદમાં સુરતા ચકોરની, એથી ભરખે અંગાર. પરખો૦ ૨

હરિયલ પંખીના હૈયાનો, ભાળો લાકડ શું ભાવ:
મરતાં સૂધી પણ ન મહેલે, ન ધરે પ્રથવીપર પાય. પરખો૦ ૩
દિલડું બંધાણું દીવામાં, પ્રેમી દેખો પતંગ
રોકયો તોહે પણ નવ રહે, અરપે પોતાનું અંગ. પરખો૦ ૪
શબ્દ વેણુનો સાંભળી, છુટે ત્રષ્ણાથી તાન;
મોહ્યાં નાદનાં મૃગલાં, ભુલે ચરવાનું ભાન. પરખો૦ ૫
સતિ પોતાના સ્વામિના, સાથે બાળે શરીર;
સૂરો ઘોડે સંગ્રામમાં, છેદી પોતાનું શીર. પરખો૦ ૬
ભમરો કમળનો ભોગીયો, પ્રેમે ખુવે છે પ્રાણ;
રચના અહાત્રી રૂષિરાજની, એ પણ પ્રીતી એધાંણ. પરખો૦ ૭

પદ ૫૧ મું.

નૈષ્ટિક બ્રહ્મચારી નારદજી, સનકાદિકને શુકદેવ;
પામ્યા એહેવાંની પંકતીને, ઘેર બેઠે ગંગેવ,
સમજુ તરિયા સંસારમાં, બીજા બુડયા સંસારમાં. ૧
સુદામાજીને સુદરી, ઉપજયાં બાળક એ આઠ;
જનકે રહિયતને જાળવી, રાખ્યો ઠકરાઇનો. સમજુ૦ ૨
વાડવ કુળના વસીષ્ટજી, વદતા વેદનો વાદ;
અસુરકુળ માંહિ ઉપજયા, પહેલા જુગમાં પ્રેલ્હાદ. સ૦ ૩
સતી તારાને સતરૂપા, નિરગુણ રૂષિઓની નાર્ય;
પુત્રી વેશ્યાની પીંગળા, પહોંચી વૈકુઠ પાર્ય. સમજુ૦ ૪
સુવરણ લંકા સોહામણી, ભોગવિ ભભીક્ષણ ભુપ;
વિદૂર નિરધન વૈરાગીયા, સમજયા આમ સ્વરૂપ. સમજુ૦ ૫
જોગી ભોગી કે જાત્યનો, નથી જડતો નિરધાર;
સમજણ શુદ્ધિ સિધાંત એ, પારે નીગમ પોકાર. સમજુ૦ ૬
શવરી કોળીના સાથમાં, સમજી ભગતીનો ભેદ
રીઝવ્યા સ્વામિ રૂષિરાજનો, જેને વરણવે વેદ. સમજુ૦ ૭

પદ ૫૨ મું.

મતતો હરિવતને બીજા મતડાં, મત તો ગીતાનો અને બીજા મતડાં;
મતતો હરિમત૦

કામ જીતે તે જતી બિજાં જતડાં વ્રતતો હરિવ્રત ટેક.
મહિતળ આ વ્રતનો મહિમા છે. વાલ્મિકજી પણ વર્ણવી ગયા છે;
શૌનકસનકાદિકની સહી છે, કપિલ મુનિયે પણ કરવી કહી છે.
વ્રતતો હરિવ્રત૦ ૧
જનક વિભીષણ આ વ્રત જાણે, વ્યાસ વસિષ્ઠ વરિષ્ટ વખાણે;
એકાદશી અંબરીખેં ઉપાસી, પ્રિયવૃતને પ્રલ્હાદે પ્રકાશી.
વ્રતતો હરિવ્રત૦ ૨
નારદજીનું એકાદશી નાણું, વાહરેવાઃ વ્રત હુંએ વખાણું;
વૈષ્ણવ માત્રને આ વ્રત વહાલું, આ વ્રત ન કરે તો જ્ઞાન છે ઠાલું.
વ્રતતો હરિવ્રત૦ ૩
ચાર વરણ અને આશ્રમ ચારે, ન કરે તેને જમ મુદગરે મારે;
અતિ બાળક અતિ વૃદ્ધને રોગી, આ વ્રતનાં નહિ ત્રણે ઉપોગી.
વ્રતતો હરિવ્રત૦ ૪
જગમાંહિ આદર્યું આ વ્રત જેણે, તારેથી વશ્ય કર્યો મને તેણે;
જાણે અજાણે જો અમૃત પીશે, અમર થઇ જાય સ શે ન દીશે.
વ્રતતો હરિવ્રત૦ ૫
કલ્પતરુ તળે સંકલ્પ કરિયે, સફળ મનોરથ બાકિ ન જરિયે;
ચિંતામણી જગમાં સિદ્ધિ જેવી, એકાદશી સુખદાયક એવી.
વ્રતતો હરિવ્રત૦ ૬
કોઇ નર નાવનો આશ્રય કરશે, તે નર સહેજે સમુદ્રને તરશે;
દુઃખને હરે સુર સૂરભિ દેવી, એકાદશી સુખદાયક એવી.
વ્રતતો હરિવ્રત૦ ૭
એકે એકાદશિ વ્રતન કરે જો, એજ હવે કુતરો અવતરે જો;
તે ભવમાં ભુખ વેઠશે તેવી, એકાદશી સુખદાયક એવી.
વ્રતતો હરિવ્રત૦ ૮
ગાય બ્રાહ્મણ અને બાળક ગોરી, ચારે હત્યાઓ કરે વળિ ચોરી;
પાપની પોટલિ માંથે ઉપાડી, એકાદશીમાં કરે જિભ આડી.
વ્રતતો હરિવ્રત૦ ૯

બિજાને વ્રત કરવા પરબોધે, સ્વર્ગનો મારગ સહેજમાં સોધે;
એકાદશી વ્રતનું અજવાળું, કેકનું પાપ ટળી ગયું કાળું.
વ્રતતો હરિવ્રત૦ ૧૦

નરતનમાં કૃત દોષ નડેલા, પોતાના પૂર્વજ નરકે પડેલા;
હરિવ્રત કરશે હરિજન હાંમે, વેગમાં વૈકુંઠ પૂર્વજ પામે.
વ્રતતો હરિવ્રત૦ ૧૧

પુત્ર વિના હોય પારણું ખાલી, મનમાંહી એજ પીડા મત વાલી;
એકાદશીનું ઉપાસન કરશે, શ્રીહરિ કહે એનો સ્વારથ સરશે.
વ્રતતો હરિવ્રત૦ ૧૨

મુજ કારણે વ્રત જે કરે મારૂં, તે નરને ભવ સાગર તારૂં;
એ રિત ઇશ્વર આપ ઉચરિયા, દયારે ક્ષમા સુખના પ્રભુ દરિયા.
વ્રતતો હરિવ્રત૦ ૧૩

દોષ હજારો આ વૃત્ત દહેછે, કૃષ્ણ કૃપાનિધિ પોતે કહેછે;
રક્ષક ગૌ રૂષિરાજનો રાજા, ગોવિંદ ગિરધર ગરિબ નિવાજા.
વ્રતતો હરિવ્રત૦ ૧૪



નરસિંહ મહેતા.

પદ ૧ લું–રાગ પ્રભાત.

સમરને શ્રીહરી, મેલ્ય મમતા પરી, જોને વિચારીને મૂળ તારૂં;
તું અલ્યા કોણને, કોને વળગી રહ્યો, વગર સમજે કહે મ્હારૂં મ્હારૂં.
સમરને શ્રીહરી.
દેહ તારી નથી, જો તું જુગતે કરી, રાખતાં નવ રહે નિશ્ચે જાયે;
દેહ સંબંધ તજે, નવનવાં બહુ થશે, પુત્ર કલત્ર પરિવાર વ્હાએ.
સમરને શ્રીહરી.
ધન તણું ધ્યાન તું, અહોનિશ આદરે, એજ તારે અંતરાય મોટી;
પાસે છે પિયુ અલ્યા, કેમ ગયો વિસરી, હાથથી બાજી ગઈ થયોરે ખોટી.
સમરને શ્રીહરી.
ભર નિદ્રા ભર્યા, રૂંધિ ઘેર્યો ઘણો, સંતના શબ્દ સુણિ કાંન જાગે;
ન જાગતાં નરસૈયા, લાજ છે અતિ ઘણી, જન્મોજન્મ તારી ખાંત ભાગે.
સમરને શ્રીહરી.

પદ ૨ જું.

ધ્યાન ધર હરિતણું, અલ્પ મતિ આળસુ, જે થકી જન્મનાં દુઃખ જાયે;
અવર ધંધો કરે, અરથ કાંઈ નવ સરે, માયા દેખાડિને મૃત્યુ વહાયે.
ધ્યાન ધર હરિ તણું.
સકળ કલ્યાણ શ્રીકૃષ્ણના ચરણમાં, શરણ આવે સુખ પાર હોયે;
અવર વેપાર તું, મેલ્ય મિથ્યા કરી, કૃષ્ણનું નામ તું રાખ ગ્હોયે.
ધ્યાન ધર હરિ તણું.

પટક માયા પરી, અટક ચરણે હરી, વટકયમાં વાત સુણતાં સાચી;
આશનું ભવન આકાશ સૂધી રચ્યું, મૂઢ એ મૂળથી ભીંત કાચી.
ધ્યાન ધર હરિ તણું.
અંગ જોબન ગયું, પલિત પિંજર થયું, તોય નથી હ્લેતો શ્રીકૃષ્ણ કહેવું;
ચેતરે ચેત દિન, ચારછે લાભના, લીંબુ લ્હેકાવતાં રાજ લેવું.
ધ્યાન ધર હરિ તણું.
સરસ ગુણ હરિતણા, જે જનો અનુસરયા, તે તણા સુજશ તો જગત બોલે;
નરસૈયા રંકને, પ્રીત પ્રભુ શું ઘણી, અવર વેપાર નહિ ભજન તોલે.
ધ્યાન ધર હરિ તણું.

પદ ૩ જું.

કૃષ્ણ કીર્તન વિના, નર સદા સૂતકી, વિમળ કીધે વપૂ શુદ્ધ ન થાયે;
સકળ તીરથ શ્રીકૃષ્ણ કીર્તન કથા, હરિ તણા દાસ જેને હેતે ગાયે.
કૃષ્ણ કીર્તન વિના૦
પૂર્ણ પુરૂષોત્તમ, નવલ રંગીતજી, અન્ય દેવે જેનું મંન મોહે;
કોટી ચિંતામણી કામધેનું તજી, મહિષિના પૂત્રનું દૂધ દોહે.
કૃષ્ણ કીર્તન વિના૦
ગર્ગ જોશી જશ ગાય જેનો સદા, નારદ નામ મુખથી ન મૂકે;
તે બ્રહ્મદ્વાર આવીને ઉભા રહ્યા, ગોપિકા મૂખ જોવાને ઢુંકે.
કૃષ્ણ કીર્તન વિના૦
અજ ભવ સુરપતિ, સ્વપ્ને પેખે નહીં, નેતિ નેતિ કહી નિગમ વામે;
નરસૈયો રંક, જશ ગાઇને રીઝવે, સહસ્ર મુખે શેષ પાર ન પામે.
કૃષ્ણ કીર્તન વિના૦

પદ ૪ થું.

હરિ હરિ રટણ કર, કઠણ કળીકાળમાં, દામ બેસે નહીં કામ સરસે;
ભક્ત આધીન છે, શ્યામસુંદર સદા, તે તારાં કારજ સિદ્ધ કરશે.
હરિ હરિ રટણ કર૦
અલ્પ સુખ સારૂ શું, મૂઢ ફૂલ્યો ફરે, શીશ પર કાળ રહ્યો દંત કરડે;
પામર પલકની, ખબર તુંજને નહીં, મૂઢ શુ જોઇને મૂછ મરડે.
હરિ હરિ રટણ કર૦

પ્રૌઢ પાપે કરી, બુદ્ધિ પાછી ફરી, પરહરી થડ શું ડાળે વળગ્યો;
ઇશને ઇર્ષા, છે નહીં જીવ પર, આપણે અવગુણે રહ્યોરે અળગો.
હરિ હરિ રટણ કર૦
પરપંચ પરહરો, સાર હ્રદિયે ધરો, ઉચરો હરિ મુખે અચળ વાણી;
નરસૈયા હરિતણી, ભક્તિ ભૂલીશમાં, ભકિત વિના બિજું ધુળધાણી.
હરિ હરિ રટણ કર૦

પદ ૫ મું.

બાપજી પાપમેં, કવણ કીધાં હશે, નામ લેતાં તારૂં નિદ્રા આવે;
ઉંઘ આલસ્ય આહારમેં આદર્યો, લાભ વિના લવ કરવી મેંન ભાવે.
બાપજી પાપમેં૦
દિન પુંઠે દિન તો વહિ જાય છે, દુરમતીનાં મેં ભર્યાંરે ડાલાં;
ભક્તિ ભૂતલ વિષે, નવ કરી તાહરી, ખાંડયાં સંસારનાં થોથાં ઠાલાં.
બાપજી પાપમેં૦
દેહ છે જુઠડી, કરમ છે જુઠડાં, ભીરભંજન તારૂં નામ સાચું,
ફરિફરી વરણવું, શ્રીહરિ તુજને, પતિત પાવન તારૂં નામ જાચું.
બાપજી પાપમેં૦
તારી કરૂણા વિના, કૃષ્ણ કોરામણા, કળ અને વિકળનું બળ ન ફાવે;
નરસૈયા રંકને જંખના તાહરી, હેટબેડી ભાગો શરણ આવે.
બાપજી પાપમેં૦

પદ ૬ ઠું.

તારા દાસના દાસની, નિત્ય સંગત વિના ભ્રષ્ટ થાય ભૂદરા મેંન મારૂં;
દુષ્ટની સંગતે, દુષ્ટ મતિ ઉપજે, શ્રવણ કીર્તન નવ થાય તારૂં.
તારા દાસના દાસની૦
પૂર્ણ વિષપાનથી, દુરિજન દોહેલા, વિષ પિધુ તન તેનું મરશે;
તુજ થકી વેગળા, તેહની સંગ તે, જન્મકોટી તણાં સુકૃત હરશે.
તારા દાસના દાસની૦
અમૃતની ઉપમા, સાધુને નવ ઘટે, રાહુની દુષ્ટતા ન ટાળી તેણે;
પ્રહ્લાદ નારદે ગર્ભ સંગત કરી, વશ કરયા વૈકુંઠનાથ જેણે.
તારા દાસના દા

ચતુરધા મુક્તિ છે, જુજવી જુક્તિની, તાહરા તેહને નવરાચે;
બેહુ કર જોડીને, નરસૈયો વીનવે, જન્મોજન્મ તારી ભક્તિ જાચે.
તારા દાસના દાસની૦

પદ ૭ મું.

રાત રહે જ્યારે, પાછલી ખટઘડી, સાધુ પુરૂષને સૂઈ ન રહેવું;
નિદ્રાને પરહરી, સમરવા શ્રીહરી, એક તું એક તું એમ કહેવું ટેક.
જોગિયા હોય તેણે જોગ સંભાળવા, ભોગીયા હોય તેણે ભોગ તજવા;
વેદિયા હોય તેણે વેદ વિચારવા, વૈષ્ણવ હોય તેણે કૃષ્ણ ભજવા.
રાત રહે જ્યારે૦
સુકવિ હોય તેણે સદ ગ્રંથ બાંધવા, દાતાર હોય તેણે દાન કરવું;
પતિવ્રતા નારિયે કંથને પૂછવું, કંથ કહે તે તો ચિત્ત ધરવું.
રાત રહે જ્યારે૦
આપણે આપણા ધર્મ સંભાળવા, કર્મનો મર્મ લેવો વિચારી;
નરસૈયાના સ્વામિને, સ્નેહથી સમરતાં, ફરી નવ અવતરે નરને નારી.
રાત રહે જ્યારે૦

પદ ૮ મું.

શા સુખે સૂતો સંભાર શ્રીનાથને, હાથ તે હરિ વિના કોણ સ્હાયે;
તાતને માત સુત ભ્રાત ટોળે મળ્યાં, દોહિલી વેળા સૌ દૂર જાયે.
શા સુખે સૂતો૦
ઉંધે મસ્તક હતો ઉગ્ર તપ આચરી, ભક્તિ કીધી ભગવાન કેરી;
અવતરી પાશ બંધાયો માયા તણે, લંપટી લાલચે લીધો ઘેરી.
શા સુખે સૂતો૦
દિવસે ચોદશ ભમ્યો, રાત નિદ્રા વિષે, સ્વપ્નમાં સાંભરે મોટી માયા;
પલકવાર નહિ હરિને ભજવા તણો, જ્યાં લગી જીવ સંજોગ કાયા.
શા સુખે સૂતો૦
ધન ધામે કરી મોહિ રહ્યો લોભિયો, વેદના વીસરી ગર્ભ કેરી;
નાથ ત્રિલોકના, હરિ ન સંભારિયા, જ્યારે રાખ્યોતો જઠરામાં ઘેરી.
શા સુખે સૂતો૦

જાગ્યરે જીવડા વાજ આવ્યો ઘણું કેટલોએક પ્રતિબોધ દીજે;
નરસૈના સ્વામીને, નિત્ય સંભારતાં, દેહનાં દુકૃત દુર કીજે.

પદ ૯ મું.

સાધુ સાચે ભજો ચરણ ગોવિંદનાં, માનવી દેહ તે તત્ત્વ કહીયે;
કૃષ્ણ કહો કૃષ્ણ કહો, વળિ વળ કૃષ્ણ કહો, કૃષ્ણ કહેતાં સઉ સૂખ લહિયે.
સાધુ સાચે ભજો૦
કૃષ્ણ સેવાતણી અમર ઈચ્છા કરે, મૂઢમતિ માનવી કાંઇ ન જાણે;
કૃષ્ણનું નામ રખે, હૃદયથી વીસરે, ધન્યમાં ધન્ય કૃષ્ણજ પ્રમાણે. સાધુ.
જેને જોવા મહા મુનિજન વન ભમે, વિઠ્ઠલો વનમાં ગાયું ચારે;
ભણે નરસૈયો જે ચતુર નર તે ખરો, અહરનિશ કૃષ્ણશ્રી કૃષ્ણ ધારે.સા.

પદ ૧૦ મું.

પારકી હુંશે મહતા કરે પ્રાણિયા, પુણ્ય પાખી સર્વ વાત ખોટી;
કે તેં તો કર્ષણ કોદરા વાવિયા, કયાંથી જમે તું તો દાળ રોટી. પારકી.
કે તેં તો દાન કદી આપ્યું અજાતણું, કયાંથી દૂહે તું તો ઘેર ઝોટી,
કે તે તો કથિર સોનારને આપિયું,કયાથી પહેરે તુંતો કનક ટોટી.પારકી.
પુણ્યથી રિદ્ધિ છે પુણ્યથી સિદ્ધિ છે, પુણ્યથી પહેરશો ડગલો કોટી;
ભણે નરસૈયો તું પુણ્યકર પ્રાણિયા, પુણ્યથી પામશે પદવી મોટી. પારકી.

પદ ૧૧ મું પ્રભાતિયાં.

જે ગમે જગત ગુરૂદેવ જગદીશને, તે તણો ખરખરો ફોક કરવો;
આપણો ચિતવ્યો અર્થ કાંઇ નવસરે, ઉગરે એક ઉદ્વેગ ધરવો. ટેક.
હું કરૂં હું કરૂ, એજ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે;
સૃષ્ટિ મંડાણ છે, સર્વ એણીપેરે, જોગી જોગેશ્વરા કોઇક જાણે. જે. ૧
નીપજે નરથી તો, કોઈ ન રહે દુઃખી શત્રુ મારીને સૌ મિત્ર રાખે;
રાયને રંક કોઇ, દષ્ટે આવે નહીં, ભવનપર ભવનપર છત્ર દાખે. જે૦૨
ઋતુલતા પત્ર ફળ, ફુલ આપે યથા, માનવી મૂર્ખ મન વ્યર્થ શોચે;
જેહના ભાગ્યમાં, જેહને જે લખ્યું, તેહને તે સમે તેજ પહોંચે. જે૦૩
ગ્રંથ ગડબડ કરી, વાત ન કરી ખરી, જેહને જે ગમે તેને પૂજે;
મન કર્મ વચનથી,આપ માની લહે, સત્ય છે એજ મન એમ સૂજે.જે૦૪

સૂખ સંસારિ મિથા કરી માનજો, કૃષ્ણ વિના બીજું સર્વ કાચું;
જુગલકરજોડી કરી,નરસૈયોએમકહે,જન્મપ્રતિજન્મહરિનેજ જાચું જે૦૫

પદ ૧૨ મું.

અખિલ બ્રહ્માંડમાં, એક તું શ્રીહરી, જુજવે રૂપે અનંત ભાસે;
દેહમાં દેવ તું, તેજમાં તત્વ તું, શુન્યમાં શબ્દ થઈ વેદ વાસે. ટેક.
પવન તું પાણિ તું ભુમિ તું ભુધરા, વૃક્ષ થઇ ફૂલી રહ્યા આકાશે;
વિવિધ રચના કરી,અનેક રસ લેવાને,શિવ થકી જીવ થયો એજ આશે.
અખીલ૦ ૧
વેદ તો એમ વદે, શ્રુતિ સ્મૃતિ શાખ દે, કનક કુંડલ વિષે ભેદ ન હોય;
ઘાટ ઘડિઆ પછી નામ રૂપ જુજવાં, અંત્યે તો હેમનું હેમ હોય.
અખીલ૦ ૨
વૃક્ષમાં બીજ તું, બીજમાં વૃક્ષ તું, જોઉં પટંતરો એજ પાસે;
ભણે નરસૌયોએ, મન તણી શોધના, પ્રીત કરૂં પ્રેમથી પ્રગટ થાશે.
અખીલ૦ ૩

પદ ૧૩ મું.

શરિર શોધ્યા વિના, સાર નહિ સાંપડે, પંડિતા પાર નહિ પામો પોથે;
તાંદુલ મેલીને, તુપને વળગી રહ્યો,ભુખ નહિ ભાગે એમ ટાલે થોથે.
શરિર૦ ૧
રસના સ્વાદમાં સર્વ રૂંધાઇ રહ્યા, વિગતિ ગુરૂ જ્ઞાન વિનારે ગુંથે;
વાણી વિલાસમાં, વિવિધ વાણીવડે, પરહરી વસ્ત્રને વળગે ચુંથે.
શરિર૦ ૨
શબ્દ શીખે ખરો, સકલ વિદ્યા ભણે, અધ્યાત્મ ઉચરે આવી ઓઠે;
પ્રપંચ પિંડમાં રહ્યા, અહંકાર નવ ગયો, આથડયો એમ અનંત કાંઠે.
શરિર૦ ૩
શાસ્ત્ર કથા કહે, રજનિમાં આથડે, એમ અજ્ઞાનમાં શીશ ગોઠે;
ભણે નરસૈયો જે, ભેદ જાણી જુઓ, મેં તો રચી કહ્યું પદ ચોથે.
શરિર૦ ૪

પદ ૧૪ મું.

જાગીને જોઉં તો જગત દીસે નહીં, ઉંઘમાં અટપટા ભોગ ભાસે;
ચિત્ત ચૈતન્ય વિલાસ તદ્રૂપ છે, બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે. ટેક.

પંચ મહાભુત પરિબ્રહ્મ વિશે ઉપન્યાં, અણુ અણુ માંહી રહ્યાંરે વળગી;
ફુલને ફલ તે તો, વૃક્ષનાં જાણુવાં, થડ થકી ડાળ તે નહિરે અળગી.
જાગીને૦ ૧
વેદ તો એમ વદે શ્રુતિ સ્મૃતિ શાખ દે, કનક કુંડલ વિષે ભેદ નોયે,
ઘાટ ઘડયા પછી, નામરૂપ જુજવાં અંતે તો હેમનું હેમ હોયે.
જાગીને૦ ૨
જીવને શીવતો, આપ ઇચ્છા એ થયા, રચી પર પંચ ચૌદ લોક કીધા;
ભણે નરસૈયો એ, તેજ તું તેજ તું, એને સમર્યાથી કંઇ સંત સીધ્યા.
જાગીરે૦ ૩

પદ ૧૫ મું.

જુવાનીને દહાડેરે, હરિને જાણ્યા નહીંરે. મોહ્યું પરદારા સાથે મન;
કાંઇક તે મોહ્યોરે, કામિનીના કલ્પમાંરે, કાંઇ એક જોડવા ધાયો ધન.
જુવાનીને દહાડેરે. ૧
પચીસને પચાસરે પરપચમાં ગયાંરે, દોહિલા આવ્યા સાઠ વર્ષના દંન;
સિત્તરને સૂધીરે, કાંઇ સમજ્યો નહીરે, પછિ ચાલ્યો સાધન કરવા વંન.
જુવાનીને દહાડેરે૦ ૨
આંખડીએ ન સૂઝેરે, ગળે બહુ નાસિકારે, બોલે તે તો સંભળાય ન કર્ણ;
માયા તો ન મૂકેરે, તુટે નહીં તૃષણારે, ઓળખાય નહીં અશરણ શરણ.
જુવાનીને દહાડેરે૦ ૩
હાથમાં લાકડીરે, ચરણ ચાલે નહી રે, તુટીને શિથિલ થયું છે તંન;
મુખમાંહી દંતરે, એકે દીસે નહીંરે, તોય પાપીયું ઉદર માગે અન્ન.
જુવાનીને દહાડેરે. ૪
ભાગ્ય જેનું ભલુંરે, આઅવસરનેઓળખ્યોરે, તેતોપ્રાણિકહેવાયહરિનાજંન;
નરસૈયાના સ્વામીનેરે, સુખમાં સંભારજોરે, જો હોય પેલા ભવનું પુન્ય.
જુવાનીને દહાડેરે. ૫

પદ ૧૬ મું.

જ્યાં લગી આત્મા તત્ત્વ ચિંતયો નહીં, ત્યાં લગી સાધના સર્વ જુઠી;
માનુષ દેહ તારો, એમ એળે ગયો, માવઠાની જેમ વૃષ્ટિ વૂઠી, જ્યાં૦૧

શું થયું સ્નાન સેવાને પૂજા થકી, શું થયું ઘેર રહિ દાન દીધે;
શું થયું ધરિ જટા ભસ્મ લેપ ન કરે, શું થયું, વાળ લોચન કીધે.જ્યાં૦૨
શું થયું તપને તિરથ કીધા થકી, શું થયું માલ ગ્રહી નામ લીધે;
શું થયું તિલકને તુલસી ધાર્યા થકી, શું થયું ગંગ જલપાન કીધે. જ્યાં૦૩
શું થયું વેદ વ્યાકરણ વાણી વદે, શું થયું રાગને રંગ જાણે;
શું થયું ખટ્દર્શન સેવા થકી, શું થયું વરણના ભેદ આણે. જ્યાં૦૪
એ છે પરપંચ સહુ, પેટ ભરવા તણા, આત્મારામ પરિબ્રહ્મ ન જોયો;
ભણે નરસૈયો કે,તત્ત્વ દર્શન વિના.રત્ન ચિંતામણિ જન્મ ખોયો.જ્યાં૦૫

પદ ૧૭ મું. રાગ વેરાવળ.

સુખ દુઃખ મનમાં ન આણિયે, ઘટ સાથેરે ઘડિયાં;
ટાળ્યાં તે કોઇનાં નવ ટળે, રઘુનાથનાં જડિયાં. સુખ દુઃખ ટેક. ૧
નળરાજા સરખો નર નહીં જેની દમયંતી રાણી;
અર્ધે વસ્ત્રે વનમાં ભમ્યાં, ન મળ્યાં અન્ન ને પાણી. સુખ દુઃખ૦ ૨
પાંચ પાંડવ સરખા બંધવા, જેને દ્રૌપદી રાણી;
બાર વરસ વન ભોગવ્યાં, નયણે નિદ્રા ન આણી. સુખ દુઃખ૦ ૩
સીતા સરખી સતી નહી, જેના રામજી સ્વામી;
રાવણ તેને હરી ગયો, સતી મહા દુઃખ પામી. સુખ દુઃખ૦ ૪
રાવણ સરિખો રાજીયો, જેની મંદોદરી રાણી;
દશ મસ્તક છેદાઇ ગયાં, બધી લંકા લુંટાણી. સુખ દુઃખ૦ ૫
હરિશ્ચંદ્રરાય સતવાદિયો, તારા લોચનિ રાણી;
તેને વિપત્તિ બહુ પડી, ભર્યાં નિચ ઘેર પાણી. સુખ દુઃખ૦ ૬
શિવજી સરખા સતા નહીં, જેની પાર્વતી રાણી;
ભોળવાયા ભીલડી થકી, તપમાં ખામી ગણાણી. સુખ દુઃખ૦ ૭
સર્વ દેવને જ્યારે ભિડ પડી, સમયા અંતરજામી;
ભાવટ ભાંગી ભૂધરે, મહેતા નરસૈને સ્વામી. સુખ દુઃખ૦ ૮

પદ ૧૮ મું.

વૈષ્ણવ વિષે. રાગ આશાવરી. પદ ૮ મું.

વૈષ્ણવ જન તો તેને કહીયે, જે પીડ પરાઇ જાણેરે;
પરદુઃખે ઉપકાર કરે તે, મન અભિમાન ન આણેરે. વૈષ્ણવ૦ ૧

સકળ લોકમાં સહુને વંદે, નિંદા તે ન કરે કેનીરે;
વાચકાછ મન નિશ્ચય રાખે તો, ધન્ય ધન્ય જનની તેનીરે. વૈષ્ણવ૦ ૨
સમ દ્રષ્ટિ અને તૃષ્ણા ત્યાગી, પરસ્રી જેને માતરે;
જિહ્વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથરે. વૈષ્ણવ૦ ૩
મોહ માયા વ્યાપે નહિ તેને, દ્દઢ વૈરાગ્ય જેના મનમાંરે;
રામ નામ શું તાળીરે લાગી, સકળ તિરથ તેના તનમાંરે. વૈષ્ણવ૦ ૪
વણ લોભી ને કપટ રહિત છે, કામ ક્રોધને નિવાર્યારે;
ભણે નરસઈયો તેનું દરશન કરતાં, કુળ ઇકોતેર તાર્યારે. વૈષ્ણવ૦ ૫

ગંગાધરને ગોકુળપતિમાં, જે કોઈ આણે ભેદ;
ભણે નરસઈયો તે વૈષ્ણવ નહિ પણ, અધમ જાતિ કહે વેદ;

પદ ૧૯ મું.

જેને ઘેર હરિજન હરિ જશ ગાય, તેતો નિત્ય ગંગામાં નાહ્ય (૨)
અડસઠ તીરથ ગુરૂને આંગણે, (૨) દૂર ગયે શું થાય—જેને૦ ૧
ધ્રુવ નાહ્યા પ્રલ્હાદ નાહ્યા, હેતે નાહ્યા હનુમાન (૨)
પ્રીત કરી પરીક્ષિત નાહ્યા (૨) જોગી શુકદેવ ગાય—જેને૦ ૨
સહુ સંત મળી ધારણ બાંધ્યું, જ્ઞાન ગંગા તોળાય (૨)
જપતપ તીરથ જોડે મળ્યા, (૨) તેમાં સર્વ સાધન મળી જાય-જેને૦ ૩
જ્ઞાનગંગાનો મહિમા મોટો, મુખે કહ્યો નવ જાય (૨)
ભલે મળ્યા મેતા નરસિંહનો સ્વામી, હેતે હરિના ગુણ ગાય-જેને૦ ૪

પદ ૨૦ મું.

પૂરૂં ના પડે નાથજી તમારી કૃપા વિના, એક આણું ત્યારે અનેક ખુટે;
પાપ દૃષ્ટે કરી દ્રવ્ય સંચય મલી, અગ્નિ દગ્ધે કે રાજા ચોર લુંટે. પૂરૂં૦
મનતણા મનસુબા મનમાં રહી ગયા, સાત સાધું ત્યારે તેર તુટે;
નરસૈયાના સ્વામી તમારી કૃપા વિના, રંક મનાવું ત્યારે રાય રૂઠે. પૂરૂં૦

પદ ૨૧ મું.

જાય છે જુવાની, તારી જાય છે જુવાની;
હરિના ભજન વિના જાય છે જુવાની. ટેક.
કાયા તારી કંચન જેવી, મોતી જેવા પાણી;
મુવા કેડે બાળી મુકશે, ઉડી જાશે કાની. જાય છે૦

જાતી રેશે જુવાનીને, પછી થાશે હાની;
છાનામાના જમડા આવશે, લેઇ જાશે તાણી. જાય છે૦
માટે તમો માયા તજી, થાઓને જ્ઞાની;
નરસૈયાનો સ્વામી સાચો, દુનિયા દીવાની. જાય છે૦

પદ ૨૨ મું.

નારાયણનું નામજ લેતાં, વારે તેને તજીયેરે;
મનસા વાચા કર્મણા કરીને, લક્ષ્મીવરને ભજીયેરે. નારાયણ૦
કુળને તજીયે કુંટંબને તજીયે, તજીયે માને બાપરે;
ભગિનિ સુતદારાને તજીયે, જેમ તજે કંચુકી સાપરે. નારાયણ૦
પ્રથમ પિતા પ્રહલાદે તજીયો, નવ તજીયું હરિનું નામરે;
ભરત શત્રુઘ્ને તજી જનેતા, નવ તજીયા શ્રીરામરે. નારાયણ૦
ઋષિ પત્નિ શ્રીહરિને કાજે, તજીયા નિજ ભરથારરે;
તેમાં તેનું કાંઇએ ન ગયું, પામી પદારથ ચારરે. નારાયણ૦
વૃજ વનિતા વિઠ્ઠલને કાજે, સરવ તજી વન ચાલીરે;
ભણે નરસૈયો વૃંદાવનમાં, તે તો ઘણું મહાલીરે. નારાયણ૦

પદ ૨૩ મું.

અહો ભાઇરે શાંતિ પમાડે તેને સંત કહીએ;
એના દાસના દાસ થૈને રહીયે, અહો ભાઇરે શાંતિ પમાડે તેને સંત૦ ૧
વિદ્યાનું મૂળ જ્યારે ગુરૂજી ના બતાવે, ત્યારે મેંતાનો માર શીદ ખૈયે;
મલ્યો ગુરૂને બોધ ન દીધો, ત્યારે તેના ચેલા તે શીદ થૈયે. અહો૦ ૨
કલ્પવૃક્ષ સેવે જ્યારે દારિદ્ર ઉભૂં, ત્યારે તેની છાંયે તે શીદ રહીયે;
મોટાની ચાકરીમાં ભૂખ ન ભાગે, ત્યારે તેની વેઠે તે શીદ જઇએ. અહો૦ ૩
વૈદ્યની ગોળી ખાધે દુઃખ ઉભૂં રહ્યું, ત્યારે તેની ગોળી શીદ ખૈએ;
લીધા વળાવાને ચોર જ્યારે લુંટે, ત્યારે તેની સંગે તે શીદ જૈએ. અહો૦ ૪
નામ અમૃત મારે ગુરૂજીએ બતાવ્યું, ત્યારે તેતો ચોટયો છે મારે હૈયે;
મેહેતા નરસૈયાની વાણી મધુરી, શોધીને શરણે રહીએ. અહો૦ ૫

દયારામ.

પદ ૧ લું. ધોળ.

વૈષ્ણવ નથી થયો તું રે, શીદ ગુમાનમાં ઘુમે;
હરિજન નથી થયો તું રે. ટેક.
હરિજન જોઇ હઇઇડું નવ હરખે, દ્રવે ન હરિ ગુણ ગાતાં;
કામ ધામ ચટકી નથી ફટકી, ક્રોધે લોચન રાતાં. વૈષ્ણવ૦ ૧
તુંજ સંગે કોઈ વૈષ્ણવ થાયે, તો તું વૈષ્ણવ સાચો;
તારા સંગનો રંગ ન લાગે, તાંહાં લગી તું કાચો. વૈષ્ણવ૦ ૨
પરદુઃખ દેખી હૃદે ન દાઝે, પરનિંદાથી નથી ડરતો;
વહાલ નથી વિઠ્ઠલસું સાચું, હઠે ન હુંહું કરતો. વૈષ્ણવ૦ ૩
પરોપકારે પ્રીતિ ન તુજને, સ્વાર્થ છુટયો છે નહીં;
કહેણી તેવી રેહેણી ન મળે કાંહાં લખ્યું એમ કેહેની. વૈષ્ણવ૦ ૪
ભજવાની રૂચિ નથી મન નિશ્ચે, નથી હરિનો વિશ્વાસ;
જગતતણી આશા છે જહાં લગી, જગતગુરૂ તું દાસ. વૈષ્ણવ૦ ૫
મન તણો ગુરૂ મન કરીશ તો, સાચિ વસ્તુ જડશે;
દયા દુઃખકે સુખ માન પણ, સાચું કહેવું પડશે. વૈષ્ણવ૦ ૬

પદ ૨ જું. ધોળ.

સર્વ તજીને ભજીયે શ્રીગોવિંદને,
જે નારાયણ નોધારાનો આધારજો;
ભાગે સંકટ કુડાંરે સંસારનાં,
તેના નામથકી તો ઉતરિયે ભવપારજો. સર્વ તજીને૦ ૧

અપરમાને વચને ધ્રુવજી વન સાંચર્યા,
નારદજીએ દીધો છે ઉપદેશજો,
જ્ઞાન દૃષ્ટિ વૈરાગ્યતે મનમાં આણિયાં;
હરિ ભજ્યા તેણે જઇ બાલેવેશજો. સર્વ તજીને૦ ૨
દૈત્ય પુત્ર પ્રલ્હાદજીને આગે થયા,
લાગ્યો છે કંઇ પિતા પુત્રનો વાદજો;
સ્તંભથી પ્રગટયારે નૃસિંહ રૂપથી,
શ્રીમહાપ્રભુજીએ દીધો તેને સાદજો. સર્વ તજીને૦ ૩
લાખાગ્રેહેમાં પાંડવને વળિ આવિયા,
ભક્તજનને દીધી છે ઘણી ધીરજો;
સ્મરણ પહેલાં આવ્યાછો તમે સદા,
ભક્તજન ઉગાર્યા પાંચે વીરજો. સર્વ તજીને૦ ૪
સુદામાનું દારિદ્ર જાણ્યું ઘણું,
મુષ્ટિ એક તાંદુલ આરોગ્યા મહારાજજો;
એમ દાસ દયાનો પ્રભુજી કરૂણા કીજીયે,
ભક્તજનનાં કીધાં કોટીધા કાજજો. સર્વ તજીને૦ ૫

પદ ૩ જું. ધોળ.

હરિ તુને પ્રસન્ન તે કયમ થાયે, તાહારા મનનું કપટ ન જાય;
ત્હારા દીલનો છળ નવ જાય, પ્રભુ તને પ્રસન્ન. ટેટ.
હરિ કિર્તન હરિ નામ રટણમાં, અતિશે આળસ તાહારે;
ડાચાકુટ લવે પરનિંદામાં, આખો દિવસ ન હારે. હરિ તુને૦ ૧
પ્રભુનું પૂજન કરતી વેળા, કાયા તાહારી કંપે;
ગંજીફો સોકટાં કૂટતાં, આઠે પોહોર ન જંપે. હરિ તુને૦ ૨
પ્રભુનું ચંદન ઘસતી વેળા, તુજ શ્રમથી શરીર બગડે;
કુંડી કૂટકે મરી મસાલે, ભાવે ભાંગ તું રગડે. હરિ તુને૦ ૩
એકાદશી ઓચ્છવનું જાગરણ, અતિ અઘરૂં તને લાગે;
ભવાઈ કે ગુણિકા નૃત્ય નારિ સંગ, જામિની આખી જાગે. હરિતુને૦ ૪
બે પૈસાની ગુરૂ સેવા બતાવે, ત્યારે ગણ ગણતું તું બોલે;
ઘરની સ્ત્રી જ્યારે માગે ઘરેણું,ત્યારે છગન મગન થઇ ડોલે. હરિતુને૦ ૫

ખોટાં મોતી કાચ કીડીયાં, ભગવત ભૂષણ ઘાલે;
સોનું રૂપું મણી મુક્તા વિના શ્રી સુતને ના ચાલે. હરિતુને૦ ૬
હરિના ભક્તને લુખું સુકું, વેઠ વળગી હોય જ્યારે;
સગાં સંબંધી ઘેર આવે પરૂણા, ત્યારે મિષ્ટાન પીરસે પરાણે.હરિતુને૦૭
જગ દેખે ત્યાં જપવા બેસે, બાકી નાહાય ન ખાવા;
ગળાં કાપે કેમ થાયે ગળગળો, એ વૈષ્ણવના ચાળા. હરિતુને૦ ૮
આ કરવું આ ના કરવું, એમ સહુને શિક્ષા દે છે;
તેમાંનું તું કાંઈ નથી કરતો, અનુચિત કર્મ કરે છે. હરિતુને૦ ૯
અંતરનો છળ અન્ય ન લહે, પણ જાણે અંતર જામી;
એતો સાચાનો સંગી છે, દાસ દયાનો સ્વામિ. પ્રભુ તુને૦ ૧૦

પદ ૪ થું ધોળ.

ધન્ય જેણે હરિગુણ ગાયા, સંસારમાં, ધન્ય જેણે હરિગુણ ગાયા. ટેક.
બધા સંસારમાં તે જન જીત્યા.

બીજુ સહુ જાણજો વેહેવાયા. સંસારમાં. ૧
હુંને મારૂં તેમાં પંડીત ભુલ્યા;
ધુળ મળ્યું ડાહાપણ ડાહ્યા, સંસારમાં. ૨
હાથી ઘોડે સુખપાલ બેઠે શું થયું;
શું થયું મેળવી ઘણી માયા. સંસારમાં. ૩
જમના ઝપેટાથી નવ ચેત્યા;
કામ દામમાં લલચાયા. સંસારમાં૦ ૪
કંઠ સાહીને તુંને કાઢશે પલકમાં,
દૂર રહેશે સગાં વિત્ત જાયા. સંસારમાં૦ ૫
દયા જપો નિત્ય નામ નંદકુંવરનું;
થાશે સફલ તારી કાયા. સંસારમાં૦ ૬

પદ ૫ સું. ધોળ.

સહુથી સમર્થ શ્રી રાધાવરનો આશરો;
જેહના જનને દુભવી શકે ન કોયજો,
જમનું જોર ન ચાલે દોષ કરે કદા,
ક્ષમા કરે કે હરિ ચાહાયે તો જોય જો. સહુથી. ટેક. ૧

જુઠો હરિનો ભકત જગતમાં થઇ ફરે,
એહેવાનું પણ માધવ રાખે માનજો;
ન્હાનું પોતાનું જોઇ પાળે બિરૂદ તે,
જ્યમ જડ પુરોહિતને પોખે છે જજમાનજો. સહુથી૦ ૨
બીજા સહુ મ્હોટા પણ હરિના હુકમમાં,
સુર બ્રહ્મા ગણપતિ શક્તિ શિવ શેષજો;
કેશવ કોપે કોઇનું બળ ચાલે નહીં,
એ સહુ રૂઠે હરિજન ડરે ન લેશ જો. સહુથી૦ ૩
રાવણ હિરણકશ્યપુ બ્રહ્મ હિમાયતી,
દુરજોધનને પક્ષ હતો બળરામ જો;
કોપ્યા કૃષ્ણ તદા સર્વે જોતા રહ્યા,
હરિજનનુ કોઇ લઇ શકયું નહીં નામજો. સહુથી૦ ૪
કરણ કુંવર સૂર્યનો અરજુને મારીયો,
સબળ દુર્યોધન ભીમે મરણ પમાડયો જો;
હરિ રાખ્યા સુર ગણેશ વિઘ્ન થયું નહીં,
ચિત્ર કેતુ સદ્ય પડયો ન અંબા પાડયો જો, સહુથી૦ ૫
માયા કાળ તણો ભય કોઇથી ના ટળે,
અભય અચળ કરવા સમર્થ નહીં કોયજો;
વિના એકશ્રી ગિરિવરધારી લાલજી,
કોણ શરણ જાતાંમાં સન્મુખ જોયજો. સહુથી૦ ૬
વાત કરતાં અવળું પડે અન્ય દેવને,
કાંત્યુ પીંજ્યું પળમાં થાય કપાસજો,
કોપી કષ્ટ પમાડે તે વળી લાભમાં,
બહુ શ્રમથી કાંઇ ફળ આપે હોય નાશજો. સહુથી૦ ૭
શ્રીજી જનના અવગુણ તે પણ ગુણ ગણે,
સહજ કરે શરણાગત આપ સમાનજો;
સમોવડ કીધો શરણ જતાં મળ માસને,
આપી દીધું પુરૂષોત્તમ અભિધાનજો. સહુથી૦ ૮

એહેવા કરૂણાનિધિ સમર્થ શ્રીનાથજી,
દાસ દયાના પ્રીતમ પ્રાણ આધારજો;
એહેને મૂકી અન્ય તણો આશ્રય કરે,
તે નિર્ભાગી મૂર્ખના સરદારજો. સહુથી૦ ૯

પદ ૬ ઠું. ધોળ.

તાદૃશીયજન જેને જાણીએરે, જેમાં અવગુણ ન હોય;
નીંદા સ્તુતી કોઇની નવ કરે, સઘળું સમ દ્રષ્ટી જોય. તા૦ ૧
જેના દર્શન માત્રથીરે, ટળે પ્રપંચનું ધ્યાન;
સ્મરણ કરાવે શ્રીકૃષ્ણનું, નાસાવે અઘ અજ્ઞાન (૨) તા૦ ૨
ગુણ ગાયે ગોવિંદનારે, પુલકીત મન થાય;
નેત્ર પ્રવાહ વહે પ્રેમના, હરખે હૃદય રૂંધાય (૨) તા૦ ૩
પરદુઃખે દાઝે ઘણારે, ન કરે કોઇનો દ્રોહ;
ઈંદ્રિજીત સાચા સગા, ન પામે માયામાં મોહ (૨) તા૦ ૪
સકળ ચરાચરને વિષેરે, વશ્યા દેખે ભગવાન;
શુભ ઇચ્છે સર્વ જગતનું, લેશ નહીં અભિમાન (૨) તા૦ ૫
સઘળી લીલા અવિનાશનીરે, જેમાં લુબ્ધ જેનું મંન;
પ્રીતિ બહુ પર ઉપકારમાં, સદા પ્રસન્ન વદન (૨) તા૦ ૬
નટવર ઝલકે નેનમાંરે, કાંત કરૂણામેં હોય;
સત્ય ભાવ સંતોષ બહુ, દોષ કોયનો ન જોય (૨) તા૦ ૭
વહાલા લાગોછો સર્વનેરે, અતિ ઉદાર જેનું ચિત્ત;
અનન્યભાવે ભજે શ્રીકૃષ્ણને, જેને વહાલું નહિં વિત્ત (૨) તા૦ ૮
હરિગુરૂ વૈષ્ણવને વિશેરે, સદા અતી ઘણું વહાલ;
દૃઢ આશરો અરૂદીનતા, બોલે વચન રસાલ (૨) તા૦ ૯
સેવા સ્મરણ સતસમાગમને વિશેરે, જેની આશક્તિ અનંત;
કપટનો લેશ નહીં રૂદિયા વિષે, જેનું હરીચરણે ચિત્ત (૨) તા૦ ૧૦
વિઠ્ઠલતા શ્રીવિઠ્ઠલેશસુંરે, મુખે શ્રીકૃષ્ણનું નામ;
એવા ભગવદીયના દાસના, હરિદાસ ગુણ ગાય (૨) તા૦ ૧૧

પદ ૭ મું.

શ્રીવલ્લભ વિઠ્ઠલ શ્રીજી સ્વામી, શામળીઆ વાલા;
સઘળું સમજોછો અંતરજામી, નંદલાલા.
ભયતો લાગેછે મુજને ભારી, શામળીઆ વાલા;
અંતકાળે શી વલે થાશે મારી, નંદલાલા.
સેવા સમરણ નાભાવે કીધું શામળીયા વાલા;
રંક સાધુને દુઃખ દીધું, નંદલાલા.
હીણો શાસ્ત્રીય સહુ ધર્મે, શામળીયા વાલા;
પરિપૂરણછું હું કર્મે, નંદલાલા.
સહુ જાણેછે ભક્ત સાચો, શામળીયા વાલા;
પાખંડી પુરાતનથી કાચો, નંદલાલા;
બાંહ ગ્રહયાની લાજ ધરજો, શામળીયા વાલા;
પીડા ન પામું એવું કરજો, નંદલાલા;
સન્મુખ લોચનમાં આવી રહેજો, શામળીયા વાલા;
દોષ ન જોશો દરશન દેજો, નંદલાલા.
શ્રીમુખ બોલ્યા તે સાચુ કરજો, શામળીયા વાલા;
દુઃખ દયાનાં સર્વે હરજો, નંદલાલા.

પદ ૮ મું. ચાતુરીનો ગરબો.

સર્વ કામ છોડીને પરથમ, ગુરૂગોવિંદને ભજીએજી;
સકલ કામના જેથી સિદ્ધિ, વારે તેને તજીએ. શિક્ષા શાણાને૦ ૧
મૂળથી મ્હોટી સંગે કરિયે, નીચ સંગત પરહરિયેજી;
સંગત તેને વશ મન રહેછે, જેથી તરીયે મરીયે. શિક્ષા૦ ૨
હર પ્રકારે પ્રીત મૃદુ વાણી, મ્હોટાજન તે જાણેજી;
નિર્દય આપ સ્વારથી જુઠા, તે નીચા પરમાણે. શિક્ષા૦ ૩
ખરી મહેનતનું દ્રવ્ય જોડિયે, નીચ નજર ના કરિયેજી;
પાછળથી પસ્તાવો ઉપજે, હાંસીથી તો ડરિયે. શિક્ષા૦ ૪
સાહસ કર્મ ન કરિયે કદાપિ, ડરિયે હરિ જગને મારેજી;
ઉતરેલું જલ મોતીનું ન ચડે, વળતું કોટી પ્રકારે. શિક્ષા૦ ૫

રીતે ચાલતાં દુઃખ પડે તો, ભલું સુખ અનીતે કુડુજી;
બેશી નાવ બુડે નહી કહેવત, તરી ઉતરો તોહે બુંડું. શિક્ષા૦ ૬
વિના વિચારે કામ કરે, તે પાછળથી પસ્તાયેજી;
બગડી બુંદ જેહોજન સુધરે, મળે ન જે તક જાયે. શિક્ષા૦ ૭
કોનું કહાડીને ખરચ ન કરિયે, કાટી ના સહીયે દુઃખજી;
જેવી સંપત તેવું ભોજન, સદા પામિયે સુખ. શિક્ષા૦ ૮
પૂર્વે વૈર તાંહાં સ્નેહ ન કરિયે, પૂર્વે મીત્ર શું વેરજી;
મિત્ર કોક દીન ગુંજ પ્રકાશી, શત્રુના છુટે જેહેરે. શિક્ષા૦ ૯
આપ વખાણ અવરની નિંદા, પર પતિ શું હાસ્યજી;
અતિ ભાષણ કટુ જીભ ચલાવે, મ્હોટપણાનો નાશ. શિક્ષા૦ ૧૦
સુખ આવે છાકી નવ જઇએ, દુઃખ આવે નવ ડરિયેજી;
આપણાથી અધિકાને જોઇને, ગરવ કલેશને હરિયે. શિક્ષા૦ ૧૧
લોભીજન ધન વડે સાધિયે, ગરવી જોડી પાણિજી;
મૂરખનું મન ગમતું કરિયે, પંડિત સાચી વાણિ. શિક્ષા૦ ૧૨
હરિગુરૂ સાહેબથી સાચા રહિયે, સ્ત્રી શું જુઠું કહિયેજી;
મોટાં આગળ કોઈ સમે પણ, મુખે મોટાં નવ થઇયે. શિક્ષા૦ ૧૩
રીત નભે નહીં રંદા કેરી, વાંસલે વરવું થાયજી;
કરવતની કક્ષા ગ્રહી રાખો, ઉભે લોક સુખદાય. શિક્ષા૦ ૧૪
કેવળ સ્વારથી કૃતી વાંસલાની, સહુ પરમારથ રંદોજી;
કરવત બે પાસ સરખું છાંડે, રહે ઘર રહે હરિ બંદો. શિક્ષા૦ ૧૫
લાખ ગમાવા સાખ રાખજો, સાખે મળશે લાખજી;
લાખ ખરચતાં સાખ નવ મળે, સાખ ગયે સહુ ખાખ. શિક્ષા૦ ૧૬
મળી સહેજ પોળી નવ તજીયે, દુર મોદક અભિલાષેજી;
ઉછંગ સુત અળગો કેમ કરિયે, ઉદર ગર્ભની આશે. શિક્ષા૦ ૧૭
સામાને શોભા આપેથી, આપણે શોભા આવેજી;
પતિ સુખ શોભા સ્ત્રીને કરે જેમ, સ્ત્રીને પતિ દરશાવે. શિક્ષા૦ ૧૮
જે કરતાં પરિણામે હાણી, તે કારજ નવ કરવુંજી;
આપણી પોંચ પ્રમાણે સઘળે, સમજી ડગલું ભરવું. શિક્ષા૦ ૧૯

જેથી પ્રીત વધ્યાની ઈચ્છા, તે ઘર ત્રણથી ડરિયેજી;
વિવાદ ધંન વહેવાર પરોક્ષે, વામા વાત ન કારચે. શિક્ષા૦ ૨૦
માતા પિતા શું હેત ધરિયે, કદી ન ધરિયે દોષજી;
નાગરવેલ વણસે પણ દળ ન વણસે, જે પહોંચ્યું શત કોશ. શિક્ષા૦ ૨૧
કૃષ્ણ વિના કોઇ થકી કદાપિ, જાર પ્રીત ના કરિયેજી;
ગળે પડી છુટે નહીં કેમ, પાપ તાપ પચિ મરિયે. શિક્ષા૦ ૨૨
થોડું બોલ્યાંમાં સુખ શોભા છે, બહુ બોલે પત જાયજી;
ચો કોડીનો ચાંલો ભાળે, સતના પાછળ થાયે. શિક્ષા૦ ૨૩
કામ વિવેકે કરિયે કદાપિ, કષ્ટ પડયું તે માંહેજી;
તે પછી હરિ ઇચ્છા એમ લહેવું, હરબડવું નહીં તાંહે. શિક્ષા૦ ૨૪
પાણી વાણીને દૃષ્ટિ દૃઢ, રાખી સઘળે જઇએજી;
મહોટપ આવે માંન પામિયે, કહિ દુખીયાં નવ થઇયે. શિક્ષા૦ ૨૫
જે ભાવે જે પૂછે તેને, તેહવો ઉત્તર દઇએજી;
ભાષણમાં ભિતરનું હારદ, સેજે સમજી લઇએ. શિક્ષા૦ ૨૬
જે વિના ચાલે ના તેની, મરજી રાખી રહેવુંજી;
સમો આપણો સમજી લેવો, ભૂંડું બગડયું સહેવું. શિક્ષા૦ ૨૭
તનમન વસન સું વિમળ રાખિયે, આળસ ક્રોધ ન કરવોજી;
પર દુઃખ દેખી પ્રસંન ન થવું, પાખંડ ધર્મ ન ધરવો. શિક્ષા૦ ૨૮
મ્હોટાજનની અદબ રાખવી, બાળને શિક્ષા દેવીજી;
ગુરૂજન સેવા દયા દીનશું, સ્રીને વશ કરી લેવી. શિક્ષા૦ ૨૯
દીવસે વાત વિચારી કરિયે, નિશા વિવેકે છાનીજી;
કોઈ સમે કોઇ કેવું સાંભળે, ઉપજે મ્હોટી હાની. શિક્ષા૦ ૩૦
મ્હોટા સાથે નવ બગાડવું, નીચ ભલાઇ ન સારીજી;
નૃપ યોગીનો નહીં બાસંગે, ક્ષણમાં કરે ખુવારી. શિક્ષા૦ ૩૧
નમી ભીંત પર નાલ્યોબારી, નવ ઠરવું તેહેઠજી;
ભમી ભ્રષ્ટતન કળા પરતાવો, વણ સ્વારથની વેઠ. શિક્ષા૦ ૩૨
જાર જુગારી તસ્કર વ્યસની, વિશ્વાસે નવ રહેવુંજી;
વહેવારે વેપારે લજ્જા, નવ ધરવી સટ કહેવું. શિક્ષા૦ ૩૩

હરિ વિના ક્યાંઈ લુબ્ધાઇ ન જાવું, જુઠું સર્વ સમજવુંજી;
કાળઝપેટો પચક લાગશે, ભગવત ભજન ન તજવું. શિક્ષા૦ ૩૪
જે જે વાતે મીઠું કડવું, આપણને જેમ લાગેજી;
તેજ પ્રમાણે સમજી લેવું, સહુને સુખદુઃખ જાગે. શિક્ષા૦ ૩૫
દંપતિ વચ્ચે દૂત ના થવું, કુડી સાખ ના ભરવીજી;
ના કરીએ અરી કેરી ચુગલી, અધરમ પક્ષ ન કરવી. શિક્ષા૦ ૩૬
માણુસ જોઇને કામ પાડીએ, મૂરખ મિત્ર ન કરિયેજી;
હઠ ના કરવી ખોટી વાતે, કુરને દ્વેષે મરિએ. શિક્ષા૦ ૩૭
દીન સગાને દઇ ન માગવું, દે ઘણું માગે વાળીજી;
દાનો દુશ્મન ગુણે મારીયે, શકે ન ઉંચું ભાળી. શિક્ષા૦ ૩૮
મરમ વચન કોઇને નવ કહિએ, સુણતાં તે સંકોચજી;
વાટે જતાનું કષ્ટ કાપિએ, જાહાંલગી આપણી પોંહોંચ. શિક્ષા૦ ૩૯
મધુરી વાણી વદિયે સહુથી, ઉદર રાખીએ ઉંડુંજી;
મળ્યા મનુષ્યને પ્રાણ આપીએ, કેનું ન કરિને ભુંડું. શિક્ષા૦ ૪૦
કૃતિ ઉપર ના ભુલી જઇએ, ગુણ સઘળેથી લેવોજી;
અંનદાતાને આધિન રહેવું, લાલચ દગો ન દેવો. શિક્ષા૦ ૪૧
મ્હા મહોટું કંઇ સંકટ આવે, શ્રીહરિ ચરણે જોવુંજી;
હીંમત રાખી ઉપાય કરવો, પ્રાણ મુક્ત ના થાવું. શિક્ષા૦ ૪૨
મૂરખથી કહીં મમત ન કરવો, ગાંઠ ગોદડે દેવીજી;
અણી ચુકાવી કામ કહાડવું, આગળ વણસે કેવી. શિક્ષા૦ ૪૩
કદળી ઢાલ કુટીલજન કાંઠી, કુટયવણ ફલ નાપેજી;
દુષ્ટની સામા સાધુ ન થાવું, થતાં અતિ સંતાપે. શિક્ષા૦ ૪૪
કામ કપેચું કાંઇક આવે, ધીરા થાવું જાણીજી;
જલદ થયાની જોખમ લાગે, પથ્થર નીચે પાણિ. શિક્ષા૦ ૪૫
જેવો સમો વિધિ પણ તેવી, કરતાં કારજ થાયજી;
એકે રીતે અટકી નવ રહવું, રોગ પ્રમાણે ઉપાય. શિક્ષા૦ ૪૬
અગમ વિચારી સરવે કરવું, ગફલત કહીં ન રહેવુંજી;
સહુનું વચન વિચારી જોવું રોમ રોમ ચિત્ત દેવું. શિક્ષા૦ ૪૭

ગુણવંતને ઇતરાઇ ન કરવી, વૃદ્ધપણે લાલાઇજી;
ગુમાન ગરજ સમે નવ ધરવું, ભાગી જાએ ભલાઇ. શિક્ષા૦ ૪૮
પર ઘર જઇને દુઃખ ના રોવું, કોઇ નવ થાય વિભાગીજી;
પાછળથી પસ્તાવો ઉપજે, ભાર જાય સહુ ભાગી. શિક્ષા૦ ૪૯
પર ઘરમાં અચાનક ન જાવું, વાત કરી નવ હસવુંજી;
ગુંજ કરતાં હોય બે જણાં ત્યાં, વણ તેડયા નવ ઘસવું. શિક્ષા૦ ૫૦
કૌતકમાં કુમક વણ સજ્જન, દુરિજન સાથ નવ વઢવુંજી;
ગજ એવાનો સામાન લઇને, બકરી બંધન ચઢવું. શિક્ષા૦ ૫૧
રીતે પણ ખોટાની સાથે, વાદ ન કરવો વાતેજી;
ખરાબ ઠામે પથ્થર નાંખી, છંટાવું નિજ હાથે. શિક્ષા. ૫૨
ઉલટી કૃતિ ઘેલાની ગ્રહિયે, દાસ દક્ષ નાથઇયેજી;
સર્વ ઠામથી ગુણ ગ્રહી લેવો, એમ ચતુરાઈ લહિયે. શિક્ષા૦ ૫૩
કલેશની ઉપર કલેશ રાખવો, ક્રોધની ઉપર ક્રોધજી;
મન મોહ મદ મચ્છર ના ધરવો, મનનો કરવો બોધ. શિક્ષા૦ ૫૪
આ વ્હેવાર ચાતુરીની શીક્ષા, ધરશે ઉરમાં રાખીજી;
ભવસુખ હરિ પદ શુભ કીર્તિ, આબરૂના અભિલાખી. શિક્ષા૦ ૫૫
પચીસ પચાસનું ખત ના લખિયે, અંતે આવે એકજી;
ગળે પડે કોઈ ગુલામ માણસ, હાનિ વાત વિવેક. શિક્ષા૦ ૫૬
સકળ ચાતુરિ એક વચનમાં, કહુંછું સહું સાંભળજો જી;
હરિ ગુરૂ હરિજન સેવા સમરી, જનમ મરણથી ટળજો. શિક્ષા૦ ૫૭
આશ્રમ ચાર વિશે ગૃહસ્થાશ્રમ, એક વાતથી મ્હોટોજી;
શ્રીહરિની સેવા બની આવે, માટે નહિ તે ખોટો. શિક્ષા૦ ૫૮
મન ભાવે આશ્રમને માંડો, મારે નહિ લેવા દેવાજી;
દયો કહે મારે તે મ્હોટો, કરે કૃષ્ણની સેવા. શિક્ષા૦ ૫૯

પદ ૯ મું.

પ્રેમ પરીક્ષા ગરબો.

ઓધવજી છે અળગીરે, વાત એક પ્રેમ તણી;
કોઇ અનુભવી જાણેરે, કહેતાં તો નાવે બણી,

પ્રસુતાની પીડારે, વંઝા તે શું જાંણે;
જાણ્યું કેમ આવેરે, માણ્યાને પરમાણે.
મૂંગે સક્કર ખાધીરે, ગુંગાને સ્વપ્ન થયું,
સરવે મન જાંણેરે, બીજાને ન જાય કહ્યું;
ઘાએલનાં દુઃખનેરે, કાયર તે શું પ્રીછે,
અજ્ઞાની લહે નહીંરે, રતીની ગતિ શી છે.
નીમ સરવે નાશેરે, જ્યારે પ્રેમ તે વ્યાપે,
નિદ્રા જેને આવેરે, તે ઉત્તર કેમ આપે;
આશુક માશુકમાંરે, રૂપ ગુણ શા દેખે,
જેવું ભાસે છે તેહનેરે, અવર તેવું નવ પેખે.
જેનું ચિત્ત જ્યાંહાં ચોટયુંરે, તેને તેથી સુખ થાયે,
શો છે સ્વાદ અગ્નિમાંરે, ચકોર ભાવે ખાયે;
રીત પ્રીતની એવીરે, તેનું સુખ તે જાણે,
અનુભવથી અજાણ્યુંરે, એના અવગુણ આણે.
નેહ સુખથી નવ વાધેરે, દેખી દુઃખ નવ ઘટે,
જેમ વૃક્ષને વળગીરે, વેલી તો ફરી ના લટે;
શીખે સાંભળે ગાયેરે, ઓધવગત પ્રીત તણી,
કરવી નથી પડતીરે, એની મેળે આવી બણી;
પ્રીત બાઝે તો સહેજેરે, છુટે ન પછે છોડી,
મચ્છને દુઃખ દે છે રે, ગળ્યા પછે અંકોડી.
સાચી પ્રીત તે પ્રાણ લેરે, સાધારણ થયા પરી,
દાદુર જળવણ જીવેરે, માછલડાં તો જાય મરી;
મોટી મનની મોહિનીરે, બીજી પ્રીતથી ન મળે
પણ જડ જુઓ લોહુંરે, ચમકને દેખી ચળે,
છીપ રહે સાગરમાંરે, ઇચ્છા સ્વાતિ બુંદ તણી;
જુઓ દૃષ્ટિ ચકોરનીરે, અચળ રેહે છે ઇંદુ ભણી.
લજ્યા સુધ બુધ સામ્રથરે, પ્રેમીજનમાં ન ટકે,
મધુકર વાંસ કોરેરે, કમળ ભેદી નવ શકે;

મૃગ સહેજે મરે છેરે, પલાયણ અભ્યાસી,
રાગ અનુરાગ પાસેરે, બાંધ્યું ન શકે નાશી.
દૃષ્ટિ પ્રીતની માટેરે, પતંગ દીપકમાં બળે,
જાય પ્રાણ પોતાનોરે, તોયે સ્નેહીને મળે;
રહે ચાતક તરસ્યુંરે, સદા બાર માસ લગી,
પીએ સ્વાતીનું વારીરે, અવર પડશે ન ડગી.
વીખના વ્યસનીનેરે, સાકર પણ સુખ ના કરે,
પય પાણીથી ઉત્તમરે, મીન તેમાં નાખે મરે;
જેનું મન જેશું માન્યુંરે, તેને સુખ તેથી મળે,
તે વિના તેથી સારૂંરે, નાવે તેના આંખ તળે.
એ વૈરાટનાં લોચનરે, ઇંદુભાનું ભેદ કશો,
કંજ કરમાય ચંદ્રેરે, ફુલે રવિ મેહ વસ્યો;
કંઠે વળગી ના છુટેરે, એમ પ્રેમ તણી ફાંસી,
કાચો માટે કુટેરે, સુણી જગની હાંસી.
છે અગમ પંથ સ્નેહનોરે, ઓધવજી તેં નથી દીઠો,
ત્યાં લગી જ્ઞાન ગોઠેરે, જોગ છે પણ મીઠો;
જોગ તો તેને જોઇએરે, જેનું મન જગમાં ભમે,
તે તો અચળ હમારૂંરે, ચિત્ત રસિયામાં રમે.
જેનું મન માનેરે, જોગ સુખેથી ગ્રહો,
અમો તો એહ માગુંરે, પ્રીતમજી શું પ્રીત રહો;
તમારા તો હરિ સઘળેરે, અમારા તો એક સ્થળે,
તમો રીઝો ચાંદરણેરે, અમો રીઝું ચંદ્ર મળે.
ઇંદુને અવલોકીરે, ચકોરનું ચિત્ત ચળે,
તે પ્રકાશને પેખીરે, તેને સંતોષ વળે;
હેવાં વચન સુણીનેરે, ઓધવજીની ભ્રાંતી ટળી,
જોગ જંજાળ છૂટીરે, ગયું મન સ્નેહમાં મળી;
અભિમાન મુકીનેરે, ઓધવ ગોપી પાય પડ્યા,
કહું દયાનો પ્રીતમજીરે, નિશ્ચે એક તમને જડ્યા.

પદ ૧૦ મું.

હરી નામ માળા. સવૈયા એકત્રીસા.

ગુરૂ ગોવિંદ કૃપાનિધિ કેશવ, કમળાનાથ કૃપાળ;
કમળ નયન કરૂણા સાગર, શ્રી કૃષ્ણ હરે ગોપાળ.
ગોપીજન વલ્લભ ગિરિધારી, ગોપીનાથ ગોવિંદ;
ગોકુલેશ ગરૂડધ્વજ, ગોવરધન ધારી વ્રજચંદ.
ગોકુળચંદ્ર ગદાધર, ગોમતી પ્રિય રમેશ;
નારાયણ નરસિંહ નિરંજન, નિરાકાર નરેશ.
નર કાંતક નરવીર નરોત્તમ, નંદલાલ નરરૂપ;
જગન્નાથ જળશાયી જનાર્દન, જ્યોતિરુપ જગભૂપ.
જગદાધાર જશોદાનંદન, જગજીવન જગતેશ;
શ્રીજમુના વલ્લભ જગદવંદન, જુગદીશ્વર જમુનેશ.
ચક્રપાણી ચતુર્ભુજ અચ્યુત, ચિદાનંદ શુભકંદ;
ચતુર્બાહુ ચાણુ રતન મર્દન, શ્રીધર પરમાનંદ.
દયા સિંધુ દામોદર દિનપતિ, દીનાનાથ દયાળ;
દીનબંધુ પ્રભુ દેવકીનંદન, નરપતિ સુરપતિ પાળ.
શ્રીપતિ પદ્માપતિ રાધાપતિ, કમળાપતિ ભવેશ;
દધિજાપતિ રૂકમણી પતિસાગર, સિતાપતિ ઋષિકેશ.
પદ્મનાભ પુરૂષોત્તમ પરિબ્રહ્મ, પરમપુરૂષ પરમેશ;
પુષ્કરાક્ષ પરમપ્રભુ, મધુસૂદન મથુરેશ.
ધરણીધર અવનીધર ભૂધર, વસુમતિધર મહિધારિ;
કૌસ્તુભધર પીતાંબરધર, બંસીધર કુંજ બિહારિ.
માધવ મુરમર્દન મધુમર્દન, મતિ વિક્રમ સુખધામ;
મુકુંદ મેઘવર્ણ મહાબાહુ, જદુપતિ સુંદર શ્યામ.
રામચંદ્ર પ્રભુ દશરથનંદન, દયા સિંધુ ભગવંત;
માંપાહિ માંપાહિ પાહિમાં, પૂર્ણાનંદ અનંત.
અષ્ટોત્તર શત નામ કૃષ્ણનાં, ગણિગણિ જે જનગાય;
રોગ દોષ દુઃખ કલેશ જશે, વળી પળમાં પાપજ જાય.

મન વાંછિત ફળ તેને મળશે, દયો કહે ધ્રુવ વાણિ;
કોટિક કારજ તજિને ભજિયે, દઢ કરી સારંગ પાણિ.

પદ ૧૧ મું. ગરબી.

મોટાનું વચન સુખધામ, કૃતિ રીતે કરીયે;
તે કરે ચાહાય તે કામ, આપણુ તો મરીયે. મોટા—ટેક. ૧
પરનારી ક્રીડા કરી કૃષ્ણે, તે તો આપણે થાયરે;
ઉર્ધ્વરેત અગની પીવો, ગોવરધન કેમ ધરાય. કૃતિ રીતે૦ ૨
શિવ અર્ધાંગે ઉમીયા રાખે, પણ આપણુને બીહીવુંરે;
ત્યમ કરીયે જો કામ બાળીયે, બણે હળાહળ પીવું. કૃતિ રીતે૦ ૩
રૂધિર માંસને ભોગે ભવાની, આપણે હઠીએ ત્યાંથીરે;
સિંહ ચઢી દાનવ દળ વાએ, કાડીએ તે બળ કયાંહાથી. કૃતિ રીતે૦ ૪
ખરૂ ખોટું પણ પુત્રી લાંછન, બ્રહ્માને કહેવાયરે;
તે જોઇ ત્યમ કરીયે પણ, આ સૃષ્ટિ કેમ રચાય. કૃતિ રીતે૦ ૫
ચંદ્ર ઇંદ્ર ગુરૂ પત્નિ રમીયા, ત્યમ કરવું તો સુલભરે;
અંડ પ્રકાશ અમી સૃષ્ટિનગ, પાંખો છેદન દુર્લભ. કૃતિ રીતે૦ ૬
અગ્નિ ભક્ષણ સર્વ કરે પણ કોઈ કહે નહીં મેલોરે;
તે જોઇને તું કેમ કરીશ, તો સર્વે કહેશે ઘેલો. કૃતિ રીતે૦ ૭
કલેશ પ્રીય નારદને છે જોઇ, રખે તું ઘેલાં કહાડેરે;
તેહનો સંગ ભવભય ભંજનને, ત્હારો સંગ ભવ પાડે. કૃતિ રીતે૦ ૮
અસુર પ્રહિગ્રહ સુરાપાન, શુક્રાચાર્ય નવ જોશોરે;
દિવ્ય દુતી મૃત સંજીવન-વિદ્યા વેળા પછી રોશો. કૃતિ રીતે૦ ૯
ગંગા મધ્યે મુનિ પારાશર ઢીમર કન્યા ભોગવીરે;
વ્યાસ પ્રગટ મચ્છગંધા, મૃગમદગંધા કરીએ યોગી. કૃતિ રીતે૦ ૧૦
કુંતા કૃષ્ણા પંચપતિ, સતી શિરોમણી કહાવેરે;
તેહનું જોઇ સ્ત્રી અન્ય કરે તો, નીશ્ચે નર્કમાં આવે. કૃતિ રીતે૦ ૧૧
શંકર સ્વામીનુ જોઇ શિષ્યે, સ્વપચના ટુકડા ખાધારે;
સીસું નવ પીવાયું સંગે, થયા બહિર્મુખ બાધા. કૃતિ રીતે૦ ૧૨
પુત્રી તણી બે પુત્રી કશ્યપ, થઇને પિતામહ વરીયારે;
તેનો દોષ આપણે ના જોવો, તે ઘર હરિ અવતરીયા. કૃતિ રીતે૦ ૧૩

જવની રાખી જગન્નાથ પંડિત, તે તો સહજ બની આવેરે;
બાવન સીઢી ગંગા ચઢાવી, તેતો વેવલાં વિણાવે. કૃતિ રીતે૦ ૧૪
મહેતે અનામિકને ઘર ઓછવ, કીધો તે નવ જોઇયેરે;
હરિએ હાર મહેતાને આપ્યો, તે વેળા પત ખોઇયેરે. કૃતિ રીતે૦ ૧૫
માટે પ્રમાણ વાટે ચાલવું, ભજવા ગિરીવરધારીરે;
મ્હોટાની ગતિ મ્હોટા જાણે, દયા દીનતા સારી. કૃતિ રીતે૦ ૧૬

પદ ૧૨ મું. ગરબી.

જે કોઈ જન કલ્યાણ ચાહો તે, સ્ત્રીની સંગત તજજોરે;
દુઃખ હરીઓ પાપ પુતળી, શાણા સમજી સજોરે. જે. ૧
જડ જુઠીની રહે લોભીને, ગંદી છળ રચનારીરે;
સાહસ કરતી નીચ હઠીલી, સદાકાળ સહુ નારીરે. જે. ૨
સ્વારથ થાતો હોય તદા, સ્ત્રી પતિ પુત્રાદિક મારેરે;
ના કરવાનું કરે વિફરતાં, વિધિ નિશદિન વિચારેરે. જે. ૩
મર્યા પછી પાછા ફરાય નહીં, જર જશ તપની હાનીરે;
હરિની વાત હૃદેમાં ન આવે, અનુભવી લેજો માનીરે. જે. ૪
પળ ન મળે પરવાર જહાંલગી, ગમતો પુરૂષ નવ લાધેરે;
નારદને હરિ કહ્યું પાતવ્રત, તાંહાંલગી સ્ત્રી સાધેરે. જે. ૫
અફીણને અબળા બે સરખી, ગળે પડયાં નવ છુટેરે;
તન ધન સુધર્મ સહુ વણસાડે, નરક પડે તન કુટેરે. જે. ૬
પ્રેમદા પુષ્પ સરીખાં સમજો, નીરખે મન મોવાએરે;
ગોળ્યા પાછળ તેવાં ન રહે, ચિત્ત પસ્તાવો થાએરે. જે. ૭
શણગારી તરવાર ઉપર સારી, અંતર રહે કટારીરે;
તેમ સુંદર સ્ત્રી મોહનવરની, કાળજા માંહી કટારીરે. જે. ૮
દામે દામે ચિત્ત ન ચાહે, સંત સગાં વહાલાં જેહનેરે;
દયો કહે તે સાચો, શ્રીહરિ ન તજે તેહનેરે. જે. ૯

પદ ૧૩ મું.

ચિત્ત તું શિદને ચિંતા ધરે, કૃષ્ણને કરવું હોય તે કરે–ટેક. ૧
સ્થાવર જંગમ જડ ચૈતનમાં, માયાનું બળ ઠરે;
સમરણ કર શ્રીકૃષ્ણચંદ્રનું, જન્મ મરણ જાય પરે. કૃષ્ણને. ૨

નવ માસ પ્રાણી શ્રીકૃષ્ણચંદ્રનું, ધ્યાન ગર્ભમાં ધરે;
માયાનું આવર્ણ કર્યું ત્યારે, લક્ષચોરાશી ફરે. કૃષ્ણને. ૩
તું અંતર ઉદ્વેગ ધરે, તેથી કારજ શું સરે;
ધણીનો ધાર્યો મનસુબો, હર બ્રહ્માથી નવ ફરે. કૃષ્ણને. ૪
દોરી સર્વની એના હાથમાં, ભરાવ્યું ડગલું ભરે;
જેવો જંત્ર વગાડે જંત્રી, સ્વર તેવો નિસરે. કૃષ્ણને. ૫
થનાર વસ્તુ થયા કરે જયમ, શ્રીફળ પાણી ભરે;
જનાર વસ્તુ એણીપેરે જાશે, જયમ ગજ કોઠું ગરે. કૃષ્ણને. ૬
જહેવું જેટલું જે જયમ કાળે, તેહને કર ઠરે;
એહેમાં ફેર પડે નહીં કોઇથી, શીદ કુટાઇ તું મરે. કૃષ્ણને. ૭
તારૂં ધાર્યું થતું હોય તો, સુખસંચે દુઃખ હરે;
આપપણુ અજ્ઞાનપણું એ, મૂળ વિચારે ખરે. કૃષ્ણને. ૮
થાવાનું અણચિંતવ્યું થાશે, ઉપનીષદ્ ઓચરે;
રાખ ભરોસો રાધાવરનો, દયા શીદને ડરે. કૃષ્ણને. ૯

પદ ૮૪ મું. રાગ લાવણીનો.

સાંભળ શિક્ષા તું મન મારી, સાચિ કહું એક વાત;
મનુષ્યાદેહ દુર્લભ ભજ હરિને, જ્યાંલગી તન કુશલાત;
સમો ગયે પસ્તાઇશ પારકયાં, ચોરાશી અથડાતા;
તે કરતાં શું દુઃખ ઘણું છે, ઘરમાં ગોવિંદ ગાતાં. ૧
ખર અવતાર થશે હરિ ભૂલ્યે, પીઠ લાદશે તારી;
ભૂખ્યો તરસ્યો કોઇ નહીં પૂછે, શીત તૃષા તપ ભારી;
પાછળ માર ધડાધડ પડશે, કાંઇ એક મંદ ચલાતાં;
તે કરતાં શું દુઃખ ઘણું છે, ઘરમાં ગોવિંદ ગાતાં. ૨
શ્વાન થઇશ ભગવાનને ભૂલ્યે હંકાકસિ ઘેર ઘે;
મળ મૂત્રાદિક ખાનપાન બહુ, કષ્ટ સહીશ શી પેર;
કહ્યુ નહીં આ જન્મ જશે એન, લાત લાકડી ખાતાં;
તે કરતાં શું દુઃખ ઘણું છે, ઘરમાં ગોવિંદ ગાતાં. ૩
ઘણું ગંદુ તન ભ્રિષ્ટ વરાહનું હરિ ન ભજે તો થાશે;
મુત્ર પુરીષની હાર વાસતાં, તને અતી સહુ નાહાશે;

નાશે દિને જ્ઞાની ભુંડાં, જ્યાં ત્યાં ફરે મરાતાં;
તે કરતાં શું દુઃખ ઘણું છે, ઘરમાં ગોવિંદ ગાતાં. ૪
કૃષ્ણકીર્તનમાં આળસ આણે, આજ કુર્કટ પડે થાવું;
વણુ વાંકે પાળે ને વેચે, કસાઈ કરમાં જાવું;
અકાળમૃત્યુ શસ્ત્ર માર પીડા, અતિશય કંઠ કપાતાં;
તે કરતાં શું દુઃખ ઘણું છે, ઘરમાં ગોવિંદ ગાતાં. ૫
હરિ ન ભજે ઈત્યાદિક અધમ તેનો, ગણતાં આવે પાર;
નરક કુંડની અખંડ આંચનો, કેમ કરૂં ઉચ્ચાર;
કેશવ વણુ કોઇ શકે ન છોડવી, જમ કિંકર લઈ જાતાં;
તે કરતાં શું દુઃખ ઘણું છે, ઘરમાં ગોવિંદ ગાતાં. ૬
દયા પ્રિત વિષે રહ્યું ઉદ્દેયું, ન ચેત હજુ તો ચેતાય;
વિષય સુખ સહુ યોનીમાં, ત્યાં કૃષ્ણ ભજન નહિ થાય;
આ અવસરમાં લે સમરી, પછી પાર નથી પસ્તાતાં;
તે કરતાં શું દુઃખ ઘણું છે, ઘરમાં ગોવિંદ ગાતાં. ૭

પદ ૧૫ મું.

જે કોઈ પ્રેમ અંશ અવતરે, પ્રેમરસ તેના ઉરમાં ઠરે.—ટેક.
સિંહણ કેરૂં દુધ હોય તે સિંહણ સુતને જરે:
કનક પાત્ર પાંખ સહુ ધાતુ, ફોડાને નિસરે. પ્રેમરસ. ૨
સકરખોરનું સાકર જીવન, ખરના પ્રાણુજ હરે;
ક્ષાર સિંધુનું માછલડું જયમ, મીઠા જળમાં મરે. પ્રેમરસ. ૩
સોમવેલી રસપાન શુદ્ધ જે, બ્રાહ્મણ હોય તે કરે,
વગર વંશીને વમન કરાવે, વેદ વાણી ઉચરે. પ્રેમરસ. ૪
ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે, તદપિ અર્થ ના સરે;
મત્સ્ય ભોગી બગલો મુક્તાફલ, દેખી ચંચુ ના ભરે. પ્રેમરસ. ૫
એમ કોટી સાધન પ્રેમ વિના, પુરૂષોત્તમ પુંઠ ન ફરે;
દયા પ્રીતમ શ્રીગોવરધનધર, પ્રેમભક્તિયે વરે. પ્રેમરસ. ૬

પદ ૧૬ મું. રાગ કાફી.

સાચું તે સગપણરે, સમજ મન શ્યામતણું;
બાકી સહું જુઠું રે, કશું નથી કામતણું.—ટેક. ૧

માત તાત સુત ભ્રાત ને ભગિની, સગાં સહોદર સોય;
કુળ કુંટંબ સખા ગોત્ર ને જ્ઞાતિ, એહમાં તારૂં છે નહી કોય;
સગું એ તો સરવેરે, સુખ તે દામતણું. સાચું તે. ૨
જનુની જનક એવાં કર્યાં કેટલાં, તેં જેટલી ધરી દેહ;
લ્હેણા દેણીનો સંબંધ તુટયો, ત્યારે મુકી ગયાં તેહ;
કોઇએ ના બતાવ્યુંરે, ઠેકાણું વિશ્રામતણું. સાચું તે. ૩
જોની આ હરિવણુ હેત ધરીને, કોણ આપે મનુષ અવતાર;
પશુ પક્ષી ફેડીને આપ્યો, તને ભજનતણો અધિકાર;
ભજે તેને આપેરે, પદ નીજ ધામતણું. સાચું તે. ૪
અણું આસકિત કયહું મા રાખીશ, માયા મનથી છોડ;
નિશ્ચિત થઇ સહુ શોક તજીને, પ્રીત પ્રભુજીશું જોડ;
દયા દિન રજનીરે, રટણુ કર રામતણું. સાચું તે. ૫

પ્રીતમદાસ.

કક્કો ૧.

છપાયા છંદ.

કક્કા કર સદ્ગુરૂનો સંગ, હૃદે કમળમાં લાગે રંગ;
અંતરમાં અજવાળું થાય, માયા મનથી દૂર પળાય;
લિંગ વાસના હોએ ભંગ, કક્કા કર સદ્ગુરૂનો સંગ. ૧
ખખ્ખા ખરેખરી છે વાત, તે શ્રીમુખે કહી સાક્ષાત;
જ્ઞાની મૂની જોગી જતી, ગુરૂ કૃપા વણુ સિદ્ધિ નથી.
જન્મ મરણુની મટશે ઘાત, ખખ્ખા ખરેખરી છે વાત. ૨
ગગ્ગા ગુરૂની સેવા કરો, પરનિંદા પરધન પરહરો;
પ્રપંચ તે પડવાનો ઠામ, સાચે રાચે સીતારામ.
એ શીખામણુ ચિતમાં ધરો, ગગ્ગા ગુરૂની સેવા કરો. ૩

ઘધ્ધા ઘણું કહે શું થાય, ભવ તરવાનો એજ ઉપાય;
સમજીને સંશય ટાળવા, બાહ્યાભ્યંતર હરિ ભાળવા.
જોતાં જીવ દશા તો જાય, ઘધ્ધા ઘણું કહે શું થાય. ૪
નન્ના નિર્મળ તેની દશા, જેને હરિ હૃદયામાં વસ્યા;
પોતાના અવગુણને હણે, પરના તો હૃદિયે નવ ગણે.
કોના દોષ ન દેખે કશા, નન્ના નિર્મળ તેની દશા. ૫
ચચ્ચા ચિત્તમાં ચેતી લે, માથે મરણ તણો છે ભે;
કાયા ઉપર તાકે કાળ, મોહ પારધિયે માંડી જાળ.
તેમાં હરિ રાખે તો રહે, ચચ્ચા ચિત્તમાં ચેતી લે. ૬
છછ્છા છે માયા ગુણ મયી, બળવંતી પણ દીસે નહી;
દાનવ માનવને દેવતા, આધીન થઇ સૌએ સેવતા.
હરિજન આગે હારી રહી, છછ્છા છે માયા ગુણમયી. ૭
જજ્જા વિરલા જાણે ભેદ, માયા પ્રપંચ વિધિ નિષેધ;
તે માયાનું તજવું માન, માયાપતિ ભજવા ભગવાન.
અંતરમાં ઉપજે નિર્વેદ, જજ્જા વિરલા જાણે ભેદ. ૮
ઝઝ્ઝા ઝાંખી જોને જેહ, વણ વાદળ જયાં વરસે મેહ;
વિના સરોવર અંબુજ સાર, વિના ભમર ઊઠે ગુંજાર.
વિના અર્ક અજવાળું જેહ, ઝઝ્ઝા ઝાંખી જોને તેહ. ૯
નન્ના નામ નાવ છે સાર, જે બેસે તે ઉતરે પાર;
કાળ કર્મ નહિ લાગે લેશ, છે આનંદી હરિનો દેશ.
તે પદ પામે છે નિરધાર, નન્ના નામ નાવ છે સાર. ૧૦
ટટ્ટા ટેક જનમનો ટળે, અંતરજામી ઘટમાં મળે;
નાના મોટા હરિના ઘાટ, કાંઇ સૂક્ષ્મને કાઇ વૈરાટ.
હરિને ભજતાં હું પદ ગળે, ટટ્ટા ટેક જનમનો ટળે. ૧૧
ઠઠ્ઠા ઠેકાણું છે ઠીક, જયાં ન મળે બીજાની બીક;
નિર્ભય નારાયણનો વાસ, પ્રેમ ધરીને રાખે પાસ.
સમજુ માની લેને શીખ, ઠઠ્ઠા ઠેકાણું છે ઠીક. ૧૨
ડડ્ડા ડાપણ મૂકી દે, સદગુરૂને શરણે જે રહે;

વચન તણો રાખી વિશ્વાસ, કુકલ્પનાનો કરજે નાશ.
ઉપાધિથી અલગો રહે, ડડ્ડા ડાપણુ મૂકી દે. ૧૩
ઢઢ્ઢા ઢોલ વગાડી કહ્યું, રૂડા પુરૂષને હૃદયે રહ્યું;
સમજ્યા તેણે લીધો સાર, ગાફલ નર તો ખાશે માર.
જોતામાં જોબન તો ગયું, ઢઢ્ઢા ઢોલ વગાડી કહ્યું. ૧૪
રેણા રણ ચોરાશી તણું, તેનું વ્યાજ વધે છે ઘણું;
દાણી ગણુમાં ડુલી ગયો, દેવાળું કાઢીને રહ્યો.
જમ કિંકર કરશે તાપણું, રેણા રણ ચોરાશી તણું. ૧૫
તત્તા તારૂં આપ તપાશ, ક્યાંથી આવ્યો ક્યાં તું જાશ;
ખેપ કરીને ખોળી કાઢ, હરિફ હોય તો લાગે હાડ.
મૂરખના મનમાં નહિ ત્રાસ, તત્તા તારૂં આપ તપાશ. ૧૬
થથ્થા થિરતો રહેવું નથી, કોણ રક કોણ પૃથ્વીપતી;
આજકાલમાં જાવું સહી, કોટિ ઉપાયે રહેવું નહીં.
ભાવ ધરી ભજ કમળાપતી, થથ્થા થિરતો રહેવું નથી. ૧૭
દદ્દા દેહ દેવળમાં દેવ, સેવક થઈને કરની સેવ;
પ્રેમ પુષ્પને ચંદનહાર, જ્ઞાનદીપક ઘટમાં અજવાળ.
અંતરનો ટાળે અહમેવ, દદ્દા દેહ દેવળમાં દેવ. ૧૮
ધદ્ધા ધારણ ધરજે ધીર, વાચ કાછ વશ રાખે વીર;
શબ્દ તણી ગ્રહ જે સમશેર, શત્રુ દળમાં પાડે લેર.
સદ્ગુરૂ બક્તર પ્હેર શરીર, ધદ્ધા ધારણ ધરજે ધીર. ૧૯
નન્ના નિશાન ગુરૂનું છેય, ધીર વીર પગ રોપી રેય;
કાયર નરનું નાહ ત્યાં કામ, શૂરવીરનો સાચો સંગ્રામ.
જિત્યા નિરગુણ જગમાં જેય, નન્ના નિશાન ગુરૂનું છેય. ૨૦
પપ્પા પૂરાની જે પ્રીત, મેરુ ચળે પણ ન ચળે ચિત્ત;
વ ની પેરે અવિચળ રહે. સ્તુતિ નિંદાને સુખ દુઃખ સહે;
નારાયણને નિરખે નીત, પપ્પા પૂરાની જે પ્રીત. ૨૧
ફફ્ફા ફોગટ તે કોણ ફરે, સચેત થઈ હરિ સમરણ કરે;
જન્મ મરણમાં આવે નહી, જેનું મન વસિયું હરિ મહી.
જઠરાવાસ ન નિશ્ચે કરે, ફફ્ફા ફોગટ તે કોણ ફરે. ૨૨

બબ્બા બોલે તેને જાણ, મુકી દેને મનની તાણ;
હું મારૂં હૃદિયાથી ટાળ, પરમારથમાં પીંડજ ગાળ.
દયા દીનતા મનમાં આણ, બબ્બા બોલે તેને જાણ. ૨૩
ભભ્ભા ભજન થકી ભય ટળે, નિશ્ચય કાલ કરાળ ન ગળે;
વેશ ધરે જો સિદ્ધિ થાય, વેશ ધરૈયા વૈકુંઠ જાય.
જેવો ભાવ તેવા હરિ ફળે, ભભ્ભા ભજન થકી ભય ટળે. ૨૪
મમ્મા માયા મનની જાણ. મારૂં તારૂં ખેંચા તાણ;
સઘળે સરખો આત્મારામ, સાંધા વાંધા મનનું કામ.
માટે મન હરિ ચરણે આણ, મમ્મા માયા મનની જાણ. ૨૫
યય્યા ઓળખ નહિ જેહને, સંશય શોક સદા તેહને
આતમ બુદ્ધિ ન ઉપજે કદા, આશા તૃષ્ણા બહુ આપદા.
દેહ ધરિશ દેખે દેહને, યય્યા ઓળખ નહિ જેહને. ૨૬
રર્રો રામ ભજનમાં રહે, બીજું બકવું મુકી દે;
વળતો શીદ વદે છે વાદ, નીર વલોવે ના આવે સ્વાદ.
હરિનું હારદ હેતે રહે, રર્રો રામ ભજનમાં રહે. ૨૭
લલ્લા લે તું આતમ લાવ, ફરી ફરી નહીં આવે દાવ;
જીતી બાજી હારિશ નહીં, સમજીને શીખામણ કહી.
હવે ન ચુકીશ આવો દાવ, લલ્લા લે તું આતમ લાવ. ૨૮
વવ્વા વેદ વચન નિરધાર, જે પ્રીછે તે પામે પાર;
ઉંચ નીચનો અંતર નથી, સમજ્યા તે પામ્યા સદ્દગતી.
સંશય સૌ તજવો અહંકાર, વવ્વા વેદ વચન નિરધાર. ૨૯
શશ્શા સાધન સર્વે થયું, જેનું ચિત હરિ શરણે રહ્યું;
હરતાં ફરતાં હરિનું ધ્યાન, તપ તીરથ તેને બહુ દામ.
કોટિ વિઘન ભય દુરૈત ગયું, શશ્શા સાધન સર્વે થયું. ૩૦
ખખ્ખા ખાંડનાં બીબાં ભરે, કોયલ કાગને કુંજર કરે.
મીન મઘર બહુ જળચર જાત, જેવું બીબું તેવી ભાત;
મિશ્રિ જોતાં તો મન ઠરે, ખખ્ખા ખાંડનાં બીબાં ભરે. ૩૧
સસ્સા સઘળે સુંદર શ્યામ, હરી વિના નહિ ઠાલો ઠામ;
અનેકરૂપે એનાં નામ, આદે અંતે એકજ રામ.

જો સમજે તો પૂરણ કામ, સસ્સા સઘળે સુંદર શ્યામ. ૩૨
હહ્હા હરિ ભાળો ભરપૂર, દોષ કર્મ તો રહેશે દૂર;
રવિને રજની નહિ કો કાળ, તેમ આત્મા પૂરણ ભાળ.
નિર્મળ નયણે નિરખો નૂર, હહ્હા હરિ ભાળો ભરપૂર. ૩૩
સૌ અક્ષર સંપૂરણ થયા હરિ ગુરૂ સંતે કીધી દયા;
અક્ષર અક્ષર આતમ બોધ જો સમજે તો ટળે વિરોધ.
કક્કામાં કહ્યું કપરૂં જ્ઞાન, માને મન તો ચિતમાં આણ. ૩૪
સંવત અઢાર બત્રીની સાલ, ચૈત્ર સુદી સાતમ સોમવાર;
સંદેસર સાધુનું ગામ, ઠાકોરકુંજ બિહારી નામ.
પ્રીતમ પ્રેમે અક્ષર કહ્યા, હરિ ગુરૂ સંતે કીધી મયા;

કક્કો ૨ જો.

(રાગ ધોળ.)

કરિયે શ્રી કૃષ્ણ ઉપાસના, ધરિયે હૃદયામાં ધ્યાન;
ફરિયે નહિ ગર્ભવાસમાં, ઠરિયે ઠીક નિદાન. કરિયે૦ ૧
ખોટો ખેલ સંસારનો, આતસ બાજીનો રંગ;
કરતાં વર્ષ વિત્યાં ઘણાં, ક્ષણમાં થાશે તે ભંગ. કરિયે૦ ૨
ગુરૂ ગમ ગાઇયે ગોવિંદને, જીવનું જોખમ જાય;
દયા દાનને દીનતા, તે તરવાનો ઉપાય. કરિયે૦ ૩
ઘટ ઘટ પ્રત્યે રચના ઘણી, ભરિયા રત્ન ભંડાર;
હીરા મોતીની હાટડી, સદગુરૂ ખોલણ હાર. કરિયે૦ ૪
નિર્મળ નામ નારાયણનું, જુગતે જપશે જે કોય;
અવિચળ પદવી તે પામશે, આવાગમન ન હોય. કરિયે૦ ૫
ચિંતવન કરિયે ચિદ રૂપનું, ઇશ્વર બોલે છે આપ;
એને સમર્પે સુખ ઉપજે ટળશે ત્રિવિધના તાપ. કરિયે૦ ૬
છે છતિ વસ્તુ દેખે નહીં, જીવનું જોને અજ્ઞાન;
માયા પડદા મધ્યે પડયો, ભૂલવણીનું એ ભાન. કરિયે૦ ૭
જન્મ મરણ તણી આપદા, નથી કાંઇ સંકટ સેલ;
ધંધો કરતાં ઢળી પડયો, જેમ કોઇ ઘાણીનો બેલ. કરિયે૦ ૮

જ્યાંજ્યાં લોભે લાગી રહ્યા, માયાની મધલાલ;
તેમ તેમ તૃષ્ણા વધે ઘણી, કુટાયો કંઇક કાળ. કરિયે૦ ૯
નોતમ દેહ દુર્લભ દેવને, પ્રાણી પામ્યો છું તેહ;
હીરો નીછારે નાંખીયો, એમાં ન રહે સંદેહ. કરિયે૦ ૧૦
ટેક ધરીએ નિજ નામની, સેવા સમરણ ધ્યાન;
હેતે હરિરસ પીજીએ, મૂકી માન ગુમાન. કરિયે૦ ૧૧
ઠીક ઠરીનેરે બેશીએ, રાખીનેરે વિશ્વાસ;
જઠરામાં જેણે જાળવ્યો, પરહર પારકી આશ. કરિયે૦ ૧૨
ડગમગ ઠાલી શાને કરે, તારૂં ધાર્યું નહિ થાય;
ગમતું થાશે ગોવિંદનું, કોઇનું જાણ્યું નહિ જાય. કરિયે૦ ૧૩
ઢાંકયો પાવક ધુંમરે, ઢાંકયો વાદળે સૂર;
માયાયે ઢાંકયો આતમા, સમજણ રાહ ગઇ છે દૂર. કરિયે. ૧૪
રણ સંબંધે આવી મળ્યાં, સુત વિત દારાને દેહ;
લેવાં દેવાં જ્યારે મટે, મારગ લાગશે તેહ. કરિયે૦ ૧૫
તોળ્યું તત્વ ત્રિલોકમાં, નહિ હરિ નામ સમાન;
બીજું સરવે એ બાદલું, અંતે આવે નહિ કામ. કરિયે૦ ૧૬
થિરતા કરિને તું નીહાળજે, હૃદે કમળમાં રૂપ;
બાહ્યાભ્યંતર ભાળજે, હરિનું અકળ સ્વરૂપ. કરિયે૦ ૧૭
દેહ તણું ફળ એહ છે, ભાવે ભજીયે ભગવાન;
બીજાં સાધન સંસારનાં, નહીં હરિ નામ સમાન. કરિયે૦ ૧૮
ધ્યાન ધરજે પરિબ્રહ્મનું, જેમ કોઈ લોભીને ધન;
કામીને જેમ કામિની, એવું કરિયે ચિંતવન. કરિયે૦ ૧૯
નિશ્ચે જાણો રહેવું નથી, જુઠો જગત વિલાસ;
એથી રહેજે તું અળગો. આઠે પહોર ઉદાસ. કરિયે૦ ૨૦
પ્રીત નિરંતર કિજીએ, સદગુરૂ સંતની સાથ;
રખે ઢોળી તું નાંખતો, અમૃત આવ્યું છે હાથ. કરિયે૦ ૨૧
ફોગટ ફંદ સંસારનો, સ્વારથનો તે સનેહ;
અંતે કોઇ કોઇનું નથી. તું તો તેનોરે તેહ. કરિયે૦ ૨૨

બાવન ઉપનિષદ વેદનાં, તેનું તત્ત્વ વિચાર;
તતપદત્વંપદ ત્યાગીને, અસિ પદમાં ચિત્ત ધાર. કરિયે૦ ૨૩
બારે ભેદ ગુરૂદેવનો, કોન પામેરે પાર;
શિવ વિરંચીને સારદા સેવે પદરજ સાર. કરિયે૦ ૨૪
માયા મુળવની વરખડી, મોરી ત્રિભુવન માંય;
નીત્ય નૌતમ ફૂલે ફળે, તાતી શીતળ છાંય. કરિયે૦ ૨૫
જીવ અનેક નીપજાવતી, સેવે સૂર નર વૃંદ;
આણુંની આધે અજા ઈશ, સૌને સરખો આનંદ. કરિયે૦ ૨૬
રહિયે ઈશ્વરને આશરે, ધારણુ ધારીને ધીર;
સુખ દુઃખ એણીપેરે આવશે, જેમ કાંઇ નાળીયેરમાં નીર. કરિયે૦ ૨૭
લીલા કોઇ એ લેતું નથી, એની ભૂલવણી સોય;
નટ જેમ નજરબંધી કરે, કળી શકે નહિ કોય. કરિયે૦ ૨૮
વિશ્વ રહ્યું સઉ મોહીને, જુઠી બાજીને જોઇ;
તેનો કરતા કોરે રહ્યો, જાણે તે જન કોઇ. કરિયે૦ ૨૯
શશ્શા શોધ સ્વરૂપને, તેને સમજે સુખ થાય;
નિદ્રા માંહી દુઃખ ભોગવે, તે તો જાગ્યેથી જાય. કરિયે૦ ૩૦
ખોળે ખોટું સરવે પડે, ન જડે નામ ને રૂપ;
બાંધી રૂંધી ઉભું કર્યું. જેવું કાષ્ટ સ્વરૂપ. કરિયે૦ ૩૧
સંશય તેને શાનો રહ્યો, જેને બ્રહ્મ વિચાર;
અગ્નિને ઉધેઇ અડે નહિ, રવિને નહિ અંધકાર. કરિયે૦ ૩૨
હરિનો મહિમા અપાર છે, નિગમ નિરંતર ગાય;
અજઉમયાપતિ અહિપતિ, નિશદિન ધ્યાનમાં ધાય. કરિયે૦ ૩૩
પ્રેમ પયોધયે ઝીલીએ, સદગુરૂ સંતોને સંગ;
પ્રીતમ તમને તે થકી, પ્રગટે પૂરણ રંગ. કરિયે૦ ૩૪

પદ ૩ જું. ધોળ.

હરિનો મારગ છે સૂરાનો, નહિ કાયરનું કામ જોને;
પરથમ પહેલું મુસ્તક મૂકી, વળતી લેવું નામ જોને.
સુત વિત દારા શિશ સમરપે, તે પામે રસ પીવા જોને;

સિંધુ મધ્યે મોતી લેવા, માંહિ પડયા મરજીવા જોને.
મરણુ આગમે તે ભરે મૂઠી, દિલની દુગ્ધા વામે જોને;
તીરે ઉભો જુવે તમાસો, તે કોડી નવ પામે જોને.
પ્રેમ પંથ પાવકની જવાલા, ભાળી પાછા ભાગે જોને;
માંહી પડયા તે મહાસુખ માણે, દેખનારા દાઝે જોને.
માથા સાટે મોંઘી વસ્તુ, સાંપડવી નહીં સ્હેલ જોને;
મહાપદ પામ્યા તે મરજીવા, મૂકી મનનો મેલ જોને.
રામ અમલમાં રાતા માતા, પૂરા પ્રેમી પરખે જોને;
પ્રીતમના સ્વામીની લીલા, તે રજની દન નરખે જોને.

પદ ૪ થું.

સંત સમાગમ જે જન કરશે, તેને પ્રગટે પ્રેમ જોને;
જે ધાતુને પારસ પરશે, તે તો હોયે હેમ જોને.
કથીર કાંસુ હેમ ન હોયે, કોટી પારસ પરસે જોને;
શુન્ય છીપ તે ઉપર નાવે, સોમણુ સ્વાતિ વરસે જોને.
અચેતને ઉપદેશ ન લાગે, શિવ બ્રહ્મા સમજાવે જોને;
જેનાં અવળાં અંતઃકરણો, તેને સમજણુ નાવે જોને.
કુબુદ્ધિ કાળપ જેને હૃદયે, તેને ન લાગે રંગ જોને;
અડદ ઉજળા કયમે ન થાયે, જઈ ઝબોળે ગંગ જોને.
કુશકા કુટેથી શું થાય, કણુ ન જડે તેમાંથી જોને;
મંદ અભાગી મૂરખ નરને, સમજણુ આવે કયાથી જોને.
પાપીને પરબોધન કરીયે, મુન્ય ગ્રહીને રહિયે જોને;
કહે પ્રીતમ તુલસીદલ તોડી, પ્રેત ન પુજવા જઈયે જોને.

પદ ૫ મું.

હરિ મહિમા મોટા જન જાણે, સનકાદિક શુક દેવ જોને;
અજ તનયા ઊમયાપતિ વંદે, કરે કમળાપદ સેવ જોને.
વેદવિરંચી વ્યાસ વખાણે, અપાર લીલા એની જોને;
નાથ વિના બીજો નહિ જાણિયો, જોયું ચિત્તમાં ચેતી જોને.
માટે મારૂં મનડું મોહ્યું, રસિક વરને રંગે જોને;

સદા સર્વદા સુખમાં ઝીલું, સુંદર વરને સંગે જોને.
અમૃત કેરા સાગર માંહે, મગન થયું મન મીન જોને;
એક નિમિષ ન્યારૂં નવ થાયે, રહ્યું તે રસમાં લીન જોને.
અગરચંદનનાં વનમાં જઇને, ભોગી ભમરો બેઠો જોને;
ઉડીને અળગો નવ થાયે, સ્વાદ સુખમાં પેઠો જોને.
કમળનેનની સુંદર શોભા, નિરખું નિત્યે નિત્ય જોને;
પ્રીતમના સ્વામીની સાથે, બાંધી પૂરણ પ્રીત જોને.

પદ ૬ ઠું.

સંત કૃપાથી છુટે માયા, કાયા નિર્મળ થાય જોને;
શ્વાસો શ્વાસે સમરણ કરતાં, પાંચે પાતક જાય જોને.
કેસરી કેરે નાદે નાસે, કોટી કુંજર જૂથ જોને;
હિંમત હોય તો પોતે પામે, સઘળી વાતે સૂથ જોને.
અગનીને ઊધઈ ન લાગે, મહામણીને મેલ જોને;
અપાર સિંધુ મહાજળ ઉંડાં, મરમીને મન સહેલ જોને.
બાજીગરની બાજી તે તો, જંબુરો સઉ જાણે જોને;
હરિની માયા બહુ બળવંતી, સંત નજરમાં નાણે જોને.
સંત સેવતાં સુકૃત વાધે, સહજે સીજે કાજ જોને;
પ્રીતમના સ્વામિને ભજતાં, આવે અખંડ રાજ જોને.

પદ ૭ મું.

ભજન કરીલે ભાવેરે, ભવ ભટકણ ભાગે;
સંસાર સાગર તરતાંરે, ક્ષણું વાર ન લાગે.
માયા મોહ નિદ્રામાંરે, ગાફલ શું ઘોરે;
પાંચ ચોર વસે પાસેરે, આતમ ધન ચોરે.
અચેત શું ઊંઘેછેરે, જોને આંખ ઉઘાડી;
વેગે વણશી જાશેરે, કાયાની વાડી.
ચેત ચિદાનંદ મળશેરે, ટળશે અંધારૂં;
આ અવસર છે રૂડોરે, હોય કારજ તારૂં.
મહા પુરૂષનો મારગરે, તે પગલું સહાજે;
પ્રીતમ પ્રેમ ધરીનેરે, હરિના ગુણ ગાજે.

પદ ૮ મું.

જા સદગુરૂને શરણેરે, સૌ સંશય હરશે;
જીવદશાને ટાળીરે, હરિ સરખો કરશે.
ઉગ્ર દશા અનુભવીરે, છે સમજણ મોટી;
મન કંચનને કસવારે, ગુરૂ જ્ઞાન કસોટી.
હોય હેમ લોહ કેરૂંરે, જેને પારસ પરશે;
થાય મહા મુક્તાફળરે, જળ સ્વાતિ વરસે.
છીપ રહે સાગરમાંરે, માંય મોતી નિપજે;
જ્ઞાન મીનકા પરસેરે, તેને રૂતુ ઉપજે.
સત સંગે નર સમજેરે, સૌ દુગ્ધા જાશે;
પ્રીતમ તે પ્રાણીનુંરે, સૌ કારજ થાશે.

પદ ૯ મું.

કર હરિ સમરણ સાચુંરે, કાચું તન તારૂં;
મનથી મૂકી દિજેરે, માયાનું લારૂં.
માયાછે મહા ઠગણીરે, ઠગ વિદ્યા કરશે;
જ્ઞાન ધ્યાન ધન ધીરજરે, હેલામાં હરશે.
માયા બંધન બહું છેરે, તેને તું તજને;
મોહ ઉપજાવે સૌનેરે, સુર નર મુનિ અજને.
અપાર બળ માયારે, ડાહ્યા જન જાંણે;
જેણે ગોવિંદ ગુણ ગાયારે, તે ભય નવ આણે.
ભજન પ્રતાપે ભવજળરે, ગૌપદની પેરે;
અખંડ અભે પદ માણેરે, આનંદની લહેરે.
સદા સર્વદા સુખમાંરે, દુખમાં નવ દેખે;
પ્રીતમ સરવે પ્રભુનુંરે, પરમારથ લેખે.

પદ ૧૦ મું.

જે પરમારથ પ્રીછેરે, તેને પાપ ન પર્શે;
રૂપ અનુપમ હરિનુંરે, સચરાચર દર્શે.
સૌ સામગ્રી હરિનીરે, હરિનો થઇ રહેજે;

હરિને અર્પણ કરીનેરે, ઉગરે તે લેજે.
સાચે રાચે રસિયોરે, પરપંચ પરહરજે;
હેતારથ હરિજનશુંરે, દુરજનથી ડરજે.
હુ મારૂં હૃદયેથીરે, ટાળીને રમજે;
વિશ્વ આત્મા વિષ્ણુંરે, નિરખીને નમજે.
અસત્ય આલાપ ન કીજેરે, સત્ય વચન ઉચરજે;
પ્રીતમ પ્રેમ નિરંતરરે, પ્રભુજીશું કરજે.

પદ ૧૧ મું. રાગ ગરબી.

શું કર્યું ગીતા ગાઇનેરે, તેં શું કર્યું ગીતા ગાઈને. ટેક.
ભણ્યો ગણ્યો પણ ભેદ ન જાણ્યો, ધિક પડયો પંડિતાઇનેરે. તેં શું.
પોથી વાંચીને પરમારથ ન કીધો, કુંટંબ પોખ્યું કમાઇનેરે. તેં શું.
ભાગવત ભાંખ્યું હેત હૃદયે ન રાખ્યું, રહ્યો આપ સ્વારથ સાઇનેરે. તેં શું.
શેષને માંથે મણી છે તો પણ, જીવેછે જીવ ખાઇનેરે. તેં શું.
કહે પ્રીતમ પોતાના ડહાપણથી, ગયો ચોરાશીમાં વહેંચાઇનેરે. તેં શું.

પદ ૧૨ મું. રાગ કાનડો.

નિરમળ નામ નિરંતર લેરે,
રામ અનંત મુકંદ મોરારી, શ્રી ગિરિવરધારી ગોવિંદ તેહરે. નિરમળ.
કેશવ કૃષ્ણ કૃપાનિધિ માધવ, સંભારે સઉ શોક હરેરે. નિરમળ.
શ્રીવર સુંદર શ્યામ મનોહર, રૂપ અનેક થઇને રમેરે. નિરમળ.
નારાયણ મધુસૂદન મોહન, ત્રીભુવન તારણ ત્રીકમ છેરે. નિરમળ.
પ્રીતમ પ્રીત સહીત મન ભાવે, રાત દિવસ હરિ રંગમાં રહેશેરે. નિરમળ.

પદ ૧૩ મું.

આ તનમાં તીરથરે તત્વ વિચાર તણું,
ચૈતન્ય સાગરમાંરે નાહાવાનું ફળ છે ઘણું;
ગલકીમાં ઝીલોરે નિરમલ નિરવડે, ગંગાને જમુનારે સરસ્વતી પૂર ચઢે;
પરભાતમાં પ્રાગેરે તહાં થાયે તરવેણુ, મરજીવા જોગીરે ઝીલે દીન રેણુ;
કાયા કાશીમાંરે વિશ્વનાનાથ વસે, પ્રીતમ પદ પરસેરે તે તદરૂપ થશે;

પદ ૧૪ મું.

સદગુરૂને શબ્દેરે સઉ તીરથ તેહને, પંડમાંછે પોતેરે જિતી ફરે જેહને;
ગુરૂદેવ દયા કરેરે તેહને સઉ સૂઝે, બોલે બહુ નામીરે, બીજો શું બુઝે;
અંતરગત્ય ઇશ્વરરે આપે અવિનાશી, પોતાની ભૂલેરે ભમે લખચોરાશી;
છે શ્રીમંત સુખીયોરે રાંક થઇ રઝળ્યો, માયાને સંગેરે ત્રિવિધ તાપે બળ્યો;
સદ્દગુરૂને સેવેરે તો નીજ રૂપ જડે, તન માંહી તપાસેરે પોતે પોતા વડે;
નખશિખ લગી ન્યારોરે ન મળે કોઈ બીજો,
પ્રીતમ એક અદ્વીતરે જોઈ હૃદયે રીઝો;

પદ ૧૫ મું.

પુરણાનંદ પોતેરે પરપંચ પરહરતા, કારણનું કારજરે લઇ અળગું કરતા;
નભ પવન નહીરે નહીં અંબુ અવની, પંચ વિશે ચતુષ્ટીરે નહીં સુક્ષમ નવની;
દશે ઇંદ્રિ અવસ્થારે નહીં સ્થલનું ઠેકાણું,
સુરજ જેમ સાક્ષીરે એમ આત્મા જાણું;
અન્વય વ્યતિરેકેરે જયમ છે ત્યમ જોયું,
પ્રીતમ છે સ્વરૂપેરે નહિ પામ્યો નહિ ખોયું;

પદ ૧૬ મું.

ભુલ ઘણી ભાંગીરે, બ્રહ્માનંદ ભાસ્યો;
શુદ્ધ ચૈતન્ય સાક્ષીરે, સઘળે પ્રકાસ્યો.
ટળ્યું તિમિર ત્રિગુણનુંરે, તુરિયા તેજ ઘણું;
અખંડ અજવાળુંરે, નિરમળ નામ તણું.
એકરસ અવિનાશીરે, શુદ્ધ રૂપ સ્વેજોતી;
તરવેણી તારેરે, પ્રોયું મન મોતી.
હરિ હાર હીરાનોરે, પહેરો પ્રીત ધરી;
થઇ પ્રેમ સોહાગણરે, પૂરણ મન મોદ ભરી.
પામી અચળ એવાતણરે, અખંડ વર વરતાં;
પ્રીતમના સ્વામીરે, સંગ આનંદ; ધરતાં.

પદ ૧૭ મું.

તું તો રામ રટણ કર્ય રંગમાં, હવે રાખ્ય હરિ સાથે હેત.
અવસર આવો નૈ મલે૧૦

ખોટા ખેલમાં શુંરે ખુચી રહ્યો, ઉઠ આળસ મેલ્ય અચેત. અવસર૦ ૨
આણિ પરપંચમાં શું પચિ રહ્યો, માની સ્વમતણુ સુખસાર. અવસર૦ ૩
કાળ ખાશે જે કેશે કહ્યું નહિ, નથી માનતો ગાફલ ગમાર. અવસર૦ ૪
વિષયભુતે તે ભવમાં ભમાવિયો, ક્ષણુ બેઠો નહિ ઠરિ ઠામ. અવસર૦ ૫
અંતે રંગ પતંગ જાશે ઉતરી, કાચિ કાયા નહિ આવે કશે કામ;
અવસર આવો નહિ મલે૦ ૬
તુંતો સમરણુ કર્ય શુદ્ધ ભાવશું, ટાળિ તનમન કેરા વિકાર. અવસર૦ ૭
ભ પ્રતમ બ્રહ્મ સ્વરૂપને, જેનો મહિમા છે અગમ અપાર. અવસર ૮

પદ ૧૮ મું.

સદગુરૂજિના શબ્દ વિચારતાં, ટળે માયા મોહ વિકાર.
હરિરસ પિજિયે૦ ૧
બાળી ભસ્મ કરે બિજિ વાસના, ઉર પ્રગટે પ્રેમ અપાર. હરિ૦ ૨
ચઢિ બ્રહ્મ ખુમારિ ન ઉતરે, સુખ મુખે કહ્યો નવ જાય. હરિ૦ ૩
એવો અજર અમરરસ જે પીયે, તેના નેણુ વેણુ પલટાય. હરિ૦ ૪
જેને સંભવ નહિં શરીરનો થયો આતમ દ્રષ્ટિ ઉઘાડ. હરિ૦ ૫
બ્રહ્માનંદ ગગનવત થૈ રહ્યા, ગાળ્યાં જ્ઞાન હિમાળે હાડ. હરિ૦ ૬
મરજીવા થઇને હરિને મળે, જેમ કુંભ મહાજળ માંહ્યે. હરિ૦ ૭
બ્રહ્મ પોતામાં પોતે તે બ્રહ્મમાં, બ્રહ્મ વિના ન દીસે કાંઈ. હરિ૦ ૮
જેમ સિંધુ માંહે સરિતા ભળે, તેનું નામ નદી ટળી જાય. હરિ૦ ૯
કહે પ્રીતમ સદગુરૂ સેવતાં, અંતર ટળિને એકતા થાય. હરિ૦ ૧૦

પદ ૧૯ મું.

તુતો રામ રટણુ કર્ય રંગમાં, તારા અંગમાં ઉપજે આનંદ.
ગોવિંદ ભજ ભાવસું. ૧
પરમારથ અર્થ વિચારતાં, તજ સ્વારથ માયાનો ફંદ. ગોવિંદ. ૨
કાયા માયા તે તારિ કારમી, તેને વણુસતાં લાગે ન વાર. ગોવિંદ. ૩
મૃગ તૃષ્ણા તે જળરે જાસક ભળ્યાં, એવો જાણે આ સકલ સંસાર;
ગોવિંદ ભજ ભાવસું. ૪
ગુંજા વન્હિ તે મર્કટ માનિયું, તેણે ટાઢ ન ટળે લગાર. ગોવિંદ. ૫

ઉસ ઉલક બિડિ બરાસની, તેને ઉડયા તણો અધિકાર. ગોવિંદ. ૬
સ્વપ્નામાં સમર્દ્ધિને પામીયે, જાગી જોતાં ન દિસે જરાય. ગોવિંદ. ૭
ધુમરના તે ઢગરે સોહામણા, ભુજ મુષ્ટિ તે નવરે ભરાય. ગોવિંદ. ૮
સાચિ સંગત સદ્દગુરૂ સંતની, તેણે જીવપણું ટળી જાય. ગોવિંદ. ૯
કહે પ્રિતમ પ્રભુને સંભારતાં, મહા પાપિ પાવન થાય. ગોવિંદ. ૧૦

પદ ૨૦ મું.

સંત પારસ ચંદન બાવના, કાંમ ધેનુ કલ્પતરૂ સાર. સમાગમ૦ ૧
એમ સમઝયા મારે અંતર ઘણું, તારૂ પારસ ત્રણ પ્રકાર. સમાગમ૦ ૨
એક પારસથીરે પારસ બને, એક પારસથી હોય હેમ. સમાગમ૦ ૩
એક પારસલોરે કંચન કરે, સો વર્ષે એમનું એમ. સમાગમ૦ ૪
એક ચંદનથી વીખ ઉતરે, એક ચંદને અગ્નિ ઓલાય. સમાગમ૦ ૫
એક તલભર તેલમાં જો પડે, ફરિ તાતું કયમેં નવ થાય. સમાગમ૦ ૬
સર્વે સેનઃ શુરી નવ જાણવી, સર્વે નારી સતી નવ હોય. સમાગમ૦ ૭
સહુ ગજ શીર મોતી ન નીપજે,તેની જુક્તિ વિચારીને જોય.સમાગમ૦૮
જ્ઞાન હિણા ગુરૂ નવ કિજિયે, વંધ્યા ગાય શેવે શું થાય. સમાગમ૦૯
કહે પ્રીતમ બ્રહ્મવેત્તા ભેટતાં, ભવ રોગ સમુળો ટળી જાય. સમાગમ૦૧૦

પદ ૨૧ મું.

સંત લક્ષણ ત્રિસ સોહામણાં, ચિત્ત વ્રત્તિ થૈ જેની શાંન્ત,
એવા જન હરિતણા. ૧
બ્રહ્માનંદ બ્રહ્મ રસ ભોગીયા, જિવ ઇશ્વરની ભાગી ભ્રાંત. એવા૦ ૨
દયા દાન દાસા તણુ અતી ઘણું, જ્ઞાન ભક્તિ વિવેક વૈરાગ. એવા૦ ૩
ક્ષમાવંત તપે નહિ તાપમાં, આશા રહિત અમળ અનુરાગ. એવા૦ ૪
અક્રોધિ ઇંદ્રીજિત્ત અનુભવી, કવિ કોમલ શિતલ શાંત. એવા૦ ૫
અપારહિત અમરિત વાણિ વદે, સહજાનંદ આનંદકંદ. એવા૦ ૬
શુદ્ધ શ્રદ્ધા ને સ્વારથ નવ મળે, પરમારથ ઉપર પ્રીત. એવા૦ ૭
શશિ સૂર્યવત્ સાક્ષી રહે, ઉદાર અર્ણવની રીત. એવા૦ ૮
હર્ખ શોક વિષેરે ડોલે નહિ, અર્ધ નિમિષ ન મૂકે નામ. એવા૦ ૯
સુતરૂધેન ચિંતામણી મળતાં, પહોચે મનના કામ. એવા૦ ૧૦

પરિપૂર્ણ લક્ષણ સંતનાં, બતરીશમાં ઓછાં છે બેય. એવા૦ ૧૧
કહે પ્રીતમ એવા પૂરૂષને, સહુ સોંપીયે ચર્ણને શર્ણે. એવા૦ ૧૨

પદ ૨૨ મું.

દેહ મનુષ્ય ધરી હરિ ન જાણ્યા તેણે સર્વે ખોયું.
મારા વાલાજી મહામણી મુકીને પથ્થરમાં ચિત્ત પ્રોયું૦ ૧
જેણે જાળવિયો જઠરા માંહિ, તેને સંભાર્યો સ્વપ્ને નહિ,
લંપટને લાજ લગાર નહિ, દેહ મનુષ્ય૦ ૨
તેં હાથે કામ કુડાં કિધાં, તે અમૃત મેલીને વિખ પિધાં,
તેં મીથ્યા માતને દુઃખ દિધાં, દેહ મનુષ્ય૦ ૩
તેં જગતપતિને નવ જોયો, તજિ કલ્પવૃક્ષ બાવળ બોયો,
તેં ઉત્તમ જન્મ એળે ખોયો, દેહ મનુષ્ય૦ ૪
તેનિ દેહ અશુદ્ધ વાણિ, તે પ્રિત પ્રભુ શું નવ આણિ,
તે અધમ જાત પામર પ્રાણિ, દેહ મનુષ્ય૦ ૫
તેનેકૃતઘ્નિ સરખો કહિયે, તેની સંગતે તે સરખા થૈયે;
કહે પ્રીતમ તેથી અળગા રહિયે, દેહ મનુષ્ય ધરી હરિ ન જાણ્યા૦૬

પદ ૨૩ મું.

હરિ ભજન વિના દુઃખ દરિઆ સંસારનો પાર ન આવે,
જડ બુદ્ધિ જિવ સંત વિના સુધો મારગ કોન બતાવે૦ ૧
તેં અનેકવાર અવતાર ધર્યા, બહુ કર્મ તણા કોઠાર ભર્યા;
અઘ ઓઘતણા અંબાર કર્યા, હરિ ભજન વિના૦ ૨
તું ઝાડ પાહાડ જડરૂપ થયો, તે શિત ઉષ્ન શિરતાપ સહ્યો;
તારો કષ્ટ કોણે નવ જાય કહ્યો, હરિ ભજન વિના૦ ૩
ફર્યો ચાર ખાંણ લખચોરાશી, થયો જલચર સ્થલચર ગર્ભવાસી;
માયા બંધન થકી ન શકયો નાશી, હરિ ભજન વિના૦ ૪
પામ્યો મનુષા દેહમાં નહી મણા, ધન ધાંમ પુત્ર પરિવાર ઘણા;
હવે ગાઈ લે ગુણ ગોવિંદ તણા, હરિ ભજન વિના૦ ૫
કહે પ્રીતમ ચેતિ લે પ્રાણિ, એવું જન્મ મર્ણનું દુઃખ જાણિ.
શું સુતો છિ આળશ આણિ, હરિ ભજન વિના૦ ૬

પદ ૨૪ મું.

હાર ભજન થકી છોટા હોય તે સહુથી મોટા થાય;
તન તાપ ટળે જન્મ મરણનાં સંકટ સર્વે જાય૦ ૧
જુવો દાસિ સુતથી શું હીણુપણું, જેનું પુન્ય પાવત્ર ચરિત્ર ઘણું;
થયા નારદ મન ગોવિંદ તણું, હરિ ભજન થકી૦ ૨
જુવો શુકદેવજીનું મૂળ શોધિ, હતા પશુ ઘાતી સુડિયો લોભી;
થયા આપે ઈશ્વર અક્રોધિ, હરિ ભજન થકી૦ ૩
જુવો વાલમિકજીની વાત ખરી, જેણે દર્ભ શલામાં દેહ ધરી;
તેણે સપ્તકોટિ રામાયણ કરી, હરિ ભજન થકી૦ ૪
જુવો માંડવની મેડકીમાતા, જુવો વસિષ્ટ વેશ્યા વિખ્યાતા;
જુવો ચતુરાનન પંકજ જાતા, હરિ ભજન થકી૦ ૫
જુવો અગસ્ત કુંભથી પ્રગટ થયા, અંજલીમાં સાગર શોશી ગયા;
તે તો વિશ્વમાં વિખ્યાત થયા, હરિ ભજન થકી૦ ૬
જુવો એકલ શૃંગીહરણિના, જુવો વ્યાસ મુનિવણ પરણીના;
જુવો સુતપુરાંણી કુંણ કરણીના, હરિ ભજન થકી૦ ૭
જેમ મધ્યમ જળ ગંગામાં ભળે, તે ગંગા સરખું થૈને પળે;
જેમ પારસ પરસે લોહ ટળે, હરિભજન થકી૦ ૮
એમ:જાત ભાત્ય હુનિ જાણિ, હરિ ભજે તે હરિ સરખા પ્રાણિ;
કહે પ્રીતમ ઓળખો એંધાણિ, હરિ ભજન થકી૦ ૯

પદ ૨૫ મું.

મન માને નહિ સો ફેરા સમજાવું તોય શું થાય,
ખળ કઠણ કઠોર ચંચલ ચોર ચપલ ચિત્ત ચૌદસ ધાય. ૧
મન ભુત તણિ પેરે ભમતું ચાલે માયાની સંગે રમતું,
તેને હરિ પર જાવું નથી ગમતું. મન માને નહિ. ૨
મન નિર્લજને લજ્યા ન મળે, પિલુ ભાલે પોતાને કમલે;
લૈ નાખે માયાને વમળે. મન માને નહિ. ૩
જયમ કુકુર માથે માર પડે, તોય આવિ ઉભુ દ્વાર અડે;
ફૂળદેખીને મરકટ ઝાડ ચડે. મન માને નહિ. ૪

જુવતી પરસવનું દુઃખ જાણે, તો મિથ્યા સુખને સીદ માણે;
ગયો અવસર ઉરમાં નવ આણે. મન માને નહિ. ૫
કહે પ્રીતમ પરપંચ પરહરતાં, શુદ્ધ ભાવે હરિનું સ્મરણ કરતાં;
કાંઇ વાર નહિ ભવજળ તરતાં. મન માને નહિ. ૬

પદ ૨૬ મું.

અજ્ઞાની જીવ સંગ કરે સાચો પણ રંગ ચડે નહિ,
એમ દમે શરીર હરિ મલવાનો મારગ તોય જડે નહિ. ૧
એક પથ્થર પાણા નવ પરસે, તેને ટાંકે તો અગ્નિ વરસે;
એવા સાકુટને હરિ કયમ દરશે. અજ્ઞાનિ જીવ. ૨
સાકુટને સંગત કેમ ગમસે, ઉંધે ઘડે તે ઉદક કેમ ભરસે;
એમ પાત્ર વિના રસ કેમ ઠરસે. અજ્ઞાનિ જીવ. ૩
જેમ પુષ્પ પાંદડાં આસપાસ, તેમાં કો કોને નવ લાગે બાસ;
એમ ભગત જગત તે બારે માસ. અજ્ઞાનિ જીવ. ૪
એક મેંડક પંકજ પાસ રહે, તેમ કમલ તણી વાસ કંઇ ન લહે;
વાસ કમળ તણી તે ભમર લહે. અજ્ઞાનિ જીવ. ૫
તરૂચંદનથી ચંદન જોવા, બીજા વાસ એરંડા જેવા;
તેને નહી કાંઇ લેવા દેવા. અજ્ઞાનિ જીવ. ૬
તું વેદપુરાણ ઘણું સાંભળે, તારા મનની દુગ્ધા કંઇ ન ટળે;
સાચા રંગ વિના હરિના હરિ નહિ મળે. અજ્ઞાનિ જીવ. ૭
જમ થાકયા ફેરા ફરી, થયા કાયર મેનત કરીકરી;
તુ ન થાકયો દેહ ધરી ધરી. અજ્ઞાનિ જીવ. ૮
કહે પ્રીતમ સમજે સુખ થાશે, તારૂં જન્મ મરણનું દુઃખ જાશે;
આગળની પ્રીતે ઓળખાશે. અજ્ઞાનિ જીવ. ૯

પદ ૨૭ મું.

તજ દેહાભિમાન, મિથ્યા સુખ સારૂ શું ફોગટ ફૂલે,
સત વચન વિચાર, વાર વાર સંસાર વિષે શું ભુલે. ૧
આ કાયાનો કાચો પાચો, તે દેખીને શું લોભાચો;
રવિનંદન દીલમાં છે ડાહ્યો, તજ દેહાભિમાન૦ ૨

તારી જમ કીંકર હણુશે છાતી, ત્યારે ક્યાં જાશે તારી કુલ નાતિ;
જઈ ભોગવશો તમે પશુની જાતી, તજ દેહાભિમાન૦ ૩
દુઃખ અસીપત્રિ દીઠાં નથી, પંચમ સ્કંધમાં કહ્યાં કથી;
જઈ ભોગવશો તમે રતી રતી, તજ દેહાભિમાન૦ ૪
કહે પ્રિતમ કાંઈ સાધન કરજો, હરિ ગુરૂ નામ હૃદે ધરજો;
નામ નાવ ચઢી ભવસિંધુ તરજો, તજ દેહાભિમાન૦ ૫

પદ ૨૮ સું.

હાર હરિ રટણુ કર્યે કઠણુ કલિકાલમાં, પઠણુ પારબ્રહ્મનું રાખ્ય પ્રાણી;
પરપંચ પરહરો સાચ હૃદયે ધરો, ઓચરો અમૃત વિમલ વાણી.
હરિહરિ૦ ૧
માયાના પુરમાં વિશ્વ સહુ વૈ ગયું, નિરખવા નવ રહ્યા રંક રાજા;
બ્રહ્માના દિવસમાં કીટ ગણુતી કશી, ઉપજે ખપે બહુ જિવ ઝાઝા.
હરિહરિ૦ ૨
અલ્પ સુખ સારૂ શું જિવ ફુલ્યો ફરે, શિરપર કાલ રહ્યો દંત કરડે;
પાંમરા પલકની ખબર નહિ તુજ ને, મૂઢ શું જોઈને મૂછ મરડે.
હરિહરિ૦ ૩
કાલનું ચવેણું કીટ બ્રહ્મા લગે, મ્હોટા મહંત તે મર્મ પ્રીછે;
પ્રીતમ પ્રભુનું ભજન નવ ભુલીયે, જો તારા આત્માનું કલ્યાણ ઇચ્છે.
હરિહરિ૦ ૪

પદ ૨૯ સું.

અચેત નર તારી ઉંઘ ન ઉડી, કાલ આવીને પહોચેરે,
એક પલકમાં પકડી લેશે, જાણ્યે જન્મ્યો નોતોરે. અચેત નર૦૧
માત તાત સુતભ્રાતને ભગની ભામની, એ સહુ ઠગની ટોલીરે;
સ્નેહ વધારી તારૂં સર્વશ લેશે, રેશો આંખ્યો ચોળીરે. અચેત નર૦૨
સગાં સંબંધી સહુ સુખનાં બેલી, અંતે રહેશે અલગાંરે;
એરે સહુ પુરવનાં રણિયાં, વેરી થઇને વળગ્યાંરે. અચેત નર૦ ૩
માયા મોહ નદીમાં ડુબ્યા, અતીશે ડાપણ ડાહ્યારે;
પ્રીતમ તે પુરૂષ જગ જીત્યા, જેણે હરિના ગુણ ગાયારે. અચેત નર૦ ૪

પદ ૩૦ મું.

જીભડલી તુને હરિ ગુણ ગાતાં, આવડી આળસ કયાંથીરે;
લવરી કરતાં નવરી ન મલે, બોલિ ઉઠે સૌ પહેલીરે. જિભડલી. ૧
પરનિંદા કરવાને પુરી, સૂરી ખટરસ ખાવારે;
ઝઘડો કરવા ઝાહેર ઝુઝે, કાયર હરિગુણ ગાવારે. જિભડલી. ૨
ઘર લાગ્યા પછી કુપ ખોદાવે, આગ એ કયાં ઓલવાશેરે;
ચોરો તો ધન હરિ ગયા પછી, દીપકથી શું થાશેરે. જિભડલી. ૩
તલ મંગાવો ને તુલસી મંગાવો, રામનામ લેવરાવોરે;
પ્રથમ તો મસ્તક નહી નમતું, પછી શું નામ સુણાવોરે. જિભડલી. ૪
હરિ નામ લેતાં દામ ન બેસે, કાંમ બડે નહિ કરવુંરે;
સહેજે પંથનો પારજ આવે, ભજનથકી ભવ તરવુંરે. જિભડલી. ૫
જેહનું નામ જપે જોગેશ્વર, શંકર શેષ વિરચીરે;
કહે પ્રીતમ પ્રભુ નામ વિસાર્યું, તે પ્રાણી પરપંચિરે. જિભડલી. ૬

પદ ૩૧ મું.

હરિની માયા મહા બળવંતી, કોણે જીતી નવ જાય જોને;
જોગીને તો જોતી હીંડે, ભોગીને તો ખાય જોને;
કાયરને તો કુટી નાંખે, શુરા પુંઠળ ધાય જોને;
જ્ઞાનીને તો ગોતી મારે, અજ્ઞાની અથડાય જોને;
પંડિતને પ્રપંચે મારે, કોણે નવ કળાય જોને;
હરિજનને તો હાથે મારે, મહા ઠગણી કહેવાય જોને;
ચતુરને તો ચુંટી નાંખે, ચટક ચોંટી જાય જોને;
તપસીને તો ટીપી નાંખે, કરણીમાં કુટાય જોને;
હરિની અતિ પ્રબળ માયા, જોરે નવ જીતાય જોને;
પ્રીતમનો સ્વામી પરમ સ્નેહી [illegible] વશ થાય જોને;

ધીરો ભકત.

કક્કો.

પદ ૧ લું. છંદ તોટકની ચાલ.

કક્કા કૃષ્ણ તણી ભક્તિ કરિએ, સાચા સ્વામિનું ધ્યાન રૂદે ધરીએ;
ખખ્ખા ખાર વિખાદને તજીએ, ભાવે ભૂધરજીના ગુણ ભજીએ;
ગગ્ગા ગુરૂજી કેરી સેવા કરીએ, જ્ઞાન બુદ્ધ આપે તે પૂઠે ફરીયે;
ઘઘ્ઘા ઘેલી બુદ્ધિને નવ રાખીએ, શ્રીરામ શ્રીરામ જીભે જપીએ;
નન્ના નારાયણ નામ રૂદે ધરીએ, સત સંગત સાધુ તણી કરીએ;
ચચ્ચા ચતુરાઇ ચિત્ત મહિ રાખીએ, હિણી બુદ્ધી હૈયેથી કાઢી નાંખીયે;
છછ્છા છંદ ભણંતાં નવ છપીએ, અહોરાત્રી પ્રભુ પ્રભુ તે જપીએ;
જજ્જા જોબનને જાળવી ચાલીએ, નિત્ય રામતણા રંગમાં મહાલીએ;
ઝઝ્ઝા જીભ ઝાઝેરી ન કો કરીએ, વહાલાં શું વિરોધ કદી ના લડીએ;
ટટ્ટા ટેક સ્વામી તે સેવીએ, જેના આધારથી જુગમાં જીવીએ;
ઠઠ્ઠા જુઠ થકા વેગળા ખસીએ, જ્ઞાન ગીતા સુણવા સામા ધસીએ;
ડડ્ડા ડાપણ દિલમાં લીજીએ, પ્રભુનો રસ રૂડો પ્રેમે પીજીએ;
ઢઢ્ઢા ઢીલ હવે તો નવ રાખીએ, ફરી ફરી મનુષાદેહ કયહાં ચાખીએ:
રેણા રામતણા સંગમાં રહીએ, મુખે કૃષ્ણ કૃષ્ણની કથા કહીએ;
તત્તા તસ્કર વિદ્યા તજી મૂકીએ, ચતુરા ચક્ષુમાં ન કો ચુકીએ;
થથ્થા થોડું ઘણું પરમાર્થ આપીએ, અંગમાંથી અભિમાનને કાપિએ;
દદ્દા દેહને દુર્લભ જાંણીએ, દીલમાં દયા તે માટે આણીએ;
ધદ્ધા ધારણ ધણી કેરી ધરીએ, આશા અંતરમાં કેની ના કરીએ;
પપ્પા પાપ કરંતાં થકી બ્હીજીએ, સાચી વાત સંસારમાં કીજીએ;
ફફ્ફા ફેલીની સંગ ફલા કરીએ, તો નિશ્ચે વણ મોતે માર્યા મરીએ;

બબ્બા બળ વિના જોર ના કરિયે, વિચારી વિચારી ડગલાં ભરીએ,
ભભ્ભા ભાર પોતાનો રાખી રહીએ, જ્યાં વીતી હોય ત્યાં જાળવી જઇએ,
મમ્મા મદમોહ મત્સરને મારીએ, રામનું નામ કદી ન વિસારીયે;
રેરા રામતણા રંગમાં રહીએ, પરનારી ગુંજ કરવા ના જઇએ;
લલ્લા લખીત પદારથ લઇએ, તેમાં દોષ દયાળને શો દઇએ;
વવ્વા વળાવો થઇ લૂટી લીજીએ, તે તો હત્યા જુગોજુગ ના છુટીએ;
સસ્સા સત્ય તણાં પગલાં ભરીએ, કુડાં આળ કોઇ શીર ના ધરીએ;
ષષ્ષા ખરેખરે તાજુએ તોલીએ, પારકી થાપણ નવ ઓળવીએ;
શશ્શા સરોવર પાળ નવ ભાંગીએ, હોડ પાડી કુવો નવ ઓળંગીએ;
હહ્હા હરિ કેરા ગુણ ગ્રહીએ, દાસ ધીરો કહે હરિવર રાખો હૈયે.

પદ ૨ જું.

તરણા ઓથે ડુંગરરે, ડુંગર કોઇ દેખે નહીં;
અજા જુથ માંહેરે, સમરથ ગાજે સહીં. તરણા૦ ટેક. ૧
સિંહ અજામાં કરે ગર્જના, કસ્તુરી મૃગ રાજંન;
તલને ઓથે જેમ તેલ રહ્યું છે, કાષ્ટમાં હુતાશંન;
દધિ ઓથે ઘૃતજરે, વસ્તુ એમ છુપી રહી. તરણા૦ ૨
કોને કહુ ને કોણ સાંભળશે, અગમ ખેલ અપાર;
અગમ કેરી ગમ નહીરે, વાણિ ન પહોંચે વિસ્તાર;
એક દેશ એવોરે, બુદ્ધિ થાકી રહે તહી. તરણા૦ ૩
મન પવનની ગતિ ન પહોંચે, છે અવિનાશી અખંડ;
રહ્યો સચરાચર ભર્યો બ્રહ્મ પૂરણ, જેણે રચ્યાં બ્રહ્માંડ;
ઠામ નહિ કો ઠાલોરે, એક અણું માત્ર કહીં. તરણા૦ ૪
સદ્ગુરૂજીએ કૃપા કરી ત્યારે, આપ થયારે પ્રકાશ;
શાં શાં દોડી સાધન સાધે, પોતે પોતાની પાસ;
દાસ ધીરો કહેછેરે, જ્યાં જોઉં ત્યાં તુંહી તુંહી. તરણા૦ ૫

પદ ૩ જું.

મન તુંહી તુંહી બોલેરે, આ સુપના જેવું તન તારૂં;
અચાનક ઉડી જાશેરે, જેમ દેવતામાં દારૂ—મન૦ ટેક. ૧

ઝાકળ જળપળમાં વળિ જાશે, જેમ કાગળને પાણી,
કાયા વાડી તારી એમ કરમાશે, થઇ જાશે ધુળધાણી;
પાછળથી પસ્તાશેરે, મિથ્યા કરી મારૂંમારૂં. મન૦ ૨
કાચનો કુંપો કાયા તારી, વણસતાં ન લાગે વાર;
જીવ કાયાને સગાઇ કેટલી, મૂકી ચાલે વન મોઝાર;
ફોગટ ફુલ્યાં ફરવુંરે, ઓચિંતુ થાશે અંધારૂં. મન૦ ૩
જાયું તેતો સરવે જાવાનું, ઉગરવાનો ઉધારો.
દેવ ગાંધર્વ રાક્ષસને માણસ, સૌને મરણનો મારો;
આશાનો મહેલ ઉચોરે, નિચું આ કાચું કારભારૂં. મન૦ ૪
ચંચલ ચિત્તમાં ચેતીને ચાલો, ઝાલો હરિનું નામ;
પરમારથ જે હાથે તે સાથે, કરો રહેવાનો વિશ્રામ;
ધીરો ધરા ધરથીરે, નથી કોઇ રહેનારૂં. મન૦ ૫

પદ ૪ થુ.

અંતે સંતને તેડાવેરે, હરિનું ભજન કરવા;
કરમાં માળા ઝાલીરે, મુરખ જ્યારે સુતો મરવા. અંતે. ટેક ૧
નાનપણે ઘર ધંધામાં ધાયો, વૃદ્ધપણે હરિ ગુણ ગાય;
ઘર લાગ્યું ત્યારે કુવો ખોદાવે, એ અગ્નિ કેમ ઓલવાય;
જીતી બાજી હારયોરે, પથ્થરને નાવે બેઠો તરવા. અંતે૦ ૨
અંતસમે છાપ તિલક બનાવે, ભૂલી ગયો જ્યારે ભાન;
એરણની ચોરી સોયનું દાન એમ, કેમ આવે વૈમાન;
ગુરૂ જ્ઞાન નાઠ્યુંરે, બુદ્ધિ તારી ગઇ ચરવા. અંતે૦ ૩
જુવતી નારીને જેવી પુરૂશની આશા, એમ હરિ ભજે ફળ થાય;
વૃદ્ધ નારીને નહીં પુત્રની આશા, એનો એળે જન્મ વહી જાય;
હરિને બેઠો ઠગવારે, એંસી વરસે વર વરવા. અંતે૦ ૪
વિશ વર્ષે વિશ્વંભર મળે, ભક્તિ કરે ભૂખ જાય;
હરિ શું ધાયા તે બહુ કમાયા, તેને મળિયા નિરંજન રાય;
દાસ ધીરો કહેછેરે, મટયા ચોરાશી ફરવા. અંતે૦ ૫

પદ ૫ મું

સલેલ શઠ સાકુટરે, હરિ ભજનમાં ભંગ પાડે;
તેનો સંગ તજીએરે, બુદ્ધિ બીજાને બુડાડે. સલેલ૦ ૧
કુડ કપટ ઘટ ભીતર ભરિયું, દંભ પાખંડ અપાર;
સો સો વાર તેને સંત સમજાવે, પણુ માને નહિ લગાર;
દુધે ધોયા કોયલારે, ઉજળા તે ક્યાંથી કહાડે. સલેલ૦ ૨
અમૃત પાઇને સાપ ઉછેરે, તોય તજે નહીં ઝેર;
પાળણુ પોષણુ નીશ દીન કરતાં, કોઇક સમે કરે કેર;
જાતી સ્વભાવ ન જાયજરે, પોતાનું પોત દેખાડે. સલેલ૦ ૩
હરિ ભજન જેને ભાવન નહિ, મંદીર તેનું મસાણુ;
સ્મર્ણુ પૂણ્ય શમણે નવ સમજે, તે પાપી પાખંડી પશુ પ્રાણુ;
ધિક્કાર તેની જનુનીરે, એવાં સંતાન જે જીવાડે. સલેલ૦ ૪
ગુરૂ જ્ઞાન હીણુા વિશ્વાસ ઘાતી, તે કૃતઘ્ની કહેવાય;
દાસ ધીરો તેને વાસ નવ વસીએ, સંગ અનુકુળ થાય;
અદીઠ મુખ તેનુંરે, કુવે ઉતારી વ્રત વાઢે. સલેલ૦ ૫

પદ ૬ ઠું.

વાડો વાળી બેઠારે, પોતાનો પંથ કરવાને;
નવા ખેલ ઉઠાવેરે, ઉપાય ઉદર ભરવાને. વાડો૦ ૧
અજાનો વારો કુકડીનો વારો, ગાયોનો વાડો વળિ ભેસોનો વાડો;
અબંધ સ્વારી બંધમાં નાવે, મુને વાઘનો વાડો દેખાડો;
દીવસને દહાડેરે, અગમ ઠામ ઠરવાને. વાડો વાળી૦ ૨
રામાનંદીને નીમાનંદી, વલ્લભ સહેજાનંદ સમજાવે;
કબીરપંથીને તારજ તુંબી, ભણી ભણીને ભુલાવે;
ગુરૂ થઇને ગાજેરે, પારકું ધન હરવાને. વાડો વાળી૦ ૩
પ્રીત કરીને પ્રેત પુંજાવે, પીતળ ને પાષાણુ;
વૈશ્ય સેવાને કબર પુજાવે, એમાં કોણુ કરશે કલ્યાણુ;
તર્થવ્રતે ડોલેરે, અફળાઈ મરવાને. વાડો વાળી૦ ૪
સિંહરાયથી ડરે સૌ દુનિયાં, સિંહને ડર નહીં કોનો બંધ,

સોહંગ્ શબ્દ ચિદાનંદ સ્વામિ, એવો અખંડ આત્મા બ્રહ્મ;
ધીર શુર વિરારે, આત્મ ધ્યાન ધરવાને. વાડો વાળી૦ ૫

પદ ૭ મું.

દુનિયાં દિવાનીરે, બ્રહ્માંડ પાખંડ પૂજે;
કર્ત્તા વસે પાસેરે, બાજી કાંઇ નવ બુજે. દુનિયાં૦ ૧
જીવ નહિ એને હરિ કરી માને, પૂજે કાંષ્ટ પાષાણ;
ચૈતન પુરૂષને પાછળ મૂકે, એવી અંધી જગત અજાણ;
અર્કને અજવાળેરે, પ્રસિદ્ધ મણી નવ સૂઝે. દુનિયાં૦ ૨
પાષાણનું નાવ નીરમાં મૂકી, સો વાર પટકે શીશ;
કોટી ઉપાયે તરે નહિ એતો, ડુબે વશા વીશ;
વેળુમાં તેલ કયાંથીરે, ધાતુની ઘેનું શું દુઝે. દુનિયાં૦ ૩
અંતરમાં મેલ ભર્યો અતિપૂરણ, નિત નિરમળ જળમાં નહાય,
મહા મણીધર પેઠોરે દરમાંતો, રાફડો ટીપે શું થાય;
ઘાયલ ગતી ઘાયલરે, જાણીને જ્ઞાની ઘાવ રૂઝે. દુનિયાં૦ ૪
સદ્દગુરૂ શબ્દનું ગ્રહણ કરીને, પ્રગટી પંડમાં પેખ;
દુર નથી નાથ નજીક નિરંજન, દલ શુદ્ધે દેદાર દેખ;
ધુરંધર બોલે ધીરોરે, જાહેર જગત મધ્યે ઝુઝે. દુનિયાં૦ ૫

અખો.

પદ ૧ લું.

જિરે આજ આનંદ મારે અતિ ઘણો. મળ્યો સંત સગાનો સાથ;
આનંદ મારે અતિ ઘણો૦ ૧
મુને દિન જાણિને દયા કરી, મારે મુસ્તક મુકયો છે હાથ;
આનંદ મારે અતિ ઘણો૦ ૨
આપ્યું નિરગુણ નામ નારાયણનું, જેનો વેદમાં પ્રસિદ્ધ વિખ્યાત;
આનંદ મારે અતિ ઘણો૦ ૩

હું તો ભુલી પડીતિરે ભાતમાં, મુને ઓળખાવી જિવની જાત;
આનંદ મારે અતિ ઘણો૦ ૪
સાચા સદગુરૂ જિનેરે સેવતાં હરિ હિરો તે આપ્યો છે હાથ;
આનંદ મારે અતિ ઘણો૦ ૫
સુખ શ્યામનું સૈયર જોઇને, ભાગિ ગઇ તે સઘળી ભ્રાંત;
આનંદ મારે અતિ ઘણો૦ ૬
હું તો રસ બસ થૈ રસ રૂપમાં, મારા પ્રાણજીવનની સાથ;
આનંદ મારે અતિ ઘણો૦ ૭
સ્વામિના તે રૂપમાં સમૈ ગઇ, જળ લેહેરી તે વાત વિખ્યાત;
આનંદ મારે અતિ ઘણો૦ ૮
બ્રહ્માનંદ સાગરમાં ઝિલતાં, નવ જાણ્યુ તે દિનને રાત;
આનંદ મારે અતિ ઘણો૦ ૯
એવું અખંડ એવાતણુ લે અખા, રંગ લાગ્યો છે હરિ આકાર;
આનંદ મારે અતિ ઘણો૦ ૧૦

પદ ૨ જું.

જિરે આજ આનંદ મુને અતિ ઘણો, સદગુરૂજીએ કિધિ સાર;
આતમ ઓળખાવિયો૦ ૧
પરવરતિ મુકાવિરે પરહરિ, નિવરતિ ઠેરાવિઠાર;
આતમ ઓળખાવિયો૦ ૨
સદગુરૂ જિયે મંત્ર સાધિયો, મારા કરણદ્વાર મોઝાર;
આતમ ઓળખાવિયો૦ ૩
ગુરૂ જ્ઞાન દિપક કર્યો ગોખમાં, મારા રૂદિયા કમળરે માંઇ;
આતમ ઓળખાવિયો૦ ૪
ઉગ્યો અનુભવ અર્કરે આતમા, દિઠો જળ હળ રૂપ અપાર;
આતમ ઓળખાવિયો૦ ૫
કામ ક્રોધ કલ્પના સઘળિ ટળિ, છુટ્યા વિષય તણા વિકાર;
આતમ ઓળખાવિયો૦ ૬
મોહ મૃગજળ માયાને મમતા, છુટ્યા સ્વપ્નના અંતરાચાર;
આતમ ઓળખાવિયો૦ ૭

દલહરસિ દયાનેરે દીનતા, જ્ઞાન ભક્તિ વિવેક વૈરાગ;
આતમ ઓળખાવિયો૦ ૮
સત્ય શિલ સંતોષ ને શીલતા, દ્રઢ દયા ધિરજ વખાર;
આતમ ઓળખાવિયો૦ ૯
રાખ્ય આશરો અક્ષરનો અખા, જે છે બાવનથી વળી બહાર્ય;
આતમ ઓળખાવિયો૦ ૧૦

દલપતરામ.

પદ ૧ લું.-સાહેલીને શિખામણની ગરબી.

એક મારી શિખામણ સારીરે, સાંભળો સાહેલી૦
કહું તાળી પાડી પોકારીરે. સાંભળો૦ ૧
જેણે સઘળી શિખામણ લીધીરે. સાંભળો૦
તેણે કીર્તિ અવિચળ કીધીરે. સાંભળો૦ ૨
જેણે લાજ તજીને લોભ સાધ્યોરે, સાંભળો૦
તેણે નાક કપાવિ ગોળ ખાધોરે. સાંભળો૦ ૩
જેણે સાસુ સંગાથે રાડ થાપીરે, સાંભળો૦
તેણે બેસવા તણીજ ડાળ કાપીરે. સાંભળો૦ ૪
જેણે મિઠા મિઠા બોલ શિખિ લીધારે, સાંભળો૦
તેણે વેરી વહાલાને વશ કીધારે. સાંભળો૦ ૫
જેણે આળસ અંગમાં આણીરે, સાંભળો૦
એ તો વાટે ઘાટે વગો વાણીરે. સાંભળો૦ ૬
જેણે ડાટેલી વાતો ઉખેડીરે, સાંભળો૦
તેને જાણો કુંભારની ગધેડીરે. સાંભળો૦ ૭
ફાટે મ્હોડે બોલે વાત ભુંડીરે, સાંભળો૦
એતો લશકર માયલી લુંડીરે. સાંભળો૦ ૮

જેણે ભાવથી ભણતર લીધુંરે, સાંભળો૦
તેણે કામ વિચારથી કીધુંરે. સાંભળો૦ ૯
જગમાં તે જન ઘણું જીવેરે, સાંભળો૦
જેના દલમાં જ્ઞાનનો દીવોરે. સાંભળો૦ ૧૦

પદ ૨ જું. ગોરયો વિષેની ગરબી.

લાવ લાવ સખી એક કાગળ લખિયે હરિનેરે. એ રાગ.

અમદાવાદ નામે આજ, શહેર છે સારૂંરે;
રાજા કંપની કેરૂ રાજ, પ્રજાને પ્યારૂંરે. ૧
ચૌટા વચ્ચે માણેકચોક, શોભા સારીરે;
વસે લક્ષપતી બહુ લોક વડા વેપારીરે. ૨
નદી સાબ્રમતી વહે નીર, શેહેર સમીપેરે;
દેવતાઓનાં તેને તીર, દેવળ દીપેરે. ૩
એવી જુગતીઓ જોતાં અનેક, મન લાગે મીઠુંરે;
પણ અચરજ મોટું એક, દૃષ્ટિયે દીઠુંરે. ૪
તિથિ તેરશ પહેલે પક્ષ, અસાડી આવેરે;
ત્યારે ગોર પૂજ્યાનો લક્ષ, છોડિયો લાવેરે. ૫
દિન પાંચ લગી એક અંન, મોળું જમેછેરે;
મોટો હરખ ધરીને મંન, રોજ રમેછેરે. ૬
પૂજે વાવી જવારા ઘેર, ગોર રીઝાવારે;
જાય પ્રીતે મળી બહુ પેર, નદિયે નાવારે. ૭
અન્યોઅન્ય કરે ઊધમાત, નઠારૂં બકેછેરે;
ગઈ ગોર પૂજ્યાની વાત, છાકી છકેછેરે. ૮
જેવી હોય હોળીની ઘેર, એથી અતીશેરે;
બોલે ભડવાની પુત્રિયો પેર, દુષ્ટતા દીશેરે. ૯
તેનાં માત પિતાને ભ્રાત, પુરાં હશે પાજીરે;
જ્યારે સાંભળતાં હશે વાત, થતાં હશે રાજીરે. ૧૦
કોઈ સાહેબ એવી વાત, દેખે એ રીતેરે;
તેનાં માત પીતાની જાત, પુછે છે પ્રીતેરે. ૧૧

ત્યારે કેવી વધે છે લાજ, મળે શાબાશીરે;
એવા નિર્લજ લોકો આજ, શહેરના વાસીરે. ૧૨
કરૂ વિનતિ સમાચાર પત્ર, શ્રવણે ધરજેરે;
તેનાં નામ લખી સરવત્ર, જાહેર કરજેરે. ૧૩
ઘણી નિંદાના લખજે શ્લોક, દેખાડજે નીતીરે;
જેથી લાજ પામે એ લોક, તજે તે રીતીરે. ૧૪
હવે કહુછું જોડીને હાથ, વિવેકીને ગમવારે.
એવી નિર્લજ છોડિઓ સાથ, ન જાવું રમવારે, ૧૫
લેને ગોર પૂજ્યાનું નામ, કામ એ કરવુંરે.
મોટું પાપ ઠરે એ ઠામ, દિલમાં ડરવુંરે. ૧૬
ધરો મોટો હરખ મનમાંહી, વ્રત દીન જેદીરે;
પણ કુટવા રોવાનું કાંહી, ન કરવું તે દીરે. ૧૭
છોટાપણુમાં પડે જે ટેવ, ટળે નહીં ટાળીરે;
માટે નીતિ શિખો તતખેવ, બોલો સંભાળીરે. ૧૮
કદી પૂરિયે નહિ કોઇ ઠામ, સાયદી જુઠીરે;
લેયે પરમેશ્વરનું નામ, પ્રભાતે ઉઠીરે. ૧૯
પતિ માત પિતાની સેવ, કોડે કીજેરે;
જેથી દલપતરાંમનો દેવ, દિલમાં રીઝેરે. ૨૦

પદ ૩ જું.

સુંદરબાઇને સાસરે જતાં શિખામણની ગરબી.

અચકોમચકો કારેલી. એ રાગની.

સુંદરબાઇ ચાલ્યાં સાસરિયે,
માબાપ શિખામણ આપે બેહેન. લાજ વધારજો લાખેણી.
નીચા કુળની નિર્લજ નારી,
ભરથારનું વેણ ઊથાપે બેહેન. લાજ૦ ૧
સાસૂજી કહે તે સાંભળજો,
કોઇથી વઢવાડ ન કરશો બેહેન. લાજ૦
સાંખી રહેજો બોલ્યું સહુનું,
અભિમાન ન અંતર ધરશો બેહેન. લાજરે ૨

ઘરમાં બેઠાં ધંધો કરિયે,
પરઘેર ઘણું નવ જઇએ બેહેન. લાજ૦
તમે ભણ્યાં ગણ્યાં બહુછો ડાહ્યાં,
તમને ઝાઝું શું કહિયે બેહેન. લાજ૦ ૩
મેલાં ઘેલાં તો નવ રહિયે,
ચટકો મટકો નવ કરિયે બેહેન. લાજ૦
કોઇ વાત કરે વાંસે લોકો,
એવૂં ન કદી આચરિયે બેહેન. લાજ૦ ૪
જે સપૂત છે સારી છોડી,
માબાપની લાજ વધારે બેહેન. લાજ૦
મણિ લોહ તણું સોનું કરશે;
સોબતિને એમ સુધારે બેહેન. લાજ૦ ૫
જે સંપ સગાંથી તોડે છે;
કોઈ વખતે હાથ ઘસે છે બેહેન. લાજ૦
જે સઊનું સારૂ ઇચ્છે છે,
તેના દલમાં દેવ વસે છે બેહેન. લાજ૦ ૬

પદ ૪ થું.

સાહેલીને શિખામણુની ગરબી.

મા પાવાતે ગઢથી ઉતરયાં માકાળીરે એ રાગની.

સુતાં ઉઠી શુભ રીતથી, સાહેલીરે૦
પરમેશ્વર ભજવા પ્રીતથી, સાહેલીરે૦ ૧
પછિ દાતણુ પાણી થાય છે, સાહેલીરે૦
જેથી દુરગંધી જાય છે, સાહેલીરે૦ ૨
નહાવું નિત્ય નિર્મળ નીરથી, સાહેલીરે૦
સઘળો જાય મેલ શરીરથી, સાહેલીરે૦ ૩
સંતોષે જમિયે જે મળ્યું, સાહેલીરે૦
નહિ ખાઇયે નિત્ય ગળ્યું ગળ્યું, સાહેલીરે૦ ૪
પટકુળ ઝીણાં નહિ પેહેરિયે, સાહેલીરે૦
ગાવા ન જવું પર શેરિયે, સાહેલીરે૦ ૫

આભૂષણ ઝાઝાં નહિ ઇછિયે, સાહેલીરે૦
સદગુણુની શોભા પ્રીછિયે, સાહેલીરે૦ ૬
નિર્લજની સોબત છોડિયે, સાહેલીરે૦
વહાલાથી વેર ન જોડિયે, સાહેલીરે૦ ૭
સઘળું સરખું નહિ લેખિયે, સાહેલીરે૦
દલમાં ડાહ્યાં થઇ દેખિયે, સાહેલીરે૦ ૮

પદ ૫ મું.

સજનીને શિખામણુની ગરબી. કેફ ન કરિયેજીરે એ રાગની છે.

સાંભળ બેહેન શિખામણુ સારી, તે છે સાતર તારીજીરે;
સુખ સંપતિ સત કીર્ત્તિ સેવિશ, માનિશ વાત અમારી. સુણુજો૦ ૧
જન સઘળાથી પહેલાં જાગો, પ્રીત સહીત પ્રભાતે જીરે;
આળસને તો મેલો અળગી, વળગી ન રહો વાતે. સુણુજો૦ ૨
પ્રારથના પરમેશ્વરની કરી, ઘર ધંધામાં ધશિયેજીરે;
જ્યાં સુણિયે ઉપદેશજ ઉલટો, ત્યાં નહિ વાસો વસિયે. સુણુજો૦ ૩
જે નારી વઢકારિ નઠારિ, લડશે લાજ વિસારીજીરે;
તો તેનાથી તુરતજ પાછાં, હઠિયે હિંમત હારી. સુણુજો૦ ૪
કડવું વાયક કોઇના મુખથી જાહેર સુણિયે જ્યારે જીરે;
સાર અસાર વિશોધન કરિયે, ક્રોધ ન ધરિયે ક્યારે. સુણુજો૦ ૫
લટક ચટકતી ચંચળ ચાલે, ચોટામાં નહિ ચાલોજીરે;
સદ આચરણુ વિના સુવરણુનો, ઠાઠ ન ઠશિયે ઠાલો. સુણુજો૦ ૬
પાણી પહેલી પાળ્યો ચણિયે, ભણિયે ગણિયે ભાવેજીરે;
ખૂબ કરજની ખાડન ખણિયે, જે થકી નિદ્રા નાવે. સુણુજો૦ ૭
આવકનો અડસટ્ટો જોઇને, જાવક કરિયે જાણીજીરે;
આવકથી અદકૂ ખરચે ઘર, ખોવાની નીશાની. સુણુજો૦ ૮
દિલમાં થઇ મગરૂર ન ડોલો, બોલ ન બોલો બળમાંજીરે;
માન ઘટે અભિમાન ધર્યાથી, ઘટે પ્રતિષ્ઠા પળમાં. સુણુજો૦ ૯
નમ્રપણામાં અમ્રત સરખો, સ્વાદ વસે છે સારોજીરે;
મગરૂરીમાં રસ નથિ મીઠો, ખાટો તીખો ખારો. સુણુજો૦ ૧૦

હરખ હમેશ હૈયામાં ધરિયે, કદિયે કલેશ ન કરિયેજીરે;
માણસનું જીવતર છે મોંઘુ, જડે ન નાણે જરિયે. સુણજો૦ ૧૧
સુધરેલી સુંદરિયો સાથે, નામ ગણાયે જેનુંજીરે;
દલપતરામ કહે દુનિયામાં, ધન ધન જીવતર તેનું. સુણજો૦ ૧૨

પદ ૬ ડું.

ભરથાર વશ કરવાની ગરબી.

અલબેલીરે અંબેમાત જોવાને જઇએ એ રાગ.

લલના નહિ થાય લગાર, કામણ મંત્ર કશે;
આમંત્ર કરો ઉચ્ચાર, વશ ભરથાર થશે. ટેક.
પ્રાણ થકી પિયુજી છો પ્યારા ન્યારા ન રહો નાથરે;
સર્વ થકી લાગો છો સારા, હું વેચાઉં તમ હાથ. કામણ૦ ૧
તન મનમાં રહુ સાજી તાજી, રાજી દેખું રાજરે;
જો કદિ જાણું કાંઇ કુરાજી, ડૂબ્યાં દરિયે જહાજ. કામણ૦ ૨
માત પિતાએ મોટી કરિને, હેતે સોંપ્યો હાથરે;
સુખ આપો કે દુઃખ આપો તમે, છો મસ્તકના નાથ. કામણ૦ ૩
ગુણ સાગર ગંભિર છો સ્વામી, હું અવગુણ ભરિ આજરે;
પોતાની ગણિ પ્રેમ નિભાવો, બાંહ્ય ગ્રહ્યાની લાજ. કામણ૦ ૪
સ્નેહ તમારો જોઇને સ્વામી, જામી મોલકત જેમરે;
ખુબ ખુશી થૈ ન રહી ખામી, પામી પૂરણ પ્રેમ. કામણ૦ ૫
ભલું કર્યું ભગવંતે મારો, સુફળ કર્યો અવતારરે;
મહેર કરી મન ગમતો આપ્યો, તમ સરખો ભરથાર. કામણ૦ ૬
સગાં સરવ તમ સારૂ તજીયાં, તજીયાં સૈયર સંગરે;
દોસ્તિ સરવની દૂર કરી હું, રાચી તમારે રંગ. કામણ૦ ૭
આભ ઉંચોને નીચે અવની, અવર નથી આધારરે;
આશા રાખું એક તમારી, છો સુખના દાતાર. કામણ૦ ૮
જો સુંદરીને રીઝે સ્વામી, તો શોભે શણગારરે;
નહિ તો તે શણગાર સરવ છે, આગ તણા અંગાર. કામણ૦ ૯
દુનિયામાં નર તમને દેખું, બીજા લાલ ફકીરરે;

તુચ્છ ગણું છું તે સગળાને, હોય અમીર વજીર. કામણું૦ ૧૦
જળ જંતુને જળ સંઘાતે, જેવી પૂરણ પ્રીતરે;
પલક પડે જો દૂર તરફડે, એજ અમારી રીત. કામણું૦ ૧૧
પાર ન લે પ્રીતી વરણવતાં, સ્થિર બેશી એક ઠામરે;
રાત દિવસ કવિતા રચના જો, રચશે દલપતરામ. કામણું૦ ૧૨

પદ ૭ મું.

લગ્નમાં ફટાણાં ન ગાવા વિષેનું ગીત.

ધોળકામા ધરમશી ફુલતો, મેઘા ડંમર ગાજે. એ રાગનું.

આવો સૈયર બાઇ બેનડી, ગાઇયે ગીત રૂપાળાં;
મંડપમાં મેલો દીવડો, ભલાં થાય અજવાળાં. ૧
આજ ઘડી આનંદની, આજ રજની રૂપાળી;
સોનાનો સૂરજ ઉગિયો, આજ દિવસ દિવાળી. ૨
ગાઇયે ગીત ભલાં ભલાં, વેવાણોને હરવિયે;
બોલ બે અદબીના બોલિયે, જેથી જાત લજવિયે. ૩
કોળી નાળીના કુળની, એતો ગાય નઠારૂં;
આપણે ઉત્તમ જાતનાં, નહિ ગાઇએ નઠારૂં. ૪
જાતને ભાત તો જાણિયે, બોલે બોલ જે ઘડિયે;
બોલે નઠારૂં તો નાયકા, એમાં આપાં ન પડિયે. ૫
ઉત્તમ જાતની ઓરતો, ખોટું ગાતાં લજાશે;
મધ્યમ જાતની માનની, ગીતે મશ્કરી ગાશે. ૬
મશ્કરી પણ મરજાદાની, આપણી એબ ન ખોલો;
જરૂર ફટાણાની હોય જો, કહું એટલું બોલો. ૭
વેવાણને કરો વાંનરી, ગાંઠ પુંછડે વાળો;
વેરાગી કહિયે વેવાઇને. કાંધે કાંબળો કાળો. ૮
એથી અધિક વિધે ઓચરે, નીચી જાતમાં ભળવા;
બાપ ભાઈ બેઠા સાંભળે, જેવા વેશ્યાના ભડવા. ૯
ધોક પડયો અવતાર એ, શબ્દ શું કહિયે જાદા;
કામની નહિ એ તો કુતરી, મરદ નહી એ તો માદા. ૧૦

સારી શિખામણુ ગાઇયે, જેથી રામજી રીઝે;
દસકત દલપતરામના, દિલમાં લખી લીજે. ૧૧

પદ ૮ સું. મુવા પછવાડે ન રોવા વિષે.

જંજાળી જીવડે મુકતીની જુગતિ ન જાંણી. એ રાગ છે.

વાલાની વાંસે રાગ તાણી નવ રોવું,
જેથી તેને જંપ ન ઉપજે, જીવમાં સમજી જોવુંરે. વાલાની૦ ૧
ગોવિંદજીએ કહ્યું ગરૂડને, કુટે રડે જે કોઈ;
મરનારાને મહાદુખ ઉપજે, ધરે નિસાસા રોઈરે. વાલાની૦ ૨
લીંટ લાળ ને આંસુ ઝરે તે, જમચર પાય પરાણે;
રૈરવ મહા રૈરવના દુઃખથી, એ દુઃખ અદકુ જાણેરે. વાલાની૦ ૩
કોઈ છાતી કુટે શીર કુટે, ચુંટે કેશજ હાથે;
એ સઘળી પરિપૂરણ પીડા, મરનારાને માથેરે. વાલાની૦ ૪
લોક વખાણે કે ન વખાણે, તે સૌ સાંખી રહિયે;
જો હૈયામાં હેત વધે તો, દુઃખ તેને શિદ દૈયેરે. વાલાની૦ ૫
શત્રુતા સંપૂરણ હોય તો, રડો કુટો ન વિચારો;
જીવતાં વેર વળી ન શકે તો, મરતાને વળિ મારોરે. વાલાની૦ ૬
કુટયા થકી જો કાંઈ દેખો તો, કુટો લઇને પાણો;
શા માટે તમે કુટી શરીરમાં, રોગ ઊપાધી આણોરે. વાલાની૦ ૭
એવી શોભા મેલો અળગી, વળગી રહો ન વેહેમેં;
જેથી સુખ ઉપજે એ જીવને, પુન્ય કરો કાંઇ પ્રેમેરે. વાલાની૦ ૮
રોશો પણ તેને નહિં જોશો, ખોશો આંખ તમારી;
દલપતરાંમ કહે દિલ શોધી, માનો શિક્ષા મારીરે. વાલાની૦ ૯

દોહરો.

ગાય ગાથા ગુરૂ જ્ઞાનનીરે, આપે અધિક ઉપદેશ;
કપટ ભર્યું એને કાળજેરે, વળી વિષયી તે હોય વિશેષ.

પદ ૯ સું. ગુરૂઓને શીખામણ.

વૈષ્ણવ નથી થયો તુંરે, હરિજન નથી થયો તુંરે એ રાગ.

સમજો શાણા ગુરૂઓરે, સુણજો શાણા ગુરૂઓરે શી પેરે પૂજાશો સમજો૦

દુરાચરણથી દૂર થવાને, સદાચરણના સારૂ;
સંસારીને દ્યો શીખામણ, તે છે કામ તમારૂ. સમજો૦ ૧
અનાચાર તજવાથી ઉલટું, આપોછો ખાઇ એઠું;
બકરૂ ખેતર બહાર કાઢતાં, ઊંટ આવીને પેઠું. સમજો૦ ૨
વીશય ભરેલાં પદ વંચાવી, કરોછો જનને કામી;
વ્રજપતિને શીદ ખાલી વગોવો, જુએ છે અંતરજામી. સમજો૦ ૩
અવળે રસ્તે ઇશ્વર ભજતાં, જગમાં સુખ નવ જોયું;
બહુ ઝાઝુ મળવાને બદલે, ખોળે હતું તે ખોયું. સમજો૦ ૪
શરણ પામીને મરણ પછી, જમપુરમાં પીડા વેઠી;
પીંજારી ગઇ પૂત પામવા, ખસમ ખોઇને બેઠી. સમજો૦ ૫
પાખંડી ગુરૂજન પોતાનાં, પાપ ન નજરે પેખે;
ઊંડા કુવામાં ઉતરેલો જેમ, ડુંગરને નહિ દેખે. સમજો૦ ૬
સેવકજન સઘળાને સાચા, સમજો બેટા બેટી;
દાસતણી વહુ દીકરીયોને, ભ્રષ્ટ ન કરશો ભેટી. સમજો૦ ૭
આ અવસર છે અવર તરેહનો, જે થાશે તે જોશો;
મમત તમારો નહિ મેલો તો, ખાલી સરવસ ખોશો, સમજો૦ ૮
સેવા પામી શું સુધર્યું જો, પુજ્યા જડથા જેવે;
દુરાચરણ નહિ દુર તજો તો, સમજુ જન નહિ સેવે. સમજો. ૯
આમ તમારૂં કામ બગડશે, રામ રૂદે નહિ રીઝે,
ધામ દામને ગામ ગરાસ, તમામ જશે ઘેર ત્રીજે. સમજો૦ ૧૦
ખાન પાન સનમાન મળે તોય, માન મૂકીદ્યો મનથી;
ભાન રાખી ભગવાન ભજો, નાદાનપણું તજી તનથી. સમજો૦ ૧૧
વાત સુણીને વિવેક સાથે, વિચાર વળતી કરજો;
દલપતરાંમની વિનતિ દીલમાં, ધીરજ રાખી ધરજો. સમજો૦ ૧૨

પદ ૧૦ મું. સખીઓને શાણુપણું શીખવવા વિષે.

દોહરો.

શાણપણું સમજાવવા, વિગતે કરી વિચાર;
સખીઓને શાણી સખી, શીખામણ દે સાર.

ગરબી–" મહા કોપ થયો કળીકાળમાં જો "—એ રાગ.

સખી શીખો તો શાણુપણું શીખવું જો,
સંપી જંપી સંસારમાં સુખી થવું જો. સખી૦ ૧
સાસુ સસરો કહે તે સરવ સાંખીએ જો,
કલેશ લેશ તો રૂદેમાં નહીં રાખીએ જો. સખી૦ ૨
મીઠા મીઠા મોઢેથી બોલ બોલીએ જો,
ખોટાં વેણુ તો કદાપી નહીં ખોલીએ જો. સખી૦ ૩
દાસ દાસી સુધાંને માન દીજીએ જો,
કદી કોઇને તુંકારો નહીં કીજીએ જો. સખી૦ ૪
આપણી સંગતે ચઢે તેને સુધારીએ જો,
બોધ દઇને વિરોધ ન વધારીએ જો. સખી૦ ૫
જીવ રાખવો જરૂર કામકાજમાં જો,
લાખે લેખાંનાં લાભ લેખો લાજમાં જો. સખી૦ ૬
છેક છાની પગવાટે નહીં પેસીએ જો,
બુરાં બઇરાંની પાસે નહીં બેશીએ જો. સખી૦ ૭
ગણી તુચ્છ કાળ વ્યર્થ નહીં ગાળીએ જો,
ભરત ચીત્ર તથા ચોપડી સંભાળીએ જો. સખી૦ ૮
ખોટી થઇને નકામાં નહીં ખેલીએ જો,
મેલાં ઘેલાં રહેવાની રીત મેલીએ જો. સખી૦ ૯
રૂડી રીતે ઘરબાર સાફ રાખીએ જો,
ભાષા જાડી કે આડી નહીં ભાખીએ જો. સખી૦ ૧૦
ક્રોધી સામા તો ક્રોધી નહીં થઇ જવું જો,
આગ્ય દેખીને આપણે પાણી થવું જો. સખી૦ ૧૧
ઉંડી આપદામાં ધીરજ તો ધારીએ જો,
હૈયે હરબડીને હીંમત ન હારીએ જો. સખી૦ ૧૨
જ્ઞાન દાતા ને માતા પીતા માનીએ જો,
પણ બુદ્ધિ નહીં રાખીએ પાનીએ જો. સખી૦ ૧૩
ચાડી ચોરીમાં ચીત્ત ન ચોટાડીએ જો,
ઘણું ખરચવાની ટેવ તે ઘટાડીએ જો. સખી૦ ૧૪

સારૂ થાવા આગળથી સુરત સાંધવી જો,
બહેનો પાણીથી પહેલી પાળ બાંધવી જો. સખી૦ ૧૫
વધે લાજ આજ કાજ તો એવાં કરો જો,
સદા રાખી સંતોષ દોષથી ડરો જો. સખી૦ ૧૬
ખાન પાન તણું દાન દેવું દીનને જો,
આપી સુખ પાળો આપણા આધીનને જો. સખી૦ ૧૭
ધર્મ કર્મનો તો મર્મ દીલે ધારીએ જો,
ઝેર વેર તણી વાત તો વીસારીએ જો. સખી૦ ૧૮
ભૂત પ્રેત તુત જાણી ભ્રમ ભાગીએ જો,
જરૂર સૂરજ ઉગ્યાથી પ્રથમ જાગીએ જો. સખી૦ ૧૯
જાદુ ટોળાં વગોણું જેવાં જાણજો,
બાધા આખડીમાં આશા નહીં આણજો જો. સખી૦ ૨૦
રૂડી રીતે રસોઇ શીખો રાંધતાં જો,
સારૂં શીખો વળી શીવતાં ને સાંધતાં જો. સખી૦ ૨૧
થવું ઠીક થૈ ઠરેલ રાખી સ્થીરતા જો,
ગુણવંતાં થૈ રાખવી ગંભીરતા જો. સખી૦ ૨૨
સોના કેરો શણગાર નથી શોભતો જો,
લેજો લાયકી લેવાનો ઘણો લોભ તો જો. સખી૦ ૨૩
શોધી લેવો તે સ્વર્ગ સુખ સાજને જો,
રટી રાજાધિરાજ મહારાજને જો. સખી૦ ૨૪
હૃદયે રાખો રૂડી દલપતરાંમની જો,
કહી શીક્ષા તે છે તમારા કામની જો. સખી૦ ૨૫

પદ ૧૧ મું. સાહેલીઓને શિખામણની ગરબી.

“ પ્રથમ પાર્વતીના પુત્રને પાયે નમુંરે લોલ.” એ રાગે.
સરવ સ્નેહ ધરી સાંભળો સાહેલિયોરે લોલ;
ભાત ભાત ભાવ ભેદની ભણેલિયોરે લોલ. ૧
કથું કથન તે કથેલું ધરો કાનમાંરે લોલ;
શીખ શીખવું તે શીખી લેજો સાનમાંરે લોલ. ૨

શીખી સારા પાઠ સદગુણે શોભાવજોરે લોલ;
લખી વાંચીને ગંભીરપણું લાવજોરે લોલ. ૩
કરો પ્રેમે પ્રભુ પ્રાર્થના પ્રભાતમાંરે લોલ;
તજો વાદ ને વિવેક લાવો વાતમાંરે લોલ. ૪
બોલ બોલતાં વિચારી બહુ બોલજોરે લોલ;
તેમાં તત્વમાંથી તત્વ વાત તોળજોરે લોલ. ૫
આઠ પહોર ચિત્ત રાખવું આનંદમાંરે લોલ;
ફોસલાઇને ફસાવું નહિં ફંદમાંરે લોલ. ૬
કુટિલ થાય તે ભણેલી કશા કામનીરે લોલ;
નફ્ટ નારિ રહે તે ભણેલી નામનીરે લોલ. ૭
ધડકટાળિ દુર્ગુણાળિને ધિક્કારાવરે લોલ;
ધર્મહીણિને તો ધુળ જેવિ ધારવીરે લોલ. ૮
ઘેર પારકે જે ઘુમતી ફરે ઘણીરે લોલ.
તુચ્છતા જણાય તેવિ તારૂણી તણીરે લોલ; ૯
હઠીલાઇ તો હૈયાથી દૂર પરહરોરે લોલ;
શીખ સાસુની સદૈવ ધ્યાનમાં ધરોરે લોલ. ૧૦
શાંત ચિત્ત ધરી સૌનું બોલ્યું સાંખજોરે લોલ;
ક્રોધ ને વિરોધ જોધ કાઢી નાંખજારે લોલ. ૧૧
બહુ અદબ રાખિ બોલવું ને ચાલવુંરે લોલ;
ભુંડાપો તજીને ભલપણું સંભાળવુંરે લોલ. ૧૨
અધમ આળસ તો અંગમાં ન આણવીરે લોલ;
જશ જમાવવાની જુક્તિ જોડિ જાણવીરે લોલ. ૧૩
પિયર સાસરે સુકીર્તિ સંપડાવજોરે લોલ;
કુળ દીપિકા કુંટબમાં કહાવજોરે લોલ. ૧૪
ઘણું અંગમાં ઘરેણું નહીં ઘાલવુંરે લોલ;
મેલી લોકની મરજાદ નહીં ચાલવુંરે લોલ. ૧૫
કરજ હોય તો વધારે કસર કીજિએરે લોલ;
દેવા દામતે તમામ વાળી દીજિએરે લોલ. ૧૬

સ્વામિને કુસંપથી નહીં સંતાપિયેરે લોલ;
ધિરજ ધારિને વધારે ધિરજ આપિયેરે લોલ. ૧૭
રૂડું આંગણું સમારી સારૂં રાખવુંરે લોલ;
ચાવણું તે સૌને વહેંચિ આપી ચાખવુરે લોલ. ૧૮
સ્નેહ સંપ જંપ સર્વદા સંભાળિયેરે લોલ;
તાણ ખેંચની તમામ ટેવ ટાળિયેરે લોલ. ૧૯
ભરત ચિત્ર શીખી લેવાં ભાત ભાતનાંરે લોલ;
જમણુ રાંધિ જાણિ જોવાં જાત જાતનાંરે લોલ. ૨૦
પુસ્તકો પવિત્ર વારે વારે વાંચિયેરે લોલ;
મારીએ નહીં ગપાટા બેશી માંચિયેરે લોલ. ૨૧
પોતે સૂધરી સાહેલીને સુધારવીરે લોલ;
તરત વહેમમાં તણાતી તેને તારવીરે લોલ. ૨૨
સારા ભણતરનો એટલોજ સાર છેરે લોલ;
નહિતો તેથી ભલી અણભણેલી નાર છેરે લોલ. ૨૩
કહ્યાં કહેણુ તેતો છે તમારા કામનાંરે લોલ;
રાખજો રૂદેમાં દલપતરામનાંરે લોલ. ૨૪

પદ ૨૨ મું. ગરબી દુર્જનની સોબત ન કરવા વિષે.

"મારે ઘેર આવ્યારે સુંદર વર શામળીયો" એ રાગ છે.

મન નહિ માનેરે, ત્યાં નહિ જઇએ મળવા. ટેક.
જેના હૈયામાં હેત ન દીસે, પાસે ન વશિએ પળવા. મન૦ ૧
લલચાવીને ઉલટાં લાગે, કાળજડાને કળવા. મન૦ ૨
બગલો ધ્યાન ધરી જેમ બેસે, જ્ઞાની થઇ મચ્છ ગળવા. મન૦ ૩
એના અંતરનો ભેદ ન આપે, છુટો રહિને છળવા. મન૦ ૪
સારૂં સારૂં કહિ સ્વારથ સાધી, તુરતજ લાગે ટળવા. મન૦ ૫
મતલબ હોય તો મોટા મનથી, લાગે અઢળક ઢળવા. મન૦ ૬
વચન શુણી જાણી મનને મેલ્યું, તાતે તેલે તળવા. મન૦ ૭
કાંતો કાંઇકજ કામ કરાવે, દે જેમ દળાણું દળવા. મન૦ ૮
વાવિએ આપણે અમ્રત વચનો, વિખફળ લાગે ફળવા. મન૦ ૯

જેની પાસ જવાથી લાગે, બોલ સુણી મન બળવા. મન૦ ૧૦
સુખમાંથી જઇ દુઃખના દસ્તક, શા માટે સાંભળવા. મન૦ ૧૧
દલપતરામ કહે દુનિયામાં, રખડીને દુઃખ રળવા. મન૦ ૧૨

પદ ૨૩ સું. દુરાચારીને શીખામણનું પદ.

"ચાલ વેલી અલબેલી પ્યારી રાધે" એ રાગ.

દોહરો.

જો વિચારીને જીવ તું, આ શિક્ષા ધારિ ઉર;
સદાચાર ધર સર્વદા, દુરાચાર કર દૂર. ૧

દુરાચારી વ્યભિચારી, જો વિચારી, થશે સારી કે નઠારી ગતી તારી;
દુઃખ વિદારણ માટે, તને ભવતારણ માટે, કહું સુખ કારણ માટે;
ધીરજ તુંતો ધારી ધારી, જો વિચારી દુરાચારી. ટેક.
તજી શર્મ તેં કુકર્મ કોડ કીધાં, લકડ પાપનાં તેં આપ શીર લીધાં,
ખાન પાન દાન દીનને ન દીધાં;
તારૂં કેમ થશે કલ્યાણ, અંતર આણ, નરક ખાંણ, જઇશ જાંણ,
શું સુખ માણ, થશે હાણ, લેશે પ્રાણ, જમડા બાણ;
મોટાં મારી મારી, જો વિચારી દુરાચારી ૧
રૂડી રીતે ચીતે ચેતી તું ન ચાલ્યો, ઝેર વિષય વ્યાળ ઝડપથી તેં
ઝાલ્યો, ફર્યો ફંદમાં ફશીને ફુલ્યો ફાલ્યો;
પૂજ્યા નહિજ પ્રભુપરમ, ભર્યો ભરમ, તજી ધર્મ, કેરાં કર્મ,
હાડચર્મ, રાચ્યાં ગરમ, ભૂલ્યો મર્મ, જમ્યો નરમ;
રસોઇ સારી સારી; જો વિચારી દુરાચારી. ૨
કહું હેતથી તું ચેત હજી ચીતે, ધર્મ ઝાલ હવે ચાલ રૂડી રીતે,
મસ્તક નામ પ્રભુ પામ પુરી પ્રીતે;
સ્મરણ કર અશરણ શરણ, સંકટ હરણ, ધરણી ધરણ,
તારણ તરણ, ટાળે મરણ કરૂણા કરણ સદાચરણ, સુધા ઝરણ;
પીલે હારી હારી જો વિચારી દુરાચારી. ૩
શિક્ષા સંતની મહાંતની ન માની, કુડા ગ્રંથ કેરે પંથ ધરી પાની,
સાંભળ ભ્રાત આતો વાત નથી નાની;

દીસે દુષ્ટ અરસ :દરસ, ઘણો નરસ, પીધા છ રસ કીધા સ્પરશ,
રહ્યો ચડસ, ન ગઇ તરસ, શિક્ષક સરસ, વરસો વરસ;
થાકયા વારી વારી. જો વિચારી દુરાચારી. ૪
બન્યો છેલ તું છકેલ એલ ખોયો, સાર ઉરમાં જરૂર તે ન જોયો,
કર્યાં ફેલ પાપ મેલને ન ધોયો;
ન લીધુંજ હરિ નામ, ધરિ હામ, દલપતરામ કહે આમ,
દીધા દામ, વિષય કામ, ઠામો ઠામ આઠે જામ;
ભજ્યો નારી નારી. જો વિચારી દુરાચારી. ૫

પદ ૨૪ મું. કેફ વિષે દોહરો.

ભાંગ અફીણુ ગાંજો તમાકુથી, ઉપજ્યાં વળી કષ્ટ અનેક;
રાજ ગયું દોલત ગઇ, વિદ્યા તથા વિવેક.

ગરબી.

"સુણજો સાજનોરે" એ રાગ.

સજ્જન લોક વિચારી, સારી શિખામણુ મન ધરીએજીરે;
જેમ તેમ મુખ બોલાએ, જેથી દિલમાં:તેથી ડરીએ કેફ ન કરીએજીરે.૧
તાળી પાડી દોષ દેખાડી, કહું છું દહાડી દહાડીજીરે;
મારૂં વેણુ તમે માનો તો, તજજો મદીરા તાડી. કેફ ન કરીએજીરે. ૨
કેફ કર્યાથી ઘટશે ભાઇ. ચિતમાંથી ચતુરાઈજીરે;
ધન ખરચી લેવી લુચ્ચાઈ, મોટી એ મુરખાઈ કેફ૦ ૩
લાજ ઘટે ને કાજ ન સુધરે, એમ ન વિચારે અંધોજીરે;
સાર નથી એમાં કાંઇ અંત્યે, ઘર ખોવાનો ધંધો. કેફ૦ ૪
વેદ પુરાન કુરાન કિતાબો, જોજ્યો તેહ તપાશીજીરે;
એ લક્ષણુ તજવાથી મળશે, સઘળેથી શાબાશી. કેફ૦ ૫
કાજી મુલ્લાંનો મત એ છે, એ મત અધ્યારૂનોજીરે;
હિંદુમાં ગૌહત્યાથી પણુ, દોષ ઘણો દારૂનો. કેફ૦ ૬
મદિરા સારૂં મારૂં તારૂં, ચોર્યાનું ચિત્ત થાશેજીરે;
કોઇસમે સાંકડમાં આવી, જીવ તેમાંથી જાશે. કેફ૦ ૭
વસ્ત્ર તજીને લાજ વિનાના, ખરની રીત રખડશોજીરે;
કહે દલપત કરમાં દીવો લઇ, કોઈ ન કુવામાં પડશો. કેફ૦ ૮

પદ ૨૫ મું. લાવણી.

" શ્રીકૃષ્ણકે દરસણ કારણ આયે સદા શિવ ગોકુલમેં. " એ રાગ.
કરશે કેફ મગન થઇ ફરશે, ધરશે નહિ શીક્ષા મનમાં;
બુઢાપણ શિર કુટી કુટી મરશે, રડશે રોગ થયે તનમાં. ૧
તે સારૂં હિત કહું તમારૂં, મારૂ વાચક માની લહો;
શરમ ધરીએ કરમ તજો તો, પરમ ધરમથી પૂર્ણ રહો. ૨
ઝટપટ કેફની ખટપટ છોડો, અટપટી વાત નથી એમા;
દામ ઉગરશે, કામ સુધરશે, રામ થશે રાજી જેમાં. ૩
જશે બુરાઇ થશે ભલાઇ, ખસે કમાઇ ન કરમાંથી;
કેફ લજાઈ તજો તો ભાઇ, જશે લડાઇ ઘરમાંથી. ૪
સ્વાદ વિચારો ગુણ સંભારો, ચારો કેફ પછી કરજો;
ગરથ ખરચી ગદ્ધા શીદ બનિયે, ધીરજ ધરી મનમાં ધરજો. ૫
નિરલજ ફરવું મુખ નીચું કરવું, મરવું તેથી મહા સારૂં;
કેફી થવાથી કોઢી થવું તે, ઘણું સરસ મનમાં ધારૂં. ૬
વાઘ અગની વિષ વૈરી મલજો, કદી ન મલજો કેફ કહીં;
પ્રેત પીસાચને ભૂત વળગજો, કદી વળગજો કેફ નહીં. ૭
મુઆં મનુષ તો બહુ વખણાયે, જીવતાં કેફી નિંદાય અતી;
કહેછે દલપતરામ ન થાશો, દુશમનની પણ એવી ગતી. ૮

પરચુરણ પદો.

પદ ૧ લું. ગરબી.

સુંદર શીક્ષા મનમાં મારી શાણા સમજી લઇએજી.
પુરૂષોત્તમતણું પૂરણ મતતે એક ચીતે આચરીએરે. નીરમળ થઇએજી.

ઢાળ.

પડવે પ્રાતઃકાળે ઉઠી સરીતા સ્નાનજ કરવુંજી,
કુડ કપટનો ત્યાગ કરીને ધ્યાન હરીનું ધરવુંરે. નીરમળ. ૧
બિજે બદદાનત પરહરવી ક્રૂર કરમથી બીવુંજી,
પરોપકારે પેલજ કરવી, જગમાં ધન્ય ધન્ય જીવ્યુંરે. નીરમળ૦ ૨
ત્રીજે તાળી ત્રીભોવન પતીશું પાડો તૃષ્ણા ત્યાગીજી,
ગજા પ્રમાણે પુન્યજ કરવું મનના મદને ભાગીરે. નીરમળ૦ ૩
ચોથે ચીત આકૂસવું આપે અન્યા પરથી પ્રીતેજી;
ચત્રભુજને ચરણે અરપી તનમન નિત્યે નિત્યેરે. નીરમળ૦ ૪
પાંચમ ભુક્તા એકજ કરવું હરિરસ હરખી પીવોજી,
એકાદશ ઇંદ્રિને સાધી કરવો ઉરમાં દીવોરે. નીરમળ૦ ૫
છઠે હૈયાનો છક ટાળી ભાળી જોવો ભ્રમજી,
શીયળ વ્રત નરનારી પાળી કરવું નિજ ખટકર્મરે. નીરમળ૦ ૬
સાતમ સેવા સંત પુરૂષની સ્નેહ ધરીને કરવીજી,
શ્રવણ હરીરસ કરવો સૌથી ઇરષાને પરહરવીરે. નીરમળ૦ ૭
આઠમ કર્ત્તા એક લહીને કર જોડી કરગરીએજી,
માગી માફ અતી અઘકેરી શુભ પંથે સંચરીયેરે નીરમળ૦ ૮
નોમે નમૃતા નિર્મળ ગ્રહીને ક્રોધ રૂદે નવ આણોજી,
લોભ લલુતા અળગાં કરતાં જીત્યા જમને જાણોરે. નીરમળ૦ ૯
દશમે દુશ્મન કોઇ ન જાંણો સ્નેહી સઘળા ભાળોજી,
સઘળે રૂપ હરીનું સરખુ મનની શંકા ટાળોરે. નીરમળ૦ ૧૦
એકાદશી તે. કરવી ઉમંગે આખી રજની જાગીજી,
સંસારને સઉ ફોકટ જાણી રહેવું ભ્રમણા ભાગીરે. નીરમળ૦ ૧૧
બારસ દીન બપોરે જમવું આપીને અન્ન દાનજી,
કલેશ રહીત સદાએ રહેવું દ્વેશ રહીત નિદાન. નીરમળ૦ ૧૨
તેરશ દીન તનમન ધન અરપી ત્રીભુવન પતીને ચરણેજી,
સત સંગતનો સારજ લેવો સ્નેહે રહીને શરણેરે. નીરમળ૦ ૧૩
ચતુરદશીએ ચિંતા તજવી ધાર્યું ધણીનું થાશેજી,
મન સાથે એ માની લેતા બંધન બાધુ જાશેરે. નીરમળ૦ ૧૪

પુનમ પૂરણ પ્રેમ સહીત બ્રહ્મભોજન કરવું ભાવેજી,
લખચોરાશી ત્રાસે નાસે સહાય શુભ ગતી આવેરે. નીરમળ૦ ૧૫
એ રીતે આચરતાં આપે ત્રાસ ત્રીવેધી નાસેજી,
મહા સુખના સ્વામીને જપતાં શત્રુ સઘળા ત્રાસેરે. નીરમળ૦ ૧૬

પદ ૨ જું. ગરબી.

સઉથી સમરથ રાધાવરનો આશરો. એ રાગ.

શ્રેષ્ટ સરવથી સમરણ શ્રી ભગવાનનું,
બીજાં ફોગટ ફાંફાં જાણો નેટજો;
તત્ત્વ પદારથ તજી અન્યને ઇચ્છવું.
હાથે માગી લેવી મોટી વેઠજો. શ્રેષ્ટ સરવથી૦ ૧
મૂક્તીનો મારગ એ વીણ બીજો નથી,
કેછે વેદ પુરાન કુરાન કિતાબજો;
સાર સકળ સંસાર વિશે તો એજ છે,
મહંતજનના મુખનો એજ જવાબજો. શ્રેષ્ટ સરવથી૦ ૨
તરવાનું સાધન ત્રિભુવનમાં એજ છે,
ભક્તિ નૌકા સેજે લે ભવપારજો;
બેસે જે નિશ્ચિત થઈ બાનું અહી,
ધન ધન તે નર નાર તણો અવતારજો. શ્રેષ્ટ સરવથી૦ ૩
નિતી રહીત અણુસમજુ જન અકળાય જે,
વારી વલોવ્યા પેરે વ્યર્થજ જાયજો;
અંગીકાર કરે નહી અલબેલો કદા,
રહે રખડતો પોતે મહા દુખ માંહેજો. શ્રેષ્ટ સરવથી૦ ૪
કીરતી લોભે કંઇક કુટાઇને મુવા,
કંઇક મુવા પરજાળીને નિજ અંગને,
ઉઠી ગયા કંઇ માયા કેરે ત્રાસજો. શ્રેષ્ટ સરવથી૦ ૫
ભલે મુકાવો કરવત જઇને કાશીએ,
ભલે ઉડાવો પુંજી આપી દાનજો;
ફાવે તેમ કરો પણ હરીના ભજન વિના,
કોઇ ઉપાએ નહી ઉદ્ધાર નિદાનજો. શ્રેષ્ટ સરવથી૦ ૬

હીંમત ધારી ભક્તિ બાણુ જેણે ગ્રહ્યું,
કદી ન આવે જમદુત તેની પાસજો;
તેને કષ્ટ કરમને પાપજ શું કરે,
જો દેખે સચરાચર શ્રીઅવિનાશજો. શ્રેષ્ટ સરવથી૦ ૭
ભક્તિ ગ્રાહકને નહી ભય કંઇ વાતનો,
ક્ષિતિ તળમાં નહી હણુનારો જન કોયજો;
વિશ્વ વિશે તો વાલાં સૌ તેના વસે,
હરીયે ધાર્યું તે તો સેજે હોયજો. શ્રેષ્ટ સરવની૦ ૮
અવીનાશીના આશ્રીતના આગળ કશું,
સુર અસુર ઇત્યાદીકનું નવ ચાલેજો;
પીડા પડતી પેલાં સેહાય કરે સહી,
બાપોજી બુડતામાં બાવડી ઝાલેજો. શ્રેષ્ટ સરવથી૦ ૯
મૂઢ મનુષ્યને ધારણુ માત્ર રહે નહી,
નીકર વહેતા મૂકે નહી વિશ્વેશજો;
માહા સુખનો સ્વામી છે સાગર દયા તણા,
તે દુખ પડવા દે નહી ભક્તને લેશજો. શ્રેષ્ટ સરવથી૦ ૧૦

પદ ૩ જું.

ભક્તિ એવીરે ભક્તિ એવી, જેમ તરસ્યાને પાણી જેવી;
એક ગૌ ધેન ચરવાને જાય, એની સુરતા વાછરડા માંય;
ચરણે ફરવુંને ચોદીશ ચરવું, એવું હરિ ચરણે ચિત્ત ધરવું.
ભક્તિ૦ ૧

એક માછલી જળમાં વસે છે, તેને પાણીનો પ્રવાહ ગમે છે;
પેલે પાપીએ બારણે કાઢી, તલવલ જીવ થયોરે ઉદાસી.
પ્રાણુ ગયો તે તે જળને સ્મરવા, એવાં હરિ ચરણે ચીત્ત ધરવા.
ભક્તિ૦ ૨

એક નારી તે મનુષા દેહી, પર પુરૂષ સાથે લાગી તેહી;
ઘરનો કામ ધંધો નથી કરતી, પરપુરૂષની પુઠે ફરતી;
એને મનનું ગમતું કરવું, એવું હરિ ચરણે ચિત્ત ધરવું.
ભક્તિ૦ ૩

એક ગુણકા નૃત્ય કરે છે, મન ગમતા શણગાર સજે છે;
એણે આંખ આંજી અણીયાળી, નખ ચખ નિરખે છે નારી;
પારકું ચિત્ત પોતાનું કરવું, એવું હરિ ચરણે ચિત્ત ધરવું.
ભક્તિ૦ ૪

એક ચોર તે ચોરી કરે છે, ઘર પાછળ ફેરા ફરે છે;
એના હાથમાં ધનુષ્ય ધારી, એવી રાત ઘણી અંધારી;
પારકું ધન પોતાને હરવું, એવું હરિ ચરણે ચિત્ત ધરવું.
ભક્તિ૦ ૫

બપૈયાને વર્ષાદ વહાલો, એવી પ્રેમ ભક્તિ ઝાલો;
ચકોર ચિત્ત ચંદ્રમાં ઘાલે, અણુ પેખતા દૃષ્ટિને બાળે;
કહે હરે રામ એથી ન ઉતરવું, એવું હરિ ચરણે ચિત્ત ધરવું.
ભક્તિ૦ ૬

પદ ૪ થું.

શું કરશો જઈને વનમાં, હરિ વસે છે હારના જનમાં. ટેક.
હરિ હામ શહીત છે, માન રહીત છે મનમાં. હરિ વસે૦ ૧
તે જનને તમો હરિ કરિ જાણો, તે જુવો તમારા તનમાં. હરિ૦૨
તે સાચુ બોલોને સાચુરે ચાલો, રહો રહો ભવ ભજનમાં. હરિ૦૩
ભેખ ધરી ધરી શું ભટકો છો, નહિ નહિ દેહ દમનમાં. હરિ૦૪
તપ તીરથ વ્રતદાન આચરો, દશવાર નાહો એક દીનમાં. હરિ૦૫
હરે રામ હરિ પ્રેમ તણે વશ, તે નહિ નહિ જોગ જગનમાં હરિ૦૬

પદ ૫ મું. પદ રાગ ધોળ.

હૈયાના ફુટયા, હરિ સંગે હેત ન કીધું;
લખ ચોરાશી કેરૂં લગડું માથે માંગી લીધું. હૈયાના૦ ૧
પેટને અરથે પાપ કરંતા, પાછું ફરી નવ જોયું;
ચાર દિવસના જીવતર સારૂ, મન માયામાં મોહ્યુંરે. હૈયાના૦ ૨
જન્મ મરણ દુઃખ ગર્ભવાસનાં, તે નવ શકિયો ટાળી;
માત પીતા સુત જુવતી સંગ, વિસાર્યા વનમાળીરે. હૈયાના૦ ૩
આળશને અજ્ઞાન અતિશે, કામ બગાડયું તારૂં;
દેવાનંદ કહે દેખ વિચારી, માન કહ્યું તું મારૂંરે. હૈયાના૦ ૪

પદ ૬ ઠું.

દુનિયામાં ડાહ્યો, ડાપણમાં દુઃખ પામે;
ભવતારણ ભગવાન વિસારી, ચડિયો ઠાલે ભામેરે. દુનિયા૦ ૧
મનુષ્ય દેહ મળ્યો અતિ મોટો, ખોટો જાણી ખોયો;
ચોરે ચૌટે જુઠું બોલ્યો, નાહક નિર વલોયોરે. દુનિયા૦ ૨
હરિ હરિજન સંગ હેત ન કીધું, પીધું વિષનું પાણિ;
સુખ સંસારી પામ્યા સારૂ, મુવા લગી ઘર તાણીરે. દુનિયા૦ ૩
હરખ શોકની નદિયો મોટી, તેમાં જાય તણાણો;
દેવાનંદ કહે હરિ ભજ્યો નહીં, ઘણે દુઃખે ઘેરાણોરે. દુનિયા૦ ૪

પદ ૭ મું.

અજ્ઞાની તારા, અંતરમાં દેખ વિચારી;
અંત સમે કોઇ કામ ન આવે, સગાં કુટુંબ નર નારી. અજ્ઞાની૦૧
જોબન ધનનું જોર જણાવે, ફાટી આંખે ફરતો;
કાળ કરાળ કઠણ શિર ઘેરી, દિલમાં કેમ નથી ડરતોરે. અજ્ઞા૦ ૨
માલ ખજાના મંદિર મેલી, મુઆ ભૂપ મદ માતા;
શ્વાન શુકરનાં દેહ ધરીને, ઘર ઘર ગોથાં ખાતારે. અજ્ઞા૦ ૩
આજ અમૂલખ અવસર આવ્યો, હરિ ભજ્યાનું ટાણું;
દેવાનંદ કહે દેહ મનુષ્યનો, ન મળે ખરચે નાણુંરે. અજ્ઞા૦ ૪

પદ ૮ મું. ✓

પામર તેં પ્રાણી, વિસાર્યા વનમાળી;
મિથ્યા સુખ માયામાં મોહ્યો, મૃગ તૃષ્ણા જળ ભાળીરે પામ૦ ૧
આઠ પહોર અંતરમાં બળિયો, ઘણે ઘણાને ધાયો;
રળી ખપી ધન ભેળો કીધો, ન ખરચ્યો ન ખાયોરે. પામ૦ ૨
નારી આગળ નિર્લજ થઈને, બિહિતો બિહિતો બોલે;
હડકલાવે હશી બોલાવે, કરે તરણાંને તોલેરે. પામ૦ ૩
સાળો સસરો સગાં સંબંધી, તેની સેવા કીધી;
દેવાનંદ કહે સાધુ જનનિ, સેવા તજી તેં દીધોરે. પામ૦ ૪

પદ ૯ મું. રાગ કાફી.

આવો રૂડો અવસરરે, ઓળખવા એક શ્રીહરિ

મોંઘું મનુષ્ય તનરે, નાવે તારે ફરી ફરી. આવો૦ ૧
ધન જોબન તન રંગ પતંગી, વણુસે વારંવાર;
તે સારૂં શું જતન કરે છે, સપનું આ સંસાર;
મેલી એને મરવુંરે, ડરવું દિલ હોષ ધરી. આવો૦ ૨
વાસ કરે નિત વૈષ્ણવજનમાં, મનમાં માને વાત;
દાસપણું દેવતાને દુર્લભ, ભજેથી જન્મ દુઃખ જાત;
ભક્તિ કરજો ભાવેરે, ધર્મની ટેક ધરી. આવો૦ ૩
સૌમ્ય સ્વભાવ પરમ સુખ સંપત્તિ, એહિ પામ્યાનો ઉપાય;
પ્રગટ સ્વરૂપ ઓળખજે એવું, દુર્લભ દેવ ગવાય;
એવું તન આવ્યુંરે, લે જે વ્રજરાજ વરી. આવો૦ ૪
માયાની મોટમ મિથ્યા, નથી ઘડીનો નિરધાર;
દેવાનંદ કહે ભજ દુઃખભંજન, કરૂણા નિધિ કિરતાર;
કઠણ વેળામાંરે, રહેશે તારાં કારજ સરી. આવો૦ ૫

પદ ૧૦ મું.

કાયા માયા કુડીરે, રાખી તારી રહેશે નહીં;
જોને તું વિચારીરે, ઘેલા કેમ અક્કલ ગઇ. કાયા૦ ટેક. ૧
નંદરાજાને અણુગણુ નાણું, ભરી સંચી ભંડાર;
કોડી અંતે કામ ન આવી, જાતાં ન લાગી વાર,
ન ખાધી ન ખરચીરે, વેઠે મુવો ભાર વહી. કાયા૦ ૨
રાવણ રિધ સિધ પૂરણ પામ્યો, ઇંદ્ર અધિક અભિમાન.
અજ્ઞાને અવરાણું અંતર, ભૂલી ગયો પ્રભુ ભાન.
વાદળની છાયારે, જોતાં જોતાં છેટે ગઇ. કાયા૦ ૩
ભજ ભગવાન માન તન મેલી, બેલી કરબળ વીર.
લાલચ રાખે લક્ષ્મીવરની, ધરજે મનમાં ધીર.
અધમ ઉધારણુરે, અભેદ આપે સહી. કાયા૦ ૪
મૃગજળ ભરવા મુરખ માણુસ, દોડે સૌ સંસાર;
વાત વિચારી પાછો વળજે, પામ્યા નથી કોઇ પાર;
દેવાનંદ કહે દેખીરે, વિવેકની વાત કહી. કાયા૦

પદ ૧૧ મું.

કાળ તારી કેડેરે, આયુષ્યને ઓછી કરે;
મમતામાં મૂરખરે, ખુતો તોએ ખબર ન રહે. કાળ—ટેક. ૧
બાળપણું જોબન ગયું જોતાં, ઘરડો થયો તું ગમાર;
આજકાલ આવ્યો તારો વાયદો, માથે છે જમનો માર;
વાર નથી ઝાઝીરે, દીલમાં હજી ન ડરે. કાળ૦ ૨
લવ નિમેષ ઘડી મૌરત માપે, પોહોર દિવસ પરમાણુ;
બાર માસે કરી વરસ કહાવે, સઇકે જુગ સુજાણ;
માથે તારે મોટુંરે, ફરતું એવું ચક્ર ફરે. કાળ૦ ૩
ચાર જુગની એક ચોકડી, ઇકોતેર અલ્પાય;
ઈંદ્ર પડે અધિકારથી, ત્યારે તું કોણુ માત્ર કહેવાય;
ચોરાશીનું લગડુંરે, માગી શીઙ માથે ધરે. કાળ૦ ૪
કરકર સંત સમાગમ સાચો, અવસર આવ્યો અમૂલ;
દેવાનંદ કહે દેખ વિચારી, અંતઃકરણ અંકુર;
ભજ્યા વિના ભૂધરરે, જીવ બહુ જનમ ધરે. કાળ૦ ૫

પદ ૧૨ મું.

પ્રભુ ભજ પ્રાણીરે, કે કીધી નર દેહ દયા;
હરી હિતકારીરે, તારે સારૂ પ્રગટ થયા. પ્રભુ—ટેક. ૧
કલ્પતરૂ કરૂણાનિધિ કેશવ, મન વાંચ્છિત ફલ દેત;
એ મૂર્તિ અંગમાં ધરતાં, લાભ અલૌકિક લેત;
અગણીત આગળરે, જોને જગ જીતી ગયા. પ્રભુ૦ ૨
ભક્તાધિન નિગમ નેતિ ગાવત, આવત અવની માંય;
અકળરૂપ ઓળખજે એવાં, કરવું રહે નહીં કાંય;
જાણ્યા વિના જગમાંરે, વહેતે પૂરે જાશો વહ્યા. પ્રભુ૦ ૩
રાખો ધર્મ રમાપતિ રીઝે, કીજે સુકૃત કાજ;
માન બડાઇ મોટપ મેલી, ફોગટ ફેરિ ટાળ આજ;
નિરભેની નોબતરે, વાગી પૂછે કુશળ કાયા. પ્રભુ૦ ૪

નાખ્ય ખજાનો નિરખી નાણું, કર ગોવિંદ ગુણ ગાન;
દેવાનંદ કહે દોષ નિવારણ, ભવતારણ ભગવાન;
કરૂણાના સાગરરે, વાલાજીને વેદે કહ્યા. પ્રભુ૦ ૫

પદ ૧૩ મું.

તારા મનમાં જાણે છે મરવું નથીરે,
એવો નિશ્ચય કર્યો નિરધાર;
તેમાં ભુલી ગયો ભગવાનનેરે. (ટેક)
ધન દોલત નારીને ઘણા દીકરારે (૨)
ખેતિ વાડી ઘોડીને દરબાર—તેમાં૦
મેડી મંદિર ઝરૂખાને માળિયાંરે (૨)
સુખદાયક સુંદર સેજ—તેમાં૦
ગાદિ તકિયાને ગાલ મશુરિયાંરે (૨)
અતિ આડ કરેછે એજ—તેમાં૦
નીચાં ખાંધ કરીને નમતો નથીરે (૨)
એવું સાધુ સંગાથે અભિમાન—તેમાં૦
વરમાળી મોહનજીની મુરતિરે (૨)
તેની સાથે ન લાગેલ તાન—તેમાં૦
પાપ અનેક જનમના આવી મળ્યારે (૨)
તારી મતિ મલિન થઇ મંદ—તેમાં૦
દેવાનંદના વહાલાને વિસરી ગયોરે (૨)
તારે પડયો ગળે જેમ ફંદ—તેમાં૦

પદ ૧૪ મું.

તારે માથે નગારાં વાગે મોતનારે;
નથી એક ઘડીનો નિરધાર,
તોય જાણ્યા નહીં જગદીશનેરે (ટેક)
મોટા મેલીને રાજ મરી ગયારે (૨)
જોને જાતાં ન લાગી વાર—તોય૦
તારૂં જોબન ગયું ઝખ મારતુંરે (૨)

માથે કાળા મટી ગયા કેશ—તોય૦
અંતકાળે લેવાને જમ આવિયારે (૨)
તેનો ભાળી ભયંકર વેશ—તોય૦
રોમકોટિ વિંછું તણી વેદનારે (૨)
દુઃખ પામ્યો તું દેવના ચોર—તોય૦
સગાં સ્વારથી મળ્યા સૌ લુંટવારે (૨)
તેનું જરાએ ન ચાલે જોર—તોય૦
જીભ ટુંકી પડીને તુટી નાડીયોરે (૨)
થયું દેહ તજ્યાનું તત્કાલ—તોય૦
દેવાનંદ કહે નવ જાણ્યા મારા નાથરે (૨)
મળ્યો મનુષ્યનો દેહ વિશાળ—તોય૦

પદ ૧૫ મું.

જય જય શંકર તમ શરણું, દેવ જય શંકર તમ શરણું;
અકલ સ્વરૂપ અયોની સંભવ, જરા મરણ નહીં અવતરણું. જય૦ ૧
જટા ત્રિનેત્ર સરિતા સુંદર, ભાલ શશી અમૃત ઝરણું;
નીલકંઠ સંગી વિષધર, રૂંડમાલ ઉર પર ધરણું. જય૦ ૨
સન્મુખ તે નંદી ભૃંગીગણ, મૃગછાલા ગજ ચર્મ ધરણું;
શૈલ સુતા અર્ધાંગે બિરાજીત, ભક્તતણાં પાતક હરણું. જય૦ ૩
વૃષભ વાહન કૈલાસવાસી, ભૂત પ્રેત સંગ પરિહરણું;
ડમરૂડાકકર મૃદંગ ભેરી ધુનિ, રાગ રંગ નર્તન કરણું. જય૦ ૪
ત્રિવિધ તાપ ટાળો ત્રિપુરારી, અંતે દુખ દારિદ્રય હરણું;
શિવાનંદ પર કૃપા કરો શંભુ, પદપંકજ અમૃત ઝરણું. જય૦ ૫

પદ ૧૬ મું. (આરતી) રાગ ધનાશ્રી.

જય જય શંભુ જય જય શંકર, જય જય રૂદ્ર મહેશા;
અમર વિદ્યા ધર મુનિજન કીન્નર જય જય કરત સુરેશા. જય જય૦
ભાલ સુધાકર જય કરૂણાકર; જય જય ત્ર્યંબક વિશ્વેશા;
કાળ વિદારણ અધમ ઉદ્ધારણ, જય જય સ્મર હરદેવેશા. જય જય૦
જય ગંગાધર પશુપતિ ભવહર, જય જય તું ભુવનેશા;

જય ત્રિલોચન જય ભવ મોચન, જય પુરહર ગિરિજેશા. જય જય૦
જય જટાધર જય ઉમિયાવર, જય ઘનસાર પ્રકાશા;
જય જય ભસ્મ વિભૂષણ, જય જય પૂર્ણ શિવાનંદ દાસા. જય જય૦

પદ ૧૭ મું. રાગ કેદારો.

શિવ શિવ હરહર ગૌરી રમણં, ગૌરી રમણં ગીરજા રમણં. શિવ શિવ.
અમર તરંગિણિ રૂચિરાભરણં, ભાલ સુધાકર અમૃત ઝરણં. શિવ શિવ.
ભુજંગ વરાધિપ કુંડલ કરણં, હિમગિરિ તનયા કૃત કર ગૃહણં. શિવ શિવ.
પશુપતિ શંકર ભવભય હરણં, સુર પ્રથમાધિપ વંદિત ચરણં. શિવ શિવ.
ભજ મન શંકર પદયુગ શરણં, શિવાનંદકે ભવજલ તરણં. શિવ શિવ.

પદ ૧૮ મું.

પ્રગટ પ્રમાણુ હરિને, ભજ મન પ્રગટ પ્રમાણુ હરીને;
કામ ક્રોધ મદ લોભ તજીને, પ્રઢ ઉર ટેક ધરીને. ભજ૦ ૧
ગર્ભવાસનું સંકટ પ્રાણી, જાઇશ મા વિસરીને;
કુબુદ્ધિ કુડ કપટપર હરજે, ભરજે પાવ ડરીને. ભજ૦ ૨
માલ મુલક સર્વે મેલીને, જાવું જરૂર મરીને;
જાઇશ મા જમરાને આગે, ઝાઝો ભાર ભરીને. ભજ૦ ૩
ભવ દુઃખ ટળે સીટે સર્વ ભ્રમણા, સંતનો સંગ કરીને;
બ્રહ્માનંદ કહે અહાવો અવસર, નહીં પામીશ ફરીને. ભજ૦ ૪

પદ ૧૯ મું.

નારાયણ સુખકારી, ભજી લેને નારાયણ સુખકારી;
સાધુજનની માન શીખામણ, વિષય વિકાર વિસારી. ભજી૦ ૧
માતા પિતા સુત બંધવ મેડી, નહિ તારાં સુત નારી;
જમને દ્વાર એકીલા જાવું, કરજે કરમ વિચારી. ભજી૦ ૨
રાજા રંક ગુણીજન પંડિત, ખેડુને વેપારી;
સગાં કુટંબી સહિત સહુને, લઈ જાવે જમ મારી. ભજી૦ ૩
ભરતખંડમાં દેહ મનુષ્યનો, મિલે નહીં વારમ વારી,
બ્રહ્માનંદ કહે થાને સુખીઓ, સત્ય વચન ઉર ધારી. ભજી૦ ૪

પદ ૨૦ મું.

અલખ પુરૂષ અવિનાશી, ભજી લેને અલખ પુરૂષ અવિનાશી;
કરમ કટે તારાં અનંત જનમનાં, ફંદ મીટે ચોરાશી. ભજી૦ ૧
સગાં કુટંબી સુતને નારી, માતા મામાને માશી;
અંતે ભેળુ કોય ન આવે, અંતર દેખ તપાશી. ભજી૦ ૨
ઘરમાં બેઠો ગાળો બોલે, દેખી તીરથવાસી;
પરધન હરે કરે નિત કુબુદ્ધિ, પરનારીની હાંશી. ભજી૦ ૩
મારૂં મારૂં કરતો મુરખ, મેલી ધન મરી જાશી;
બ્રહ્માનંદ કહે હજી સમરી લે, રસીક રામ સુખ રાશી. ભજી૦ ૪

પદ ૨૧ મું.

પ્રગટ હરિભજ પ્રાણી, સમજીને પ્રગટ હરિભજ પ્રાણી;
પાપ દ્રોહ પરિ ત્યાગ કરિને. દયા ધરમ ઉર આણી. સમ૦ ૧
પરધન પરસ્ત્રીય મદ માટી, નરક તણી નિશાની;
તે પાપે કરી અવશ્ય પીલાઇશ, ઘાલી જમરા ઘાણી. સમ૦ ૨
સમજ્યા વિના ન બોલી શકે દી, મુખથી મિથ્યા વાણી;
મમતા કેરો માથે મુરખ, ભાર મા લેજે તાણી. સમ૦ ૩
એળે દેહ અમુલખ ખોયો, કિધી પૂન્ય કમાણી;
બ્રહ્માનંદ કહે તત્પર થઇ ભજ, જગપતિ સાચા જાણી. સમ૦ ૪

પદ ૨૨ મું.

નારાયણનું નામ લેને તું પ્રાણીરે:
બદ્રિનાથ પ્રગટ જુગ જાણી—ટેક.
ગર્ભવાસે રક્ષા કીધી તારીરે,
લીધો જઠરા અગ્નિથી ઉગારીરે,
તેને કેમ મેલ્યો છે વિસારી. નારાયણ૦ ૧
નરદેહ દીધો તને નાથેરે,
ધન હોય તો વાવર તારે હાથેરે,
પડયું રહેશે કોડી નાવે સાથે. નારાયણ૦ ૨
વણુ સમજે કહે માહૂં માહૂંરે,

ધન કાજ ફરે તન આરેરે,
તારા હાથે નથી ધન તારૂં. નારાયણ૦ ૩
મિથ્યા સુખમાં તે શું લપટાણોરે,
લોક લાજે ગળે દીધો પાણોરે,
જાય છે તૃષ્ણાના પુરમાં તણાણો. નારાયણ૦ ૪
કાયા માયા એ રીતે કાચીરે,
તેના રંગમાં તે શું રહ્યો રાચીરે,
બ્રહ્માનંદ કહે વાત સાચી. નારાયણ૦ ૫

પદ ૨૩ સું.

જે જન આવે શંકર પાસ, તે જન પામે ચિદ્ આકાશ. ટેક.
વૈરાગાદિક સાધન સઘળાં, કરે હૃદયમાં વાસ;
પ્રત્યક્ બ્રહ્મ સ્વરૂપ પમાડે, ટાળે ભવના પાસ. જે જન૦ ૧
બ્રહ્માનંદ મગન થઇ ખેલે, ન કરે બીજી આશ,
અધિ દૈવાદિક તાપ ત્રિવિધના, નિશ્ચય થાયે નાશ. જે જન૦ ૨
દેહાદિક મિથ્યા કરિ માને, એક સત્ય અવિનાશ;
શુષ્કપર્ણ સમ જગમાં વર્ત્તે, ખલથી રહે ઉદાશ. જે જન૦ ૩
ઉન્મનિ ગંગા જલમાં ઝીલે, સદા તૃપ્ત સુખ રાશ;
ભેદ રહિત વ્યાપકમાં વિલસે, સ્વયંસ્વામી સ્વયંદાસ. જે જન૦ ૪
જે સુખ પામી પાર ઉતર્યા, શુક સનકાદિક વ્યાસ;
મનોહર સેજે તે સુખ પામે, મટે કાળનો ત્રાસ. જે જન૦ ૫

પદ ૨૪ સું.

જે કોઇ સદગુરૂ શરણે જાય, તેના સંશય દૂર પલાય. ટેક.
કામ ક્રોધ મદ મોહ મચ્છર, આશા તૃષ્ણા લય થાય.
અતિશયિતાદિક દોષ વિષયના, ઉર માંહે દેખાય. જે કોઇ૦ ૧
તેથી દૃઢ વૈરાગ્ય ઉપજે, સત્યાનૃત્ય જણાય;
શમદમ ઉપરતિ સહન શકિતથી, દૃઢ વિશ્વાશ બંધાય. જે કોઇ૦ ૨
સમાધાન સ્વરૂપમાં જાણી, ઇચ્છા અતિશય થાય;
વાક્ય વિચાર નિરંતર કરતાં, બ્રહ્મરૂપ દરશાય. જે કોઇ૦ ૩

અજ્ઞપણું તત્કાળ આળસે, નિત્યાનંદ જમાય;
માયિક ભેદ બુદ્ધિ મેલીને, નિજ પદ માંહે સમાય. જે કોઇ૦ ૪
સમરસ વ્યાપક સચ્ચિદ આનંદ, રૂપ થઇને વિલસાય;
મનોહર મરણ તણો ભય ભાગે, જીવનમુક્ત કહેવાય. જે કોઇ૦ ૫

પદ ૨૫ મું.

જેને કૃષ્ણ વચન વિશ્વાસ, તેને ન રહે યમનો ત્રાસ. ટેક.
વિશ્વેશ્વરનાં વચન વિચારે, વર્તે બાહ્રે માસ;
વાક્ય વિરૂદ્ધ ન બોલે મુખથી, કરે સંતમાં વાસ. જેને૦ ૧
કામ ક્રોધ તૃષ્ણાદિક કેરો, કરે હૃદયથી નાશ;
શીલ દયા સંતોષાદિકની, ખરી જમાવે રાશ. જેને૦ ૨
નિરાધાર આધાર સર્વનો, તે હરિનો વિશ્વાસ;
તેને ભજે યજે ધ્યાયે નિત્ય અન્ય ન રાખે આશ. જેને૦ ૩
સાધનવંત થકો નિત્ય સાધે, એક રૂપ અવિનાશ.
ભેદ રહિત નિજ રૂપ જણાયે, ચિદા કાશ સુખરાશ. જેને૦ ૪
કૃષ્ણ કૃપાથી નીશદિન તેને, બ્રહ્માનંદ વિલાસ;
મનોહર મુક્ત જગતમાં વિચરે, છુટે માયા પાસ. જેને૦ ૫

પદ ૨૬ મું.

મન તું મહેલ જુઠ જંજાળ, માથે ભમે અચાનક કાળ. ટેક.
માતપિતા દારા સુત બંધુ, મિત્ર શિષ્ય રખવાળ;
પ્રાણ સતે સહું સગું જણાયે, વૃદ્ધ યુવાને બાળ. મન તું૦ ૧
પ્રાણ ગયા પર પલ ન રખાયે, ફોગટ કરે કતાલ;
બાળી જાળી ખાખ કરીને, વાંસે નાંખે વાળ. મન તું૦ ૨
કાલતણા મુખથી નવ છુટે, જો પેસે પાતાળ;
જયમ આવે ત્યમ ચાવે જાયે, શું બુઢા શું બાળ. મન તું૦ ૩
ભવસાગરમાં ચાર ખાણના, જંતુ લઘુ વિશાલ;
અગણિત પ્રગટે અગણિત મારે, કાલ પાથરી જાળ. મન તું૦ ૪
કાળતણો જે કાળ નરહરિ, તે સાચો રખવાળ;
વેગે શરણ ગ્રહે તે હરિનું, લેશે શીઘ્ર સંભાળ. મન તું૦ ૫

ચેત ચેતરે ચેત શીઘ્રથી, મૂકી આળ પંપાળ;
મનોહર મૃત્યુથકી મૂકાવે, ચિદ્ઘન દીનદયાળ. મન તું૦ ૬

પદ ૨૭ મું.

સદ્‌શાસ્ત્રની વાણીરે, સમજે સાચા પ્રાણી. સદ્‌ગુરૂ૦ ટેક.
ઘણા ભણ્યા ભમણા ભરમાયે, મન બાંધે મત તાણી;
અણુસમજુને અવળું રે ચિંધે, જુઠું બોલે જાણી જાણીરે. સદ્‌ગુરૂ૦ ૧
મૂરખ લીધી વાત ન મૂકે, મરકટ મૂઠી બંધાણી;
વણ બાંધે બંધાઇ પડ્યા પછે, મથે મીથ્યા મન પાણીરે. સદ્‌ગુરૂ૦ ૨
અસલ થકીરે ગુરૂ એજ આપણા, તે કયમ મૂકીએ જાણી;
એવું કહી અણુઘડનેરે પૂજે, ન જુવે પામર પ્રાણીરે. સદ્‌ગુરૂ૦ ૩
દામ ચામ રસમાંરે બન્નેની, બુદ્ધિ બહુ ભરમાણી;
કૃષ્ણ વચનને કાને ધરે નહિ, વહાલી તે વિષય કહાણીરે. સદ્‌ગુરૂ૦ ૪
આચારી થઈ અળગોરે બેસે, વૃત્તિ સદાયે અભડાણી;
સચ્ચિદાનંદ બ્રહ્મ લહ્યા વિણ, શુદ્ધ કરે નહિ પાણીરે. સદ્‌ગુરૂ૦ ૫

પદ ૨૮ મું.

કૃષ્ણ રામા રામા રામા, કૃષ્ણ રામા રામા રામા;
રામા રાયા રઘુબારે, રાયા રઘુબારે—કૃષ્ણ૦
નામ ગેઉન કરે ધંધા (૨)
ત્યાલા સમાધિ તો સદા, સમાધિ તો સદા—કૃષ્ણ૦
નામ ગેઉન પાયે ચાલે, (૨)
ત્યાલા યજ્ઞ પાહુલે, પાહુલે પાહુલે—કૃષ્ણ૦
નામ રટત આસો આસી (૨)
તે તો જેવલા ઉપવાસી, જેવલા ઉપવાસી—કૃષ્ણ૦
જે કોઇ રામનામ ગાવે (૨)
ત્યાલા તુકા વંદે પાયે, તુકા વંદે પાયે—કૃષ્ણ૦

પદ ૨૯ મું.

રામબાણ લાગ્યાં હોય તે જાણે,
ઓલ્યા મુરખ મનમાં શું આણે. (ટેક)
ધ્રુવને લાગ્યાં પ્રલ્હાદને લાગ્યાં, એ તો ઠરીને બેઠારે ઠેકાણે;

ગર્ભવાસમાં શુકદેવને લાગ્યાં, એતો વેદ વચન પરમાણે—રામ૦
મોરધ્વજ રાજાનું મન હરી લેવા, હરિરે આવ્યા જે ટાણે;
કરવત લઈ મસ્તક પર મેલ્યું, ને પત્નિ પુત્ર બેઉ તાણે—રામ૦
મીરાંબાઈ પર ક્રોધ કરીને, રાણાજી ખડગજ તાણે;
વિખના પ્યાલા ગીરધરલાલે આરોગ્યા, એ તો અમૃતને ઠેકાણે-રામ૦
નરસિંહ મેતાની હુંડી સ્વીકારી, ખેપ ભરી ખરે ટાણે;
આગળ સંત અનેક ઓધાર્યા, એવું ધનો ભગત ઉર આણે—રામ૦

પદ ૩૦ મું.

અનુભવીને એકલું, આનંદમાં રહેવુંરે;
ભજવા પરિબ્રહ્મને, બીજું કાંઈ ન કહેવુંરે. (ટેક)
એકજ જાણી આત્મા, કોઇને દુઃખ ન દેવુંરે (૨)
સુખ દુઃખ આવે સહેજમાં, તે તો સહીને રહેવુંરે—અનુ૦
ઊર્મિને બીજી તૃષ્ણાથી, અળગું રહેવુંરે (૨)
સમદૃષ્ટિ સમતાને ગ્રહી, આપ ખોવુંરે—અનુ૦
આદિ અંત મધ્ય, એકાદ્વૈત ભાસ્યુંરે (૨)
આતમના ઉદય થકી, અજ્ઞાન નાસ્યુંરે—અનુ૦
વેદ જોયા પુરાણ જોયા, સર્વે તપાસી (૨)
રામના નામથી કોઇ ન મોટું, સંત ઉપાસી—અનુ૦
સદ્‌ગુરૂને સેવતાં, મારૂં મનડું મોહ્યુંરે (૨)
કૃષ્ણ કહે મહાપદમાં, એક ચિત્ત પ્રોયુંરે—અનુ૦

પદ ૩૧ મું.

અરે શું સમજ્યો વૈષ્ણવ થઇ, અવિદ્યા જો અળગી નવ ગઇ;
જ્ઞાન વૈરાગ્ય ગમે નહી ગાતાં, રાસ કથાના રસીયા;
કામ ક્રોધ મદ લોભ ગર્વ છળ, અંતરથી નવ ખસીયા—અરે૦
તન મન ધન દારા ઘર તારૂં, બ્રહ્મ સમર્પણ કીધું;
પાપ કર્મ તો પામર જીવડે, પોતે માથે લીધું—અરે૦
હીંગ તજે પણ હરામ ન તજે, નીરખે નહી કોઇ પરનારી;
લસણ તજે પણ લાંચ ખાય છે, ન તજે ચોરી જારી—અરે૦

જરને લોભે જુઠા સોગંદ, ખાતાં પણ નથી બ્હીતા;
જુઠી સાક્ષી જાય પુરવા, ઝટ ઉપાડે ગીતા—અરે૦
છાપ તિલક તાણીને અંગે, મંડલીઓમાં મહાલે;
ગુપ્ત ઘાત અંતરમાં રાખી, ઘણાંકનાં ઘર ઘાલે—અરે૦
એકાદશીનું વ્રત આચરે, ફરાળ સારૂં ફાકે;
ઉપર ચોખા અંતર મેલા, પરધન હરવા તાકે—અરે૦
એક પ્રભુને ઉરમાં ધારી, પરમારથ આચરવું;
નીતિનો મારગ ઝાલીને, ભાળી ડગલું ભરવું—અરે૦
એમ વિચારી જે જન ચાલે, ધર્મ તેહનો સાચો;
કહે છોટમ પરપંચી મારગ, જાણો સર્વે કાચો—અરે૦

પદ ૩૨ મું.

કોઇ કહે તેને કહેવારે દઇએ,
આપણે હરિભજનમાં રહીએરે;
જગતને ભગતને સદાય વેર છે,
તેમાં ભક્તપણું તે કોને કહીએરે,
ભકતપણું જખ જાણીએ;
આપણે સોના મેણુલા સહીયેરે—કોઇ૦
હીરાને કંકણ એકજ રંગા,
તેમાં હીરાપણું તે કોને કહીએરે;
હીરાપણું જખ જાણીએ,
આપણે ઘવત ઘણેરા સહીએરે—કોઇ૦
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ,
આપણે ચરણકમલ ચિત્ત દઇએરે—કોઇ૦

પદ ૩૩ મું.

હરિ ભજતાં હજુ કોઇની લાજ, જતાં નથી જાણીરે,
જેની શ્રુતી સ્મૃતિ દે સાખ, વદે વેદ વાણીરે. (ટેક.)
વહાલે ઉગાર્યો પ્રલ્હાદ, હિરણ્યકશ્યપ માર્યોરે. (૨)
વિભીષણને આપ્યું રાજ, રાવણ સંહાર્યોરે. હરિ૦ ૧

વહાલે નરસૈ મ્હેતાને હાર, હાથો હાથ આપ્યોરે (૨)
ધ્રુવને આપ્યું અવિચળરાજ, પોતાનો કરી સ્થાપ્યોરે. હરિ૦ ૨
વહાલે મીરાંતે બાઇનાં ઝેર, હળાહળ પીધાંરે. (૨)
પાંચાળિનાં પૂર્યાં ચીર, પાંડવ કામ કીધાંરે. હરિ૦ ૩
વાહાલે અમરીખની ઓળખાણે, અવતાર દશ લીધારે;
વાહાલે ગજની કીધી સાહાય, ગરૂડપર હરીયારે. હરિ૦ ૪
આહાવો હરિ ભજવાનો લ્હાવો, ભજન કોઇ કરશેરે (૨)
કરજોડી કહે પ્રેમળદાસ, ભકતનાં દુઃખ હરશેરે. હરિ૦ ૫

પદ ૩૪ મું

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને એ રાગ.)

અબળા જાતિએ જગમાં જન્મી સદા,
પતિકુળમાં નીતિથી કરવો વાસજો.
રાય સમું સુખ હોયે માત પિતા ગૃહે,
પણ તે સુખની તલભર ધરવી ન આશજો. અબળા૦ ૧
પતિવ્રત પાળી પતિ સેવા સજવી સદા.
પતિની આજ્ઞા કદી નવ કરવી ભંગજો;
માત પિતા સમ સાસુશ્વસૂરને સેવવાં,
(વળી) નિકટ સંબંધી પાલવવાં જે અપંગજો. અબળા૦ ૨
ષડ્રસ ભોજનની વિધિ સઘળી જાણવી,
ઉત્તમ પાક કર્યાની ધરવી હોંસજો;
જે ગુણ જેમાં હોય તે તેથી શિખવો,
શિખામણ કો દેતો ન ધરવો રોષજો. અબળા૦ ૩
પતિ પ્રભુ સમ લહી કરવી ભકિત પ્રેમથી,
અનન્ય થઇને પતિ પ્રતિ રહેવું શુદ્ધજો.
તુચ્છ સકળ વ્યવહાર તણાં આ કારણે,
વાણીથી પણ કદી યવ કરવું યુદ્ધજો. અબળા૦ ૪
સુખ દુઃખ સહેતાં સમગણવાનો મહાવરો,
દૃઢ રાખીને અંતર, રહેવું શાંત જો;

ભાગીરથી પ્રભુ પદને અંતે પામવા,
શાણી સખીયે શિખ અહી ભજવા કાંતજો. અભળા૦ ૫

પદ ૩૫ મું.

(ક્યાં ગયો પેલો મોરલીવાળો. મનના ઘુંઘટ ખોલીરે—એ રાગ.)

સખિઓ સાચી વાત કહું છું, સાર લહી બહુ સારોરે;
ધરો ધ્યાન તમે જો તેમાં, સુધરે જન્મ તમારોરે. સખીઓ૦
બાલપણામાં માત પિતાને, વિનયવડે વશ રહેવુરે;
તે તન મનનું તેની પાસેથી, શિક્ષણ સઘળુ લેવુંરે. સખીઓ૦
ચંચલતાને ચતુરપણાથી, કામ કુંવરીએ કરવુરે;
સદગુણથી સંતોષ દઇને, દુર્ગુણથી બહુ ડરવુરે. સખીઓ૦
માત પિતાના શુભ ઉપકારો, મનમાંથી ન વિસરિએરે;
ઘરનાં કામ ઘણાં જે ઘટતાં, કુશલપણાથી કરિએરે. સખીઓ૦
યોગ્યપણે માત પિતા આપે, તેવા વરને વરિએરે;
એ પતિને અનુકુલ રહીને, આ ભવસાગર તરિએરે સખીઓ૦
પતિનું ઘર પોતાનું થાતાં, ભાર ઉપાડી લેવોરે;
વિનય વિવેક વડે રેવું, ધર્મ તમારો તેવોરે. સખીઓ૦
પિયર રહી જે શીખ્યાં તેનો, ઉપયોગ અહીં કરજોરે;
ઉપદેશ મળે જે જે બીજો, તે અંતરમાં ધરજોરે. સખીઓ૦
સાસુ સસરો જેઠ દિયરજી, એનું માન વધારોરે;
જેઠાણી દેરાણીને પણ, આદર દેવો સારોરે. સખીઓ૦
ઘર સંસાર નિશાળ વિષેથી, ભણતર રૂડું ભણવુરે;
સંકટ શિરપર આરંભમાં તો, તે ગુણકારક ગણવુરે. સખીઓ૦
માયાળુ મનથી સહુ સાથે, પરિચય સારો કરવોરે;
મારૂં તારૂં મનથી તજવું, એ ગુણ ગણવો ગરવોરે. સખીઓ૦
સહુનાં બાલક સરખાં ગણવાં, ભવમાં ભેદ ન સારોરે;
સંપ સરલતા રાખી સહુમાં, સુખ સંપુર્ણ વધારોરે. સખીઓ૦
મર્યાદા તન મન વચનોમાં, પ્રેમે પ્રતિદિન પાળીરે;
હોય કર્યા જે આજ સુધીમાં, સુકૃત તે સંભાળોરે. સખીઓ૦

હું કોણ અને મારે કરવું શું, તે સહજ વિચારોરે;
પતિની છાયા થઇને રેહેવું, એ છે ધર્મ તમારોરે. સખીઓ૦
પ્રિયહિત વચનો વદવાં મુખથી, વિનય વિવેકે નમતાંરે;
કામ કરો કરથી સહુ તેવાં, પતિ–ગુરૂજનને ગમતાંરે. સખીઓ૦
શીલ અને સૌભાગ્ય સદાનાં, શુભ આભૂષણ શોભેરે;
પ્રાણ વિના તન જેવાં બીજાં, એમાં મન શું લોભેરે. સખીઓ૦
પ્રૌઢપણાનાં પટકુલ અંગે, પ્હેરો પ્રમદા પ્રીતેરે;
નાકતણું મોતી મર્યાદા, સાચવજો શુભ રીતેરે. સખીઓ૦
નીતિ ન્યાય કડાં છે કરનાં, તે તનને શોભાવેરે;
આવો સમય સખી સંસારે, વારવાર ન આવેરે. સખીઓ૦
પતિના નામ તણો હીરાનો, હાર હૃદયમાં ધરવોરે;
આ રીતે સદગુણ સઘળાનો, શણગાર રૂડો કરવોરે. સખીઓ૦
જોડ જડી જે સજની તમને, એને ઇશ્વર માનોરે;
પત્નીના પરમેશ્વર પતિ છે, એમાં સંશય શાનોરે. સખીઓ૦
સંસાર વિષે સુખનાં સાધન, એ પતિને આધારેરે;
આ સંસાર થકી અબલાને, અંતે એ પતિ તારેરે. સખીઓ૦
પ્રેમ કરીને સેવા કરવી, જન્મ વૃથા નહિ જાવારે;
ગુરૂજનને પણ આદર દેવો, પૂરાં પુણ્ય કમાવારે. સખીઓ૦
જપતપ ઇશ્વરનું આરાધન, સાવધ થઇને કરવુંરે;
કેશવ હરિનું અંતરમાંથી, નામ કહિ ન વિસરવુંરે. સખીઓ૦

પદ ૩૬ મું.

(રઘુપતિ રામ હૃદયમાં રેજોરે—એ રાગ.)

સદાચાર પળવો બહુ સારોરે, એજ ધર્મ ખરો છે તમારો. સદા૦ ૧
ધન વિદ્યા તણો મદ તજવોરે, સુખકારક મારગ સજવોરે;
પીડા પરને કરી નહિ પજવો. સદા૦ ૨
સત્ય બોલવું ચાલવું ચોંપરે, જેમ જગતપિતા નહિં કોપેરે;
એથી પોતાતણું કુલ ઓપે. સદા૦ ૩
સ્મૃતિ શાસ્ત્ર બતાવે જેવુંરે, શુદ્ધ ચિત્ત કરી નિત્ય રેવુંરે;
અન્ય વાતમાં હૃદય ન દેવું. સદા૦ ૪

આશા તૃષ્ણા તજી કોઇ દેછેરે, શાંત થઇને સદા સુખ લેછેરે;
શુદ્ધ આનંદનું રૂપ તે છે. સદા૦ ૫
પાળવો નિત્ય નિજનો ધર્મરે, સાચો અંતરમાં લઇ મર્મરે;
કરવાં યશ કારક કર્મ. સદા૦ ૬
ક્રોધ કામ સદા પરહરવારે, લોભ મોહ વળી વશ કરવારે;
મદ મત્સર દેવા ન ઠરવા. સદા૦ ૭
અભિમાન ન લાવિએ લેશરે, કદિ કરિએ નહિ કાંઇ કલેશરે;
વદિએ નહિ વાક્ય વિશેષ. સદા૦ ૮
પરનિંદા સદા પરહરવીરે, દયા દીન જનો પર કરવીરે;
નહિ નીતિની વાત વીસરવી. સદા૦ ૯
નિત્ય તન મન નિર્મલ કરજોરે, શીલ ચિંતામણી સંઘરજોરે;
દુષ્ટ દુર્ગુણ દૈત્યથી ડરજો. સદા૦ ૧૦
ધર્મ વાણ વિના સંસારેરે, અન્ય આવી નહિ કોઇ તારેરે;
એમ જાણવું નિશ્ચે તમારે. સદા૦ ૧૧
નિત્ય નિર્મલ ચિત્ત કરીનેરે, નિજ ધર્મને ધામે ઠરીનેરે;
પામવું શુદ્ધ એક હરિને. સદા૦ ૧૨
જ્યારે ઉત્તમ જન્મ મળ્યો છેરે, પુણ્યનો પુંજતો ઉખળ્યે છેરે;
દૈવઇચ્છાથી દિવસ વળ્યો છે. સદા૦ ૧૩
હાથ આવેલ હીરો ન હારે.રે, ચતુરા કાંઇ ચિત્તે વિચારોરે;
શાણાં સફલ કરો જન્મ વારો. સદા૦ ૧૪
સેવા નારિએ નાથની કરવીરે, અન્ય વાત બધી પરહરવીરે;
તેમ પ્રીતિ સંપાદન કરવી. સદા૦ ૧૫
દંપતીએ હળીમળી રેવુંરે, બીજા આશ્રમનું સુખ લેવુંરે;
થાય નિંદા તેવું તજી દેવું. સદા૦ ૧૬
ભાવે ઈશ્વરનું પદ ભજવુંરે, કામ બંધનકારક તજવુંરે;
સુખકારક સાધન સજવુંરે. સદા૦ ૧૭

પદ ૨૭ સું.

હરિ ભજન વિના દુઃખ દરિયા સંસારનો પાર ન આવે—એ રાગ.

સુણુ સાહેલી મન જેનાં મોટાં તે મોટા જાણુવા,
આ ગુણુ વડે ઉંચ જનોને પરખી તુર્ત પિછાંણુવા;
કુળ કે ધનનું અભિમાન નથી, મનમાં કદી કુડ વસે ન રતિ;
દુખીઆ જનની દિલ દાઝ અતિ. સુણુ સાહેલી૦ ૧
ધનવાન વડો ધન વાપરશે, જન રાંક દયા દિલમાં ધરશે;
પરકાજ કશી તન તે કરશે. સુણુ સાહેલી૦ ૨
ખુશ રહે દીનનાં દુખડાં દળીને, સહુ સજ્જન સાથ હળીમળીને;
વદશે શુભ વેણુ લળી લળીને. સુણુ સાહેલી૦ ૩
પરમાર્થ વિષે મથતોજ રહે, દિલ દુશ્મનનું પણુ હિત ચહે;
સુખ શાંતિ તણુ શુભ તેજ વહે. સુણુ સાહેલી૦ ૪
કટુ વેણુ કદી જન કો ઉચરે, કુળવાન વડો મનમાં ન ધરે;
ધરી ધીરજ ને સૌ બોધ કરે. સુણુ સાહેલી૦ ૫
બહુ માન મળ્યે નવ ગર્વ ધરે, અપમાન થકી નવ શોચ કરે;
નિજ ધર્મ ધરી સુખમાં વિચરે. સુણુ સાહેલી૦ ૬
કદી આપ વડાઇ ઉર ન વસે, નવ લોભથકી લલચાય કશે;
નિજ ધર્મ થકી કદીએ ન ખસે. સુણુ સાહેલી૦ ૭
જયમ માનવી માન પછાડી ફરે, ત્યમ તે બહુ વેગ થકી;
વિચરે, મન મોટું કર્યે સહુ અર્થ સરે. સુણુ સાહેલી૦ ૮

પદ ૩૮ મું.

જો કદી પદ પુરૂષોત્તમ ચ્હાવ, તો સદગુણુ ગંગામાં ન્હાવ. ટેક.
સ્વામિને એકલો સુનો મુકી, નદીએ નહાવા જાય;
પર પુરૂષોના ધક્કા ખાઇ સીદ, અબળા ખેલો દાવરે. જો કદી પદ૦
મંદીર મંદીર હરતાં ફરતાં, જ્ઞાન વીના ગીત ગાય;
ભુખ્યો મરે ભરથાર બીચારો, કેવો ભજનનો ભાવરે. જો કદી પદ૦
ખાય વિના અપવાસ કરે, કોઇ કરવા પુન્ય જમાવ;
દેખા દેખી કરીને ભાગે, કાયા પુન્યનું નાવરે. જો કદી પદ૦
કથા સાંભળે તોયે કપટના, ઉરમાં કરે ઉઠાવ;
કેદાર કંકણુ વારી બીલાડી, જેવો બનેજ બનાવરે. જો કદી પદ૦

નર જો પરનારીને માટે, નહીએ નાહાવા જાય;
તો વૈતરણીમાં તાંણીને, જમડા દેશે ધાવરે. જો કહી ૫૬૦
જડયો નગીના કુંદનમાં તેમ, સદગુણમાંજ જડાવ;
તોજ પ્રભુ પુરૂષોત્તમ કેરા, પવીત્ર પુણ્ય ગણાવરે. જો કહી ૫૬૦

પદ ૩૯ મું. ગરબો.

(પૂનમચંદની એ રાગ.)

બેહેનો પતિવ્રતા નીજ ધર્મ તમે સ્વીકારજોરે,
રહેતા પતિ સેવામાં હાજર દીનને રાત.
પામો મુકતીપદને સુખ ઘણું સંસારમાંરે. પામો૦ ૧
સત્ય વચન સૌ બોલજો, નીજ પતિની સંગાત,
સાસુ સસરા સર્વને, સાચી કહેજો વાત;
રાખી નમ્રતાને માન થકી બોલાવજોરે.
વર્તી સદગુણથી રાખો સૌને પ્રસન. પામો૦ ૨
નેત્ર નેહ નવ રાખશોરે, પરપુરૂષની સાથ;
પિતા પુત્ર ગણી તેહને બોલો સૌ સંગાત;
ઠઠા મશ્કરી કરીને બહુ નવ બોલવુંરે.
વળી એકાંતે નવ કરવો ગુપ્ત વીચાર. પામો૦ ૩
દાગીના નવ પેખવા, નિત જોવું પતી મુખ,
સદગુણમાં રહેજો તમે, અક્ષય પામો સુખ;
લઢવું વઢવું ને ગુસ્સામાં કદી નવ બેસવુંરે.
રહેવું સંતોષે જે આપ્યું છે જુગદીશ. પામો૦ ૪
પતિ પ્રકૃતિ હોય જો, અગ્નિ કેરી ઝાળ,
સંતોષે બુઝાવશો, સામો નાવે કાળ.
હસવું રમવું તે સુખેથી દીન ગુજારવારે,
તેથી થાશે સઉ કુળનું કલ્યાણ. પામો૦ ૫
ધન સંપત્તિ વાસના, પટકુળ જુદા રંગ,
સર્વ ફોકટ જાણજો ધરજો સદગુણ સંગ;
મળશે પરમેશ્વર આપે, મુકતી કુળ સાતમાંરે.
કહે લક્ષ્મણ ગણપત હેતે ધરી મન હોંશ. પામો૦ ૬

પદ ૪૦ મું.

સખીઓ નીજ નીજ નીતી ધર્મ સદા સંભાળીયેરે;
પરમ પવીત્ર પતિવૃત પટકુળ કરી પરિધાન,
સાસુ સસરા માત પીતાની સેવા સાચવોરે;
ભાવ સહીત ભક્તિથી નિત ભજીએ ભગવાન.
એવા ઉત્તમ ગુણુથી ઉભય સુકુળ અજવાળીએરે. ટેક.
નજરે નજર ન જોડીએ, નાથ વિના નર સાથ;
પરનરને નવ આપીએ, તાળી હાથો હાથ
હસવું રમવું એકાંતે નવ બેસવુંરે;
પતિ વીણુ પતિના સહમીત્રોની સંગાથ. એવા૦
નાથ વીના કરવી નહી, વિનોદ રસની વાત;
વિશ્વ વિરૂદ્ધ ન વર્તવું, ભલે તાત કે ભ્રાત,
સજની ભ્રષ્ટ થવું નહિ સુધરી સહૂ આચારથીરે;
નીરલજ નટખટની સોબત તજની સુજાત. એવા૦
કુષ્ટી કદરૂપ કુબરો, નીરધન નીરબળ કાય,
મતિહીન પતીત પતી મળે, એ સતીને સુરરાય.
જોડી પગ અંગુઠડે, દ્રષ્ટિ આધું ઓઢીયેરે,
સુખકર સાચવીએ સો સાથે સંપ સદાય. એવા૦
ઉચે સ્વરે ન ઉચરવું મુકીને મરજાદ;
કુલીન બહેન કરવો નહિ વડીલથી વિવાદ,
ચંચળ ચાલે ચતુર ચટક મટક નવ ચાલીએરે,
શીવ સુત કેશવની શીખામણુ અંતરયાદ. એવા૦

પદ ૪૧ મું.

કલિજુગનો ધર્મ.

(રાગ ગરબી.)

ભાઇઓ સાંભળો શાણુાજન, કલિજુગ આવ્યોજીરે;
જેહ પાંડવને શ્રી કૃષ્ણે, કહિ સંભળાવ્યોરે. કલિજુગ૦ ૧
બ્રાહ્મણુ ક્ષત્રી વૈશ્યને શુદ્ર, ચારે વરણુ કહાવેજીરે,
તે સર્વે નિજ નિજ ધર્મ લોપી, આડે મારગ જાવેરે. કલિજુગ૦ ૨

પ્રથમ કલિજુગના બ્રાહ્મણનાં, લક્ષણ કહિ સંભળાવુંજીરે;
તે કેડે બીજા સર્વેનાં, લક્ષણ ગાઇ બતાવુંરે. કલિજુગ૦ ૩
ઉત્તમ જાતિ માણસ થઇને, કરશે મદિરા પાનજીરે;
ભૈરવ આદિ દેવને ભજશે, નહિ ભજે ભગવાનરે. કલિજુગ૦ ૪
વેદ વિદ્યાઅભ્યાસ તજીને, કરશે નિચની સેવાજીરે;
નવ કર્યાનાં કારજ કરશે, લાજ તજી ધન લેવારે. કલિજુગ૦ ૫
ગાયત્રી સંધ્યા પર હરશે, કૃષિ કર્મ તે કરશેજીરે;
બ્રાહ્મણી ખેતર ભાત લેઇ જાશે, તે ખાઇને પેટ ભરશેરે. કલિજુગ૦ ૬
માજમ મફર લસણ પલાંડું, ખાશે ખાંતે ખાંતેજીરે;
ભાંગ અફીણ ઘુંટિને પીશે, કરશે ફેલ બહુ ભાતેરે. કલિજુગ૦ ૭
કન્યાઓના પૈસા લેશે, દેશ પ્રદેશે દેશેજીરે;
શાસ્ત્ર પુરાંણને ભણવાં મેલી, વૈદાં કરિ ધન લેશેરે. કલિજુગ૦ ૮
સુરા આમિષ મધ મેલાવી, ઓસડ સઉને દેશેજીરે;
જીભ્યાના રસમાં લોભાઇ, અંત્યજના અન્ન લેશેરે. કલિજુગ૦ ૯
બ્રાહ્મણ જાતિ પોતે થઇને, નિચ ગુરૂ અનુસરશેજીરે;
અસત્ય ગુરૂનો ઉપદેશ લેઇને, નિયમ ધર્મપર હરશેરે. કલિજુગ૦ ૧૦
બ્રહ્મજ્ઞાન કથિ તપ તિરથ વ્રત, ધ્યાન ભજન તજી દેશેજીરે;
વેદ પુરાણ હરિ અવતાર હરિની, મૂર્તિ મીથ્યા કેશેરે. કલિજુગ૦ ૧૧
ચોરે ચકલે બેશી દ્વિજવર, નારી કથાઓ ગાશેજીરે;
કોસ બોખનાં પાણી પીશે, બિજાને પણ પાશેરે. કલિજુગ૦ ૧૨
વટલ્યાની આ શંકા મેલી, ચલમો પીશે તાણીજીરે;
પરમેશ્વરનો ડર નહિ રાખે, બોલશે મીથ્યા વાંણીરે. કલિજુગ૦ ૧૩
શમ દમ તપ શાંત્તિ શૌચાદિક, એ બ્રાહ્મણના ધર્મજીરે;
તેનો ત્યાગ કરિને દ્વિજવર, કરશે કુડાં કર્મરે. કલિજુગ૦ ૧૪
એવાં અનંત અયોગ્ય કર્મ છે, કેટલાંક કહિ સંભળાવુંજીરે;
કલિના દ્વિજનાં લક્ષણ કહેતાં, અંતરમાંહી લજાવુંરે. કલિજુગ૦ ૧૫
શુરાતન ધિરજ ડહાપણને, જુધ થકી નવ ભાગેજીરે;
ગૌ બ્રાહ્મણ સાધુ સેવામાં, ક્ષત્રિ નિત્ય અનુરાગેરે. કલિજુગ૦ ૧૬

તે સર્વે ત્યાગીને ક્ષત્રી, કરશે પાપ અનેકજીરે;
તેમજ દાન પુન્ય હરિ ભક્તિ, ત્યાગી દેશે છેકરે. કલિજુગ૦ ૧૭
જીવ દયા કરવી ક્ષત્રીને, તે કરશે જીવ હીંસાજીરે;
ચોરી ચાડી ખાતર પાડી, ભેળા કરશે પૈસારે. કલિજુગ૦ ૧૮
જોડા ઉપર છાંટો પડતાં, ઢોર નર્કમાં જાશેજીરે;
તે દારૂને ક્ષત્રી પીશે, બીજાને પણ પાશેરે. કલિજુગ૦ ૧૯
રાજાને રાજાના ચાકર, લાંચ લોકની ખાશેજીરે;
જુઠી જુઠી સાખ્યો પુરી, અવળા ન્યાય તોળાશેરે. કલિજુગ૦ ૨૦
ચાડિયા તે તો ચતુર કહેવાશે, રૂડા જન દંડાશેજીરે;
હરામિથી સહુ હારશે, સાધુજન પીડાશેજીરે. કલિજુગ૦ ૨૧
પાપ કર્મમાં બુડયા રહેસે, ધર્મ લેશે નહિ પાળેજીરે;
સત પુરૂષની વાત નહિ માને, ચડશે અવળે ચાલેરે. કલિજુગ૦ ૨૨
વાણિયા આદિક વૈશ્ય કહાવે, તે પણ નિજ ધર્મ લોપીજીરે;
પરનારી રત પાપી ગુરૂને, રહેશે તન મન સોપીરે. કલિજુગ૦ ૨૩
સાચા ધર્મને ખોટા કહેશે, ખોટાને સત્ય ગાશેજીરે;
ઉત્તમ જાતી નાતરૂં કરશે, નહિ ખપે તેનું ખાશેરે કલિજુગ૦ ૨૪
કેટલાંક માણુસ દીકરીઓને, બાળપણામાં હણુશેજીરે;
પરણાવ્યાનું દામ ખરચ્યાની,દાઝે પાપ નહિ ગણુશેજીરે. કલિજુગ૦ ૨૫
વાણિયા તે તો ચોરી કરાવશે, નહિ પાળે ધર્મ લેશજીરે;
ઉપરથી તો રૂડા રાખશે, વૈષ્ણુવ કેરા વેશરે. કલિજુગ૦ ૨૬
કુડાં રાખશે કાટલાં ઘરમાં, લોકને ઠગવા સારૂંજીરે;
ઓછું દેશે અધકું લેશે, કરે કર્મ નઠારૂંરે. કલિજુગ૦ ૨૭
કન્યા કેરૂં દામ ન લેવું, તેનું ફળ છે મ્હોટુંજીરે;
તે કન્યાના પૈસા લેશે, કરશે કર્મ બહુ ખોટુંરે. કલિજુગ૦ ૨૮
કૃષ્ણુ નામનું મહાત્મ ગાઇને, છીનાળાં બહુ કરશેજીરે;
પ્રગટ પ્રભુની નિંદા કરશે, અસત્ગુરૂ અનુસરશેરે. કલિજુગ૦ ૨૯
કેટલાક વણીક કર્મને સત્ય કહી, નાસ્તિક મત અનુસરશેજીરે;
ભવતારણુ ભગવાન તજીને, પાપ કર્મ બહુ કરશેરે. કલિજુગ૦ ૩૦

તેમજ શુદ્ર પણ કલિજુગમાં, કરશે નિંદિત કર્મજીરે;
દગા ઘાત છળ બળ બહુ કરશે,નહિ પાળે શુભ ધર્મરે. કલિજુગ૰ ૩૧
ચોરીને હીંસા બહુ કરશે, કરશે મદિરા પાનજીરે;
ભૂતળ ભરવાડા ભુવા ધુણાવશે, નહિ ભજે ભગવાનરે. કલિજુગ૰ ૩૨
શૌદ્ર જાતિ માણુસ કહાવે તે, ગુરૂ થઇ જગ ફરશેજીરે;
એક બ્રહ્મની વાતો કરશે, પરનારી સંગ કરશેરે. કલિજુગ૰ ૩૩
અસત પુરૂષ ગુરૂ થઇ જગ ફરશે, કાન ફુંકી ધન લેશેજીરે;
વેદ પુરાણુ શાસ્ત્ર હરિ મૂર્તિ, સૌને ખોટા કેશેરે કલિજુગ૰ ૩૪
અસદ્ગુરૂને તેના ચેલા સર્વે, અસત માર્ગ અનુસરશેજીરે;
ભગની સુતા પુત્રની નારી, તેનો સંગ નિત્ય કરશેરે. કલિજુગ૰ ૩૫
એવા અનંત પાપે યુક્ત પ્રાણી, કલિજુગમાં બહુ થાશેજીરે;
નારાયણનું ભજન તજીને, અન્ય દેવના ગુણ ગાશેરે. કલિજુગ૰ ૩૬
સાસુની શીખામણ વહુઓ, અંતરમાં નહી ધારેજીરે;
માતાને વહુ નિત્ય દબાવશે, તોયે પુત્ર નહિ વારેરે. કલિજુગ૰ ૩૭
દિકરા પણ વહુની પક્ષ લેઇને, માત પિતાને લડશેજીરે;
માતપિતા ઓશીયાળાં થઇને, ખુણે બેઠા રડશેરે. કલિજુગ૰ ૩૮
વાંકાં વાંકાં વેણાં કહેશે, સાસુને વહુ આવીજીરે;
દિકરા તો જોઇ રાજી થાશે, મા ઉપર રીસ લાવીરે. કલિજુગ૰ ૩૯
માતાને ઉદર દુઃખ દેતો, ઊંધે શીર રહ્યો ઝુલીજીરે;
પાળી પોષી મ્હોટો કરશે, તે ગુણ જાશે ભૂલીરે. કલિજુગ૰ ૪૦
સાસુ કેરાં વેણાં ઉપર, વહુ વેણાં બહુ લાવેજીરે;
દિકરા સાંભળી રાજી થાશે, સાસુ નણદી રિસાવેરે. કલિજુગ૰ ૪૧
મર્મ વચન સાસુ તે વહુને, કહેશે તે શું લાવીજીરે;
તારા બાપની છત હું જાંણું, સર્વે દેઊં બતાવીરે. કલિજુગ૰ ૪૨
લોકોનું લુંડાપણુ કરતો, પેટ પરાંણે ભરતોજીરે;
અન વસ્ત્રને અર્થે તારો, બાપ તો વળખાં કરતોરે. કલિજુગ૰ ૪૩
એવાં વાંકાં વેણાં વહુને, સાસુ કહેશે બળતાંજીરે;
ત્યારે વહુ સાસુને શુંણાવશે, પતિને કહેશે વળતાંરે. કલિજુગ૰ ૪૪

તારે પાલવ હું કયાં આવી, નિતનિત મહેણાં ખાવાજીરે;
તારો બાપ નઠારો તુને, શિદ આવ્યો પરણાવારે. કલિજુગ૦ ૪૫
ધણીને વહુઓ ધોકે મારશે, પર નર દેખી રાજીજીરે;
નારી પતિને શીખામણ દેશે, તેને કહેશે પાજીરે. કલિજુગ૦ ૪૬
પરણ્યા ધણીનો ત્યાગ કરીને, પર નર સંગ લપટાશેજીરે;
પતિવ્રતાનો ધર્મ નહિ પાળે, એવી નારિઓ થાશેરે. કલિજુગ૦ ૪૭
વહુને સારૂ લગાડવા કાજે, જેમ કહે તેમ કરશેજીરે;
નારી વશ થઈ કામ સઉ કરશે, નફ્ટ થઇને ફરશેરે. કલિજુગ૦ ૪૮
ધણિઆણીનાં ધોશે વસ્ત્ર, હાથે રાંધશે હાલીજીરે;
બેન બનેવી બારણું ન દેખે, પસલી લેશે સાળીરે. કલિજુગ૦ ૪૯
સસરા સારાને ત્રેવડશે, ભાઇઓ સાથે વેરજીરે;
બેન ભાણેજાં ઘેર આવશે તો, લાગશે કડવાં ઝેરરે. કલિજુગ૦ ૫૦
બાળકનું ઉપરાંણું લેઇને, ભાઇ ભાઇ સંગ લડશેજીરે;
તુચ્છ પદારથ સારૂ બધવ, એક બીજાને નડશેરે. કલિજુગ૦ ૫૧
જતી જોગી બ્રહ્મચર્ય ત્યાગી, પંચ વિષય વિષ પિશેજીરે;
ધન નારીનો સંગ્રહ કરશે, હરિ સંગ હેત ન દીસેરે. કલિજુગ૦ ૫૨
જંત્ર મંત્રને દોરા ધાગા, ઘેર ઘેર કરતા ફરશેજીરે;
ત્યાગ વૈરાગ્યને ધ્યાન ભજન સૌ ત્યાગ કરી ધન હરશેરે.કલિજુગ૦ ૫૩
સત્પુરૂષનો દ્રોહજ કરશે, અસત સંગાથે હેતજીરે;
ગાંજો ભાંગ અફીણને હોકા, પિતાં થાશે ફજેતરે. કલિજુગ૦ ૫૪
અંધ ગુરૂ તેના ચેલાને પણ, ધર્મમાં હેત ન રિસેજીરે;
નિચ ગુરૂનું એઠું ખાશે, ચરણ ધોઇને તેના પિશેરે. કલિજુગ૦ ૫૫
એવા અનંત દોષે જુગત કલિમાં, ગુરૂને શિષ્ય બહુ થાશેજીરે;
વિધિ નિષેધનો ત્યાગ કરીને, એક બ્રહ્મ સુખ ગાશેરે. કલિજુગ૦ ૫૬
ગિતામાં અર્જુનને કિધું એ, કૃષ્ણ પ્રભુ શ્રી મૂખજીરે,
અધર્મ કલિના વિંટયા માણસ, મુજથી થાશે વિમૂખરે. કલિજુગ૦ ૫૭
ત્યારે હું પ્રથિવમાં પ્રગટિશ, ધર્મના સ્થાપન સારૂંજીરે;
અધર્મ કલિનો નાશ કરિને, તારીશ જીવ હજારૂંરે. કલિજુગ૦ ૫૮

કરૂણા કરી તે કૃષ્ણ કલિમાં, પ્રગટ થાશે સુખદાનજીરે;
હરિ હરિ કૃષ્ણ નામ કહેવાશે, પુરૂષોત્તમ ભગવાનરે. કલિજુગ૦ ૫૯
કામ ક્રોધ મદ લોભના ત્યાગી, સાધુ કરશે અપારજીરે;
ધર્મ જ્ઞાન વૈરાગ્ય સોટી, ભકિત કરશે વિસ્તારરે. કલિજુગ૦ ૬૦
પાંડવને કૃષ્ણે કહી દાખ્યા, એ રીતે કલી ધર્મજીરે;
પાંડવ સુણી હીમાળે ગળીયા, જાણી સઘળો મર્મરે. કલિજુગ૦ ૬૧
સંવત અઢાર સાડત્રીસે ગાયો, કલિજુગનો મહિમાયજીરે;
તેને ગાય શીખેને સાંભળે, તેનાં અઘ બળી જાયરે. કલિજુગ૦ ૬૨

પદ ૪૨ મું. હિત શિક્ષા છત્રીસી.

સાંભળજો સજ્જન નરનારી, હિત શીખામણ સારીજીરે;
રીસ કરે દેતાં શીખામણ, ભાગ્યદશા પરવારી. શુણજો સાજનોરે. ટેક.
લોક વિરૂધની વાર, શુણજો જગત પડયો વ્યવહાર. શુણજો૦ ૧
મૂરખ બાળક જાચક વ્યસની, કારૂને વળી નારૂજીરે;
જો સંસારે સદા સુખ વંછો, ચોરની સંગત વારૂં. શુણજો૦ ૨
વેશ્યા સાથે વણજ ન કરિયે, નીચ શું નેહ ન કરિયેજીરે;
ખાંપણ આવે ઘર ધન જાવે, જીવિતને પરહરિયે. શુણજો૦ ૩
કામ વિના પર ઘર નવ જઇએ, આળે ગાળ ન દીજેજીરે;
બળીયા સાથે બાથ ન ભરિયે, કુટુંબ કલેશ નવ કીજે. શુણજો૦ ૪
દુશ્મન શું પરનારી સાથે, તજીએ વાત એકાંતેજીરે;
માત બેનશું મારગ જાતાં, વાત ન કરિયે રાતે. શુણજો૦ ૫
રાજા રમણીઘરનો સોની, વિશ્વાસે નવ રહિયેજીરે;
માત પિતા ગુરૂ વિણ બીજાને, ગુંજની વાત ન કહિયે. શુણજો૦ ૬
અજાણ્યાશું ગામ ન જૈએ, ઝાડ તળે નવ વસિયેજીરે,
હાથી ઘોડા ગાડી જાતાં, દુર્જનથી દૂર ખસીયે. શુણજો૦ ૭
રમતાં રમતાં રીસ ન કરિયે, ભય મારગ નવ જઈએજીરે;
બે જણ વાત કરે જ્યાં છાની, ત્યાં ઉભા નવ રહિયે. શુણજો૦ ૮
હુંકારા વિણ વાત ન કરિયે, ઇચ્છાવિણ નવ જમિયેજીરે;
ધન વિદ્યાનો મદ નવ ધરિયે, નમતા સાથે નમિયે. શુણજો૦ ૯

ગુરૂ જયોગી રાજા પંડિતને, હાંસી કરી નવ હસિયેજીરે;
હાથી વાઘ સરપ નર વઢતા, દેખીને દૂર ખસિયે. શુણજો૦ ૧૦
કુવા કાંઠે હાંસી ન કરિયે, કેફ કરી નવ ભમિયેજીરે;
વરો ન કરિયે ઘર વેચીને, જુગટડે નવ રમિયે. શુણજો૦ ૧૧
ભણતાં ગણતાં આળસ તજીયે, લખતાં વાત ન કરિયેજીરે;
પર હસ્તે પરદેશ દુકાને, આપણું નામ ન ધરિયે. શુણજો૦ ૧૨
નામું માંડો આળસ છાંડો, દેવાદાર ન થઇએજીરે;
કષ્ટ ભયાદિક સ્થાનકપરજી, દેશાવર જઇ રહિયે. શુણજો૦ ૧૩
ધનવંતોને વેશ મલીનતા, પગશું પગ ઘશી ધોવેજીરે;
નાપિક ઘર જૈ શિર મુંડાવે, પાણીમાં મુખ જોવે. શુણજો૦ ૧૪
નાવણ દાતણ સુંદર ન કરે, બેઠો તરણાં તોડેજીરે;
ભોંઇ ચિત્રામણ નગ્ન સૂએ તો, તેને લક્ષ્મી છોડે. શુણજો૦ ૧૫
માતા ચરણે શીશ નમાવિ, બાપને કરો પ્રણામોજીરે;
દેવ ગુરૂનાં દરશન કરીને, કરો સંસારનાં કામો. શુણજો૦ ૧૬
બે હાથે માથું નવ ખણીયે, કાન નહિ ખોતરિયેજીરે;
ઉભા કેડે હાથ ન દેઇએ, સામે પૂર ન તરિયે. શુણજો૦ ૧૭
તેલ તમાકુ દૂરે તજીયે, અણગળ જળ નવ પીજેજીરે;
કુળવંતિ સતીને શીખામણ, આના ભેગી દીજે. શુણજો૦ ૧૮
સસરો સાસુ જેઠ જેઠાણી, નણદી વિનય ન મૂકોજીરે;
શાણપણે શેરી સંચરતાં, ચતુરા ચાલ ન ચુકો. શુણજો૦ ૧૯
નીચ સાહેલી સંગ ન કીજે, પર મંદિર નવ ભમિયેજીરે;
રાત પડે ઘર બહાર ન જઇએ, સૌને જમાડી જમિયે. શુણજો૦ ૨૦
ધોબણ માલણ ને કુંભારણ, જોગણ સંગ ન કરિયેજીરે;
સેજ કોઈક આળ ચઢાવે, એવું શીઘ્ર આદરીયે. શુણજો૦ ૨૧
નિજ ભરતાર ગયો દેશાવર, તવ શણગાર ન ધરિયેજીરે;
જમવા નાત વચે નવ જઇએ, દુરિજન દેખી ડરિયે. શુણજો૦ ૨૨
પરશેરી ગરબો ગાવાને, મેળે ખેળે નવ જઇએજીરે;
નાવણ ધોવણ નદી કિનારે, જાતાં નિર્લજ ન થઇએ. શુણજો૦ ૨૩

ઊપડતે પગ ચાલ ચાલીયે, હુનર તો સહુ શિખીયેજીરે;
સ્નાન સુવસ્ત્રે રસોઇ કરિને, દાન સુપાત્રે દીજે. શુણુજો૦ ૨૪
શોકય તણાં લઘુ બાળક દેખી, ખેદ ન ધરશો હૈયેજીરે;
તેની સુખ શીતળ આશીષે, પુત્ર તણાં ફળ લહિયે. શુણુજો૦ ૨૫
બાર વરસ બાળક સુરપડિમાં, એ બે સરિખાં કહિયેજીરે;
ભક્તિ કરે સુખ લીલા પામે, ખેદ કરે દુઃખ લહિયે. શુણુજો૦ ૨૬
નરનારી બેઉને શીખામણ, સુખ લવરી નવ હસિયેજીરે;
નાત સગાના ઘર છોડીને, એકલડા નવ વસિયે. શુણુજો૦ ૨૭
વમન કરીને ચિંતા ઝાળે, નબળે આસન બેશીજીરે;
વિદિશ દક્ષિણ દિશ આધારે, બોટયું પશુએ પેશી. શુણુજો૦ ૨૮
અન્ન જાંણયે રૂતુવંતી પાત્રે, પેટ અજીરણ વેળાજીરે;
અગાસે ભોજન નવ કરિયે, બે જણ બેશી ભેળાં શુણુજો૦ ૨૯
અતિશે ઊનું ખાટું ખારૂં, શાક ઘણું નવ જમીયેજીરે;
મૌનપણે ઓઠીઘણ વરજી, જમવા પહેલાં નાહાવું. શુણુજો૦ ૩૦
અન્ન વખાંણી વખોડી ન ખાવું, તડકે બેશી ન જમવુંજીરે
માંદા પાસે રાત તજીને, નરણાં પાણી ન પીવું. શુણુજો૦ ૩૧
કંદમૂળ અભક્ષને બોલી, વાસી વિદળ તે વરજોજીરે;
જુઠ તજો પરનિંદા હીંસા, જો વળી નર ભવ સરજો. શુણુજો૦ ૩૨
વ્રત પચખાંણ ધરી ગુરૂ હાથે, તીરથ યાત્રા કરિયેજીરે;
પુન્ય ઉદય જો મ્હોટો પ્રગટે, તો સંઘવી પદ ધરિયે. શુણુજો૦ ૩૩
મારગમાં મન મોકળું રાખી, બહુ વિધ સંઘ જમાડોજીરે,
સુર લોકે સુખ સઘળાં પામે, પણ નહી એહેવો દહાડો. શુણુજો૦ ૩૪
તીરથ તારણ શિવ સુખકારણ, સિદ્ધાચલ ગિરનારજીરે;
પ્રભુ ભક્તિ ગુણ શ્રેણે ભવજલ, તરીએ એક અવતાર. શુણુજો૦ ૩૫
લોકીક લોકોત્તર હીત શિક્ષા, છત્રિસીએ બોલીજીરે,
સુજ્ઞ વિવેકીયે સમજી લઇને, વરતવી વહેલી વહેલી. શુણુજો૦ ૩૬

કબીર.

પદ ૧ લું.

રાગ ગજલ.

જીને આપકો જોયા નહિ, મન મેલ કુધોયા નહિ;
દિલ દાઘકુ ધોયા નહિ, અંઘોલ કિયાસો કયા ભયા. ટેક. ૧
કામન ગલેકા હાર હે, મન ફેલકા દરબારહે;
મન કામસે સીરદારહે, માલા લીયાસો કયા ભયા. જીને૦ ૨
માયા કરમકો ઠાઠહે, મમતા જયું તૃષ્ણા બાંધકે;
સૂતા બિષયકી ખાટમેં, હરહર કીયાસો કયા ભયા. જીને૦ ૩
કુત્તા હુઆ ઉસમાલકા, ધંધા કરે જંજાલકા;
હરદા ભયા ચંડાલકા, કાશી ગયાસો કયા ભયા. જીને૦ ૪
જોગીને જંગમ સેવડા, સબ લાલ કપડે પેહેરતા;
મર્મ નહિ ઉસ હાલકા, કપડા રંગ્યા સો કયા ભયા. જીને૦ ૫
જીવ તે પીતાકું સુખ નહિ, મુવે હાડ લે ગંગા ગયા;
જન ચુનકા પીંડા કિયા, તરપન કીયાસો કયા ભયા. જીને૦ ૬
મુંગા હુવા સંસારકા, જેસા કુંજડા એ જારકા,
આયા જયું તીરથ દ્વારકાં, છાપા લીયાસો કયા ભયા. જીને૦ ૭
પંડિતસેં ઝઘડા ભલા, કયા મુરખસે મુખ બોલના;
કહે કબીર કુંદન ભલા, કયા ગુંજાહે અણમોલકા. જીને૦ ૮

પદ ૨ જું.

હરિસેં કોઇ નહીં બડા, દીવાના કયું ગફલતમેં પડા. (ટેક.)
પ્રલ્હાદ બેટા હરિસેં લપટા, જબ ખંભ કડકડા. દીવાના૦
ગોપીચંદ ઓર ભરથરી રાજા, માલ મુલક સબ છોડા. દીવાના૦
પુંડરીકને સેવાકીની, વિઠ્ઠલ ઇંટપર ખડા. દીવાના૦
કહત કબીરા સુનો ભાઇ સાધુ, હરિ ચરણ ચિત્ત ચડા. દીવાના૦

પદ ૩ જું.

જહાં દેખો ત્યાં દુઃખીઆ બાબા, સુખીઆ કોઇ નહીરે.
જોગી દુઃખીઆ જંગમ દુઃખીઆ, તપશીકુ દુઃખ દુના.
આશા મનશા સબઘટ વ્યાપી, કોઈ પહેલ નહી સુના. જહાં૦ ૧
રાજા દુઃખીઆ પ્રજા દુઃખીઆ, દુઃખીઆ ઘર વૈરાગી.
દુઃખકારણ શુકદેવને, ઉદરી માયા ત્યાગી. જહાં૦ ૨
સાચ કહેતો સબ જગ દુઃખીઆ, જુઠા કહાન જાઈ.
બ્રહ્મા વિશ્નું શંકર દુખીઆ, ઉન્ને સૃષ્ટી જમાઇ. જહાં૦ ૩
ધુત દુઃખીઆ અબધુત દુઃખીઆ, દુઃખીઆ ઘર વહેવારી.
કહેત કબીરા નહિ ઓ દુઃખીઆ, જીને મન કુજીતા. જહાં૦ ૪

પદ ૪ થું.

કબ સુમ રોગે રામ, અબ તુમ કબ સુમ રોગે રામ. ટેક.
ગરભ કુલીમે જપ તપ કીનો, નીકલ હુવા બેઇમાન. અબ૦ ૧
બાલપનો હસ ખેલ ગુમાયો, તરૂનપનામે કામ;
હાથ પાવ જબ કંપ ન લાગે, નીકલ ગયો અવસાન. અબ૦ ૨
જુઠી કાયા જુઠી માયા, આખર મોત નિદાન;
કહેત કબીરા સુનો ભાઇ સાધુ, ગ્રહી ઘોડેકી લગામ. અબ૦ ૩

પદ ૫ મું.

બકવા મત કરના બે, ખુદાકા નામ જપનારે. ટેક.
ઉત્તમ નર દેહ આયા પ્રાણી, ઉસકા હીત કછુ કરના;
દોલતમેં તુમ મત ભૂલો યારો, નામ ખુદાકા જપના. બકવા૦

સુન્ના સરખી કાયા યારો, એસી નહી હોનેકી;
કીતેક જનમ આવે જાવે, ખાખ ઉડેગી તનકી. બકવા૦
ચીરા લગાયા ચુના ટીપાયા, મહેલ બનાયા ખાસા;
જબ કાલકી ગાઠ પડિ તબ, જંગલ હુવા તમાસા. બકવા૦
કહેત કબીરા સુનો ભાઇ સાધુ, હિંદુ મુસલમાના;
નામ ખુદાકા જપના યારો, ભવસાગરકું તરના. બકવા૦

પદ ૬ ઠું.

જા ઘર હરી કથા નહીં કિર્તન, સંત નહિ મિજબાના;
તા ઘર જમડે ડેરા દીના, સાંજ પડે સમશાના. જા ઘર.
મેરી મેરી કરતો મર ગયો મુરખ, મેલ્યો નહિ માન ગુમાના;
સંત પુરૂષકી સેવા ન કીધી, કીસબોધ હોવે કલ્યાના. જા ઘર૦
ફાલ્યા ફુલ્યા કયા કીરત હૈ, કયા દીખલાવત અંગા;
પલક એકમાં ફના હો જાયગા, જૈસા રંગ પતંગા. જા ઘર૦
જ્ઞાન ગરીબીને પ્રેમ ભક્તિ જ્યાં, સત્ય નામ ગુલતાના;
વહ વૈરાગે ગુરૂ ગમ જાગે, તાઘર કોટી કલ્યાણા.
દર દુન્યામેં દબાઇ રહ્યો ભારે, કયા બુઢા કયા જવાના;
કહેત કબીરા સુનો ભાઇ સાધુ, છોડ દો અભિમાના. જા ઘર.

પદ ૭ મું.

જેને સાધુકી સંગત પાઇ, વાકી પુરણ કમાઇ. ટેક.
દત્ત ગોરખ ગોપીચંદ ભરથરી, તો ગગનમે છાપરી છાઇ. જેને૦
અંકા વંકા કેવળ કુબા, તો પાંચમી મીરાંબાઇ. જેને૦
ધના પીપા ઔર રોહીદાસા, તો સજનો જાત કસાઇ. જેને૦
ધ્રુવ પ્રેહલાદ અંબરીખ વિભીપણ, ઉનકી ધન્ય કમાઇ. જેને૦
કહેત કબીરા સુનો ભાઇ સાધુ, તો જોતમેં જોત મીલાઇ. જેને૦

સમાપ્ત.

સાક્ષરાગ્રણિ શ્રીયુત રા. રા. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ બી. એ.
ગવર્મેન્ટ હાઈસ્કુલના માજી હેડમાસ્તર. અમદાવાદનો અભિપ્રાયઃ—

તા. ૧૧ મી, જ્યૂન, ૧૯૧૫

બ્રહ્મર્ષિ પંડિત શ્રી હરેરામ શર્મા કૃત

જ્ઞાન ચિંતામણિમાં કૃષ્ણરામ, પ્રીતમ, ધીરો, અખો, નરસિંહ વગેરેનો સંગ્રહ છે, તે ઉપરાંત એમાં અનેક ગદ્ય લેખ છે તે પણ [illegible] અને વિચારવા યોગ્ય છે. કૃષ્ણરામ મહારાજની કવિત [illegible] વહેલીજ પ્રસિદ્ધ થાય છે; તે જીજ્ઞાસુને આનંદ આપશે.

કેશવલાલ હર્ષદરાય ધ્રુવ.

મળવાનાં ઠેકાણાં:—

બ્રહ્મર્ષિ પંડિત શ્રી હરેરામ સુજ્ઞરામ શર્મા.
સમુચ્ચયત્રય; વેદાંત સમુચ્ચય અને શ્રીજ્ઞાન ચિંતામણિના કર્તા.
સા.રંગપુર તરીઆની પોળ-**અમદાવાદ.**

L. & L. Vyas.
શ્રી સરસ્વતી ડેપો-બુકસેલર્સ-વગેરે.
અમદાવાદ-ખાડીઆ કવેશ્વરની પોળ સામે.

માધવલાલ બાપાલાલ ગાંધી.
અમદાવાદ-રણછોડજીની પોળ પાસે.

શાસ્ત્રી ગંગાશંકર મંછાશંકર.
સુરત-મહીધરપરા, હળધીઆના મહોલામાં.

વીઠ્ઠલદાસ લાલદાસ રોહાવાલા.
મુંબઈ કોટ-મીન્ટરોડ નં. ૯૭ બીજે દાદરે.

પંડિત નારાયણ મુળજી બુકસેલર.
મુંબઈ-કાલબાદેવી રોડ. પોસ્ટ નં. ૨

માસ્તર મુળશંકર રામનારાયણ વ્યાસ.
વડોદરા-વાડી. સોની પોળ.
